
સુડાબહોતેરી
પુ. સાકરલાલ બુલાખીદાસ
ઠે. રીલીફરોડ-અમદાવાદ

શુડા બ્હોતેરી.

વારતા ૧ લી.

॥ સરસ્વતિની પ્રાર્થના ॥ (દોહરા) શ્રીમુખ સેવું શારદા, બ્રહ્મસુતા બ્રહ્મ રૂપ; બ્રહ્મ વિદ્યા બ્રહ્મવાદિની, બ્રહ્મ ખોજતા ભુપ. ૧ દંડ કમંડળ ધારણી, વીણા પુસ્તક પાણુ; જેને તુષ્ટિ સારદા, વદને અમૃત વાણુ ૨ પામરને પંડિત કરે, વિશ્વ માંહી વિખ્યાત; કિંકર મુખ કવિતા કરે, તે તુજ સારદા માત. ૩ જયદેવ તેં કીધો કવિ, કીધો કાલીદાસ; માઘને મઘવા તેં કર્યો, એવી વાણી વિલાસ. ૪ (છપા) માર્કંડને માન, ત્રોહો પ્રકારે તુઠી; ચંડી પુરા ચોલાખ: વિદ્યા અમૃત ધન વુઠી: શુકદેવ વેદ વ્યાસ, પુરાણ અષ્ટાદશ કીધાં, બ્રહ્માને તુઠી ભાવ, વેદ વ્યાકરણ મુળ શિખ્યાં; એવા લક્ષો કે કોટીધા, કવિ કહેવાણા મહામતિ, સુખસાગર સામળ ભણે, કૃપા કરી માહા સરસ્વતી. ૫ મંત્ર જંત્રને તંત્ર, ઇષ્ટ ઉપાસન આદે; કથા કિર્તન કવિત, વર્તે વિવેકથી વાદે, અડસઠ તિર્થ અનેક મહા પુન્યસ્થળ મહિમા; બ્રહ્મ વિષ્ણુ રૂદ્ર તત્વ ત્રિલોકી શીમા. એ મરમને ઓળખાવીયા, કૃપાથી કહેવાયા કવિ; સરસ્વતી મોટાં છે સરવથી, ચઉદ વિદ્યા દે નિત નવી. ૬ (દોહરા) કૈક કોટી કંક લક્ષધા, કૈ થયા કે થાય; શિવનો શેવક શ્યામળો, કીધો પંડીત રાય. પ્રીતે સારદા પરણમું, હંસ વાહની હેજ; વેણા પુસ્તક ધારણી, તરૂણી વધુ તેજ. ૮ કવિતાનો શો આશરો, સારદા કેરૂં શરણ; મહિમા મહા માયા તણો, વાયુ વશ જેમ તરણ. જેને તુઠી સારદા, નેક રહી શી નુન્ય; કવિ કહેવાએ કલ્પતરૂ, પ્રગટે પ્રોઢાં પુન્ય, ॥ ગણપતિની પ્રાર્થના ॥ (દોહરા) દુંદાળો દુ:ખભંજનો, ગુણનીધી ગુણ ગંભીર; ઇશ્વરથી તત્પર હવે, ધર્મ ધુરંધર ધીર. સિંદુર અંગે શોભીતું મોદક અમૃત અહાર, ગજ વદનો ગરવો ઘણો, દેવ વડો દાતાર. ૧૨ (છપો) સિદ્ધિ બુદ્ધિ છે નાર, લક્ષ લાભ એ પુત્ર: શિવ સરખા શીવ તાત, ચીંતામણીના ઘર સુત્ર. આદ્ય શક્તિ ઉપાય, માહા માયા છે માડી, ક્ષેત કલ્યાણ જામાત્ર, ખાણ રત્નોની ખાડી, બ્રહ્મા વિષ્ણું રવી રૂદ્રથી; પ્રથમ પુજા ગણુપતિ તણી, સામળ કહે સેવો સહુ, સુખ સાગર શીમા ધણી. ૧૩ ॥ કૃષ્ણની પ્રાર્થના ॥ (દોહરા) કૃષ્ણ કૃપા કરૂણાનીધી; દેવકી નંદનદેવ વિશ્વપતિ વસુદેવ સુત. સુર સનકાદિક શેવ. ૧૪ (છપા) ગીરધર ગોકુળચંદ, મથુરાપતિ મોટમ મહિમા, પાંડવના પ્રતિપાળ સુખ સાગરની સીમા; પચાળીનાં ચીર. પુરયાં નવસેં નવાણું; નરશીઆને હાર, દીધો ખાતામાં ગાણું. એ નંદ જસોદા નંદને, રમતાં શોક સહુનો સમ્યો, કવિ શામળ સમરે કૃષ્ણને, ભરવાડ ભેળો રમ્યો. જરાસંધનું જોર, દર્પ હારયો દેખતાં શીશુપાળનું છેદ્યું શીશ, પૂર બાંધે દેખતાં; ભરવાડનું ખાધુ ભાત. જાત કે ભાત ન જોઇ, રમિયો વ્રજમાં રાશ, માગ્યું ત્યાં રોઇરોઇ કંસ હંસ હેતે હણ્યો, પુતનાને પ્રાજે કરી, શેવે શામળ શ્રીકૃષ્ણને, શોળ સહસ્ર જેને વરી. ૧૬ ॥ રામચંદ્રની પ્રાર્થના ॥ (દોહરા) રાજીવ લોચન રામજી, મુક્તિ દાતા મુળ; કોટી કોટી પાતીક મટે, ટળે સંકટને શુળ. રામ તૃઠે રસનાવડે વળી જે વારંવાર; એથી અન્ય બીજો નહીં મુક્તિ તણો દાતાર, તારણ ત્રીલોકમાં: તારક મંત્ર કહેવાય; જમને શીર પગ દેઇને, જરૂર વઇકુંઠ જાય ૧૯ (છપો) સીતાપતિ શ્રીરામ, નૃપ દશરથનો નંદન; ભક્તવત્સલ તે ભુપ, વિશ્વ સહુનો તે વંદન. કોશલ્યા કુળ દીપ, લક્ષ્મણ લઘુ બાંધવ લાયક, વરણ ઉચરે વેદ, નિગમ આગમનો નાયક; એક બાણે મારી તાડીકા, રાવણ રણમાં રોળીયો, અતળિબળ ઇંદ્રજીતને, આખંડવત જેણે ચોળાયો. કોટી બ્રહ્મનો નાશ સુત તણો એ સત્વ; શતકોટી રામાયણ, તેમાં

અક્ષર એ તત્વ; કોટી જનમનાં પાપ, એજ અક્ષરથી બળશે, લખ ચોરાશી ખાણુ, જનમ મરણુ દુઃખ ટળશે, રામ નામ વિના મુક્તિ નહી, વેદ પુરાણે વાંચજો, સુખ સાગર શામળ ભણે, સત્ય ગણીને સાંચજો, ૨૧ (દોહરા) જપ તપ સંધ્યા ધરમ નીમ પશુની પૂજા કોડ; તત્વ કામ ત્રીલોક, કહે કવી કરજોડ. ૨૨ ॥ અન્નપુરણાની પ્રાર્થના ॥ (દોહરા) આદ્યશક્તિ અનપૂરણા, જગત તણી આધાર, અષ્ટશિદ્ધ નવનિદ્ધિ, દેવી તું દાતાર. ૨૩ (છપા) અને જગત આધાર અને દઇવત એ મોટું; અન વણ ન રહે જીવ, અન વણ સરવે ખોટું, દેવ દાનવ રંક રાય, જીવે સહુ અનને જોર, અન વણ ઉપાસણુ, સરવ અંધારૂ ઘોર, પાલણુ પોષણુ પૃથ્વી વિશે, કરતા નામ કૃત કરણા; સામળ કહે શેવો સહુ આદ્યશક્તિ અનપુરણા. ૧૮ સીતા રામ તે એહ, એ શ્રીરાધા કૃષ્ણુ, એ ઉમીયાને ઇશ મંડિને કીધું પ્રસન, એ રોહિણી એ ચંદ્ર એ બ્રહ્મા સાવિત્રી; મંત્રજત્ર એ તંત્ર, એ ગુણુનીધી ગાયત્રી અનપુરણા સહુનો ઇષ્ટ છે, બુદ્ધિવંતા જન બુજશે; શામળ કહે અન આધારથી સરવે વિદ્યા સુજશે ૨૫ અનપુરણા વડી માત, જગત જીવાડણુ જાણી; અન્ન વિના સઉ શુન્ય, પ્રથમ જીવે નહી પ્રાણી; અન્ન વણુ સુખ અલ્પ, અન્ન વણુ ચરણુ ન ચાલે; ભાવે નહી મન ભક્તિ અન્નવણુ મોજ શી માલે; અન્ન વિના ઇશ્વર વ્હાલો નહી ગાન તાન ગુણુ નવ ગમે; શામળ શેવો અનુપુરણા, સકળ દુઃખ એથી સમે. આ વારતા રચવાનું કારણુ (દોહરા) કવી કહે શુક બહોતેરી, આણી મન ઉલ્લાસ પરાક્રમ પુરૂષ પ્રકૃતી તણાં શિવ ઉમીયા સંવાદ. ૨૭ ચાતુર નર ચહો દેશમાં, ચતુર શિરોમણી ચાલ; સ્ત્રી ચરીત્ર શોભા ઘણી, ખરી વાતનો ખ્યાલ ૨૮ શામળ કેહે શંક્ષેપમાં, કવિતા કેરાં કામ બત્રિશ લક્ષણુ બુઝસે, હુંશીને મન હામ ૨૯ એમાં અર્થ છે અવનવા ગુરૂવો છે એમ ગ્રથ, નિચ જનતો નિંદા કરે પુરાણુ પરાક્રમ પથ. ૩૦ ગુણુવંત દુધ ગવરી તણું તત્વજ આપે તરત; કો દુધ દહીકો તત્વ લ, કો માખણુ કો ગૃત. ૩૧ મુર્ખ મુઢ મમતા કરે. ગુણુ હિણા લે ગર્વ, પંડિત જનને પ્રિય:છે, નીંદક જનને નર્ક. ૩૨ ગુજર દેશ ગરવો ઘણો; અમદાવાદ અનુપ; સાબરતટ શિરોમણી, બ્રહ્મજી શિવ જ્યાં ભૂપ, ૩૩ પુંડળ પ્રૌઢ પદગણા, અધીક એકથી એક; વરણુ અઢાર વાસો વસે, વારૂ વિપ્ર વિવેક ૩૪ માતર પ્રગણામાં મણી. શંઝ શિરોમણી ગામ વિશ્વનાથ વિરેશ્વરો, નવે ખંડમાં નામ, ૩૫ પ્રગટ એનાં પારખાં, મહા મોટમ પદ મેર, ચોખાનો લાડુ ચડે સત્રા બે મણુને શેર. ૩૬ વાંઝ બંધાવે પારણાં, અષ્ટસિદ્ધ આપણુ હાર; વરદાતા વિરેશ્વરો, નોધારાં આધાર ૩૭ (છપ્પો) વિરેશ્વર મહાદેવ, પવિત્ર જન પુરણુ પરખો; ભક્તિ મુક્તિ દાતાર. શુધ ચિંતામણી સરખો, અષ્ટ સિદ્ધ નવનિધ, એક પળમા એ આપે; કૈલાસ વાશ કિરતાર, તેહ થીર થાવર થાપે. જંજાળ મટે જનમ મરણુની, લક્ષ ચોરાશી ફેરા ટળે શામળ કહે શિવ પુજતાં, સુખ સાગર મહિમા મળે ૩૮ (દોહરો) કુળ શુધે કણબી વિશે, કાળજી કુળ શુભ કામ, વાસણુ વિશે અંસપત; નરપતિ જેવા નામ ૩૯ માનજી સુત મોટમ પદે, રખીદાસ રિધ રૂપ; નવાણુ કીધાં નિરમળાં, ભોજ સમોવડ ભૂપ, પાણીયાં બાડ પ્રાન્ત તણાં પ્રજા ઉપર પ્રીત; સદાવરત શોભાવીયાં, રામ રાજ્યની રીત. રખીયલ જગ રક્ષા કરે, દુનિયામાં નહી દુઃખ; પૃથ્વી કરી પસાયતે, ભિક્ષુક ભાગી ભુખ, પુન્યવંત પરીવાર સહુ. ભડભાવક ભત્રિજ, સુખ સાગર શોભિત, રાજ પુન્યનાં બીજ. પંડીત જનનું પારખુ કરિયાં પુરણુ કોડ, માગણુ મોજ દેયણો. હાકી જીતે હોડ પાચે પુત્ર પરાક્રમી અધિક એકથી એક. ભત્રિજ સૌ ભૂપતિ સમા. ન્યાવટ શાવટ નેક. સ્યામજી પીર સલહાણો ઘણી બુદ્ધિ ધર સુત; વડહથ વેણી સંરખો, પાટવી રખીયલ પુત્ર. રખીયલ વડા રાજવી, પાંચ પુત્ર પરતાપ; જસવંત ઝવે-

રીજ જાણવો. અધિક પ્રાક્રમી આપ. સદાવરતની શાખ ઘેર, અન્નદાન અપાય. સભા મધ્યે પંડિતની સુરણ કથા કહેવાય. હરી ભક્ત હરીજન સહુ, શુભ ગુણનિધિ ગંગેર, લક્ષ્મીવર પુજે લખુ તરતિબ સહુની ટેવ ગુણીજન આવે ગામમાં, શાસ્ત્ર વાત સુજાણ આશીશ દે તે અતિ ઘણી, કહે કુશળ કલ્યાણ, રખિયલ સુત રાજેશ્વરી. સીવ પુજે શાંજ શવેર, એક સમે સભા ભરી. બેઠા જશવંત ઝવેર સાખી સમસ્યા સોરઠા, કહે વખાણી વાત ભાટ ચારણ બ્રાહ્મણ સહુ પુન્યકાજ પ્રભાત. કિરતી તેણે સાંભળી, શામળ લક્ષ કવિ રાજ. શ્રીગોડ માળવી પ્રિય સુભ વક્ષ કોટીધા લાજ. કવી તેડયા કોડે કરી સાંભળજો શુભ જ્ઞાત વાસી વેગનપુર તણો ગુણ જાણે ગુજરાત શામળ આવ્યો સુજમાં સકળ શાસ્ત્રમાં સુત્ર શોભિત સાથ સુલક્ષણો પુરસોતમ લેઇ પુત્ર માન દીધાં મનસા સુધે અતિ આણિ અહાલાદ સભા મધ્ય શામળ ભટે દીધો આશિરવાદ. (છપ્પા) તમ ઘેર ત્રીજો વાર પ્રથમ વાર નિત પુજો ચતુર જાયમ ચોથો વાર સત વાંને શુભ સુઝે. પ્રસન્ન પાંચમો વાર, વિમળ જરા વિદ્યા વાંધો છઠ્ઠાવારની છત શોભા શતરૂની સાધો, સાતમો વાર સંકટ હરો અધિપતિ ડાહ્યા હંસને આશીરવાદ કવી કહે મનજી વાસણ વશને ૫૭ (દોહા) ઉઠયા સહુ આદર કરી, સકળ સભાસમેત પ્રદક્ષણા દેઈ પાયે નમ્યા હઇડે આણી હેત, ભલે પધાર્યા ભમજી ભલપણ કેરા ભુપ વ્યાસ વશી શુકદેવજી, રિષીવંતા છો રૂપ, પુરૂષોત્તમ પુત્ર પવિત્ર નર, નિરમળ રૂડુ નામ પુરણ પુન્ય પ્રગટ થયુ પુણ્યવંત થયુ નિજ ગામ, કરજોડીને પુછીએ, કરીએ વિનંતી કહેણ; નઉતમ ગ્રંથ નીતિ કહો વિવિદ્દા વિલાશી વણુ ગ્રથ કહ્યો રખીદાસને, સિંહાસન બત્રીશ, નવેખંડ નામે લહ્યો, પ્રસન્ન છે ઉમિયા ઈશ રામ ચરિત્ર રૂડે વરણવ્યા, વરણવ્યો રેવા ખંડ ગંગા કેરા ગુણ ગ્રહ્યા, ટાળા છે જમ ફંદમ; નઉતમ ગ્રંથ નવા કહ્યા ચતુરાઇ તણો ઉપદેશ, પંચ પ્રમાણ પંડીત કરે હારદથી હમેશ, સંસ્કૃતથી પ્રાકૃત કહ્યો, ખટરસ ભાષા ખ્યાલ; અઢાર પુરાણથી અધીપતિ, મહિપત જોતા માલ હોય સંસ્કૃતમાં, કરો તેહ કવિત; ગુરજર ભાષા ગુણ ઘણો. ચાતુર રીજે ચિત, શાબાશ સપુત સલક્ષણા, શાબાશ સહોદર સાથ; સાબાશ પિતુ પરીવા પિતર, શાબાશી જમણે હાથ. પુરૂષોતમ ત્યાં પ્રીતથી, દીધો આશીરવાદ; ગ્રંથ કર્યો સામળભટે, આણીને આલ્હાદ. (છપા) હસ વાહની કલ્યાણ મેઢક વાહની સુખ સીમા; ગ્રગ વાહન દે માન, કોર વાહન કયો કામો શારદુલ વાહની જેહ, નેહ ઘણો શીર નામો, ઉંદર અસ્વ ને ઉભયો ગરૂડ વૃષભ છે જેહને, કલ્યાણ ક્રોડ કૃપા કરે, શામળ કહે આશિશ એહને. ૬૪ (દોહરો) શુક બોહોતેર શિરોમણી, ચતુરાનો ચિત ચાલ, મોહોટા માણસ મહિપતી, માને તેમાં માલ. ઉતરનો પ્રતિ ઉતર, જાર તણો વિજાર; ગુણ અવગુણ ગ્રાહક ઘણા, પંડિત કરે વિચાર. ભાગ્યાનું સાજુ કરે, કલંક કરે અકલંક, કથીરનું કંચન કરે, વાળે આડો આંક શાહ નરને તસ્કર કરે, તસ્કરને કરે શાહ, જળને સ્થાનક સ્થળ કરે, રંકને કરે રાય, ઓલવી નાંખે અગ્ની તે; વાળી નાખે વહેર; એક વચને અમૃત કરે, જો હોય ઝાઝુ ઝેર, ચઉદ વીદ્યાથી ચોખણી, વિજાર વાત વિવેક પડીત જન એ પારખે ન્યાવટમશહાવટ નેક. (ચોપાઈ) પુરવ દિશા પુરંદર ગામ, નૃપતસિંહ રાજાનું નામ, રામરાજ સરીખુ રાજ, અસત્ય અન્યાય તનથી તાજ, હરીચંદ્ર સરખો હરીજન, કુડ કપટ નવ માને મન. વરણ અઢાર વસે છે વાસ. તેજપુંજ પુરણ પ્રકાશ; લક્ષપતી લક્ષ્મી ત્યાં વસે, ધરમ મારગ ઉપર ધસે; વિસાશ્રીમાળી વાણીઓ, જૈનધર્મ જુગતે જાણીઓ, શ્રીમંત માંહે તે સીરદાર, દિલે મોટે દાખ્યો દાતાર, મહાલક્ષ્મી શ્રેઠે મન ઠરે, વ્યાપાર વહાણવટીનો કરે, સમરથ તેના ઘરમાં ઘણી, લક્ષ કરોડો કેરો ધણી; અપુત્રવત અગ્નગળ ધન્ય, જશવંતો જાણીતો જન પાંસઠ વરસ થયાં તસ્ત, મૂ-

ન્યની તેની પામી ભ્રત, વૃદ્ધપણે આવ્યું ઘરસૂત્ર, પેટ નહીં પોતાને પુત્ર (છપ્પા) પુત્ર વિના નહિ મોક્ષ, પુત્ર વિના મેહેણું મોહાડું પુત્ર વિના દે દોષ, પુત્ર વણુ જીવત ખોટું; પુત્ર વિના પરીવાર, વિશ્વમાંહે નવ વાધે; પુત્ર વિના સંસાર, શ્રાદ્ધ ગયા કુણ સાધે; અરથ ગર્થ કુણ ભોગવે, ઘણું દ્રવ્ય પણુ ગાંઠીયો; આળ અવતાર બાળક વિના, વિશ્વ કહે સૌ વાંઝીઓ. (દોહરો) વિચાર કર્યો વહેવારીએ, ઘરણી પાખી ઘરસુત્ર; વેલો વંશ વાધે નહિ, પ્રગટે ક્યાંથી પુત્ર. (છપ્પા) નારય વિના નર રંક, દામણો દિશે દેહે; નારય વિના નર રંક, ગ્રહસ્થ ગુણહીણો ગેહે; નારય વિના નર રંક, ધન્ય નવ ધીરે કોઈ; નારય વિના નર રંક, જગત જન નિંદે જોઈ; નાર વિના નિરબળપણુ, ભોગ કહો શા ભોગવે; અચુત અવગુણ ભાશે ભરથા. જોખમ જાણુ જોખવે, નારય તે નરનુ અંગ, સુખથી ઇચ્છે સેવા, પુન્યમાં થાય વિભાગ, લાભ યશ રૂડુ લેવા; ત્રીથી હોય સતાન, ધરમ બુદ્ધિને ધારે, પ્રગટે પુત્ર સુપુત્ર, કુળ ઇકોતર તારે, શુદ્ધ કુળની રામા મળે, સ્વામીને સુખ દે સતી, એમ વિચાર્યું શેઠીએ, મન મધે ધારી મતી. પરણવા ઉપર પ્રિત, થઇ તે જનન પૂરી; કોને પુરી નવ થાય, સહુને રહે અધુરી; આશા નીર અથાત, પાશ્વ તે મધ્યે બુડયુ; શાહા રાયને રંક, કરપી કાયર ને કુડુ, સુરપુર પંડિત સહુ, ભટ્યાગભ્યા ભુલા ભમ્યા, આશારૂપા અરણુવ જળે, શામળ કહે તેમા શમ્યા, ગળે અર્ધાકું અગ ગળે નાશીકા રે નેણુ, ગળ મુડ ન તુડ, વાપરીત બોલાએ વેણુ, અસ્ત રૂધીર ને માસ, સકી નચ્ય ચાલ ચરણુ, ધાતુ સ્નરના ધ્વસ, દ્રણુ નહી કઠોત કરણુ, ઇંદ્રી બાંધી અડવડે, આહાર નિંદ્રા છેવટે ગઇ, સામળ કહે ત્રષ્ણા ત્રશા, તોય માયા જીતી નહી. (દોહરા) શાહાપત પરણ્યા સુંદરી, જુવતી જોબન વશ, પદમના સરખી પ્રેમદા, દખી ભાવે દેશ. બુદ્ધ નિધાન વરસ બારના બકણુ કળા બહુ રૂપ, બહુ પરાક્રમ ચાતુરી, ભાગ્યના ભારે ભૂપ, કામ કામ અંગ લોચના, સોહલ કો સુજાણુ, મતી મંદ કરી કેશરા, સમુદ્રિક શોધાણુ, પચ લઘુ પચ દીરઘ છ, પચ રાતડા પુર પચ ઉન્નત પચ પાતળા નારીના બહુ ગુર કેશ સમાગજ કંદ્રપી માગ સમારણુ મુલ્ય, વદન પકજ વરણાગા ત્રિભાગમાન તુલ્ય. નયન ચપળ મહા મીનવત કરણુપ્રીય તે કેહણુ, અમ્રતરસ વ્રત ઉચર, વદન અમ્રત વણુ, અધર પર વાળ દાડીમ દત, ચિબુક વારૂ ચહન, શુક ચચુવત શોભીતી, નાસાઉજ્વળ ચેન. ગ્રીવા પોત કપોત વત, કેળ પત્ર વત પૂષ, ઉદર પાપણુ પાનવત, શોભા વખાણુ શ્રેષ્ટ પયોધર પદમ આકાર વત, અમ્રતફળ રાધ રંગ, કામબાણુ કટારાયા, શોભીત શામા સંગ, ગડકસ્થળ કટિકશરી, જંઘા સુગ્ઘ રાધ રથ, કર ગજ શુઠ સરાખડા, અબળામા બહુ અભ પાવક વત પગ પાનીયો, રૂઠી રાતી ચોળ, સોળ કળા સપૂરણુ ત તરૂણુા રૂપ અનોલ, જોખ કરે ત જરપતી તેઃવેળા આવે તરત, નારથન નારમાલ્ય જે બાપડા, મનોરથ તના મરત, જરવડે જુવતી જડી, જરતુ જોને જોર, ઘરડા પણુ ગાઠે ગરથ છ. કળાવત જેમ ગોર (છપ્પા) જર ત્યાં જોબન રૂપ, જુખ વશ જરને જોરે, જર ત્યા સઘળો જોખ ટક તરતીબવત તોળે, જર તે ઉચ્ચ અમીર, જર તે વિદ્યા ભણાયા, જર ત રૂપ સ્વરૂપ, જર ગુણ સઘળા ગણિયો, જરને સંગે યશ વસ, જર નરથી દુખ જશે, શામળ કહે જાર જર તણુ, તના કાજ સઘળાં થશે.

(ચોપાઇ) શાહપતિ પરણ્યો ત સતિ તનુ નામ તા પરભાવતી નરનારોને ઉત્તમ નેહ પીતી જેમ બપઇયા મેહ, નરખી હરખે નરને નાર વરસ અમૃત વારવાર અળગાં નવ રહે એક ઘડી બાંધી પ્રીત અન્યોઅન્ય અડી. કય કામની કરે કલોલ શુભ વરસ સાભાને સોળ એક દીવસ એક કઉતક હોય તેને કળી શકે નહી કોય. પાંચાથા પરયમની પાશ પીજમ ફીકને રહેતો નામ મદમવતા ત શુભાવલ મણી આકતામા દોપામા તણા માથું વહુપાર અ-

કલ મોટીએ કાંઈક વાંધો પડયો કોઠીએ વીચો લુટાણો વાટમાં નાઠા ભખરના ઘાટમાં. વાણોતરે લખ્યો એક લેખ એ વાતે કાંઈ નહી મીન મેખ કહ્યું જે અતરે આવજો હાથ અક્ષર એના લાવજો પાંચો ભોલે જુઠા બોલ ઉતરશે આપણું તોલ એની પાસે લેણું ઘણું દસલાખ રૂપીઆતણું નહી આપો તો થાશે જાન મોટા જનમાં ઘટશે માન સાચો જવાબ એને દેઇશું લેણું તે સઘળું લેઈશું નહી આવે અકારજ જશે માથે કરજસાચું થશે જુઠુ બોલી મુકરી જાય છે લેણાનું દેણું થાય છે. આવતાં રખે લગાડો વાર ઘટશે વેપારીમાં કાર. જુઠા આપણને કહેશે લોક કરવા બેઠા લેણું ફોક. એ કાગળ શેઠે વાંચીઓ. સાચે દીલ પોતે સાંચીયો જઇએ નહી તો થાએ જાન, રામા ઘેર છે રાંખ્યું ધાન કોને સોંપી થઇએ નિશંક કદાપી કાંઈ ચડે કલંક નારીને સોંપે વણસે નારી એવી શેઠે વાત વિચારી પરપુરૂષનો મેળા કરે અત પાસે જઈ અગ્ની ધરે ઉચ્યા નીચ દેખાડે દામ કરે એહ વ્યભીચારી કામ પુરૂષને સોંપે પરઠે પાપ વણસે નારી આપોઆપ ગમે એવો સતવાદી હોય કામજીત નત્ર વસે કોય અગ્નીથી ઉકળશે અત નરથી નારી વણસે તરત. મરથવાળી હોયે ગોરડી કામતણી બુદ્ધિહીણ ઓરડી વાટે જાતાં તો મને થાય રંક રાય સહુ વીણી ખાય મોટાની કોણ વાતો કરે મોટાના કોણ હારદ હરે મોટાની છે કોની લાજ મોટાને ઘેર મોટાં કાજ એમ વીચારી આપો આપ શેઠે માંડયો પશ્ચાતાપ. ૧૧૧ (છપ્પો) સીતા સરખાં શુભરૂપ રાવણ રણમાં રોળાગ્યો ઇંદ્રજીત કુંભકર્ણ ચાંચડવત તે ચોળાવ્યો દ્રોપદી સરખી નાર સતી પણ સરવે થા'યું અઢારક્ષોણી સૈન્ય કુળ કૈરવનું કાપ્યું મહા માયારૂપ એ માન્યની એકલી મુકે અનરથ થશે વિચાર કર્યો મન વાણીએ વૃદ્ધપણે હાંશી થશે (દોહરો) વાણોતરતો છે વડા પંડીત પેઢી પરધાન સાચવે સઘળી વસ્તુને જુવતી ધીર્યથી જ્યાંન. (છપ્પા) ઇંદ્ર સરખો અધિપત્ય ઘેર રાણી ઈંદ્રાણી અહલ્યા સાથે સંગ કરતાં ભ્રાંતી નવ આણી ચાતુર જે ચંદ્ર રામા ઘેર રોહણી સરખી તેણે તારા એક વાર નેહ કરીને નિરખી પાપ પુન્ય પ્રીછ્યો નહી ગુરૂપત્ની પોતાતણી ક્ષીણ દેવ શ્રાપે થયો નક્ષત્ર મંડળમાં જે મણી એનાથી લક્ષ ક્રોડ ગોર અંધારે ગળીયા કઇચાકચક સત ભ્રાત, એક ચીતામાં બળીયા શ્રી કૃષ્ણ સરીખા દેવ કુડી કુબજાને શેવી માયાવીરૂપ મોહજાળ, જગતમાં જાણો એવી ભામનીએ સહુ ભોળવ્યા દેવ ગાંધર્વ ને દાનવી શામળ કહે જીત્યા જુવતીએ કુણ માત્ર છે માનવી (ચોપાઈ) વણજ સોંપ્યો વાણોતર હાથ શામદ રૂપા લીધા સાથ મેડી દેડી વારૂ વાશીઓ સેવા કાજ સોંપી દાશીઓ જુવતીને કહે જાશુ અમો માપ તમારૂં રાખો તમો દિલડામાં ડહાપણ દાખજો પરીયાનું પાણી રાખજો લાખેણી વધારો લાજ કરજો આપણ કુળનાં કાજ આઠ માસે અમો આવશું લાખીણી વસ્તુ લાવશું ઉમદા રત્નતણાં અંબાર હીરાને મોતીના હાર તે સરવે આવશે તમારે કાજ રામા તું ભોગવજે રાજ (દોહરો) પવીત્ર પક્ષી બે બારણે બાંધ્યાં બુદ્ધિ નીધાન બત્રીસ લક્ષણ આગળાં ભારે રાખે ભાન કળા બુજે તે બોતરી ચોરાશી આસન ચેત રામ વિરણુંગને રામણી, હરી કથાપર હેત; જનાવર ડાહ્યાં જાણીયાં. વણિક કરયો વિચાર; એથી અનરથ થશે નહિ, નિસ્ચેં સોંપુ નાર, સાંભળ મેના માનની, ડહાપણ તારૂં દાખ્ય; પરદેશ જઇ આવું અમો, રામાને સ્થીર રાખ્ય નીસરવા ના દેઇશ નારને, મંદીર મુકી પર મહેલ; થોડામાં કહ્યું છે ઘણું, સંક્ષેપ રીતથી સહેલ, સમજાવી શેઠે સારીકા ભંની ગુહરે ગુણ, પરાક્રમ જોઇશું તાહરૂં, શામા તારી સુઝ, મેના કહે માન્યની, નીસરવા નહીં દેઉં; સત્ય વચન શેઠે કહ્યાં, શીર ચડાવી લેઉ શાબાશ કહીને શેઠજી, પ્રિતે પોપટ પાસ; આવીને ઉભા રહ્યાં; વહે માણી વિલાસ. પોપટ પાસે આવીઓ નારી કેરો નાથ પવિત્ર છો પક્ષી તમો,

હેવે ફેરવ્યો હાથ; સાંભળ શુક સોહામણા; સોંપ્રછું એક કામ, અમો જાઉં પરદેશમાં, સાચવજે આ ઠામ; શેઠાણી ઘર એકલાં શું કહું વારવાર, નીસરવા દેશો નહીં, ઘર મુકીને બહાર, પરણી છે મેં પ્રેમદા જુવંતિ જોબન વેશ; તરણી તાહરે આશરે પરઠુ હું પરદેશ; શામકામ ભેદે કરી, વિનતા રાખજે વાસ; કલંક તે વાધે કુળમાં, તો તુજને શાબાશ. શુક કહે સુણુ શેઠજી, શુદ્ધ તમારો વાન; શાસ્ત્ર મધેથી સાંભળ્યાં, તે ફૂત ધરજો કાન; રામાને રાખી શકે, નથી જન્મયો કા આય; સુતો મુકે સ્વામીને, જુવંતિ જારી જાય, મુરખ જાતી હોય માન્યની, પરઠે અવળી પેર, ગુણવંતો ગુણુપિલ તજી. જાય ગુણહિણુને ઘેર; પંડિત જનને પરહરે, મુરખ સંગાથે મેળ; ખરાબ કરે ખરી વાતનો ખોટો ધારે ખેલ, ઠાકર સાથે ઠગવા. ચાકર શું ચીત ચાય, નિરમળ જળ નારી તજે, નર્ક કુંડમાં નાહાય. શુક કહે સુણુ શેઠીયા; માન્યની મુકો મહેલ; ચિંતા ન કરો ચિતમાં; .સહવિદ્યાથી સહેલ, લક્ષ્મી વર લજ્યા રાખશે, કે રાખે તારૂ લુણ; રહેશે પુન્ય પ્રતાપથી, હું ફિકર તે કોણુ, જ્યાં સુધી મુજ પ્રાણ છે, ગુણ તારા હું ગાઉં; જાવા નહી દેઉં નારને લુણુહરામ ન થાંઉ સારૂ કહી તે શેઠજી, ગયા પોતે પરદેશ, મંદિરમાં રહી માન્યની વીનતા જોબન વેશ, ખાય પીએ ખુબી કરે પ્રીતે ચાવે પાન; દાસ દાસી દિલ રીઝવે મનગમતાં દે માન; એમ કરતાં દીન વહી ગયા વસંત આવ્યો વેદ; કામાતુર બહુ કામની, ભ્રાંત ન રાખે ભેદ; આહાર ખમણો બઇરાં વિષે, લાજ ચોગણી થાય; કામ આઠ ગણો વસે, કોણુ રંક કોણુ રાય, વીસ ઘણો વસંતમાં નારીને નરસુ નેહ ભોગ તૃપ્ત ભારે નહી, દીવ રીઝે નવ દેહ, રાજા છે એ રૂતુ તણો; વસંત કામ કહેવાય; ચતુરાં ચંચળ ચીતથી, વનિતા વિવહળ થાય; વીસ ઘણો વસંતમાં, ગરીબ રંકને ઘેર, શત ઘણો શ્રીમત ઘેર, પ્રીછે પંડિત પેર, ખાનપાન ખુબી કરે, હોંસે પેરે હાર; કામાતુર તે કામની, સજે સોળ શણુગાર; કંદર્પ સરપ અંગે ડશે, કહે દાસીને દુખ; સ્વામી મારા સાંભરે, બેઠે ભાગે ભૂખ. વાયદો તેતો વહિ ગયો; સ્વામી નાવ્યા શામાટ, કાંઇ સંકટ આકરૂં, કે કાંઇ વસમી વાટ, હાથ જોડી હસી પડી, શુભ બોલી સાહેબ શેઠાણીજી સાંભળો ખરી વાતનો ખેલ, જુવંતી જોબન વેશમાં જારી ન કરે જેણુ; વાટ ઉઠી તે વેશને, તન ખટવાણું તેણુ, પર પુરૂષસુ પ્રીતડી, કામ વાસના કીધ અપરમ પાર સુખ ભોગવો, લાહો લાખેણો લીધ; આળાકર વધુ મળી, લોપાવાને લાજ, નારિને જારી શિખવે; કરવા કુડું કાજ, ઘણા પ્રકારે પ્રિછવી, કરી કામાતુર કામ્ય; મન ટળકાવ્યું માન્યની, સેજે નહોતો સ્યામ. હાથ જોડી હસી પડી કયમ કરીએ એ કામ; રીત જણાય જો રાવળે, દેહે વટ જાયે દામ (છપા) નારી તે નીચ સ્વભાવ, ન રહે પોતાને ધરમે; નારી તે નીચ સ્વભાવ, કલંક કહાવે કુળ ધરમે નારિ તે નિચ સ્વભાવ, લાજ મરીયાદ ન પ્રિછે; નારી તે નીચ સ્વભાવ અન્ય નર અંતર ઇચ્છે; નીચમાં નીચ તે નારીયો, પરશું જોડે પ્રીતડી; શામળ કહે સ્ત્રીઓ સમસ્તને, રૂડી નહી એ રીતડી. (ચોપાઇ) શામ દામને ભેદે ભરી કામની તે કામાતુર કરી, અતિ મનમાં આણી ઉલ્હાદ, એકવાર જુવો તે સ્વાદ, લક્ષ વસા તજીને લાજ; કોડ વશા કરીએ કાજ; શેઠ મંદિર આવે જાહરે, તજજો તે લક્ષણુ તાહરે. ૧૬૮ (દોહરા) કાર જાયે કંચનો, લોકમાં જાયે લાજ; પાણી જાયે પરીયા તણું, કયમ કરિયે એ કાજ; દાસી કહે દેવી સુણો, દૈવત મારૂ દાખ્ય; જાણુ પડે એ વાતની, તો સુરજની સાખ્ય, વનિતાએ કીધો વાયદો વેદને ચુકુ વાત; તરૂણી આવું તુજ કને રૂડિ રીતે રાત, ૧૬૯ ન્યાલ થઇ તે નારીયો અંગે વાધ્યુ નુર; ઊલટ માંહિ ઉદે થયો, શોભાવતો સુર. ૧૭૨ સોળ સજ્યા તે સુંદરી નાર બધારયું નીર; આભુશણુ અંગે ઓપતાં, સરખા ચોળી ચીર. ૧૭૩ કાજળ કુમકુમ જ્યાં ધરે, સેંથામાં સિંદુર; બરાબ

કસ્તુરી અરગજા, ભોગ સકળ ભરપુર. પુષ્પ હાર કંઠે ધર્યાં; દરપણમાં જોયો દેહ; અંતરમાં ઉચાટ રહે. પરશું જેને નેહ, બણી ઠણી તે નિસરી; ઉલટ વાધ્યો અંગ કામાતુર જે કામની, પશોથી પડયાં પતંગ. શેઠાણીને કહે સારિકા, અંગ સજ્યા શણગાર, કાજળ કુમકુમ ચોઢયા, જુવન નથી ભરથાર. સમજી તારૂં શાણુ પણું, કોણ, પુરૂષ શુ પ્રીત. એ તુજને ઘટતું નથી, રૂડી નહી એ રીત. મેના કહે સુણુ માનની, વિપરીત એતો વાત; જાઓ કોણ ક્રમે કામની, જારી રમવા રાત. ઘેર નથી તુજ ઘરધણી, શણુપાર સજ્યા છે સોળ; અધર્મ કરે છે અતિ-ઘણો, મુખ ભરીયાં તંબોળ. સમજી તારી સુજને, જાર કામે જાય; શેઠ મુને સોંપી ગયા, એ અન્યાયે કેમ થાય. બાળરે લક્ષણ બાળીકા, બાળ તાહરૂ કામ: બણી ઠણીને નિસર્યા, કોણ ધણીને ધામ. બાળ ચતુરા તુજ ચાતુરી. શોભે નહી શણગાર; કાંઇક લજ્યા મન ધરો, જુવન નથી ભરથાર. સાચુ માનરે માનની સુર્ય શાખથી સાચ; નાક છેદાવું તાહરૂં પૂરણ આંગુળ પાંચ વઢાવું કાનને ચોટલો, જૂવે બાધુ ગામ સમજાવું જો શેઠને, તો મેના મારૂ નામ રૂડા કુલમાં ઉપની, રૂડા ઘરની નાર, ગુણકાના જે ગુણ ગ્રહે. નહી તારો વહેવાર. વાટ ઉડી તુજ વેશમાં, ભડ પડયો અવતાર, કંથ વિના ઘર કામની, શોભે શા શણગાર. કઠીણ વચન કાને સુણી, દાંધી ધસીને દોટ, માનની એ મેના તણી, મરડી નાંખી કોટ પાંખી ઝાલી પ્રીતે કરી, ચીરી નાંખ ચાંચ, ખસેડી નાંખી ખાળમાં અધીક પમાડી આંચ. સામા થઇ તે સોકમાં, પુરણ દુખની પેર, તે દીવસ તો ગઇ નહી, પરમદીર પર ઘેર બીજે દીવસે તત્પર થઇ, સજ્યા સપૂર્ણ સોળ, કસ્તુરી કેસર અરગજા, મુખ ભરીયા તંબોળ. જુવતી પોતે જોખમાં જારી રમવા જાય, અગ રાગ અતિ ઓપતાં, વળને રંગ્યા પાય. પોપટ પોતે પ્રીછીગો મેના બોલીતી બોલ. શેઠાણીનું સતીપણુ, તરૂણીનો કીધો તોલ. માન ઉતારૂ તો મરૂ, મોત માથે શીદ લેઉ, શામ દામ ભેદે કરી, જાવા તો નહી દેઉં. કરી પરીક્ષા પોપટે મન સમજ્યો મહેરાણ, આંચ દેખાડું એહને તો તો પરહુ પ્રાણ જેહ ગની મેના તણી, તેહ ગતી મુજ થાય, વળતુ કોણ વારી શકે, જોખ કરતી જાય ઉપાય કરૂ એક અકલથી, ગમની કહુ કાંઇ ગોઠ રદય રામાનું રીઝવું, ચતુરાઇ તણી એ ચેટ. જાય તો તો જુગતું નહી, વિદ્યામાં ઉઠે વેઠ, કાલ ઠપકો દે મુજને, શાણો સમજુ શેઠ. શુક કહે સુણ સુંદરી, વારૂ કહુ એક વાત કેહેવા તો ઘટતી નથી તું તો મારી માત ! જોખ પણું તે જો બને તરૂણી તારો તોર. સકળ ગુણ સુલક્ષણી, જોબન કેરૂ જોર રામા તું સમજે નહી, જાર વિદ્યાના જોખ, સજ અવસર છે આ ઘડી, શું બેશી રહે રોખ, આજ કાલ તો આવશે, શ્રીમંત આપણો શેઠ, અવસર શાને ચુકિયો નિશ્ચે કહુંછું નેટ. ૨૦૨ (છપ્પો) વણ રૂતુ વરસે મેહ, તેથી તો ધાન ન પાકે, પ્રાક્રમ ન મળે પુર. શતરૂ કહો શેણે થાકે. પહેલી વિશી વિદ્યાય, ભાવ આણી નવ ભણીયો, વૃદ્ધપણે વિવેક, શાસ્ત્રનો બોધ લ સુણીયો, ગયો અવસર આવે નહી. નર નારીને તે નડે, પ્રથમ જુઓ પ્રીછ્યા વિના વળતી હાથ ઘસવા પડે ૨૦૩ (દોહરા) એમ અનેક અતી ઘણાં, કહ્યાં કામનીને કેણ, રૂદે રામાનું રીઝવ્યું વિનયનાં બોલી વેણ, ૨૦૪ (છપ્પો) વિનય થકી વિવેક, સજન સઘળામાં શોભે, વિનય થકી વિવેક, સ્થીર થાવર થઇ થોભે, વિનય તણે વશ લોક, જસ આપે જન ઝાઝા, વિનય તણે વિખવાદ કરે નહી રંક કે રાજા, વિનય મોટો છે વિશ્વમાં, વિનય ધરમ મારગ ધસે, શામળ કહે વિદ્યા વશીકરણ, વિનય માંહે આવી વસે. (દોહરા) શેઠાણીને વશ કરી, વિનય ધરી વિવેક, પ્રજાવતી પાગે નમી સાચુ બોલી છેક. તાળી દેઇ હેતે હસી. કાંઇ ન રાખી ભ્રાંત, સાચુ કહુંછું શુક તને, આ-પણ છું એકાંત. સાંભળ શુક શીરામણ્યા, ખાંતે તારા સમ ખાઉં, જુવતી સાથે જોખમાં,

જારી રમવા જાઉં, પોપટ કહે સુખે પરવરો, રૂડીયા સાથે રીઝ, જારી વીજારી વીના ન મળે સુખનું બીજ. એવા કામ તો તે કરે જે ભણે વિજારી વેદ વિજાર વિના વિખ ઉપજે ખરે પ્રગટે મન ખેદ. આખ્યાન કહું તે ઉપરે કરવું વીજારી કામ. સુરસિંહ રાયની સુંદરી નંદા જેનું નામ. અણમાનીતી રાયની વળી વધારયું વેર વિંજાર વિદ્યાએ વાળીયું જેહ હળાહળ ઝેર નંદાએ વિદ્યા કરી વિજાર વખાણી વેદ તેહ તને હું શીખવું તેના ટાળુ ભેદ. કરજોડી કહે કામની સાંભળ શુક મુજ વીર સારી પેરે શીખવો ધારણ રાખુ ધીર શણગાર તજોને સુંદરી બીના પહેરો વસ્ત્ર છો ઉપર આસન કરો શીખો ઉદાપણ દષ્ટ પોપટે જે જે કહ્યું શુભ બુદ્ધિ સાક્ષાત વિસ્તાર વડે નંદા તણી, કહેવા માંડી વાત (ચોપાઇ) પૂરવ પંચતણે વાશીયે,કીકંદાપુરી નગ્રી કાશીયે વરણ અઢાર વસે છે લોક, સ્વપ્નામાં નવ ઉપજે શોક, સુરસીંહ રાય કરે છે રાજ અસત્ય અન્યાય નથી તાજ મહા સુખનો મહીમા માણિયો, તે રાજાને બે રાણીયો. એક માનીતી મોટમ મતી, તે સાસુ શિરોમણી સતી; ધણી લક્ષ્મી ધણાં ધરસુત્ર પ્રતાપવંત તેને પુત્ર, કનકાવતી રાણીનું નામ, વશ વરતે છે બાધું ગામ, તે માન્યનીથી મહિપત મોહ, નંદા સામુ તે નવ જોય. નાથે મેહેલ ન પુછે વાત, સ્નેહ કરે નહી નારી સાથ; તે નંદા તો રીશે બળે, કારણ દુખ તેનું કોણ કળે સુખ ન ભોગવે એક ધડી, દુખ સમુદ્રના દ્રોહમાં પડી; શોક્ય દુખનું દાવાનળ દેહ. અગ્નીનો શિર વરસે મેહ. કોડવાર શું કહીએ કથી, શોક્ય સમાન દુખ બીજું નથી; ક્ષણ ક્ષણ પામે ખેદના. લક્ષ વીછી કેરી વેદના, લક્ષ કોટીધા ઝ.ઝાં ઝેર, સોક્ય સમાન બીજું નહી વેર, (છપ્પા) રાજાને એક શાલ. ગામ ફૂટરચો ફુટે; પ્રજાને પ્રૌઢ શાલ. વણ વાંકે રાજા લુટે; વ્યાપારી શિર એક શાલ. વસ્ત્ર વટંતર નાખે; ભરતાર શીર એક શાલ, ભામ્યની જો જુઠું ભાખે; મુરખને શાલ વિદ્યા તણું, દુખ બકારી ઓક્યનું; શામળ કહે શાણા માનજો. સ્ત્રીને શાલ એક શોક્યનું. સ્ત્રી કહે ભલી અનાથ, તેથી તો મોત ભલેરૂ ભલી હિણાને હાથ એથી દુખ નહી અનેરૂ; ભલી વીધ્વા કે વાંઝ, ભલી ગુણકા કે ઘેહેલી, ભલી દરીદ્ર કે દસ્ય, ભલી સોહાગણ સેહેલી; માહા દાવાનળ દુખણી, ચંચળ ચીત પણ સોક્યનું; શામળ કહે શાણા માનજો, સાલ સામાને શોક્યનું, દરીદ્રને મોટુ દુખ, મનમાન્યુ નવ થાએ; કાશદને એક દુખ, નિત વિદેશ જાએ, દુનિયાને એક દુખ, જ્યારે વરસાદ ન વરસે; વંઝાને એક દુખ, તનને કારણ તલસે, કુંવારાને દુખ સ્ત્રી તણું, સર્વને દુખ તે ભુખનું, શામળ કહે પાર પ્રીછુ નહીં, સ્ત્રીને સોક્યના દુખનું, અંધાને દુખ આંખ, સારૂ નરતુ નવ દેખે; બેહેરાને દુખ કાન, રાગ પુરણ નવ પેખે, રોગીને દુખ રોગ ભોગ એકે નવ ભાવે; ભીક્ષુકને એ દુખ, નામ ભીખારી કહાવે; એવાં દુખ અનેક છે, પંગાને તો પગ તણું, શામળ કહે સ્ત્રી સર્વને. શોક્ય દાવાનળ દુખ ધણું. (ચોપાઇ) તે શામાને સોક્યનું સાલ, વનિતા ઉપર ન ધરે વ્હાલ; તેનું બોલ્યું કોને નવ ગમે રાંધ્યું રાજાજી ના જમે. એશુ હેત ન આણે કોય, તે સામું દ્રષ્ટે નહી જોય; મહિપતનું જ્યાં ન મળે માન. સ્ત્રિ હળવી જેમ પીપલ પાન ધણા ઉપાય કામનીએ કીધ, માન કોણે તેને નવ દીધ; એક દિવસ તેતો નારીએ, જોયું બેસીને બારીએ મહા દુખણી થઇને તે રૂએ, અરૂ પરૂ તે બારીથી જુએ. દુખ ડુંગર માથે લેઇને, બેઠી કપાળે કર દેઇને. તળે બેઠોતો પુરો પુજ, તેને મન છે અદકી સુજ; નારી નિશ્વાસા નાંખતી; અરે અરે મુખથી ભાખતી, વરતિ કે ઊંચુ નિરખીયું પુરણ દુખ તેનુ પેખીયું. સુખસાગર છે તેનું નામ રહેતો પોશાયને ઠામ કામણ ડુમણ મોટા મર્મ, વશીકરણ વિદ્યાના ધર્મ. મોહન ઉચાટના મેળ, ખરા કુમરના જાણે ખેલ, જગત મોહ પમાડ્યું જેણ, રામા રોતી દીઠી તેણ. જોતીક જોવા ઊભો રહ્યો, ધર્મ લાભ કામનિને કહ્યો, શું કારણ તુજને છે દુખ ભ[illegible] તારા

ભાગે સુખ, ખરો વરતીક ખતિ બેઠીએ, તરત તેને તેડયો બેઠીએ. માહા મનોહર મોટમ મતી જસવંતો જાણીનો જતી, માન્યનીયે દિધાં બહુ માન, હાજર ખાધાં ફોફળ પાન શા માટે રોતાંતાં તમો, એક દુખતો જાણ્યું અમો, ત્યારે સાચું બોલી સતી માંભારે જમાંતા જતી તમને દુખ કહે શું થાય, કહેતા દુખ જાણે જો ગય; શીશ અગણુ કરે મહારૂં કાન નાક છે તાહરૂં; (દોહરા) વરતીક વળતો બોલીઓ, સાંભળ વિનતા વાણ; સત્ય ન કહે નજ આગળે તો ઇશ્વરની આણ; કોઇ વાત જાણે નહીં કો ચેતે નહી લે ક. ને તેહ વાત કોને કહું, સુકૃત મારૂં ફોક, પોશા કરયા મેં પાંચ મત, અઠમ કરયા શત આઠ એકાશન મેં એક શત ભક્તામરના પાઠ વીશ આહાર એશીકરયા ચોવીસ આહારશે ચાર એકાશણ અગીયારશે બીજી વરત અપાર અપવાસ કર્યાં ખટ માસના જાગરણ કર્યાં શત સાત તરકારી તનથી તજી કંદમુળ નહી વાત જાત્રા કીધી જગત થની, શેત્રુંજાની સાર અરબાર આબુ ગયો, વસાઈ ગયો વઢવાણ સમેતશીખર મેં સેવિયા પુજ્યા પારસનાથ માહાવિર સ્વામી માણીયા. ટાડો કીધો હાથ, એ સરવે નિષ્ફળ થશે; કરૂં જો તારી વાત મારણ મોહન વશીકર, સઘલે હું વિખ્યાત રાણી તે રીઝી રૂદે મેહ્યો મનનો મોટ; અથ ધની મારી કરી કરગરતાં કરજોડ જાણને સ્થાને સ્થળ કરે. પવિત્ર પાત્ર એ પુન્ય આગમ નિગમ લક્ષણ લહે શત જાતી સુઝ, અધીપતીનું અપમાન છે સાવ્યતાણું છે માલ કાહય ભાવટ તું ભવ તણી જો હોએ કાહ માન પુન્ય કરે સુગ પ્રેમદા નિરમળ તારૂં નામ ન રાને કેમ નાહક. કેમ થાય તડ કમ, નાખી કરે રૂખી મબજો જો મંગ રાખીને ગય, સપુત મરે તે સોકયનો તો જીવની ભાવટ જાય. ગોથો વીર ગણી તણો નગરનો પ્રધાન વસે ચારે વરકુસમા, તો દીધું જીવતદાન, એક જીવે એ ચારમાં, ત્યાં અમી દેહે દુખ મરે તો નો ચિંતા ટળે ભાગે માગી ભુખ, માલ દીધા છે કોટીમા, સો ટેક ખાધા રામ ઇશ્વરની આના ટરો કામ કરે નરી કેમ, ગોબી વીર છે માહરો તેનો થાય અધિકાર સુખ સાગર હું ભોગવું તો તું નગરનો હાર તમો કહો તે સંભળ કહો તે કરીએ કામ તાહાની દાસી થતાં નહુ વેચાઉં તાહારે નામ નગરનો તે વીરમય થયો કયમ શાને પ્રભુ પાપ વચન જો વસુધા જશે એમ પણ અન્યા આપ પાપને તે પ્રલે કરૂં વ્રત હરી વિવેક વચન લોપ થયા તણો ઉપાય જડે નહીં એક. નીરાશ જો નારી થશે તો તો અનરથ થાય વિશ્વાસઘાત જ જે કરે તે નર નરકે જાય ૨૯૦ (ચોપાઇ) વિચાર કરી બોલ્યો વરતીઓ નારી નિરબુદ્ધિ નરતિઓ અધિક અધમ એ અન્યાય આપ પ્રભુ કરવું પડશે પાપ પાપ ઘાલો તો દેવો પડે, ઓહત્યા પણ માથે ચઢે બાળ હત્યા દેશે આ દીશ તેથી પ્રધાન તાણી આશીશ એવડું શું આપોજી તમો એ પ્રાશ્ચિત શિર લીજે અમો રાણી કહે વચન તુજ ગયું વળતુ તે દઇવત શું રચ્યું શુભ વાણી બોલ્યો સેવડો કરજોડી થઇને બેવડો સાંભળ વનિતા વારૂ વાત કાલે શરદપુનમની રાત કાળીને દેરે આવજો પચ પ્રકાર પુજા લાવજો ખાનપાન ભોજન ભરપુર. લેજો ચોસઠ અઢાર હજા સોળ પત્ર થાપિશું અમો માહા પુજા આરંભો તમો, માહા વનમાં જ્યાં ડેરૂ હોય દેરૂ ત્યાં કરે નહિ કોઇ એક એક પ્રહરે પૂજન થશે દુખ તાહારૂ સહુ દેવટે જશે પંચ પ્રકારની પખ્ય ધરી જાણે બ્રહ્મદેશનો ધણી કે જાણે જાણે સીધ શીરોમણી જે પાસે હોએ જવનીધ બ્રહ્મદેશના ભારે એક વરણ કરી શકે નહી વેદ જાણે શંકર કે વેદ વ્યાસ કે જાણે એક કાળીદાસ મા. મંદિર મધને માંસ પાત મધ મુક્તાફળ કારા ચાર પ્રહરની પુંજા ચાર વિનતા શું કહે વારમ ચાર માત્રાક તીરથ [illegible] જ્યોમ બ્રહ્મદશાના સઘળા ભોગ વનિતા ભોગ તારા મન વસ્યા

સાંભળ દેખાડું પ્રમદ્દા પ્રમદ્દા જાણે નહી જેહ અન્ય કદાપિ કરશે તેહ રવિરવ નરકે તે નર જશે; કોટી જન્મ તે અંધો થશે. માટે કાંઇ ન કરશો પાપ શામળ કહે કહું આપોઆપ પ્રમદ્દા દેખાડુ અમો સોતા જન સાંભળો તમો (છપ્પા) તુલ્ય કંચન કથીર ત્યખ દુખ સાચું ને જુઠું. રાય રંક બે એક; એક તુઠયું એક રૂઠયું. શત્રુ મીત્ર સમાન. સમાન દેખ્યા કે હાથી સમાન અમ્રત વિષ સમાન કુભીત કે કાશી સમાન પાષાણુને રત્ન પણ સમાન વસુધા વૈકુંઠ વથી સામળ કહે જન્મે નહી જે નર જાણે પ્રમદ્દા. સમાન અગ્નીને નિર. સમાન વહાલો ને વેરી સમાન કુંજર ને કીટ સમાન મરદને મેહરી સમાન તડકા ને ટાહાડ સમાન જરવંતને જોગી સમાન પાપને પુન્ય સમાન ભીક્ષુકને ભોગી. બ્રહ્મ વિદ્યા ભારે ભણી કરોડ વાર શું કહું કથી શામળ કહે સંસારમા બ્રહ્મ જાણે તે નર નથી. સાંભળી કાને સુડ ફરશુરામ ફરશીધર દીઠા કંછક દાતાર કરણા સારીખા કરણ કર વિદ્યા વેદ શણગાર બ્રહ્મા સરખા બહુ ભોળા ભોગવી જેણે પ્રમદ્દા સામળ કહ સ્વર્ગ સુધી ગની વીરલા કો વઇકુંઠ વશા. (ચોપાઇ) જ્યારે તારા સુત મરે સામા સંકટ તારા હરે જરૂર કાલે આવજો. કહી વસ્તુ સરવે લાવજો. અરથી દોષ મનમાં નવ ગણે વઢગીતો હણુતા ને હણે અરથી અંધજ હોય આપ અરથી ન ગણે પુન્ય કે પાપ (છપ્પા) અરથી કામી અંધ લાલચુને લોભી અંધ સ્વારથી સરવ, અંધ મેલો મન મોભી અંધ અદેખા આપ અંધ ચોરીને ચાડી અંધ અતિ અહંકાર કરે વાતો આડી અનેક એવા છે આંધળા કાં નરને કા નારયો સામળ કહી અંતર અંધ છે જે જન ઇછે જારીયો (દોહરો) વાયદો કરી વગતીક વદયો કાલે આવજો તરત સોકયની દાશીએ સાંભળી વાટે જાતાં વાત પોતાની રાણીજીને કહ્યા કરજોડી કહેણુ ભણકારો મેં ભાયો વાટે જોતાં વેણુ એક વનિતાને વરતીઓ કરતાં કાઇક વાત નતો એટલું સાંભળ્યું દેરે આવજો રાત રાત્યે રાજા આવીયો શામા કેરી સેજ્ય ભાત ભાવના ભોગ છે દૈડા સાથે હેજ. રાણી કહે રાજા સુણો ચતુર વાત કહું ચોકય કાળીને દેર જશે સેવડો બીજી સોકય માનશો નહિ મારૂ કહ્યું જૂવો તેની ચાલ દેવી દેરે શુ નિપજે આવતિ રાત કાલ મહિપતિ કહે માનુ નહી. વીનતા કેરી વાત એ રાણી નવ નીસરે રણુમા પડતી રાત. અમે જોઇશું ચરચા એની ચાલ જુઠાને દંડ દેઇશું ફકત જોઇને કાલ વેગે દીવસ વહી ગયો પડી રાત ધમઘોર જે વેળા જારી નીસરે કે ચાકર કે ચોર ખાંડુ એક કર ધરી સુર પુર ધાંડ ધીર દેરી દેરે તે ગયો વીર તણો જે વીર પ્રતિમા પાછળ જઈ રહ્યો સુભટ શીરામણી સુઝ પામણું તણા પડદા ઘણા ઘાણું ઠેકાણું ગુઝ પડદો ને વળી પદતમા દિના પાછળ હાથમ પોતાની દ્રષ્ટે પડે ભલી સાંભળે ભાખ્યા, રાજા દેખે સરવને, તેને નવ દેખે કાવ, જુવો ગતિ ઇશ્વર તણી, તે ઠામે શું હોય; નીશા ઘડીકા બે થઇ, રાણી ગઇ રણુમાહ્ય; કર ગ્રહ્યા કર વિષે, તોલ સમેર તાય; એટલે ત્યાં એક વરતિક આવિયો, ગંપુટ કીધા બાર. દીપક જ્યોત દશે દિશા, એક નરને એક નાર, નારી નિરખી નરપતિ મારૂં નહિ હવડ અજ; આવ્ય. ને ક્યાં જાય છે, જોઉં શું કરે કાજ; પ્રથમ બેએ ભોજન કરયુ, નાખ્યાં નિર્મળ નિર વગતી તો સન્વે સજયાં, ચરણી ચોળી ચીર; વામ માર્ગ જે વેદમાં, શીધ્ર સેવે છે શક્ત, તે એણે આરંભિગો થયો ભવાની ભક્ત કપટીનું તો ચપટ છે, સાચાને તો સિદ્ધ; રાગનો તો ધમ છે, ક્ષમા તે વેગા કીધ, ખાનપાન ખાધાં ઘણાં, કીધો ભોગ ભરપુર; એક પ્રહર એમ આચરયું, નારીનું જોયું નુર, પુરૂષ કહે સુણ પ્રેમદા, થયો પુરો કર્મ: પ્રથમ તો તારા કંથનું, કરયું કણીએ કામ; બખાણું તેથી બિજીવરાં, પુજા તે પધ્યત પાઠ; સંભોગ કર્યો શુભ રીતથી, હમ વિદ્યાના ઠાઠ; અરચા જુવે છે ચતુર નર, જોઉં વાણે શું થાય; પ્રાજે કરૂં એક પલકમાં, નાશીને ક્યાં જાય;

વણિક કહે વનિતા સુણો, ગઇ રાત પહોર; કરયું કામ શુભ કાળીકા, રાણીનું આ ઠોર ૩૦૧ ત્રીજે પોહોરે ત્રણ ઘણું હાવભાવ કટાક્ષ; આલિંગન મર્દન અતિ, ભામની ભાલ્યની ભાખ્ય. નરપતિ નરખે નારને વરતિક કેરૂ વર્ત; એક ઘડીમાં બેવને, માથે આવ્યું મર્ત શેવડો કહે સુણ સુંદરી, પ્રહર થયારે ત્રણ; કામ થયું જ કુંવરનું, કથન સાંભળો કરણ તાહરો ઓરમાઇ દીકરો, લક્ષ વસા એ લેખ, કામ કરયુ એ કાળીકા, તેમાં ન નહી મિન મેખ ચોથે પોહોરે ચોઘણું, રંગ ભોગને રંગ, હાશ હેત વિનોદથી, લે લાખેણો લાગ ગુરૂજી કહે સુણ ગોરડી, પ્રોઢો થયો પ્રભાત; પ્રધાનની પુરણ કરી, બેદ વિધાતા વાત. જો અવળી ગંગા વહે, રવીનો સ્થિર રહે રથ; વચન અમારૂં નહી ફરે, શુભ વાતે સમરથ હેતુ જન તારા ચાર એ, સલ પ્રકારે સુખ; કેમ કરયું તુજ કાળીકા, ભાગી તારી ભુખ હોય મનમાં કાંઇ ઓરતો, પ્રીછે પાચે લાગ આપે તુજને કાળીકા, મન ગમે તે માગ્ય રાણી બોલ્યાં રીઝમાં, નિર્મળ તાહારૂ નામ, અથ હતો મુગ જેટલો, તેહ કરવ્યું કામ, રાજા રાણી પ્રધાન પુત્ર, ગયો ચારનો રોગ; ભાવડ ભાગી ભરતણી, શુધ મળીયો સંજોગ, સંધ્યા અધ સવાર અશ્ર, કરી સુખ સાગર વૃષ્ટ તેહ ચરીત્ર નર નારનાં, રાજાએ જોવાં દ્રષ્ટ અધિપતિ થયો આકળો, સંભળ્યાં આયુધ અશ્ર, પડદા મહીથી હાલીયા, પ્રતીમા સહી તે વશ્ર પોપટ કહે પ્રભાવતી શેઠાણી સુજાણ: જારી રમતા જાય છે, વિજારી કરતા વાણ્ય. રાજા કેમ મુકે જીવતાં, કેમ માને એવી વાત, થયા રાત એ શેવડા, રાણી ભોગવી રાત શેઠાણી કહે શુક સુણો, ભણે શા જુઠા ભેદ નિશ્ચે મારે નારતો વળી વરતીકને વેદ એમાં વીજારી શી કરે, શતધા સમ જો ખાય; ચારે પંહોર દ્રષ્ટે પડયું તે કેમ ભુલે રાય. પોપટ કહે શુણ પ્રભાવતી કહું વીજારી વાત; આગળ પપળ ફંદનો કરે દ્રષ્ટે દીઠુ સાક્ષાત. ચૌદ વિદ્યા ચોસઠ કળા, ભારતના જે ભેદ; શુ કર બીચરા એ પડા, વીજારી આગળ વેદ પાણી ભરે પુરાણ સહુ, બત્રીસ લક્ષણ રેહે ચાર; વીજાર વીધા સહુથી વડી, ચરિત્ર કરેજો નાર. શેઠાણી કહે સાત દીન, રમવા નહી જઉ રાત; શત પ્રકારે શોખવા, વીજાર તણી એ વાત ૩૨૨ (ચોપાઇ) શુક કહે સાંભળ સુંદરી, મારી વાત જો મનમાં ધરી; અધીપતિયે દીઠા ઉતપાત, પ્રૌઢો તે થયો પ્રભાત નીકળુ બહાર ઉગમતે દીશ, છેદુ એ શામાનું શીશ, અર્ધ દાઢીને હેતજ હરૂ, પ્રભાતે પંચરાટાળી કરૂં. વરતીકને કરશું અપમાન, છેદુ નાક બે કાપું કાન: એનાં માત પોતાને ભાત, મારૂં સર્વને હુ ખ્યાત ખરો સહુને દેખાડું ખેલ, પીલાવું ઘાણી કઢાવું તેલ; હવડાં જો હું કોપજ કરૂં, એને મારૂં કે હુ મરૂ. એ બે જાણુને હું છું એક, વીપરીત થાશે વાત વિષેક; જોઉ વહાણે એ કયાં જાય છે કરમે લખ્યું તે થાય છે એમ કહી મુકયો નિશ્વાસ, પ્રતીમા પાછળ પડદા પાસ. ફુત્ત રાણી તણાં ભુઝીંગા, થર થર થર રાજા ધ્રુજ્યો. તે રાણી તો ચેતી મન, જરૂર કોઇ જુવે છે જન, શી ચરીત્ર રમાડું આપ. નહિતર મળીયાં પૂરણ પાપ સોએ વર્ષ તો પુરાં થાય, ઇજત આબરૂ સર્વે જાય; અખંડ દેશમાં લજ્યા જશે, પીયર કુટુંબ તો હેવટ થશે. વરતીકને ચેતાવો દીધ; માંથે ભાર પોતાને લીધ; પાછાં સંપુટ કીધાં બાર, નિર્ભય થઇ રહી તે નાર કરી સ્નાન સમર્યા શ્રીનાથ, કાળી આગળ જોડયા હાથ; મારી પુજા માનો માત રંગ રમ્યા જે માજમ રાત તમો કહ્યું તું તે મેં કરયું તેણે મારૂં કારજ સર્યું, જીવ્યો મારો કોડીલો કંથ, જીવી શોક પુન્યવંતી પથ; જીવ્યો મારો પ્રતાપીક પુત્ર, જેહ થકી શોભે ઘર સુત્ર; જીવ્યો મારો પુર પ્રધાન, જે થકી હું પામું માન ચારે જીવ્યા કારજ થયું, સતીપણું તો મારૂ ગયું, કૂળમાં કલંક બેઠુ કર્મ ધોયું મેં હાથથી ધર્મ ન કરે ભામની મુંઆ ભાંડ, ન કરે બહેલી ગુણકા રાંડ ઘણાક પાપે હું થઇ ગઇ, નિશ્ચે પડવું પડશે

નહીં સોંપુ હીત ઓશીંગણુ થાઉં વીમાન બેશી વૈકુંઠ જાઉં. નથી કાંઇ અહીંયાં હું આપ તમથી અજાણું રહે કયમ પાપ ચારે જીવાડવા કારણે, આવીહું તારે બારણે, હું મારે પ્રકાશું આપ અંબા મળજો આપો આપ. (દોહરો) આશ્વિન શુદી અષ્ટમી હું પોઢતી રાત; તે અવસર તમે કહ્યું, પ્રતક્ષ મારી માત. રાણી રાયને દીકરો, ચોથો રાણી ભ્રાત; પ્રાણ તજશે તે પુનમે, અધીક થશે ઊતપાત ભાસ્યું મુજને જાગતાં, નથી સ્વપ્નુ નીરધાર; જરૂર કહ્યું જીવે નહીં, ક્ષણુ ન લાગે વાર લક્ષક્રોડ વીશે વસ્યા, વેદ કહ્યુંછું વરત; ચાર પ્રહરમાં ચાર જણુ, નિશ્ચે પામે મરત, ત્યારે મેં તુજને કહ્યું નિશ્ચે આણી નેહ એ ચાર કેમ ઊગરે પડે કયમ માહરો દેહ નવરાત્રીના નવ દીવસ કરયાં વરસ મેં સાત ઉગારો એ પૂન્યથી, મોહોટી કુળી માત. (ચોપાઇ) એવુ કહાને જોડયા હાથ સ્તુતિ કરી તમારી સાથ; રાજા ઠામ મરે મુજ તાત; પુત્ર સાટે સાર મુજ ભ્રાત; પ્રધાન સાટ મુજ નહાનો વીર; રાણી સાટે મુજ શરીર એ જીવને મારાએ અમો, તાહરે ના કીધાં ત્યાં તમો; તમ આગળ મેં કરયો વિચાર તું છે નોધારા આધાર. કયમ જીવે રાણીને રાય, તેનો કાંઇ કહો ઉપાય. એ ત્યાં તમો કહ્યું કથી બીજો ઉપાય જીવ્યાનો નથી ચારે જણુ જીવ્યાનો ઠામ મેં જે કહ્યું તે કરીએ કામ. (દોહરો) જગદંબ તેહ સમાપ કહ્યું, સાચો છે એ સીદ્ધ વર્તાં વંડા છે વિશ્વમાં, એ પાસે નવનીદ્ધ. એણે વરત ઘણાં કર્યાં, જૈન ધર્મની જાત્ર, અપવાસ કરયા ખટ માસના, પોષ્યા પ્રાણી માત્ર. એ નચે ઇશ્વર વિચ, અંતર નથી લગાર; હાય ચારે જીવાડવા તો કર એશું વ્હેવાર; એકવરાં એક જીવશે, બીજો બાજી વાર; વારૂ વીઘન વળી જશે, ચાર પહોરમાં ચાર રાજા તો મારો રાજીયો, હતે ઝાલ્યા હાથ; એ મરતાં તો હુ મરૂ, સતી થાઉ તે સાથ એતો તે મારો દીકરો અંરમાઇ પણ પુત્ર, રાજ્ય રૂડેરૂ ભોગવે, ઘણું શોભે ઘરસુત્ર. રાણીનો ભાઈ તે મુજતણો પુરનો જે પ્રધાન; એથી શોભે મહીપતી, પામે સઘળે માન, એમ વીચારી શેરડો, તડયો મેં એકાંત વચને તને બાધીયો, ભાગી મનની ભ્રાંત સુર્ય ચંદ્ર શાક્ષી કરયા, વનમાં આવ્યા ઇશ; એ ચારને કારણે ખોળે મુકયું શીશ તમો કહ્યું તુ દાળીકા, તે મેં કીધું તર્ત ચારનુ તમ પ્રતાપથી, મોડી નાંખ્યુ મત. સીદ્ધતણી સીદ્ધાઇ ગઇ, વારૂ ગયો વિવેક; પાછો ફરીને તપ કરે, નારમળ થવા નક વરત સઘળાં વહેતા ગયાં થયું માહરૂં કાજ પણ એક સતીપણું ગયુ ગઇ લાખણી લાજ, સતી હું નહી સંખણી, માનવ ન જુએ મુખચાર જીવ્યા તે સુખ થયુ, પણ આ દારૂણુ દુખ અધર્મ કરયો અન્યા કરયો કાયા વટલાવી કામ; ધિક્કાર હવે જીવ્યા વીશે રામ રામ શ્રી રામ માન પુજા માહરી, તું ધર્મ ધુરંધર ધીશ; પાપ સરવે પ્રલે કરો સમર્પુ તુજને શીશ રાય પ્રધાન આવિચળ રહો, સોભાગ્ય વધો એ શેઠ કુંવર રૂડો કુશળ રહો, મોતી પુરયા ચોક રહો ખડગ કોટે વહે, અંબા આગળ આપ; સત રાખજો સતી તણું પ્રલય કરો સહુ પાપ, રાજા મનમાં રીઝીયો ઇચ્છું કુશળ ક્ષેમ, શાબાશ શાબાશ સુંદરી, હૈડું ટાંહાડું હેમ; હાંહાંહાં કહી હેતથી રાજાએ ઝાલ્યો હાથ; તન ને મન સોંપીયું, સ્તુતી કીધી તે સાથ, અજાણુ થઇ અચરજ અડયું, અહીં કયાંથી મહારાજ હું તો આવીતી જાત્રીએ, કરવા રૂડું કાજ રાજા અધીકુ રીઝીયો કનક તોળી કાય; તેહ પુન્ય પ્રતાપથી નારી નીરમળ થાય નારી કહેરે નાથજી. મારો મુજ આ ઠામ; અન્યાય મેં અદકો કર્યો નીચું કીધું કામ મહીપત કહે માનું નહી, રણમાં આવી તુ રાત; અમ ચારને કારણે તજે શીર તારી જાત. ઢોલ મૃદંગ વજડાવતે વેરયાં પુષ્પ ચોપાસ; પુન્દાન કીધાં ઘણાં વનીતા આણી વાસ. કુમકુમ ગલાલ પડયાં મોતી પુરયા ચોક; કીરતન એનું સાંભળી, સામી આવી લોક. પ્રધાન અતીત પ્રીત ..., વળી વડો જે પુત્ર, સરવે વૃત્તાંત માંડી કહ્યાં આમના જે સુત્ર ...

રથા જાણ ખારતો, આવી રહ્યા તો આજ; તે જીવાડયા જુક્તીએ, કીધું પરમારથ કાજ. ભટ અવતાર તે આપણો, કરીએ એનું અપમાન ધન્ય અવતાર એ નારનો, દીધું જીવતદાન આથ ઘતી માંડી કહી, કથા સંભળાવી કરણ; રાજા સેવક થઇ રહ્યાં, વેચાણ થયાં જાણ તરણ. પોપટ કહે પ્રભાવતી, માન્યો પાડ ભરપુર ગુણ વધારયો ગામમાં નારીનું વાધ્યું નુર, એમ ચરીત્ર જો આવડે તો જારીએ જાઓ; નહીતર ઘેર બેશી રહો, ગુણ ગોવીંદના ગાઓ. (છપ્પો) વડો વાંક સમુદ્ર; ભામનીને મસ્તક ભરીયો; એક વીજાર વચન; આળ પંપાળ તે કરીયો પાવક પ્રલય પ્રચંડ બળતો તો જે બાંધો; ઓલવી નાંખી આંચ. દોરો એક નદીધો, વીવેક રૂડી વીજારીએ, વોહો પક્ષ તારે તરે. આવડે તેનો ઉગરે, ન જાણે નિશ્ચે મરે.

(દોહરો) પ્રભાવતી પાયે નમી, પ્રિત્યે જોડ્યા પ્રાણ્ય; સારી વિદ્યા શીખવી, વેદશાસ્ત્રનીવાણ્ય. રખીવદનો સુત રાજવી, જવેર જસવંતો જાત; શામળભટ્ટ કવિએ કહી, વિસ્તારીને વાત. શ્રીગૌડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પિતા પુરૂશોત્તમ તણો, કહે કવિ શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિત કરજોડ; શામળભટ્ટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૨ ૭.

(દોહરો) ગણપતિને આરાધીએ, નિરમળ જાણી નેહ; દુંદાળો દુઃખભંજણો, મોદમ ડાળો મેહ. ૧ સાચી દેવી સારદા, હંસવાહની હેજ; વેણુ પુસ્તક ધારણી, તરૂણી વધતું તેજ. ૨ બીજે દિવસ બણીઠણી, શેઠાણી સાહંત; ચાલી ચતુરા ચમકતી, મને સાથે મોહંત. ૩ શુક બોલ્યો સુણ સુંદરી, જુવતી તમે કયાં જાઓ; સાચું બોલો ત્યાં શુલક્ષણી, મારા સમ ખાંતે ખાઓ. પ્રભાવતી કહે પોપટા, શાખી વિદ્યા વેદ; તે કામે હું નિસરી, ભાગ્યા મનના ભેદ. બાકી ન રહી બુદ્ધિમાં, નેક ન રહી નુન્ય; વિજાર વિદ્યા શીખવી, પોપટ તારૂં પુણ્ય. શુક કહે શામા સુણો, કરો જરૂરી કામ; રાત રમી ઘેર આવજે, હઇડે રાખી હામ. સાંભળ શુક સોહામણા, ખાંતે તુજ સમ ખાઉં; જુવંતિ સાથે જોખમાં, જારી રમવા જાઉં. પક્ષી કહે પ્રિચ્છ્યા અમો, રૂદયા સાથે રીઝ; ચતુરા ચિતમાં ચેતજે, છે બુદ્ધિનું બિજ, સામળીયા સોનીતણું, વિનતાએ કીધું વરત; તેવા વિદ્યા આવડે. તો તરૂણી જાજ્યો તરત. શામ કુંવરી સોનારણે ચારૂ કરયુ ચરિત્ર, શુધ પ્રકારે શાખજે, વિદ્યા એહ વિચીત્ર. પગ ખેંચી રહી પ્રેમદા, એતો વિપરીત વાત; સમજાવો શુક મુજને ભાવ ધરીને ભાત; કોણ છે સોની શામળો કોણ સોનારણ શામ; કોની સાથે સોબત કરી, શાં શાં કીધાં કામ. જાવું છે જારી કારણે, આડુ આવે આંક; ચાલે નહી પણ ચાતુરી, વિજાર વિના તો વાંક. શામા કહે મુને શિખવે, તો ગુણ તહારા ગાઉ; ભાવે એ વિદ્યા ભણું, જરૂર કાલે હું જાઊ; તજ તું શોળે સુંદરી, ટાહાડે નીરે નાઓ, ભીને વસ્ત્રે ભામની, ખાંતિથી સમ ખાઓ આજ રાતે આંહીયાં રહો, કામે જજ્યો કાલ, સારી વાતો શીખવું. એહ વચન તુજ આલ પોપટે જે જે કહ્યું. તે તે કીધું કામ, શુક સંભળાવે વારતા, નામ ચરિત્રે નામ. (ચોપાઇ) શાહાપુર ગામે સોની સાર, અલખત તેને અપરમપાર, પ્રેમદા ઉપર પુરી પ્રીત, ચાલે મુરખ ઊંધી રીત, એક ઘડી સુની નવ રહે, કામ્યની કામ્યની કોડે કહે, ગુણવંતી બાણું ઓરડી. રાખે એકાંતે ઓરડી. તાળુ દેઇ રાખે ઘરમાંય, ધીરે નહી કામનીને ક્યાંય: જમવા રમવા કે પિયર પેર, ઘડી સુની નવ મુકે ઘેર. વેચાથી મંગાવે નીર, અધિકુ આણે ઊર અધીર, કરવા નવ દે કોઈ વાત, એમ રક્ષા કરે દિન રાત. ભાનની કહે સાંભળ મુઢ, પાપી મુખ દીસે પ્રૌઢ, ભોગીઆને રાખે મુને. લેહ પટે નહી સ્વામી તુને. સાચી વાત તુજ આગળ કહું, તારી રાખી

હું નહી રહું રહું તો મારે આપો આપ, જાણશું જે લાગે પાપ. લાજે તાતને લાજે માત, લાજે મોસાળને લાજે ભ્રાત, લાજે કુળને લાજે રૂપ, માટે આપ રાખુશું હુંય. તારી રાખી હું નહી રહું તારા સમ જો સાચુ કહુ, ન કરૂ જ્યર પરમેશ્વર પ્રીત, ન કરૂં જાર તે રૂડી રીત, ન કરૂ જાર જે લાગે પાપ, ન કરૂ જાર જે જાએ આપ. ન કરૂ જાર, પરીયાં લાજતે કહેતો કરૂ સો-ખત વાજતે તુજ પાસે તેડાવું કંથ તુજ પાસ વળાવું પંથ તુજ પાસે જમાડુ જાર તુજ પાસે ઉપ-ડાવું ભાર, તુજ જોડાવુ હાથ, દેખે જયમ તારા સજન સાથ, નરની રાખી નારી નવ રહે, શાસ્ત્રમાં એવું કહે. ત્યારે સોની બોલ્યો વાણ, સાંભળ શામા ચતુરસુજાણ તારૂ જોર તો કરજે તું, ઘડી સુની નહી મૂકુ હું, ઘટમાં વાત એ રીતે ઘડી વળતી વાત વિસારે પડી એમ કરતાં દિન વિત્યા ઘણા, તોલ ન જાણ્યા તરૂણી તણા, એક દિન કોઇ ડોસી આવીયાં ગદિયાણા વીસ રૂપુ લાવીયાં ખરડી ડોશી થર થર ધ્રુજતી આંખ્યે તે થોડુ સુજતી થોડુ થોડુ સાંભળે ચર્ણુ મંદ મંદ ચલાવે ચર્ણું સોની ઘર આવીને રહે કારજ પોતાનું કહે. આવી મારી પુત્રીને પુત્ર શો-ભાવ્યું બધુ ઘરસુત્ર કલાં મુજને કરી આપ, મારા માલ પ્રમાણે માપ તાહારી મહેનત માગી લે. રૂડા ઘાટ ઘડીને દે તે ડોશી તે પાસે ઠરી, કરામણ તો નકી કરી. બેઠી ડોશી જ્યાં ઘરમાં નાર, ઘડે ઘાટ બેઠા તે બહાર રૂપુ નવ ચોરાયું રેખ, બેઠી ડોશી નજરે દેખ. સોની કેરો એ બનાવ ચોરે નહિ તો આવે તાવ; ચોરે નહીતો થાય ચિતભર્મ એ સોનીના કુળનો ધર્મ તસ્કાર જાત સોનીની ઘણી કોકિલથી એ બમણી ભણી; સોની શા છે જેનું નામ, કરે ઝાઝાં તસ્કરનાં કામ, ન ગણે બ્રહ્મણ ન ગણે ભાટ. ન જુવે માત ભગનીનો ખાટ ન ઓ-ળખે અધર્મ કે ધર્મ, નહિ સોનીને નયણે શર્મ પ્રથમ તો સહુ કોનું હરે, વળતો ખાય કે પુન્યજ કરે એ સોનીના કુળનો ધર્મ, કરે અહરનીશ એવાં કર્મ. (છપ્પો) વણિક જા-તનો ચોર લે મરડી ડાંડીને; કૃષી જાત પણ ચોર, લે ખોટ માંડીને કીશબ ચોર કોટીધા, અપરમપાર અપાર છે એ દિવસે બહુ દેખતાં, પણ સાચો સોનાર છે (દોહરો) જગન-નાથની આંગળી, કાપી લીધી કાય જગતમાં એ જાણવો. તસ્કર સહુનો રાય. ડોશીને કહે ડાહ્યો થઇ, સાંભળ મારી વાત બેસો ઘરમાં ઘરૂણી કને કહો વિગતની વાત ઉંઘ આવે ત-મને ઘણી, વાંસો ફાટે વરત. ઓરડામાં નારી એકલી, ત્યાં બેસાડી તરત, ચિત રૂપુ ચોરવા તણું, મોકલી મંદીર માંહ, વાતો કરવા વિનતા ગઇ, તરૂણી બેઠી તાંય અરસપરસ અધિક કરી વિગત કેરી વાત એક ઘડી ધીરે નહી, એતો મહા ઉત્પાત જન્મતણી જરાતણી, પ્રીછની સઘણી પેર ખાવું પીવું ખેલવું, પણ બંધનમાં વેર; ડોશી કહે દુઃખ નવ ધરો, લાભ તણું જશ લેઉ બંધીઆને બાંધીયાં તે મુકાવી દેઉ. રાત પડી રૂપાતણી, કલ્લાં કોડે કીધ. ચાર ગદીઆણા ચોરીને, ડોશી કરમાં દીધ. ડોશી કહે સુણ દીકરા, વાત કહું એક સાચ સોનું ઘરમાં મેં સાંટિયું, ગદિયાણા સેં પાંચ. તેના ઘાટ ઘડાવવા; આભુષણ રૂડા અંગ; ધિરતાં મન નથી ચાલતુ તો ક્યમ રહે એ રંગ. ઘરમાં માલ બીજો ઘણો ભરયો પટારો પેર તે સુનો ક્યમ મુકીએ માણસ નહી મુજ ઘેર, સોની કહે માતા સુણો હું નહી કમનો ઠાઠ આભુષણ ઓપાવતાં દિવસ થશેજી આઠ. ત્યાં સુધી મુજ મંદીરે, રમો જમો ગુણ ગાઓ ઘરેણું ઘડી આપીએ જરૂર લેઇને જાઓ. પટારે ભારે ભેદ છે તે મુકો મારે શીશ અમો નહી ઉઘાડીએ તુજ મુજ વચ્ચે ઇશ. રામ દવાઇ દશ વરાં સુર્ય ચંદ્રની શાખ્ય; પેટી નહી ઉઘાડીએ કાલજકુ સ્થિર રાખ્ય, તરૂણિ કહે તું આવજે. પરમ દહાડે પ્રભાત કો આગળ રખે કરે એ વિસ્તારી વાત. (ચોપાઈ) રીઝે ભક્ત દેખી શ્રી રામ રીઝે લોભી દેખી દામ; રીઝે છે નેસ્તી વીને આ-ળસે રીઝે વિપ્ર દેખી લાડવે રીઝે પંડીત દેખી પાઠ રીઝે ઢગ ઢાંઇ દેખી ઢાઢ રીઝે ...

દેખી ગરથ રીઝે જેને જેવો ગરથ રીઝે કાષ્ટ દેખી સુતાર રીઝે ડાકણુ લે ઉતાર. રીઝે ખાતર પાડી ચોર કળા માંડતાં રીઝે મોર રીઝે કવિતા કરતો કવી રીઝે વાત સુણતી નવી જુવતી દેખી રીઝે જાર સોનું દેખી રીઝે સોનાર દઈ દીલાસો ડોશી ગઇ તે પોતાને કામે થઇ એક પાડોશી પોતાતણો દંડ હરામી ડાક્ષો ઘણો. તે સંગાથે મેલ્યો ઠાક રેહેજો પટારે દિન આઠ; ખવરાવું પીવરાવું ઘણું. તોલ દેખાડુ તરૂણી તણું નહી આવવા દઉ ઉની આંચ. સમ ખાધાથી માન્યું સાચ; પરભાત સમે સોની ઉઠીયો ગજ બંધનથી જેમ છુટીયો, આવ્યો બાઇ તણે બારણે કુડે હેમ લેવા કારણે મૂક્યો પાઠ અંગોચર ઠાર સોની બેઠો તેણીવાર ડોશીને સમજાવી પેર માથે મુકી લાવ્યો ઘેર કહી ઘરમાં નારીને વાત જોજો એક કરશો ખાત પટારા પાસે બેશી રહો કામકાજ તે મુજને કહો કરવા માંડયું સોનીએ કામ તેનું કોઇ ન જાણે નામ કાચુકોરૂં સુખડુ ખાય પાણી એડાં એડાં પાય સોની ઘાટ પોતાનો ઘડે જાણે સોનું રૂપુ જડે પેટી ઉઘાડતાં શાની વાર કાઢયો જુવતીએ તે જાર રાતો તાતો માતો ઘણું રૂદય રીઝ્યું તે રામાતણું ખાય પીયેને જુબી કરે એક એકને દેખી દીલ ઠરે આઠ દીવસમાં આઠે યામ અહર નિશાએ કીધું કામ સોની બહાર અગાસે સુવે જાર બેઠા જુવતિને જુએ રમે રમત સારાં સોગડાં સુવે સેજ આપે એકઠા એકે વાતની ન રહી નુન્ય કોઇ જનમનું પ્રગટયું પુન ઓને જોબન છે ભરપુરનરનાં જોગથી વાધ્યું નુર ૭૨ દોહરા) આઠમે દીન અરણોદય બોલ્યો શુભ સોનાર બઇ પોચાડી દેઉ હું મૂકો મુજ શીર ભાર. આ ઘરેણું તારૂં આ સહુ તારો માલ આપ મજુરી માહરી તો તે કીધાં નાહાલ બેઉ જણીએ બળ કરી મુકયો સોની શીશ ડોશીને ઘેર લાવીયો આપ ઊગમતે દીશ તાળામાં ઘાલી તારૂણી પરદેશી શુભ પ્રીત સોની કાઇ જાણે નહી રામા કેરી રીત પાછળ ખુણે પછીતિયે સહુથી છાનો છેક ઉતર્યો એકાંતમાં શામા સોની એક ઉતાર્યો અવનીપર અથડાયો અપાર વાગ્યું તે થઇ વેદના અરે કીધું એકવાર તે સોનીયે સાંભળ્યું પડી મન મધે ભ્રાંત ઉતાવળો થઇ આવીયો આપ ઘેર એકાંત. સાચુ કહેરે સુંદરી મન માન્યાં દેઉ માન પટારે કુણ બોલીયું મેં સાંભળ્યું કાન સાદ કોનો મેં સાંભળ્યો અરે કહ્યું તેં આજ મારા સમ સાચુ કહો લેશ ધરે માં લાજ. આમે મે તો જાણીયો કોઇક પુરૂષ પ્રચંડ જુઠું બોલે જાણજો દેશું તુજને દંડ વાંક ગુનો, બક્ષુ તુને, સાચી બોલે વાત નહી તો હું હાથે હણું, છેદુ કાનને નાક. ૮૭ (ચોપાઇ) ધણીયાણી કહે સાંભળ ધણી, વાત કહુ તુજશી ઘણી; તાળામાં મુને ઘાલી જતા, રળીયાત તમારા મનમાં થતા મરદામી તો ઘણી ભાખતા, અહંકાર રૂદે રાખતા કેટલીક વાત કહી કરજોડ વળી તમસું પાડી હોડ. રાખી તમારી નહી રહું, સત વચન એ સાચુ કહું. તમ પાસે તેડાવું જાર, તમ પાસે ઉપડાવું ભાર; સેજય તે તમારી પાથરે તમને સુવાર સાથરે; તોએ તમેં ન માની વાત અધિર ઘણુ તમારી જાત, કશુ તે થવાય એવાં શજે તેડાવજો કે તમે જજો તેતો મેં રાખ્યો કાયદો ડોસી સાથે કર્યો વાયદો. શીશ પટારો તું લાવીયો તેમાં કોઇ પુરૂષ આવીયો મહા પ્રચંડ તે નૃપનું નુર સાચો નર સંગ્રામે સુર મનોહર સહુને અચરજ આડે કામવાસના પુરી પડે તારા લોભે તુ ચુકીયો સેજ સમીપે તે મુકીયો તે નરને મેં કાઢયો બહાર થયાં એકઠાં નરને નાર તે ભેગી હું બેશી જમી આઠ દિવસ હું રંગે રમી શુભ પ્રકાર મળ્યો સંજોગ મેં ભોગવીયા રૂડા ભોગ સાત દિવસ રમાંતાં મહીન પુરવ જનમનું પ્રગટયું પુન તું ઘડતો તારા ધ્યાનમાં અમે તો અમારા તાનમાં થયા આઠ કરતાં દીસ તમો પટારો લીધો શીશ. ઘર સુધી પોચાડયો તમો એતો સાચુ બોલ્યાં અમો વચન કહ્યું તેતો વેદ એ વાતે નહી ભ્રાંતિ ભેદ.

(દોહરા) સાચુ માન્યું સોનિએ. કરમાં પ્રગ્રો કટાર મારવા માંડી આપથી ભામનીને ભરથાર શાબાશ શાબાશ સલક્ષણી શું બોલી મુજ સાથ ન હોય કદિ રાંકડો જોજે મારા હાથ શીશ છેદુ નહી તાહરૂં તો અંગનાની આયુષ, મારે મોઢે માનીસુ વીપરીત બોલી વાક્ય. કહેતાં તો કહેવાઇ ગયુ વિત્યુ તે વરત સવળાનું અવળુ થયું માથે આવ્યુ મરત. પોપટ કહે પ્રભાવતી ચતુરા ચતુર સુજાણ કેઇ રીતે સાચી પડે શી રીતે બચે પ્રાણ, એ રામા શીરીતે ઉગરે શી વીસ્તારે વાત કયમ અવળુ સવળુ પડે કયમ કરતો રહે ઘાત કરતાં પાપ તો સેહેજ છે ભોગવતાં બહુ ભાંત. જો જાણો તો કહો મુને આપણુ છુ એકાંત, કહાડી કટારી કંથડે અંત નથી કાંઈ ભેદ અક્કલ હોય તો ઉગરે વિદ્યા વીજારી વેદ સારી પેર શીખનું ભાગ્યુ તમારો ભેદ એક વીદ્યા કીધી અબી રામા ચરીત્રની રીત પતિ પાગ્ય પડાવીઓ પુર્ણ આણી પ્રીત રામાએ ત્યાં કેળવી, વીજારીની રીત મુકાવી તાળા કુંચીઓ મુકયાં ઉઘાડાં દ્વાર કર જોડાવ્યા કંથને ભામનીયે રાખ્યો ભાર. પાયે લાગી પ્રભાવતી, શીખવ વીદ્યા એહ પછે કામ એવાં કરૂં દુધે વુઠે મેહ.

(ચોપાઇ) શુક કહે સુણ વનીતા વાત રામા ઘેર રહો એક રાત વિનતાને મન વાણી વશી હેત પ્રિત ઘણેથી હશી શુક કહે સાંભળ કામની ભોળી થઇ ગઈ તે ભામની મારે કંથ કટારી જેમ ભલે ભસે મુખ બોલી તેમ વાત દુઃખની મનમાં વશી ખડ ખડ ખડ હેતેથી હશી તાળી આપી સ્વામી સાથ હેત પ્રીતથી ઝાલ્યો હાથ કેવા તમને છેતરી લીધ કેવી વાત બનાવી કીધ મુરખ સાચુ માન્યું તમો એવાં કામ કેમ કરીએ અમો કંઠે વાહયો હેતેથી હાથ શામા બોલી સ્વામી સાથ અરે મુર્ખ કેમ મારે મુને મૃત્યુથી ઉગારયો તુને તુજ ઉપર કોપ્યાતા દૈવ જરૂરપણે જાતોતો જીવ તેતો જાલમ હુતો જક્ષ તુજને કરતો તો ભક્ષ. તે કહે સોનીનું ભક્ષણ કરૂ વળતો હુતો તુજને વરૂ રાણી કરીને રાખુ ઘેર પાપી એવી કરતો પેર. મેં જાણ્યુ એ નીશ્ચય હણે પાપ પુન્ય રૂહે નહી ગણે મેં તે સાથે પ્રીત કરી ઘાલ્યો પટારે છેતરી. પ્રથમ પટારે પેસો તમો વળની સંભોગ કરશું અમો લોભાણો પેઠો તે માંહ મેંતો તાળુ દીધું ત્યાંહ મુવો હશે કે વળતો મરે આપણુને પાપી શું કરે પેટી સાથે એ આવીયો તું તારે માંથે લાવીયો. ૧૧૭ (દોહરા) સોનાને સમજાવીયો વાત કરીને વેદ એટલે આવી ડોસલી ભાગવા મનનો ભેદ. સોની તું શાણો ઘણો. કુડી તારી કામ્ય મુજ ઘેર મડદુ મુકીયુ તેનું તે શું નામ. પુરૂષ કોણ. પટારીએ મારી ઘાલ્યો મુઢ મુક્યો મંદીર માહરે પ્રાક્રમ કીધુ પ્રૌઢ. રાય રંક કે રાજવી શાહ સુબો સુલતાન એતો કહેછે દક્ષ છું એનું તે શું નામ એક ઘડીમાં જીવતો દેખું એનો દેહ પળ એકે મડદું થઇ પડયો રહે છે તેહ સાચું માન્યું સોનીએ જાણુશે બધુ ગામ શુળી દેશે દેશ પની થાશે વીપરીત કામ. સાચુ માની સર્વથી, ઓને લાગ્યો પાય દામ આપ્યો કાં ડોશીને બોલવીએની આંચ, ડોસી કહે શુણ દીકરા મેં કીધું પૂરણ કામ; ભૂમિ ખણીને દાટતાં, વીપરીત થયું તે ઠામ; ભડ ભડ ભડ ભડકો થયો ઉડી ગયો આકાશ એતો કોતર કારમું, કરત આપણો નાશ ૧૨૬ (ચોપાઈ) કદાચ જો રહેતો જક્ષ, તો આપણુને કરતો ભક્ષ; અરે બાઇ એ ભાવટ ગઇ, કહે સોની મુજ શાતા થઇ. તમો પ્રાણ તણા આધાર, તમો હૈડાના હાર, નારીને બહુ દીધાં માન, હાજર કીધાં ફોફળ પાન આખરપણું તે નરનું ગયુ, કારજ તે નારીનું થયું; આણી ચુકયો શું પ્રાજ્ઞ હરે, સખય મનનો મનમાં ઠરે. ૧૨૯ (દોહરા) સોની જાત શાણો ઘણું, મુરખ કરયો

પરવરી પોપટ પાંજરે બોલ્યો શુક શુભ વાત; ભલે પધારો પ્રભાવતી સાંભળો મુજ એક વાત આમાજી શીદ જાઓછો સજીને રૂડા સોળ અંગે કીધા અધિક મુખ ભરીયાં તંબોળ શુક કહું તુજને શું કહું જાઉ જારીએ જોર શીખવી વિધી સર્વ તે અકળ કળા અંકોર ભલે પધારો ભામની પુરણ આણી પ્રેમ સૂભગા જેમ પૃથીરાજયની. તમે કરજોજી તેમ કોણ જાણે કોઇ દેખશે લે કોઇક જન કેડ શુભ વિદ્યા સમજાવીએ જાર વિદ્યાના જેડ. પગખેંચી રહી પ્રેમદા કોણ હતો પૃથીરાજ કોણ એ સુભગા સુંદર કેવાં કાજ. નીત કરતીતી તેમ કરયું બીને વસતરેં ભાત, આસન છો ઉપર કરયુ આપે થઈ એકાંત કહે છે શુક સારી કથા. કામની સુણે કાન પવિત્ર કથા પૃથુરાજની રાણી ગઇ જે રાન (ચોપાઈ) ધારાનગર ધરમી શુભ ગામ પૃથુરાજ રાજાનું નામ ભોજતણો એ છે પુત્ર. શોભિત રૂડુ છે ઘરસૂત્ર. ૧૬ શુભ શુભગા સુંદરીનુ નામ. રૂપે રૂડી કોટીક કામ, અષ્ટાદશ વિદ્યા તે ભણી, ગુણ સઘળાએ ગૌરવ ભણી જાર વિદ્યા કેરૂ મન થાય, રાજ મેહેલથી નવ જવાય આકુળ વ્યાકુળ તેતો થઇ એક દિવસ જારીએ ગઇ તે તો તુજને કહુ વિસ્તાર વિજાર વિદ્યાથી પામી પાર એક દીવસ રાણી માળીએ બેઠી જોબ કરે જારીએ વેણુજ કરે છે ગાન પ્રીતેથી ચાવ્યાં છે પાન એટલે એક જોગી અદભૂત. અંગે બાંધે ભરી વિભુત અધિક શોભા તે દામે હવી કાયા કારમી નઉતમ નવી માગવા મધુગરી આપે અડયો પ્રેમદા કેરી દ્રષ્ટ પડયો. મોહ પામીને વાગ્યું બાણ, પરવશ પડયો રાણીનો પ્રાણ છેક વાત છોધ્છી ગ્યાનીએ; પ્રેમદાની બુધી પાનીએ પંડિતની મુરખપે જાય. ધનવંતી ગરીબસુ ખાય, ઉંચની નારી નીચપે રમે, ગુણી જનનીને તીરગુણ ગમે સો વરસની તોડે પ્રીત, રામામાં છે અવળી રીત, વાટે જાતાં પ્રીતિ કરે, પારકુ મન ક્ષણમાં હરે. કેટલાક અવગુણ કહીએ ઘણા, અવનીમાં આજ તરૂણી તણા, જેટલુ છે સાગરમાં નીર, એટલા અવગુણ તરૂણિના તીર. રાજાની રાણી માણે રાંક, એતો નિસ્ચે આડો આંક તે રાણીએ દીઠો જન, વિવહળ થયુ માનનીનુ મન. ઘણાં વાનાં કરી તેડીઓ, છેલી પોતાની મેડીઓ. આસના વાસના કીધી કોડ, કામની ઉભી રહી કરજોડ, ખાન પાન મૂક્યાં પકવાંન, માનનીએ માંગ્યું વિરજ દાન હાવ ભાવ કટાક્ષજ કીધ, તન મન ધન પોતે ચોરી લીધ. તે શીધ તો; સમજ્યો છે પેર, હું ક્યાં આવ્યો એને ઘેર, જપ તપ મારૂ મિથ્યા થશે, દેહની હાણ હસારત હશે. બેઠો તેતો તે ઉઠીયો, જાણે કો મદગર છુટીઓ હેતે નારી ઝાલો હાથ, સ્નેહ કરવા માંડો તે સાથ (દોહરો) સીદ્ધ કહે ચામાં સણો રાણી રીધનું રૂપ. તારો કથ કોડામણો, બારે નગરનો ભુપ. તેની લજ્યા ન લોપીએ, કરીએ ન કુડુ કરમ. અમો સીદ્ધ સલક્ષણા, આદરૂ નહી અધરમ, ગરજ હોય જો તાહરે, કામ હોય તો કહાવ્ય, નદી પાર રણમાં રહુ. મારી મહુલીએ આવ્ય. અદ જોજન એ ઠામ છે વાડા ચોવટે વાટ, ઘણું ગાંધર્વ મશાણ છે, ઘર હમારો ઘાટ. ત્યાં આવે તેને મળુ. વાતો કરીએ વેદ, કામ હોય તો કહેજે મુને, ભાગીશ તેનો ભેદ. સંતોશી તે સીદ્ધ ગયો, મોહ્યું રાણીનુ મન; આ વેળા અરપણ કરૂં, તન મન સહી તે ધન. રાજા બેઠા રીઝમાં, ફરે છત્ર ત્યાં શીશ, નાટારંભ નવ રંગની, દીલ ચાહ્ય તે દીશ હવી કવીત કથા કહે. પંડીત વાંચે પાઠ. જોશી જુગતે ઓચરે, થઇ રહયો છે ઠાઠ અધિક નામે અપસરા ગાગન પામે માન, રાગ વરણ ને રાગણી. ત્રીવીધ મેળા તાન એટલે આવ્યો તે સમે, નઉતમ સોદાગર નીર, ચાર લાખ મોહોરો તણું ચાતુર લાવ્યો ચીર. કીમત કરાવી કોદીધા, આપ્યા ગણીને દામ, ભેઠ લાવ્યા તે ભૂપને, કામનીકરે ઠામ. ૪૧

(ચોપાઇ) રંગ મોહેલે રાજા આવીઓ, લાખેણુ ચીર લાવીઓ. ગગીના સુખ આ... [illegible] પરમ આનંદ [illegible]

ધણી. હું તો છું તમારો દાસ પ્રીછે તે આવો મુજ પાસ. તું કહે કર્યુંકાજ કરૂં, પલક એક તો
નહી પરહરૂં. જુગત કરીને ભોજન જમ્યાં, રમત ઘડી બે ચારેક રમ્યાં, ભરનીંદ થયો ભર-
તાર, કરયો વીચાર નમેરી નાર. એતો ચીર પેહેરૂ જાહરે, મળે સીદ્ધ મુજને તાહરે, સીદ્ધ
વિના હું જીવ કયમ ધરૂં. આત્માઘાત કરીને મરૂં. ઘડી એક વરસ સોની થાય છે, જોગી વી-
જોગ ઘડો જાય છે. પાળો પલકે પથે પળુ; મધ્યરાત પેહેલી જઇ મળુ જાવા કાજે થઇ
તઇયાર, લીધી ઢાલ કમરમાં કટાર માન્યનીએ મન મનસા ધરી, હેત થકી હેઠી ઉતરી
જળ પ્રવાહ નદીએ જાણીઓ, માનનીએ લીધો માણીઓ. સૂરપુર દઢ ધીરજ થઇ. ગુણ-
વંતી મહવરમાં ગઇ ઝબકીને રાજા જાગીઓ, મન માંહે બીવા લાગીઓ. થનાર વસ્તુ તે
શી થાય છે, જાઉં જુવતી એ કયાં જાય ઘણી રાત અંધારી ઘોર, વાટે વાઘ ને મળશે
ચોર. આભુષણ પાંચ કરોડ તણાં, વસ્ત્ર છે અમૂલક ઘણાં સુકોમળ જુવતીની જાત, કાળ અં-
ધારી આઝમ રાત, કામની જાય છે કારણ કીએ, બીહામણી રાતે નવ બીહે. રાજાએ કર
આયુદ્ધ ધરયાં પ્રેમદા પુઠે પરીઆણુજ કરયાં લગભગ લગભગ આવ્યાં બહાર. આગળ પા-
છળ નરને નારઃ માનની મન સાથે માણુતી પુઠે પુરૂષ નથી જાણુતી તેને મન છે મોટી
મામ કામ વાસના સીધ શું કામ નારી જાતે નીચ સ્વભાવ એહ બન્યો તે ઠામ બનાવ. ૫૪
(દોહરા) ચાલી ચતુરા ચમકતી માનની મોટમ મેર; એટલે મળીયો મારગે શારદુલ સ-
વાયો શેર. નોતમ વાઘ નવ હાથનો મુછ પુછ કરતો કરોધ; પોકાર કરી પુઠે થયો જે
જોરાવર જોધ. મુછ મરડી કરડી દંતને પુકવા દે મારી ફાળ; જોરાવર જમ દુતથી કૃતાંત
સરીખો કાળ જેની જવાળા અગ્નિની પ્રલય કાળની આંચ ધાયો તે ધરણીપતી સીંહરૂપી તે
સાંચ. હાં હાં કહીને હાંકીયો કાઢયો કમર કટાર; પાપીને પ્રાજે કરયો તે નર હણ્યો તે નાર. કાઢી
નાખ્યો કરકને મારયો તે મહેરાણ; વાઘ વીડારી નીસરી ચતુરા ચતુર સુજાણ. તે રાજા
દ્રષ્ટે જુવે નારી કેરા કેણ; એ સામા મુજને હણે જો વદુ વદનથી વેણ માન્યના ચાલી
મલપતી નદીએ દીઠું નીર; ગાજે ઘોર ગંભીર ધન, તરૂણી ઉભી તીર હીમત મેલે નવ સરે
લાલચ લોભ લગ; મેલાં વસ્ત્ર તે માણુમાં નારી થઈ નગ્ન પાછળથી પોત્યો પતી ગાજે રાત
ઘનઘોર; એટલે મળીયા વાટમાં ચાર ચોધણા ચોર બાંધ્યાં હથીયાર બાદુર જસા બીડયા
ભાથા અંગ, ઘેરી લીધી ચારે જણે, શામા કેરે સંગ જુવતી કહે જોઇ આવશો, કામની સાથ
કલેશ; એક એક કર બાણેથી શીવલોક પમાડયા સોળ એકે તીરે એક જણ, મારી નાંખ્યા
મુઢ; પાછળથી પતિ જુવે; પ્રાક્રમ કીધું પ્રઉઢ પ્રીતે પ્રેમદા પરવરી, ધારણ શાખી ધુત,
બહુ રૂપી બીહામણાં. બારે મળીયાં ભુત ઉઠે ભડકા અગ્નિતણા થાયે લોપ અલોપ, દંત દાઢો
કકડાવતાં, આવ્યાં કરતાં કોપ; કેટલાંને તો કર નહી. કેટલાને તો હાથ; કેટલાંને મસ્તક
તારૂં નીરમળ નામ. લેવા લાગુ આવી નથી, આવી કરવા કામ તારૂં દુખ છે ટાળવું, તારા છે ઉચાટ; તારૂં સંકટ કાપવા, આવીછું એ માટ કોટી લક્ષ વસા કહું, તારે પડવું નરક; જમ યાતના દોહલી. ઘણું તિવર એ ગરક, એ દુખ તારૂં ટાળવા, આવીછું એકાંત; પ્રતીજ્ઞા પોતે કરો, તો તો ભાગ્ય ભ્રાંત અચરજ પામી અતી ઘણું, પ્રીતે પ્રણમી પાય, જાણી જમની જાતના, કહેરે માળસ માય, પ્રતિજ્ઞા પાંચે પ્રકારની, કરાવી કામના કેણ; વળતી વાત બ્રાહ્મણ તણી કહ્યાં વિસ્તારી વેણ. આવ્યો તારે ‘ ારણે દીઠાં તમને કષ્ટ; બાણ વાગ્યાં તુજ નેણનાં કાયામાં પામે કષ્ટ. ઇદ્રકુ ધીરજ નવ રહ્યું, કરી પ્રતિજ્ઞા વરત; જુવાંત મળે તો જીવીએ, આવ્યું માથે મરત, તેહ વાત જાણી અમો, મરશે પંડિત રાય; તો ગુણવંતી તુજને, માથે હત્યા થાય, સમ ખાઇ સંતોખીઓ, અધીકી દીધી આશ, ખબર કહેવાને કારણે, આવીછું તુજ પાસ. થોડામાં કહુંછું ઘણું છાજી ચતુર સુજાણ; જીવે તુને મળ્યાં થકી. નહીતર છાડે પ્રાણ. કરજોડી કહે કામની, જાણું મારા કથ; કાન નાક અળગાં કરે, ચતુર વિચારો ચંત. કારભાર જાતા રહે. જાય જસરૂપો જોર; રૂપ રંગ જાતુ રહે, જાય ટેકનો તોર. માળણ કહે મહાદેવજી, રાખો રૂડી રીત; પરમ પુન્યને કારણે, કરો પંડીતશું પ્રીત. હું કહુ તમ તેમ કરો, પ્રીત રીતની પેર; પીયરનું નામ લઇ પરવરો, ઘણા હેતથા ઘેર, સાસરેથી એમ કહી જજો, પીયર રહીશું રાત; પાતા ઘેર વાસો રહી, આવીશુ પ્રભાત. પીયરથી કહેજો જાઉં છું. હું તો મારે ઘેર, માળણ કહે મુજ મંદીરે કરી આવા એ પેર. વીપ્રને કરીશું વાયદો રૂડા રાખી લાગ; શામ દામ બહુ કરી, નહી લાગે તુજ ડાઘ સવારે જાજો સાસરે, કોઇ ન જાણે વાત. સાસુ સસરો સાસરે પીયર માતને તાત. એમ કહ્યું તે માલણી દેઇ ઝાઝાં માન. એટલું જો કહ્યું કરો, દાધુ જીવતદાન, કરી વાયદો તે વળી હા કહેવરાવી હેત; વળતું ત્યાં શું નીપન્યું ચતુરા ચાતમા ચેત પૂરણ વાયદો પુનમે, કામની સાથે કીધ, તેડી લાવો તે વીપ્રને, કોલ પોતાનો દીધ. કાહી જાત જુવતી સહુ. માલણ તેમાં હદ; કોઇથી કામ થાયે નહી, શોભાવે તે સદ; ચતુરાએ ચતાવીઓ, રાતે આવજો આજ; કલોલથી ક્રીડા કરો, લેશ ધરો માં લાજ. ચારઘડી રાતે ચેતજો લાવજો અમૃત આહાર; સુખસાગરમાં ઝીલજો, અપરમપાર અપાર; પુરણ હરશ મન પ્રગટીયા નાગ્ય વાત નીરમાણ માલણને મંદીર ગઇ, સાંજ વેળા સુજાણ હાવભાવ કટાક્ષના; હાંચ હાંચોળા ખાટ; પાન ચાવે દરપણ જુવે નીરખે વીપ્રની વાટ. પ્રેમદા જેવી પદમની, મોહની મોહન રૂપ, જોબનવતી જર જોરથી; ભામની ભારે ભુપ. તે સ્થાનક કઉતક થયું, તેહ વીખાણું વાત; માનની ગઇ માલણ ઘેર; એક જામ ગઇ રાત બ્રાહ્મણ ભીક્ષા કારણે, ગયો હું તો કહી ઘાટ; એટલે પોતાની નાતના, વીપ્ર જતાતા વાટ કહો ભાઇ ક્યા જાઓછો શીદ માગોછો માન ધશમશા ક્યાં જાઓછો, કોનાં લેવાં છે દાન. પુછેછે શું પંડીતા, રાજદ્વાર જે ઠોર; ગ્રહણ દીવસ છે આજને, આપે સોનામો’ર. ભણીગણીને ભાવથી, ભલા ભલેરા ભૂપ; મળી ત્યાં ઝાઝી મેહની રૂડા રૂપી જે રૂપ લોભી વીપ્ર લોભે પડયો; લોભે લક્ષણ જાય; લોભે તે લેવા ગયો, ધનને કારણ ધાય, મો’ર આપે છે મહીપતી, આપવા માંડી આથ; વીસહજાર ત્યાં વીપ્ર છે, શોભા દીઠી સઘ આપનાર અકળાઇ ગયા, દીધુ રૂડે દન ત્યાંય અરૂણોદય સહુને આપશું, ઘાલ્યા તાળા માંય, ડોશી ડેરા દીકરો. દેહેરા માંહે દીધ. માલણ ઘેર રહી ભામની, કામ તેણે શું કીધુ સવાપો’ર નીશા ગઇ, વીનતા જુવે છે વાટ; મુજ માટે મરતો હતો નાગ્યો તે શા માટ. માલણ આગળ મનતણી, કહી વીનતાએ વાત પુરૂષ વીના કયમ પરહરી, જાય આ રીતે રાત હાય હેમ આદર કરી, લાયક પુરૂષ કો લાવ, તે સાથે રજની રહું, એહ

પડીમાં આવ્યા મોકલી તેણે માનની લેઇને તેની કેડ, તંબોળીને હાટથી, તરૂણ પુરૂષ ગુ તેડ, વાંકો ને વરણાગીયો, ચંચળ ચાતુર ચેન, ભાગ્યશાળી ભુપ સમો, ઉપમા અધીકી એન ચાલી ચતુરા ચમકતી, તંબોળીના દુકાન પોતાને ઘેર પ્રેમદા. પતી તેનો લે પાન; તેણે તેને નવ ઓળખ્યો ચાતુર દીઠો ચંત પુરૂષ સમીપે પરવરી માલણ પ્રૌઢે પંચ બાંહ ઝાલી બોલાવીયો. કરી પરાણે પ્રીત; મંદીર આવ તુ માહરે રમવા રૂડી રીત. જનમ સંબંધ જોઈ નથી, નહી શુણી હોય કાન; તે ભોગવાવું ભાગ્યની મન સાથે તે માન પુરૂષ કહે સુણ પ્રેમદા, અમો શાહુકાર સુજાણ; કપટ કરે કદાચ તું તો તો પરઠે પ્રાણ જાણે પીતા જો માહરો જાણે નગરનો રાય; તો તો જાન જર જોઅને, હાણ્ય હસારત થાય. કોલ દીધા તે કામની, સમધા ખાધા સમ; વચન વનીતાએ આપીઉ, કહો માને નહી કયમ. (ચોપાઈ) માળણના મંદીરમાં ખાટ, વીનતા બેઠી જુવે વાટ; કોઇ પુરૂષ આવે જો આંહે મોજ કરૂં હું મંદીર માહે. એમ વીચાર કરે જેટલે, તેહ પુરૂષ આવ્યો તેટલે; માળણ તો ઓળખતી નથી. તેનો સ્વામી લાવી સરવથી, જો જો કરમતણી એ રતી પરસાટે આવ્યો નીજપતી દીપક જોત છે ઝાકઝમાળ, ભલા તીલક શોભે છે ભાળ રંગ તણો થયો છે રોળ; શણગાર અંગે સજ્યા છે સોળ, મુખ બહોળાં તાતાં તંબોળ. છુટા કંદ્રપ કેશ કપોળ માનનીનો માંટી મેડે ચઢયો. અચાનક આવા સેજે અડયો, કુશમતણી સજ્યા પાથરી ભોજન મુક્યાં થાળજ ભરી કસ્તુરીનો કાધો છે લેપ બેક બરાસ ચોપડયા ચેપ; પુષ્પ ચાળી પેહેરી છે અંગ રાખી સાહેલી નહી કો સંગ ૧૨૧ (દોહરા) પોપટ કહે પરભાવતી કામ્યની કેરો કંથ જુવતી જાર કરવા ગઇ ચતુર વીચારો ચંત શામા લાજ કયમ રાખશે, કયમ પતી લાગશે પાય; કયમ સતી શામા થશે, જાણો તો કહો જાગ કરતાં તો સહુને સેહેલ છે, ભોગવતાં માઠુ મરત જાણો તો મુજને કહો મળ બતાવા તરત શુક પ્રત્યે કહે સુંદરી એતો વાત અજાણ; ઉતર એનો નહી જડે; પ્રેમદા ખોશે પ્રાણ મધરાતે માળણ અહ, શાદ આવીતી રંડ, લાજ ગમાવે લક્ષધા, દેશ ઝાંઝા દડ પક્ષી કહે સુણ પ્રેમદા જુવો વીજારી જાત વિજાર વિદ્યા હું શીખવું, રહો આજુની રાત કોલ કાધા તે કામના ઉતાર્યા શણગાર શા નિદ્રાએ ઉગરી. રહયા કેમ એનો ભાર મેડે ચઢયો તે મલપતો કામનીએ દીઠો કથ. આવતો ઓળખ્યો ઘરધણી, ચતુરા ચતી ચત પડયો ધાસકો પેટમા આલાઇ ગઇ તે આપ હવ મુખ કયમ દાખવું; કેવો દઉ જવાબ ઘુઘટ વાળીયો ઓરડી નાચાં ઢાળ્યા નેણ તે આપ સાડ તાણી તીહાં વદન ન બોલ વણ સ્વામી બેઠો સેજપર કરગર આણી કોડ શામા શે નથી બોલતાં જુવતી મારી જોડ માગો મુજ પાસે માન્યની વસ્ત્ર ઘરેણુ ગરથ રમો આ રજની રંગમાં સુખમાં થાઓ સમરથ તેડાવશું દાડી તને ભોગવશુ શુભ ભોગ લાડ લડાવુ લક્ષધા શુભ મળ્યો સંજોગ તાણ્યુ વસ્ત્ર તે નરે સુતો પાસે સેજ, કાલાવાલા કરી કરગરે હેંડ આણી હેજ પાન ચાવોરે પદમની, દેખાડો મુજ મુખ માગો ગમે તે મુજકને ભાગ્ય તારી સુખ રામા આવા રંગમાં રૈસ કરી બહુ રીસ ઉઠી અતી આક્રંદથી ભમર ચઢાવ્યું શીશ માર્યો તમાચો મુખપરે ઘણી મુખ દેતી ગાળ શાબાશ, પુત્ર શાહુકારના આવ્યા કરવા આળ દીન દીન તમને પુછતી, ક્યાં રહો છો રાત, મુજ આગળ મુકરી જતા વીપરીત કહેતા વાત આજ પારખુ તાહરૂં, જોવા કારણ કાલ આવી હું માળણ ઘરે કેડ તમારી લીધ કપટ કરીને તેડીયા આવી પહોંચ્યાં તરત આપઘાત તો હું કરૂ માંથે મારે મરત સસરા સાસુ આગળ વીસ્તારી કહુ વાત પુછો તમારા પુત્રને, કિહાં રહાતા રાત કહું મારા માબાપને કહુ હાકયમ હજુર, આ રીત કેમ બેઠાયે ન રહે મુજમાં નુર. કહું નાત સમસ્તને કહું સહોજર સાથ એમાં અજર કરૂં નહી આવ્યા છો

મુજ હાથ બીનો તે તો આપડો દીઠી પોતાની નાર એવું અચરજ અતી ઘણું, વેદ ઘટે વેવાર. એ નારી નીશ્ચે કહે જાણુશે માતને તાત દંડે દીવાન અહુ લોકડા વીપરીત થાયે વાત નાત બહાર કાઢે સહી માબાપ કહાડે બહાર વેવાર ઘટે વેપારીમાં ન થાય વણુજ વેપાર વાંક નથી વીનતા તણો વડો છે મારો વાંક મુજ અપરાધ ક્ષમા કરો હું છું તારો રાંક. કર જોડયા તે કંથડે પ્રીતે લાગ્યો પાગ સતી શીરોમણી સીધ તું જે જોઇયે તે માગ જાજા ઢાંકે કલંક કુણુ તુજ વીના કુણુ રાખે વેવાર જખ મારી મે લક્ષ્વરાં હું અન્યા આકાર ભલા બાપની દીકરી ક્ષમા કરો મુજ વાંક હું અનઇયો સરવથી તેતો આડે આંક આજ થકી એવું કરૂ બ્રહ્મહત્યાદીક પાપ ખોળે મસ્તક મુકીયે માન્યની કરજે માફ હું અપરાધી તાહરો હું તો શુનેગાર હું મુકુટ શીર માહરે નીર્મળ કુળની નાર પ્રીત ઘણેથી પ્રણુમીયો રીઝવી રામા રં શોભે સ્વામીને સુંદરી શોભીત કીધો સંગ ખાનપાન ભોજન વિવિધ કર્યાં પોતે પ્રકાશ પ્રાત. કાલે પરવર્યા વ્હેલે બેશી વાસ કંથને તો કીંકર કર્યો જેમ મુલ ખરીદી દાસ વિદ્યા એહ વીજાદીની આવડે તો કર આજ નહીતર નરતુ દેખશો લાખેણી ખોશો લાજ શુક કહે સુણુ સુંદરી વિદ્યા વિવેકની વાત કરયો ઓશીયાળો કંથને રંગ રમી ત્યાં રાત ૧૬૯ વાસણુ વંશે અંશપત કઉજી કુળ જસ જીત રખીયલ સુત સુણુ રાજવી પુન્ય પદારથ પ્રીત એહ કથા શુક બોતેરી અખીલ વિદ્યા એ પેર સામળભટ કહે સાંભળો જસવંત નર ઝવેર શ્રીગોંડ માળવી વિપ્ર શુભ વેગનપુરમાં વાસ પીતા પુરૂશોતમતણો કહે કવી સામળદાસ સુત શ્રી વીરેશ્વર તણો નાનાભટનો શોશ ઉપાશક અંબાતણો અહરનીશ પુજે ઇશ શુભ રસના એ સારદા કવી કહે છે કરજોડ; શામળભટ કહે બોલજે જય જય શ્રી રણછોડ નવ કથા નૌતમ વીધી. વાણી વેદ વીલાસ; પીતા પુરૂશોતમ તણો, કહે કવી શામળદાસ.

વારતા ૧૦ મી.

(ચોપાઇ) શ્રીગણુપતિના પુજુ પાય જેથી સફળ મનોરથ થાય સિંદુર શોભીતો શણુગાર, ઉત્તમ મોદક અમૃતહાર. બ્રહ્મતનયા સાચી સરસ્વતી મયા કરી આપો મા મતી; હંસવાહિની જાણુ સુજાણુ, વેણુ પુસ્તક પરઠે પ્રાણુ ૨ દશમે દિવસે દિલ દાખીયું, ચોવિધ ચતુરા ચીત ચાખીયું; બણી ઠણી ભણીને ભેદ, રજમાત્ર ન પામે ખેદ, દશમે દિવસે દીલ દામની, જુવતી ચાલી પડતે જામની; આવી પોપટ પાંજરા તળે અંગ સ્વરૂપ તેવું કુણુ કળે. ૪ સાંભળ શુક સુખર્ણી જાઉછું નગર વિદ્યા રમવા જાઉછું, વાહાણામાં વહેલાં આવજે લાખેણી વાતો લાવજે ભલાં થજે કહી બીડજ પડે, વિજાર વાત જે ચિતમાં ચઢે; સુંદરચંદ શેઠની નારી જેમ; કરવું ઘટે તો કરજે તેમ તેણીએ જેમ કીધુ કામ, નરમે કુંવરી નારીનું નામ; મહા આક્રમ તેણે કીધ, લાખેણો જસ નારિએ લીધ; તેના સરખા કામ કરાવજે, પ્રાતઃસમે વેહેલાં આવજે; રામા પગ ખેંચીને રહી; વાણી જ્યાં પોપટે કહી એ વિદ્યા શિખવને આજ, પછી કરીશુ રૂડુ કાજ; રામા સાંભળવા ત્યાં રહી, પોપટે વાત વિસ્તારી કહી, જયતપુર ગુણવંત ગામ, ભીમસેન નરપતનું નામ; સતવાદી દાતારી દેહ, ધરમરાજ ચલાવે તેહ. ન ખપે લાંચ ન મળે જાર; વણુવાંકે કો નવ દે દંડ; તે રાજા ભોગી છે ઘણો આશક જનાવર પાળ્યા તણો, મહિપતિએ પાળ્યો એક મોર. તે રાજાના ચીતનો ચોર; જીવ થકી એ વહાલો ઘણું, શું વખાણુ કરૂ તે તણું આભુષણુ તેને અંગ અપાર, સોના સાંકળાંના શણુગાર; ઘમકે ઘુઘરી મોતીની માળ, માંડે કળા ચાલે શુભ ચાલ. ઝાંઝરીએ કરે તે જતન, અમુલક હીરા માણેક રતન, માહા મનોહર રૂડુ રૂપ, તન મન ધન જાણે છે ભુપ રમઝમ કરતો રમતો ફરે, દેખી

આંખ સહુકોની ઠરે; રાજાનું મોહ્યું છે મન, મોર દીઠે જમે છે અન્ન માંડે કળા રમતનું કામ, દેખી ધહેલું થાએ ગામ વેવારીયો સુંદરશા વશે. ધરમ મારગ ઉપર તે ધસે લક્ષપતિ સતવાદી જાણુ; વ્યાપારી વીસ ફરે ઘેર વહાણુ, વૈષ્ણવ ધરમ ચતુરાઇ ચાલ જીવ દયા કેરો પ્રતીપાળ. પરનાર સહોદર રૂડી રીત. ઘરમાં સ્ત્રી સાથે પ્રીત, પરણી પ્રેમદા પુરણ પેર, આનંદ કરે પોતાને ઘેર, ચતુરામાં ચતુરાઇ ઘણી, ભુંડી વિદ્યા તેતો ભણી; અવજોગમાં પ્રગટિ તેહ, નીચ વસ્તુ ઉપર નેહ, અસુર બુદ્ધિમાં વળી આપ, પુરવ જનમનું પુરૂ પાપ; હશે અસુર ઉદ્યમ એહનો, નીચ સ્વભાવ પુરો તેહનો, અસુરનું બીજ અસુરની ભ્રાત કોઇક પુન્યે થઇ ઉતમ જાત, એકવાર મોર કળા કારણે, રમતે તે આવ્યો બારણે. કળા દેખીને સમીયા ક. જોવા મળ્યા નગરના લોક ઘડી બે ચારેક રમવા રહયો, કળા સંકેલી ઉડી ગયો. માનનીએ દીઠો તે મોર ચંતનીનું મન થયું છે ચોર, એહ મોરને હેતે હરૂ ભાજી ભુજીને ભક્ષણ કરૂં પાંચમો માસ જાતો તો પેટ નીચ બુદ્ધિ નારી થઇ નેટ. જેવું જમીએ તેવી બુદ્ધિ જેવો આર તેવો ઓડકાર. વશીએ જ્યાં તેવો વેપાર એહ મોર કેમ આવે હાથ, વાત ન થાય એ કોની સાથ. એક દાવ તેનો નવ પડે. ઝાઝં જતન તેને કેમ જડે નારીનુ તો તેમાં મન અડે કરવા વિનાતો કળ નવ પડે નીચ બુદ્ધિને નીચાં કરમ, નીચ સ્વભાવને નીચા ધરમ નીચ કૃતીને નીચો રાંગ, નહી જ્ઞાન રૂડાથી રગ મહા અધરમમાં ચોટું ચીત વસી પક્ષી ઉપર જઇ પ્રીત ૨૮ (દોહારા) એક સમે દેરે ગઇ, તેહ નમેરી નાર મળ્યો વાટમાં મહીપતો તે જુવતીનો જાર આદર કરી ઉભો રહ્યો કરજોડી કહી વાત એક ગાર અમને મળો ચાકર તેજ દીન રાત. જે કહો તે હાજર કરૂં, દેહ જીવ સમેત; તમ ઉપર મન માહરૂ હઇડે છે બહુ હેત. કાલાવાલા કરી કરગરયો હેતે જોડયા હાથ તેહ પુરૂષ પ્રતે પ્રેમદા સ્નેહે બોલી સાચ તે નારીએ જારને અધિક કરી એક અરજ અમો કહીએ તેતો કરો. જો મળવાની ગરજ. મોર પાળેલો મહીપનો, તેને ચોરી લાવ આજ રાતે છું એકલી મુજ મંદીરમાં આવ, સ્વામી મારો વાસો વસે ઉછવ કારણ આજ રાત રમાડુ રંગમાં,લેશ ધરીશ માં લાજ. સાચુ માન્યું તે સાનદે જાતે હું તો ચોર શામ દામ ભેદ કરી લીધો મહીપતનો મોર એક આંખ છે સર્વંને ચોરને આંખે આઠ પક્ષીમાં લીધો પલકમાં ઠરાવ કરીને ઠાઠ વાસે આવ્યો વણીકને માનનીએ દીધાં માન, ભલે પધાર્યા ભુપતી દીધું જીવતદાન મોરને મારી નાંખીયો કીધા કટકા સાત ભામનીયે ભોજન કરયુ, વીપરીત કીધી વાત પાપ પુન્ય તો નવ ગણ્યું ન ગણ્યો ધરમ અધર્મ લાજ મરીયાદ ગણી નહી નહી સત કે શરમ ગણી નહી બીક લોકની, ગણ્યું ન પ્રૌઢુ પાપ નહી ભય પરમેશ્વર તણો છેક નમેરી છાપ રાજાથી બીની નહિ; ભક્ષ કરયો તે મોર રાત રમાડયો રંગમાં ચંતનીએ પેલો ચોર આંમીખ આયોગ્ય અતી ઘણું પાપણીએ પોશુ પેટ અધરમ કામ એ આચરયું નીચ સ્વભાવની નેટ ચોર જે પેલા મોરનો પોઢયો જઇ પલંગ ચાર પોહોર રમ્યા ચાતુરી ગમા સાથે રંગ નારી કહે ના આવશો જાણશે મુજ ભરથાર નાક કાન મારાં કાપશે તુને મારશે ઠાર ત્યારે તસ્કર બોલીઓ જખ મારે તુજ કંથ જઇ ચેતાવું રાયને પરવરૂં હવડાં પંથ લુંટાવુ લક્ષ્મી તાહરી કઢાવું નાતથી બહાર જોરાવરી રાખુ તુને કરૂં હું ઘરની નાર; ઉત્તમ જાત અમીરની કરયાં નીચનાં કામ જો વહાણામાં નિપજે મરાવુ તુજને ઠામ જખ મારે તારો ઘરધણી જખ મારે તું રાંડ જે દહાડે દુભે મને તે દહાડે દેઇશ દંડ [ચોપાઇ] તે સ્ત્રીએ વીચારયું મન એતો બુંડો જારી જન કોઇક દીવસ જાહેર કરે મારો અનરથ એથી નવ સરે દહાડીનું એ પુરૂ કેમ પડે નીચ જાત એ નિશ્ચે નડે; એ જાણે તો જોખમ થાય કંઇ દેશપતિ જે રાય સ્નેહ કરયો તે તસ્કર સાથ હેતે તાણી

લીધી હાથ ભાવ કીધા છે ઘણા એકે વાત ન રાખી ઘણા કોટે વળગી આલિંગન કીધ રિતવીત એનું ચોરી લીધ રમાડયો જમાડયો રૂડી રીત પુરણ દેખાડી તેને પ્રીત કાળજે કટારી મારી તરત તે તસ્કર તો પામ્યો મરત બાંધી ગાંઠડી તેની તીર નાંખ્યો નદીયે વેહેતે નીર કાઢી ભાવઠ કેડે કામની જામ વીતી ચાર જામની એહ વાત અડિયાંથી રહી રાજ-દ્વારમાં શી ગત થઇ (દોહરો) મહિપે મોર ન જોઇયો નાવ્યો ઘેર શા માટ પુછાવ્યું પુર પાછલે વહ્યો એ કેતો વાટ રાજા ભોજન નવ કરે નરપતિ નત્ર પીયે નીર મોર મનોહર ક્યાં ગયો ધ.રણ ન રહે ધીર પડો વજડાવ્યો પુર વીશે કો દે મોરની ભાળ મનમાન્યું એને આપીયે કઇ નીમેશે ન્યાલ આકુળ વ્યાકુળ અતિ ઘણો નરપતિ મનમાં થાય પચાસ નર એક પ્રહરમાં મોર નિરખવા જાય આપું હાથી ઘોડલા આપું અર્થ ને ગર્થ ખબર કહે કોઇ મોરની એ વિણ જીવીત વ્યર્થ દિવસ બે ચારેક વહી ગયા ઠાલા જોયા ઠામ. શાણા સમજુ સર્વછે પુછ્યું બધે ગામ રાજા પાણી નવ પાએ ઝંખે મનમાં મોર કો પગલું પેદા કરે ચિંતવી આપે ચોર પગલું કઢાવ્યું પગી કને હલકારા તે હજુર ન જડી પેર પક્ષી તણી પુરપતિએ ખોયું નુર ઉપાય કરવા અનેકધા ખચીત મળ્યો નહી ચોર ખોળે ખંખોળે નવ જડ્યો મહીપત તણો જે મોર. ૬૪ (ચોપાઇ) મારી મોર ખાધો જેણીએ, નીચ કરમ કીધું તેણીએ; એક માલણી સાથે પ્રીત, રાખે છે તે રૂડી રીત પાખી પીયાની. વાતો કરે મળે એકઠાં તો મન ઠરે ન મળે ત્યારે દુઃખજ થાય દાડા પાખી અન્ન ન ખાય જીવ એકને જુદા દેહ પ્રીતિ જેમ દાદુરને મેહ નિરંતર બેઉ મળે એકઠાં રમે ૧૯ જીપો ને સોગટાં બીજી રમત બહુ રંગે રમે જોડે બેશી તેતો જમે છાની છપની વાતો કરે એક એક દેખી મન ઠરે બે જણ વાત કરે જેટલે ડંડેરો ફરતો આવ્યો તેટલે જે કોઇ મોરની કહેશે ભાળ નરપતી તેને કરશે ન્યાલ લોક કહે શો કોપજ થયો કોણે ગેર મહીપતનો ગ્રહ્યો કોઇએ મારી નાંખ્યો હશે અથવા એને કયમ થયું હશે? જડશે તો તો દેશે લાહાણ ચોર તણા તો લેશે પ્રાણ, ડાહી ચતુર જુવતી જાણીએ પ્રેમદાની બુદ્ધિની પાનીયે વિનતા પેટમાં ન ટકે વાત રૂડી કે ભુંડી જે ખ્યાત, ભુંડા કરમના ભુંડી ભાત એવી તે નારીની જાત. નિચ બુદ્ધિના નિચાં કામ નિચમાં નિચ નારીનું નામ; નિરગુણ નિશક્રી નિરગુણ નેહ ઓછી અકલને દુશમન દેહ. નીચ સ્વભાવને ઝાઝું ખાય જુઠું ખાયને નાગી નાહ; રાજાની સ્ત્રી માણે રંક અકલ ઓછી એ આડે અંક. સ્ત્રીમાં ડહાપણ ગણશે જેહ મુરખનો શીરોમણી તેહ; સ્ત્રી માણસની કરશે પ્રીત મહા મુરખ તે નરની રીત સ્ત્રીના પેટમાં વાત ન રહે. કોઈક વેળાએ કોઇને કહે; માળણ પોતાના મનડા તણી કીધી વાતો છાની ઘણી બેન માળણ સાંભળજો તમો મોર મારી નાંખ્યો તે અમો; ભાવ માંસ એનાનો થયો રાજા જખ મારીને રહ્યો. એમ ઘણી એક વાતો કરી સ્વ મંદીર તે ગઇ સુંદરી માળણ કુતી ભુંડી ભાત પેટમાં તેના ન ટકે વાત સરવ નારી કુડ કારણી અધિકી નાપણને માળણી, કુતી દલાલી જારી કરે નર નારી-નાં મનડાં હરે અધિપતીને મળી એકાંત ભાગી તેના મનની ભ્રાંત; સરવ વાત માંડીને કહી નરપતિ આગળ ડાહી થઇ. ૮૦

(દોહરો) સુંદરશા શેઠની સુંદરી, નરભે કુંવરી નામ; મોર મારીને ભક્ષ કરયો. કુડુ કીધુ કામ; ખોળા ખંખોળા શીદ કરો, સાચુ માનો તર્ત; મન મનોહર મોર જે, સાન્યની પમાડયો મર્ત શેકી રાંધી ભક્ષ કરયો, મારી નાંખ્યો મોર; કરવું ઘટે તે કીજીયે. તે તો તારી ચોર. મહિપત કહે શુણ માળણી, એનો અચરજ આજ, શાહુકાર શેઠાણી શેઠની. કરે કામ કુડ આજ. ઉત્તમ જાત અમિરની વૈષ્ણવ કેરો ધર્મ; આબાડછિથી એમારે. કરે

કયમ કુડુ કર્મ. મારૂ મન માને નહી. સાચુ કયમ માની લેઉ; સાખ્ય પુરાવે સાચની, એને શુળીએ દેઉ, વગર વાંકે દંડુ નહીં, જુઠો નવ તોળુ ન્યાય; પુન્યવંત પૃથ્વીપતી, આચરૂ કયમ અન્યાય, જુઠાં બોલી જુવતિ નમે, કાંઈક હશે તુજ ખર તેટલા માટે તુ કહે. હું કયમ મારૂ માર વિશ્વાસે વાત સાચી પડે, તેનો દેઊ દંડ: નહી તો તુજને મારશુ. પાપણી કરે પાખંડ વૈષ્ણવ જાતનો વાણીયો, નગર રેહીઆ નેટ; તેની નારી મોરનું, માસ ન પેખે પેટ. વેર પરસ્પર તાહરે, કરે માટે અપમાન; સાચુ માનુ સોવસા, કથા સાંભળુ કાન, માળણ કહે શુણ મહિપતી મંદીર તેડી જાઉ; મન માને જેમ તાહરૂ. તે વાતે સમ ખાઉ કહેવરાવું હું તેહને, સાંભળ તારે કાન: સાચુ જુઠુ દાખજે, મન માને તો માન હુતો તમ કાજે કહુ, અબડાઈ મેંગોછો આજ; જાણ્યું તેહ જગુતીએ, કરી પરમારથ કાજ. મહિપતી તેડયો માળણી, આવો ઘરમાં એકાંત; મોડે કેહેવરાવ્યું જો તુંને, ભાગુ તારી ભ્રાંત. અધિપતી રાખ્યો ઓરડે, પોતાને મંદીર પેર; છાનો રાખ્યો છળ કરી. ગુણવંતીએ ઘેર શેઠાણી તેડી સેજમાં. વિવિધ કરવાને વાત. પેલો મોર કયમ મારીઓ; કહે વિસ્તારી વાત. કુણ લાવ્યો કેમ મારીયો, કયમ કીધુ ભોજન; તું કયમ જાર વિદ્યા રમી, કહો તો માને મન. ફલાવી પુછયું કામની, કહ્યાં નારીએ કેણ; રાજા માંદા પડે રહી, શુણે વિનતાના વેણ ચોર સાથે મોર મંગાવીઓ મારગો મેં મારે હાથ; ભોજન કીધુ ભારતુ. સંભોગ કરયો તે સાથ. કટારે કાઢયું કાળજું નાંખી દીધા નર, એવું કામ અમે કરયું. ધારણ રાખી ધીર. મહિપતે માંહેથી સાંભળ્યું, વચન કામનીનું કાન. સાચુ માન્યું શે વસા, માળણ ઉપર માન સંદેહ કોઈ રહયો નહી, ન રહી ભેદ કે ભ્રાંત. પોતાને કાને સુણ્યું, આપ થઇ એકાંત. સ્ત્રીને દેવી શુળીએ, જેમ દેખે બધુ ગામ નિરમળ જાત થઇ નીચનાં કીધાં જેણે કામ, લુંટી લેઉ લક્ષ્મી બધી, દેઉ દેશવટો દંડ જુવો કરમ એવું કરયું, લક્ષ વસા થઈ લાજ, ફટાઉ ચઉટા વિચમાં, મારૂ ઝાઝો માર પરવાર સહી આજે કરૂ, પ્રભાતે કરૂ પ્રહાર. મહિમા વધારૂ માળણ તણો, દેઉ શરપાવ આ દિશ સવારે એ શાહુકારનું ઉતરી નાંખુ શીશ. માન્યુ મોડે માનની. વળતી ગહી શી તુન્ય. હણતાં પાપ શાનું ગણું માફ કરે શું પુન્ય. પોપટ કહે પ્રભાવતી શી થાશે એની પેર સાચી કેમ થાશે સુંદરી કેમ જાશે જીવતી ઘેર. શુકને કહે છે સુંદરી મુરખ તાહરો મેળ રાજા એને મારશે કાઢશે તારૂણી તેલ. લક્ષ્મી એની લુટશે શુળી દેશે તરત કંથ સહિત બધું કુટંબ મહિપત પમાડે મરત શુક કહે સુણ સુંદરી રહે આજુની રાત થામા તુજ ...ને શીખવું એહ વિજારી વાત. મારા વીર કહે મુને એતો અચરજ હોય કાને રાજાએ સ ...ભળ્યું કહો નવ હોય કોય. શુક કહે સુણ સુંદરી વારૂ વાત વિવેક શેઠાણી સમજે ન... હી નારી કેરા નેક. માળણે ચેતાવ્યો મહિપતી પટારે મેહયો પાણ સાંભળજે ભીત ભાટકા ... કહી વિનતાએ વાણ મનમાં ચેતી ગઇ માનની એથી અચરજ હોય પુરૂષ હશી પટ... તરે કળી શકે નહી કોય તે. વેળાને તે ઘડી કરવા વિચારી વેહ મુકરી ગઇ એ માનની ... નાંત ન રાખે ભેદ. સાંભળ સખી સલક્ષણી મેં જાર પમાડયો મર્ત નદી નીરમાં નાંખીયો એટલે ... જાગી તરત. પડયો ધરાશકો પેટમાં બાની ઘટીકા બે ચાર એ સ્વપ્નુ તે શું હશે પુછુ ... ને વિચાર. રૂડુ કે ભુંડુ હશે, હશે પુન્ય કે પાપ સંદેહ મારા મન તણો કહે સઈયર તું ... આપ ઉતમ જાતી આપણી કરું નીચનુ કામ સ્વપોધ્યાય સોધાવિને ભજવું હરીનું નામ વ... તી તો આળસ તજી તનમાં પ્રગટયો તાપ હાય હાય એ શું હશે મોટુ બેઠુ પાપ ? માળણ કહે શમજું કશું એ તો ... ઉતપાત મારા સમ સાચુ કહો વિગત તણી જે વા... ત ... સુધી પાપણી માળણ ... એ સમજ્યું સંભારતાં ... આસ ... વૈષ્ણવ ... કીએ

રૂડાં કર્મ માક્યુને નવ મારીએ મારી એવો ધર્મ જુઠી વાત ન જલ્પીએ સોગટી ન કહુ મારય એ શમણુ માઠું થયુ માનસીક પાપ વિચાર ભુડુ એ મુજને ભજ્યુ નર્મદામાં નહિ ખટ મસવાડા જવ ચરૂ, ત્યારે પાવન થઈશ મોટુ દુખ મહિપતતણું વેઠે છે ભુંડી મુખ; તે દુખે હું દુખણી અતિ દાવાનળ દુખ, મોર માર હું ઝંખતી, વિસરતો નવી વેઠ; ઝંખન એ શમણું થયું ભ્રાંત નથી કાંઈ ભેદ મારૂ ચાલે તો હું મરૂ જડે રાયનો મોર રાત દિવસ ઝંખુ અમો ચંડાળ હશે કોઈ ચોર જેવી હોયે ઝંખના તેવુ શમણું થાય હુતો અન જમતી નહી તો ક્યમ રાજા ખાય રાજા નીસરયો બારણે પ્રોતે બેઠો પાસ પાયે લાગ્યો તે નારને સુંદરી તને શાબાશ ઉત્તમ જાતી તમતણા નીચતણો શો સંગ અવળાનું સવળુ કરે અભડાવે આપણું અંગ ચાડી ખાધીતી તાહરી સ્વપ્નુ સાચુ કીધ થયું મન મુરખ માહરૂ નિશ્ચે માની લીધ મસ્તક મુડણુ માળણુ તણુ છેદ્યા નાકને કાન ખરવાહન કરી ફેરવી કીધુ વરવું વાન મોઢે કેવરાવ્યું માળણે જુઠી થઇ તે જોડ એ હકીકત એહની મુકયો મનનો મોડ સતી શેઠાણી સાધવી ઉતમ કુળમાં એન મહીપતિએ મોઢે કહ્યું તુનો મારી બેહેન શેઠાણી સંતોખાયાં કરી વિજારી વાત ઘરમાં રહિ તે ગોઠડી નીઝ થકી એ રાત એમ વિજારી આવડે તોતો જાજો તરત; વગર સમજે નવ જશો માથે આવશે મરત શાબાશ પંખી પોપટા શાબાશ પરમ પવિત્ર શુભ વિદ્યા તેં શિખવી ચાતુર જેહ ચરિત્ર દમ કથા પુરણુ થઇ વાણી વેદ વિલાસ શ્રીગોડ માળવી વિપ્ર શુભ કહે કવિ શામળદાસ શ્રોતા વક્તા સમજતા કહે કવિતા કરજોડ શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૧૪૨

વારતા ૧૧ મી.

(ચોપાઇ) સ્મરણ કરૂ શ્રી સારદા માય પુજુ શ્રીગણપતિના પાય શુકબોહોતેરી કહુ સંવાદ અંતરમાં આણી ઉલાસ એકાદશપે દિવસે નાર ચાલી ચતુરા કરી વિચાર સજ્યા સોભીત શણુગાર હીરા જડીત અમુલક હાર જુવે દરપણુ મદ અંગે ગળે આવી પોપટ પાંજરા તળે પોપટે દીધાં બહુ માન કથા રૂડી સંભળાવે કાન, સલક્ષણી તું સાંભળ વાત; શીદ પધારો માઝમ રાત, સાંભળ કીક રૂખીણી થાકણુ, જરૂર પણે જારી જાણુંછું, તારી શીક્ષાને મનમાં ધરૂ, સફળ જનમારો મારો કરૂં.સાબાશ સાબાશ વેહેલાં આવજો, લાખેણી વાતો લાવજો ખાજો પીજોને રમજો રાત, આવજ્યો પોહોફાટે પરભાત, સબળસંગ કેરી સુંદરી, કરી વીજારી મનમાં ધરી; તેની પેરે કરજો તમો; આગળથી ચેતાવું અમો; જસોદાએ જે રીતે કરયું; ધણીએ મનમાં સાચુ ધરયુ. સંકટ પડે તો તેવું કરો, શિખો તો પર મંદીર સંચરો. પગખેંચીને નારી રહી, કુણ તે નાર જસોદા કહી, કુણ હતો સબળસંગરાય; કુણ દેશ કુણ ગામજ માંય; પોપટ પાયે લાગુ તુને, વીસ્તારી કહેને મુને. પોપટ કહે; શેઠાણી શુણો; ભારે વિદ્યા વિજારી ભણો. શુક પોતે સંભળાવે વાત રામા રહી સાંભળવા રાત ૧૦ (દોહરા) ઉતર પંથ શુભ અવનવી. ચાગડિયુ ત્યાં ગામ વિજયસંઘનો દીકરો નંદસેન નિજ નામ ગામ મધે ગુણીયલ વસે ચત્રસંગ એક છેલ વરણાગી બહુ વાંકડો, માણે મોટમ મેલ પાંચ છોગાં રહે માથપર તાતી બાંધે તરવાર મનમાની ઘેર માનની નીરમળ કુળની નાર પ્રીત ઘણી પરસ્પરે અળખામણી નવ થાય, રમે જમે રાજી રહે પાન સોપારી ખાય ચતુર નર આવ્યો. નાકરી સરખા સરખી સાથ પુરૂષ વડુ તેની પ્રેમદા હુતે ચળગી હાથ સુખ સજ્યાએ સુવું નહી, વળી ચાવવાં પાન રમત રૂડી રમેવી નહી નહી ગાન કે તાન. શણગાર અંગ સાજુ નહી ન

કર કોઈ વાત મહાકષ્ટ મહા દુખથી નિર્ગમુ દિનને રાત ધણી કહે ધરણી સુણો અધીકી આપી આશ આવું અચાનક એકલો પુરા થતે ખટ માસ અવધ અમો ચુકુ નહી હેતે વા-હયે હાથ રખ્યા વિના ધન નવ મળે સાથે મારો સાથ કરી વાયદો તે ગયો વહાયો પોતાની વાટ. ઘેર ધરૂણી એકલી અંતરમાં ઉચાટ એમ કરતાં દીન વહી ગયા ઓછા ખટ માસમાં ચાર સાંભળી તેને સુંદરી અતિશે દુખ અપાર અગ્ર બોલાવ્યોને એકલો પરવરીયો તે પંથ અસ્વ સજીને સંચરયો "કામની કરો કંથ વેડાગ ખોડાવે વાંકડો ધારણુ રાખી ધાય એટલે એક કઉતક થયુ મોકુ મારગ માંય ચાંપાનેરે ચતુર નર આવ્યો જાણુ સુજાણુ દીવસ પડી પાછલો કરવા માંડયુ પહાણુ સરોવર પાળ એક સુંદરી ભરતી હાઠી નીર તેણે દેવાંસી દેખીઓ શામદ શુર શરીર વિનતાએ વિચારીયું ધરમોગો ગંભીર કે રણુ મોયા રાજની નીરખુ એનુ નીર પુછી વાત પટંતરે સાચુ બોલ સુજાણુ ધર મોયો કે રણુવિશે વાત વિચારે વાણુ રાજવી કહે રામા સુણો, ઘેર અમારે જાકે વિનતા વાત જોતી હશે માટે ખોટી ન થાઉ. ખટ મહિના પુરા થશે ઓછા છે દિન ત્રણુ મુને ન દેખે માન્યની નિશ્ચે પામે મરણુ. કોલ દાધો છે અમો માટે ચીંતા થાય ઓહત્યા વધે ચિતમાં, એથી મન ચિંતાય હેત કરી હશી પડી મુરખ છે એ મેળ કણુ માનનીનું માનવું ખરો નહી એ ખેલ. સ્રીચરીત્ર નવ ઓળખો, પૂરણુ ન જાણે પેર; જુવતી જાર કરતી હશે, ગુણુવંત તારે ઘેર. કુરણુ દેખાડુ પારખુ. શિખવું જાદી વાત; મંદીર રાખુ માહરે. રહો આજુની રાત. રાયોત કહે રાણી સુણો, બોલા શું આદીશ, ઘેર જાણે તુજ ધરધણી, તેતો છેદે શીશ રઝળે મારાં છોકરાં લોકમાં ખોઉ લાજ, અમુલક અસ્વ ખોઉ અમો, કુણુ કરે એ કાજ. વચન દાધુ રામા પ્રત્યે, વચમાં આણ્યા ઇશ રૂડુ કરશે રામજી, જસ આપે જુગદીશ, સબળસંઘ સ્વામી માહરો. ગુણુવંતુ છે ગામ; હું ગુણવતી ગોરડી. જસોદા મારૂં નામ. મંદીર રાખુ માહરે રમો જમો રહો રાત વિનતા ચરીત્ર જોઇ વળો પ્રાહ ઉઠી પરભાત આવી બેઠી અસ્વપર ચાદર ઓઢી અંગ ઘુંઘટ તાણ્યો તેને ઘણો જુવો જસોદાનો રંગ વં-ડાંગ અમુલક વાંકડો દોરે આગળ થઇ કથ બેઠા ઉપર બાળકી, પરવરીયાં બે પંથ, સબળ-સંઘનુ ઘર કીયું કીયાં જસોદા નાર, પુછા પુછે આવિયા, દેશ મધ્યે દરબાર. બેઠા સઅજો બારણે; રાયોત કીધા રામ રામ; કયાંથી પધાર્યો કુણુ છો. સ્થીર કરી આપ્યો ઠામ મળ્યા બેઠયા બે મહીપતા. હિતે પ્રીતે હાથ. મંદીરમાં ગઈ માનની સ્નેહ. કર્યો તે સાથ બારીએ થઇ થઇ બાળા ગઇ. પ્રણુઘટ પુરણુ પેર, પાણીનુ બેહેડુ ભરી. ગુણુવંતી આવી ઘેર. પલંગ પાથર્યો ઓરડે; પરશાળ મધ્યે એક, તેમાં તે અઢારીયો વાસ તણો વિવેક, મ-ળવા ગઇ તે માન્યની. ચીત ચાતુરી ચેન, દાદાભાઈની દીકરી ખરી પીતરાણી બેન સગપણુ અતી શાહકુતણું, સ્વસુર પક્ષનું સાર, અનોપમ અસ્વે આવીયો, ભારે પડીયો, ભાર. કંથ કહેરે કામની, પરૂણાગતની પેર. એ કયાંથી આવી ચઢે, ગંગા આળસુ ઘેર. શાક પાન તર-તીબતર; ખાનપાન સૂખ સેજ, ભકતી ભલીપેરે કરો, હૈડે આણી હેજ ચતુર કંથ ચોરે ગયો જમ્યાં બેશી બે જોડ. કયાં મનમાં ચિંતા કરો, હારી જીત્યા હોડ, જરૂર પોર ગઇ જામની આનંદ અધિકો થાય સ્વામી ધરમાં આવીયો, સ્રીએ કર્યો ઉપાય, ગરબે ગાવા જાઉછું કહે જસોદા નાર સાચવજો આ બાળને; ભારેખમ ભરતાર સંકેત કરેલો સુંદરી, આવી બારીએ આપ; પરૂણા પાસે પ્રતાપથી, સુતી ગણ્યું નવ પાપ એ પંથને પ્રેમદા રંગ રમે છે રાત; કંથ બાળકને સાચવે, વીપરીત સરખી વાત, દશ મહિનાનો દીકરો, રોવા માંડયો રાગ; ધણી ધવરાવવા કારણે લેશ જડે નહી લાગ પરૂણો બોલ્યો પ્રીતથી ઠીક બનાવી ઠાઠ; એક પુત્ર અત પામીયો, દીવસ થયા છે આઠ ધરૂણીને ધાવણુ ચઢયું આપો ધરાવવા કાજ આ પો-

હ્યા છે ઓરડે સેજ ધરે માં લાજ બાહે તેડયો બોળકો ગયો ઓરડા માંહ; અંધારે આપ્યો અરભકો ત.ણીએ તેડયો ત્યાંય ધવરાવ્યો હુલરાવીયો, વીનતા કર્યો વિવેક ચરીત્ર રમાડયું ચીતની નાર તણા જે નેક પાસે બેઠી પ્રેમદા સત રોળાવ્યો સાથ પોતે ન તે રહતાં, હેતે અડીયો હાથ, કાંક વાંક વિનતા તણો કાંઠ પુરૂષના પુર આવકુ વહાલું અર્ભક, નારીમાં બહુ નુર મારયો તમાચો માનની, ઉઠાડી મેલ્યો અંધ, લાખેણો પુરૂષ લજાવીયો શીક્ષા દીધી સંધ ગોરી આવી ઘર વીશે, ગઇ ગુણવંતી ગીત, વાત કરો વિનોદની પુરણ આણી પ્રીત પ્રાતઃકાળ પ્રીતે થયો. સજ્યો અશ્વ અનુપ સહુને કહે સધાવશું ભારે કર્મનો ભુપ જસોદા જળ ભરવા ગઇ કુંડ ન જાણે કંથ છાડે થઇ ઘરમા ગઇ, પરવરે પથી પંથ પ્રાહુણુ તે તો એક છે. જાણે નરને નાર, વળી વહેલા પધારજો, વહાલાનો વંદવાર સુતો સબળ સાથર મધ્ય પરણ્યા ગામ; પાણી ભરી આવી નહી. કામણગારી કામ. વળાવા વાનતા ગઇ મળ્યા ભેટયાં બે મેળ તમઘેર આવી તારૂણી, ભરો દેખાડયો ખેલ, સહુકો નાર સલક્ષણી, બાણી બોલે વેદ જો જઇ ઘેર પારખુ માગુ તારો ભેદ નર કહે નારી સુણો, સ્નેહ કરયો તમ સાથ; માહરી પાસે એવું નથી, જે આપુ તુજ હાથ માનની કહેરે મીત્ર સુણ નથી મારે કાંઇ ખોટ ઉતરે ઘરતની તાવડી દશ દુજે છે ઝોટ ખોટ હોય જો તાહરે આપુ ઘરેણું ગરથ, ગુણ નીત્યે સંભારજો જો સરે તારો અર્થ ઝેર પોતાના પગ તણાં પાચસે કેરો પ્રીત સોંપયાં હાથ સામદતણે રામનીએ એ રીત આપતા આદર નવ કરે ગાળો દેતી જાય રાંડ માડી તુજ મારશે ફજેત શે કારણ થાય. ઉત્તમ જાતની અધરમ ઘેર રાજાની માણું રંક પડીતની મુરખ ભોગવે એતો આડે એક સુરાની કાયર ભોગવ ભોગવે શેઠની ચોર, કળીમાં એવી કામની, કરે અંધારૂ ઘોર. વળાવ્યો વરણાગીએ, આપ્યાં પગનાં ઝેર, અવળી પ્રીત અબળા તણી, કરે તરતનો મેર પરણ્યા વરને પરહરે, નીચપે નીરાવં જાય, અમરતરસને પરહરી, વિશ હળાહળ ખાય, એવાં એક અનેકથા બહુધાં જોવાં બહાર ખ્યાલ ન લહીએ એહનો ત્યાં સુધી નીજ નાર ઝાજુ ખીજી ખેડીયે, મારાયે મોકમમાગ; નીપાત કરે કે નીકળે, વીનતાનો વેવાર.

(ચોપાઈ) પ્રાહુણુ વળાવ્યો રૂડી પેર સુખુનતી આવે નીજ ઘેર એટલે પનઘટના ઘાટમાં વાળંદ એક મળ્યો વાટમાં તેણે સરવે સાંભળ્યું કરણુ અદક પાંસળી એ વરણુ દીઠો સ્નેહ પંથીની સાથ દીઠુ ઝેર આપ્યાં તે હાથ મળ્યાં ભેટયાં આલીંગન દીત્ર અરસપરસ કલોજ કીધ વાસ ભણી તે વાળંદ વળ્યો માંટી માનનીનો મારગ મળ્યો અહ્યા હજામ શી ગત તાહરી માનની કહો દીઠી માહરી ત્યારે તેણે જોડયા હાથ સ્નેહ કરી બોલ્યો તે સાથ અશ્વાર અશ્વ ઉભોતો એક નારીને તે નરસુ નેહ અધીકો મેં દીઠો. ઉતપાત વનીતા તો કરતીતી વાત કરગરીને પાયે લાગતી માન ઘણું મેનન માગતી કરગરતી કળકળતી કામા, પ્રિત બહુ કરતીતી રામા આવજો ઘેર અમારે આંક; ક્ષમા કરજો અમારો વાંક; ગળે હાથનો વાલ્યા ફેર આપ્યાં તેને પગનાં ઝેર કુણ જાણે મન શો કાયદો વળી કરયો બાજો વાયદો તે નરને વળાવ્યો તીર, આવે છે ઘેર ભરીને નીર એ સરવે દીઠુ છે અમો તરૂણી લક્ષણ જાણો તમો; એવી કહી હજામે વાત થયું ઉઘાડુ સરવે ખ્યાત (દોહરો) વાઘને વળી વકારીઓ છેડયો મોટો સાપ રાસ તજે નહી લક્ષધા પુ ણ પ્રગટસું પાપ મરકટને મદીરા ચઢી વીંછી કરડયો વેદ વ્યંતરને ભુત વળગીયું ભણે ઘણેરા ભેદ રજપુતને વળી રંડુવો સુણી રંડાની રીત પ્રતીજ્ઞા પોતે કરી પરહરી મનમાં પ્રીત મારૂ ન હવડાં માનની તોતો કોપે ઇશ હું બધાના દેખતાં છેદુ શામાનુ શીશ મુકુ એને જીવતી તો ઇશ્વરની આણ ચંદ્ર સુર્ય બે સાખીઓ વેદ વચન નિરવાણ ગૌહત્યા બ્રાધી વળી સ્ત્રીહત્યા લક્ષ સાત જસોદા મુકુ જીવતી કોપે બોલ્યા માત જેહ

પ્રતિજ્ઞા અંતરે કંથ કરી કરજોડ એટલે જસોદા જળ ભરી આવી મોડા મોડ પોપટ કહે પરભાવતી શો ઉતર દે એહ અધીક વાંક અરહ્વ સમો માનનીને શીર મેહ જુવતી જસો-દા ઉગરે પતી પડે કયમ પાગ જાર વિદ્યા કરે કેહવી કહો જડે તો જોગ કર જોડે કયમ કંથડો, રહે ખડતો કયમ બાટ માંટી ઓશીયાળો કયમ રહે વેદ બતાવો વાટ પ્રભાવતી કહે પોપટા ઘેલો થયો ગુમાર પ્રતીજ્ઞા પોતે કરી વળતો શો બેવાર જેર માગે જસોદા કને શો ઉતર દે ત્યાંય વીજાર વિદ્યા એ શી કરે નાવે માન્યા માંય પોપટ કહે પ્રભાવતી રહો આ-જની રાત પતી પાયે લગાડીયો વિસ્તારી કહુ વાત શાબાશ શુક લક્ષણા શીખવ એતો સદ બીજી વિદ્યા બારણી એણી વાળીએ હદ આદર આવી કેડેથી કેડે આવ્યો કથ મુખ મોડું દીઠું ઘણું ચતુરા ચેતી ચંત પતી પોતાને પુછીયું જળ ભરતાં શી વાર પગનાં જેર એ ક્યાં ગયાં કહો નવરંગી નાર સગો કુણ એ તાહરો કયમ લોપી એની લાજ વોળાવા ગઇ બારણે હતુ તેનું શું કાજ ગોકાણ હતી માંટી તણી ઘણા દુઃખની ઘેર કથનુ કીધું કાયદુ આપ્યાં પગનાં જેર કટાર લીધો કર કામની ભારયા ઉમીયા ઇશ વણ વાંકે મરવું પડે તે હત્યા તુજ શીશ કાલો બાળક કળકળે રોઇ મરશે આપ બાળહત્યા એ તુજને પ્રૌઢુ કીધું પાપ શા માટે મરે સુંદરી કહેને સાચી વાત પરાણે પ્રાણ તજે કયમ એવડો શો ઉતપાત મુરખ માંટી માહરા ચીત તારામાં ચેત ગાલે તમાચા મારીયો હતુ શું તારે હેત શીદ કીધું એને અડપલું ગયો ઘરમાં ગુણહીણ બાળક ધરાવવા કારણું થયો લાયુમા ક્ષીણ મારયો તમા-ચો માન્યની કાઢી મુકયો બહાર મનમાં તે જાણી રહી નિરમળ કુળની નાર પરીયાણુ કર્યું પ્રભાતમાં વળાવા ગઇ હું વાટ કંથ આગળ માંડી કહી ઘડવા તારો ઘાટ બાળ બુદ્ધિ તું તહારી બાળ રાજવીયાં રીસ અધીક સગાં છે આપણે કોઇદીન ખોશો શીશ કર નાંખ્યો રતન ઉપરે માટે ભાગો ગાલ મહીવર જઇ કહેશે મ્હારે વળતા કુણ હવાલ ખીજ્યો તે ખારે બારયો ભંભેયો ભરતાર કોઇ દીન કાપત કાળજુ તેહ નમેરી નાર મુજને કીધું માન્યની ચેતી સ-ઘણુ ચીત જયા ત્યાં મેં સમજાવીયો કુડુ કીધું કથ ત્યા અથ ઇતી માંડી કહી વીપરીત તારી વાત એતો નીચે મારતો થયો મહા ઉતપાત શાબાશ સાબાશ સલક્ષણી હેતે ઝાલ્યો હાથ જુલ્યો હું ભુલી ગયો શીદ તજે મુજ સાથ પગનાં જેર તેં આપીયાં તેતો મળશે કાંઇ દીશ આબરૂ જાત જે આપણી નાવત મારૂં શીશ પોતાની જાંગ ઉઘાડીયે પોતે પામીયે લાજ; કો આગળ કહી કયાં રહુ ભલે વધારી લાજ કટાર ગ્રહી કર કામ્યની પોખવા માંડી પેટ તારૂં ઘર તારાં છોકરાં નીચે મુકયાં નેટ નાગરવેલ તે પરતરી ચાવ્યાં પીંપળ પાન શારદુલ સીંહને પરહરી ઇચ્છયું સંગીત સ્વાન અશ્વગજ વાહન પરહરી કીધુ ખરવાહન એર અમ્રત ભોજન પરહરી જમવા માંડયું ઝેર બાવના ચંદન પરહરી કઉવચ વાલી કીધ મુજ સરખીને પરહરી દીલ તે પરને દીધ. વીપ્ર પરહરી પવિત્ર રૂડાને કરયું પાખંડ; ગયા તીરથને પરહરી, દી-વાનને ભરયો દંડ. ઘરની નાર ઘરનો ધણી, જાતો અમ્રત ખાણ; પર પુરશ પરનારીઓ, વીશ હળાહળ જાણ. પગે લાગ્યો તેનો પતી સતી શીરોમણ નાર; જુવતી જખ મારી અમો, તુ હૈડાની હાર લાજ રાખણ તુ લક્ષધા, છે તું અંગ આધાર; જીવતદાન તેં આપીયું તું મુજ રાખણ ભાર. પ્રતીજ્ઞા પતીએ કરી, લક્ષ હજારાંવાર; પર નારી મુજ માવડી. કરગરી કહું કર જોડ છત્ર તું મારા શીરતણી, શીર ઉગારણ હાર; લાજ રાખી મારી ધણી, તુ મારો આ-ધાર અમુલક જોડા જેરના પ્રૌઢ ઘડાવુ પાંચ; હતી તુ સચી સુંદરી, નાવી કુની આંચ જો એ વિદ્યા આવડે, જુવતી જારીએ જાઓ; નીકર ઘેર બેશી રહો, ગુણ ગોવીંદના ગાઓ. અગીયાર કથા પુરી થઇ. કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જયજય શ્રી રણછોડ.

વારતા ૧૨ મી.

(ચોપાઇ) પુજુ શ્રી સરસ્વતીના પાય, જેથી ગ્રંથ મનોરથ થાય હંસવાહની જાણુસુજા ણુ વેણુા પુસ્તક પરઠા પ્રાણુ. બારમે દીવસે બુદ્ધિનિધાન િનના માંડયા વિવિધ વિચાર ચતુરા ચાલી કરી વિચાર સજ્યા સોળ અંગે શણગાર. સકળ રાગ રંગે શોભીત, આભુષણુ અંગે ઓપીત; ચમક ચમક ચતુરા ચાલંત; પુષ્પહાર કંઠે ધાલત પોતે રમવાને પથે પળે, આવી પોપટ પાંજર તળે જુહાર જુવતીએ કીધ, માનનીએ મનમાની લીધ, કામની ઉભાં રહો કારણે. પછી રમવા જાજો બારણે. કાલે દીન કેવો કાહવશે. ઘેર ઘરધણી તો આવશે; શાબાશ શુક તાહરૂં નામ અમો જાણ્ જારી કામ; વચન પરસ્પર મનમાં વસ્યા, હેત ધરી બને જણુ હસ્યાં કરી રૂડે કાહાવજો; પ્રાત સમે વહેલાં આવજો, કદાચીત ભીડ તે ઘેર. પુરણુ વિદ્યાએ કરજો પેર, ભાવસેનના સુતની વહુ, ઝાલાં નામ જાણે છે સહુ, કંથતણું કલ્યાણો નામ કરજોડી કામનની રૂડે કામ વાત એવી પોપટે કહી પગ ખેચીને ઉભી રહી કલ્યાણુને ઝાલાં કુણુ તેતો નામ સાંભળીએ ઉણુ પોપટ તુજને લાગુ પાય, એ વાતનો સંદેહ ભાગ દાડી કરતીતી તમ કરૂ જીને વસ્રે ધારણુ ધરૂ કામ શાંત થયો જેટલે; પોપટ વાત બોલ્યો તેટલે વિરપરૂ ગુણવંતુ ગામ, નરપતીશેન રાજાનું નામ. વરણુ અઢાર વસે છે વાસ, તેજ સુજને પુરણુ પ્રકાશ; નમળે વ્યાધી નમળે જંડ વણુ વાંકે કો નવ દે દંડ ભાવમંધ કણુબી કુળ કામ: કલ્યાણુ સુત કેરૂ છે નામ, પરણ્યો એક ઝાલા વહુ નાર, મહા કુટડી અપરમપાર રૂડા કુળની રૂડુ રૂપ, ભાવસગ છે ભારે જુપ ખાવુ પીવું રમવું દીન નરનારીને પુરણુ પ્રીત. એક એકને દેખી મન ઠરે, મન ભાવતાં કારજ કરે એક દીવસ એક કઉઊતક થયુ, લક્ષણુ તે ડોસાએ લહ્યુ નારી બેઠી નાવા કારણે. બેઠો સસરો તે બારણે એંશી વરસનો અકલ ધણી નાહાવા બેઠાં વહુ બેઠા તણી નાવાનો ઠામ અગોચર આપ તેમાં ગયો મણીધર સાપ ત્રણુ વામનો મેટો સરપ દીસતો ભયાનક રૂપ યમદુત સમો નમેરો નાગ પેઠો નાવા ઠામે માગ નારી નીર ભરી નાહ્ય છે સુખે સરપ તેમાં જાય છે તેતો સસરે દીઠો દ્રષ્ટ કાકોજી તો પામો કષ્ટ રખે રામાને કરડી ખાય જોતાં જીવ ફાટી ને જાય સસરો જુવે નિચે ખાળ જેના પેટમાં પ્રઉઢી ફાળ, સરપ તે સામો આવ્યો જાય. ડોસાને દિલ ચીંતા થાય, નહી નાસવા કેરો ઠામ. કીધુ એક કામનીએ કામ; સરપ દેતો આવ્યો છે દોટ. કામનીએ ઝાલી તેની કોટ, જુવતીએ ઝેરી ઝાલીયો. બાજઠ તળે તેને ઘાલીયો, નારી નાહી તે તરત, મણીધર પામ્યો ત્યાં તો મરત ઉછાળી નાંખ્યો આકાશ તે વેગા નોતું કોઇ પાસ; તે સસરે કીધું નિરમાણુ મારી સરપ ઉડાડયો જાણુ સો માણસથી તે નવ થાય. પીલી નાંખ્યો પલકજ માંય; સસરો મન સમજ્યો સાક્ષાત કો આગળ નવ કીધી વાત એ નારી જો મન ધારશે સુત મારાને એ મારશે; એ વાતે કાંઇ અચરજ નથી કો આગળ કહીએ જઇ કથી, સમજ્યો વૃધ તણો જે સુત્ર, એકાંત તેણે તેડયો પુત્ર. પીતા પુત્ર બેઠા એકાંત. ભાગી તેના મનની ભ્રાંત અરે પુત્ર એ વહુને છાંડય, ઘરસુત્ર બીજીથી માંડય; જો તું મારો પુત્રજ હોય, મન વીચારી જુગતે જોય, જો જીવવું મનમાં ચાહો, તો એને મુકી દયો રાખો; એ વીનતા નહી મુકે વરત નીશ્ચે તારે માથે મરત. એને છાંડ તુ આડે આંક પુછીશ માં વહુ કેરો વાંક, આગળથી સુજે છે મુને, તારૂણી એતો મારે તુને ૨૯

(દોહરો) બેટો કહે સુણુ બાપજી, વચન ન લોપુ આજ, તમારે મોઢે બોલતાં, લક્ષ્મા પામુ લાજ રૂપે સુંદર સુંદરી કુળવતી એ કામ કામ કરે બહુ કામની દીસંતી છે ઠામ જાણો વેચાણ હું તમ તણા કહો કરીએ કાજ; શામાટે છંડાવશો સાચું બોલો આજ. ડોસો

કહે સુણ દીકરા ભાંડ ભાંડને ભાંડ બીજી કોઇક રાંકડીની સાથે ઘર માંડ ૪૩ (ચોપાઇ) પુત્ર ઓસીયાળો ઉભો રહ્યો પીતાપ્રતી એક બોલજ કહ્યો શામારે છંડાવો એક નારી સાથ બન્યો છે નેહ કામકાજ કરે છે ઘણું અતોલ વદંતરૂ છે તે તણુ અકલવંતી છે અનુપ રૂડુ છે રામાનું રૂપ ચાંપે છે તમારા ચરણ કહી વાત સુણે છે કરણ ગુણવંતી શીરોમણી સતી કુળવંતી મનોહર મતી પીયર પનોતી જાણ સુજાણ પ્રેમદા રૂડી પાંચ પ્રમાણ બીજી કરવી પડશે નાર શા માટે મુકો એ ભાર કુરૂપ હશે બીજીનો દેહ સંભારૂવી પડશે ત્યાં તેહ જેહ તમો કહો તે કીજીએ તમ વચન મસ્તક લીજીએ. (દોહરો) ડોસો કહે સુણ દીકરા ફરી ન પુછીશ વાત એ રામાને રાખશો તો થાશે ઉતપાત. દાદાને વશ દીકરો ફરી ન પુછી વાણ બીજે દીવસે બળ કરી જુવંતી મુકી જાણ વણ શત થયા તેહને બે શત આપ્યા લાંચ કાઢી મુકી કામની ખરચ થયાં સત પાંચ અચરત પામ્યાં અધીક જન શો એ અક્ષર આંક શાથી છાંડી એહની વહુતણો શો વાંક પાપ એ સસરાતણા પુરે કંથના કોડ પુર બંધુ એને પરણુમે જુવતી ન મળે જોડ એક ગરીબની દીકરી દામણ જાતે દેહ બીજે દીવસે લાવીયો નારી આણી નેહ માનનીએ મન વીચારયું પરઠી પોતે પેર શત આપીને તે ગઇ તેના પાડોશી ઘેર તે પાડોશી લડીયો બાંધે હેત હથીયાર તેને ગઇ તે ગોરડી ભારે કર્યો ભરતાર દીવસ કેટલા વહી ગયા અચરજ અંગીકુ હોમ જાણે સસરો એકલો અવર ન જાણે કોય કંથ પોતાનો કળકળે મુરખ છું એ બાપ આવી રૂડી મેં તજી પ્રગટાં પુરણ પાપ જેને ઘેર ગઇ ગોરડી હેડે મોડા મોડ બધાં ગામમાં એ સતી જુવંતી ન મળે જોડ વાંકી ને વરણાગણી રૂડી અને રસાળ સારી ને સલક્ષણી માનની મઠ મછરાળ પરમાર માંટીનો મળતીઓ નીતે આવે વાસ જુવંતી પાસ જારી રમે પ્રીતે રહે તે પાસ તેણે મન વિચારયું વેહેર પડતે થી વાણુ દાહાડી કામ કુડુ કરે કોઇક દાહાડો હાણ પારમાર જાત પવિત્ર નર મળતુ માંટી સાથ એનો કામ છે નીચના હઇડું તેને હાથ પરમાર કહે સુણ પ્રેમદા પરહુ નહી કાંઇ પેર આજ થકી આવું નહી હુંતો તારે ઘેર કંથ જાણે જો તાહરો તુજથું રાખે રીત માહરૂ કે પછી તાહરૂં છેદાય એકનું શીશ ઇશ્વર આણ જો આવીયે કરીએ તુજથું પ્રીત આશા મુકો અમ તણી રમ્યા જમ્યાની રીત કરગરીને કહે કામની ચતુર વીચારો ચંત પ્રીત કરને પરમાર તું જખ મારે છે કંથ તુ બીએ છે કંથથી બાવટ કાઢુ આજ પછે મહાલો મુજ મંદીરે કરો નીત રૂડા કાજ માલ મારા માંટી તણો તે ચવરાવવું તરત આજ મધરાતે આવજે મળ પમાડુ મરત વારૂ કહી તેતો ગયો નાખ્યે કરી નીરધાર પ્રહર રાતે ઘેર આવીયો ભામનીનો ભરતાર વાળુ પીરસ્યું વીધવીધે કુર દુધને ખાંડ પ્રીત કરી પેટથી ઘણી મન ખોટેથી માંહ બેઠો તમાકુ તાણવા દીલ ઝઝે તે દીશ બળ મુકયુ ત્યાં ખાંતથી છેદયું માટીનું શીશ પેરે તેડયો પરમારને મારયો મારો સ્યામ કહે ત્યાં તેને દાટીએ નવ જાણે કોઇ નામ જોવા કારણ તે ગયો તરૂણી વચને તરત ઘડ શીશ છે જુજવાં માંટી દીઠો મરત કામની કહે મે કંથ હણ્યો દાટો એને આજ રમો જમો મોજે કરો લેશ ધરો માં લાજ બાવટ કાઢી અંતરતણી જેની ધરતાં ભ્રાંત હવે બીક કોની નથી આવો નીત એકાંત પરમાર કહે સુણ પાપણી માઠું કીધું કામ ચંડાલણ તુંતો ખરી હત્યારી તુજ નામ પ્રૌઢો માંટી મારીઓ બાળ એ તારા હાથ પ્રીત તજી તેં પલકમાં સ્નેહ કરવા મુજ સાથ ખવડાવ્યું એને ખાંતથી પેહેરાવ્યા શણગાર તેને મારી નાખતાં ક્ષણ ન લાગી વાર પાપ હશે જે પુરવનાં તે કરશે તુજ પ્રીત તેનો વધે તે એહની કરશો રૂડી રીત મારયો તેતો ધરધણી વારૂ ન ધરયો વહાલ હું તુજથી કહે કેમ કરૂ. શું મુજ કરશો ન્યાલ. જાવા માંડયું જોરથી પ્રેમદા લાગી પાગ; ખાડ

બોડી આપો મુને, પછે જાજો તમ ગામ. ઘરમાં કાહાડો આપીએ, સુખી બોલ્યા કીધ; તેની તરવારે તેહનું ભામાએ છેદ્યુ શીશ. મુક્કુ એને જીવતો મુજ મરકતો જાય; મુજને ઓશીઆળી કરે, વાત જગતમાં થાય. પ્રાજે કીધો પરમારને, પછે વીચારી વાત; હવે હું હીમત શી ધરૂં, કીધો છે ઉત્પાત. માંટી મારી નાંખીયો, આરયો પ્રીત પરમાર; હવે સુખ કેમ રાખવું, શોભે કેમ સંસાર. ખુણે ખાતર પાડીયું, પાડી બુમ પ્રચંડ ધણીને ધાડે મારીયો, દૈવતણો એ દંડ મીત્ર હતો માંટી તણો, કરવા આવ્યો વાત; એક મરાયો બાપડો અધીક હુવો ઉતપાત લોક મળ્યાં ત્યાં લક્ષધા, પગલું મકાઢવા પેર: કુટી ગુવા પગીઓ સહુ પગલુ ઘેરનું ઘેર, એક હાકમ બીજો પગી, ત્રીજો વણીક વજર, ચોથો કાનુંડો સીપઈ, ધારણુ રાખી ધીર, બહારજ રાખ્યા લોકને, ઘરમાં ગયા જન પાંચ, તેડી એકાંતે તારૂણી, અધીકી દીધી આંચ પગલું નીકળતું નથી, અથડાવા આડે આંક, સાચુ બોલરે સુંદરી, વીનતા તારો વાંક કાન નાક તારા છેદશું, મુડશું ચોટળો શીશ પંચઈટાળી પ્રીતશુ, આજ ઉગમતે દીશ; ગરથ રળ્યો તારો ધણી, આપો અમને લાંચ, નઈંતર મારીશુંમતુને, અધીપતી અમો છું પાંચ ભામનીએ ભુંડા જાણીયા, દાવો કરશે દીશ; એક એક આઘા તેડીને છેદ્યાં પાંચેનાં શીશ બુમો પાડે બાહાર સૌ. રાત અંધારી ઘોર; રઈયત જાણે રાતમાં ચોપાસા છે ચોર આપવા તેડયા ઓરડે ઘણેક પરઠી ગ્રંથ; પાંચેને પ્રાજે કર્યા, સામા થઈ સમરથ, મોટું ઘર છે તેહનું, વીપરીત કીધી વાત પેલા બેય પડયા હતા, શોબ્યા સાથે સાત, બાહાર આવી બુમ પાડતી, પછાડી નાઠા ચોર: તસ્કરે પાંચે હણ્યા લોક કીધો સોર ચોદશ નાઠા લોક બહુ, થયો પ્રાતસકાળ; વેળ વાળી જાતા રહ્યા, જાણી થઈ જંજાળ માલ લુંટાવ્યો માનની, સતી થવાને જાય; પગે લાગે પુર બધુ, જય જય શબ્દ બોલાય, જે ઘરમાં મત પામીયા, લેઈ ગયા તે લોક; જમ મંદીર સાતે સંચરયા, શમાને નહી શોક પોતાનો જે ઘરધણી, તેને લીધો સાથ. સ્વાર થઈ અશ્વ ઉપરે શ્રીફળ લીધું સહાય. ઘર આપ્યું એક વિપ્રને, આપ્યાં વસ્ત્ર અન્ન દાન સતી સતી સહુકો કહે, માનની પામી માન. હાથા દેછે હેતથી કરે છે કકુ રોળ; કેસર આડ કુમકુમ તણી મુખ તાતાં તંબોળ. અશ્વની પુંઠે અધીક જન, નાણું વેરતી જાય; સમશાન મધે શામા ગઈ, ત્યાં શું કૌતક થાય, કો પુજે અગ્યે પ્રીતથી, કોઇ નમાવે શીશ; સતી સતી સતી કહે, માણે નહી કો મીશ, કોઇક માગે દીકરા કોઇક માગે દામ; કોઇક માગે રાજ રીત, કરે સહુનાં કામ કો કહે સત તારા સમુ. હિમત રહે જો હાથ; પાયે લાગે પુર બધુ, સ્તવન કરે તે સાથ લાખ લોક જોવા મળ્યા, વાગે ઢોલ નિશાન; અબીલ ગુલાલ ઉડે ઘણાં પંચ કરે પરમાણુ સમરો ચેહેલો પરણેતનો, જાણે સઘળો મર્મ કામ કરયાં જે કામની, ધાર્યો એવો ધરમ માન ઉતારૂ એહનું થાય છે પરમપવિત્ર; અન્ય કોઈ જાણે નહી, ચતુરા તણાં ચરીત્ર, ધાલ્યાં કુંડાળ લોકને, વાજે ઢોલ નીશાન; ઘોર સોર ગાજી રહ્યો. કોઇ સુણે નહી કાન લાકડી સાહી ડોસો ગયો, હવે જ્યાં ગંગાનીર; સ્વામી સાથ સતી બળે. ધારી હઇએ ધીર. સત ગાડાં સરપણુ તણાં, ભોજન કીધી જવાળ, કુમકુમના હાથા કરે, કરી-પાળ કપાળ, ગરબો ગાયે ગીતમાં, તાળી વજાડે તાન, પાયે લાગે પુર બધુ, માનનીને બહુ માન સ્વામી સુવારયો કાષ્ટમાં, કાતમાં બોળીયા વાળ પાવક પ્રગટાવ્યો પ્રેમદા, કીધું ઝાકઝમાળ, અતિ ઘણો આનંદ છે નથી જાણતી નાર; કલંક કોઇ નથી જાણતું ભામની કેરો ભાર. સ્વર્ગ કાજ સ્વરૂપીણી, જીત નગારે દેઈ; કોણે કલંક કો ન જાણીયું જીવાના જસ લેઈ ડોસેમ વિચાર્યું દિલધીર, એના મોહુ સોક; કલંક એનું જાહેર કરે, પોચાડુ મન કોડ, ઢુંકિ ફેરવું દેશમાં, કરે એ સુવી ભાગ; કલેને મારયા દેહડી મારેલો પોતાનો મન. હળવે હળવે ડોસાદે, ગયો ચીતાની

પાસ. ઝીણા સ્વરથી બોલિયો, સસરો કહે શાબાસ પન્નગને પ્રાજે કરી વળતો મારયો કંથ; પરમારને પીટયો પ્રેમદા, ચતુર વીચારો ચંત. વળતા પાંચ પ્રાજે કરયા, એમ થયા તે બાર; સતી થાવો સુંદરી, કરો શીદ ઠગના ઠાઠ. કાઢી નાંખુશું કામની, ચીત તારામાં ચેત, કહી હકીકત કાનમાં, અંતર ન મળે હેત. ડોસો કહે છે સર્વને, રહો વેગળા વાટ અમો એને સમજાવીયે, બળે નારી આ માટ એક વહુ એક ડોસલો. બે જણુ છે એકાંત; બીજા થોડક છે વેગળા, ભાગે મનની ભ્રાંત, પોપટ કહે પરભાવતી, હવે શું એનું થાય; બાર ભામનીનો કેમ રહે. કરે કવણુ ઉપાય; સતીપણું તે સાચવે, ડોશો ન કહે વાત; કલંક છાનુ કેમ રહે સામદ મારયા સાત એનો ભાર તે કેમ રહે, કેમ માને સઘળા લોક સસરો કેમ છાનો રહે, સમે સઘળો શોક. પાયે નમી પરભાવતી કહે તે વીદ્યા વાણ્ય, આજ જારી જાઇયે અમો, તો ઇશ્વરની આણુ સતી બોલી સાવધ થઇ, જેમ સુણે સહુ સાથ ઝડપીને પછી ઝાલીઓ, તે ડોસાનો હાથ બીજા તો છે વેગળા, નાંખ્યો ચીતા માંય, પડતાં વાંત પ્રાજે થયો. પ્રત પામ્યો તે ત્યાંય વિમાન આવ્યું વૈકુંઠનું ઝવેર જડીત્ર જેહ, સંસ્કારી ડોસે દેખીયું નારી કહે છે તેહ. મરવાની બીક જેને નહી, બીહે તે શાને કાજ, વળતી પોતે માંદી પડી, જુવેછે સઘળો સાજ એ ડોસાનો દીકરો, હતો ખેતરવા ચાર; દોડી આવી નવ ઝડયો ભસ્મ થયાં તે ઠાર શાબાસ શાબાસ સર્વ કહે, કોણે ન જાણ્યો મર્મ; સતીએ સસરો મારીયો, ઇશ્વરે રાખ્યો ધરમ. ઇકોતેર તારયા એણીએ, વાળ્યો આડો આંક; સતીએ સસરાતણો, વપુ ધરયો નહી વાંક ખીજ્યો ડોસાનો દીકરો, રહયો તે સ્ત્રીનો ભાર, એ વીદ્યા વીજારી તણી, શીરોમણી સરદાર એક એકથી આગળી, વાતો સાંજ સવેર; શામળભટે તે સુચવી સુણુ જસવંત ઝવેર એવી વાત અનેકધા, રચાવી રાજા ભોજ; કવી સામળદાસે કહી, મનમાં આણી મોજ માઘ પંડીત મોટા થયો. પરઠયા તેહ પુરાણુ; રખીયલ સુત રાજવી, શોભે તે તું સુજાણુ. ઇંદ્રજીતની આગળે, કવી શ્રી કેશવદાસ; રસીક પ્રિયા જેણે કરી વિવિધ પ્રકારે વીલાસ; મનજી સુત: મહીમા ઘણો, રખીયલ કેરો પુત્ર, ગ્રંથ રચાવ્યો ગુણનીધી, શુભ વીદ્યાએ સુત. બાર કથા બુધ આગળી, વાણી વેદ વીલાસ; શ્રી ગોડમાળની વીપ્ર શુભ, કહે કવી સામળદાસ. શ્રોતા વકતા સમજતા કહે કવીતા કરજોડ સામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ ૧૪૭

વારતા ૧૩ મી.

(દોહરો) કુંદાળો દુખ ભંજનો, વપુએ જોબન વેશ; ઉમા અંગથી ઉપન્યો, ગવરી નંદ ગણેશ. શેવું રૂડી શારદા, વદને આપે વાણુ; સાચી તે સુખ કારણી ખરી અમૃત રસ ખાણુ જેને તૃઠી સારદા, નેક રહી નહી નુન્ય; વિદ્યા દેયણ વિશ્વમાં, તે વિણ સઘળુ શુન્ય. કથા કહુ શુક બોહોતેરી વિવિધ પ્રકારે વ્યકત; શાણા સમજુ સમજજો, ભવ તારણીને. ·કત. તેર દિવસ તારૂણી, સમજાવી સમરથ; કહે આવીને માલણી ગયો જનમારો વ્યર્થ. કાલ ન આવ્યાં કામની, આજ પધારો આપ; સમી સંધ્યા નવ સંચરો, સ્ત્રી હત્યાદિક પાપ. તે સ્ત્રીના કહેવા થકી, સેઠાણી સમજી સાર; વેદ પાળવો વાયદો, નર જોવો નિરધાર. અંગ સમાવ્યો માનની, શોભિત સજીયા સર્વ; બણી ઠણીને નીસરી, ઘણો આણી મન ગર્વ રમઝમ કરતી રિજમાં, ઠરાવ કીધો ઠેઠ; માનની ચાલી મલપતી, પોપટ પાંજર હેઠ. જુહાર કરયો જુગતે કરી, બોલયો પોપટ બોલ; આજ બન્યું છે તાહરૂ. તરૂણી રૂડુ તોલ, જોરો છે જોબન તણો, ચતુર દીસે છે ચેન; ભમર દિસે છે શોભતી, તીખ દીસે છે નેન, શા કારે શોતે સંચરો, સાચુ બોલો આજ, મારા સમ મુજ આગળે, બેશ ધરો માં લાજ, હસી બોલી

તે હેતથી, સાંભળ શુક સુજાણ; જારી કરવા જોખમાં પરવશ મારો પ્રાણ ભલે ભલેરે ભાં઼મની, કરે જરૂરી કામ; કાયા સ્થીર કોની નથી, નાશ જેટલાનાં નામ શંભુશેર રાજા તણી, રંગા રાણી રૂપ, વિજારી વિદ્યા તેણે કરી, અકલ ઘણીથી અનુપ, કદાચ સંકટ પડે, ફરી આવે જાગ, વિજાર વિદ્યા થકે, ઓલવજો એ આગ. પગ ખેંચી રહી પ્રેમદા, આતો સાંભળી ઓણુ, શંભુશેર રાજા કવણુ, રંગા રાણી કોણ. કુણુ જાગે જુવતી ગઇ, કવણ સંકટ શું કામ, કવણુ પ્રકાર વિદ્યા ઠરી, કવણુ જારનું નામ, અથ ઇતિ માંડી કહો, વિસ્તારી કહો વાત શુભ પેરે શિખુ અમો, રહુ આજની રાત, શુક કહે શુણુ સુંદરી, તજો આભુષણ સોળ. ભીને વસ્તરે ભામ્યના તજ તાતાં તંબોળ. ૨૦ (ચોપાઇ) ઉતર પંથ અમુલક અઘ, શંભુ નગરની શોભા સઘ, શંભુશેર કરે ત્યાં રાજ, અસત અન્યા તનથી તાજ. અલખ દેશ અલખત ધન ઘણુ, રાજ કરે શંભૂ તે તણુ પુન્ય તણો પ્રઉઢો પ્રવેશ, સૂર શુભટ દાતા ગુણુ દેશ જોબનવંતને જરનું જોર, અનમી ટેક રાખે અંકોર, રંગવતી રાણી જે રીત, પતી સાથે રાખે બહુ પ્રીત. એક એકને દેખી મન ઠરે. કોડે કંદર્પ ક્રીડા કરે, નરનારીમાં નઉતમ નેહ. પ્રિતી જેમ બપઇયો મેહ. પ્રીતિ જેમ ધેનુ ને વછ પ્રીતિ જેવી જળને મછ, પ્રીતિ જેવી ચંદ્ર ચકોર. પ્રીતિ જેમ મેઘને મોર, પ્રીતિ જેમ વસંતને વન, પ્રીતિ જેમ લોભીને ધન. એક એકને દેખી અન્ન જમે, જોડે બેશી ગંજીફા રમે, એક એકને દેખી જળ પીએ, લાવો એવી રીતે લીયે, પૈર હયને લશ્કર બહુ, વશ વરતે સેનાપતી સહુ, સુખ સાગર ઇંદ્રાણી ઇંદ્ર, જેમ જોડુ રોહણીને ચંદ્ર, રતી કામ જેવી રીધ રીત, પુરણ અન્યોઅન્ય તેવી પ્રીત. (દોહરા) રંગા રાણી રાજવી, રતી સમોવડ રૂપ, વાણી અમૃત રસ થકી. બોળવાયો એ ભૂપ રાતબ રાણીને આપવા, આવે તંબોળી ઘેર બીડાં બાસઠ પાનનાં, પચાસ પોચાડે પેર. વાંકી મુછે વાંકડો જોબનવતો જાણુ, રાગ અલાપે રંગમાં, વદે અમૃતવત વાણુ. ડાહ્યો ને વળી ફુટડો. ચતુર શીરોમણી હોય. ગુણીયલને લાયક ઘણો કળી શકે નહી કોય, શુરો પુરો સતવાદીયો, જાણે બીજો કામ, વીશ્વ વખાણે તેહને જાણે બાધુ ગામ. વાંકી મેલે પાઘડી, ચતુર ચાવે પાન; આવતો દીઠો નારીએ, ગઇ શુધને સાન વિહ્વળ તે વિનતા થઇ, ધારણ ન રહી ધીર; પરવશ પડી તે પ્રેમદા, શફરી દેખે નીર. બાળબુદ્ધિ બાળા તણી, બાળ રામાનું રૂપ; કામાતુર થઇ કામની, ડહાપણ પડીયું કુપ. ન જુવે જુવતી જાતને, ન જુવે કંઇ વીવેક; ઉંચ નીચ અંતર નહી, નહી નારીમાં નેક. કાં સતી કાં સાધવી, કાં ઉંચ કાં અમીર. કાં રંભા કાં રાક્ષણી, નારીમાં ઓછું નીર. પંડીત કેરી પ્રેમદા, માણે મુરખ સાથ; રાજાની રાણી રાંકશું, હેતે જોડે હાથ. વેહેપારીની વઇતરો, ઉંચની નીચ પે જાય; પોતાના મનમાં વસે, ગુણ તે નરના ગાય. પાપ પુન્ય એ નવ ગણે, ન જુવે રાય કે રંક, ધરમ અધરમ ધારે નહી, વાળે આડો અંક નીચમાં નીચ નારી સહુ. દીલથી ડાહી થાય; અમૃત રસને પરહરી, વીશ હળાહળ ખાય. ગંગાજળ તજે ગોરડી, પીએ ખાળનું નીર. પતી પોતાનો પરહરી, સેવકને દે શરીર. લાજ મરજાદા નવ ગણે, ન ગણે ડાહાપણ કઇ જ્યાં દીલ માને આપનું, કરે વીશરજન વઅ, સગાં સહોદર કંથડો, કદાચ લેજો કેડ; જાત ભાત ઘર સ્વજની; ખરે તે ખેડે ખેડ. મારે કે પોતે મરે, નીચસુ નીસરી જાય; સમજાવી સમજે નહી, માનનીનો મહીમાય. રામા રંગા જે રાયની, સહુકો કરે સલામ, તેને તંબોળી હિલ વશો. દરિદ્ર ગુણહિણુ ગુલામ. એકાંત તેડયો તેહને, ભાવ ભેદ હીત હેત; અર્થ ગર્થ સોંપ્યા અધીક, તન મન ધન સમેત જાર વિદ્યા કરી જોખમાં, તંબોળીશું તરત; થર થર ધ્રુજે બાપડો, માથે આવ્યું મરત, રામા નહી એ રાક્ષસી, જુવતી નહી એ જમ; માનવી નહી એ દાનવી, કહો

તે કરીએ ક્યમ. દુભેને દેવદ્ર કરે, શુળી દેવરાવે સાચ; જારીથી જીવડો જશે, વેદ વિધાતા વાચ. વીસ દીવસ તો વહી ગયા, કરતાં નારશુ નેહ; મરવા પડયો તે માલજી, દુરબળ ઓએ દેહ. માનની કહે માલજી, શુ છે તુજને દુઃખ; માગ્ય માગ્ય મારી કને, ભાગુ તારી ભુખ. માથે મુજ સરખુ છત્ર છે, સુખ સાગરની ખાણુ; તું બોલે તે પાળીએ; વદ તુ વારૂ વાણુ. શામાટે તું દુબળો, ઢળીયા આંખે કાચ; ભોગવ ભાવે તેટલુ રંભા સરખુ રાચ. દેવતાને દુરલભ ઘણું, પ્રેમલ પુષ્પનો પાસ; મહિપત કેરી માનની, દાસી છું તુજ દાસ. ચરણુ ચાપશું તાહરા, દેઉછુ આલિંગન, મોં માગ્યા વળી આપીએ, ધણીવત જાણી ધન. કંચન અરોબર કોળીઆ, જમાડુ છુ તને જોર. તોય ઘણો તું દુબળો, ટેક ગયો તુજ તોર. ત્યારે તંબોળી બોલીઓ, સુખ બાધુ એ બાળ; કોઈક દિવસે મોત છે, ભ્રમણુ કરે છે કાળ. મુકય માનની જીવતો, કો દિન ખોશું પ્રાણુ; એથી દુખ બીજુ કયુ, અધિકપણે મુજ હાણુ. ઉઠી જાઉછુ યાં થકી, મુકીશ ઘરને ગામ: જખ મારી રેશો તમો, કરશું એવું કામ. જ્યાં સુધી મને દેખશો, ત્યાં સુધી લેતા કેડ; તજીશ ગામ હું ગોરડી. તજીસ ખરો ખર ખેડ. હશીને બોલ્યા હસ્તની, ચીંતા તારી ચુક: મનના માન્યા માલજી, મુર્ખતા તારી મુક. મુજને પણ ગમતું નથી, રાજ વૈભવ કે રીધ; રાતે રહેવાતુ નથી, સ્વામી સગે સીધ. અધિપત લાગે અળખામણો, જેવો પાટો આંખ; તું તો હાર હઈડા તણો, પક્ષિને જેમ પાંખ. લેઈજા મુજને લાડકા, ઘણો લઉ હું ગર્થ; કહેતો મારૂ હુ રાયને, મરે જો તારો અર્થ. કહો તો જઈએ નિસરી, જોખ કરીશું જત્ન; રાજાની જે રિધ છે, લેશું ઝાઝાં રત્ન. તન ખોલ્યું તંબોળીએ, હસુ કરે તુ હેત; નગરી મુકી કેમ નિશરે, શોભા સકળ સમેત હાહા કહીને બે હસ્યાં. વખાણુ કરીને વર્ત; આજ રાતે ઘડી એકનો, કરયો વાયદો તર્ત તંબોળી કહે તારૂ .!, હીચો હીંચોળાખાટ; તે રડવડશો રણુ વિશે, હું મજુરને માટ ખમા ખમા સહુકો કરે. ફરે છત્રની છાંય; રાજ રિદ્ધ રાણી તજો, દેખો શુ મુજ માંય, પેટ ભરી અન્ન નહીં મળે, શેને મુકો રાજ; ઇંદ્ર સમુ સુખ આ ઘડી, તરૂણી ન કરો તાજ. શામાને મન સાચ છે, જારને મન તો જુઠ; પરસ્પર કોલ બને કરયા, અધ નીશાએ ઉઠ. તંબોળી જાણે છે મન વિશે, એ ક્યમ મુકશે રાજ; ઘરસુત્ર કેમ મુકશે, મુરખ મારા કાજ, માલો ચાલો મલપતો, બેઠો દુકાને બાર; સજ થઈ તે સુંદરી નરની સાથે નાર. તેર કરોડ ટકા તણો, લીધો ડાબડો એક; પુંજી પોતાના પતિ તણી, બાંધી કરી વિવેક. બચકા બોજો બાંધીઓ, શોભીત સઘળી સીદ્ધ; મધરાતે તે નીસરી, લેઈ રાજાની રીધ. સ્વામી શિકાર રમવા ગયો મુકયા ચાકર મેલ, પામર કુણ પુછી શકે, શ્રીમંતને સઘળુ સેલ ગરીબને સહુ ગંજશે. કુણ આવ્યું કુણ જાય પુછે કુણ પ્રતાપને તેના સઉ ગુણ ગાય બગાસુ બળવંત જન ચંટકી વાગે છે ત્રાણુ કુણ પુછી શકે કથા સુણે કુણ કરણુ એવાં કામ ચાએ અધીક, મોટા જનને મેહેલ ગરીબ બિચારા શું કરે શ્રીમંત નરને શેલ વિનતાએ વેશજ પાલટયો વિપરીત કીધુ વરત દુકાન જ્યાં તંબોળીની, આવી પહોચી તરત ઉઠ ઉઠરે આળસુ હેતે બીડાં લીધાં હાથ; સમઝામાં સમજાવીયો, સુંદ અમારી સાથ મોહ પામ્યો તે માલજી કારસુ કઉતક હોય એકલી એ કેમ નીસરી, કળી શકે નહી કોઇ તે તંબોળી બાપડો, ગયો સાથે ગુણ નિધ; ચારે પોરે તે ચાલીયા. વિકટ પંથ વિધવિધ ગરીબ મુક્યાં મેં બાળકા. ગરીબ મુકી ઘેર નાર; નાત જાત સહુ :પરહરી, કરતા આ વ્યવહાર પનોતી લોહ પાયની, હેડે જેને હોય, પ્રીત કરી પર નારસુ સુખી થાય નહી કોય તાવ ચોથે કે આઠમે વળી બારૂમે જેહ કાળ ચંદ્રમા કામની, ન કરો તે શુ નેહ. બાલહત્યા જેણે કરી સ્ત્રિહત્યા સે સાત,

પરનારીની પ્રિતથી. હત્યા વળગે હાથ રક્તપિત કે ચોથીઓ, થાય ક્ષય રોગી દેહ; જે પરનારી ભોગવે, દાવાનળ તાતો એહ જેણે દુભ્યા દેવને, સ્ત્રી ધનને તે ધાગ, માત પિતા જેણે હણ્યા તે જન વિહવળ થાય ઓશીયાળો આખા જન્મનો નારાયણ શું નહી નેહ દંડાય દહાડી દીવાનથી, તરૂણી ચાલે તેહ પંથે પાછું જુવે, રૂદે રાખે બહુ રીસ. એમ કરતાં આઘા ગયાં, ત્યાંથી જોજન વીશ, રંભા કહે રહો હવે; માલજી મારા મીત્ર, તુછે હાર હઈડા તણો પુરણ પરમ પવીત્ર, ખાઓ પીઓ ખુબી કરો, ખરચો ઝાઝો ગરથ રાયની રાણી ભોગવો ચિંતા ન કરો વરથ, ભામની ભારે ભુપની, ભાવે કર તું ભોગ, કોઇક જન્મના પુન્યથી, વિશે મળ્યો સંજોગ માલે મન વિચાર્યું ફટ ફટ ભુંડી રાંડ, કયમ વિશ્વાસ તારો કરૂં; મહા મચકોડે માંડ, શંભુસેર રાજા સબળ. નગરી કેરો નાથ, તરૂણીએ એવો તજ્યો. આવી મારી સાથ, કુણ માત્ર હું કિંકરો. કુણ માત્ર હું રાંક. રંભા એ રીદ્ધી તજી, વેદ વિધાતા વાંક. અમૃત ફળ સહકારનું, તજીને ઇચ્છો ખાડ, પુરપતી સરખો પરહર્યો, ફટ ફટ ભૂંડી રાંડ. નીચે નમેરી નાર એ, નીચ રંગાનો રંગ; સ્નેહ તે સાથે કયમ કરૂં, કરૂં કયમ એનો સંગ રાજા સરખો રીદ્ધપતી. જોયા સરખુ જાત્ર, મહારાં હરીદ્ર શાં કાપશે, હું બે કુંણુજ માત્ર; મુજથી મન માન્યે મળે દેખતો કો દીસ તે સાથે તરૂણી જશે. છેદી મારૂ શીશ, એમ કરતાં આવ્યું અરણ્ય નદી વહે જ્યાં નીર, દેવળ દીઠુ દીપતુ ત્યા સરીતાનું તીર તીરે તરૂણી રહો તમો, બચકો વીધો બાંહ. ડાબડો લેઇને ઉચક્યો, તરૂણી બેસારી ત્યાંય, માલ લાવો મારી કને, કરો જળ ક્રિડા કામ ગામમાં જઈ આવું અમો. હુંછું આપને નામ અર્થ ગર્થને લુગડાં માલજી મન મગન નારી મુકી નીરમાં, નીશંકપણે નગન, તારા પ્રપંચ તે તુજને, તારૂ જે કાંઇ પાપ કરે તે ભોગવે વેદ પુરાણે છાપ. પરીબ્રહ્મને જે પરહરે કરે ઉપાસન ભૂત તે સ્વરગે કયમ સંચરે નરક નીવાશી ધુત પ્રેમદા પાણીમાં રહી માલે લીધો માલ નારીને શું નીપજ્યુ કેવા થયા હવાલ કલોલ કરે છે કામની નીર ગ્રહીને ન્યાય એટલે તે સ્થાનીક વીશે કારમુ કૌતક થાય. ભમતુ ભમતુ ભુખ્યુ પડ્યું શીશ એક શીયાળ મુખમાં કટકો માંસનો કરડે આવ્યુ આળ. નારી બેઠી નીરખે શરીર વિશે થઇ સ્વચ્છ જળમાં ઝાઝાં જળચરાં નાનાં મોટાં મચ્છ. શિયાળ જાતે લોભીયુ થયુ લાલચમાં લીન માંસ મુક્યાં ત્રણ ઉપરે મુખમાં લીધુ મીન. એટલે સીચાણો ઉડતો પ્રિતે આવ્યો પાસ તેને ગ્રહીને ચાંચમાં ઉડી ગયો આકાશ શીયાળ પકડવા સુદીયુ તરફડતુંતુ તીર મુખથી પડ્યુ માછલુ નાસી પેઠુ નીર શીયાળ આંખો ચોળી રહ્યું થયું દામણું દીન ઓશીયાળુ ઉભુ રહ્યું જળમાં પેઠુ મીન નારી નાંતીતી નીરમાં ધારતી ખોટા ધરમ હાથ ખંખેરી હશી પડી કર બે કુટયા કરમ મેર મેરરે મુરખા બુદ્ધિ તારી બાળ જમ મારી બહુ લોભથી સાંભળ તુ શીયાળ માંસ ખાઈ બેસી રહત તો તુજ પેટ ભરાત તાકત નહી મછવો તો તું સુખીયો થાત અધ મળે આજીવિકા આખાને જેથાય સામા કહે શિયાળને તુજ ગતી તે થાય સલક્ષણી શિયાળવાને બત્રીસ લક્ષણ બુધ ભુત ભવિષ્ય વરતમાનની સધળી તેને શુદ્ધ બુદ્ધિ વીચારી બોલીયું શીખામણ દે સાર તારી ગતવસ્તુ નવ લહે પરનો કરે વિચાર મારે મછ મળશે ઘણા મળશે ઝાઝો માંસ જો ચતુરા નહી ચેતશો, ધનનો થાશે ધ્વંશ રંગા તેં રાજા તજ્યો ઘણી બેઠી શીળ આંખ્યો તુ ચોળી રહી. માલે લીધો માલ બાળ ચંચળતા તાહરી ડાપણ તારૂં બાળ શંભુસેર રાજા તજ્યો કબજેથી છુટ્યો માલ નીચમાં નીચ તું નાર છે ભામની ખોયો ભાર માલો તો મુકી ગયો ઘસ તું હાથ ગમાર ધીકધીક ડહાપણ તાહરૂં ધીક તારો અવતાર માલો તો મુકી ગયો ઘસ તું હાથ ગમાર.

(ચોપાઇ) માલો ચાલ્યો થયો મગન નીરમાં નારી રહી નગન લોભ થકી તો લજ્યા ધરે, લોભ માન મર્યાદા ધરે લોભે શોભે સંકટ શુળ અતી લોભ તે પાપનું મુળ અધ મુકી આખાને ધાય; તેની એજ અવસ્થા થાય એ વાત અહીયાંથી પછી રીત બીજી શી થઇ શંભુશેર રાજા શિવ રૂપ; ભારે કર્મવંતા તે ભુપ, શીકાર રમી આપે પરત્રિયો, કોટીધા લશ્કર લાવીયો, ચડયો મેઘ જોબનને જોર. દિઠુ ત્યાં અંધારૂ ઘોર, ડાહી એહ બોલાવી દાસ; અહ નિશાની સંગ નીવાસ, રાણીનું કીધુ કેને હરણ, કે કોઇએ પમાડી મરણ કેટલા એકને દાધી આંચ, કેટલા એકને પરઠી સાંચ; કેટલા એક પગી તેડીયા, અધીક હલકારા ખેડીયા. મેલું કીધુ બધુ ગામ કોણે નવ દીધુ કાંઇ નામ; કોઇ થકી સરીયો નહી અર્થ, ગયો ઘરમાંથી આઝો ગર્થ, દાટયાં ને વળી સાંચ્યાં સર્વ, કહી ચાંલી આણી મન ગર્વ; 'નિશા રાઇની થઇ, જુવંતી જારની સાથે થઇ, ઘડિયા જોજન સાંઢયો સાચ; મોકલી શંભુ શેરે પાંચ; દેતા દોટયો ગામે ગામ, નગરનિવાસી ઠામો ઠામ. ગુહા ગહવર નદીઓને નીર, સમુદ્ર બેટ પર્વતની તીર; પકડી લાવો પલકજ માંય. ધરા મુકીને જાવો કયાંય, ખોળે પ્રથ્વી ખોળો આકાશ; પકડી લાવો મહીપતિ પાસ; ન રાખે દેવ અથવા દાનવી, કુણ રાખી શકશે માનવી. ગામે ગામ ને દેશે દેશ; એહજ વાત તણો વરંવશ; રાજા પંડે તત્પર થયો, ખોળ્ય કરવાને પોતે ગયો. ૧૪૧. (દોહરો) સંભુશેર રાજા ચઢયો, લેશ ન લાગી વાર; નારી ના'તી નીરમાં, આવ્યો તેણે ઠાર. માલો તો મુકી ગયો, લાગી લેહેર લગન; વનિતા પાસે વસ્ત્ર નહીં, નારી છેક નગન. એટલે કંથ પોતા તણો, આવતો દીઠો દ્રષ્ટ; અરે ઇશ્વર આ શું થશે; કામની પામી કષ્ટ, માગે દામનો દાભડો; કેહેશે કયમ આવી આંય, કયાં જાર તાહારો ગયો, કયમ ઉભી જળ માંહ, કીર કહે સુણુ કામની, પુરણુ ધરને પ્રીત, વીજાર કરતાં આવડે, ન કહી રૂડી રીત. પાયે લાગે કેમ પતી, નારી નિર્મળ થાય; કલંક એ ઉતરે, કયમ મન સંદેહ જાય. પ્રભાવતી કહે પોપટા, મુરખ તારે મેળ; નારી ગઈ છે નિસરી, ખરો જાણેછે ખેલ. મુક્તાફળ માણેક અતિ, ધણાં ધરેણાં ધાટ; ચોરી ગઈ કે ચિંતની, વેદ ઉડી છે વાટ. તરૂણી તો તશ્કર બની, લશ્કર સાથે નાવ; નારી આવી હાથમાં. એ કયમ ચુકે દાવ, નિશ્ચે કરશે નરપતી, પંચઘટાળી પુર; દેશે એને શુળીએ, નારી ખોશે નુર. નાક એહનું છેદલે, છેદશે એહનું શીશ; કોટી કલ્પે નહીં ઉગરે, આવે બ્રહ્મા ઇશ. વીજાર વાત ચાલે નહીં, સાખ ન પુરે કોઇ; એ નારી નહિં ઉગરે, જો કૂળ ઉજલો હોય. ૧૫૨. (ચોપાઇ) શુક કહે સાંભળ સુંદરી, મારી વાત જો મનમાં ધરી; જોજો કહું વીજારી વાત, નરપતિનો ઉતારો નાદ. જબ મારી રહ્યો તે કંથ, જેણે પ્રૌઢો કીધો પંથ; જળમાં જુવતી દીઠી જેમ, અશ્વ દોડાવી આવ્યો તેમ. જીવતી નહી મુકું આ દીશ, સદા એહનું છેદુ શીશ; થયો કૃતાંત સરખો કાળ, આકુળ વ્યાકુળ દીસે ભુપાળ. તે કામીનિએ દીઠો કંથ, ચતુરા પોતે ચેતી ચંત; જેને મન ઝાઝી છે રીસ, નિશ્ચે હણુશે મારૂં શીશ. અર્થ ગર્થ હર્યો જેણીએ, ચરિત્ર એક કીધું તેણીએ; મસાણુ તેહ નદીને તીર, બળે છે ત્યાં સબ શરીર; જુવંતી જળમાંથી નિસરી, લાજ મર્યાદ ધણી વિસરી. છેક નગ્ન શરીરે ઉઠ, કરે પ્રદક્ષણા સબની પુંઠ, નાચે કુદે ને ઉછળે, ગાય ગીત ને ભાવે ભણે, સંભુશેરે દીઠું તેહ, નારી ઉપર પ્રગટયો નેહ. વસ્ત્ર પેહેરાવી પાસે લીધ. આગતસ્વાગત અધિકી કીધ; કહો રામા રણુમાં કેમ રહ્યાં, વસ્ત્ર આભુષણુ તે કયાં ગયાં. તમને કુણુ તેડી લાવીયું, ગર્થ ધરેણું કુણુ લાવીયું; નગ્ન સ્વરૂપ ફરો કયમ નાર, વનિતાનો એ નહી વેહેવાર. રૂડી નહી રામા આ રીત, ચતુરા કાંઇ ચેતો ચિત્ત; હોજલપડદે રહો મગ્ન, તે કયમ નારી ફરો નગ્ન, ચિતા માંહે બળે છે કુણુ, એ તો અચરજ દીઠું ઉણુ. આ કોનું

દેવળ કુણું દેવ, કોની તમે કરો છો શેવ, ચતુરા કહે માર્યો ચંડાળ; કુડકપટ કરનારો કાળ, ભવાનીએ લીધો ભોગ, તારો જેણે ટાળ્યો રોગ. સેકી ખાધું એનું અંગ, રાખ્યો માતાજીએ રંગ; સાંપડી મુજને લેહેર લગન, કાઢ્યાં વસ્ત્ર ને થઇ નગન. પાઉં પાઉંરે નારી નાથ, એમ કહી ધસ્યા બે હાથ, બેક્યા બેકયા બોલે બોલ, તનમાં કાંઇ ધરે નહીં તોલ. હસે ક્ષણમાં ને ક્ષણમાં રૂવે, લસ્કર બધું કૌતક જુવે; કોણે ઘેલી કીધી એહ, પરવશ દીસે છે એની દેહ. સુખપાલ બેસારી કીધી પેર, ઘણા હેતથી આણી ઘેર; આસના વાસના અધિકી કરે, અમ્રત મેવા મુખ આગળ ધરે. ન જમે અન્ન ન પીએ નીર, રાજાની તો ન રહે ધીર પુછ પુછારંણુ ને ઉતાર, ભૂવા ગણીક મળ્યા તે ઠાર. સામા તો નવ સાજી થાય, ચિંતામાંહે પડ્યા તે રાય; બહુ હાસ્ય જલ્પે ને લવે, જીવે નહિં એ જાણો હવે. ૧૭૧. (દોહરા)– વેશ વિપરીત બની ગયો, રંભાવતી જે રૂપ; બોલે બોલ ઘરમાં થકી, બહાર સાંભળે ભુપ. પોતે આપ એકલી, પરસ્પર કરે વિચાર; બહારથી જાણે એ હસે, ચરિત્ર કરે તે ઠાર. કહે ભવાની ભામ્યની, કહ્યું તમારૂં કીધ; માંટી તારો મુકીયો, તે સાટે તુજ લીધ. જક્ષ તુજને લેઇ જતો, સાચે એછે કંથ; ખાત તુજને ખાંતે કરી, આણત તારો અંત. પોકાર કરતી તું પ્રેમદા, મેં મૂકાવી તર્ત શેકી ખાધો એ દૈતને, મેળ પમાડયો મર્ત, ખીરખાંડ ઘૃતલાડુવા, વડાવેડમાં ઠાઠ; મુક ઉતાર મસાણમાં મણ એકસોને આઠ સાજી થઇશ તું સુંદરી, શુખ પામીશ તું તરત નહિતર તારૂં જાણજે, માઠી રીતે મરત ભોગ આપે તુજ ઘરધણી તો તો જીવે એહ, નહીતર એને ભક્ષ કરૂ, નિશ્ચે નિસંદેહ સંભુશેરે સાંભળ્યું એ શું કઉતક હોય મને ને એને મારશે, કળી શકે નહી કોય; બીતો બીતો બહારથી, બોલ્યો બુદ્ધિનિધાન કુણ છો ને તમે શું : કહો કરીએ એહ વીધાન, દુત હશો કે દેવતા હશો ભવાની ભુત; વાક્ય સિધ શીકોતરી આતો અચરજ અદભુત બોલી ઘરમાંથી બાળકી, લોપુ નહી હજુ લાજ, સાજી કરૂ છું સુંદરી કહે તે કરજે કાજ જરૂર હવે તો જાઉંછું; ન કરૂં ઝાઝો કોપ કહ્યું કામનીનું નહી કરે લજ્યા થશે લોપ. ચેટક ચેતાવી ગયું રાજાએ સુણ્યું કાન; સાજી થઇ તે સુંદરી, માનની પામી માન ૧૮૫ (ચોપાઈ ; જુવતીની નીરમળ થઈ જાત પુરણ ઉદય થયો પ્રભાત; લજ્યા પામી સાજી થઇ એકાંતે રાણી ઉભી રહી. ભામ્યની સાથે બોલ્યો ભુપ. રામા તારૂ રૂડુ રૂપ. સાચુ બોલો આપોઆપ, જુઠુ બોલે પરઠે પાપ શું વીત્યું ને શી થઇ વાત એવડો શો થયો ઉત્પાત. રાણી બોલી સ્વામી સાથ હેત ઘણેથી ઝાલ્યો હાથ શમ દીધા તો સાચું કહું નહી તો મનમાં સમજી રહું. કાળી ચઉદસનો હુતો દીન આપણે ઘેર કીધું ભોજન. શીકારે રમી તમો આવીયા, ચેટક કાંઇ સાથે લાવીયા, જમી રહી પોઢયાં એકાંત, આજ ભાગું છું મનની ભ્રાંત. માળીયા માંહે આવ્યો જક્ષ તમને તેતો કરવા ભક્ષ. પરવત જેવો તેનો દેહ, ગાજે જેમ આશાડે મેહ. અધીર નીંદ્રા મુકી ધણી પોઢયા ત્યાં ધણીયાણી ધણી; તમને લઇ ચાલ્યો જે-ટલે, ઝબકી હું જાગી તેટલે પાગે લાગી તેને પીછવ્યો, શામ દામ કરી રીઝવ્યો સાંભળ શામા ચતુરસુજાણ, જક્ષ વિચારી બોલ્યો વાણ રાજાને નદીએ લઇ જશું રૂધીર માંસ એનું ખાઇશું ચીતામાં શેકી વાપરશું જક્ષે એ સઘળી કહી વાત મેં તે સાથે જોડયા હાથ સ્વામી મુક મુજને લે સાથ. એતો મારો પરણ્યો ધણી એ જીવે જો મારો ધણી રાક્ષસ કહે તુજને નહી ખાઉ એ રાજાને હું લેઇ જાઉ ત્યારે તેને આપી સાંચ અર્થ ગર્થ સઘળી સાંચ; દાટયાં સાટયાં છાનાં જેહ અમો જક્ષને સોંપ્યા તેહ તારે સાટે હું ત્યાં ગઇ વળતી વાત ત્યાં બીજી થઇ લાવ્યો કાષ્ટ ચીતા તો રચી મનમાં હરશ ઘણો તે મચી મુજને ખાવા થયો મગન નીશ કપણે હું થઇ નગન નવરાવી તેણે મુજને નીર શેકવા માંડ્યું મુજ શરીર. મેં જાણ્યું

શે મુજને ખાય અગ્રી આંખ મધ્યે દુખ થાય એહ વાત મેં મનમાં ધરી ધણી મુકલી તે ઠામે કરી; વન્હીમાં નાંખે જેટલે મેં બુમો પાડી તેટલે ધાઓ ધાઓ કો દાતા દેવ સમ્પક પ્રકારે કર હું શેવ એટલે આવી ચઢી માત મેં તેને માંડી કહી વાત. લે જક્ષને પમાડો અંત, શેકી ભક્ષ કરો ત્યાં તરત મુજને કહે લાકુને ખીર એકસો આઠ મણ મુકો તીર, ત્યારે તમે પણ સાજાં થશો નહી મુકો તો મારર્યા જશો, મારાં વસ્ત્ર આભુષણ લીધ ભવાનીએ બ્રાહ્મ- ણને દીધ. તે વીષે દીધી આશીશ, કંથ તારાનું કોડ ભવિષ એવી ગતી થઇ ત્યાં માહરી, સાચું બોલુ રાણી તાહરી, શાબાશ શાબાશ તે કંથે કહ્યું મુજ માટે તેં દુખડુ સહ્યું, હુંતો ગયો સાચે શીકાર, હતી તું ઘેર નીરમળ નાર ઉભો એક આંબલી તળે ત્યાં લશ્કર કોઇ નવ મળે પાણી પીતો બીતો તો મન, કાળીચૌદશનો મોટો દન કાંઇક ચેટક સાથે આવીયું, સાચુ ભુપતીને ભાવીયું કહ્યા મઝી બમણું આપીયું. અધીક હેત સ્ત્રીશું થાપીયું. મશાણમાં મુક્યાં પકવાન માનનીને દીધાં બહુ માન નીત્ય ઉઠીને પ્રણમે પાય, જડી જુવતીને રૂડી જાગ્ય સો- ભીત પહેરાવ્યા શણગાર અલખત સુંપી અપરંમપાર એને દેખી જુગતે જમે એ સંગાથે રંગે રમે બીજી રાણીયો એની દાસ પુરપતીને લાગ્યો તેનો પાસ હું તારો અપરાધી રાંક ક્ષમા કરજે તું મારો વાંક મુજ માટે સંકટ બહુ સહ્યું એ દુખ મુજને ઝાઝુ અડયું, મુંજ માટે મરવા તું ગઈ ખરી નીશા તે મારી થઇ તું પટરાણી તારૂ રાજ હું ચાકર શેવાને કાજ તારૂ ધનને તારો માલ, મુજને તો કર્યો તેં ન્યાલ હું તારો પામર પેટીયો, વીનતાજી જાણો વે- ઠીયો કળજુગમાં એવી કામની, ભરતાર સાટે મરતી ભામની, બાધા જગમાં દેખી તું, માટે હેત કરૂંછું હું. ૨૧૪

(દોહરો) ખાધુ પીધુ ખુબી કરી, પીછે પડાવ્યો પાગ, પોપટ કહે પ્રભાવતી, જુવો જડી એ જાગ. એમ વિજારી આવડે, તો તો સુખે જાઓ; નહિંતર નાક વઢાવસો, ઘેર રાંધીને ખાઓ. સાબાશ સાબાશ કહે સુંદરી, સાબાશ પોપટ પવિત્ર; સઘળી વિદ્યા શિખવી, ચતુર ચારૂ ચરિત્ર. બુદ્ધ કથા એ બોહોતેરી, વાણી વિવિધ વિલાસ; ઝવેર જસવંતા આગળે, કહે કવિ શામળદાસ શ્રીનગરનોવીપ્ર જે. આવ્યો સિંહજ ગામ, ગ્રન્થ કરાવ્યો ગુણનિધી; નવે ખંડમાં નામ, શાણા સમજુ સમજશે. કહે કવિતા કરજોડ. શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૧૪ મી.

(ચોપાઇ) જય ગોવિંદે જય ગોપાળ, જય કરૂણાનિધિ કૃષ્ણ કૃપાળ; જય જગપતી ને જય જગદીશ, જય આદ્ય ઉમીયાપતી ઇશ. જય શુરનાયક જય દેવેંદ્ર, જય નવગ્રહ ભા- સ્કરચંદ્ર; સનખલપુર બહુચરી બાલિકા, જય કલ્યાણરૂપી કાલિકા. જય માતા ત્રાતા શીવ સિદ્ધ, જય અષ્ટ સિદ્ધિ નવનિધ; જય કીરતાર કરતા શુભ કામ, જય દશરથ સુત સીતા- રામ. જય ગુણનિધ ગરૂવા ગણપતિ, જય વિદ્યા સાચી સરસ્વતી; જયજય ઇષ્ટ અન્નપૂર્ણા આપ, જય નાનાભટ ગુરૂ પ્રતાપ; જય સીતાપતિ લક્ષ્મણ બંધુ; અયોધ્યાના નાથ કરૂણાના સિંધુ. પાષાણ જળ વિશે તારીયા, રાવણાદિક મચડી મારિયા; જય વંદ્રાવન ગોકુળચંદ્ર, દેવકીસુત નંદનો કંદ. અડસઠ તીર્થ ગંગા નર્મદા, સરસ્વતી દેવણ સર્વદા, કૃપામતિ તમારી હવી. કરૂણામય કહેવાણા કવિ. વાયુને વશ તરણું હોય, જોર એટલું કવિનું જોય. ૭.

(છપ્પો.) શીવ સરિખા તાત, માત ઉમીયાજી મોટાં; ઉપાસીક અધિક અનેક, એહવિણ સરવે ખોટાં. તેત્રીશ કોટી દેવ, સહુ પેહેલો પુજાએ; સહસ્ર અઠયાસી વિપ્ર, ગુણ સહુ તેના

ગાઓ. સિંદુર અંગે શોભતું, મોદીક અમૃત આહારછે; શામળ કહે સેવો સહુ, દુંદાળો દાતાર છે. (ચોપાઇ) વાત કામની તો નવ કળે, આવી પોપટ પાંજર તળે; જોરો કરતાં જીવ જ જાય, પેર મેનાની મુજને થાય. શામ દામ કર્યા બે ભેદ વારૂ જવા ન દેવી વેદ શાબાશ તુને શેઠાણી સાર ધનધન આ તારો અવતાર, કાશ શેઠ આપણો આવશે રિધી તે રૂડી લાવશે. ત્યારે પછી નહી થાએ જાર, ભરથાર તણો ભારેછે ભાર ત્યાર પેહેલાં તો રંગે રમો જાર એમાં બેશીને જમો તે ઉપર આણો બહુ હેત શુભ રજની સુવાડો સેજ, જુવતી તુજ જોબન જાય છે ઘડીએ વરસ સો સો થાય છે વળનીનો પલટાશે વેશ, ધોળા થાશે શીરના કેશ. કટિ સિથીળ થાશે સ્તન રંગ ભારે જોબન થાશે ભંગ તે માટે તમો તત્પર થાઓ જુવતી જારી રમવા જાઓ. વાત શુકની મનમાં વશી, હેતે ઘણે તે નારી હશી ખાતે તારા સમ ખાઉંછું જરૂર પણે જારી જાઉછું ખાન પાન પોપટને દીધ, કરૂણાદ કોડેથી કીધ, પાગે પ્રણમી બોલી તેહ કહી વાત આણીને સ્નેહ રખે કહેતો તું કોને વાત કરે શેઠ આપની ઘાત. પોપટ કહે સાંભળ પ્રેમદા, કંથ તે કોઇ જાણે નહી કદા. જાઓ રૂડુ કાવજો પ્રાત સમે વેલાં આવજો રખે તમો કહી જારે જાઓ જાય આઘ્રૂને મારજ ખાઓ ચતુર ચુહાણુની નારી જેમ, કરવું ઘટેતો કરજો તેમ, એમ વિજારી કરજો વાદ, જાઓ મનમાં આણી ઉલ્હાદ.

(દોહરો) પ્રભાવતી કહે પોપટા એતો અચરજ હોય ચતુર ચુહાણુ તે કવણ છે, કળી શકે નહી કોય. કોણ છે તેની કામની, કોણ તેહનો જાર, કોણ ગામને નામ કોઇ, ભોળવ્યો કયમ ભરતાર કઇપેરે ત્યાં ઉગરી, કયમ પતી લાગ્યો પાય, કોણ પ્રકારે છેતરયાં, કોણ દેશ કોણ જાત, શુક એ વિદ્યા શીખવો, કરો એટલું કામ ત્યારપછી જાશું અમો, ઠરાવ કરૂ આ ઠામ શુક કહે સાંભળ સુંદરી, વારૂ કહુ એ વાત, દહાડી કરોછો તેમ કરો, રહો આજની રાત વારૂ કહી વીનતા રહી શુક બોલ્યો શુભ વાણ; સુણે શેઠાણી વારતા. ખરી અમૃત રસ ખાણ; ૨૫ (ચોપાઈ) પીપળવાડુ પાટણ ગામ કુમારપાળ નરપતીનું નામ વરણ અઢાર વસે છે લોક રૂડુ રાજ કોને નહી શોક લોક સઘળાને લાડજ કરે, આણ ધર્મની સાંતો ફરે; તેહ ગામનો એક ઠાકરો અધિક તરવારી છે આકરો. અનમી ને અહંકારી રૂપ માને જેને મોટા ભૂપ, વશ વરતે છે બધુ ગામ, ચુહાણુ ચતુરો તેનું નામ તેને ઘર કામની કુળ બત્રિસ લક્ષણ ને બે ગુણ બુદ્ધ રૂપે રૂડી મોટમ મતી સરૂપાં નામ દેખાડી સતી થોડુ બોલેને નીચુ જુવે વહેલી ઉઠીને મોડી સુવે એક ચીતે ધણીયાણી ધણી અરસપરસ છે પ્રિતી ઘણી ૩૧ (દોહરા) એકદિન ન્હાવા કારણે ભાવે બેઠા ભરથાર; પાસે ઉભીછે પ્રેમદા સજ્યા છે શણગાર. અરસપરસ વાતો કરે ઉષ્ણોદક છે નીર ખાંડતણી બેળા કરી કરે છે શુદ્ધ શરીર એટલે વઇશનો દીકરો કર્મવત કુમાર જાતો દીઠો જુવતીએ છે પોતાનો જાર મદર પંચવિશ મલપતો રૂડુ અઢીયાળુ રૂપ ભરજોબન ભીને વાન છે. અકલ ઘણી અનુંપ વસ્ત્ર આભુષણ ઓપતાં, કામ સરીખી કાય નાવા બેઠા છે ચતુરો, તે માટે તે જાય મલુંકો નામ મારગ જતા દેવ રૂપ છે દેહ, મોહ પામી તે માનની, નારીને પ્રગટયો નેહ. રીઝી રામા રૂપના વિશે. વાગ્યું નેહનું બાણ, મન વળગ્યુ ત્યાં માનની, પરવશ પડિયો પ્રાણ, વળગ્યું મન તેમાં જઈ. ધારણ ન રહ્યું ધીર, આકુળવ્યાકુળ આપે થઇ. જેમ મછ વછોડયુ નીર, તે પાસે જવાને કરયુ, તે વેળા તે દીશ ચેતે ચતુરો ચીતમાં, તો છેદે બેના શીશ, કહે કંથને કામની જુવતી જોબન વેશ; મેલી છે તારી ચોટલી ઘણા ચીકણા કેશ પડી માંહી ઝાઝી જુવો, મેલુ સઘળુ શરીર; ઉને નીરે નહી ઉઘડે લાવુ શીતોદક નીર, જરૂર જાંબુડી કુંઇનું, નીર જઇ લાવેલા આધિકાણું ઉજ્જવળ થશે, કંથ કોડીલા કેશ. પાણી લાવું એક પલકમાં હમણાં

ન લાગે વાર; પાગરણુ નાનુ પેરીને, જુવન બેઠા ભરથાર, બેઢુ લેઇ આસી બારણે; નોક્ષરી નારી નેટ, નરતો નાના કહી રહ્યો, ઠગ તો પોચી કેડ, જઈ ભરવા જુવતી ગઈ બેડા રેહો નિજ કંથ, ઉઘાડે શીરે સ્વામી રહ્યો, પોતે પરવરી પંથ, ભરથાર વસ્ત્ર ભીનાં સહીત તડકે બેઠો તેહ. કેશ શુકવે છે કંથો ઉજ્વળ કરવા એહ નીનતા વહી ઉતાવળી, આવ્યો જઇને જાર, પ્રણામ કરયો ત્યાં પ્રીતથી, તું હડાનો હાર. તું આત્મ છે અમ તણો તુંતો મારો જીવ તન મન ધન તું માહરો, તું દેવાધિ દેવ, જુવતી વક્ષ જાળા તળે, હેતે જોડયા હાથ રમો મુજ સાથે રાજવી સંગ કરો મુજ સાથ કામાતુર કાયા વિશે, કામ વાસના પુર, ભરતારને આવી ભોળવી, ન્યાળુ તુજમાં નુર ૫૧ (છપ્પા) કામાતુર ન જુવે કર્મ કામાતુર ધર્મ ન ધારે કામાતુરને શી શરમ, કામાતુર મરે કે મારે. ન ગણે કામાતુર કામ શાસ્ત્રની વાત ન સુજે. કામાતુર ન ભજે રામ બુદ્ધિ એકે નવ સુજે. કોટી અવગુણુ કામ તુરે, ધર્મ મારગ તે નવ ધસે અપજશ જે અવની પરે. હરામ ને તેમાં વમે, કાં રંકને કાં રાય, કાં નારી કામાતુર શીર કલંક હોઇ હઠ હિમત હારી પૃથ્વીનુ પામે પાપ ક્ષયરોગ રહે તેને દેહે સ્વપ્ને ન જુવે સ્વર્ગ, તે પરનારીને નેહે, લક્ષ વિછીની વેદના. પડે તે નર જેલ દંડમાં શામળ કહે કોઇ રખે કરો, પ્રિત પરનારી પીંડમાં. ૫૩ (દોહરો) મલૂકો કે'રે માનની, અખ્યાન સત્ય છે દિશ, કથ ચતુરો ચેતશે. છેદશે બેનાં શીશ, દુરીજન દેખે દોહલા; માથે છે મખ્યાન, હવડાં કોઇક આવશે, જીવનુ જોખમ જાન, કામની કહેરે કાયરા. કેલ કરે આ કોક, જખ મારે છે ધણી, જખ મારે છે લોક, બાર ગાઊ ઉજડ ગણ્યા, ન ગણી ભરતારની ભ્રાંત, વિશમ હતી એક વાવડી, આપ થયાં એકાંત હુનો વા વાશે નહી નારી કે નવે નામ તુજ સામુ જે કોઈ જુવે કોકુ તેનો ઠામ વાડીમાં તે વાવ છે, તેમાં મોટો ખાડ. બે જણુ બેઠાં તેહમાં. ન મળે તડકો ટાઢ જોખ કરાવી જારને. ભગી તેની ભુખ, કામ શાંત પમાડીઓ, સઘળુ પામ્યાં સુખ. અતુરા સરખા ચાર લક્ષ, પ્રાજ્ય કરે સત પાંચ, જારને કહે જા જોખમાં ઉની ન આવે આંચ, માન્ય કર્યુ રે માનની કોપ્યા તુજને ઇશ વાર લાગી તુજને ધણી, ધણી છેદશે શીશ, સ્વામી મુજને શું કરે, તમે તમારે જાઓ જુઓ ચરીત્ર માંડીએ. લખ્યું હશે તે થાઓ. અરસપરસ આલોચતાં, ચોઘડીઆં વિત્યાં ચાર; નાવા બેઠો છે નાવલો, ભુપ સમો ભરથાર. ઘડી બે ચાર બેશી રહ્યો, વનિતાની જોઈ વાટ શામા શેવક મોકલ્યા, રોકયા પાણીના ઘાટ, નવ વાડી જંત્રાળીઆં, જોવરાવ્યાં વસમા ઠામ, રામા શે આવી નહી, ઘેલુ કીધું ગામ. ૬૬ વીશ ચાલીશ જન સેવક સરવ સમેત; સેડા સીમ જોઇ વળ્યા, એવું તેને હેત. ૬૭ (સોરઠો) પરહરી પોતે પ્રીત રીશે થયો અતી રાતડો રૂડી નહી એ રીત જા રાંડ મુકુ કયમ જીવતી લજ્યા કરશુ લોપ, દેખતાં વાત દેવટ કરૂં. કાયામાં પ્રગટયો કોપ, રજપુતને રીસાળવો. બ્રહ્મહત્યાદિક પાપ. આપ એનો મણે ગણું અતી બળ હું આપ છળ કરી મુજને છેતર્યો. ૭૦

(દોહરો) પ્રતિજ્ઞા પતિયે કરી. દુખ આદિ તે દીશ લાખ કોડ વિશે વસા આમાનુ છેદુ શીશ છળ કરીને છેતરયો. નીરનુ લીધું નામ કહો ભાઇ એ કયાં ગઇ જોવરાવ્યું બધુ ગામ જુવતીને મુકુ જીવતી બ્રહ્મહત્યાદિક પાપ દેખતાં તેને વાંત દમુ ઇશ્વર આણુ છે આપ લક્ષ દુવાઈ શિવ આગન્યા અંબામાતની આણુ અરજ કરૂ નહી કોઇને પરહરૂ એના પ્રાણુ મુજને જાણ્યો બાળકા મુજને જાણ્યો રાંક લાખ કોડ વિશે વસા વડો વહુવરનો વાંક જો મુકુ એને જીવતી દેખતાં એનો દેહ કોટી બ્રહ્મહત્યા હજે તજ્યો આજથી નેહ એમ પ્રતિજ્ઞા અતી ઘણી ક્રોધી દશને વીશ પોથી ઉપાડી પાટની વચમાં આવ્યા ઇશ વારયુ કોનું નહી

કરે નગરનું એનું પાપ. સીધારસ માનું નહી ન ગણું એના આપ જોણુડે જળ ભરવા ગઇ, ચેડી કોના ઘરમાંહ, બેસારયો મુને બારણે તરૂણી પોચી ત્યાંય, મુજને જળો વાણીઓ, બીગ મરીનું હાટ કપટ કરી ગઈ કામની વહી ગઇ બીજી વાર મુજને જળો બ્રાહ્મણો, બીજનો માગન હાર, હું રહીઆણો રાજવી, જશવંતો જુહાર પોપટ કહે સુણ પ્રેમદા, સે-હાણી સમરથ એ નારી કયમ ઉગરે, સરે કેમ એનો અરથ પએ કયમ લાગે પતિ શતી શી રીતે થાય, સાસુ સસરો કયમ નગે, ગુણ કયમ એના ગાય, ખમા ખમા સહુ કયમ કરે; કંથ કરે કરજોડ, સ્વામી કયમ શેવા કરે માનનીનો રહે ગોડ વિજાર વિદ્યા હોય તો; અ-કલ દેખાવો આજ. કેમ રહે જુવતી જીવતી કયમ રહે એની લાજ; કયમ વશ થાએ કંથડો કરે પ્રતીજ્ઞા કોક કેમ ગુણ ચાલે ગામમાં વશ વરતે કયમ લોક. પ્રભાવતી કહે પોપટા, મુરખ મુઢ અજાણ એક વાતે ન ઉગરે; પ્રેમદા ખોશે પ્રાણ. એને છાનું કેમ રહે, કહો એ સમ શા ખાય; માને એનો કંથડો સંદેહ સઉના જાય. શુક કહે સુણ સુંદરી, વારૂ કહુ એ વાત; સારી પેરે શીખજે. રહો આજૂની રાત પ્રભાવતી કહે પોપટા. ઓલવી એની આંચ, એહ વાત જો શીખવે તો ન જઉ દિવસ પાંચ વારૂ કહી વિનતા રહી, ઉતાર્યાં ઉજળા ચીર. વાત સુણ્યાનો ઓરતો, ધારણ ન રહે ધીર જુવતીએ જાર વળાવીયો. વધુએ વીચારી વાત; વડી વાર જાગી સુને, અતી થયો ઉતપાત એક પહરનો વાયદો, મોહ ઘડિ થઈ પાંચ કંથ, કોપશે સાહરો હેશે અધીકી આંચ એમાં ડહાપણ શુ કરૂ, એમાં શું સમ ખાઉ; ચાતુરી શી ચાળવું, કેમ મહપતી જઉ કુવા ઉપર એક પિપળી, હોળ તેનાં ડાળ અથાગ પાણી છે તેહમાં પાછળ બાંધી પાળ. રામા વળગી રાસડે કામની ઉતરી કુપ; કઠિ વળગી કરડે કરી મહા મનોહર કુપ ૯૬ (છપ્પો) દઇતા જાતે ડાહી; વિચારી મન વિજારી, ન જાણી કોની બીક, નિરભય થઇ તે નારી. કપટ ન જાણે કોય, પડી સહુ પડી પેખે; અરે અરે કહે એક દુનીયાં દુઃખ એવું દેખે વાત ચાલી બધા વિસ્વમાં ઉતાવળ કરતાં આંખડી ચતુરા ચતુર ચહાણની કલંક વરજીત કુવે પડી. બહુ બહાર અધીક અન્યાય એ આપે રાણી રહીયાળી રૂપ પડી પાણીમાં પાપે કોઇ મુછાળા મરદ કુવેથી કામની કહાડે કંથ એનાને જાણ પલકમાં પોહોચાડે. હાહાકાર સઘળો થયો જુગ બધામાં જાહરી ઓરાણને ચેતાવીયો, પડી તારૂણી તાહરી. ૯૮

(સોરઠા) વિનતા ઉપર વેર રાખનો તો જે રાજવી તરત ઉતરયું ઝેર પ્રીત પર-સ્પરે ધિક ધિક મુજ અવતાર અવગુણ જાણે છે એહના નિરમળ મારી નાર, મહા હેત મુજ ઉપરે, ધસમસ કરતો ધીર વરણાગીઓને વાંકો શથીલ થયું શરીર. થયો રાંકડો રાજવી, ૧૦૧ (દોહરો) જાતી જળ ભરતી હતી ચાર પંચ ને સાત દીઠી તેને દામણી વેગે ચાલી વાત ધુમ પાડી ત્યાં બહુ જણે. લોક જાય છે ત્યાંય ધસમસ કરતા જાય છે માંટી પોતાનો માંહ ચતુરા ચુહાણની ચાતની રતી સ્વરૂપા નામ પડી બિચારી કુપમાં થયું તે માઠુ કામ કાઢે મારી કામની કાઢે મારી નાર કડાં કનકના આપીએ આપુ એકાવળ હાર કુંડળ આપુ કાનનાં આપુ મોતીનો હાર ચાકર રહુ તેનો રહુ નિશ્ચે તે ન રધાર જાણુ તારા જળ તણા પ્રઉઢા ઉતરયા પાંચ બેસારી કઢી બારણે, નાવી ઉંની આંચ, પુછે છે પાડોશણ, પુછે સહીયરનો સાથ કેમ પડ્યા ત્યાં કુપમાં, કહો વિગતની વાત નાહાવા બેઠા તો નાવલા, સહયો તડકો ને ટાઢ; હુતો જળ ભરવા ગઇ, જાણુ પુજે હાડ એમ કહી ઉતા-વળી, નર કાજે લાવુ નીર; આંટી આવી પગ તળે. પડી હુ તેની તીર વેલે વળગી હું રહી ભાગ્યાં હૈડાં હાર જળથી જીવતી નિસરી, પરમેશ્વરનો પાડ વળગાડી વિશેષ જન ખમા

ખમા કહે લોક, કોપ્યો તો જે કંથડો સમીગો તેનો શોક વારી દીધાં વધામણાં ઉતારયા ઉતાર બાધા લીધી બહુ બાપડે ભાગ્યની ને ભરથાર, કર્યા લાખીગ્રા લાડવા ગુંદ સુકને ધ્રત, છઇડે પાક હેતે કરયો. તાજા ચુરણ તર્ત. માથે જળ ધાર્‌ડું માનની પોખ્યા ભાઅલ. ગામ જમાડ્યું ગુણુનિધી, ધાર્યો રૂડો ધર્મ. સાબાશ સાબાશ સુલક્ષણી, કહ્યું વાર દશ વીશ; પ્રાણ જોઆ તેણે પ્રિતથી, તજી રૂઠયા રીસ. સમ સહસ્ત્ર વાટે ગયા, પ્રતિજ્ઞા કીધી પુર કિંકર કીધો કંથડો, નારે વધાર્યું નુર. જ્યાં સુધી તે જીવીયાં, અવગુણ નાણ્યો એક ચાકરી કરી ચતુરા તણી વનિતાનો વધ્યો વિવેક. એમ વિજારી આવડે. તો જારીએ જાઓ, નહિતર ઘર બેઠાં રહો. ગોવિંદના ગુણ ગાઓ, બુદ્ધનિધાન શુક; બોતરી શેઠાણી સંવાદ શામળ કહે સંક્ષેપમાં આણી મન ઉલ્લાદ. રામ કૃષ્ણ ગોવિંદ કહો, ઠીક પહોંચાડે ઠેઠ. ઝાકળ નીર કે ઝાંઝવા. તેને ન ભરાયે પેટ; ગુર્જર દેશ ગરવે ઘણો અમદાવાદ અધિપત, કિંકર સહુ કવિઓ તણો, છગે શાસ્ત્રની છત, મહીમા માતર પ્રગણે, સિહુંજ માંહે સુજાણ, કવીની કીરતી સાંભળી, વિવિધ પ્રકાર વિવાણ વાસણ વંશે અંશપત્ય રખીવલ કેરો તન; ગ્રંથ કરાવ્યો ગુણનિધી, મહીપતિ જેવુ મન ઝવેર જશવંતા આમજો, કહે શામળ કવિરાજ, કુળ દીપક તું કહાવીયા લક્ષ કોટીધા લાજ. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પિતા પુરશોતમ તણો, કહે કવી શામળદાસ ગાય શીખે ને સાંભળે, કહે કવિના કરજોડ; શામળ ભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૧૫ મી.

(ચોપાઇ) શ્રી ગણપતીને નામુ શીશ, આરાધુ ઉમીયાપતી ઇશ શેવું શ્રી મુખે સારદા, નીરમળ નામ જેવી નરમદ, ગુણ સારદા કેરો ગાઉ પલક એકમાં પાવન થઇ માતા સરસ્વતી સંકટ હરે, પંડીત સહુ પરણામજ કરે. પુન્ય પુરાણ પરમારથ થાય; શુક બોતેરી ગ્રંથ ગણાય ઘણી શીક્ષાને ઝાઝુ પુન્ય, એકે વાતે ન મળે નુન્ય. (છપ્પો) ભણ્યો એને જે ગ્રંથ, પરનાર જેણે નવ પરખી સાંભળ્યો જેણે ગ્રંથ, નીચ બુદ્ધિ નવ નીરખી. ભણ્યો ભણાવ્યો ગ્રંથ, અધરમ તેણે નવ દાખ્યો; સંભળાવ્યો જેણે ગ્રંથ, ચતુર અમૃત રસ ચાખ્યો. શ્રાવણ કરયો સતવાદીએ કયાં નરને કયાં નારીયો શામળ કહે સ્વરૂપના વીશે, જુઠી કરી નહી જારીઓ પરનારી સાથે પાપ, બહુ હત્યા બેશે, અઠાવીશ નરકના કુંડ પાપ કરનારો પેસે એક પત્ની શ્રીરામ દીલ પોતાને દાખી, શતવંતી સીતા કામ્ય, રીત ઘણી રૂડી રાખી બુદ્ધિવંતા બાપડા, કામ જીત કોઇ નવ થયા, જન્મ મરણ જોખમ જરા, કોડ અવતાર કવીએ કહ્યા ૫ ચોપાઈ શંકર નંદને પરણમુ, વારતા પંદરમી વરણવું, પંદરમે દીન પ્રભાવતી; રૂપ અનુપમ રંભા રતી. નીશા સમેતે ચાલી નાર સજ્યા સોળ સોભીત શણગાર, આવી પોપટ પાંજર તળે, માન્યની માન ઘણેથી મળે, અમ્રત દ્રષ્ટે નીરખ્યાં નેણ. અમૃત જેવા બોલે વેણ. ગુણ રૂડા કોના ગાઓછો, જુવતી કોણ ઠામે જાઓ છો, અંધારી રાતે એકલાં કયમ, સાચુ ના કહોતો મારા સમ, શેઠાણી શીદ જાઓ તમો, અધિક હેતથી પુછુ અમો ત્યારે બોલ કહ્યો નારીએ જરૂર પણે જાવું જારીએ શાબાશ શાબાશ વેલાં આવજો કથંક વરજીન કુશળ કહાવજો સૌભાગ્યદશા કેરી નાર, અકલ કેલાવી અપરમપાર; તેણે વેદ વિજારી કરી, સતી નગર બધામાં ઠરી. પતીએ સરવે દીઠુ દ્રષ્ટ, કાંઇ ના આવ્યું તેને કષ્ટ; પ્રણમ્યો તે નારીને પાગ્ય, એવી જુવતીએ ખોળી જાગ્ય. શેઠાણી પગ ખેંચી રહી, શુક પ્રત્યે એક કેહેણી કહી; સૌભાગ્યચંદ્રા તે કે શુ. એ અચરજ સાંભળીયાં ઓણ શી

રીતે એ નારી રમી, કયમ તે ગુણવંતાને ગમી, તે સદેહ ભગે! મા઼હરે તો તો પાડ માનું તાહરો શણગાર ઉતારી મુકે પરા, જો બોલ હોય સાંભળવા ખરા; બીને વસે બેસો તમો, અકલ ઘણી શીખવીએ અમો, જો સાંભળ્યાની હે,એ ગરજ, કરો કરજોડીને અરજ, વચન કામનીએ કોડે કહ્યું. પોપટજીએ સઘળુ લહ્યું. કહેવા માંડી વારૂ વાત, પંદરમા દીવસની રાત, નાયક ગામ નદીએ બેટ. શોભાગ્યચંદશા શાણો શેઠ. કરે દલાલી સોદા તણી, લાજ પ્રતિષ્ટા તેની ઘણી શોભાગ્યસુંદરી સ્ત્રીનું નામ, વખાણુ કરે છે આખું ગામ પ્રેમદા પાણી ભરવા ગઇ, ત્યાં તો વાત એક બીજી થઇ: સોદાગર આવ્યો તો એક. તરતીવંત છે તેનો ટેક. કરમજ હીણુ કથીર લાવીઓ, સંદા વાહણુ થકી લાવીયો; કરમચંદશા તેનું નામ, આવી ઉતરયો એને ગામ દલાલ સાથે તેને પ્રિત, ભાઇબંધ તણી જે રીત, શોદો વેચે શોદો લે, આખો દહાડો એકઠા રહે સુખ દુખ કેરી કહે વાત જીવ એકને જુજવી જાત; એક એકને કહે વિતક પેર, રૂડું ભુંડું નીપનું જે ઘેર. ૨૨

(દોહરા) ઉતારે એકઠા મળે, પ્રિત રીતની પેર; કોઇ કોઇને દુભે નહી, મનમાં આણે મેર. એક દિવસ સરોવર વિશે. બેઠા સોદાગર માંહ: પાણી ભરવાને મસે, તરૂણી આવી ત્યાંય અરસપરસ થઇ પ્રિતડી મળીયાં નેણે નેણ, મટકો મુખ કેરો કરી. બોલી અમૃત વેણ. ભલે પધારયા ગામમાં ભલે દિધુ દરશન; ભલે આજ મળીયા તમો, થયા પ્રભુ પરશન. વાયદો વિનતાએ કરયો. પુરણ પ્રિતે પેર, અઢી પ્રહરે આવજો. ઘણા હેતથી ઘેર. પુરવ જન્મની પ્રીતડી, જુગદીસે મેળવ્યો જોગ, લાડ લડવું લક્ષથી, ભોગવો રૂડા ભોગ રમી જમી તમો જજો. કરજો આનંદ અપાર કહો એંધાંણ તમ ઘર તણાં, સાપનીને મન સાર, પોપટને મોઢે પીપળો, ઉગમણી ત્યાં ઓળ; સામું ઘર છ શેઠનું પ્રતાપશાહની પોળ; મેડી રંગેલી માહરી તુળસી કયારો ત્યાંય: આંગણે મોટો ઉમરો, તરત આવો તે માંહ. બાંધી છે પરબડી, ખાસ પાણીનો કુપ; ઊંચી છે અટારીઓ. એ એંધાણ અનુપ. દરવાજેથી ડાબી મગા, વણીજ સહુના વાસ પાસે દેરૂ પરીબ્રહ્મનું, તેજ પુંજ પ્રકાશ, વાયદો કરી વીનતા વળી થયા ખરા મધ્યાન, સોદાગરનું મન થયું. જોવા વીવીધ વીધાન. પુછયા પુછગે પરવરો. ઓળખ્યા છે એંધાન ચંચળ થઇને ચાહીઓ, જોતા ચતુર સુજાણ હરખે નીરખે નેહથી, હરખે હૈડા માંય; વરસે અમૃત વપુ વિષે, તરતજ આવ્યો ત્યાંય. આસ્વાગત અધિકી કરી, ખટ પાણી ને પાન; ભલે પધાર્યા પ્રિતે જન, શુભ કીધાં સન્માન. સોદાગર બેઠા સજ થઇ, સાચવ્યા ભામાએ દાર; એટલે અચાનક આવિયો, ભામનીનો ભરથાર. રહેજે ઠેકી સાંકળી, કડકડ થયાં કમાડ; સોભાગ્યચંદ કહે સુંદરી, ઉઘાડ ઉઘાડ ઉઘાડ. સોદાગર કહે શું થશે, કયમ પલટાશે દીશ; કુડકપટ કંથ જાણશે રહેજે છેદશે શીશ. રાખ્ય મૂને કંઇ કામની, છાનો છપનો ઠેર; પ્રાણ સ્થીર રહેનો નથી, પડગો ધ્રાશકો પેટ. જુવતી કહે જખ મારશે રખે બીહો મૈન માંય; કમાડ પછવાડે રાખીયો, તરૂણી ઉભી ત્યાંય. કમાડ ઉઘાડયાં કામની, ભુવન ગયો ભરથાર; કાઢી મુકયો કામની, એ જુવતીનો જાર. કોણે મર્મ ન જાણીયો, વે દીન વીત્યો ત્યાંય; બીજે દીન શું નીપન્યું, માનની મંદીર માંય. બીજે દીને બે જણા; મળ્યા એકઠા એહ, શેઠ આગળ સોદાગરે, તરત કહ્યું છે તેહ; કાલે મળી એક કામની, ઉંચી અદભુત રૂપ; તે મુજને તેડી ગઇ, ભામની ભારે ભુપ. તેને કાને છે કોટીયો, સાત ગજના શીશ કેશ; કર કનકનો ચુડલો, જોબન બાળો વેશ. પીંપળવાળી પોળમાં, તુલસી કયારો ત્યાંય; અઢી પોહોરે એકલો, પેઠો મંદીર માંય. એટલે આવ્યા તેનો ધણી, મુજને [illegible] બીક, હિંમત દીધી છે હેતથી, [illegible] દીધી શીખ. કમાડ પછવાડે રાખીયો, [illegible]

ક્યાં જઇ બહાર; ઘરમાં ગયો તે ઘરધણી, જોખમમાં કાઢ્યો જાર. સમ દીધા છે શામટા, બ્રહ્મ હત્યાદિક પાપ; જરૂર આજ જાવું ત્યાં, અઢી પોહોરે આપ. વિસ્તારી વાતો કરી, પ્રીછ્યો સઘળો પાર; એતો મંદીરે માહરે, નિશ્ચે મારી નાર. છેતરાય નહિં છેલડો, ડાહ્યો જે દલાલ; અઢી પ્રહરે જોઉં પારખું; માનની કેરી ચાલ. કોઇ કોઇને નવ ઓળખે; કોઇનું ન લે નામ. આજ જોઉં હું એહને; કરે છે શાં શાં કામ. સાબાશ મિત્ર માહરા; જરૂરપણે ત્યાં જાઓ; રખે એમાં અરજ કરો; લ્યો લાખીણો લ્હાવો. દલાલે દિલમાં લહ્યું; આજનો જોવા તાક; લુંટાવું લક્ષ્મી એહની; નારીનું વાઢું નાક; કથીર કરમજ ને કસ્તુરી. માગે છે મોંઘે મૂલ; ચોર કરૂં એ ચતુરને; ધન સહુ મેલું ધુળ. અઢી પ્રહરે એકલો, સોદાગર શ્રીમંત; પેઠો ઘરમાં પ્રીતથી, લાગી લેહેર લગન. આસન બેસન અતિ ઘણાં, ખાનપાન સન્માન; એટલે આવ્યો ઘરધણી, કરતુક સુણ્યાં ત્યાં કાન. ઉઘાડ ઉઘાડ ઉતાવળી, ઘણું જરૂરી કામ; ઘરાગ ખોટી થાય છે, લાભ જડે દશ દામ. સોદાગર નથી જાણતો, એ તો મારો મિત્ર; દલાલના મન ખરખરો, જોવું આનું ચરિત્ર. સોદાગર કહે શું થશે, જશે આપણા પ્રાણ; આજ નથી જીવ્યા તણી, વિપરીત બોલ્યો વાણ. મૂજથી રહેવાતું નથી, જાયછે મારો જીવ; પેશાબ થયો પાગરણ વિશે, વળી રૂઠ્યો નિશ દૈવ જખ મારે ઘરધણી, મનની ચિંતા મેલ; લાડ લડાવું લક્ષવસા, કરો રંગની રેલ. વનિતાએ વિંટયો વાડમાં. ઉભા કર્યા ત્યાં અશ્વ; ઉતાવળે બાર ઉઘાડીયાં, સ્વામી આવ્યો સદ્ય. કમાડ પછવાડે કંથડો, ચતુર જુવે ચોપાસ. કાંઇ કપટ દીઠું નહિં, વેદ પોતાનો વાસ; માંહી તો મેડે ચઢ્યો, ચતુર વિચારી ચંત; જાર વળાવ્યો જુવતીએ; પરવરીઓ તે પંથ. બીજે દિવસે બે જણે, કરી વિગતની વાત; કાલ કામનીને કંથડે. અધિક કર્યો ઉત્પાત. સોદાગર નથી સમજતો, દલાલ ધરણીધાર. પ્રેમદાપણ નવી પ્રિછતી. વાત કરે છે વરતન, મંદીરમાં ગયો ઘડી; એક બેઠો ત્યાંય, એટલે તેનો ઘર ધણી, આવ્યો મંદીર માંય. વિંટયો મૂજને વસ્ત્રથી; વાડ તણો જ્યાં વાસ. જાણે નહી તે જુગતથી; ફેકટ કાઢી કાશ. વળી આજ છે વાયદો, ખાધા કપરા સમ; ગમે હાથ વાહા ઘણા. કહોની કરીએ કયમ, મરદ દીસે છે માનની: ભોળો દીસે ભરથાર, આજ ઘડી વેહેલા જાશું; એહ કર્યો નિરધાર. હા ભાઈ આજ પધારજો, કરી આવી શુભ કામ; વાત કહેજો વિસ્તારીને, મૂજ આગળ આ ઠામ. કંથ તો મનમાં કળકળે, એતો મારે ઘેર: આજ પાડું બે એકઠા, પછે કરૂં હું પેર. સોદાગર તો સંચર્યો, વાયદો વાળ્યો વર્ત; એટલે સ્વામી શામા તણો, તે વેળા આવ્યો તર્ત. સેજે ઠોરી સાંકળી, ઉઘાડો નીજ નાર; કામની કામછે માહરે, બેસી રહું કયમ બહાર. ઉઘાડ નાર ઉતાવળી, દેહમાં પ્રગટયું દુઃખ; કાલ વાળુ કર્યુ નથી, ભારે લાગી છે ભુખ. થરથર તેતો ધ્રુજીઓ. મૂને રાખ્ય આ દીશ; કોઇક વેળા તાહરો, સ્વામી છેદશે શીશ. રખે બીતા તમે રાજવી. ધ્રુજાવો માં દેહ; રાખું મૂજ રૂદીઆ વિશે; જખ મારે છે એહ. કુંડુ એક કચરા તણું, જળ ભરવાનું જોય; તેતો ઉંધું પાડીયું, કૃત્ય ન જાણે કોય. ઘાલ્યો નર તેને તળે, જઇ ઉઘાડ્યાં બાર; ઘરમાં નેડયો ઘરધણી, નિસંકપણેથી નાર કમાડ પછવાડે કંથડે, જોયું ત્યાં જરૂર, વળતું જોયું વસ્ત્રમાં, પ્રીત ઘણેથી પુર. મંદીરમાં જોયું માંહીએ, નીમેશ ન દીઠું નત્ય; ખાવા બેસાર્યો ખાંતથી, કરવાં કામની કૃત સ્વામી પાછો ચઢ્યો ગયો, મન વીચારી વાત; તે કોઇએ જાણ્યું નહી, ખરી કે ખોટી ખ્યાત ત્રીજે દિવસે તેતો મળ્યા. વિગત સઘળી કરી વાત. કામની રાખ્યો કુંડાં તળે, વાળી ભજાવી ભાત.

વળી આજછે વાયદો, જાશું ત્યાંય જરૂર, ખબર કેહેવી તમને ખરી, રવી ઉગમતે સુર; ચોથે દિવસે ચતુર નર, ગયો વનિતાને વાસ. સનમાન કરયા ત્યાં સુંદરી, પ્રીતે બેસાડયો પાસ; ખાઓ પીઓ ખુશી કરો રહો ઘડી ચારેક પાંચ જખ મારે ઘરનો ધણી. ઊની ન આવે આંચ; ભાન ભરથારના મન તણી ઓલાયે નહી આમ જુવે ઘણુ જંખે ઘણુ જડે નહી કાંઈ જાગ; એટલે શેઠજ આવીયો ઉત્રડો પરની નાર ક્ષણુ ક્ષણુ ખોટી થાઉંછુ. બેશી રહુ કયમ બાર. અગોચર રાખ્ય કહી ઓરડે, ધણી રૂપી છે ધાડ. જીવ જરૂરી જાય છે. શામા તુ સંતાડ; નગારૂ એક નિશાનતુ ત્રંબાળુ તરતીબ, મઢયા કારણુ મુકીયુ ચર્મ વીટીને ચીબ, તેમાં ઘાલ્યો તેહને, ઉપરવીટયું ચર્મ સોધીને સ્વામી ગયો, કુડી પોતાનુ કર્મ; જોયુ બારણે વચમાં, જોયુ કુડાં હેઠ શમ રાખી સદાશીવે, નથી ઘરમાં કોઇ નેટ; ઘડી બે ચારેક ત્યાં રહા, કાઢી મુકગો બાર. બીજે દીન શું નિપન્યું, કહી તે વાત વિચાર દલાલ સોદાગર એકઠા. વહાણે પુછી વાત. કાલ્ય ગયાતા ગામમાં, થાતો તો ઉતપાત; બેસારયો મુજને બારણે પ્રણામ કરીને પેર તે વેળા તેની ઘડી, ઘરધણી આવ્યો ઘેર, હું તો લાગ્યો કાંપવા, તરૂણીની હિંમત ત્યાંય; નગારા નીચે રાખીઓ, સ્વામી ખોળે કયાંય. ઘરધણી તો ઘરમાં ગયો, જમવા બેઠા જોડ; કાઢી મૂકયો કામની, કંથ જુવે કયાં કોડ; કપરા સમ ખાત્રા કામની, બ્રહ્મહત્યા દિક પાપ. જરૂર જાવું છે માહરે, એકલા આપો આપ; પંચમે દિવસે પરવર્યો, બેઠો જઈ એકાંત. એટલે આવ્યો ઘરધણી, ખરી જોવાને ખાંત; કહે સોદાગર કામની, છાનો મુજને રાખ્ય. સુણુશે તો તો મારશે, શિવજી કેરી સાખ; ગોદડા માંહે ઘાલીઓ, ઉપર બેઠો કંથ. અરૂપરૂ ખોળી મુનો, પરવરીઓ તે પંથ; વળી વહાણુંમાં વાયદો, ગયા સરોવર બેટ. એટલે મિત્ર ત્યાં આવીઓ, દલાલ સોદાગર શેઠ: કાલ ઘાલ્યાતા ગોદડે, આજ જાવું છે ત્યાંય. ગયા કેડે જે નીપજે, કહીશું વહાણું માંય; શેઠ બીચારો શું લહે, એનું ઘર એની નાર. પોતપોતાના શિષ્યનો, સદા કરે સંસ્કાર. છઠે દિવસે છેલડો, ગયો રૂવાણી ને વાસ મંદીર; અટકાવ્યું માનનો, પ્રીતે બેસાડયો પાસ. ગુહ્યગુહ્ય ગોષ્ટી કરે, અરસપરસ અપાર; અચાનક આવ્યો તે આંગણે, ભામનીનો ભરથાર. જાર તે સ્ત્રીનો બોલીઓ, શામા તું સંતાડ; ત્યારપછી તું તારૂણી કોરે દ્વાર ઉઘાડ. ઘંટી એક ગોજારમાં, એને બેસાયો ત્યાંય; ઓઢણું આપ્યું ઓઢવા, મ્હાલો મંદીર માંય. દયણું તો દળવું પડયું, કિરતાર તણો એ કોપ. જાણુત તો જોખમ કરત; લજ્યા થાતી લોપ; અરૂપરૂ તે તો જૂવે; ચતુર તે ચૂકયો ચોટ. એને મન વિચારીયું; દળે છે લુંડી લોટ; શામળભટ શિક્ષા કહે. સુણજો સહુ સંસાર; પરનારીની પ્રીતથી; અવગુણ લક્ષ હજાર. લક્ષ વિંછીની વેદના; ખરો એ છે ક્ષય રોગ; પરનારીશું પ્રીતડી; તેનાં કર્મના ભોગ. એમ કઉતક કોટીધા કર્યા ઠીક કર્યા બહુ ઠાઠ. છાનો રાખ્યો છળ કરી દિવસ થયા એમ આઠ, એક દિન રાખ્યો કોઠીએ; બીજે ટાંકામાં તરત; ખસી પડત જો ખાડમાં, તો તો પામત મરત વિતી હકીકત જેટલી, કહી દલાલને વાત. હવે પરદેશે ચાલશું સારો છે સંગાત તમે ચાલોને ચતુરનર આણે પુરણુ પ્રિત જમવા પધારો જોખમાં રૂડી એતો રીત ૧૯૯

ચોપાઇ—સોએક કપરા ખાધા સમ કોહો જમવા નવ આવો કયમ તમો શાહુકાર મોટા માહસ અમોલું વાણોતર તાહરા કરમ લખ્યું તેવી રિધ રાખ્યા, માસ બે માસના રોટલા જમ્યા અતિશે તમે દેખાડ્યુ હેત; સોંપ્યું તન મન ધન સમેત ૧૨૧.

(દોહરો) સોદાગર સમજે નહી એની નારશું તેહ વતી જુવો ગોરીની શું નિપજી એક; નારી પણ નથી જાણતી માડીએ છે મિત્ર એ ઘરને ભાગ એકઠા ચતુરા કરે

ચરિત્ર નારીને કહે નહિ નાવ લો સાંભળ નાર સુજાણ મિત્ર એક છે માહરો પરણો પ્રિત પ્રમાણ સોદાગર છે શાપતી શ્રીમંતમાં શીરદાર લક્ષપતિ છે લક્ષવસા ખુપ સમોવડ ભાર કરો ચતુરા ચાકરી પ્રિતનો એહ પરવેશ આજ કાલ તો અહી રહે પરમ દહાડે પરદેશ પાક કરો શુભ પેરથી પેરે પેર પકવાન સુંદર શાક શીરોમણી તરતીબ ઘણેરા તાન જમવા નેડગો જોખમાં આવ્યો ગુણવંતો ઘેર એક એકને ઓળખ્યાં પછે શી પરઠી પેર સોદાગર શરમાઈ ગયો, એનો મહારો મિત્ર, રખે હોય જો જાણુનો, જે મેં કરયાં ચરિત્ર. ચીતમાં ચેતી ચંતવી, એ માંટીને મિત્ર, રખે કળ્યો હોય કંથડો, ચોર વિદ્યા ચરિત્ર. જમાડો જુગને કરી, પ્રિતે આપ્યાં પાન, આપ આપણા મન સમજ્યા, કોને ન કહે કાન આજ્ઞા માગી સંચરયો, સોદાગર નીજ ઘેર પછી પેલી પ્રેમદાતણી પરઠાણી શી પેર અરે દેવ એ શુ થયું. આતો હતો ઉતપાત, દલાલ સરવે સમજ્યો વિનતા કેરી વાત. ૧૩૨ (છપ્પો) આઠ દિવસ ઉતપાત. દલાલ ડાહ્યાએ દીઠો ઉડયો ઝેર વરસાદ. વિશય વિશ લાગે મીઠો. જવાબ દેવાની જાગ. સ્વપ્નામાં નવ સજે. દશે દિશાની આગ, વિના બુદ્ધિ કયમ બુજે. દીઠ અણદીઠ કયમ થશે. લાખ કરોડ વીશેરમા. પોપટ કહે પરભાવતી, એ દેનોની શી દશા. ૧૩૪ (દોહરો) શુક કહે સુણ સુંદરી, સાંભળ ચતુર સુજાણ. કયમ વિજારી નીપજે, પંચ કરે પ્રમાણ. સ્ત્રી કેમ થાય માખણી પતી કેમ પ્રણમે પાગ. જાણો તો મુજને કહો. જડે જો તમને જાગ. માનની કહે સુણ મુરખા. પંખી જાત પવિત્ર: એ ઉપર ચાલે નહી, ચતુર તણાં ચરિત્ર આઠે દિવશે અવનવો. રાખ્યો ઠામો ઠામ; જુગવે જોવાને ગયો. તે સ્ત્રી કેરો સ્વામ. મોઢે માન્યુ મુરખે કહો સરવે વિવેક; તે આગળ કેમ ચાલશે, નાગી કેરા નેક. એક દિવસ એક વાંકનો, ડરાવી ન શકે હાડ એણે તો વાળ્યો એટલો અન્યાય કરયો દિન આઠ, પોપટ કહે સુણ પ્રેમદા વિજાર કેરી વાત સારી પેરે - શીખનું રહો આજુની રાત; શિખવ પોપટ પ્રીતથી સતી થવાને શાચ પાગ પડાવ્યો. પેઉને ના આવી ઊની આંચ ૧૪૨ (ચોપાઇ) શોદાગર તે ભોજન કરી લવીંગ શોપારી મુખમાં ધરી. આજ્ઞા માગી તે સંચરયો પતી વેળાવવાને પરવરયો તેતો નારી સમજી સરવ, ઘણો મુકયો મનથી ગરવ હીમત મુકી ખંખેરા હાથ ચતુરાઈ નહી ચાલે તે સાથ ખરો દેખાડુ એને ખ્યાલ નહી માને ડાહયો દલાલ મુને કપટ કરયું માંટીએ અતિશે લોધી છે આં ટીએ હવડે આવે વોળાવી ઘણી રીસ મુજ ઉપર કરશે ઘણી જેણે સરવે દીઠુ સાચ નાક કાપશે આંગળ પાંચ તેહ પેહેલી વિજારી કરૂ એવી હીંમત હઈડે ધરૂ પાણી પેહેલી બાંધુ પાગ ઓલવું દાવાદળની આગ અધરમ મારમાં આડી નથી કરોડ અવગુણ મારા છે કથી એક ઘડી ત્યાં ગઇ જાહરે તરણી વેશ ધરયો તાહરે.

(છપ્પા) મોર પીછ મુગટ વળ્યો વજર કછોટો મદીરા પાનનો કળસ માળ્યો કર મુખે મોટો શકતી શામ શરીર ભુત ભયાનક ભારી કરત્રિમ કારમો કોપ વિચિત્ર વિરામ તે નારી કામની કાળ જમ જાળીએ પ્રલય સરખી પારખી ઉઘાડુ ખડક કરમાં ધરયું શાણા શતરૂ સારખી, (ચોપાઈ) વજર કછોટો વાળી લીધ શકતી રૂપ કો સાચી બીજ બહુ બીહામણા કરડે દંત કે દષ્ટીથી આણે અંત સીંદુર વિભુતીને રૂદ્રાક્ષ મોર પીછ મુગટની સાખ મસ્તક સધડી બહુ વિધ બળે કૃતાંત રૂપ તે કોણજ કળે બીજા હાથમાં ધર્યું ત્રિશુલ દુશમનનાં જો કાઢે મુળ ખઉં ખાઉ કરતી ખેચરી પતી સામી પોતે પરવરી ભમર બાપ ચઢાવ્યાં શીશ રૂદે માંય રાખી બહુ રીસ જગત બીહુ તે જુગતે જોર કરત્રીમ, રૂપ કરે નહી કરોડ મહા સુરા દેખતાં બીએ રૂધીરપાનને મદીરા પીએ. પ્રલય કાળે અગ્નિ સાંપડયો ગરિબ વણીકનો સો આશરો એક ફુકમાં ફાટી જાય આંખ્યો ગળે કે આમીશ ખાય અગ્નિ ભડકા કાઢે

ઘણું તોલ જણાય નહી તરૂણી તણા મારગ સાંકડે મળીયો. ઘણી જવાળા રૂપ મળી એ- ગણી કાઢી ખાંડુ ધાઇ ધસમસી નાંખી શીસ ધણીપર ધસી જડી નહી તે નરને ભાગ પ્રદ- ક્ષણા દેઈ પ્રણમ્યો પાગ મારે માત હું તારો રાંક ક્ષમા કરજોજી મારો વાંક થર થર ધ- ર્જ્યો તેહ હલાલ મરણ્યા એ તારો ખુટ્યો કાળ રાખ્ય શખ્ય શક્તિ તું શરણ એમ કહીને વળગ્યો ચરણ જે તું માતા કહે તે કરૂ તન મન ધન તુજ આગળ ધરૂ હું ગરીબ તારો વાણીઓ ઉગાર માત મારો પ્રાણીઓ કહો તો ઘર ઉઠમારૂ તજુ ભાવે નિત ભવાની ભજુ કહો તો મુકુ ઘરને બાર કહો તો મુકુ પરણી નાર કહો તો મુકુ સરવે ધન મનાવું માતા તારૂં મન ત્યારે કાળી પ્રસન થઇ બોલ્યાં વચન ક્ષણ એક રહી જાજા જીવતો મુકુ તને તેં વચને સંતોષ્યા મુને અમૃત વચન કર્યું મુજ સાથ હેતે ધરી મુકયો શીશ હાથ (સોરઠા) જવાળા. મુખી નિજ નામ રીઝુ તો રાજી કરૂ મન ચીંતાવ્યાં કામ ખડગ તજે હાકુ બીજતાં પ્રેમદા નારીનું પુન્ય જા મુકયું જીવતો નીમેશ માત્ર નહી તુન્ય પ્રાણ લેતા એક પલકમાં ધરૂણી સતવાદી ઘેર તતક્ષણે તાજી તાહરી પ્રાણ ઉગાર્યો પેર કામનીના પુને કરી પ્રેમદાનો પ્રતાપ આજ આ ઘડીએ ઉગાર્યો પુરણ મળ્યાંતાં પાપ ભક્ષ કરત તુને ભાવથી એ વાતમાં સંદેહ નથી (ચોપાઇ) હું કહું તેમ કરજે એક કામ, જો હવડાં તું તારે ઠામ; તારી નારે કીધુ પુન્ય. નીમેશ માત્ર ન રાખી ગુન્ય. એક દીવસ સોદાગર જેહ, તું વળાવી લાવ્યો તેહ; તે ઉભો તો સરોવર તીર, તારી નાર ભરતીતી નીર તે સોદાગરે દીઠી દષ્ટ, કામની દેખી પામ્યો કષ્ટ, તેને વાગ્યું મોહનું બાણ, પરવશ પડીયા તેના પ્રાણ. તેને મન પ્રતિજ્ઞા કરી, હિમત એવી મનમાં ધરી પરનારીશું કેમ બોલાય, મનનો પડદો કેમ ખોલાય, તે મંદીર મારે આવીયો, કરમાં ખડગ પોતે લાવીયો તજવા માંડયા પોતે પ્રાણ, તે મુજને થયું ત્યાં જાણ. હાં હાં કહીને ઝાલ્યો હાથ, હું બોલી સોદાગર સાથ પ્રિત ધરી તે પ્રણમ્યો પાગ, ત્યારે મેં કહ્યું જે માગ ત્યારે એણે માગ્યું એમ, તારી પ્રેમદા ઉપર પ્રેમ એ નારીનો સંગમ થાય, તોતો જીવ ધરૂ આ કાય દેવી કે તે દીધુ દાન, માન્યની તુજને દેશે માન જુવતી વાલી છે જેહને: સંતોખીશ હુંતો તેહને વચન મારૂ મિથ્યા જાય. ત્રણ લોકતો પ્રલે થાય તારી નારી સુતીતી ત્યાંય કહું સ્વપ્નમાં પ્રગટી ત્યાંય. સોદાગર સાથે એકવાર, જુવતી જઇને કર તુ જાર નકાર નારીએ કીધો સરવ ઘણોક મનમાં આણ્યો ગરવ માતા દુઃખ લાગો કે સુખ પર પુરૂષ નહી નીરખુ મુખ, અફળ બોલ જશે આપના, બોળીશ નહી પરીઆ બાપનાં, ના કહી વાર એણે દશ વીશ ત્યારે મુને ચઢી બહુ રીશ, મેં કહ્યું હું તુજને ખાઉ આવીને નીરમુખ નહીં જાઉ, મારૂ તુજ પિતાને માત; મારૂ તારા સાતે ભ્રાત, મારૂ તુજને હું આ રીશ, નહી તો છેદુ તારૂ શીશ; ત્યારે તો તેણીએ હા નવ કહી, સતી સીરોમણ એતો સહી; પર પુરૂષ સામુ નહી જોઉ, પતિવ્રતા સીઃ મારૂ ખોઉ. ત્યારે મેં કીધો ઉચ્ચાર. ભક્ષ કરૂ તારો ભરથાર: અંતરીક્ષ હું એને લેઇ જાઉ, શેકી માંસ પ્યારાનો ખાઉ, મિથ્યા બોલ જાએ માહરો. સ્વામી કેમ જીવે તાહરો. એહ વાત એને નવ ગમી, વળતી તે તો નારી નમી; ભરથાર મારો જીવે જેમ, કૃપા કરીને કહોને તેમ સોદાગરને તેડી ઘેર પુરણ પ્રીત રમાડો પેર; તો જીવે તારો ભરથાર, જાણું હું હઇડાનો હાર બીજે દીન સોદાગર જાય તરૂણી આવી તારી ત્યાંય, તે સંઘાતે કીધી પ્રીત, જેવી રાજ- વીઆની રીત. તે સંઘાતે મળ્યો ઠાઠ સોદાગર તેડયો દીન આઠ; તે તો તારો પુરણ મીત્ર, ચતુરા તણાં કહ્યાં ચરિત્ર. તેણે વાત માંડી કહી તુને, તે સરવે સમજાણુ છે મુને; આજ તેં પરદેશી ગયો, તેનો મનોરથ પુરણ થયો. તારી સ્રીનું રહ્યું છે સત, પુરણ તારી રાખી પત વચન પાળીને રહી છે શર્મ, રાખ્યો ઇશ્વરે સહુનો ધર્મ, ઘણી લક્ષમી આપુ ધરસુત આપુ

તુંને પ્રતાપી પુત્ર, આપુ તુને આવરદા ઘણો, તેજ તરતીબ જે મહીમા તણો, કાળીકાએ તજીઓ કોપ આવ્યાં શકોત ધર્યાં ત્યાં લોપ, નમ્બર કીધુ તે નારીએ. સીધી ઘેર ગઇ થઇ બાનીએ; નાહી ધોઇ કાયા શુદ્ધ કરી, પેઠી રહીવાસમાં સુંદરી. પાછળથી આવ્યો ભરથાર, મળ્યાં એકઠાં નરને નાર, એ શોદાગર મારો મિત્ર. પુન્યવંતને પરમ પવિત્ર. ૧૯૨ (દોહરા) નારી કહે નાથજી, તું હઇડાનો હાર. આપુશ મુજ આવી રહ્યું. ઉભો કરૂ જુહાર વિશ હજાર વાંક માહરો, મેં કર્યું છે કંઈ કામ, દેહાર મારો ગમો નહી. રામ રામ શ્રી રામ. કટાર પ્રહો તે કામની. પોખવા માંડયો પેટ, કર ઝાલ્યો તે કંથડે, હાં હાં કહી સ્થિર ઠેઠ, શો વાંકને શો ગુનો, એવડો શો અધરમ, સાચુ બોલ સલખણી, તજી મનમાંથી શરમ. ૧૯૬ (છપ્પા) કહ્યું સ્વપ્નામાં સત્ય રાય શોદાગર સાથે, નથી કરગો અધરમ, હેત હજારાં હાથે. નાના કહી દશવાર, કાળીકા મુજને કોપી. મારૂ તારાં માબાપ, લાજ એને તો લોપી, મારો તો મારો શુખે મારૂ મન ખાતે ખરૂ: પૃથ્વી જો પ્રલે થશે, એ અધર્મ નહી આચરૂ, ભક્ષ કરૂ ભરથાર: આજ તરૂણી હું તારો, માને નહી જોને વચન. બોલ જાએ જો મારો સાસરીયાં તારાં સર્વ જીવતાં એકે ન મુકુ. પ્રતીજ્ઞા લક્ષ કરોડ ચીતથી હું નહી ચુકુ. પાય લાગી કહું પ્રીતથી ખરો હુકમ તુજ ખોડશું; લક્ષ કરોડ વિશે વસા, તે નરને તો તોડશું. ૧૯૮ (દોહરા) કામની કહે કંથડા, ક્ષમા કરો મુજ વાંક. હું અપરાધી તાહરી, અધીકી આડે આંક અણઘટતુ મેં આચરયું નેક રહી નહી તુન; સત રાખ્યું શ્રીઇશ્વરે પીઉજી તારૂ પુન્ય. પ્રસન થયો પતિ તેહનો કહે તુંજને શાબાશ, સત કહ્યું તે સુંદરી, હેતે કીધું હાશ; માબાપ વહાલાં નવ કર્યાં ન કરયા વહાલા ભ્રાંત; વહાલી કાયા નવ કરી, વખાણુ કરૂ શી વાત; કદાચ તમો તેડત નહી, તો વીપરીત વાતો થાત. કોપત મુજને કાળીકા, ખાંત ધરીને ખાત: મુજ આગળ માનત નહી જાણુત તુજને જંન. જારી જાણુત તાહરી, દેતો તુજને દંડ. પોપટ કહે સુણ પ્રેમદા, અંતર આણી પ્રીત, જાઓ સુખે જારી કરો, આવડે એવી રીત દીવસ પુરણ પંદર થયા હરખી નારી હેત શુકને સોંપ્યો આત્મા તન મન ધન સમેત સુણુ રખીયલ સુત રાજવી, સીહજ પતી સીરદાર, ઝવેર જશવંતા આગળે, શામળભટ કહે સાર ગુજરાત દેશમાં સુણુ ધણો વેગનપૂરમાં વાસ પીતા પુરૂશોતમ તણો. કહે કવી સામળદાસ શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ.

વારતા ૧૬ મી.

(ચોપાઇ) ગણવા ગણપતના પુણુ પાય, સાર કરે શંભુ સુત રાય દુખભંજન દુંદાળો દેવ, સુરસનકાદિક કેરી શેવ. સંગીત સુંદરીના શણગાર, ઉતમ મોદકતણા આહાર શુભ બુધિદેવ્યણું સારદા નીરમળ નામ જપુ નર્મદા. દંડ કમંડળ કર ધારણી કોટી કલ્યાણ તણી કારણી, ધ્યાન ધરૂ તારૂ સારદા કષ્ટ પડે નહી મુજને કદા. ૩ (છપ્પા) હનુમંત મહા બળવંત. સીતાની વારે ધાયો; અતુળીબળ અનંત રામ રસ ગરવો ગાયો; ઇંદ્રજીત કુંભકરણ, લેહ લાખણવંત મોલ્યો; બોતેર કોટી બળવંત, રાવણને સાથે રોળ્યો. કનક રંક કરી કોયલા, અશોકવાડી ખાંડી કરી; રામ લક્ષમણ જસ જીતીયો. સીતા લેઇ આવ્યો ફરી મારકંડેશ્વર મુન્ય, શીવજીની મુળ કહાવ્યો. બ્રહ્મા ભણીઆ વેદ રાણી રસ ભવને આવ્યો. વ્યાસ સરખા વીર કરોડ; પુરણ [illegible] કીધાં સુકદેવ સરીખા સિદ્ધ. દાન [illegible] પદ દીધાં અજુતર અજુતર મંત્ર જંત્ર તંત્ર પ્રાક્રમ મહા મતી શામળ કહે તેવું સારદા અધિકરતા જે સરસ્તી.

(ચોપાઇ) કહું શુક બહોંતેરીની કથા જેમ વાત બોલાવો જથા કવી સામળ હું તારે શરણ વાસું વંશ જે રીતે તરણ શુભ ફીરંગ થયા છે શેળ, કામા ચાલી કરી કલોલ; સજ્યા શોળ શોભીત શણગાર; કંઠે મુક્તાફળના હાર; ચુવાચંદનને એકે બરાશ. લીલા લક્ષણ ;વીલવીલાસ; જુવાનીનું છે ઝાઝુ જોર. ઓ રખેછે અધિકો તોર; મહામદગળ કારણી હોય જેમ, તરૂણી તો ચાલે છે તેમ કામ્મનીનુ કારણ કોણ હશે; આવી પોપટ પાંજર તળે. પોપટ બેઠા પ્રીતે પાસ. શેઠાણી તમને શાબાશ. આજ ભલી ભજાવા ભાત, રામા શીદ જશોજી રાત સાચી વાત કહીનારીયે. જુવતી કહે જઇયે જારીયે. ભારે તમે ભણાવ્યા ભેદ વરણુન કરી દેખાડયા વેદ ગુણ બાધા તેની હું ગણી ભલી વાત મહારથ ભણી. ન રહી એકે વીલા જુન્ય; પુરણ પોપટ તારૂં પુન્ય. ભલે જુવતીજી જાઓ જરૂર; આવો આપ ઉગમતે સુર. રમોજમોને એવો ખાંત; ભોગ કરો નવ ધરશો ભ્રાંત કદાચ સંકટ પુરણ પડે, રખે કલંક તમ મસ્તક ચડે; લાખેણી લાજ વધારો પેર રખે પીવું પડે ત્યાં ઝેર રખે ખોઇ આવો શણગાર; ન જાણે ભુપ તથા ભરથાર. રખે ઇજ્જત નારી તુજ જાય; રખે દામ દંડે કોઇ રાય, રખે જાણતી નીરમળ નાત; રખે બોગવે જુવતી જાત, બાળા બરાડની નારીએ; જીત્યો જસ પોતે જારીએ; તેમ કરજો જેમ રહે વહેવાર એ વિદ્યા છે અપરમપાર. મોટા સિદ્ધને જોગી જતી વિષય સરપ ડશે ગઇ મતી; ૧૮ (છપ્પો) પંચોપાખ્યાન આખ્યાન તે પુરણ પારાયણ; તરણ તારણ ત્રિલોક શત કોટી રામાયણ અષ્ટા દશ પુરાણ અખ્યાન જેણે કીધા, કણભાજ કૃત જે ન્યાય પંડીત થઇ પુરણ પીધા. વેદ ભણે છે વેદીયા, કગોડ વાર કહુ શુ કથી ત્રિ ચરિત્રના આગળે નિમેશ ડાહાપણ કોનુ નથી. ૧૯ (ચોપાઇ) રામા પગ ખેંચીને રહી પોપટ પ્રત્યે વાણી કહી, કોણ બાળોને કોણ છે નાર કયમ સ્ત્રિએ કિધો વહેવાર કીરટ કહે તજો તંબોળ ઉતારો શોભીતા શોળ શિને વસ્તરે બેડી ભામ્મની; કામ દહન કરવા કામ્મની ૨૧ (દોહરા) શુક કહે શુણ સુંદરી ચતુરા ચતુર સુજાણ; વિજાર વિદ્યા વરણવુ પંચ કરે પરિમાણ મેવાડ દેશના મહીપતિ ભાથી જુપતી નામ પિપળીઆનાપુર અતિ ગુણવંતુ છે ગામ. બરાડ એક બાળો વસે અફિણીઓ અતી ઉંચ; સવાગજી શીર ચોટલો મુખે મોટી મુછ તાતી તરવાર તજે નહિ પાકો તેહ પ્રચંડ; હઠે હરામી તે થકી; હઠે દેખીને જંન. તાકે તો મુકે નહી; છેતરયો નહી જાય થરથર કંપે તેહ થકી ક્યાં રંક કે રાય ફાંકડો ને અતી વાંકડો. રાખે આંકડો અઘ શતરૂ બહુ સાકડે પણ સાચુ તે સદ્ય; કાની તેની કામની; કંદર્પ તણો અવતાર જુખ્યાનું મુખ નવ જુવે; દવણ ગુણ દાતાર માનીતી મોટા તણી; વશ વરતે સહુ લોક ખાય પિએ ખુબી કરે; સ્વપ્ન ન ધરે શોક. વિનતા વપુ વિચારતી; કરે મન સાથે વાત જો નિરલજતા દેખશે. ઘડિયે કરશે ઘાત વિભીચાર વરતે નહી; પણ એક નિચ સ્વભાવ વાત કરે વિનોદની; હાંખે જો કાંઇ દાવ; ભરથાર જેમ બાળે નહી પ્રીછે નહિ કોઇ પેર પર નરથી વાતો કરે બેસે પાડોશી ઘેર માંદી છે રીસાળવો, તે ચીંતા દીસે થાય, માટે લાલ પાંસરી ગુણ સ્વામી ના ગાય ઓસડ તે સહુ રોગનું ઉપાય સર્વના હોય સ્વભાવ તણુ ઓસડ કરે તે જનરયો નહી હોય અત્યંત અનરગળ અતિ ઘણી પેઠ સંગાથે પ્રીત એક એકને દેખી કરે રાજ્જીપાની રીત કોઇક દિવસ તે કપડો ચતુરાનાં જોયા ચેન; લક્ષણવંતી એ લક્ષણા, નિત્યાં હાથે નેણ પરનરને પેખે નહી, મુજપર ઝાઝુ હેત; માટે એને સોંપવું તન મન ધન સમેત. જસવંતી ને વળી, જોબનવંતી કામ, ઇલાકવંતી અરબકવંતી, તે પરનરને નામ કરમવંતીને ધરમવંતી ગરભવંતી મુજ નાર વશ વરતે છે આપણે જુઠ ન જાણે જાર એક દિવસ એક

મિત્ર જન, સમજ્યો શામા સાન; મિત્ર આગળ માંડી કહ્યુ જુવતી કરશે જાન તોપણ તે માન્યું નહી દીધી ગાળ દસ વીસ, ફરી વાત એવી કહો તો તો છેદું શીશ એમ દિવસ બહુ વહી ગયા કર્યું પોતાની મત; શિક્ષા દેઈ રાખો સુંદરી, નીકર થાય ઉતપાત તોયે પણ માન્યુ નહી, સાસુ વહુને વેર સુખ દેખી કોઇ નર શકે જુવતી જાતમાં ઝેર એક દિન તાત પોતા તણો, તેડયો; સુત એકાંત વાત વિસ્તારીને કહી, ભાગી તેની ભ્રાંત કરયા હુંકારા તાતને શાકુ બોલો છો માંડ; કોઇ દીઠી ભામ્યની; ઘરની કે પરની રાંડ. તાતો ને તરવારીઓ, સામદને વળી શુર રજપુત વળો રીસાળવો. પ્રતાપવંત તે પુર કોણ તેને કહી શકે, એક ચીત નરને નાર, એક દિવસ શું નીપજ્યું, કહું તેનો વિસ્તાર. ભાથી ગામનો ભુપતી, જાતો તો કાંઇ કાંમ; પરવરવું કોસ પચાસપર, ઘેલા ગોરને ગામ. સઘળા સાંમદ સુદીયા રાવત મોટા રાજ, બાબો બેશી કયમ રહે, લક્ષ કોટીધા લાજ ઘેર આવ્યો તે ગુણનીધી કહ્યા કામનીને કેણ વાહાલામાં અમો ચાલશુ, વનિતા સાંભળ વેણ. જ્યારે ઇશ્વર લાવશે, ત્યારે આવશુ વાસ, મંદીર રેહેજો માનની પ્રિયજન કેરી પાસ. ખાઓ પીઓ ખુશી કરો પોઢો સુખે પાટ, પાન ફુલ પ્રેમલ ઘણું, હીચો હીંચોળાખાટ મુરછા આવી માનની, એ સુખ સરવે બાળ; ચતુર મુક્ય તું ચાકરી, ઘેર શીયાળો ગાળ્ય નર વિણ નારી એકલી, ધીક તેનો અવતાર; સાચે સુનો જાણીઓ. સ્વામી વિણ સંસાર. બાળ ખાવુંને ખેલવું, બાળ શોભીતો શણગાર; બાળ પુષ્પ પલંગને, ભુવન નહિ ભરથાર. બાળ સજ્યા સુખ સરવથા, બાળ પુષ્પના હાર. બાળ ગીતને નરત્યને. ભૂવન નહિ ભરતાર બાળ તાહરી ચાકરી, બાળ કમાઇના કૃત; નર વીણ નારી એકલી સ્વામી રહો તો સુખ હું તો પ્રાણ મારા તજુ જો પતી જાય પરદેશ; મેણાં દેશે લોકડાં કહો શી રીતે ખમીશ જળ પાંખી જેમ માંછલી ચંદ્ર જેમ ચકોર; કંથ વિના તેમ કામની. મેહ વિના જેમ મોર જેમ સરોવર નીર વણ જેમ ફળ વિનાનું વ્રક્ષ સારૂ તે શોભે નહી, દિલ વિચારો દક્ષ વીદ્યા પાખી વિપ્ર જેમ ગ્રંથ વિના જેમ અસ્ત; પુરૂષ વિનાની નાર તેમ, જો હોય સઘળી વસ્ત, બાળે બેઉં કર જોડીયા, આંસુ લોયા આપ; જઇએ નહી તો જન છે, પુરણ પ્રગટે પાપ. તેમ જેમ કરી દિન નિરગમ્યો અમો જાવા મન કીધ; રાજી થઇ રજા આપો, કારણ કરીએ સીદ્ધ સોપારી આપી સુંદરી. તિલક કરયા છે તરત; અતીઘણા પોતે કરી વીવિધ પ્રકારે વરત ચાલ્યો તે તો ચતુર નર સ્વામી પોતાને સાથ, મંદીર રહી તે માનની, ઇશ્કુ નહી જેનુ હાથ બીજે દીવસ એક બાળકા, માનની માળણ મૂલ; ભેટ લાવી તે ભામની, ફળ પ્રેમળને ફુલ અતિશે રૂડી ઓઢણી, ચોળી ચીર ને હાર; ભામ ભરી લાવા ત્યાંહાં, જ્યાં બાળાની નાર, માનની કહે સુણ માલની, પાછી છાબ લેઈ જાઓ; બારવટે સ્વામી ગયા. નારી કહે મુજ નાહો, આજ સુનું છે સાથરે, ઘણી પાખી ઘર ધુળ, સોળ તજવા છે સામટા, કરૂ શું ફળને ફુલ હરામજાદી એ માલણી ધુરત જુવતીની વાત, ઓશીયાળી કરવા તેહને વીપરીત કહી એ વાત. (ચોપાઈ) માળણ કહે સુણ માનની ભોળી થઈ તુ ભામની, પતી પરણ્યાને મેલો પરો, કહ્યું કબુલ અમારૂ કેરો બોળવ એક બીજો ભરથાર મનશા દેહી નહી વારંવાર સ્થિર થા થર જોબન નહી રહે કરોડ વાત એ રીતે કહે વપુ પલટાશે તારો વેશ ધોળા થાશે શીરના કેશ, કાયા છેક થાશે કોમળી, ડાહ્યા જન કહેશે ડોસલી નમશે તતનવટ નમશે નેન, વદન બોલશે વિપરીત વેણ, કથન સંભળાશે નહી શ્રવણ ચંચળ ત્રુજ ચાલે નહી ચરણ નવે નાડીઓ થાશે નરમ નહી માને ત્યારે કોઈ શરમ એવી છે કામની રીત. પર પુરૂષ શુ માંડો પ્રીત એમ કહીને માળણ કહી વાત વીન તાના મનમાં વશી છેક વાત છોછી જાણીએ પ્રેમદાની બુદ્ધી પાનીએ. તરત તેહનું ડળ-

મ્હું મન હરી નહી આવે આવો દન કંથ આત્રે જારી નત્ર થાય જીવ જરૂર મારો ભાવ તુને ભમે છે તો કીજીએ લાખેણો લાહો લીજીએ, કહે નારી કહુ તે વાત માળણુ તું છે મારી માત ગોવીંદ ગાંધરવ રૂડુ ગાય છે, મન મારૂ મળવા ચ્હાય છે સુંદર રૂપ સુંદર શામ લાવ તેને બને જો લાગ આજ જરૂર તેને લાવજે ઉતાવળાં વેગે આવજે માળણુ મન મનાવી વળી, એકાંત ગોવીંદાને મળી ગાંધરવને તેડયો એકાંત ભાગી તેના મનની ભ્રાંત, બોલો ગુણવંતી બાળાતણી ભાસ ભેખ ભાવારથ ભણી. કાંઇક તુજ સરખુ છે કામ ; જરૂર મલે તેડે એ દામ મન ગમતી માનનીને માય ભોગવ્ય તુ અન્નતરસ ખાણુ દુખ સંભળી દેત્રટ પામશો એવો અવસર કયાં પામશો, ગોવીંદો કહે ગાઉ ગીત મારે એને શાની પ્રીત, મારે ઘેર નથી કુળ કંથ મુકી પ્રેમદા પરવરયો પંથ જોરાવળે થાયે જાણુ પલક એ-કમાં કાઢે પ્રાણુ, એ જુવતી સમું નહી જોઉ સાને જીવ વણુ ખુટે ખોઉ કુકુ કામ તો નવ કીજીએ લાભ એ વાતે શો લીજીએ, એવી કહી ગોવીંદે વાત, વળતી બોલી માળણુ જાત (દોહરો) માળણુ કહે છે માલ હીણુ, મુરખ તારૂ તોલ આવ્યને ત્યાં ઉતાવળો બોલજ રૂડા બોલ પ્રેમદા આપશે પામરી કે બંધાવશે પાઘ વાત કોઇ જાણે નહી નહી, બેસે તુ જને ડાઘ ઘેર ઘેર ગીત ગાતો ફરે ભુવન ભુવન લે ભીખ આવો દાવ મળશે નહી, સારી દઉ છું શીખ, ભંભેરયાં ભમે લાકડા ગોવીંદ થયો તે ઘાટ, બાળો રાજદ્વારમાં, મુસાફરીજવા માટ. વાંકાને વરણાગીયો શુરા કેરા સુર; અધિપતિ કહે અહીં રાખવો, સાચવશે એ પુર શોભીતને સાત્વાદીઓ, રીસાળવો તે રાજ; એકલાએ ચોકી કરે બીજાનું નહી કાજ ભાવતુ ને દૈવઇ કરયુ, સહુકોની દીધી શીખ; મંદીર આવ્યો મલપતો મનમાં આણી બીક ગોપીદોને ગોરડી ભૂપી ઉપરે ભરાત; માંહે માળણુ માનની ઉભી રહે છે એકાંત ઊંચા ફુલતો મસ મસે પાસે પાકુ તેલ માટલી સુખડીએ ભરી, શોભે રંગની રેલ બીક તેને કોની નથી જાણે પતી પ્ર-દેશ, નહી કો આવી નવ શકે, લાજ ન લોપે લેશ. ઉઘાડાં છે બારણાં, ઉઘાડા ગુણુખોખ, પરસાળે પાથરણું કરયું ચતુર પોઢી છે ચોક ચતુરા આપ ચતી પડી ગોવીંદ બેઠો છે ભુજ માળણુ ત્યાં ઉભી રહી જો જો રાયની ગુજ ગોવીંદે પેહેરેલું પોતીયું, છુટા શીરના કેશ; બીજ્યો છે તેલને ફુલથી વપુએ જોબન વેશ. બાળો આવ્યો બારણે, ઉપાન દીઠાં તે હાર; પીંજરમાં તે પરજળ્યો, અપરમપાર અપાર રાંડે કોઇને રાખીયો ઘાલ્યો રીસે ઘરમાંય; તેને મુક જીવતો તોલ કરયું તે ત્યાંહ માબાપે મુજને કહયું મેં નવ માન્યું શાય હું શિરદાર મુરખ તણો, દિધી તેને આંચ મિત્ર જુઠુ બોલે નહી હશે દીઠુ નિરધાર તેણે તો સાચુ કહ્યું આવ્યો તે શું ખાર થયો કાયરને કળ કળો, રૂદે ધરી બહુ રીસ; ખડક ઉઘાડયું કર ધરયુ. હણવા ત્રણેના શીશ, (સોરઠા) અધિક પ્રકારે આપ કરી પ્રતિજ્ઞા કોપથી; પ્રલય કાળનું પાપ જુવતીને મુક જીવતી.

(દોહરો) માબાપે મુજને કહ્યું, મેં નવ માન્યું નેટ; મારૂ ડાહપણુ શાણુપણુ, તેમાં પડી વેઠ, મારૂં નીશ્ચે માનની લાવી હોય જો જાર; દઇવ થકી દમુ ઘણું, એમ વસા સો વાર ઘરમાં આવ્યો ઘર ધણી દીઠાં નરને નાર; દીઠી માળણુ માનની દીઠા પુષ્પના હાર વળી એકેલી માહલી સુખડી તેમાં સાર, સુની દીઠી સુંદરી બેઠા દીઠો જાર, જુગતી બાંધી જારની નિમેષ માત્ર નહી શુન્ય; વિવેક મળે નહી વચનો, થયો સ્વામી તે શુન્ય ગોપટ કહે પ્રભા-વતી; કહો વિજારી વાત; કયે દીઠી કામની અધિક હવો ઉતપાત નજરે દીઠું ન્યાવલે આણુ દીઠુ કયમ થાય, પતિ કયમ જાણે પતિવ્રતા, પતિ કેમ લાગે પાય કયમ જાય ગોવીંદ જી-વતો કયમ મળે માળણુને મેળ વિદ્યા હોય વિજારની તો ખરો બનાવો ખેલ, કરી પ્રતીજ્ઞા

પાંચસે વરસમાં આવ્યા ઇશ એમ ક્યમ રહે જીવતાં, નિસ્ચે છેદે શીશ, આવ્યાં છે સહુ આંખમાં અગટમાં પાંચે પાપ. પતિ એનો પુછશે દેશે કોણ જવાબ પ્રભાવતી કહે પોપટા, જડે નહી એક જાગ્ય એ વીદ્યા જો શીખવે લાગુ તારે પાગ્ય; ચઉદ વિદ્યાની ચાતુરી, સાચી સરખે સહ એમાં કાંઇ નવ ઉલટે, આતે શુણીશુ અઘ એતો અચરજ અતિ ઘણું ધણીએ દીઠું દ્રષ્ટ, મુકે નહી કોઇને જીવતાં, કંથડો દેશે કષ્ટ પતિ પુછ્યા નહી રહે, વાત સુણે નહી કરણ, તે વેળા તેણી ઘડી મુવા જાણજો ત્રણ. એતો હત્યા નવ ગણે પુરણ પ્રિત તરત હણે એ ત્રણને રાજવીઆની રીત, પોપટ કહે પ્રભાવતી, કહુ વીજારી વાત: કહ્યું કરો એક માહરૂ રહો આજના રાત. નહી જઇએ કેહે તો નવ દીવસ. ખરે બતાવો ખ્યાલ એ વીજારી ક્યમ થશે, માન્યનીમાં શો માલ. પરછાયો દીઠો પતી તણો, નર ઘેર આવ્યો નેટ, અરે દઇવ આશું થશે, પડયો ધ્રાસકો પેટ, ચેતવ્યો તે ચતુર નર, ચેતાવી માલણ નાર હું કહુ તે તમે કરો, ભુવન આવ્યો ભરતાર. ગોવીંદા થા તું ગારૂડી, ચુશ અંગુઠો આપ; ચીરો નાંખ ચોપાસથી, શામાને કરડયો સાપ કરવું તો કરવું નહી, ડરવે જાશે દેહ. પાગે લાગસે ઘરધણી, જખ મારે છે એહ, પાડી બુમ તે પ્રેમદા, હું અચેત થાઉછું .આપ; મુકો વગડે માટલી, જેમાં મણીધર સાપ; કેહે માળણ ભલે આવીયા, રાણી જાયા શેખ; તારૂ મંદીર મુજ માનની, જીવે તો કરજો જોખ. પ્રભાતે પાતરી મેલવા, હું આવીતી આપ; તે વેળા મુજ નારને, કરડયો શતરૂ સાપ. ધીરજ દેહ હું ઘસમસી, જાણ્યું પામશે મરત, એક પલકમાં તેડીઓ, ગારૂડી ગોવીંદ તરત. પાન ફુલને તેલનાં, વેદ ચલાવ્યા વહાણ, ઘણી ધુમથી ગારૂડી, આવ્યા ઘાવ ચુવાણ. પાડોસીને પ્રિયજન, લક્ષ મળ્યાં ત્યાં લોક, સરપે એ સામા ડશી, સજન સહુને શોક થયો બાળો બેબાકળો, કરોધ સમાવ્યો તરત; ગરળ વાળત ગારૂડી, માનની પામશો મરત પુછે શું પરખે કશું, સો કાઢે ત્યાં વાંક, પ્રતુવાન થઇ માનની, એતો આડે આંક, મારે એના બાપને. કે છેદુ એનું શીશ; તરત તરવાર નાંખી તાહાં, તજી રૂદેથી રીસ. ગોવીંદ ઘણો ડાહયો હતો. મંત્ર ભણ્યો ત્યાં મેળ; સાત પોરે સાજી કરી, ખરો બનાવ્યો ખેલ મરતીતી એ માનની, અધીક થતીતી હાણ; જીવદાતા જગદીશ એ ગરૂવો ઘોઘ ચુહાણ. પ્રાણદાતા પતી કહે, વદે વદ મુગાણુ; ગોવીંદો એ ગોરડી, ગરૂવો ઘોઘ ચુહાણ. મરી જાત એ માનની, ન હોત વિનતાશું વાત, વિજોગ હોત વધુ તણો, થાતો માહા ઊતપાત. ભાગી ભ્રાંત ભરથારની: ન જાણ્યો એકે મરમ; જુઠું તે સાચુ કર્યું જુવો કામનીનાં કરમ ત્રાહ ત્રાહ લોક કહ્યું નેટ મરત એ નાર; ગોવીંદે ઉગારી ગોરડી રહયો ભામનીનો ભાર. કહે નાર નાગપાંચમ કરૂં, કરૂં વળી નવરાત્ર, શિવપુજન શ્રવણ કરૂ કરૂં અંબાની જાત્ર. કરાર થયો તે કામની, ગઇ જ્યાં ઝાઝી વાત, ગામ લોક સઉકો ગયા, પૂછી વિનતાને વાત, અહીં તમને ક્યાંથી ડસ્યો, ક્યમ ગારૂડી આવ્યો ઘેર; ક્યમ માળણ તમને મળી, પ્રકાશ કરો એ પેર. માટલીમાં શું મુકીયું, ક્યાંથી તેલને ફુલ; માંડી વાત મુજને કહો, મન વીજારી મુલ. (ચોપાઇ) ત્યારે તે બોલી કામની, ભોળી થઇ તે તો ભામની; તમો નીસરી ચાલ્યા ગામ, હું જીભ્યા જપતી શ્રીરામ, ઘડીએ વરસ મુજને સો થશે, આ છ માસ મારા ક્યમ જશે; ઘરમાં દેવને દીવો કરૂ, પછી ધ્યાન ઇશ્વરનું ધરૂ. પરવરીયા છે પ્રઉઢે પંથ, ક્યારે તે દેખશુ કંથ, લીધું કોટીસું પુરચું વ્રત ડસ્યો ડાબે અંગુઠે તરત, વાગ્યો ઝાટકો મારે શીશ, મેં મુખે ભાખ્યા જગદીશ; એટલે આવી માળણ ઘેર, પરઠી ને આગળ કહી પેર, પકડયો ભાવ ધરી સુરંગ, ત્યાં સુધી પીડા નહી અંગ; કોરી માટલીમાં ઘાલીઓ, ઝાઝે બળ ઝેરી ઝાલીઓ. માટલીમાં ઘાલ્યો મણીધર સાપ, નિરાશ થઇ બેઠી હું આપ; કહે માળણ સસરાને કહુ, ત્યારે હું શરમાણી

બહુ. ના કીધાથી વારી રહી; પેર ગોવીંદાને તે ગઇ, તેડી આવી તેને તરત, સવ એટલી સુજને સરત. પાન ફુલ ને ફાકુ તેલ, મેળવ્યાં એ ગોવીંદે મેળ, પાછળ વીત્યું હોય જેટલું, નથી ખબર મુજને તેટલું. પછે થયું તે જાણો તમો, તેમાં કાંઇ ન પુછુ અમો. એવી કહી નારીએ વાત, ખરી તે સ્વામીને ખ્યાત. (દોહરા) ગોવીંદો કહે ગુણ નીધી જાણ અમો આમ પેર તમો જુવતીને જાળવો રખે લાગતી લેહેર ઊંઘશે તો અન્યાય થસે સેર લાગશે તરત જગાડજો એ જુવતીને નહીતર પામશે મરત નાંખા દેજો નાગને પાછો ન આવે પાસ વિચારી રહેજો વેગળા પલક ન રહેશો પાસ બાળે કર જોડીઆ રહો આજની રાત શિર-પાવ આપું શોભતા પરવરજો પ્રભાત મંદીરમાં રાખી માલણી ચતુરા તારાં ચેન તું પેલા ભવની માવડી કે મા જાઇ બેન રાતે રાખ્યાં બે જણાં જગાડવા જરૂર હાસ્યવિનોદ હેતે થકી શીર ઉગીયો સુર પ્રીતે આપી પામરી વળી બધાવી પ.ધ બાળો કહે લો માટલી નાંખી દેજો નાગ ચતુરાને ચીર પેહેરાવીયાં માબાપે મુકી મામ નીદ્રા કોણે નત્રકરી ગુણવંત કહે સહુ મામ જશે અહયો જીતવા સુધી સ્નેહ સામાને સાથ કામકાજ પુછી કરે હેતે જોડે હાથ વિદ્યા એ વિજારની ગુણ જે રૂડા ગાઓ શેઠ.ણીને શુક કહે જાણો તો જારી જાઓ શાબાશ શુક સલક્ષણા એ તો અચરજ હોય કરયું કામ જે કામની કળી શકે નહી કોય ભેદ જડે નહી વેદને પુરાણ ન પ્રીછે પાઠ શુક કહે તે શીખવ્યા ઠગ વિદ્યાના ઠાઠ ગુજર દેશ ગુરવો ઘણો વેગનપુરમાં વાસ શ્રીગોડ માળવી વીપ્ર શુભ કહે કવી શામળદાસ વિખાણ વાતે સાંભળ્યાં સિંહજ શીરોમણી ગામ વિરેસ્વર માહાદેવ છે જેનું નવખંડે નામ મન વાં-છિત માગ્યાં મળે મોટમ પદવી મેર ચોખાનો લાડુ ચડે સવા બેમણને શેર લાયક લેવા ત્યાં વસે વાસણ કેરે વંશ રખીયલ રૂડા રાજવી, અવતારી કો અંશ નવાણ ખોદાવ્યાં નીર મળાં સભા પંડીતની થાય આવે ભાટ ગમાનજી, ગુણ રૂડેરા ગાય. શ્રવણે શાસ્ત્ર સુણ્યાં ઘણાં, શિવપુજન સાંજ સવેર, પાંચ પુત્ર પ્રતાપવંત, જસવંત દાસ ઝવેર, તેણે તેડુ મો-કલ્યું, આવ્યા શામળ કવીરાજ, કરજોડી તેણે કહ્યું, કરો ગ્રંથ શુભ કાજ. (છપ્પો) સીંહા-સન બત્રીસ તરતીબથી કીધી તેણે, શિવપુરાણ સમસ્ત, અરથ જણાવ્યો જેણે રીજથી રેવાખંડ, દંડ જમદુતનો ટાળ્યો, ડાકોર તણો ઠાકોર વરણન વાંચીને ભાળ્યો વઇતાળ પચવિશી વરણવી, શુક બોહોતેરી ભાવે ભણી; પ્રસ્તાવીક ગ્રંથ રચવા ઘણી શોભા એ શા-મળ તણી, (દોહરા.) બહુ કળા શુક બોહોતેરી, વાણી વિવિધ વિલાસ; પિતા પુરૂ-સોત્તમ તણો, કહે કવી શામળદાસ. શ્રોતા વકતા સમજતા કહે કવિતા કરજોડ; શામળદાસ કહે બોલજો જય જય શ્રીરણછોડ.

વારતા ૧૭ મી.

(દોહરા.) ગુણનિધી ગુણ આગળા, જગવંદન ગુણ સાર સ્વામી શુધ બુધી તણા. વેદ વડો દાતાર સરસ્વતી સુખદાયણી વેણા પુસ્તક વાણ; સ્તવન કરૂ શુક બોહોતેરી, વદને આપો વાણ, ૨ (છપ્પો) શ્રીજગઅંબા ઇશ, સીશ સ્નેહથી નામું ધર્મ ધુરંધર ધીર, પંચ પદારથ પામું આરાસુરી અધિપત્ય, જગત જોયું છે જેણે સ્વર્ગ મૃત્યુ પાતાળ; ત્રી-ગુણ રચ્યો છે તેણે, કરતા હરતા ધરણીધરા, નવે ખંડમાં નામના, સુખસાગર શામળ ભણે પુરો મનની કામના. શ્રીવૃંદાવન ચંદ્ર શ્રીગોકુળેશ ગીરધારી; આનંદકંદ અધીપત્ય, હેત કંસાદીક હારી, જસોદા જીવણ પ્રાણ, નંદ નંદન વ્રજવાસી, કોટી બ્રહ્માંડના નાથ, જે ઘેર કમળા દાસી, કરજોડી શામળ કહે નેહ ઘણેથી નામીયે કથા કરે શ્રીકૃષ્ણજી, તો પાંચ પદારથ પામીએ (દોહરા) કથા કહું શુક બોહોતેરી ધરમ ધ્યાન ધીરજ ધરી, સંસ્કૃતમાંથી

સ્થપીને, પ્રાકૃતમાં પુરણ કરી, શામા અસ્તરમે દીવસ, બની ઠણી બણી વેદ; મણી મણીને પગ ધરે અંતઃકરણ ઉમેદ. રૂમઝુમ કરતી રીઝતી, ઝમઝમ વાગે ઝેર; ઘમઘમ વાગે ઘુઘરા મદનતણી શમશેર. હસતી રમતી હેતથી, કરતી વિવિધ વિલાસ. ચાલી ચતુરા ચમકતી, પોપટ કેરી પાસ જાવું જારી કારણે અકુધા પામી શુદ્ધ, ગયા આત્માના ગુણ ગયો, શુક બોલ્યે તું શુદ્ધ. પોપટ કહેરે પ્રેમદા સુખે રમી આવો રાત, અરૂણોદયમાં આવજો કહેજો વિગતની વાત કદાચ કાંઇ સંકટ પડે, સાત પ્રકારે શુળ, જાર વિદ્યામાં જોખ છે, આખરે પાપનું મુળ; જાગી જીવ જોખમ કરે, જારીથી જીવ જાય; જારીથી જસ નવ રહે અધીક થાય અન્યાય. એતો કારીગર ખાતરી, રંગા તેની નાર; કદાચ કદી સંકટ પડે, કરજો એમ વીજાર. પગ ખેંચી રહી પ્રેમદા, માંભળે શુક બાત કોણ રંગા કોણ એતીઓ વિસ્તારી કહે વાત ગામ નામને ઠામ કહે કેની સાથે પ્રીત, શું સંકટ તેને પડ્યું, ઉગરી તે કોણ રીત. જાતે એ વિદ્યા ભણું. ગુણ રૂડા તુજ ગાઉ. નિરભય થઈ નિશંકથી, જરૂર જારીએ જાઉ, પરણ્યા પેલે પાગરણ, પાણુ ઉપર કર પર્જ, અંગેથી આભરણ તજ, જો હોય તારે ગરજ. જેમ કહ્યું તેમજ કર્યું, બેઠી સાંભળવા આપ, શુક સંભળાવે વારતા તજ્યો તરૂણી સંતાપ.

ચોપાઈ) શુક કહે શેઠાણી સુણો. પાટણવાડાને પરગણે; ગોલણ ગુણવંતુ ગામ, જીતસંધ નરપતીનું નામ. સાંભળ શામા હેતે કરી, વસે ત્યાં એતો ખાતરી, ભાત ભેદ પોતાના ભણે, અમુલખ વસ્ત્ર નરનારી વણે. રંગા નામે નારી એક, તેને વહાલો વધુ વિવેક; નર નારીનો અધીકો નેહ, જીવ એકને જુજવા દેહ. આખો દહાડો રહે ઘરમાંય, કરે વાતો ત્યાંના ત્યાંહ, વહાલપણાની વાતો કરે, એક એક દેખી મન ઠરે. કહે રંગા આણંદ છે ઘણો, રોજ એકઠા રહેવા તણો, જેને વેહેપાર પરદેશ આપ, તે નરનારીનાં પુરણ પાપ વેગળો થાય જેનો ભરતાર, ધીક ધીક તે સ્ત્રીનો અવતાર, શમરપુ શિતને પાતરી, જન્મ જન્મ જાતે ખાતરી. કરૂ સ્તુતિ અંબાજી તણી, ભવોભવ તું મારો ધણી; પરમેશ્વરનો માનું પાડ, લાખેણી લડાવો લાડ. લક્ષપતી અધીકારી આંક, તમ આગળ સઘળાં છે રાંક એ રીતે કરે છે વાત, નરનારી એકઠાં દીનરાત ખાતરીને એક બ્રાહ્મણ મીત્ર, તે જાતે છે પરમ પવિત્ર; ભણ્યો ગણ્યોને વિદ્યાવંત બેઠા એક દીવસ એકાંત કહે એતો નારી મુજ સતી, રજ રોશ રૂદે નહિ રતી; મુને જમાડીને તે જમે જીવ તેનો મુજ પુઠે ભમે; મુજને સુવાડી એ સુવે, પરપુરૂશ સામું નવ જુએ; મારૂ વચન કરે નહી લોપ, કોઇ દિવસ નવ આણે કોપ, મુજ વિના પાણી નવ પીએ, અન્યાય કરતાં અધીકી બીયે, મુજ વીના નવ ખાયે ધાન, સોંપ્યા મુજને પોતે પ્રાણ. (દોહરો) વિપ્ર કહેરે ખાતરી મુરખ તારો મેળ; તુંતો કાંઇ સમજે નહિ, ખરી નારીના ખેલ આગળ આપણ કહે નહિ, એનો જેહ વિચાર; ભામની તારી ભોગવે, નીત નવો ભરથાર સુતો મુકે સ્વામીને, જાર સંગાથે જાય ત્રીવેણી ગંગા તજે, નીચ કુડમાં નાય પરમેશ્વરને પરહરે, પુજે નીત પાખંડ નીચ સ્વભાવ નારી સહુ, દેવ તણો શિર દંડ રાજા સરખાની રાણીઓ, જોવા સરખી જાત્ર ભામનીઓ તે ભોગવે, તું તે કોણજ માત્ર; બ્રાહ્મણ રૂડાની ભામની, પુજવા સરખુ પાત્ર સ્નેહ કરે તે શુદ્રશું, તો તું કોણજ માત્ર. લાહપતી કેરી સુંદરી, દેહ કહાવે દાતાર તે કીંકર ક્રીડા કરે, જુવતી સાથે જાર ગાંધરવ ગુણુંમલની ગોરડી, ઘાંચી સાથે ખાય નારી રાખી નવ રહે, ઢીલ ચહાય ત્યાં જાય. ઘેર જે ધારાળાં તણી, ગુણવન્તુ જેનુ ગાત્ર; તે કાયરને ભોગવે, તો તું કોણજ માત્ર; દછતા જેની રીઝવે, પતી દિનને રાત વિભીચાર કે વિચારથી, તો તું કોણજ માત્ર. શ્રાવક કેરી સુંદરી ધરમ લાભ જે ધાય; વનિતા ભોગવે વરતિઓ, તો તું કોણજ માત્ર

કલીલ જાત તે કુકડા, ખરાં પાડે તે ખાત્રે જર લોભે ભોગવે ભોગટા તો તુ કાળુંજ ખાત્ર. ઓછી જાત ખાસરી ખાડમાં રહે દીન રાત જોગવર જુવતિ કેમ ખરે, તો તુ ઝાખુજ માત્ર. નિચ નિરભાગ્ય અભાગીયા, બીડુ બોલે માંડ મન ભાવે એ ભોગવે, એ તુજ રંભા રાંડ. સુરપતી પૃથ્વીપતી, કે કૈલાશ દૈવત કેડ લીલે કામની તણી, તેને માથે મોત. કહાણી દીલ પોતા તણે, મહિપતી માટે મુલ, કામનીમેં મન કોકરા, ધણીયાણી મન ધુળ એહ ઉપર કહુ વારતા, સંક્ષેપે સુણુ સાર નેહ માને નારી તણો, તેનુ નામ ગુમાર જુવતીએ સહુ નર જાણ્યા. કાં રંક કાં રાય. પાળી પોશી મોટા કર્યા, ત્યાં શી મોટમ થાય.

(ચોપાઇ) ચંપાવતી નગરીનો ધણી, ચંચળ દેશ અલખન છે ઘણી ચંદ્રસેન નરપતિનું નામ, કરે ચીતવ્યાં સારે કામ ફુલભટ તેને પ્રધાન મનગમતાં મહિપતનાં માન બતરીસ લક્ષણ ચતુર સુજાણ, ધર્મ કર્મ ભલપણનો ભાણ, ચાતુરવંત તેને ચિત ચડે, હશે ત્યારે મુખથી ફુલ પડે; જાઇ જુઇ ચંબેલી તણાં, પડે ફુલ મુખમાંથી ઘણાં. એકે નહી તે નરમાં ન્યુન, પુર્વંવત જનમનું પુન્ય એથી મોટમ બીજો કોણ મુલ, હસતાં પડે મુખમાંથી ફુલ દેશ દેશના આવે લોક, કરે જાત્રા સમાવે શોક સાચુ માને દીઠુ જેહ અણ દિઠે તો રહે સંદેહ. એક સમે રાજાના મિત્ર. જોવા આવ્યાં તેહ ચરીત્ર સંદેહ ભાગવા મનડા તણો, હર્ખ્યા મંથે હરખજ ઘણો મહિપતીએ દીધાં બહુ માન, લવીંગ સોપારી બીડાં પાન, કહો ભાઇ આવ્યા છો કયમ, સાચુ ન કહોતો મારા સમ. રાજાજી તમ ઘેર વજીર, સતવાદી જે શુદ્ધ શરીર; જે વેળા હેતેથી હશે, મુખમાંથી મહીમા મસ મસે. જાઇ જુઇનાં ફુલજ પડે, એતો અમને અચરજ અડે માંહોમાંહ પડી છે હોડ, તે જોવાને અમને કોડ. (છપ્પા) વિપરીત સરખી વાત, એ પણ માનવ જનને, આપણ ખાઇએ અન્ન. એહ આરોગે મનને. આહાર નિદ્રા સુખ દુઃખ ટાઢ તડકોને ભુખે, નથી ટળતો સંદેહ, આવ્યો છે જનની કુખે મનનો સંદેહ ટાળવા તમને મળવા કારણે કરોડ કામ ઘરનાં તજી, આવ્યાછું તમ બારણે. (ચોપાઈ) સાચ જુઠ જોવા કારણે આવ્યો નરપતીને બારણે, કરોડવાર કહું શુ કથી, દિઠા પાખી મનાતુ નથી કહે રાજા તમાશો જૂવો, મનનો સંદેહ ખાંને ખુઓ, તેડુ મોકલ્યું મહિપતી માન, બેઠા ઉઠી આવ્યા પ્રધાન, ૧૬ (દોહરો) રમી જમી ને સજ થયો, પ્રીતે આવ્યા પાન, રાજસભામાં સંચરે, પરાક્રમી પ્રધાન. એક દુકાન. તંબોળી તણી, ઉભો રહ્યો તે ઠાર, એટલે એક કઉતક થયું, તે સમે તે વાર. અકરમી એક અભાગીઓ, બીડુ લેઇ તે ઠાર; અમુલક તે અતિઘણું, આપી સોના મોર નીચ જાતને નીચ બુદ્ધી, નીચાં તેનાં મેણ; કુલક્ષણીને કુટડો, વિપરીત બોલ્યો વેણ. તંબોળીએ પુછીયુ સાચુ બોલ તું સુજાણ, કવણ એવો છે ધર્મપતી, બીડુ ખાનારો કોણ તેને પુછીયું તંબોળીએ, એહ અચંબો આજ; મોંઘાં પાન મોતી સમાં. લીધાં કોને કાજ. હશી હાથ તાળી કરી. પદમનીઓનાં પાન; મળી કાળી વેળા વિશે, નવ દીઠો પ્રધાન. પ્રધાન જશે રાય ઘેર મહિપતીના આવ્યા મીત્ર; આમો તણી ભોગવું, પ્રહર સુધી ચરીત્ર. ૭૧ (છપ્પા) ફુલજી ભટ પ્રધાન, મહિપતના મનનો; નવખંડમાં નામ, જશ જોરો ઝાઝાનો. નવરંગી તેની નાર, પદમની જેવી પરખી; રૂપ સ્વરૂપ અનુપ શોભામાં સુંદરી સરખી. તેણે તેડુ મોકલ્યું, જરૂરપણે ત્યાં જઇશું; ચતુર બીડાં ચાવશું, ભોગવી સુખીયાં થઇશું ૭૨

(દોહરો) ઇતિ સાંભળ્યુ ફુલજી, પડી પેટમાં ફાળ; આમની મારી ભોગવે, મુખમાં શો માલ, અરે અભીડા ઇશ્વરી, ઝાઝી લાગી ઝાળ; કીંકર કામની ભોગવે, મુખમાં શો માલ પ્રબળ થયો એ પીડમાં એતો દાઝ્યુ દુત; આમની મારી ભોગવે, બુદ્ધી જાતની ભુત,

સિંહનું ભક્ષ શીઆળીયું, સસલો જીતે સેર; અહિને જીતે અળશીયુ. થાય તરણુનો મેર. નેવનાં નીર મોભે ચઢે, એતો ખોટો ખ્યાલ, ભોગવે મારી ભામની, મુરખમાં શો માલ. નિચ માણુસ નિરમાલીઓ, વિનીતાનાં શાં વાલ; નેટ હસવું તો ભુલી ગયો પડયો ધ્રાસકો પેટ. એટલે તેડાં આવીયાં, ચાર પાંચને સાત, શીઘ્ર સભા વીશે રાજન તેડે રાત. પ્રધાન પોતે પરવરયો, રાજ સભામાં રીત; ઉઠી સરવે આદર કરયો, પુરણ આણી પ્રીત. મિત્ર આવ રાજા કહે, તમાસો જોવા તુલ્ય, હસો પણ હેતે કરી. ફરફર વેરો ફુલ, રૂદે રામા સાંભળે. જંખે જાર સમેત; કઉતક કોટીધા, હસતું નાવે હેત સાખી સમશા સોરઠા, ગુણસાગર બહુ ગીત. તેમ તેમ રૂદીયા વિશે, પલક ન પરઠે પ્રીત (છપ્પો) સુખે સાંભરે નાર, વસન વિધ વિધનાં સુજે, હસવું રમવું હેત. જનો મધ્યે તે જુજે, ભાંડ ભવઇયો ભાવ, જોખ જોણું તે જાત્ર, નાટક ચેટકના ખેલ દુખે ન ગમે પલ માત્ર, દુખ દાવાનળમાં પડયો સરવે સુખ એનું ગયુ, હસવું કેમ આવે હેતથી, પીંજર તો પ્રલય થયું. દુખે જાય શુદ્ધ બુદ્ધ, દુખે ભોજન નવિ ભાવે. દુખે ડાહાપણ દુર, દુખ કપટ બહુ કહાવે. દુખે દેહમાં રોગ, તેજ તીક્ષણ ત્રાસે, દુખથી લીલા લેહેર, પલક ન આવે પાસે, દુખ રૂપી અરણ્ય વિષે, તેડય કદાપી ન જડે, હસવું નવી આવે હેતથી, ફુલ મુખથી શાંનાં પડે (દોહરા) આખ્યાતા તે ઉચરયા. જુઠો જેમ સંસાર માણસના મુખમાં થકી ફુલ પડતા તો વાર કહેનાર કીરતન કરે માને તેનાં પાપ, આપણુ આગળ જેણે કહ્યું, તે જુઠાના બાપ. (ચોપાઇ) રાજાને ચઢી બહુ રીસ એહ પ્રધાનનું છેદું શીશ. જુઠો સરવેને મન વસ્યો મારે કહે એતો નવ વસ્યો, સરવ મળીને સાહ્યા હાથ. સમજાવ્યો તે સામદ સાથ હત્યા શીર શાને લીજીએ; અન્ય શિક્ષા એને દીજીએ. (છપ્પો) વિપ્ર રૂઠયો દે શ્રાપ. ચાકર રૂઠયો કરજોડ, દુશમન રૂઠયો દે દાવ, માન મરજાદા મોડે, પાડોશી રૂઠયો પાપ, ચાડી કોઇ આગળ ખાયે નારી રૂઠે જો નીચ. મરે કો નીસરી જાએ, રાજા રૂઠયો રીધ લે, જસ જર જીવ જોખમ કરે, ધરમ કરમ શરમ પણ. દુખ દેતાં તો નવ ડરે. (ચોપાઇ) વજીર વિપ્રને કેમ મારીએ જન્મતણું સુકૃત હારીએ તેહશું સ્નેહ નવ સાધીએ, બહુ બાંધે તેને બાંધીએ, ઘોડાર હતી પોતાની જ્યાં, મગેડ કરીને નાંખ્યો ત્યાં, મારો ભાર તેં રાખ્યો કરયો હેત ધરી શાને નવ હરયો. બેડી ડસકલાં ઘાલ્યાં ચરણુ, ધરમ તજીને નાંખ્યો ધરણુ, યામ એક વીત્યાં જાહરે, કઉતક એક થયું તાહરે (દોહરો) મહીપત કેરી માનની દેવાંશીવત દેહ, અટારીએથી ઉતરી તે વળામાં તેહ. ચડવાદાર એક ચોખલો પોઢયો જ્યાં પલંગ, જુગત કરી જમાડીઓ, શામા બેઠી સંગ, ભાગી તુટી ખાટલી, માંહી મુજની દોર ફાટી તુટી ગોરડી, રાત અંધારી ઘોર, સલામ કરી ત્યાં શો વરા, પ્રીતે લાગી પાય. કરજોડીને કરગરી, જીવન મારા જાગ રાવત તો રીસે ચઢયો, આળસ મોડી ઉઠ, મુખમાં ઘાલ્યું ચોકડું, રાણી ઉપર રૂડ માથા ઉપર ફેરવી, સટકાવ્યાં છ સાત; ક્યમ આવી મોડી કામની, રીઝવવાને રાત આજ થકી આવીશ માં ન કરીશ મૂજ શું પ્રીત, મારે ગરજ તારી નથી, જુઠી શું શી રીત; ન કરીશ મોંનાં મરકલા, મન મનડામાં માંડ, મુજને તેં શું જાણીઓ, રાજા સરખો રાંડ, મુજને તેં કાયર ગણ્યો; ભૂંડો ભવઇઓ ભાંડ; નીચ સાથે બોલ્યું નહી, નહી રાજા વત રાંડ તુજ સંગાથે પ્રીતડી, ખાવી એતો ખાંડ, સાકરનો શીરો જમુ નહી રાજાવત રાંડ. નારી બોલી નેહથી, મટકા કરતી મુખ હું રાણી દાસી તાહરી. ભાગ્ય તું મારી ભૂખ, આજ પરૂણા આવીયા, રાય વરૂધા વરત; હાવ ભાવ કટાક્ષથી; રિજવીયો તે તરત, અરસપરસ મન માંનીયું; જુવતીએ મેળવ્યો જોગ; હસ્યા રમ્યાં ઘણુ હેતથી ભોગ્યો ભારે ભોગ, કાંત ન્યુન રાખી નહી; અધિકી વાણી હદ; સહજ ઘણી સ્વામી થકી

શોભા કીધી સહ્ય ચારઘટીકા ચીંતની, ચતુરા ચાંપ્યા ચરણ. સિખ માગી તે સંચરી ફરી સલામો ત્રણ, તે સરવે દીઠું ફુલજી એતો અતી ઉતપાત, રાણીએ માર ખાધો ઘણો. બી- જાની શી વાત, હેત ઘણું ખડ ખડ હસ્યો મોટમ પામ્યો મેર; જાંઇ જુઇ ચંબેલીના, ખરયાં પુષ્પ તે ઢેર, સહુકો સુતાં ઉઠીઆં, પ્રીતે થયો પ્રભાત; રાજાએ શેવક મોકલ્યા, કહી વીસ્તારી વાત વજીર તેડયો સભા વિશે, મહિપત પાસ મહા મૂલ્ય, વાટે ઘાટે વદનથી. ફરફર બેરે ફુલ મિત્ર આવ્યાતા મહિપતીના, તેણે દીઠુ દ્રષ્ટ; સદેહ ભાગ્યો તેહનો, દીઠી પુષ્પની વૃષ્ટ. તરત દેખાડયું તેહને, ભાગી મનની ભ્રાત રાય પ્રધાન બંને જણા આપ થયા એકાંત. સભા વિશે રીઝયા નહી, કયમ રીઝયા ત્યાં રાત્ય; બંધીખાનામાં હતા વિપરીત કરો એ વાત. સભામાં હસતાં ખોટ શી બંધીખાને શો લાભ વેર કરયુ કયમ મુજથી ઉડળ ઘાલ્યું આભ, વહાણુ ભુડયાં સભા વીશે, તરયાં નીકલ્યાં કેમ શીવ આગ્ના સાચુ કહો, સોએક દીધા સમ. રાજા તું પુછીશ માં; તોલ ઘટે છે તરત કે'તાં સાંભળતાં કથન, માહારૂ તહારૂ મૃત. પ્રતીગ્ના પુરણ કરી, વચમાં ઇશ્વર આપ: રીઝું પણ ખીજૂ 'નહી, બ્રહ્મહત્યાદીક પાપ. મીત્ર કે શત્રુ મા- હારો, કે રાણી કે રાંડ કોટી બ્રહ્મહત્યા મૂને, વદન આણું વાંક માંડી વાત મહીમા કહ્યો ભામનીનો રાખ્યો ભાર આદી અંત માંડી કહ્યું. ચાલ્યો આવ્યો સંસાર કયાં માસી કયાં મા- વડી કયાં ભગની ભાણેજ, સર્વની બુદ્ધી પાનીએ, તરૂણી લક્ષણ તેજ. સાંભળી બેતા ખાતરી જોવા સરખી જાત્ર, રાજા ઘેર એ નીપન્યું, તો તું કોણુજ માત્ર. સમુદ્ર સરખા ઉલટે; સરો- વરનો શો રંગ; તોળાય હડહડ હાથીયા, ત્યાં પાડા પાસંગ નીચ જાત નીરમાલ્ય તું, વશવક્ષ- યાંછો વેદ, કરે વીખાણ વીનતા તણાં, ભુંડા ભાખે ભેદ. દરજી મોચી નાપીકા માળી સોની સુતાર નર એટલાની નારીઓ, સકળ વાતમાં સાર. વસવાયાં સહુ તરણમાં, ઓશીયાળા અવતાર. પરાધીન પરઘેર રહે, ઇશ્વર રાખે ભાર; ઉચ અમીર ઉમરાવતી વશ રહે નહી નાર આપ રહે તો રહી શકે સતી શીરોમણ સાર માને નહી મારૂ કહ્યું રૂદયમાં શાને રૂડ પ્રેમદાનું જો પારખુ અતી ઉમંગે ઉડ ૧૧૩ (ચોપાઇ) વાત કરીને વીપ્રજ ગયો ખાતરીને મન ખટકો થયો સ્ત્રી ચરીત્ર જોવા કારણે ખુબ વીચારી નીકળ્યો બારણે વનીતા આગળ કહી એક વાત આજ વાસો જવું છે રાત ભાઇબંધ ઘેર ઊછવ ઘણો જરૂર અવસર છે જાવાતણો જરૂર રાતે જવું છે ત્યાહ તમો તો રહેજો મંદીરમાંહ સોએક મેં ખાધા છે સમ બોલ અબોલ કરીએ કયમ (સોરઠો) રામા ધ્રુસકે રોઈ વીજોગ થશે વહાલા તણો, કંથ વીના નહી કોઇ આધાર મુજ આત્માતણો (ચોપાઇ) નારી કહે નહી દેખુ તુને પડે ઉજાગરો માંથે મુને; નહી આવે નીંદ્રા નહી સુખ દાવાનલ વેઠીશું દુખ હશે વાહાણે વેહેલા આવજો ભામીની વાતો હારજો વારૂ કહી ને એતો ગયો, નારીને મન ઉલટ થયો નીરભય શઠ જુવતીની જાત જારને આજ રમાડુ રાત હેત પ્રિતને ઉલટ અતી સરોવર તીર આવી ક્ષીણ મતી સંધ્યાકાળ થયો જહરે પુરૂષ એક દીઠો તાહરે વળગી ને વાંકો વેશ કાળા ભ્રમર સરીખા કેશ સકળ હથીયાર શોભીત સાથમાં તીરકસ ભાલો છે હાથમાં સો સીપા- ઇને, પુરો પડે અનમી અહંકારીને નડે વળી દુશમનથી નવ ડરે મનમાં.ચીતવ્યાં કારજ કરે રૂડી દીઠી તેની રીત પલક એકમાં કીધી પ્રીત હાવભાવ કટાક્ષજ કરી હેતથી મન લીધું હરી રહો રાત રમાડુ અમો પંથ પરદેશી દીશો તમો રખે કુડ કરો કાંઈ કામ વચમાં આપ્યા સીતારામ વચમાં આપ્યા ગીરજાઇશ કપટ કોઇ કરે નહી મીઠા લીંબડા હેઠે ઘર માહરૂ ત્યાં રહેવું થાશે તાહરૂ એવો કરી રાખ્યો કાયદો ઘડી એકનો કીધો વાયદો પતીએ મન વીચારી પેર પાછો વળીને આવ્યો ઘેર વઢ વણવાની હતી સાળ તેના ખાડે પેઠો

તત્કાળ .તે નવ જાણે ઘરની નાર બેઠુ લાવી ઉઘાડયાં બાર; કરયોં દીપક જુગતે ભાવીયો એટલે પંથી ઘરમાં આવીયો માર્કણો કરમાં હથીયાર અસ્વાગત કીધી ઘરની નાર બોતેર લક્ષણુ તેતો બુઝીયો થર થર તેતો ધુજીયો છતો થાઉ બોલુ આ દીશ શહસ્ત્ર વસા છેદે મુજ શીશ ટુટીયાં વાળી બેશી રહયો વળતી શો તમાસો થયો મુજને મારતાં એ નવ ડરે નીશ્ચે ડાકુ અળશુ કરે રાત અંધારી દીઠી ઘોર ચીતથી છાનો રહે જેમ ચોર (દોહરા) જાર તેડયો તે જુવતીએ માહાસુખ દીધાં માન લવીંગ સોપારી એલચી પ્રીતે પુરણુ પાન આલીં- ગન ઓપાવીયાં ભાવતા કીધા ભોગ ઉનમ કાંઇ રાખી નહી શુભ કીધો સંજોગ તૃપ્ત કરયો તે તારૂણી આસન ભેદ અપાર લાડ લડાવ્યાં લક્ષ્ત્રા અપરમપાર અપાર શાક કર્યાં બહુ ભાતનાં વળી શીરોને શેવ ભેગા બેશી ભોજન કર્યું, તુજ તારૂણીની ટેવ સંસકાર અડતાળીશ અધીક વીખણુતણી શી વાત નીચ કર્મ નારી કરયું શોભી પરની સાથ રવી ઉગમતે રાજવી શીખ માગી તે સાથ વળી ગમે તો આવજો કંઠે વાહયા હાથ વોળાવી વીનતા ગઇ પર- વરયો પંથી પંથ ખાડામાંથી નીસરયો કામની કેરો કંથ પતીએ વીચાર પોતે કરયો, ગયો બારણે તરત, વગર સમજયું જો બોલીયે. તો માંથે આવે મર્ત. આવે ત્યારે પુછીએ દેછે કવણુ જવાબ પછી મારૂ એ માનની ન ગણું પ્રૌઢુ પાપ કહે પોપટ પ્રભાવતી કંથે દીઠો કોપ નીશ્ચે હણુશે નારને લજ્યા કરશે લોપ શામા કેમ થાશે સતી પતી કેમ લાગે પાગ કરજોડે કેમ કંથડો જડે કહો તે જાગ. નિશા માંહે જે નીપન્યું, તેતો દીઠુ પ્રદ્રષ્ટ, બળી રહયો છે બાપડો થઇ અગ્નીની વૃષ્ટ તે અગ્ની કેમ ઓલવે રૂઝે કેમ એ ઘાય. દીઠુ અણદીઠુ કયમ કરે જુઠી સાચી થાય, ધખડ ધીંગોને લાંઠીઓ જાણે મોટો મલ સ્વામીને કેમ વીસરે શતરૂ રૂપી તે શલ ફાટી જાય જન ફુકલી ધુજે દેખતા દેહ ભેગા બેશા ભોજન જમ્યાં, કહો કેમ વીસરે તેહ. પ્રતીજ્ઞા પતીએ કરી અદકી દેશું આંચ. નાક છેદશું નારનુ પ્રથમ આંગુળ પાંચ જુવતી ન મુકુ જીવતી જો આવે ઈસ્વર આપ હેત તજી હણીએ નહી, તો બેસે પ્રૌઢુ પાપ પોપટને કહે પ્રભાવતી મુરખ તારો મેળ એહ વિજારી શી કરો; ખરો ન થાએ ખેલ બીજા સમજાવવા બાપડા વિજાર કરી તે વાત એ સ્વામી સમજે નહી, જેણે દીઠુ રાત શુક કહે સાંભલ સુંદરી રહે આજુની રાત શુણુ વિદયા એ શીખતું વિપરીત સરખી વાત, બોલ વાત એ ઉતાવળો. કામણગારા કીર. સ્વામી કેમ સમજાવીયો ન રહે ધારણુ ધીર ઘરમાં આવી તે ગેલડી પુરૂષ વળાવી તે પંથ તુટયા દીઠાં તાંતણા ચટકો લાગ્યો ચીત. બારાએ દીઠી સાંકળી સિથીળ દીઠી સાળ ચતુરા ચેતી ચિતમાં પડી પેટમાં ફાળ ઘરમાં રહયો છે ઘરધણી કરશે મુજપર કોપ એરે દઇવ હું શુ કરૂ લજ્યા થાશે લોપ હીમત મુકે નહી સરે નહિ કાયરનુ કામ જીવનું જોખમ થશે જાણુશે બધુ ગામ ખાડ દેખી થયો ખરેખરો ટુટયા દીઠા તાર રહયા દીસે છે હેરવા ભાંત આણી ભરથાર ગયો દીશે છે આ ઘડી જોવા વારૂ વર્ત જો ચરિત્ર કાંઇ નવ રમુ તો માંથે આવે મર્ત એ ઘણી હવડાં આવશે રૂદે હશે બહુ રીસ લક્ષ કરોડ વિશે વસા સ્વામી છેદે શીશ ચરીત્ર કર્યું એક ચિંતની કળી શકે નહી કોય જખ મારી સ્વામી રહયો હેત ઘણેરૂ હોય મોં વાળી બેઠી માનની રૂવે રાંડની રોત થયા પાડોશી એકઠાં જેશું પુરણુ પ્રીત રૂદન કરો કેમ સુંદરી હઇડુ ફાટતે હેજ આજ તમારૂં કયાં ગયું; તારૂણી તનથી તેજ નવ દસ મળી છે નારીઓ વિનવે વારમવાર એટલે મંદીરમાં આવીયો ભામનીનો ભરતાર તોફાન દીઠુ તરતીબનું શામા શા માટે રોય રાખી કોની રહે નહી કારણુ ન કળે કોય જમ તમ કરી કોઈ જુવતીએ છાની રાખી છેક સહુ સહુને મંદીર ગયાં રહે અધિપત્ય એક શા કહે જાન અદકુ થયું કે આવ્યું કેનુ કેણુ મુને પડયો છે ઘા-

સિકા વિનતા બોલે વેણુ શા માટે રૂરોયાં સુંદરી શા માટે દેહમાં દુખ શા માટે છો દામણી કેમ કરમાણું મુખ પીડા મુને પુછીશ સમાં વિષમ વાત છે વર્તે સમરૂધી સહુ સંભાળજો મારે માથે મર્ત ગરથ ધરેણુ સર્વે લે, લે તારા શણગાર બોલ્યાં ચાલ્યાં માફ કર અધિક વાંક અપાર ગુનેગાર છું તાહરી અધીક હવો ઉતપાત ચોર થઇ ચતુરભુજની કરૂછું આતમઘાત મેં અધર્મ અધિકો કર્યો; અનઇગણછું આપ; જગન કરે છુટુ નહી પ્રલયકાળનુ પાપ ધરેણું તારા ઘર તણુ આ પીયરનું હોય આ પાંચ પ્રથમ પરણુતના, નથી જાણુતુ કોય નરને કહે કરજે નાતરૂ રૂડી જોઇને રીત મને નીત સંભાળજો પરહરશો નહી પ્રીત ખોળા પાથરે ખેતીયો માનની મરે શા માટ પરાણે પીંડ કેમ પાડશો એવો શો ઉચાટ કંથ કર બે જોડીયા; કથન કર્યાં નહી કોણુ શામા સાચુ નવ કહો; તો તો મારા સમ, બ્રહ્મહત્યા મેં સાત, શા માટે મરશો તમો. વિપરીત કહો એ વાત (સોરઠા) હેતે જોડયા હાથ, સાચુ બોલી સુંદરી સામા સ્વામી સાથ; વિગતની કહે વારતા. બોલતાં સાચા બોલ પૃથ્વી પાતાળે જશે; તારૂને મારૂ તોલ ઘટસે ઘડી એકમાં સો એક ખાધા સમ. થનાર હશે તે તો થશે; સાચુ ન કહુ કેમ મારો વાંક મેરૂ સમો. (ચોપાઇ) જ્યારે તમે ખવરાવ્યા સમ તો સાચુ નવ કહીએ કયમ; પ્રથમ પરણુતનો મારો ધણી; તે સાથે પ્રીત અની ઘણી, બાપે વીવાહ કીધો તે સાથ હેતે તેનો ઝાલ્યો હાથ, કંસાર ચોરીમાં બેસી જમ્યાં; સાગઠાં બાજી રંગે રમ્યાં ગયાં સાસરે આણું એક હેત પ્રાતને વહાલ વિવેક; ચતુર નર કરતો ચાકરી; બળીઆ સાથે બાંધે બાકરી, ખાંડુ ખેડુ વારણુ અંગ સિપાઇ સુરાને રેહેતા સંગ; હુતે હથીયાર ધરતો તે હાથ; બોલી ન શકે કો તે સાથ તેનુ મોત તો રણુમાં થયુ. અંતકરણ જુવતીમાં રહ્યું; ધારોળાધીગો મહાધુત; થયો અવગતીયો ભારે ભુત. ભુતળમાં તે ભમતો ફરે; સ્ત્રિવિના બીજીનવ ગમે માલખજાનો તેતો લીધ; વળતુ સગપણુ તમશુ કીધ અમો તમને આવ્યાં નાતરે સાંભળજો સ્વામી દીલ ખરે આજ ભરવા ગઇતી હું નીર તળબેટ ગામ તળાવે તીર મેં ધણીને દીઠો દ્રષ્ટ; કાયામાં હું પામી કષ્ટ માનવપણે જ્યારે હતા દેહ. મહારે મન પ્રગટયો સંદેહ; મુવું તેહ જીવે નહી કોય અધિકુ અચરજ મુને હોય મેં જાણ્યું મુજને શમણુ થાય; મુવું જીવે નહી પૃથ્વી માંય મેં તો તેને પુછી વાત આ શો દેખુછુ ઉતપાત તમો રણુમાં પામ્યા અંત શી રીતે અહીં આવ્યા તરત. તે બોલ્યો કરીને રીશ; ભમર આપ ચડાવ્યા શીશ: સમજે નહી ધુતારી ધુત; હું અવગતીઓ ભારે ભુત. ભુખ્યો તરશો ભમતો ફરૂ, સાંભળ નાર હું કહુછુ ખરૂં; શોક મારો કયમે નહી સમે; મારો જીવ તુજ વાંસે ભમે મારો લેઇ આવી તુ માલ; ખેતા સાથ કરે છે ખ્યાલ ખેતા શું ખાશે મારૂ રળયું. પરવાર સહિત તેને ગળુ શેકીને સહુ જનને ખાઉ, ત્યારે સુખીઓ શીતળ થાઉ ખેતાને ખઇને સુખીઓ થઇશ, વળતી જીવ તારો લેઈશ હેત દેખાડી જોડયા હાથ; સ્નેહ કર્યા મેં તેની સાથ; મેં તો તેને દીધા સમ; મુજ વાંસે ભમો છો કયમ. તેણે કહ્યું મુકુ તુજ કેડ. આજ દીવસનું મુજને તેડ. પ્રથમ કરતીતી કરને તેમ; માહરી સાથે રંગે રમ્ય. કાંઇ અધુરૂ કરશો તમો; તો ખેતાને હણશુ અમો, મેં મનમાં રાખ્યો કાયદો. તરત કરયો તેને વાયદો; કાલ તમો હતા નહી ઘેર; કરી પરોણાગત રૂડી પેર; હઇયા માંહી હોળી ધરી; મે શુ એ દીવાની કરી; તેની મોકાણુ કીધી રાત લાજ તણી શી કહીએ વાત; તારે શીરૂથી વીધન ટાળવા; એને મોઢે ધુળ વાળવા. અધરમ અન્યાય કીધો આપ; એથી અધિકુ તે શું પાપ; તમને મેં નથી દીધુ સુખ; એના મનની ભાગી ભૂખ કાઢી મુકયો કરી વાયદો ફરી પ્રગટયે નહી ફાયદો; એતે દુઃખ કો આમળ કહુ; નાતરૂ સાલ કમમ રહે સહુ; અવર પુરૂષ મેં ભોગવ્યો આપ; પ્રગટ કીધુ પહેલુ

પાંપ, વળી આવો ચઉદશને દીસ, કાણુ એ સાથે કુટે શીશ નરમાદા માંહે નાંખુ દેહ, બાળુ પાપ કરયા મેં જેહ; આ આપણુ કરીએ છે વાત; સઘળુ એ જાણે સાક્ષાત. (દોહરો) ખેતો કહે શામા સુણો, દીઠુ છે મેં દ્રષ્ટ; હૂં ખાડા મધ્યે હતો; પામ્યો ઝાઝાં કષ્ટ. વોળાવા તુ કયાં ગઇ; એતે કોને ઠામ; સાચુ બોલરે સુંદરી; હછએ રાખી હામ નારી કહે નર માહરા; હવે આજ કે કાલ; જોજો જે શુ થાય છે નવ રેહેશો નીરમાલ; દુતતો દુર ગયો નથી. તળાવ આગળ તેહ; ભડ ભડ ભડ ભડકો થયો; કહુછું નીઃસદેહ; સાચુ માન્યુ કંથડે; સાચુ જુઠુ જોઉ; વધુ વાત વિચારીને; મનનો સદેહ ખોઉ સુતો તાણીને સાથરો; થયો નિદ્રાવશ છેહ; એટલે નારી નીસરી. વાત બનાવી જેહ બેનપણી એક તેહની; હતી પાડોશણ સાર; તે આગળ માંડી કહી. વારૂ વાત બેહેવાર જીવડો મારો જાય છે, નથી માનતો કંથ; એ સુતો જઈ સાથરે; લે છે મારો અંત; સખી કહે સુણ સુંદરી અમો મનાવુ આજ; બેસો બેહેન ઘરમાં જઈ; કરૂં તમારાં કાજ; મદીરમાં આવી માનની; બેઠી પોતાને ઘેર; બેનપણી ઘેર નીપન્યું; તે કહુ માંડી પેર. બુમ પાડી એક કારમી; શામા કહે કરડયો સાપ; એ નાશી પેઠો નેળમાં; મળ્યાં પુરણ પાપ સાસુ સસરો નણંદ સહુ થઇ આવ્યા તે ઠામ; શેરી વચ્ચે શોધીયો; મુકી સરવે મામ ઝેરી તોતો નવ જડયો; પડયો ધાસકો પેટ; ઉતારનાર એક તેડીયો નીકર મરશે નેટ ઘડી બે ચારેક વહી ગઇ. આવી તે સ્રીને લેહેર; શામા થઇ મઇ શીંગડુ; ઝાઝુ વાપ્યુ ઝેર. ગુણવંતો આવ્યો ગારૂડી; નારીને છાંટે નીર મંત્ર ભણે તે મુખથી; ધુજાવે સદય શરીર. બકાર સાંભળ્યો બારણે; હાહાકારનો હેત જાગ્યો ખેતો ખાતરી આવ્યો લોક સમેત; મળી ત્યાં ઝાઝી મેદની ન્હાના મોટા નરનાર જે જેના મનમાં ગમે તેમ કરે ઉચાર. કો કહે જુવતી જીવશે; કો કહે મરશે નેટ શ્વાસ ચાલે છે મુખથી ઉછળે અબળાનું પેટ. શામા તણા શરિરમાં બોલ્યો મણીધર સાપ શીદ બાળોછો મુજને જીવશે નારી આપ મારે વેર એશુ નથી નથી કાંઇ અંટસ અંગ; ચાંપ્યો મુજને ચીંતની ગાત્ર કરયું છે ભંગ મારો વેરી બેનીગો; રાખી મુજ ઘર નાર. ગરથ ઘરેણું ઓળવ્યું જાતો તો તે ઠાર. ડસવા એના દિલને; ધ્રાડુ કરયું પ્રમાણ; પગ દીધો મુજ પેટ પર માટે કરડયો જાણ ભુન થયો હું ભાગ્ય હીણ; વિવિધ ધરૂં છું વેશ; એક દિવસ ખેતા તણા; હેતે હંસ હરેસ; થડમાં તે ખેતો હતો સાચુ માન્યું સર્વ; થરથર કાયા કંપતા; ઘટતો ઉતરયો ગર્વ. હાથ જોડીને પુછીયું; ક્ષમા કરો અપરાધ; તમો કહો તે કીજીએ; મુકાવો મુજ બાધ ઝાઝી જખ મારી અમો થયા તમારા અપરાધ; ઉતારો તો ઉતરૂ; નથી કાંઈ મારૂ જોર. ખમા તુજને ખેતીઆ. અધિક ઉપજે છે હેત; જા મુકુછું જીવતો કુટુંબ કળત્ર શમેત; અહર નીશા આરાધજે; શુર વીર મુજ નામ સકટ તાહરૂં ભાગશુ; કરશુ કો દીન કામ. એવું કહીને ઉતરયો; શામા અંગથી સર્પ લોક સહુ વેરાઇ ગયા રાખી તેનો દપ. સંતોખી તે સુંદરી પતીતો લાગ્યો પાય; સાચી છે તું સુંદરી મન ગમે તે માગ પ્રતિજ્ઞા ગઇ પાતાળમાં ઉડયો સમ આકાશ વિજાર વિદ્યા એતો ખરી શામા તુજ શાબાશ જીત્યા બંને જ્યાં સુધી, કંથ રહ્યો કરજોડ માનની કરતી મરકલાં; હીડતી મોડા મોડ. શેઠાણી કહે શુકને. શાબાશ તારી શુદ્ધ; વિદ્યા જાણાવી મેંદની; રાખી સઘળી શુદ્ધ; સીંહજપતી શીરોમણી રખીયલ પતી મહારાજ. ઝવેર જશવંતા તણી; લક્ષ કોટીધા લાજ; મહીમા માંતર અગણીં; શીહજ ગુણવંતુ ગામ; વિરેશ્વર મહાદેવજી; જેનું નવખંડે નામ વાસણ વંશે અંશ પત્ય; મનજી સુત મેહેરાણ; રખીયલ રૂડો રાજવી; સકળ કળા સુજાણ. તેણે તેડુ મોકલ્યું; તેડાવ્યો કવી ત્યાંહ; કરજોડી તેણે કહ્યું; ...ર પધારો આંય અમદાવાદથી આવીયા વેગનપુરમાં વાસ; પિતા પુરશોતમ તણો, કહે

કવિ શામળદાસ સંવાદ વાદ શુક મ્હોતેરી; ગુણનિધી ગરૂવો ગ્રંથ; તરણ તારણ ત્રીલોકમાં પુન્ય પરમારથ પંથ; મહત પુરૂષ માખણ ગ્રહે; ગ્રહે છતહીણા છાશ; નિચ બુદ્ધિ નરકે પડે વડાને વઈકુંઠ વાસ. શ્રોતા વક્તા સમજતાં; કહે કવિતા કરજોડ; શામળ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૨૬૪

—✻—

વારતા ૧૮ મી.

(ચોપાઇ) જય ગોવીંદને જય ગોપાળ; જય કરૂણાનીધી કૃષ્ણ કૃપાળ; જય જગતપતીને જય જગદીશ. જય આદય ઉમીયાપત ઇશ જય સુરનાયક શોભીર ઈંદ્ર; જય નવ ગ્રહને સુરજ ચંદ્ર ક્રીરતાર કરતા શુભ કામ; જય દસરથ સુત સીતા રામ. જય ગણેશ ગફ્રવા ગણપતી. જયજય શ્રી વિદ્યા સરસ્વતી શુક બોતરી કહીએ કથા. જોગ વાત બોલાવો જથા. અષ્ટાદશમે દિવસે એહ; નારી નર મળવાનો નેહ કામની મહિમા કોણજ કળે. આવી પોપટ પાંજરાતળે. કસ્તુરી કેસર બેહેક બરાસ; લાયક લક્ષણ લીલવીલાસ તાર્તા મુખ ભરયાં તંબોળ; શોભિત અંગ સજ્યા છે સોળ; પચરંગી પેહેર્યા છે ચીર; સુદર ઉજવળ શુદ્ધ શરીર દરપણ મુખ જોતી નીસરી. લાજ મરીયાદ વારૂ વિસરી; કુળવંતીને પ્રગટયો કામ ઠમક ઠમક આવી તે ઠામ શુક કહે શે કારણ જાઓ ખાંત ધરી મારા સમ ખાઓ. આળસ કેમ મોડો છો અંગ; શા કહે સાંભરયો સ્વામી સંગ હશી હુંશમાં તાળી લીધ કોડે વાત ફિર આગળ કીધ;નિશ્ચે વાત કીધી નારીએ; જરૂર આજ જવું જારીએ કહે શુક વહેલાં આવજો; લાખેણી વાતો લાવજો. ભદ્રસેન તણી ભામની; કંદ્રપ રૂપ કામ કામની સદય એક વાતે સંકટ પડયું; દાવાનળ દુખ આવી અડયું વપુ વિચાર કરી વીજાર; પ્રેમદા ઉતરી પેલે પાર પગ ખેંચી તે રહી પ્રેમદા. અંતરમાં અધિકી ઊનમદા. ભદ્રશેન તે કયાંનો ભુપ; કુણ કંદ્રપ રાણીનું રૂપ શુક કહે સાંભળવા ગરજ; અમો એક કરૂં છુ અરજ. આભરણ અંગતણાં પરહરો; ભિનાં લજ્જ ધનવંતી ધરો શુક બોલ્યો તે શામા સાથ; હેતે જોડીને બે હાથ સાંભળ નારી ચતુરસુજાણ નિશ્ચે વાત કહું નિરમાણ.

(દોહરા) ઉજેણીનો અધિપતી; ભદ્રસેન ભઠભુપ; વિક્રમ કેરા વંશમાં રિધપતી રૂડું રૂપ; રામ સરીખુ રાજ છે; લક્ષધા સુખીયાં લોક; ચોર ચુગલ લાંચી નહી. સ્વપ્નામાં ન મળે; શોક રાણી સાથે રાયને; નેહ ઘણેરો હોય; નિમેસ ન અળગો નીસરે; પળ પળ મુખડુ જોય પુછીને પાણી પીએ. જમે જુવતીને જોડ; રમે રમત બાજી તણી; હાર જીતની હોડ. નિત અન્યાય ન્યાયની પુછી વીનતાને વાત; ચતુરા કહે તેમ ચુકવે; ભૂપ ભલેરી ભાત. કથા સુણે કંથ કામની ગાય ગુણવંતી ગીત; રાગ રંગે રમે પુરપતી રાણીશું બહુ પ્રીત. વ્યાસ એક વરણાગીઓ; કથા સંભળાવી કાન; કસિતાને કંદ્રપ ભરયો, કાવે કોક સમાન આળા ચેટક ને ચતુર નર; ચંચળ તેનાં ચેન; વ્યાસ ઉપર પ્રીત ઘણી; અધિપ તણી પણ એન. હુકમ નહી રાજા તણો; નારી પાસે કો જાય; પોતે પોતાની પ્રેમદા; ત્યારે કહે કથાય એમ કરતાં દીન વહી ગયા. માનની મન મગન રૂશી સંગાથે રાણાને લાગી લેહેર લગન વગર વેળા કાંઇ કામ વીણ મેહેલ મધ્યે નવ જાય; એક દીન આવી ચડયો વળતી ત્યાં શું થાય. પોકાર કરીને પ્રેમદા; બોલાવ્યા ઘર માંહ એક દાશી એક સુંદરી ત્રીજુ કોઇ નહી ત્યાંય. આસન દીધુ વિપ્રને પુરણ કરમના ભોગ; રૂષિ કહે રાણી સુણો; ખરે થયો ખઇ રોગ કાળ ભમે શીર ઉપરે; પુન્ય ગયુ પાતાળ હવડા અધીપતી આવશે; ચઢશે મુજ શીર આળ. એ શું રાણી તું કામની અનંગ રંગ અપાર વાત્સાયન મત વાંચીઓ; તેથી વંઠી નાર, નારીચરીત્ર

નીહાળીયાં થયું એ માઠુ કામ; તુજથી બાંધી પ્રીતડી રૂઠયા મુજને રામ મોટી પનોતી બો હની અધીક આડમો ,રાહ મેં તુજથી પ્રીત કરી ઘટમાં થાશે ચાહ આજ દીવસે રાજા ગયા શિકાર કામે સેર હવડાં પાછા આવશે, થશે તરણુનો મેર, (છપ્પો) નારી નીચ સ્વભાવ નારીમાં લક્ષણુ ભૂડાં નારી નીચ સ્વભાવ; નારીનાં કરમજ કુડાં નારી નીચ સ્વભાવની અણુઘટતું તે ઓચરે; સુર પુર ખડ ધીરને કરોડ વસા કાયર કરે ઉંચા કુળની નાર. નીચશુ નેહ નીહાલે; નરપ તણી જે નાર અધરમ અનઘેયો આણે ગુણીજન કેરી ગોરડી; નેહ ન ગણ્યા શું ધરે; પુન્યવંતાની પ્રેમદા કબુલ તે કુડાને કરે નૃપતી કેરી નાર, હીંચે હીંદોળા ખાટે; પ્રેમ પાપને પુષ્પ પોઢણુ પલંગ શુભ પાટે. સજાવે સોળ સણુગાર; જવેર જુગતે જડાવે ખમા ખમા કહે સરવ, લક્ષધા લાડ લડાવે; તે સરખાના તારણી વિપ્ર સંગાથે મન વસ્યું; ભિક્ષા માગી ભોજન કરે; શામળ કહે કારણુ કશું.(દોહરા) વિનતાએ બ્યાસને તેડીઓ. થર થર ધ્રુજયો તરત; જાણે કાઢયો મારવા માથે આવ્યુ મરત. ખડકિએ મુકયાં ખાસડાં; માણ્યો મેડા માંય. સમસ્યા કરે છે શોભતા. તારુણી બેઠી ત્યાંય; વિપ્ર તમે શીદ વવળો ધ્રુજાવો કાં દેહ ઉની આંચ આવે નહી. કર તુ મુજથુ સ્નેહ રૂપી કહે રાણી સુણો; જરૂર જાય છે જીવ પ્રસન થાય તુ પદમની. મુજને રૂઠયા દઈત્ર ગઈ રીદ્ધીને રોટલા, ગયો વીદયા વેપાર; ગઈ લજયા જે લક્ષધા; જશે બ્રાહ્મણુનો ભાર. ગયું માનને મહાતનું; ગયાં કથાનાં કેણુ જરૂર પ્રાકૃમ જાય હુ વેદ વિદયાનાં વેણુ ધરમ કરમ નહી સાંભરે પાછળ ન. રહે પ્રીત; મહીપતી રૂઠયો મારશે નહી એ રૂડી રીત કંઠે વળગી કામની રૂદે ચાંપ્યા રૂશી રાજ માણ્ય સુખ તુ મુખથી લેશ ધરીશ નહી લાજ; રાજાને અદકપાંખળી મળ્યો, ડાબી પાસા વરત અપ શુકન અવલોકીને. પાછો વળીયો તરત; અચાનક આવ્યો અધીપતી; થયું ન કેને જાણુ માણ્યો મહીપતી મોહોલમાં; નિચેથી નરમાણુ (છપ્પો) નિરભાગી જાશે ગંગ સરિતા તે સુકાશે, નિરભાગી રળવા જાય; લાભ પણુ તે લુટાશે; નિરભાગી પરણે નાર થશે ગાંડી કે મરશે; નિરભાગી પામે દ્રવ્ય હાકેમ કે તસ્કાર હરશે; નિરભાગી બેશે ઘોડલે; પડશે કેપાગ ભાગશે નિરભાગી મંદીર મળે પછીત પડે કે વાગશે; નિરભાગી જમવા જાય; વેદ નાંખે તે વાશી સાચો જો બોલે બોલ તોય કરે સઊ હાંશી નિરભાગી ડાહ્યા થાય લોક કહેશે એ ઘેલો નીરભાગી નવ બોલન્ત કે'શે હઈયાનો મેલો; જે નરને નિરભાગ્યતા; શો ઉદયમ સુના પડે ભાગ્ય વરયુ છે જેહને; પુરણુ જસ જુગતે જડે પ (દોહરો) ખડકીમાં દીઠાં ખાસડાં એતો કોનાં હોય; કવણુ પુરૂષ પટન્તરે; કળી શકે નહી કોય બ્રાહ્મણુ ધ્રુજી ભુઇ પડયો; ગયો શીરીરથી સ્વાસ રાખ્ય રાખ્ય રામા મુને; વિનતા તારો વ્યાસ રઝળતાં મારાં છોકરાં રામા કીધી રંડ; તમ સાથે મન મેળવ્યું દેવતણો એ દંડ સુણ્યુ તે વેળા સુંદરી હતો પટારો પાસ; ગુણુનિધી ઘાલ્યો ગોરડી ;એક દુખ બીજુ હાસ્ય તાળુ દીધુ તરતીએ ત્યાં કુચી કાંચળી માંય એટલે કંથજ કોપીયો તરતીએ આવ્યો ત્યાંય મારાણો તે મહીપતી; ખીજયો આણુો ખાર; કુદઈએ કોપનો જેમ ગ્રીષમે અંગાર કહેરે કામની કોણુ છે નહી આ રૂડી રત; ખડકીએ કોનાં ખાસડાં પુરણુ કોણુશુ પ્રીત (ચોપાઇ) પ્રસ્નોત્તર પગરખાં કાઇક દાસનાં કહે વિનતા એનો બ્યાસનાં નર એ કયમ તેડયો નારીએ; જુવતી કહે જોબન જારિયે. વણુ આજ્ઞા કેમ આવ્યો એહ; મારે સાચો સ્વામી એહ તેં મુજને મુરખ જાણીયો. તે માટે એને આણીયો; હસે મુખે ને વાતો કરે; ધારણુ કેમ ધરણીપત ધરે; માહી વેરણાં વાણે વ્યાસ; પ્રેમદા તેહ પટારા પાસ; (દોહરો) પોપટ કહે પ્રભાવતી સંકટ પડ્યું શરીર સાચે સાચુ માનીયું નરનુ ઉતરયુ નીર હવે એ કેમ ઉગરે. ભોગવાય નહિ ભરતાર નિશ્ચે

મારે, નારને; વ્યાસ હણતાં શી વાર સુક કહે સુણ સુંદરી રહો આજુની રાત ઘ્વાર, વ્યાસ ઉગારીયો વિસ્તારી કહું વાત છો ઉપર આસન કર્યું નાવણ ટાઢુ નીર;કહે યા વિ ઉતાવળો ધારણ ન રહે ધીર [ચોપાઇ) શુક કહે સાંભળ સુંદરી રાયે મેહેલ ... ... ફરી; રાજા કહે ફૂરી કયાં ગયો ધાહ્યો પટારે સુખીઓ થયો. તરૂણી કહે આવતા દીઠા તમો એટલે પટારે ધાલ્યો અમો તાળુ દીધુ અકલ ઉચીએ ઉઘાડો મારી કુંચીએ શ્રમા સાચુ બોલી સાથ ઉધાડો કુચી લ્યો હાથ વ્યાસ માંહી થર થર ધુજીએ બોલી નાર તેતો બુઝીઓ (દોહરા) કુંચી લીધી કથડે ફ્રેરે ધરીને રીસ પૃથ્વીપર પડી પ્રેમદા ચિંતનીએ નાંખી ચીસ કટાર લીધી તેકાની ધિક ધીક મુજ અવતાર લીધી મારી આબરૂ ભાગ્ય હીન ભરથાર મુરખ માંટી માહરો ધણો અધીકો ઘોર ચોર હશે માટે કહે. એ નુગરા જે ચોર ઝડીયાં ખેંચી ઉતરી કાઢો મારો જાર આળ મુકયુ શીર માહરે મરૂણ નીરાધાર પચવિશ વરસ પરણે થયાં પતિવ્રતા હું. બાપ, જુઠું આળ ચડાવીયું; ભોગવ જુઠ્ઠુ પાપ સહુકો ઉતરયાં ત્યાંથકી જાણયું મરશે એહ રાજાએ જાણી સતી; ગયો મનનો સંદેહ નારીને નમણ્ કરો પુર તણો પ્રધાન રાજા [સુદ્ધાં આવીને દે છે શુભ સનમાન માનતી કહે માનુ નહી ઉઘડાવ્યું તારી પાસ લીધી મારી આબરૂ; બતાવ પેટીમાં વ્યાસ. એ વાત અહીંથી રહી વગતી ... પેરા શીએ બ્રહ્મણ કાઢીઓ. ગયા ગુહ્યથી ઘેર (ચોપાઇ) નરપતીએ કુંચી નાંખી જેહ, દાશીએ છાની લીધી તેહ; બીજે જેને કાઢ્યો બાર ગયો ઘેર નીશ્ચે નિરધાર છાની છાની આવી ત્યાંય, સરવ કુટુંબ ભરાયું જ્યાંય રાણીએ દાશી દીઠી આપ તન થકી જીત્યો સંતાપ જાણ્યું વ્યાસ વોળાવ્યો ઘેર પછી રૂદનની માંડી પેર. પાછી ઉપર આવી કામ મ્હો વાળી બેઠી તે ઠામ; (દોહરા) વ્યાસ બીચારો વિપ્ર શુભ. ઇશ્વરનો અવતાર; બાપ ઠેકાણે બાપડો; દિવ્ય વડો દાતાર મુજને કોઈ મળ્યું નહી જારી [કરવા જોર પંડીત પટારે ધાલીયો, ચતુર કર્યો મેં ચોર માન્યુ સાચુ મુરખા જોયા તુજમાં સાર શું કરીએ પરણ્યો પતિ નિકર નવ રાખુ ભાર સુણી વિલાપ તે આવીયા ઉપર રાય પ્રધાન; રાણી રોવું નવ ઘટે ભામની એ તો ભાન સમજુને શું કીજીએ; વિસારીદો એ વાત થવા કાળ તે થાય છે ખરી કે ખોટી ખ્યાત મહુરત એક એક મનાવીયાં. રાણી રીધનુ રૂપ બીજે દીવસ સવારમાં બેટયાં વ્યાસને ભુપ રાજા પુછે વિપ્રને; સુણી વ્યાસજી વાત અણુવાણે ચરણ કેમ આવીયા સાચુ કહો સાક્ષાત જવાન ભાઈને બેનડી જવાન પુત્ર ને માત. એ એકાંત કાંઇ રહેવું નહી વળી વેદ વિખ્યાત; મારી અન્ન દાતા માવડી અમો પુન્યના પુત્ર, તમો શીકારે સંચરયા શુનુ દીઠુ ઘર શુત્ર, અમો બારીએ થઈ નિકળ્યા કરશું જઈ ઘરનું કામ પગરખાં પાટ હેઠળ રહ્યાં તે લેશુંજી આજ રાજાએ હ્રદે વિચારીયું થયું મન માહરૂ મુઢ માનની હશી તે માનીયું પ્રૌઢુ પગટયું પુન્ય. સુખપાલ આપી વ્યાસને અતી ઉજવળ અમૂલ્ય ઓજસ પડદો તહીં તાહરો તું ઈશ્વર અ તુલ્ય કરજોડે કામની કને ક્ષમા કરો મુજ વાંક મુરખ થયો હું મન વિશે એતો આડે આંક; વિપ્ર તેડયો હોય મંદીરે શીદ માને મારે મુખ કીધી મશકરી માહરી એતો આડે આંક પોપટ કહે પ્રરભાવતી ગુણ એવા જો ગાઓ; તો તો જાઓ જારી કરો નીકર રોડલા ખાઓ સાંભળ રૂડા રાજવી સાંભળ દેવ દાતાર ઝવેર જસવત છો જુગ વિશે સકળ વાતમાં સાર ગુર્જર દેશ ગરવો ઘણો વેગનપુરમાં વાસ સુત શ્રી ધીરેશ્વર તણો કહે કવી શામળદાસ, શ્રોતા વકતા સમજતા; કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલજે; જય જય શ્રી રણછોડ.

—:0:—

વારતા ૧૯ મી.

(ચોપાઈ) પ્રણમું શ્રીગુરૂના ચરણ કોડે કથા સુણાવું કરણ; સેવું શ્રીસરસ્વતી સરવદા. નિરમળ જળ જેની નરબદા; દુંદાળો દુ:ખ ભંજન દેવ સિતાવરની કરીએ સેવ. શુકબોતેરી ક-હીએ કથા, જોગ વાત બોલાવો જથા. (છપ્પો) જય સિતાપતી રામ જય કરૂણાકર સિંધુ; જય સિતાપતી રામ જય જય લક્ષમણ બંધુ જય સીનાપતી રામ જગના અધમઉધારણ; જય સીનાપતી રામ નત્વ ત્રિલોકના તારણ. મુક્તિદાતા મહિમા ઘણો: રાવણ રોળ્યો રામજી શામળ ભણે અહરનિશ ભજો અહોર્નિશ શ્રી નામજી. (દોહરા) ઓગણીમે દિવસે આદરી ચાલી ચતુર-સુજાણ આવી પોપટ પાંજરે માનની મન મેહેરાણ. સોળ સજ્યા છે સામટા પહેર્યા ચોળી ચીત કામની પ્રત્યે બોલીયો કામણગારો કીર શીદ સધારો સુંદરી શું કારણ કોણ કામ. જ-મવા કે જારી જસો ઠનાવ કરો કોણ દામ પક્ષી કહે સુણ કહે પ્રેમદા, શિદ જુઠ સમ ખળ શુભ વિદ્યા તેં શીખવી. જારી રમવા જાઉ સામ દામ ભેદે કરી, વિદયા શીખી વાણ કોની બીક ન આણીએ; નીશ્ચય કહુ નિરમાણ સુખે શામા પરવરો કરી આવો શુભકામ; સંકટ શીરથી કાઢજો. ખોશો નહી નરતુ નામ દેખી દુશમન કેડ લે. કે કોઇ દેખે દ્રષ્ટ; અથવા કે કોઇ સાંભળી; કવણ નીરમાણ કષ્ટ. માન્યની મકવાણા તણી રાખજો એવી દ્રષ્ટ. કદાચીત કાંઇ સંકટ પડે કરજો એવું કામ ચગણ ખેંચી ચતુરા રહી શિખર મારા મીત્ર; કોણ તેની કામની કેવું કર્યું ચરીત્ર શુક કહે એ વારતા નેહ ધરી સુણ નાર, ભાવે ભીનાં વસ્ત્ર સજ તજ સઘળા શણગાર (ચોપાઇ) ઉત્તરપંથ અતીશે આપ; ભીમનગરીનો ભુપ પ્રતાપ; લીંબડીયું લાખેણ ગામ પાટણ પ્રગણામાં થીર ઠામ રહીયો રાજવી રહે મકવાણ; પરાક્રમ પંચ કરે પરમાણ પુર ધરાક્રમ પ્રિછે પેર રાજુલ નામે નારી ઘેર જીવ એકને જુદા દેહ સાચી પ્રીતી સાચો સ્નેહ; એક એકને નેહે નમે; ગુણ એક એકના મનમાં ગમે; એક એકનો નવ કાઢે વાંક અધીક પ્રીતિ છે આડે આંક એક દીવસ પરૂણા પાંચ; આવ્યા ઘેર સહોદર સાંચ. તેહ ધણીને વહાલા ઘણા તન મન ધન છે પોતા તણા; આસ્વાગત અંગીકેરી કીધ શ માને શીખ સ્વામીએ દીધ જેમ તેમ કરી જુગતે જમાડ સહોદર આપણા સુખ પમાડ; પછી પોલે લેઇ આવ્યો તે શાક પ્રેમદાએ સુધાર્યો પાક સુગંધ સ્નેહ મરદન શરીર નાહાવા કારણ મુક્યા નીર માંડયાં આસન બેસણ ઠામ; જો જો ત્યાં થયું એક કામ.

(દોહરા) પાંચ પ્રાગુણ છઠો ધણી; જમવા બેઠા જોડ; પીરસવા રહ્યા તે પ્રેમદા; મનસુ મોડામોડ એટલે પેલી નારનો જુગતે નીકળ્યો જાર દ્રષ્ટે દ્રષ્ટ તેહની મળી વાધી પ્રીત અપાર મન વીહવળ થયું તેહનું; પરવશ પડીઓ પ્રાણ; કરી શમશા તેતો ગયો વાગ્યું મેહનું બાણ હસ્યાં પલક એક હેતથી કંઠે વાળ્યો હાથ અકરમાત તું આવજે; સાંન કરી તે સાથ એમ કરી તેતો ગયો જ્યાં જાવાની જાગ; વીનતા મન વીચારીયું જોવા માંડયો લાગ. નારી કહેરે નાહલા જમવા શું બેસો તરત; પ્રથમ તો જોયું નહી; ઘરમાં થોડુ છે ઘૃત કંથ કહે સુણ કામની નથી મુજ પાસે દામ જેમ તેમ કરી ચલાવજો કામની ઘરનું કામ ઉછીતું કોનું નવ મળે, ન જડે કહી ઉધાર, એમ વીચાર બંને કરે, તે નરને એ નાર માન્યની કહે મોટી સુણો નહી જાવા દેઉ લાજ નીચપણું કેમ કીજીએ, અવસર આવે કાજ. પીતા મા-શાએ પીયરથી; આપ્યો રૂપીઓ એક તે લાવી છે કોકરી વારૂ વસ્ત્ર વિવેક હમણાં તો ઘૃત લાવીએ. હાલે ઇશ્વર આપ ગયો અવસર આવે નહી, વેદ પૂરાણે છાપ, ભોજન દીધું ભા-મની, લીધું નાણું રોક ઘૃત લેવા ગઇ ગોરડી. ગમુ કરીને રોક આવુંછું એક પલકમાં, ક્રત ચાંને પેર ભાણામાં અન પીરસજો પરઠી એવી પેર. જઈ મળી તે જારને કીધી વાત વી-

માર તું મુગટ શીર માહરો તું હઇડાનો હાર. તુંતો મારો જીવડો તુજ્જવડે મુજ પ્રાણ. ધર- ધણીથી તું તો ધણો ત્રિનતા બોલી વાણ. તે નર કહે નારી સુણો, હું આવ્યો તુજ માટ તારે ઘેર ઘણા જણા, પ્રાગુણ બેઠા પાટ. પાછા ઘેર અમો જઇશું, નેક થઇ નીરાશ. થશે વાર તો ખીજશે. વીનતા વળી તું વાસ. વાટે દેવળ દેવનું ડોશી રહે તેમાં એક. તે પણ ઘણી કુટણી, વધુ વીચાર વીવેક. ડોશી કહે સુણ દીકરા, મેં જાણ્યાં બેનાં મન પ્રીત રીતથી પ્રેમદા તું છે જારી જન. મંદીરમાં આવો માનની કરો તમારૂ કામ ઉની આંચ આવે નહી રાખણહારો રામ સંતોખ્ય તારા મિત્રને, જે આવ્યો આશાભેર ઉતાવળા આદર કરી ગુણવંતા જાજો ઘેર. હશી મન પલકાવીયું, ગયા તે મંદીર માંહ વેગે મહુરત એક થયું, તે વેળા તે ત્યાંહ (છપ્પો) કામી હદથી અંધ કામી નવ દેખે આંખે, કામી નવ ધરે ધર્મ સંકટ તે દેહે સાંખે કામી ન જુવે જાત માત ભગની નવ ધારે કામી નવ ગણે નાત, કામી સુગ- પણ નવ સારે. કામીથી વૃત પાપ નહી; કામી જીવ કોઇ દીન ખુએ કામી નવ દેખે કોઇને જગત અંધુ તેને જુવે, બાળ દેવાનું દુઃખ; બાળ મુખ શામા પાખી. બાળ બેઠવી ભુખ બાળ ઘેર અટકી રાખી બાળ ડહાપણ ચિદ્ર, બાળ મલિનની શેત્રા; બાળ રહો જે રાંડ. બાળ શિર શાપજ લેવા બાળ કલંક શિર કામ્યની, બાળ હાડ જે હારની શામળ કહે સતવાદીયા, પલક પ્રીત પરનારની. પરનર ઇચ્છે નાર. સત્ય તેને નવ સુઝે; પરનર ઇચ્છે નાર બુદ્ધિ એકે નવ બુજે પરનર ઇચ્છે નાર પુરૂષમાં ન રહે પ્રીતી પરનાર ઇચ્છે નાર, રૂડા ઘરની નહી રીતી પરનર ઇચ્છે પ્રેમદા વર તેને વહાલો નહી; સામળ કહે શાણી સું- દરી, જેટલે કામી કહી. પલક એકમાં પ્રીત, કરે જો રામા રીઝે; પંદર ભત્ર પલટાય. ખરી જો મનમાં ખીજે દેખાડીએ ઝાઝો દામ, નેહ ન હોય તો નાસે; કરે આપણું કામ પ્રીતે જો પ્રેમદા પામે પોતાને મન પ્રીતડી. ચતુરા તે નર ચાહ્ય છે; જોરને વશ જુવતી નથી શામળ•ભટ સાચુ ગાય છે, (દોહરો, પેઠી ઘરમાં પ્રેમદા મન માન્યાને માટ; પાંચ પ્રા- ગુણ છઠો ધણી જુવે બેઠા વાટ. એટલે એક બોલીયો, બડબડ બોલ્યો બોલ; મકુઆણા તારી માનની, તરતું દીસે તોલ એક કોશ જઇ આવીયે, થઇ એટલી વાર; રાંધ્યું તે વણશી જશે, નાવે ઘર તુજ નાર મકુઆણો મહા રીસળાવો, કરી પ્રતીજ્ઞા તરત; કાળ ભુટયોરે કા- મની. માનની તારૂ મરત, (છપ્પો) જો નવી મારૂ નાર. પાપ પૃથ્વીનું લેઇએ; જો નવી મારૂ નાર, બ્રહ્મહત્યા ભોગવીએ જો નવી મારૂ નાર, કોટી જગ નરકે ભોગવિયે ધર્મ અધર્મ જોવા નથી. હેત તજી હાથે હણું; અધીક રીસેથી ઉઠીયો, તે કાને સરવે સુણ્યું.

(દોહરા) પોપટ કહે પ્રભાવની પતિએ કીધી પેર, પલકની પાંચ ઘડી થઇ, ગોરી કેમ જાશે ઘેર. જવાબ જુવતી કેવો કેમ કરે પતિ લાગે પાગ; સતી પણું કેમ સાચવે, કહો જડે તો જાગ. પ્રાગુણ કેમ પાગે પડે, કેમ રોશ સહુનો જાય; ગામ બધાને ગુણ ગમે, સતી શીરોમણી થાય. શુક પ્રત્યે શેઠાણી કહે અચરજ એહ અપાર પ્રતીજ્ઞા કેમ પરહરે, ભોળવાય નહી ભરથાર. રહો આજુની રાતડી, સુણુ સાંભળવા ગરજ; કાલ્યુ રાતે જજે કામની, એહ અમારી અરજ. વીરા મારા વાત કહે. કઉતક સાંભળવા ક્ષણુ તું કહેતો જઇએ નહી, તોલ પુરા દિન ત્રણ. નારીએ દીઠો નાહલો રાજપુતને વળી રીસ; ખડગ ઉઘાડો ખીજતો, નિશ્ચે છેદે શીશ બેઠી રસ્તામાં બાળીકા. મહા વિજારી મુલ, આવીને કીધો એકઠો ઢગલો મોટો ધુળ. પાગે પાટો બાંધીઓ, અંગુઠે અતિ દુખ, અરે અરે અરે મુખ- થી કહે, કરમાણું છે મુખ. આંસુપાત આંખે વહે, લક્ષ્યા મળીયા લોક, બહુ જન કહેછે બાપડી શાબાને મન શોક રજે ભરી રામા બહુ મેલીન થયાં છે વંઅ મહા રજનો મેરૂ કરયો. દીઠો

હાર્યું દશ્ય. સ્વામી કહેરે સુંદરી,. વિનતા બેઠી કેમ વાટ; પગે પાટા બાંધીને રૂદન કરે શા માટ, બોલે પણું બોલાય નહી, હઇડુ ફાટી જાય; ખમા ખમા ખમા કહે, ગુણુ સહુ તેના ગાય ઉતાવળી ઉતાવળી. લેવા દોડી ધ્રત અથડાઇ પડી આ ઠામમાં તીમર આવીયાં તર્ત રૂપૈયા પડયો રેતમાં,-શોધતા પ્રગટયો શોક; ઉઠાડી આઠ જણે, લક્ષધા મળીયા લોક. મેં જાણ્યુ જઉ ઉતાવળી ઘણા હેતથી ઘેર; પેલા પ્રાગુણુ જાણે નહી, મારા કંથની પેર, સહોદર સહુકો સાંભળે, જે સામા બોલી સાંચ, ઓશીઆળા અધિકા થયા, પેલા પ્રાગુણુ પાંચ ચતુર લઇ આવ્યાં ચારણી ફોગટ કરતા ફુલ્લ. ચ.ર ઘડી થઈ ચાળતાં, ઢગલો વાળ્યો ધુળ. ધણીના હાથમાં ધન્ય જડયુ, દીધ્ય રૂપઇયો રોક; સારૂ સહુકોએ કહ્યું ઘેર ગયા સહુ લોક ધન લીધું તે ઘર ધણી, સાથે પ્રાગુણુ પાંચ; વળગાડી ઘેર લાવીયા; ના આવી ઉની આંચ જમ્યાં રમ્યાં તે જોખમાં લક્ષવા રાખી લાજ, સારાનું મુખ દીઠુ હશે, તો સુધરયુ સહુ કાજ સર્વ કહે શાબાશ છે. સ્વામી કહે શાબાશ, રૂપીયો કાઢયો રોકડો હતો પીયરનો પાસ કંથની લાજને કારણે. વાર કરત નહી લેશ પગ ભાગ્યો પડી ગઇ ઠમકે વાગી ઠેસ ક્યાં લાખેણા લાડવા ગુંદ સુંઠને ધ્રત, આવરદાએ ઉગરી, નહીતર પામત મ્રત. ચઉદ દીવસ કરી ચાકરી સાજી થઇ તે દીશ; કુળ કુટુંબ જમાડીયું વિપ્ર જમાડયા વીશ, સહુકો લે ઓ વારણું કરે શુભ કુળનાં કામ, શીરોમણી સુંદરી તે તો તારૂં નામ જ્યાં સુધી તે જીવીયાં ભામનીને ભરથાર; ત્યાં સુધી સુખ માણીયું રાસા રૂદેનો હાર એમ વિજારી આવડે, તો તો જાજો તર્ત નિકર કલંક માંથે ચઢે અથવા થાયે મર્ત કથા એહ ઓગણીશમી, રૂડી અતી રસાળ, પંડીત ડાહ્યા પરખશે માણી જોતા માલ. મુરખ મુઢ મમતા કરે, એણે તે શું થાય વિબુદ્ધ જન વિચારશે ક્યાં રંક ક્યાં રાય. માતર પ્રગણામાં મણી સીહજ ગામ છે સાર રખીદાસ ત્યાં રાજવી. દેહ કહાવે દાતાર. કાશી ખંડને નર્મદા, શિવ મહાતમ સમરથ, સિંહાસન બત્રીસનો અધિક વખાણીયો અર્થ રામ કથા શ્રવણે સુણી, નિરમળ કર્યાં નયણુ, તે વાસણુનો વંશપત્ય, મનજી સુત મેહેરાણુ, શામળ ભટ સંતોખીઆ પુરણુ કીધી પેર, ગ્રંથ રચાવ્યો ગુણુનિધી, જશવંત નર ઝવેર ગુર્જર દેશ ગુણુ આગળો, વેગનપુરમાં વાસ પિતા પુરસોતમ તણો, કહે કવી શામળદાસ શ્રોતા વકતા સમજતા કહે કવિતા કરજોડ શામળ ભટ કહે બોલજો. જય જય શ્રી રણછોડ.

વારતા ૨૦ મી.

(ચોપાઇ) પરમેશ્વરી પ્રથમ પુજીયે, સકળ વાત શીખી સુજીયે પુજુ શ્રી ગણુપતિના પાય, શીદ્ધી બુદ્ધીનો જે છે રાય દેવાધિપતી સાચો દેવ. પ્રથમ કરે સહુ તેની શેવ બ્રહ્મ તનયા સાચી સરસ્વતી મયા કરી આપો મા મતી, હંસ વાહની જાણુ સુજાણુ વેણા પુસ્તક પરકમાં પાણુ સંખલપુર બહુચર બાળિકા, કરૂણાનિધ કહાવે કાળીકા. જગદંબાતણું આરાધન કથા કહું તે હવે વાતોં ધારો મન. શુક બોહોતેરી વિશમે દિવસે વિનતા વરી જારી જાવા તત્પર થઇ સોભીત સોળ સજ્યા શરીર. ચંપક વરણા પેહેરયા ચીર, માણેક મોતીહીરા હેમ પ્રેમના મનમા બહુ પ્રેમ ચતુરા દેખી ચીતકુ ચળે, આવી પોપટ પાંજરા તળે કહે શુક ભલે ભામની કંદ્રપ રૂપ શોભો કામની. શીદ પધારો ને શાં કામ રમવા કે દરશનને ઠામ શુભ શણુગાર સજ્યાછે સોળ મુખ બોહોળાં બેહેકે તંબોળ, કાજળ કુમકુમ કીધાં કયમ સાચુ ન કહોતો મારા સમ કામની કહે ગુણુવંતા કીર તું છે ધર્મ ધુરંધર ધીર તુજ આગળ સાચુ બોલીએ મન તણો પડદો ખોલીએ, નીરમળ વાત કરી નારીએ. જરૂર આજ જાવું જારીએ, તરૂણી આપ પધારો તમો, સ્નેહે ધામ સાચુ:

વસુ અમો સિંહ કરી રૂડા કહાવજો. રમી શત વેહેરમાં આવજો. કહાથીત સંકટ આવી અડે. મહાવિજારી કરવી પડે; મલુકચંદશાની માનની, ભારે રુપ તણી ભામની; તેણીએ કાધીતુ જેમ કામ પડે તો કરજો તેમ; ઝવેર વહુએ કીધુ જેટલું. તમો પ્રાક્રમ કરજો તેટલું. પગ ખેંચીને પાછી વળી, મુખ માંહે ઘાલી આંગળી; મલુકચંદશા તેનો કાગ્યુ. ઝવેર જસવંતી જાણી ઓણુ, શાં પ્રાક્રમ કુણુ પ્રચંચ, શીખવ શુક શીરોમણી સંચ, ગામ ઠામને કહો તે નામ. કીધાં શાં કામનીએ કામ. (દોહરો) શ્રીનગર સોહામણું, શ્રીપતીનું ત્યાં રાજ, ધર્મ માર્ગ ધારે સહુ. કરે સહુ રૂડાં કાજ. ચાડી નહી ચોરી નહી, નહી કોઈ જુઠા જાર લોભી નહી લાંચી નહી, વડા શાવટ વેહેવાર. શોભાગચંદ શીરોમણી, નસુરશેઠ નવ રંગ, લાયક રૂડો લખપતી. સપુત શીરોમણી સંગ. સુભાગા પરણ્યો સુંદરી, રૂપ કળા ગુણુ રીધ પુત્રી પીતાંબરદાસની, નાદા નામે નીધ પીઉ ચાલ્યો પરદેશડે પુરણુ વેપારી પેર, પુત્રી પીતાંબર તણી ગુણુવંતી રહી ઘેર

(છંદ) બાળ માગવી ભીખ. બાળ્ય કાશીદુ કરવું, બાળ્ય ચોરીનું ચીત, બાળ્ય વીત પારકું હરવું બાળ વધતરૂં વેડ, બાળ્ય નીત ભાર શીર લેવો બાળ્ય પરવરયા જે પુરૂષ, બાળ્ય દંડ દીનને દેવો, બાળ્ય રળવું જે પાપનું, હીસા કરતા સુરા થવું. સામળ રોજગાર તે બાળવો, જન્મારો પરદેશે જવું.

(દોહરો) તનયા તે રહી તાત ઘેર, નદા જેનું નામ, એક દીવસ શું નીપન્યું, કષ્ટ પડયું કુણુ કામ. હીરાચંદનો દીકરો, મુલુકચંદ મહા મુસ્ય, લાયક લક્ષણુ આગળો, જાણે કમળનું ફુલ, કર્યું પર્યનનો આંખડી નીરમળ સુંદર નેણુ. અમ્રતયા મીઠાં વદે, વદન પોતાને વેણુ. લક્ષપતી લાયક લહયો, ગુણુ લક્ષણુ ગંભીર; સતવાદી સોહામણો, શાપતી શુત્ર શરીર. ચતુર જાતોતો ચોવટડે, હેત પોતાને હાટ, માન્યની કેરૂ માગીયું, નીચે જાવાની વાટ. લક્ષણુવંતી લાડકી. પુરાણુ વીસને બાર મુકતાફળ મોતીતણો હેને પરાવે હાર. મલુકચંદ મારગ જતાં, ઉંચુ જોયું આકાશ, નંદા નક્ષત્ર સરખી, પુર બડીની પાસ નજર ગઇ તે નારપર, વાગ્યું મોહનું બાણુ, કાલો ઘેલો થઇ ગયો પરવશ પડીયા પ્રાણુ. (છપ્પા) મછગંધા દેખી વ્યાસ વિહ્વળ થઇ પોતે બેઠા, અહલ્યા દેખી ઇંદ્ર, તસ્કર થૈ પુરમાં પેઠા. તારા દેખી વ્યાળ, કબુલ એ નારી કીધી, સીતા દેખી દશકંધ કરી લંકામાં લીધી વિનતા બ્રહસ્પતીતણી, દેખી ચંદ્ર ચિતમાં ચળ્યો, કળીયુગ રૂપ એ કામની; મળે ટેક સહુનો ટળ્યો. જુવો દ્રૌપતી નાર દુર્યોધનને દળમાં દળીયો, કીચક થયો કામાંધ, દુનીયામાંથી ટળીઓ એવા અધીક અનેક, દેવ દાનવ રીધ રાજા પામ્યા દાવાનળ દુખ, પડયા નરકે નર ઝાઝા, પરનાર થકી બહુ પરવર્યા, જુલમ થવા તે જાણીયા, શામળ કહે શાણા સમજજો, કુણુ બ્રાહ્મણુ કુણુ વાણીયા (દોહરા) માન્યની મોહ પામી ઘણું, દેખી શેઠ દેદાર, શેઠ મોહ્યો જોઇ સુંદરી, અપરમપાર અપાર. મલુક આવ્યો નીજ મેહેલમાં, મલીન થયું છે મુખ, શામા ઘેર સલક્ષણી. દેહ પામી દુખ ચતુરા નામ ચંદ્રાવળી, ચંચળ તેનાં ચેન સમજી ગઇ તે સુંદરી નમીયાં દીઠાં નેન, તે તો બોલી પેઉશું, કાં ચીંતા ચીત આજ, મારા સમ સાચુ કહો મન મેલી મહારાજ. કાંઇક ગર્થ લારો ગયો કાંઇક થઈ છે હાણુ, કે લાગ્યું કાંઇ વપુ વીશે, માનની મોહનું બાણુ. એમ હસી બહુ હેતથી, અરસપરસ થઇ આપ, મારા સમ સાચુ કહો મુજ માર્યાનું પાપ, સ્ત્રી હત્યા શત સહસ્ત્રંવા બાળ હત્યા બહુ બોલ, એ દુખ ઈશ્વર ભાગશે તર્ત કરીશુ તે તોલ. કર જોડયા તે કંથડે, કહ્યાં કામનીને કેહેણુ. દાહુ તું તેતે દાખવ્યું વીણા વીખાણી વેણુ, પુત્રી પીતાંબરતણી, બેઠીતી ગુણુ ગોખ; દ્રષ્ટી ગઈ ત્યાં માહરી, ચીત નથી રહેતું ચોક. ભારજોબન

ભરવે ભરી, ચંદ ભતી મેહેરાણ; ઘાયલ કીધો હું પચો, માર્યાં મોહનાં બાણુ શરીરે નીસર્યાં સુંસરાં, ધારણુ ન રહે ધીર; તે માટે તજ્યું અમો, અન નીંદ્રાને નીર. સાચે રામ રાજી રહે સાચો અક્ષર આંક રીઝો કે બીજો તમો, વેદ અમારો વાંક. ચિંતા ન કર ચતુર નર, કાળ-જડુ સ્થીર રાખ્ય; મેળવું તુજને માનની, શ્રી સુરજની સાખ. ઉઠો આપ આળસ તજી, રમી જમી ચાવો પાન સ્વામીને સંતોખીયો, માનનીએ દીધાં માન. સ્વામી કહે શામા સુણો, કરીએ કેમ એ કામ; લાજ ગમાવે લોકમાં, દેહનટ જાએ દામ. દંડે રાજા દેશપતી, નારીનું ખોઇએ નીર; નાત એનાને આપણી, તજે રહે નહી ધીર. સાંભળ સ્વામી માહરા, બીક ન આણીશ લેશ; બોલી તમશું બોલડા, પુરો પોચાડુ પેશ જખમારે છે દેશપત્ય, જખ મારે સહુ લોક; પુરણુ કામ કરીએ અમો ચીંતા ન ધરો ફોક, હું નથી પ્રીછું તેહને તે નવી પ્રીછે મુજ પરણુ કરવી પ્રીતડી તે કેમ સુજે તુજ એહ વીના તો ચાલશે ન કરૂં નારશું નેહ, સાંભળશે. ત્યારે સાલશે દુરગળ થાશે દેહ નારી કહે સુણુ નાવલા તજ મનનો ઉચાટ ત રૂણી તેડુ મોકલે પોઢાડે તુજને ખાટ (ચોપાઇ) ચરચા જોવરાવી તે તણી કેડ લીધી ગુણુ-વંતી તણી રવીવાર જુવતી જાય છે ચતુરભુજનાં દરશન ચા'ય છે નથી ધીરતી માત કે તા-ત નથી થતી કોઇ સાથે વાત આવે ઘડીકા દેહરે જાય પુરૂષ નામ ન પરઠે ત્યાંય પીયર ક-હાવે ઝવેરામતિ કહે સાસરે ચંદ્રાવતી, રવીવાર આવ્યો જાહરે ચરચા જોવરાવી તાહરે નંદા દરશન કારણુ ગઇ તેહ ખબર ચદ્રાને થઇ પુજા અરચા લીધી હાથ એક સખી રાખી છે સાથ, નંદા પ્રભુને લાગી પાગ ચંદ્રાવતી ગઇ તે જામ વેહેવારીયાની બેટી એહ નર નારશું વાધ્યો નેહ નાત જાત પુછ્યુ છે નામ કેહેજો કાંઇ અમ સરખુ કામ માહારે મંદીર રમવા આવજો વાત ગોષ્ટ રૂડી લાવજો સમ ખાધા છે વાલ્હા હાથ સ્નેહ કરયો જેમ સૈયર સાથ પ્રીત પરસ્પર પુરણુ પ્રેમ મારા સમ આવો મુજ ઘેર (દોહરા) ચોથે દીવસ ચદ્રાવળી સજ્યા શોળ શણુગાર ગઇ નંદાને બારણે ક્ષણું ન લાગી વાર આસ્વાગત અદકી કરી ભલે આવીયાં માત છાની છપની ચતુરાઇની કરી વીગતની વાત આજ ઓછવ છે માહરે અતિ મોટો ઉલ્હાદ મેં જાણ્યું મારી બેનને પ્રીતે આપુ પરસાદ પાંચ વખત આવ્યાં ગયાં પ્રીત કરી બહુ પેર નંદાને ચંદ્રા કહે તું આવ અમારે ઘેર પીઉ મારો પરદેશ છે નથી ધીરતો તાત ઘર મુકી નથી નીસરૂ વેદ ન થાએ વાત કલાવી પુછ્યુ કામની રામા કેરી રીત મારા સમ સાચુ કહો, પુરૂષશું કોણુ પ્રીત નાની નંદાએ કહ્યું મનમાં આણી મર્મ આટલા દીવસ ઇશ્વરે રાખ્યો છે મારો ધર્મ એક દીવસ હું માળીએ બેઠીતી એકાંત હેતે હાર પરોવતી સહચર ભાગ્ય ભ્રાંત કો વેપારી વાણીયો ગ્રહસ્થાવટ ઘર સુત્ર કોણુ જાણે જે કામને પુરંદર સરખો પુત્ર ચમક ચમક ચાલ્યો ગયો નર તે ઉચુ જોય ચાર આંખ્યો થઇ એકઠી મનકુ મારૂં મોહ્યુ. ધન ધન એના બાપને ધન ધન એની માત પ્રસવ્યો પુત્ર પનોતીએ જસવંતો છે જાત્ર તેહ ફરી દીઠો નથી તે ઉપર મોહ્યું મન શમણામાં ઝંખુ તેહને થયા દશ દુણા દન ચંદ્રા કહે ચતુરા સુણો તેનું કહો એંધાણુ દીઠો હો-ય તો દાખવો વારૂ કહો વીખાણુ (છપો) કડાં સોનાનાં હાથ સોભીત છે દશ આંગળીએ મુ-ક્તાફળની માળ હેત હીરા સાંકળોએ પુરણુ પચરંગી પાઘ ભ્રકુટી ધનુસ્ય કમાને ચાલે ચમક-તી ચાલ વશ્યો તે મારે ધ્યાને ઈંદુ જેમ ચાલે આભમાં મુખ કમળ અર્વીંદશુ સહચર સાચુ કહુ તને તને વરણાગી દેખી મન વરયું (દોહરા) ધન ભામીની જે ભોગવે ધન એની માત ધન ધન એના દેહને ધન એહનો તાત ચંદ્રા કહે ચતુર નર મેં ઓળખ્યો આજ મારે તે સાથે પ્રીતડી કર હું તારૂં કાજ. મેળવું તુજને માનની રમાડુ તે રાત ઉંની ચાંય આવે [illegible]ી વેદ વચન વીખ્યાત નારે બાઇ એ વાત શી કરીયે કેમ એવું કર્મ કદાચ જાણે કોણુ

જાન રહે કેમ આપણો ધર્મ ભલા બાપનો છોકરો ધણી નહી મારો વેર કદાચ વાત જાણી પડે પછી શી કરીએ પેર જાય ઇજતને આબરૂ જાય નાતમાં નામ વીશ્વાસ કેનો નવ લાવીએ કરીએ કેમ એવું કામ (સોપાઇ) ચંદા કહેરે નંદા સુણો ભારે બોલ એવા કયમ ભણો તારૂં નામ લેશે નહી કોઇ તારૂં થુક ત્યાં માહરૂં લોહી એવી હઇડે ધીરજ ધરૂં તું કહે તે પ્રતિજ્ઞા કરૂં પરણી નારીને પરહરે માનીતી અણમાનીતી કરે નવ તજી કોઇ નારી જાય ગંગા મુકી છીદ્રમાં નાહાય નીલી વાવે જે કરસણે બેડે હળ વરષા વરશણે નીલા તરૂવર વાઢે ઘણા કાઢે મુળ વડ પીંપળ તણાં પક્ષીના માળા ભાગે જેડ દમે વીપ્ર સાધુના દેહ અપેય પાન કદાપી પીએ કરતાં પાપ મનમાં નવી બીહે; પસાયનાના ઉપર કરે આપી વસ્તુ પાછી હરે ધણીને વીશ દે ઘરની નાર જોષ કારણ રમે તે જાર એક મુકી બીજાને જાય પ્રભુ મુકી પાખંડી આંય એકાદશીએ અન જે જમે ગુણ અધરમી મનમાં ગમે એવાં પાતીક લાગે સાચ જો તુજને આવે કાંઇ આંચ પીત્રી દીવસ કરે નહી શ્રાધ વીપ્ર સાથ કરે વીખવાદ કુટુંબ ઉપર રાખે વેર જર કારણ દે કોને ઝેર ગોત્ર મધે જે કરે ગમન, સાધુ જનને કર દમન; છતે દામ નવી પોખે દેહ, પરનારીશું રાખે નેહ ઉત્તમ થઇને મદીરા પીએ, શાસ્ત્ર વચનથકી નવી બીહે, ભક્ષા ભક્ષ કરે જે અહાર, ખરૂં કહેતામાં આણે ખાર. માંસથકી જે પોખે પેટ, શાસ્ત્ર વચન સુણે નહી નેટ; બેઠે શેહાશણ લુંટે બ્રહ્મ, નવી પાળે પોતાનો ધરમ એવા પાતીક લેઉં સાચ. જો આવે કાંઇ ઉની આંચ, તીરથ જાત્રામાં ચોરે દાણ, ભર ગંગામાં બોળે વ્હાણ, ગોચર ભાગે લુટે ગ્રામ; કરે ઉંચ થઇ નીચાં કામ, વીપ્ર થઇ ન ભણે વીદાય, નીચુ કર્મ કરી નિંદાય ગ્રહસ્થ થઇને વાળે ગાય ચોરી ચાડી ચીતમાં ચહાય; છાની વાત જે જાહેર કરે, આત્મઘાત કરીને મરે, વન વગાડે પડાવે વાટ, ઉથાપે ગંગાના ઘાટ; વૈષ્ણવ થઇ શીવ નીંદા કરે. મુકી થાપણ પરની હરે. એવા પાતક લેઉ સીર સાચ, જો આવે તુજને કાંઇ આંચ; આપણને બે વચ્ચે રવી ચંદ, સાચા સાક્ષી છે દવેંદ્ર ૯૪ (દોહરો) નંદા નીરમળ થઈ ગઇ, હસી પડી તે સાથ; અરસપરસ બેઉ સમજ્યા, કંઠે વાયા હાથ. કરો જે તમને ગમે, હું તારી વેચાણ; વચન થકી વેચાઉછું પરમેશ્વર પુરાણ આ મંદીર મારા તણે. ઓરડી છે એક સાર; તે મધ્યે માળણ વશે. નેઉ વરસની નાર ચોગે ચોગ તે મેળવો, રહેવું એકજ રાત, હાશ વિનોદ હશી રમી. પરવરશું પ્રભાત વિચાર કરી વિનતા વદી રૂડો કાલ રવીવાર, મોકલું મંદીર તાહરે, ભુપ સમો અરધાર મળી કામની કંથને અધીક વાત એકાંત; અથ ઇતિ માંડી કહી. ભાગી મનની ભ્રાંત. મનમાની છે માલણી પરકી તેની પેર; અધિક સોભાવી કામની, જાવ રમો તે ઘેર, કોટી ભ્રજને કહેવુ કશું જેની ગાંઠે ગ્રંથ; મન ચીંતવ્યું આવી મળે સફળ થાએ અરથ ચાર ઘડી રાશે ચતુર નર ઓની માગી શીખ; જુવતીને કહે જાઉછું, શક ન રાખી લેશ બીક. શાહપતી ત્યાંથી સંચરચો. વાટે મળ્યો હજામ, હું ચાકરછું તાહરો, ભણ્યો એ રીત ભેદ; પોતે મંદીર પરવરયો વાશો રહેવા વેદ. મલુક ગયો માલણ ઘરે, શાણો થઇ તે શેઠ બીજુ કાંઇ પાસે નથી, નિશ્ચે પોહોતો નેટ સવા પહોરે તે સુંદરી, આવી શોભાવી સેજ, તન મન ધન સોપ્યું તીહાં, હઇડે આણી હેત અરસપરસ આનંદમાં, કરી વાત વિચાર, તું આધાર છે માહરો તું હઇડાનો હાર જે દા'ડાનો નીરખીયો તે દીનનો મુજ મરમ, આપણા બેનો રાખીયો, આજ ઇશ્વરે ધર્મ સ્તુતી કીધી એક એકની કરે એક એકને વાત રમત ગમત રીઝે રમે ગઇ ઘણેરી રાત એક પેહોર અનંદમાં ભારે ભોગવ્યા ભોગ, વળતી ત્યાં શું નીપન્યું શા બનીયો સંજોગ. કાંઇક સુખસાગર સમજ કાંઇક ખાધી ઠેશ, કાંઇક ભોગ એ કરમના, જેમ મોતી સજને છેપ, ગુણીજનો પેલો બાંચજો, તેણે અરચ્યા જોષ

પુંઠ લીધી તે પાપીએ કુડ ન જાણે કોઇ ચોકીદાર એક ચાડીઓ. હાડ હરામી ખોર; અધ રમ અન્યાય તે આચરે, ચીતકુ તેનું ચોર છાની વાત કહી છળ કરી, સુઠગો નાપીકની સાથ કરોડ પતીનો કીંકરો હેતે આવ્યો હાથ દામ ઘણો દંડાવશુ લેઇને તેની ભાળ સોળ લાખ શોભિતા, શામાને શણગાર દુડી ફેરવી દેશમાં પ્રમાણુ કરે જેમ પાંચ બનેને લુટા-વશુ લેઇશુ આપણુ લાંચ, વિશ્રામ વેળા મધરાતની સિપાઇ ઉઠયા જન આઠ છાનોમાનો છળ કરી ખાંતે લીધો ખાટ, માળણનું મન મનાવીશું, આપીશુ તુજને દ્રવ્ય લેઇ જાવાદે બારણે એવું બોલ્યા સરવ ખાટ ઉપાડયો ખાંતથી આણ્યો ચોકી માંય તરતીબે તાળુ વા-શીશું તોય ન જાગ્યા ત્યાંય ચોકીદાર ફરવા ગયા નગર સમીપે નેટ ઝબકી જાગ્યાં બે જણાં, પડયો ધ્રાસકો પેટ. કરે શું કોને કહે કવણ ભજાવે કામ અવસર મળે નહી આશરો રાખણ. હારો રામ શાહુકાર સંકટે પડયો સાંહી લાખનો માલ પોપટ કહે પ્રભાવતી હોશે કોણુ હવાલ છળ પડયા કેમ છુટશે કેમ કહે એનું સત્ય કેમ દંડે નકી દેશપત સુઝે કોને મત્ય તાળાં કુંચી તરતીબ શું ચોકી ચોપાસ કોણુ છોડાવશે એહને વેગે કેમ આવે વાસ પ્રભાવતી કહે પોપટા મુરખ તારો મેલ બંધીખાને બાપડાં ખરા કરે શો ખેલ એહ વિજારી શી કરે, કરે શું એમાં જોર, શીપારસ કોની કરે ચોપક્ષ થયાં જ્યાં ચોર આજ રાતે જાશુ નહી શિખવ શુક સુગ્નણુ પ્રમાણુ પ્રવૃત્ત શું કરયું વિવિધ કરે વખાણ શુક કહે સુણુ સુંદરી કહુ વિજારી વાત હેને હુંકારો દો મુને સંક્ષેપે કહુ સાક્ષાત. ચોકીવાળા ચોવટે સેજ ઉપાડી જાર બેડી ચંદ્રા બારીએ જાણુ જુગતીથી થાય અરે દઇવ આ શું થશે જાશે જુવતીનો જીવ માંટી દંડાશે માહરો દઇતા કહે રહ્યા દઇવ મારે ભઈશે એ પડી હવે ફરૂ શા કર્મ અલ્પ થઇ મારી આબરૂ ગઇ સત્યતા શરમ. ઉઠી તે આળસ તજી ભરી સુખડીનું માટ સેવક ચારને શીર લેઇ વહી આવી તે વાટ. આપી સરવ સીપાઇને મળ્યા ચ્ચારે જે મેગ ચીંતનીએ ચતુ-રાઇથી ખરો ભજાવ્યો ખેલ, બંધીખાને બાપડાં, ઘણાં પાપનાં ઘોર અધરમી અપરાધીઓ, ચાડ ચુગલને ચોર બળવંત બેઠા બારણે. શામા બોલી તે સાથ, દરોગો દિવાનનો, હાથ કુંચી તેને દામપતિની દીકરી. સજ્યા સોળ સણગાર. હીરા માણેક મોતીયા અપરમપાર અપાર ખરી ખબર આવી નહી, વેદ બુડતુ વાહાણુ; સાજુ તાજુ શોભીતું પુરણુ છે પ્રામણુ. ખેરાત કરી મન ખાંતથી, ઘણા રૂપીયા ઘેર સુખે આજ દયો સુખડી વેચુ આણે ઠોર, કહે દરોગો દિ-વશે આવો થયે પ્રભાત નવ ઉઘડે હમણાં બારણું ગઇ છે મધરાત. તું છે મોટો બંધવો તું છે મારો વીર કામ ચીંતવ્યું જો થશે ત્યારે પીશુ નીર, જીવ મુંઝાવાય છે માહરો, નેક રહે નહી ન્યુન ખાસે સુખડી બાપડાં, પ્રઉકુ થાશે પુન્ય. એમ કહી પાસે ગઇ ઘુંઘટ તાણુ વાત, હરખે મોરો હીમની, સેજે આપી સાત. સિપાઇ કહે સુણુ સુંદરી. પળશે તારૂ વરત; જા ચોકીમાં એકલી. પાછી વળજે તરત. મંદીરમાં ગઇ માનની, ક્ષણું નવ લાગી વાર; પોતે સુતી સેજમાં, બીજી નીસરી. બાહાર, ચારે ચાકર લેઇને વળી પાછી શુભ પેર; કોણે વાત જાણી નહી ગઇ ગુણવંતી ઘેર માત તાત જયાં મંદીરરે, ઉંઘી જઇ એકાંત; લજ્જા રાખી લક્ષવસા, ભાગી મનની ભ્રાંત થયો સુર્યોદય શેજમાં સભા ભરાણી સર્વ પુરમાં વાતો પરવરી, શતરૂ જન આણે ગર્વ, તાળાં ઉઘડાવ્યાં તર્ત ત્યાં, મહી મહી મલુકો શેઠ, શેઠાણી સલક્ષણી. તે બેઠીતી હેઠ, ઝાંખા પડયા જોઇ સહુ; ઝાંખો પડીયો રાય રથ બેસારી મોકલ્યાં, મંદીર જાઓ માંય મહીપત કહે મલુકસુણો રહ્યા હતા કયમ રાત. ચાડી ખાધી કુણે ચોરડે, વિપરીત થઇ કેમ વાત. પંચ પ્રાગુણુ આવ્યા હતા, ગયો વળાવવા વેદ નર-નારી ઘેર આવતાં ભાંગ્યો મન ભેદ. મનોહર કીધી માળણે, સેજ પાથરયાં ફુલ. પડીક

બેલી ઘેર જાઇશું, એમાં ન મળે જુલ. નિદ્રા આવી નરનારને. નિશંકપણે નરનાથ ડાઘક ચુગલ ચોરડે, સુંઢગો સાબદ સાથ. ચોકીવાળા ચેતાવીયા. કામ તેમણે કીધ બંધીખાને મુકીયાં, ઉપર તાળું દીધ; દામ હોય જો દંડયા, તો લુંટી લ્યો આજ. અમો વાસ વસુ નહી, લોપી ક્યમ મારી લાજ. કરજોડી હાકેમ કહે, કર્યું એ કોણે કામ. ખરવાહન કરી ફેરવો, દેખે બાધું ગામ. ચોકીવાળા જણ ચાર કહે, વાલંદનો છે વાંક; એ સઘળું એણે કરયું. જતીએ આડે આંક. નાક વાઢો કહે નરપતી, વાઢો જીભ ને કાન. શીશ એનું નવી વાઢશો દેજો જીવતદાન. મનાવ્યા મહાજન મળી, પુરપતી લાગ્યો પાય; અમો અપરાધી તાહરા, જોઇ નહી એ જાય. કોણે વાત જાણી નહી, કોણે નવ જાણ્યો મર્મ; વિજાર વિદ્યા એ તો ખરી, રહ્યો એનો ધર્મ. કહે પોપટ પ્રભાવતી, ગુણ રૂડા જો ગાઓ; એમ વિજારી આવડે જરૂર જારીએ જાઓ. સાબાશ સુક સલક્ષણા, વેદ શિખવી વાત વિસમે દીન વિનતા રહી રામા ન ગઇ રાત. એહ કથા શુક બોતેરી, વાણી વદે વિલાસ. ઝવેરી જસવંતા કહે, કહે કવી શામળદાસ, શ્રોતા વક્તા સમજતા. કહે કવિતા કરજોડ, શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વાંચવા લાયક વાર્તાના પુસ્તકો.

વારતા ૨૧ મી

(ચોપાઇ) શ્રી મુખે સેવું શારદા, અકલ તણી અરણુવ અરબદા, મયા કરે તું મોટી માય, તુંજ પ્રતાપે ગ્રંથજ થાય શ્રીવિણા પુસ્તક ધારણી કોકી કલ્યાણ કેરી કારણી હંસ વાહની જાણુ સુજાણ, વેણા પુસ્તક પરઠયા પ્રાણ, દુંદાળો દુઃખ ભંજન દેવ, સુર સુનકાદિક કેરી શેવ, સિંદુર અંગ શોભીત શણુગાર ઉતમ અમરત મોદીક આહાર એકત્રીશમો દીવસ એક નારીને કરવો નીસ્ચે નેહ, આવી પોપટ પાંજર તળે મિટેમિટ બેઉ જણુની મળે કોકાં કરીને બોલ્યો કીર ક્યાં પહેરયાં ચંપકવરણાં ચીર કયમ પેહેરા હાંશીલા હાર ક્યાં જાવા થયાં તઇયાર નેહ વચન કહ્યાં નારીએ જરૂર આજ જઇએ જારીએ. જાઓ જુવતી રૂડાં કાવજો પ્રાતઃસમે વહેલાં આવજો ઘોરાજીની ધણીઆણીએ કીધ જીતી જસ લાખેણા લીધ. સંકટ હોય તો કાવજો તમો, સારી શીખામણુ દેઉ અમો; પગ ખેંચી તે રહી કામની જાગ અરધી ગઇ જામની કુણુ ઘોરો ને કુણુ તે ઘેર વદ ઉતાવળો એતો વેણુ. તેણીએ પ્રાક્રમ કેવું કરયું કેમ કારજ સામનું સરયું. દોહરા.) કહે શુક સાંભળ સુંદરી એક બાજીપુર ગામ, ખતરી એક ઘોરો વસે નરવદ તેનું નામ મુછાળો સહુ મરદમાં વિદ્યા માંહે વીર સુરા માંહે સલક્ષણો ધરમ ધુરંધર ધીર ટેક રાખે તરવારની, અનમિનો અહંકાર ટુંકારો કોનો નવ ખમે અપરંપાર અપાર. બોલ્યું આબોલ્યું નવ કરે, બોલી પાળે વેણુ લજ્યા કોઇ લોપે નહિ અધીક મનાવે આણુ. દિસંતો દેસોતવત અરીણુ અતીશે ખાય વાંકોને વરણાગીઓ રાજા કેરો રાય ધણીઆણી ઘોરાતણી ખિરી તેનું નામ તે સગુંની સલક્ષણી ગુણુ જાણે સહુ ગામ માનવતીને ગુણુવતી રાજવતી તે રામ લાજવતી લક્ષણુવતી કરે મન ચીંત્યાં કામ, રૂપવંતીને જુધવતી સુધવતી સુજાણુ કામવતી કંદરપવતી, માનની પર મહેરાણુ ગાગો પટેલ તે ગામને શોભીત ભલો સરદાર; મિત્ર તો માંટી તણો. જાણે વાત વિચાર. ખિંગાજી ઘેણુ ઘોરાતણી, રાજ સગુણુ રિદ્ધ રીત; તક મલે તે તારૂણી ભલી ભજવાવે પ્રીત તે ગાંગાનો ગુણુનીધી, પાંચે પુત્ર પવિત્ર; તન મન ધન તેહ ત્રીયાતણો, માનની કેરો મીત્ર એક બાપ બીજો બેટડો. ખિંગાને ઘેર જાય; કો કાને જાણે નહી, ચતુરા ચીતમાં ચાહ્ય. પિતા વરસ પાંત્રીસનો, પંદર વરસનો પુત્ર; વીનતા તો વરસ વીસની, ઘણું શોભીત ઘરસુત્ર, જુવંતી સરવે જાળવે, પિતા પુત્ર અને કથ, લોકાપવાદ બહુ દોહલો, પ્રીત પળાવી પંથ પિયર પોતાનું ગામમાં, મોટા માણુસ તેહ; વિભીચાર એ વિહવળ ઘણી નર બે સાથે નેહ (છપ્પો) જળ તરવાને તુંબ અગન ઓલવાયે નીરે; ભુખનું ઓસડ અન, બાળકનું ઓસડ ખીરે, તાવ ઓસડ અપવાસ; ગડગુંબડ દુઃખ દેવા; વશીકરણુ વિવેક સમયપર કરી સેવા એક એકના ઉસતાદ, અતી કોડ કોટા થકી, રૂડા ભુડા સ્વભાવનું, શામળ ઓસડ મળતું નથી. કોઇક સ્વભાવે સીલ કોઇક સભાવે તાતો, કોઇક સ્વભાવે દાતાર, કોઇક સ્વભાવે મદ મછર મંતો કોઇ જાર કોઇ જુલમ કોઇ કુમી કોઇ ડાહ્યો કોઇ પાપી કોઇ પુન્ય. કોઇ નીચ કોઇ નઠ્ઠો, કો હરામી કો હેતવી કો હસમુખો કો રાંકડો શામળ સ્વભાવ એ જાતનો પ્રથમ પડયો તે તો પડયો.

(દોહરા) એક દિવસ ઘોરો ધણી, ગયો ગુણુવંતો ગામ ધનવંતી ખીંગા વહુ. કાયા રૂડે કામ ધણી કે ધાણુ ખીંગા સુણો, નિરમળ છો તમે નાર; વળી કો જુએ ઘરભણી; તેને મારીશ ઠાર. બાપ ભાઇ કે બેટડો માસો મામો દેખીશ કે' કાને સાંભળું, તેનું છેદીશ શીશ. કટકટરે જુંડા ખાંધાકા, દણા ધાગ.ણા દોગ અન.દ.યા આબ. પર લંકીશ, મિર.ના

ચાકર ચોર, તું છે તેવું મહુ નથી મનના મેલા મુઢ તું પ્રમદાનો નહી પારખું ગુણુ હીન ગમાર ગુઢ જેની આંખે કમળો થશે તે પીળું પીળું દેખ તુજ જેવા જાણે સરવને, તેમાં નહિ મિન મેખ. રહું શીયળવંતી સુંદરી, નરમળ કુળની નાર, કઈ પગલું દેખે સહી, ત્યારે મારજે ઠાર. પ્રતીજ્ઞા પેહેડે કરી, અધીક કામ આની આપ, જન દીઠે મુકુ જીવતો, તો તે જાણજે બાપ ગામ ગયો તે ગુણનીધી, ગુણવંતી રહી ઘેર, કેમ વિદ્યા કરવી પડી, પછે પરહી શી પેર જળ ભરવા જુવતી ગઇ. સરોવર પાળ સુજાણુ નહોતો દીઠો નરપતી શમો; પાંચોજી પ્રમાણુ ચાર વેંતની ચોટલી, તરનો દીઠો તેહ, પુરણુ પ્રીત પહેલી હતી નારીને પ્રગટયો નેહ. નિકલ નિકળરે નાનકા, વસ્ત્ર પહેરીને આવ બીજું કો અહીંઆં નથી ચાતુર ઘોડો ચલાવ અંગ સમારી આવીઓ વેદ ચડાવ્યો વરત મારા સમ મંદિર આવજો. કર્યો વાયદો તરત. પાંચો કહે સુણુ પ્રેમદા, દુઃખ કાં દે આ દિશ એ ઘોરો ધર્મ ધારે નહિ, નિશ્ચે છેદશે શીશ મુજને તુજને મારશે. લોપશે એની લાજ, કરમરે નહીં છુટીએ, એવું કરે ક્યાં કાજ. રામા કહે માગશે રોટલા, જેણે પેટ ભરાય; હેતે તેડું હોંસથી, કોણે ન નામ લેવાય. જખ મારે છે ઝામરો, જખ મારે છે લોક આંચ આવે જો આપણે, તો સુકૃત થાજો ફોક. હવડાં તમો આવો નહી, મુજ મારયાનું પાપ એમ કહી આગળ ગઇ, અકલ ઘણેથી આપ મંદીર પોહોતી માનની, ગુણવંતી ઘરસુત્ર પુરૂષ પુંઠળથી પરવર્યો, પાંચા પટેલનો પુત્ર, આશ્વાગત અદકી કરી હાવ ભાવ રિધ રંગ, બેસાડયો બહુ પ્રાક્રમે પાથરયા જ્યાં પલંગ, કમાડ સાચવ્યાં સુંદરી, બેટો અધીપતી આપ એટલે આવ્યો તે સમે બહુ જોરાવર બાપ ગાંગો પટેલ ગામનો, માનુની કેરો મીત્ર. ઉઘાડ ઉઘાડરે ઉત્તમા ચતુરા ચારૂ ચરીત્ર. થર થર ધ્રુજ્યો તે સમે, તાતને દેખી તન હવે તે મારી શી વલે, સો વરસ પુરા દન. આવરદા આવી રહ્યો પાળી મારૂં પેટ, લાજ ગઈ આવે નહિ નર ડડાની નેટ કળકળ માં કોડામણા, ચડ અટારી આપ કોઇ નામ લેશે નહિ, નહી જાણે તારો બાપ મોકલ્યો સુતને મેડીએ કમાડ ઉઘાડયાં કામ ગાંગો તે ઘરમાં ગયો, નાર તેને તે નામ. જુવાન જોરા જરતણો. કસકસતી છે ઢાલ સમશેર કર શીરોઇની, ચાલતો રૂડી ચાલ. પણ બુદ્ધિનીધિ બેઠો બારણે, કરો વિનોદ વાત ત્રીજે પહોર છે તે સમે, નરનાર સહુ નવ નાત, એટલે ઘોડો હણહણ્યો, કર્યો ખુંખારો ખાત ઘોરોજી આવ્યો ધળ હળે, વિપરીત થઇ છે વાત. ઉઘાડાં છે બારણાં, પટેલ ઉભો પરસાળ અટારીએ અરભક તેહનો; બુધ સાગર છે બાળ. પટેલ કહેરે પ્રેમદા રામ રામરે રામ. આવરદા આવી રહ્યો, કરયું મેં એવું કામ. તેણે તાણી તરવારડી, કામની કામે કરેશ સનમુખ એહને જોઉં છું, હું મારૂં કે મરીશ. ઘોરો દીઠો ધળહળે; ઉઘાડી તરવાર એ પટેલ મારા ગામનો પાસે છે મારી નાર, એ કુણુ આવ્યો કામને કેમ તાણી શમશેર; વણુ સમજે વદવું નહિ, એ મોટો કણુ છે મેર. પોપટ કહેરે પ્રેમદા, સંકટ મોટું સુળ; એ સરવે કેમ ઉગરે મોત તણું છે મુળ મેડે પેલો બાળકો. મંદીર માંહે મીત્ર, કથ પોતાનો બારણે ચતુર વિચારો ચંત. પોપટ ઘેલા પંખીયા. હિંમત એમાં ન હોય ચરીત્ર રમાડે ચીંતની, તેવી કામની ન મળે કોય જોરાવર થશે તે જીતશે, બીજા મરશે આજ; જખ મારી જુવતી રહે, લોકમાં ખોશે લાજ. દ્રજેત કર્યા બે બાપડા, તનને તેનો તાત; રામાએ બાંધા શોળ જા, વીપરીત થઇ એ વાત. એમાં વીજરી શી કરે તાણી ત્યાં તરવાર. ધારોળો ઘોરો ધણી ત્યાં શું કરે નીચ નાર ઝાઝું કરે તો એ મરે, ડહાપણુ કરે જો દીશ પોતાનું કે પટેલનું કે પતીનું છેદાય શીશ શુક કહે ઘેહેલી સુંદરી. સાંભળ વિદ્યા વાત. સારી પેરે શીખવું.

રહો આજની રાત. બંધવ બોલ ઉતાવળો મેં સાંભળી વાતો વીસ; એવી તો એકે નથી. જે સામ સામા છેદે શીશ. શુક કહે સુણ સુંદરી તાણી તેણે તરવાર; એ મરે કે માંટી મરે એમ વિચાર્યું નાર. લાજ જાય મારી લોકમાં ફટ ફટ કહે સૌ લોક: પાણી જાય પરીમાં તણું એતો ડાપણુ ફોક ગાંગાને કહે ગોરડી હું રમાડું રીત; ભરથારને હું ભોળવું. પરસ્પર કહું હું પ્રીત. ખોચીએ ઝાલ્યો બળ કરી બાંહે પકડી કાઢયો બાર; મુને માર મુને મારવું. તાણુ તારી તરવાર. હું ધીંગાણુ ઘોરા તણી જોરાળો જે જોધ; પાણી ખોઈશ તું પટલીયા કરશી તુંજ ઉપર ક્રોધ અમો જાત ક્ષત્રી ખરા; અમો ધારૂં રૂડા ધરમ; શરણુ આવ્યો હેઉ મારવા એ નહી મારૂ કરમ પાણી જાય મારા પીયું તણું ખાધું જેનું લુણ; શરણુ આવ્યો જે માહરે તેને મારણુવાળો કુણ. ઘોરો કહે ઘેણુલુણો કોને મારે છે એહ; હું કાંઇ નથી સમજતો લાગો મન સંદેહ. સલામ કરી કહે સુંદરી સાંભળ ઘોરા ધીર; આવ્યો પટલ ઉતારવા આપણા નામનું નીર. એનો પુત્ર પાંચો પાટવી પડયો હશે કાંઇ વાંક; શીશ છેદવા સુંઢીઓ. મારવાને તે રાંક. કોઇનો ઝાલ્યો નવ રહયો, મારવા ઉપર મન નાઠો નાઠો આવીયો; તાત આગળ તન. મેં ધાલ્યો તેને મેડીએ, પાછળ તેનો તાત તાણી તરવાર તન ઉપરે કરતો તો ઉત્પાત. તન કોણે રાખ્યો નહી, ફરયો તે બધું ગામ; ઘેર આવ્યો તે આપણે, જાણી તારૂં નામ આટલી વાર રાખ્યો અમે ઓ પેલો ધરમાંય હવે મેં સાંપ્યો તમને, હેત ઘણેથી આંય. ઘોરો કહે ઘેણુ રહે પરી, શાબાશ કર્યું શુભ કામ ક્ષત્રી ધરમ રાખ્યો ખરો, તેં રાખ્યું મારૂં નામ. પણ પકડયો તે પટલનો પ્રીછવ્યો પ્રીતે પેર ઘણાં વાનાં કર્યાં ગાંગને, ગુણવંત મોકલો ઘેર ધીંગો આવ્યો ધળહલે શામા તને શાબાશ પાંચો પુત્ર જે પટેલનો પ્રીતે તેડયો પાસ. જમાડયો જુગતે કરી. પ્રીતે ચવરાવ્યાં પાન પાઘ બંધાવી પુત્રને, મનથી દીધાં માન નિત નિત રમવા આવજો, તમો અમારા મિત્ર પોપટ કહે પ્રભાવતી ચતુરાં કરયાં ચરીત્ર ઉડાડી વાત આદર થકી, ઉગરયા સહુના પ્રાણ કલંક કાઢયું તે કામની, શામા સીદ્ધ સુજાણ માંટીનો મહિમા વધ્યો. વલી પોતાની લાજ પ્રાણ ઉગરયા સરવના કર્યું કામનીએ કાજ. એવી વિદ્યા આવડે તો જરૂર જારીએ જાઓ નહી તો મંદીરમાં માલજો, રળોને રોટલા ખાઓ શ્રી નગર સોહામણું, વેગનપુરમાં વાસ પીતા પુરૂષોતમ તણો કવિ શ્રી શામળદાસ સિંહજમાં શામળ ગયો, કવિતા કરવા કાજ વાસણ વંશે અંશપત મનજી સુત મહારાજ, રખીયલ રૂડા રાજવી, સતવાદી જે સાત શા પુત્ર સુલક્ષણો, પુત્ર પ્રતાપિ પાંચ. ઝવેર જીત્યો જગત જસ ઓહો પુત્ર બોપણુ બીજ એક એકથી આગળા. ભૂપત વન ભત્રીજ. ગ્રંથ શોભાવ્યા સાંભળી વારૂ વિવિધ વિલાસ, શ્રીગોડ માળવી વિપ્ર શુભ કહે કવિ શામળદાસ શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ, શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ.

વારતા ૨૨ મી.

(ચોપાઇ) બાવીશમે દિવસે સુખનિધાન. માનની મનશુ પાતી માન. પુજુ શ્રી ગણપતીના પાય, વંદુ શ્રી વઇકુંઠના રાય સમરૂ ઉમયાપતી મહાદેવ, સમરૂ ચરણ કમળ ગુરૂ દેવ કામની ચરિત્ર કોઇ નવ કળે, આવી પોપટ પાંજર તળે, બોલ્યો શુક સાંભળ સુંદરી, કાયા દિસે કંદ્રપ ભરી, તાતાં મુખ દિસે તંબોળ, સજ્યા અંગ દિસે છે સોળ. કસ્તુરીના કીધા છે લેપ, કોના ઉપર કીધી છે ખેપ, બહેક કરતો દિશે બરાશ. પધારશો કુણ મિત્રને પાસ,

નમીને બોલ કહયો નારીએ, જરૂર આજ જાઉં જારાએ. પધારજો આવજો પ્રભાત, વાગત થાય તે કેહેજ્યો પાત, કદાપી કંઇ સંકટ પડે કલંક મોટાં માથે ચડે. પતિનું પોતાનું પાણી જાય. કછક જીવનું જોખમ થાય, ત્યાં વીજારી કરજો વેદ, ભ્રાંત ન રાખજો કાંઇ ભેદ. ચાંપો માળી ચતુર સુજાણ, પંચ કરે તેને પરમાણ. ચાંપા નાર ચતુર તેહની, દેખાતી સુંદરી દેહની બેઉ થાય દેખીને ગામ, કર્યું તેણીએ ઉત્તમ કામ. કરી જારા વાજારી વેદ, જમાડ્યો જાર જન ભેદ. અતીશે તે વખાણું અમો, તેના જેવું કરજો તમો. પાગ ખેંચી રહી તે પ્રીત. કહો તે મુને રામાની રીત, કુણ ચાંપો કુણ ચાંપલી, કુણ મોટા માણસને, મળી. કુણ તેને સંકટ સાર, કેમ રાખ્યો ભામનીએ જાર. કેમ વીજારી કરી છે વાત, કેમ જસ વાધ્યો સજાત, તજ્યા શણગાર તજ્યા તંબોળ, તજ્યો રંગ કર્યો તો રોળ. બીને વસ્ત્ર બેઠી ભામની, કામ મરદન કીધે કામની. કહે છે પોપટ રૂડી કથા, જાર વિદ્યા જુવતીની જથા. સાંભળવા જેતું મન ઠર્યું; છો ઉપર જઇ આસન કર્યું. (દોહરા) દેવકુ પાટણ દેવપુર કુમાર-પાળ રાજન, ભરતખંડનો ભૂપતિ મોટમ પદ મહાજન. વરણ અક વાસા વસે, એક એકથી એક રામ રાજ સરીખડું ન્યાવટ સાવટ નેક. ચાપો માળી ચતુર નર વાધ રૂડી વલ, ખાય પીએ ખુબી કરે, રૂડી રંગની રેલ નર તે હાથો હાથીઓ, બળવંતા બાવન નીર, હીમત-વંત હિમાતીઓ, ધારક રૂડા ધીર. વડા વરતે વસુધાપતિ, વશ વરતે સહુ લોક; જરવંતો જોબન વંતો, નહી મન હરખ ને શોક. ચતુરા ચાથી વારના, પરપના નાતર નાર; લાડક-બાઇ લાડકી વાંનતા તે વિભિચાર. વસવાઇના નારીઓ તે જાર વિદ્યાની જાણ. તેમા માલણને નાપણી, એ પુરણ પરમાણ. નઉતમ આવી તે નાતરે, શુક સાગરની શેલ; માલે બધા ગામમાં, માલે મોટે મહેલ. શણગાર સજે તે શોભીતા, પેરે વસ્ત્ર અમુલ; મસમસ કરતી માલણી. ફુળી ફુળી રહે ફુલ. પાસે કુસુમની છાબડી, ફરતું ઘેરે ઘેર; એક દિવસ તે નારની, પરથાણી શી પેર. હરે ફરે જાણે હાથણી, બોલે બરડક બોલ; દાઢ હળકાવે સરવની તન વધારે તોલ. એક દિવસ મુકવા પાતરી, ચાલી ચતુર સુજાણ; પટેલ મળ્યો તેને વાટમાં વાગ્યુ મોહનું બાણ. ચતુર કહે ચાપા સુણો, કહો અમ સરખુ કામ; એકાંત એક ઘડી મળો તો લો જોઇતા દામ. કદાચ મને મળશો નહી, તો જાણશો તમો જરૂર; પસાયતાં પળશે નહી, ક્યાંથી મળશે કુર. મુખનો કીધો મરકલો, હશીને કહી એક વાત; મારા સમ આજે આવજો, જતે ચોઘડીયું રાત; માળી તો મધ્યે આવશે, હું જોઉં તમારી વાટ. કેટલોક દહાડે વાયદો, તેડુ છુ તે માટ; ચાલી ચતુરા ચમકતી, ભરજોબન ભરપુર; એટલે મળ્યા તે વાટમાં, હવાલદાર હજુર. વાંકોને વરણાગીઓ, અમલીઆ અહાર; બોલાવી તે બાળકા, ભોગી જેવો ભાર. શાબાશ ચાંપા ચાતુરી, શાબાશ તારી ટેક; લેખામાં ગણુતી નથી; અમને દહાડો એક. પાંચે ઘડીએ પધારજો, કરૂ ચાકરી પેર; રમી કરી જોખો કરી, જજો તમારે ઘેર. હવાલદાર હેતે કર્યો, કર્યો વાયદો વેદ; ચાલી ચતુર ચમકતી, ભ્રાંત નહી મન ભેદ, વામણો ને વરણાગીઓ, વાણીઓ જાતે જોર, તેહ તલાટી ગામનો, તે પણ રાખે તોર. કાખમાં કાગળ કોથળી, કાને લેખણ ઘાટ; કેડે ખોસ્યુ દાતડું, વનિતાને મળીઓ વાટ. પટેલનું નામ તો પ્રાગજી, હવાલદાર તો હેત; તલાટી તે ત્રીકમો, ચંપા કેરા ચીત. ત્રીકમ કહે ત્રીયા સુણો, તુ વાંકી વાંકી જાય; મુજ શું મળતી નથી, કાં તું દુખણી થાય. જે કહીશ તે કરશું ચાકરી. સ્નેહ કરો મુજ સાથ; એમ કહી હસી પડયો હેતે તાણી હાથ. કાડ લોક કોશરીયા, કરવી છે લાખ કરોડ; કાકો કોશરીયા તણો, તે વણીકતણી નહી જોડ. ચટકો કરી ચંપા કહે, સુખે આવજો આજ; વાટ જોઉં છું ખટ ઘડી, લેશ ધરો માં લાજ.

કંઈક દીવસ મને તાકતા આજ મળ્યો છે યોગ; કરમ તમારામાં હોય તો, તો ભોગવજો ભોગ. વાયદો કરી વિનતા ગઇ, વધુએ મરડતા વત; એટલે ગામનો ગરાસીઓ, તેહને મળ્યો તરત. લડીઓ ભાલો હાથમાં, ઉજળો વરદળ અતીશ; હમીર નામ હઠીલડો, હૃદય વધી રહી રીશ. ગુણીયલને ગંધાલુંઓ, છાલો છાલો છેક; જુહાર કરયો જુવતી કને, નાર સંગાથે નેક. આમ સામું જોતાં નથી, વસીએ છે એક ગામ; મારી સાખે છે ઘણું, કોઇક દહાડો કામ. લાજ કરી લટકો કરયો, બોલ મીઠા બોલ; અમો ચાકરહું રાવલા, તમારૂં ભારે તોલ. દાડી દાડી શી વાયદા, દાડી દાડી શી વાત; આજ પધારજો પ્રીત શું, રાત ઘડી જતે સાત. બેઠી વાટ હું જોઉં છું; વેળા ન ચુકશો વરત; ઘડી બે ચારેક ખેલજો, પછી મંદિર જાજો તરત. વાયદો કરી વિનતા વળી, સુરીઓ શેમારી શેર, ચાંપાને ચોવટે ગુણીઅલ લીધી ઘેર. મુને નથી સંભારતા, તો જાણુશો મારાં મૂલ; વેડ નાંખું તારા ઉપરે, વેડાવી નાંખુ કુલ. પ્રથમ લેવરાવું ખાટલો, વળતી લેવરાવું ચાર; ઘોડા બંધાવું ઘર વીશે તમને કાઢું બહાર. શામા કહે શીમારીયા, શીદ બોલે વાંકા બોલ; અમો નામ છું તાહરે, વધારૂં તારૂં તોલ. આજ રાતે તું આવજે, ઠીક બનાવી ઠાઠ; વાટ જોઉ છું તાહરી એક જામ ઘડી આઠ. માનની ચાલી મલપતી, શેરીએ મળ્યો શેલોત; ઉભી રાખી આદર કરી, ખાઓ છો વાટા વીસ. પાંચ શેર પામશો નહી જો રૂદે કરીશું રીસ. લખલખ લવલવ થી કરે, જરૂર આવજો આજ; નવ ઘડી નીશા જતે કરજો રૂડું રાજ. પરવરી પ્રેમદા પુરમાં, દીવસ ચઢયો છે પોર; રમતો રમતો રાજગોર, મળીઓ મારગ ઢોર. રાંડી રાંડનો દીકરો કુંવારો કમજાત; લુણુ ખાઓ નીત લડવું, ત્યાં બ્રાહ્મણુ શી ભાત. ટીલાં ટપકાં તન કરયાં, ધોતી પોતી ધ્યાન; મારગમાં મળી માનની મોટમ દીધાં માન. મહારાજ આશીરવાદ છે પ્રાક્રમ ન જાણો પેર, નહીતર એકજ દાડલો તેડો અમને ઘેર. નહી તેડયો તો જાણુશો, જાણુશે બધું ગામ; તેમો ઓળખતાં નથી, પણુ નચુજી મારૂં નામ. મહારાજ પ્રભુ પધારજો દશ ઘડી જાતે રાત, જોખ કરજો બધી જાતની, પરવરજો પ્રભાત. કામ કર્યાં જુઓ કામની વીપરીત કીધી વાત; પોતાનો પતી ઘેર છે, સાથી તેડયા સાથ; સાતે જણુ જાણે મન વસે, મુજ ઉપર અદકું હેત; એહને આપણુ સોંપીએ, તન મન ધન સમેત. રાત પડી ત્યાં પ્રગટશે, સહુના મનમાં પેર, વાયદો થાય તો વેગથી, જઇએ ગુણુવંતી ઘેર.(ચોપાઇ) નીશા ચાર ઘડી ગઇ જાહરે, પ્રથમ પટેલ આવ્યો તાહરે. સાન કરી ઉઘાડર્યા બાર, થયા એકઠા નરને નાર. બાજઠ ઢાળી બેઠો તેહ નારીએ દેખાડયો અત્યંત નેહ. હાથ પગ હલાવા જાય એટલે ત્યાં એક કૌતક થાય. જુવંતી ઉઘાડો સાંકળી ચંચળ નાર ચાંપલી કહે પટેલ એ આવ્યું કોણુ અનરથ વાત થશે કાંય ઉણુ હવાલદાર એ ગામજ તણો, મીત્ર ચાંપા માળીનો ધણો, પટેલ કહે પાયલાગું છું તને કાંઇક છાનો રાખો મુને. માનની કહે અકલ એહ તમો પેસો ખાલી કોઠીએ પટેલને પેસારયો ત્યાંય. હવાલદાર તેડયો ઘર માંહ. બેસાડયો બાજઠ દીધાં માન ઘણાં કામનીએ ગાયાં ગાન. એટલે તલાટી આવ્યો બહાર, ઉઘાડ નેહવટની નાર. હવાલદાર કહે હવે શું થશે, જાણુશે લોક તો ચાકરી જશે. તારા ઘરમાં છાનો રાખ, ઉતાવળી ઠેકાણું દાખ. ભરી માટ મેહેલી બંટીએ ઘોબારમાં ઘાલ્યો ઘંટીએ. કામની રૂપ કહુ કોણુ કળે, હવાલદાર ત્યાં બેઠો દળે. વનિતાએ તેડયો વરત તલાટી બેઠો બાજઠ તરત. વાત ગોષ્ટ કરે જાહરે ગરશીઓ આવ્યો તાહરે. કહે વાણીઓ આવ્યું પ્રત, ઓળખો બહારથી સાદે તરત. છાનો રાખરે મારી માત, નહીં કંઇ હવે એવી વાત. કોઠીમાં સાપણુ વાઇ છે માણુસની આહારી થઇ છે, અંતરીક્ષ બેઆ રહેજો તમે, આગળથી ચેતાવું અમો. અંતરીક્ષ તે રહ્યો વાણીઓ પાર દંડ કરયો તે

પ્રાણીઓ. ગરાશીઓ જઇ બેઠો પાટ શિમારીયો આવ્યો તે ઘાટ. ઓળખ્યો શિમારીઆનો સાદ, ગરાશીયાને લાગ્યો વાદ; એ જાણશે જે મારૂં નામ કરશે ફજેત એ બધુ ગામ. જાણી શીક્ષા થી કહુ તને, તમે કંઇએક રાખો મુને. ચુલા ઉપર સીકું બાંધીયું, સારે સુતરે છે સાંધીયું વાળા ટુંટીયાં પેશો માંહ, અંતરીક્ષ ઉંચા રેહજો ત્યાંહ. તેને તે ઠેકાણે કરયો, સીમારી આવી બાજઠ ઢયો. એટલે શેલોત આવ્યો બહાર, ઉઘાડો ચાંપલદે નાર. શેમારી કહે સંતાડો મુને, હું પાય લાગું છું તુને. નાંખ્યો ઉંધો ખરા ખાટીલો, વાંસાઉપર મુકયો ચાટવો. દીપક તે ઉપર મુકીયો, ઢાંકણીયો ભર તે ઢુંકીયો. સેલોત ઘરમાં તેડયો તરત, એટલે રાજગોર આવ્યો તરત. સેલોત કહે મુજને સંકટ અડયું, આપઘાત કરી મરવું પડયું. ગમાણ ગાયની માંહે સુવો. બરૂ પરૂ તે શાને જુવો, પેઠો ગમાણે નીરી ચાર તેડયો વિપ્ર ઘરમાંહે નાર. વિપ્ર પાટ બેઠો જેટલે, ચાંપો માળી આવ્યો તેટલે. ઉઘાડ કમાડ માલણ ચાંપલી, શા માટે દીધી ઝાંપલી. થરથર ધ્રુજ્યો ત્યાં બ્રહ્મ, ગયો હવે તો મારો ધરમ. દેશે નીત અમારી શીખ, નહીં આપે કો માગી ભીખ. જે તું કહે તે હું કરૂં, પેટ કટારી મારી મરૂં. રાંઢી રાંડ મા થઈ વાંઝણી; થયો રોગ ભારે રાંજણી. ખાટલા તળે પેસી જાઓ શાને તમે દુખીઆ થાઓ છાના માના રહેજો તમો બાર ઉઘાડી આવું અમો.

(દોહરો) માળી આવ્યો મંદિરે ઠીક કરતો ઠાઠ; હવે વીજારી કેમ કરે એકઠાં થયાં આઠ. કહે પોપટ પરભાવતી કામનીનો આવ્યો કંથ સાતે રાખ્યાછે શુળીયે, પરવરશે કેમ પંથ. ભાર રહે ભાંમનીતણો કેમ નહી જાણે લોક કેમ પતી પાએ નમે કેમ સમે સહુનો શોક. કેમ આવેલા ઉગરે કેમ માને તેનો પાડ, કેમ સતીપણું તેનું રહે કેમ કંથ લડાવે લાડ પ્રભાવતી કહે પોપટા મુરખ મમતા મુઢ. એ વીજારી શી ઉધ્યરે પ્રાક્રમ તેના પ્રૌઢ. શુક કહે સુણ સુંદરી કહુ વિજારી વાત. શણગાર તજી બેસો સુખે. રહો આજની રાત. ચાંપો બેઠો ચાર પાઇપર, ગઇ દોઢ પહોર રાત; ચરિત્ર કીધું ચંતની, વિસ્તારી કહું વાત. ચાંપી કહે ચાંપા સુણો, ભુંડી લાગી બહુ ભૂખ આસન આપ ઉતાવળું દેહમાં પ્રગટયું દુખ. ખાંડયા મેં ચોખા ખીરના મીઠાશ તણા જે મોટ રોટલા તો કર્યા નહી. ભુંડીએ ન દળ્યો લોટ. શાક નોતું તો શું કરૂં, રાંધું શું મારૂં શીશ; ચાંપી વચન ચાંપે સુણી, ચઢી ઘણેરી રીસ; ઘણી રીસે ગોઝારમાં, કર્યો ઉતારો વાસ; માર્યા દશ વિશેક મોજડાં, ફળતીતી જ્યાં દાસ; સાડલો ઓઢયોતો શીરપરે, નીચું નીચું પેખત ઘુંઘટ તેં તાણ્યો ઘણો જાણે દાઢી નવ દેખત. માનનીએ મુકાવીયો સોડી સ્વામી સાથ. બળ કરી કાઢયા બારણે, હેતે પકડયો હાથ, આવી પલંગપર બેઠો પતી, કાળી માજમ રાત બહાર જવાયું બ્રાહ્મણે, વિપરિત થઈ એ વાત. ગંધાવા માંડયું ઘણું, ચાંપો કહે સુણો એહ, કોળ મુવો છે કંથજી, દામણ હતો દેહ. ચાંપો ગયો તે ચોકમાં, આવ્યો મંદીર માંય. કાઢી નાખ એ કોળને, તો આવું હું ત્યાંય. ટોપલે ઘાલ્યો તેહને, નાંખ્યો ખાળમાં તરત; વિપ્ર કહે હું ઉગર્યો, માથે આવ્યુંતું મરત. ઘરધણી ઘરમાં ગયો, શીકું અંથડાયું શીશ; કોળું છેક કોહી ગયું, રામા ઉપર રીસ. શીકું કાપ્યું સુંદરી, મૂકયું ટોપલે તેહ: શીશ ચઢાવ્યું સ્વામીને, નારી નરને નેહ. દિધો લીધો દેખાડવા, નાંખ્યું ઉકરડે આપ; ગરધાઇ ગંખાઈ ગયો, એ બે છુટયાં પાપ. ગાવડી દોહી ગોરડી, વાળુ વેળા જાય; ચતુર ચોઢાડયો તો ચોકમાં; આકુળવ્યાકુળ થાય. અકલથકી ઉલટભરી, નાંખી ચઉટે ચાર; દોહી ઘરમાં ગઈ. એવી ડાહી નાર. નરનારી જમવા ગયાં, પટેલ ધડ ધીર; કોઠી તળે શીર એહનું, ત્યાં મુકી વાટકી ખીર. પટેલ પાણ પસારીયો, બળી ગયો તેહનો હાથ. શું શું શું શું શું કરયું, રોતે રડીઆ સાથ. બળગ્યોતો અંતરીક્ષ વાણીયો, સાંભળ્યો હુંકારો તરત; જાણ્યું જે સાપણ

ધુમાવી, માથે આવ્યું મરત. પેશાબ થઇ ગયા પારણે, ન રહી ધીરજ તરત. પટેલે જાણ્યું ઉપરથી, ગોરી રેડે છે ધરત. ઝાલ્યું વાઢીનું નાળચું, ભાવ ઘણેથી ભેદ; ડસી મુને સાપણી વાણીયે જાણ્યું વેદ. બાપ બાપરે ભુમડી, કહીને કુદ્યો કોટ: ભાંગી કોઠી ભૂકો થઇ. લાખ ટકાએ લોટ. પૂરવે પટેલ પરવર્યો, પશ્ચમે તલાટી પુર. થયો કાટકો કોઠીએ, ન્યાળુ તેનું નુર. જમતાં જમતાં ઉઠીયાં. દીપક લઇ આવ્યા બહાર. કોઠી તે ભાંગી ગઈ, નર પુછે કેમ નાર. પૂર્વજ આપણા એહમાં, કરે કારતકમાં કોપ, તરપંડી કરતા નથી. તે કરે લજ્યા લોપ, બાધા રાખી બે જણે; ધારણથી રહેશે ધર્મ, કાલે કરશું લાડવા, પોંખીશું ભારે બ્રહ્મ, બીજે દિવસે માલણી, ફુલ મુકવા જાય; પટેલ મળ્યો તે વાટમાં, ખાંતેથી સમ ખાય. પટેલ આજ પધારજો, કરૂં ચાકરી ચીત. કાલે તો કળ પડી નહીં, રૂડી તરીકે રીત. કાલે ઉગાર્યા તમો, તે તમારો પાડ; બંને હાથ બળી ગયા, ધડહડ આવી ધાડ. તલાટીને કહે આવજો, આજ લડાવું લાડ; કાલ મુકયા તેં જીવતા, પ્રેમદા તારો પાડ. અંતરગળ થઈ આલી ધણી. જાણ્યું ડસીયો સાપ, આજ આવું તારી કને, તેહનાં પૂર્ણ પાપ. હવાલદારને કહે હેતથી, જરૂર આવજો આજ કાલ. નથી થઇ ચાકરી, તેણે આવે લાજ. લુંડી કરી લોટ દળાવીયો, માર્યો મોજડાં માર; આજ આશા તારી કરે. તે મૂર્ખનો શીરદાર. ગુણવંતી કહે ગરાશીયા, આજ આવજો રાત; કાલ નથી થઇ ચાકરી, આજ ભજાવું ભાત. નાગો કરીને નાંખીયો, ઉકરડામાં આપ; આજ આશા તારી કરે, તેનાં પૂરણ પાપ. શીમારીને કહે સુંદરી, પરઠવ તારો પાડ; આજ જરૂર આવજો, લાખ લડાવુ લાડ. રાતે વીત્યું છે જેટલું, તું જાણે છે તેહ; પીલુડીનાં પાંદડાં, દુખે બાંધવી દેહ. સેલોતને રહેજે કહ્યું, જરૂર આવજો આજ; જમો રમો રહો રોખમાં, કહો તે કરશું કાજ. રામા તેં ઉગાર્યા રાતમાં, ચોકમાં નાંખી ચાર; જાણુત તારો ઘર ધણી, તો તો મારત હાર. વિપ્રને વિનતા કહે, કાલ નથી રહયો ધર્મ; ચાર પોહોર કરૂં ચાકરી, જાણું ભારે મર્મ. ના ના રે નહી આવીયે, કાલ ઉગાર્યા ઈશ; આજ આશા તારી કરૂં, તો તો જાએ શીશી. કાઢી નાંખ્યો કોલને, તેહ તમારો પાડ: સવા મણ ઘી ખાઇશ ત્યારે, સંધાશે મારૂં હાડ. કલંક કોઇએ જાણ્યું નહી, ન થયો દુશ્મન કોય; ફરી કુણે માગ્યું નહી, હેત સહુને હોય. પોપટ કહે પ્રભાવતી, જો આવડે એવી રીત; તો તો સંધાએ સધારજો, પરપુરૂષ શું પ્રીત. બાવીશ કથા પુરણ થઈ, વાણી વિવિધ વિલાસ; પિતા પુરૂષોત્તમ તણો, કહે કવિ શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિત કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૨૩ મી.

(ચોપાઈ) પ્રથમ ગણપતીના પૂજુ પાય, આરાધુ શ્રી વૈકુંઠરાય. શ્રી ઢીંગમલ શ્રી રણછોડ, આરાધું બે કરજોડ. બટુકનાથ મોટા મહારાજ, લક્ષવસાએ રાખે લાજ; નોંધારાની વારે ચઢે, વિકટ પળમાં આવી અડે. બટુકનાથ જો પ્રસન્ન હોય, વીઘ્ન વેડી શકે નહિ કોય; નરપતી મોટા તેને નમે, દાસી દુશ્મન તેને દમે. (છપ્પા) બટુકનાથ ભૈરવ મહાવીર, ધીર ધનુરધરધારી; શીવ સીવાય સમરથ, અહરનીશ આનંદકારી. નેત્ર ફરૂકયાં માંહ્ય, કોટી બ્રહ્માંડ રચ્યાં છે. પાંચ મહાભૂત ત્રણ તત્વ, મહીં મંડાણ મચ્યાં છે, પુરૂષ પ્રકૃતિ વતમાં, બહુ પ્રાક્રમ બળવંત બહુ, મનવાંછીત સુખ મહાલવા. શામળ કહે સેવો સહુ, સરસ્વતી સાચી ભક્ત જો તેને ભાવે; ભુત ભવિષ્ય વર્તમાન, કરશીમ સહુ તેને આવે. નેત્ર પુરાણ કુરાણ,

બાવન અક્ષરમાં બુદ્ધિ; સંસ્કૃત પ્રાકૃત સસંગીત, સકલ વિદ્યાએ શુદ્ધિ. બહુ પ્રાક્રમ જે બોલવું, જીત કવિત ગુણિજનપણું, સુખ સાગર શામળ ભગે, સર્વ જોર સરસ્વતી તણું. (ચોપાઈ) જોગ વાત જાણું જે જથા, કહું શુક બોહોતેરી કથા; સકળ ધર્યા છે જેમાં ધર્મ કત્રિ કળા કામનીના કર્મ. ભાખી છે બાહ્ય વિદ્યા ભેદ, પુરાણ ઓગણીસમું પાંચમો વેદ; તેવીસમે દીવસે તારૂણી, કામ કેલ ક્રીડા કારૂણી. ચાલી ચતુરા ચતુરસુજાણ, બહુવિધ કામના વરસે બાણ; કામનીના લક્ષણ કુણ કળે, આવી પોપટ પાંજર તળે. એ ઉપર જો જોરો કરૂં, તો તો મેંનાની પેઠે મરૂં. જુવતીપર જોરો નવ થાય, જાવા દેઉં તો પાણી જાય. પ્રાક્રમ પ્રપંચ કરૂં કાંઇ પેર. રાખું એ ધરૂણીને ઘેર; કહે પોપટ જાઓ છો ક્યાંય, શું કારજ ધર્યું મન માંય ચતુર. ચાતુરી શી ચાહો છો, જુવંતી શે કામે જાઓ છો. માન્યું છે અમારૂં મન, તુજને તો કહું છું ધન ધન; હસી રહ્યાં છે આજ કપોળ, સજ્યા અંગ દીસે છે સોળ; કર્યો ચાંદલો શે કારણે, નીશા જાઓ કોને બારણે. વાત શુકની મનમાં વસી, હેત ઘણેથી નારી હસી. નરમ વચન કહ્યાં નારીએ, જરૂરપણે જાઉં જારીએ; કરોડ સમ ખાઇને કહ્યું, આજ કોની રાખી નવ રહું. ભલે ભલે પધારો તમો, રૂડી શિક્ષા દેઉં અમો; નરભાશા કેરી નારીએ, જશ જીતી લીધો જારીએ; કદાચ કઈક જો સંકટ પડે, વેદ વિજારી કરવી પડે. રાજકુંવરીએ વિદ્યા કરી, હિંમત તો રૂદીઆમાં ધરી; જખ મારી રહ્યા સહુ લોક, સહેજ વાતમાં સમીઓ શોક. તેમ કરી વેહેલાં આવજો, રૂડી વાત રૂદે લાવજો; કોઉ નવ ચાલી કામની, જામ એક ગઇ જામની; જુવંતીએ જોડ્યા બે હાથ; શામા બોલી શુકની સાથ; કોણ નરબો ને કોણ વજીર. કમ તને વિજારી ભજી, તે સંભળાવો મારા વીર, કામનીપ્રત્યે કહે છે કીર; સુંદર શણગાર તજ્યા છે સોળ, તજો મુખ તાતા તંબોળ. બીને વસે બેસો તમો, ઉત્તમ વાત બતાવું અમો. જેમ પોપટે કહ્યું તેમ કર્યું, વાત સાંભળવાને મનડું ધર્યું. (દોહરા) નગર એક નંદેરિયું, નંદરાયનું ગામ; મોંધો એક મારૂ વાણીઓ, નરબો સુતનું નામ. ધન રળવા તેતો ગયો, થયાં વરસ એમ સાત; કાગળ પત્ર તેના નહી, નહી ખબર કે ખ્યાત. વજી નામ જે વહુ તણું, તેહ એકલી ઘેર; ભરજોબન વરસ વીશમાં, તેની શી થઇ પેર. (છપ્પા) નર પાખી જે નાર, કલંક તેને શીર બેસે; નર પાખી જે નાર, પરપુરૂષ ત્યાં પેસે નર પાખી જે નાર પુંઠયો, સહુ તેની જુવે; નર પાખી જે નાર, પાણી પોતાનું ખુએ. નર પાખી નારી એકલી, વડો તેમાં વાંક છે; નવરણ નારી નવરણું, એ તો આડે આંક છે. (દોહરા) સાસુ સસરો સજન સહુ, દીયર જેઠ પરિવાર; તે સહુથી અળગી રહે, ખરો તેનો ખાર; માત તાત ને ભ્રાત સહુ. હિંમત ઘણેરી હામ, નર વિણ નારી એકલી, જાણે બાધું ગામ માનના મનગમતું કરે. જાર વિદ્યાનું જોર; કાઇને હાથ આવે નહી ત્યારે શાની ચોર છીડે ચડ્યા વિણ ચોર નહી, ખાટ વિના નહી જાર; પુંઠે બોલે તે પાપીઆ, એમાં શો વેવાર રોગ નહિં ત્યાં વઇદ શો, ધાડે ઉદવસ્ત ન થાય; સો તસ્કર મળે સામટા, નાગો નવ લુંટાય. જ્યાં સુધી દહાડા પાધરા, જ્યાં સુધી આયુષ હોય; જ્યાં સુધી હાથ આવે નહી, ગાંજી ન શકે કોય. સમજે સાસરીયા સહુ, વહુનો છે બહુ વાંક. પાપ પકડાયે નહી, એતો આડે આંક મીઠા બોલી અમૃત મુખી, વશીકરણ વીદ્યાય; સાસુને સસરા વિના, ન કરે કો નીંદાય. સસરે કહ્યું તેના તાતને, તારી પુત્રિને વાર; લાજ ગમાવે લોકમાં, અમો રહ્યા છું હાર. ઇકોતેર પરીયાં માહરાં, બોહોતેર બાપના સાર, બોળશે તારી બેટડી, નિશ્ચે કહુ નિરધાર. પિતા કહે પુત્રી સુણો, તારી બોલે છે પુંઠ; થોડામાં કહું છું ઘણું, બેઠી રાખું છું ગુંઠ; બેટી કહે રે બાપજી; સાસરીયા શતરૂ સાથ, નિંદા કરે છે માહરી, ભાળ્યુ

બોલે છે બાળ પુત્રી કહે પીતા સુણો, તમો બુદ્ધિવંતા બાપ; વાંક દેખો ત્યારે મારજો, ગણુરો નહી પુન્ય કે પાપ. સુખે કહો મારે સાસરે. દેખો વાંક જે દીશ, પ્રત્યક્ષ દેખો કોઈ પુરૂષને, ત્યારે છેદજો શીશ; બાકી બેહેકયા એ બકે, તેડો તે શું થાય; રોગ વિના વૈદ્ય શું કરે, ઓસડ શાને ખાય સાંભળો સાસરીયા સહુ, સાંભળો છો મા બાપ; જાર જોઇ મારો નહીતો, બ્રહ્મહત્યાદિક પાપ. સાક્ષાત્કાર હું છુ સતી શીરોમણી ફજેત થાઉં તે ફેર, પ્રભુ મુજને છે પાધરા, જખ મારે છે લોક; જખ મારી સહુકો રહ્યા, ગુણ અવગુણ નિત્ય ગાય, નિશ ચર્ચા મારી કરે, આકુળ વ્યાકુળ થાય; કપાળે ચાંદલો નવ કરે, સોભવે નહી શણગાર, કલંક કોઇ જાણે નહીં, રાખે પોતાનો ભાર. સાદી થઇ હીડે સદા, કયે મન ચીતાર્યાં કામ, ભાવ સાબુત રાખ્યા વિના, લઈ શકે કુણ નામ; (છપ્પો) નાગો નવ લુટાય, સોમે નવ દાન આલીએ, સાચો નવ દંડાય કાયરથી કો ન કંપાએ નાડી નવ જોવાય, જેની નિરોગી કાયા, ગુણક એ નવ ઘેરાય, જેને મન મહેલી માયા: મોત પણ મારી નવ શકે; આવરદા સુધી આપને, જમ નરક નાંખે નહી શામળ નીરમળ નિશ પાપને પાપી નવ કરે પુન્ય; પાખંડી પ્રભુ નવ પુજે, સાચાને ન ગમે જુઠ;અધરમને ધરમ નવ સુજે કપટનું થાય ચપટ: કુડુ ને બુડું જાણો. તારે શત્વ સંતોષ: ક્યાં રંક કયાં રાણો, સાચાથી સુખ પામીએ; જુઠે રૂઠે રામજી, શામળભટ સાચું કહે કરો ગમે તે કામજી.

(ચોપાઇ)સાસરીઆં તો કેડો લીએ નારી તો બેફી નવ બીએ, એક દીવસ સરોવર તીર. નારી તે ભરવા ગઇ નીર. વસ્ત્ર પખાળ્યાં ચતુરા ચાહી, માનની બેભથી નાહી ભરજોબન બાળે વેશ કામની મુકયા છુટા કેશ બેઠી છે વડલાની છાંય, વટેમારગુ એક આવ્યો ત્યાંય. પુરૂસ જાતે તે પવિત્ર, સુણ્યો સઘળાં સ્ત્રી ચરીત્ર કાસદ સરખો દીલ દાહરો, શાણો સ્ફુટે શોભિત બાહરો, ભણ્યો ગણ્યો તે ભારે ભુપ, મલીન વસ્ત્ર પણ રૂડું રૂપ. તે બેઠો સરોવર તીર, મુખ પખાળી પીધું નીર, તે જુવતી સામુ જોય, મનશા વાચા મનડું મોહ નારીએ ડાહ્યો દીઠો, મન સાથે માણ્યો મીઠડો, નારીએ નેહ ભરી નરખીયો; પરાક્રમ પુર પરખીઓ. એક એકને ઓળખતા નથી, કેમ કરી કહેવાયે કથી; પરૂશે મન કર્યો વિચાર જોઉં ચતુર કે મુરખ નાર આળસ માંડી તે નર ઉઠ, પરેમદાને તો દીધી પુંઠ: સરોવર સાથે વાતો કરી, સમીપ સાંભળે છે સુંદરી; સાંભળ સરોવર વાત મારી. પુછુછુ તે કહે જાહરી, અકલમાં જે આવે આપ જાણો તો સાચો દ્યો જવાબ (છપો) કમળદળ સરખાં નેણ વેણુ અમૃત જેવાં મરવાકની જોત, તોલતો રતનવટ તવા પાંયણુ ભમરાની પાંખ ચપળ એ મિનથી ચક્ષુ ભ્રગુટી છનુપાકાર હાર મોતીવત ચક્ષુ ગતી હંસ કટી કેસરી, નાભી દક્ષણવડ દહું તને; પંથી કહે એ પ્રેમદા કોણ ભોગવે તે કહો મુને. કેશ સુરંગી શીશ, નાગફેણી અંબોડો સ્ત્રીગા તુરગ બો ટેક ચંચલ ઘણું મુલી ઘોડો. રંભવત જંઘા જુલમ પેરણુ ચોળી ચરણાં કેળ પત્રવત પુંઠ નીર અનીકું નારમાં નેણાં બાણે વરસતી કપ રૂપ એ કામની ભાગ્યશાળી કુણ ભોગવે, કોણ ભરથારની ભામની ચાલતી ચતુરા ચાલ હેમ મદ ઝળતો હાથી માગ ગમાર્યો પાશ, ખડક કર શુરા સાથી ઉરવર અતિ ઓપંત શરદ વનની વપુ દેહે, ફિર એકાંતલ હરે ભામનીમાં ભારથ ભેદે સુખ સાગર સોહામણી લીલા લહેર લજ્યા ઘણી કહે તળાવ ઉત્તર શામળ તરૂણી એ કો તણી.

(ચોપાઇ તળાવ પએ પુછી વાણ પુછ્યું સઘળું સઘળું જુવતીને પ્રાણ જાણ સમજી બુદ્ધિસાગરના બોલ દીઠ ભારે તેનું તોલ. જેણે મુજશુ નાંખી ચોટ ગુણની મત કરવાને ગોઠ મેં તે એ શું કાન ભણાય ડહાપણ મારૂં કેમ ગણાય ભારે બુદ્ધની તે ભામની કરયો

વિચાર તે મન કામની એણે મુજ પુછ્યુ નોત હેત નો હું ઉત્તર તો તેનો હેત વચન લક્ષ વસાએ લેઉ, હું પણ તળાવ પ્રત્યે દેઉ એણે મુજને પુછ્યું નથી, તો એ આગળ કહું કેમ કથી નવ બોલું તે મુરખ થાઉં, અણ બોલી કેમ મંદિર જાઉ સરોવરીયા તું શુદર વર્ણું વાત કહું તે સાંભળ કર્ણ. નર સાંભળે તેમ બોલી નાર, સરોવર આગળ વાત વહેવાર ઉત્તરનો પ્રતિઉતર કહે, સરોવર તું સાંભળજે સહે (છપા) જેણે પુજ્યા ઇશ. શિવને શીશ સમરપ્યાં, નર નારી વિપ્ર વિવેક અનેક ભોજનથી તરપ્યાં પ્રાગમાં પડયાં પડ કરવત કાશીમાં લીધાં હીમે ગાળ્યાં હાડ કોટીધા તીરથ કીધાં પ્રદક્ષણા પૃથ્વી તણી જશવંતા નર ભોગવે સાંભળ સરોવર સલક્ષણા ભાગ્યશાળી નર ભોગવે. શુરા થઇ સંગ્રામ લોક સંઘાથે લડીયા માય વિપ્રને રોક તેહની વારે ચઢીયા ગજ દંતુશળ સાથ, અંગ ઉડાડી નાંખ્યાં; કીધાં વ્રત વિવેક અસત્ય મખે નહી ભાખ્યાં બહુ સુગંધ પુષ્પે કરી હેતે પુજ્યા હરને હરી: સરોવર તુજને માન્યું કહું સદા તે ભોગવે સુંદરી. સદાવ્રતની સાખ અન્નનાં દાનજ આપ્યાં પૃથ્વી પરમારથે કીધ કુટ કવીઓનાં કાપ્યાં; લાખેણો જશ લીધ નાતમ અંથ કરાવ્યા મુકાવ્યાં જેણે દાણ પુણ્યના ગાડ કરાવ્યા જાગન કરી જેણે જાતરા જશવંતા નર ભોગવે, સાંભળ સરોવર વારતા, ભાગ્યશાળી સ્ત્રી ભોગવે (દોહરો) એક એકની વારતા એક એકનાં ચેન, એક એકનો ગમ ગમ્યો. મળ્યાં નરનારી નેન મળે પતાસા પાણીએ એમ ગળ્યાં તન તેહ; એક જીવ બેના થયા. દેખાતી બે દેહ ચાલવા લાગ્યો ચતુર નર. અણબોલ્યો તે આપ: કુળજાગ રૂપ તે કામની. પ્રીત ન ગણે માપ સોરઠો.- પરનારી શું પ્રીત. કીરતાર તેને કોપીઓ: રૂડી નહી એ રીત જર જીવને જોખમ કરે પરનારી એ પાપ પગલે પગલે પુન્ય ઘટે ત્રાહો પ્રકારે તાપ માન મરજાદા મોટમ મટે પરનારી પાળી સતી કાપે કાયા કોટીધા રહે નર તે નેહ ભખે પરનારી પર મન કરે. (દોહરો) બોલી ત્યારે બાળકા ભાંગી પોતાનો ભાગ સ્નેહ કરીને સંચરે એ ગરહીણ ગમાર હિમંતો દેખોત વત. તનમાં રૂપ તોલ પંથ સખે તું પરવરે, બોલી ડાહ્યા બોલ વિવેકને વિદ્યા ઘણી નિરમળ દિસે નેણ પંથે સખે પરવરો વદી કંપ રૂડાં વેણ. જાણે છે વિદ્યા જારની મોટમ રાખે મોલ; કોપ ન રાખીશ ઓરતો. બોલ રમે તે બોલ પલ પલ ચીર પરવરીશ, વહિ નહી હું વાટ એક પહોર ઉભી રહી તે તુજ બોલ્યા માટ માગરૂ કે કુલક્ષણા કે મુરખ કે મુઢ, વણ બોલે પંથે પળે. એ ગો અચરજ પ્રઉઢ ત્યારે પંથી બોલીઓ, પીયુ સઘળી પેર પરદેશે રળીને પરનરૂ ઘણા દિવસે ઘેર કાગળ તજમાં કાઢુ કશ દખ પામ આ દીસ. ભુખ ભગાયે મુખમાં પડે ઘાટમાં શીશ વાટ જાવે ઘેર ઓરડાં વાટ જાગે ઘર નાર સ્નાન કરાવે કો નહી; નારી નેહ નિવાર પરવર પરમાં પ્રેમદા. પ્રગમ તારે પાગ તુજ માટે જો હું મરૂં મુવે ન પામુ આગ તું જોખ કરે ઘેર નાહરે સખે મંદીર જાય રઝળે મારી તુંબડી માંસ કાગડા ખાય. પારકો પારકી દેશ ધરતી પારકી ઓરત આગ પારકો હાકેમ હુકમહદ જીવ્યાની કુણ જાગ નહી સગુ કો સામવી ઓળખે નહી અહીં કોય. પ્રેમદા તજશું પ્રીતડી હાણુ ઘણેરી હોય. (છપા) ચઉદ ચોકડીનં રાજ ખરૂ સુખ રાવણ ખોયું લંકાણી ગઢ ધન લંક ધન સહુ ધુળે ધોયું દેવતા તેત્રીસ કોડ કરજોડી રહે નીત્યે ઇશ સરીખો ધીશ શીશપર પુરણ પ્રિતે તે સરખો રણ રોળીયો તે કામની સુખને કારણે નો હું કુણ ગણાની વિશે બુદ્ધ કરી આનું બાગળે. ઇંદ્ર સરીખો અર્ધ.પત્ય ઘેર ઇદ્રાણી રાણી અપસરા અપરમપાર વરસે મુખ અમૃત વાણી અઠાશીન આસ ઇંદ્ર સઘળીના ગાજ આરે મેઘ વરતે વંશ જુગમાં જસ મહિમા જાઝાં, સહુ ભગ આપે થયો બહુ અપકીર્તી બારણે શામળ કહે શાણુ

માનજો પરનારીને કારણે (ઢાહુરો) અપરંપાર એવા અધીક કંઇ થાય કઇ થાય, પરનારીથી પરવર્યા ક્રાં રંક કાં રાય નીચ સ્વભાવ નાગો ધણી પર પુરૂષની પીડ; એક ઘડીના સુખ થકી કાડ લક્ષવા ક્રોડ આ ભવ લાજ ગમાવીયે ઘરબાર જાય ગુણ ગયે પરલોકે નરકે પડે વિનતા સંગને વ્યર્થ એમ કહ્યા તે ચાલીયા ત્રિયે સાહ્યા હાથ પ્રતીજ્ઞા પ્રિતે કરી સમ દીધા તે સાથ નામ ન લોહો તાહરૂ રોખ રહો એ રાત મુજ કારણ જો તુજ મરે તો મૂજ હત્યા સાત અગર ચંદનનાં લાકડાં ચોરે રચીએ ચેહ મુજ કારણ જો તું મરે તો મરીએ આપણ બે. ગો હત્યા ધણી ભોગવે રવરવ નરકે રેહે મુજ કારણ જો તું મરે તો મરીએ આપણ બે: અનેક સમ એવા કર્યા પરકી પ્રતિજ્ઞા પેર, વાયદો કરી વિનતા વહી ગઇ પોતાને ઘેર એધાંનુ પુર્યા અતિ ઘણાં, ચાતુર બે ચીત ચાહ્ય પગલે પગલે પંથીઓ, જુવતીને ઘેર જાય કોણે એ જાણ્યુ કહી, જશવતી વેડરો જાર, વિવિધ વસ્ત્ર આભુષણે સજ્યા સોળ શણગાર પાન ફુલ પ્રેમળ ઘણુ: હાવ ભાવ કટાક્ષ, રંગ ભોગ રગે રમ્યા ભાત ભાતની ભાખ્ય, શાક પાક સુંદર સ્વચ્છે, ભાવનાં બહુ ભોગ કરીએ દીવાળી કર્યુ, જુવતીએ મેળવ્યો જોગ. જાણે કો નથી જાણતું. હેત પ્રીતની પેર. જીવને તે જોખમ કરે, જો છાનુ ખાઇએ ઝેર છાનુ કોનુ રહે નહી પુન્ય પાપ કે પ્રીત નારીને શું નીપન્યું, રૂડી કે ભુંડી રીત ખાય પીએ ખુબી કરે. માણી છે મધરાત, એહ કથા અહીયાં રહી, વળતી શી થઇ વાત. ૧૦૬ (ચેપાઇ) સંધ્યા સમે હતો જાહરે સાસુ આવીતી તાહરે. કાંઇક લેવા દેવા કામ. ઠરી રહીતી તેને ઠામ, તેણે પડછાયો પરખીઓ, નારીના ધરમ નીરખીઓ, જાણી પ્રેમળ આણ્યાં ફુલ, સાસુ સમજી સરવે મુળ જાની માની પાછી વળી માંટી પોતાનાને મળી આપે સ્વામી તેડગો એકાંત ભાગી તેના મનની બાત સાંભળરે તું મારા ધણી આજ વહુવર બેહેકી છે ઘણી સંતાયો સજન સથમાં વળતી નહી આવે હાથમાં ઘડપીંગ નર આવ્યો કોય. હેને રાત મંદીરમાં હેવ આજ એને ઓશીઆળી કરો કાઢી નાંખો એનો ખરો નર એના ઘરમા નીરધાર અહંકાર ખનો ઉતાર અને શિક્ષા દયો આ દીશ આવ્યો તેનું છેદુ શીશ હવે કીધા દીવપે ઢુંકશો આજ તણો અવસર ચુકશો બધા કુટુંબ તણી નરનાર. મળ્યાં એકઠાં આવ્ય બહાર. હાથે બહુ હાખ્યે રેહને તેડયાં પીયરીયા તેહનાં. વિચારીને વિવેક વાત તમને મળવા તેડયા માત તાતને ભરાત બે જાઇ આવજો સહુ સજન તેડી લાવજો હરડાંને હવડા આવો આજ ઘણુ જરૂર તમારૂ કાજ વિચાર મહ પડ્યાં મા બાપ એનો કાંઇક પુરણ પાપ કાંઇક દંકરીને દિશે દુખ આપણુ જઇએ થશે સુખ નીચે કોનુ આવ્યું સ્નાન કે કેણે દીધુ અપમાન કે કો લોભી મળાયુ લંક કે કો દેશનતીનો દંડ કાંઇક કપટ સાસરીયાં તણુ દેસે દુખ દીકરીને ઘણું દસવીસ માણસ એકઠાં થયાં રાતે બેટીને મંદીર ગયાં સહોદર સાસરીયાં સરવ ધણોક તેના મનમાં ગરવ આપણે તો કહેવું નહિ પડે કલંક તેની મેળે ચઢે પૂછશે જ્યાં તે તેનો બાપ શો દેશે ત્યાં એહ જવાબ બંધાઇ એ ક્યારે છુટશે મા બાપ એના માથું કુટશે સહુનો વાંક એનો કાઢશે વારૂ નાક હાકમ વાઢશે આપણુ એ આવી ભુલીએ આવ્યો તેને દેશે શુળીએ માલ સાબુત પડયો આજ લેશ ન રાખશો મનમાં લાજ કહેશે શા એ ફુલના હાર, કહેશે કેમ સજ્યા શણગાર કહેશે કુણ તારા ઘરમાંય શો ઉતર દેશે ને ત્યાંય કપટ તણું લક્ષણ લાવીયા અઠાવીસ માણસ આવીયા ઉઘાડ ઉઘાડ કહ્યું એમ બાપ તન માંહે પ્રગટયો છે તાપ શું અઘરૂ કારજ છે તુને તુજ સાસરે તેડાવ્યા મુને કુટુંબ સહોદર આવ્યા સહુ મધ્ય રાત સમે આ અરજ બહુ માટે જે હોય તે કહે મુજ આગળ માંડીને કહે.

(દોહરા) પોપટ કહે પ્રભાવતી એની શી થાશે પેર કુટુંબ સહોદર સહુ મળી આવ્યા તેને ઘેર નથી એહનો ઘરધણી સજ્યા સોળ શણગાર પુષ્પ સુગંધી પરવરી કંઠે કુસુમના હાર દીપક જોત દશે દિશા કાજળ કુમકુમ કીધ ઘરમાં ધમગલમલ સમો લાહો તે શું લીધ ભોજન રસોઇ ભાવતી પ્રતક્ષ ઘણું પાખંડ લાખેણો લક્ષે વશા. ધબડધીંગશો લંક વિનતાનો વાંક વીશે વશા અતિશે દીઠો એણ; જવાબ જુવતી કરે, કેમેશે નર એ કોણ સહોદર સજન સાસરો પીયરીયાં માને બાપ, શું કહેશે એ કામની, થયા સકળ સંતાપ; કહો વીજારી વારતા, પડશે કેવી સુઝ; શો ઉતર એ આપશે, ધણી વિજારી મુઝ પ્રેમદા કહેરે પંખીઆ, જવાબ નહી દેવાય; એ બે જાર નારી તણો. જીવ જરૂરી જાય. એમાં વીજારી શી કરે જો આવે બ્રહ્મા ઇશ, એકે પ્રકારે ન ઉગરે કલંક ચડયાં જે શીશ. સમજાવે સહુ લોકને, કલંક ઉતારે કોડ, જુડાના સાચા કરે, રેહ જવલે જોડ. જેમ તેમ સમજાવે એકને ઉતારે તેની રીસ, એ ધર્મશાન મળ્યું ઘણું, દશ વીશ ત્રીશ ચાળીસ. કીર કહે સાંભળ સુંદરી, કહુ વીજારી વાત; આભુષણ તજ અંગનાં, રહે આજની રાત હા ભાઇ તું કહે તે કરૂં, કહે તો રહુ દીન આઠ આતો અચરત અતિ ઘણું, કહો ઠરાવી ઠાઠ. (ચોપાઈ) નરનારી જ્યાં બોલ્યાં નેટ, પડયો ધ્રાસકો પ્રકટ્યો પેટ ન બોલ્યો નારીને સાથ, કપાળ ઉપર મુકયા હાથ, તરૂણી સંગ કર્યો તાહરો, નીશ્ચે જીવ ગયો માહરો; માનની તું આવી મુળીએ સરવ મળી દેશે શુળીએ. રૂદીયા માંહે રાખી રીશ, નીચ પાસ છેદાવે શીશ; પંચ ઘટાલી કરશે પુર, નહી ઉગવા દેશે સુર. રામ રામ કહી તે પડયો. એક જવાબ તેને નવ જડયો, નારીને ખોળે મુકયું શીશ. ઉગારો ઉમયાપતી ઇશ. નરપતી કાલે હણશે નેટ, હાવ છરી મારૂ પેટ કરોડ વાર કહું શું કથી, હવે જીવ્યાની આશા નથી લક્ષ કરોડ વશાએ કહ્યું, હવે છાનો કુણ ઠામે રહું; વરસ માસ દીવસને ઘડી, કરમ રેખા આવરદા ચડી. (દોહરા) નારી કહે નર મુરખા. કાજલડુ સ્થિર રાખ, નામ લેવા હરિ તાહરૂ, તો શિવ શક્તીની સાખ. જખ મારે છે સહોદરા, જખ મારે મા બાપ, જખ મારે છે સાસરો, તનમાં આણો તાપ. જખ મારે છે દેશપતી, જખ મારે સહુ લોક, આંબ આવે જો તુજને, તો સુકૃત મારૂ ફોક જખમારે દુશમન સહુ, આવ્યાં દુખ દેવાય, પ્રણામ કરી પાછાં ફરી. જખ મારતાં જાય મેં કાચુ રાખ્યું નથી. લખ્યો છે હાથે પત્ર. હરડાં કહેશું સરવને, હુંડી આવી અત્ર, પ્રીતે પેલે ઓરડે પલંગ ઉપર પોઢ નિશ્ચીતપણે નિશંકશું, સુ તાણીને શોડ. મહિમા જો તું માહરો, ભલી ભજાવું ભાત પાય પડાવું સરવને, કરૂ વિજારી વાત સુખે સુઈ રહે સેજપર, ઘણા હેતથી ઘોર. ભુરખી નાંખુ સરવને બાંધુ એક નહીં દોર. બહાર બાર સરવ તે કરે. ઉતાવળી ઉઘાડ, એ મા બાપ છે તાહરાં, નથી ચોર કે ધાડ.

(ચોપાઇ) પ્રથમ લખ્યાતા કાગળ ત્રણ, વિજાર વિદ્યાનાં આચરણ; બીડી તદ્દયાર કર તું કામની, રેન જુગતે જાશે જામની. ઝડપ કમાડ ઉઘાડે જેમ, કુટુંબ સઘળું દીઠું તેમ. કહે ગોરી હું ગુણ ગાઉં છું. વધામણી સહુને ખાઉં છું. આપો ગોળને આપો પાન. મન ગમતા દીયો માન. ધબડ ધબડ ઉઘાડયાં દ્વાર, કરમાં દીપક કોટમાં હાર કોડ દીવાળી સરખુ ત્યાંહ. ઝાકઝમાળ છે મંદીર માંહ, કુમકુમ તીલક રચ્યું કપોળ, શણગાર અંગ સજ્યા છે સોળ. (દોહરા) વારૂ વારૂ વારૂ કહી, ધસમસ કરતી ધાય ઉઘાડી આવાં તેડીયાં, વીસ્મે સહુ કો થાય, શાક પાક પકવાન શાં સજ્યા કેમ શણગાર. કાજળ કુમકુમ કેમ કરયાં, ઉર ધરયા કેમ હાર. શાની માગે વધામણી, ઘણોજ જોશો ગરથ હસે રમે કેમ હેતથી, એનો તે શો અરથ. એમ વિચારી સરવ કો, એટલે બોલી બોલ વધામણી વધા-

મણી, તમ પુન્ય વધુ છે તોલ સમરા સાસુ વધામણી, પત્ર આવ્યું તમ પુત્ર: હુંડી એક હજારની, ઘણુ શોભ્યું ઘર સુત્ર વધામણી વધામણી. પીતાજી પુજન પાત્ર ક્ષેમકુશળ છે તાહરો, જસવંતો જામાત્ર. વધામણી વધામણી, કુટુંબ સહોદર સાથ. કુશળ સહુને કહાવિયું હેત લખ્યું છે હાથ. વેપાર ઘણો વધતો કરે, વોહોરે હીરા હેમ; નગરશેઠ બંદર તણો, પુગ્ણુ તે શું પ્રેમ. પાનાચંદની પેઢીએ હુંડી એક હજાર કાગળ દીઠે આપશે, ક્ષણુ નહિ લાગે વાર, મુજને આજ સમણું થયું, જુંડી જુડી ભાત, કાલે કળકળતાં ગઇ રોતાં મારી રાત શિવ દેરે હું સાંચરી બાધા લીધી ખુબ, કુશળી કાગળ આવશે, નિવેદ કરીશ હું શીઘ્ર નિવેદ નઉતમ કરૂં, શાક દાળ ભલી ભાત, માન્યું એક વધામણું, નિરખું બહુચર માત પરમેશ્વર પ્રસન્ન થયા વખાણુ કરૂં શાં વ્રત, આજ સધા વેળા સમે, કાસદ આવ્યો ત્રત હરખ સમુદર ઉલટયો, હરખનાં વાગ્યાં બાણુ ક્રોડ દીવાળી વત થયું બુડયાં તરીયાં વાહણુ. સુકાં ઝાડ મારે ફરયાં રતન ચિંતામણી આણુ. દુશ્મન હવેથી બળતા પરઠયા તેના પ્રાણ. ઉમંગ વાધ્યો અંગમાં સજ્યા સોળ શણગાર ક્રોડ દિવાળી વત કર્યું અપરંપાર અપાર. ખબર ખુબી નહોતી કશી. ચીંતા હતી અપાર. ખેમકુશળ ખરાખરી, હુંડી એક હજાર. પુજુ શ્રી પરમેશ્વરી, આણી અતી ઉલ્હાદ, સહુ સજનમાં વહેંચવું, પ્રીતેથી પ્રસાદ; કાસદ કાગળ લાવીઓ, જુગતે જમાડયા જોર, ઓ ઉંધે અઘોરીઓ ધાન ખાઇએ ઢોર. સતાવીશ ગાઉ સામટો લેવા હીંડો લાભ, અથડાતો અહીં આવીયો. ઉંડળ ઘાલ્યો આભ. દિપક ધરત દશે દિશા, અજવાળાં છે આપ; આશા પુરી અંબીકા સાસરીયાં છે તાપ. મળ્યા થકી અદકું થયું આવ્યું કુશળ ક્ષેમ, સઉ રજ્જન આવ્યાં હતાં હૈયું થયુ. છે હેમ. કોને બાકી રહી નહિ. જવાબ દેવાની જાગ. દવનો જે ડુંગર હતો, ઓલવી સઘળી આગ. વહુ કહે મેં વિચાર્યું સાસુનું મન રાખીશ, કુટુંબ સઘળુ તેડીને, એક એક વસ્ત્ર આપીશ ભલે ભલે એ ભાવીયો, કુશળી કાગળ વાત હુંડી હજુર દેખાડશું પોઢી ઉઠી પ્રભાત, સાસુ સસરા લેજો તમે, ઘણો આવે જે ગ્રંથ, હું તો તમારૂં છોકરૂં, મારે શો છે અર્થ હરખ હેત આનંદમાં, ભારે ઉલટભેર, સાસરીયાંને પીયરીયાં ગયાં આપણે ઘેર. જોખ કરી તે જાણશુ ખાન પાન ખરા ખેલ. પોતાનું બોલ્યું પાળીયું માનનીએ મેળવ્યો મેળ અરણોદય સહુ ઉઠીયાં વોળાવ્યો તે જાર સજન સહુકો આવીયા ક્ષણુ નવ લાગી વાર. દિયર જેઠ સસરો સહુ કાકો તાતને ભરાત લાવો હુંડી દેખાડીએ વિનતાને કહી વાત કાગળ આલ્યા કામની બીડયો સેડયો ભેડ આનંદ ફેલો અતિ ઘણો થઇ રંગની રેલ માનની જાણે મનમાં ફોકટ ફાંફા ફુલ મારવા મુને આવ્યાં હતાં તે ચીંતા નાખી ચુલ પાનાચંદની પેડીએ પત્ર આપ્યું તતકાળ ખોટી હુંડી ખોટે લખી માંહી મળે નહિ માલ ધુતારો ધુતી ગયો રોટલા ખાધા રોક વધામણાં વિનતા કરયાં ફજેત થઇ તે ફોક માત તાતને ભાત જન અધીક ઉતારણાં લેત આપણી ભોળી દીકરી દગો દેઇ ગયો દેત. મારી નાંખત એ મૂરખો લેત બણેરૂં અથ ઉશ્વરે ઉગારીયા સરયો આપણો અર્થ જે થયું તે ઠીક થયું નેક રહી નહી ન્યુન દીકરી ઉગારી દેવીયે પ્રગટયું પ્રઉઢુ પુન્ય સાસરીયાં સુખ પામીયાં એ કાસદ ચીતમાં ચીત અથ ધરેણું સરવથા જીવ વહુનો જાત સાસુનો સદેહ ટળયો બુદ્ધિ આપણી બાળ, વરવહુ તો સાચી સતી જાહી ચહતી આળ પુજન નઇવેદ વધામણાં જરૂર ઉગારીયાં જીવ, મારી કુણ તેને શકે. રાખે જેને દઇવ સહુ સહુને મંદિર ગયાં શિખામણુ દઇ સાર ધીરશો માં કો ધીંગને કહિને વારંવાર વારૂ કહી વિનતા રહી આંસુ પડયાં આપ ફજેત હું ફોકટ થઇ, સુણી જુઠી ભાખ નારે બાઈ દુઃખ ના આણી એ ધુતારા જન ધરી ભલા

ભક્ષાંને ભોળવે નરના ઉતારે જાર ફાસી દેત એ ફાંસીએ જીવ જરૂરી જાન એમ કહી સરવે ગયાં સાસુ માતને તાત વખાણુ ઘણું વહુનાં કરર્યા ખરો ઘરનો જે પ્યાર અત્રળાને સરળુ થયુ. ક્ષણું ન લાગી વાર દેણાતું લેગું થયુ થયુ અજાણુ જાણુ. ભુડાં તે બે તરવાં વિજાર વિદ્યા વિખાણુ. પોપટ કહે પ્રભાવતી, એમ વિનરો વેદ, જાઓ જરૂરી આવડે આમ દામ અને ભેદ, નહિતર ઘર બેઠાં રહો, કરશો મા એ કમ તો માળા જપ રામની, રૂદે ધરી શ્રી રામ જારોમાં તો જસ નથી જારીમાંનથી જોખ, જારી કરતાં જશ જશે, રીશ નહિ રહે રોખ શ્રી નગર સોહામણું અ ીપ અમદાવાદ, સાબર ત્રટ શો ઃમગ્રી. કહે કવિ શામળદાસ. સુત શ્રી વિરેશ્વર તણો નાનાભટનાં શીશ, સદા સતોષ આનંદમાં, પ્રસન્ન ઉમીયા ઇશ વાસણુ વશી અશ્રપત્ય મનજી સુત મહેરાણ. ગ્રથ રચાવ્યો સિંહજમાં, પંચ કરે પ્રમાણ સપુત શ્રી સુરસિંહનો, ગરૂવો ભાટ માન, સોંપુ ગ્રથ આ એહને. અકલ ઘણી અનુમાન ઝવેર જસવંતા આગળે શાસ્ત્ર વચનથી સાખ્ય, શામળભટ શુક બોતેરી કહી ભલેરી ભાખ્ય ગાય શીખને સાંભળે, પહોંચે મનના કોડ, શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૨૧૩

વારતા ૨૪ મી.

(ચોપાઈ શ્રી શારદાને કરૂં પ્રણામ, મનવાંછીત કરે એ કામ; નિરમળ નામી જશ દીજીએ, પાઓ અમ્રત પ્રીતે પીજીએ ધર્મ વાત મનમાંહે ધરૂં, કોડે ગ્રથ નવા નિત્ય કરૂં; તુજ કૃપા જે ઉપર હવી, કલ્પવ્રક્ષ કહેવાણા કવિ. વેદ વ્યાસ શુકદેવ સુજાણ, કરવા અષ્ટા દશ પુન્ય પુરાણ; શામળ સેવક તારો જાણ. વદને આપો અમૃત વાણ, દુખભંજન દુંદાળો દેવ, સમરથ સુંઢાળાની શેવ, પાવતીનો પુત્ર પવિત્ર. ચતુરા ચારૂ ચિત્ત ચરિત્ર, રીદ્ધિ સિદ્ધિ પુજન પત્ર; ક્ષેમ કલ્યાણ જેનાજ માત્ર, સિદ્ધિ બુદ્ધિ દો સર્વદા, નાહું નિત્ય ગંગા નર્મદા, પુજું પવિત્ર ગણપતીના પાય; સિદ્ધ રિદ્ધનો એ રાય, સિંદુર અંગ સેવંતા સાર. ઉત્તમ મોદક અમૃત અહાર, દુંદાળો દુખભંજન દેવ; કરે વિશ્વ સહુ તેની શેવ, માગું વિદ્યા વાણ વખાણુ, સકળ દેવમાં છો સુજાણ. (છપ્પા) વદન વિશે એક દંત, અનંત સિદ્ધિનો શાધુ; પંચ વદનનો પુત્ર, સ્વામી કારતીકનો બંધુ; કામ કંદન કરનાર, ત્રિલોકપતિ જેનો ત્રાતા. મદન મોટમ પદનામ, મહાકાળી જેની માતા; શ્રાવંત સિંદુર શોભિત સદા, ખરા મોદક જે ખાય છે. શામળ કહે સેવો સહુ, સિદ્ધ સકળનો રાય છે. હનુમંત બુદ્ધ બળવંત, રાવણને રણમાં રોળ્યો; ઇંદ્રજીત કુંભકર્ણ, ચતુર ચાંચડવત ચોળ્યો. સિંધુ જોજન સાત, તરયો ફોગટ નમી ફાળી; કનક લત્તાવંતે લંક, તેહ બુશીને બાળી. શોક કર્યો અશોકનો, સીતાની વારે ચઢયો: બાણું કરોડ બળવંતને, રામ કાજ નિશ્ચે નડયો. (ચોપાઇ) ચોવીશમે દિવસે પ્રેમદા, અંગઅનંગમાંહે ઉન્મદા; સજ્યા અંગ સોળ શોભીના, આભરણ ઘાટ ઘણા ઓપીતા. કામની ચરિત્ર કોએ નવ કળે, આવી પોપટ પાંજર તળે; પોપટે કીધો દંડવત, તારૂણીપ્રત્યે બોલ્યો તર્ત. તન મન ધનથી પુછું તને, શીદ જાઓ છો તે કહોને મને; ન્યાયવટ બોલ કહ્યાં નારાએ, જોખ કામ જાઉં જારીએ. તરતીમ શિખામણ દીધી તમા, તે સરવે ભણીછું અમે, આપ પધારો કહુ શુભ પેર. શુભવંત સવારે આવો ઘેર. (છપ્પા) નારીને જારી કામ, મોટમ પદ તેતો માઠું: ધર્મ કર્મ ને શરમ, નિચ બુદ્ધિથી નાઠું. ધારી જે વેળા વાત, અધિક ઉતપાતજ આવ્યો, કિરતાર તણો શીર કોપ; કોડવશાએ કહાવ્યો. નવખંડ વાંકા તેહને, લોહ પથ્થરે રાહુ હસ્યા, જે નારી જારી કરે, અવગુણ સઘળા તેમાં વસ્યા. (ચોપાઇ)

કદાચ સંકટ આવી પડે, વિજાર અહિંનું કરવું પડે બ્રહ્મદત્ત વિપ્ર તણી ભામની, કંદ્રપરૂપ તણી કામની. જમનાજીએ કીધું જેમ તમો કરજો તરતીએ તેમ, ભલુ ભલુ ભુવન ભાખીયુ, દરીઆનું પાણી રાખીયું. સતી કહે પાણી રાખીયું સત્ય, પરીયાનું વધારીયુ પત્ય કારજું કામ કોડેથી કીધ. લોખેણો જશ જુતી લીધ (દેહરો) પગ ખેંચી રહી પ્રેમદા કવણ બ્રહ્મદત્ત બ્રહ્મ; જમનાજીજુવતી કવણ શો ખાર્યો તેણે ધરમ. કવણ જાર જુવતી કર્યું, કવણ કાપણ ત્યાં કીધ, કવણ ભેદ કરી ત્યાં, કવણ લાવો જશ લીધ પગથરી પથર ઉપરે, જાને વસે ભામ; કાપણ વાત દીલમાં ધરે કુળ રૂડાની કામ્ય કહ્યું તેમ કીધું કામની સાંભળવા બેઠી વાત. શુક શુભ. રિત બોલીયો, જાય ગઇ છે રાત કનોજ દેશ કીસંદાપુરી કનક શીખર રાજન બ્રહ્મદત બ્રાહ્મણ વસે, મહા મનોહર મન જુગના એની યોશિતા; સુંદર રૂપ સ્વરૂપ, ભણી ગણી ભામની અધિકી બુદ્ધિ અનુપ બત્રીસ લક્ષણ બહુ ગુણે ચંચળ ચતુર સુજાણ સ્વામી સાથે સ્નેહ છે, મને મોટે મેરાણુ કામ કામ કરે મન ચીતવ્યાં હરી જીતે હોડ માને કંથની આજ્ઞા કામની રહે કરજોડ. ચતુર ચેરે ચોરાશીએ, બહોતેર માંહે બુદ્ધ, ચોસટ ચતુરા ચત દને સોળ સંપુરણ શુદ્ધ નારી નીર ભરવા ગઈ, ત્રટ નદીને તીર, શણગાર સજ્યા છે શોભતા, ચરણ ચોળી ચીર. સખીયો છે ત્રણ તેહની. શોભે સહચર સાથ; સોળ વરસની સરવ કોલ, કનક ચુડલા હાથ નાહયા વસ્ત્ર પખાળિયાં વિણ્યાં વાડીએ ફુલ, શીવ પુજનને કારણે ગયાં સુખ સાગર સુળ. ચારે જણ તે ચતુર છે. એક એકથી એક: પરીક્ષા કરે પર પુરૂષની, વિવિધ વિચાર વિવેક, વટે માર્યું વિપ્ર ત્યાં, બેઠોતો દેહેરામાંહે, ચતુરા ચારે ચીતની, તોલ કરે છે ત્યાંહ. રણ જોરાવરે ચંડીતા ભણો હોય જો વેદ, દાન દક્ષણા આપશું વિપ્ર વદો જો વેદ વાકોને વરણાગિયો. વિપ્ર તે વિદ્યાવંત, ઠગ વિદ્યાનો ઠાકરો, ફળવંત અનંત તિલ તાંદુલ સમરપીયા. શિવ કીધા પરસન કર જોડને કહુ મનાવો મારૂં મન એક કસણ કોડામણી, બીજી વણીક વરવેશ, ત્રીજી સ્ત્રી સુતારની ચોથી વિપ્ર દેસ. જેને જેવું સુજયું તેને જેવું હાથ. જેને જેવી ગત હતી, જળ મુકયું છે સાથ. કણબણ કહે આપું લોટ હું, વણીક કહે ઘ્રત ખાંડ; સુતારણ કહે લાકડાં, મશ ન બોલું માંડ બ્રાહ્મણ કહે મરૂં નથી જમવા લાકુ જોર. પોઢ કોને ઘેર ખાટમા એમ કહયા અંકોર નવું દેવું ચાકરે. અધિક સુખ અતોલ પોઢાડે કુણ સેજમાં બુદ્ધ હોય તો બોલ. સખીઓ ત્રણે સાંભળ્યુ નચ વચનનું નામ, બ્રાહમણી સામું ભાળીયું એતો તારૂં કામ, બ્રાહ્મણી કહેરે બ્રાહ્મણા આવ્યા અમારે ઘેર, ખડકીએ નાંખુ ખાટલા, પોઢી રહેજો પેર પ્રભાત ઉઠી પંથે જજયો, પર મુલક પરદેશ; લાખેણા ખાજયો લાડવા એમાં મુજ શું લેશ જાઓ આપોરે જુવતીઓ રામા સીધું રાખ્ય માગુ તે આપો નહી, શીવજી તેનો સાખ. હાથ જોડાવ્યા હેતથી, મન માન્યું જે માટ; તે વારે મુજને તુને, બેને ઉઠી વાટ, દેવ રણ દેવું રહ્યું. તેહ તમારે શીશ, પેલે ભવ પંદર ઘણું, એમ અપાવે ઇશ, હેતે ચાર હશી પડયાં. સમજયાં ઝાઝાં શાણ: રામા સંગ રયણી રમુ; વિપ્ર વદે છે વાણુ ત્યારે બોલી બ્રાહમણી. મુજ ઉપર છે મેલ; પાપ પુન્ય કોને શીર, ખરા બતાવો ખેલ. ત્રણે બોલી તારૂણી, નેક ન રાખીશ તુન્ય, પ્રાણ હરશે પંડીત તણો તેહનું તુજને પુન્ય કદાચ વાંકુ ચુકુ થશે, કે શીવ કોપે આપ તેતો ત્રણે તારૂણી ચોથા વિપ્રને પાપ. સમજાવું બધા શહેરને, ધણી સહીત ધરમ, ઓસરછું અન્યાય થકી, શિવની રાખુછુ શરમ વાયદો કીધો વિપ્રને, કહી નીશાની નેક, પુંઠે પુંઠે આવજો. થાય ઘટીકા જેમ.

(છપ્પા.) નંદન સસરાનું નામ, સાસુ સુભદ્રા સારી, મામો મુજ મોરાર. મામીકહે મામી મારી

કેવળ કરણજ કંથ, જેઠ જુગજીવન જાણો; વડાહરા વિપ્રતી, નાત, વેદ તે શામ વખાણો; સાત પરીમાં સાસરા તણા, પંદર પિયર તણાં કહ્યાં; હેત ઘણેથી આવજો. લાખેણા બોલ વિપ્રે લખ્યા, શીવ ડેરૂ સમરથ, ઉગમણી પાળ્યે ઓળે, અમરો ગામ સીરદાર; લજ્યા કોઇ નવ લોપે. વડ પીપળની છાંય, ગુણ રૂઅ ગણે છે; પોતે પંડીત રાય, વિદ્યારથી ભાવે ભણે છે. આવજો સુખે ઘટ એકમાં. તોલ રાખશું તાહરો. સગાઇ કાડશુ આપણે, ગુણ જોજે તું આહરી. (દોહરો) પિયરનાં પિયરનાં શીખવ્યાં, શીખવ્યા સહુનાં નામ એંધાણ કીધા મંદીર તણાં, ગામ નામને ઠામ સાથી ચતુરા સમકતી, આવી મંદીર માંહ સ્વામી શીવ શેવા કરે તોલ ઘણો છે ત્યાંહ પગલે પગલે પરખરો પરઠીતી જે પેર વટે મારગ વિપ્ર જન શુભવંતો આવ્યો ઘેર નમસ્કાર કરી મળ્યાં. ઘણી આણી આવી ધાઇ; આવ્ય આવ્યરે બાંધવા મા જાયા મસીઆઇ; કોટે વળગી કામની, બે ભુજ ભરવા બાથ; હરખ હેત આંસુ પડ્યાં, સ્નેહ ઘણો તે સાથ. મારી માસીના દીકરા: ભણવા ગયો તો ભેદ; ઘણેક દિવસે આવીયો, વખાણુ કરીને વેદ સાળો બનેવી બે મળ્યા. મળ્યા સહોદર સરવ. ઓવારણાં કરો અતી ઘણાં. ઘણો મુકાવ્યો ગરવ, દસ લાખ આજ દિપોત્સવી. પાંચ લાખ શુભ પર્વ, અડસઠ તીરથથી અધીક. સજ્જન સુખ પામ્યા સરવ નારી કહેરે નર સુણો વરવા આવ્યાતા ગામ ત્યારે ગયા તો કાશીએ, ભણવા કેરે કામ, ભણી ગણી એ આવીયો; મળવા કારણ મુજ, સાલક બનેવી બે મળ્યા: તન મન ધનથી તુજ ભલે આવ્યો એ બારણે બહુ વિધ દીધાં માન શાક પાક ભોજન કર્યાં આપ્યાં ફોફળ પાન વાત ગોસ્ટ ઘણી કરી ચતુરાએ મેળવ્યુ ચીત: બીજે ઘેર સુવા ગયો પરવરાવો માંટી પ્રીત, ભાઇ બેન વાતો કરો ઘણા દીવસની ઘેર: હું પોહોડુ પાડોશી અહે પ્રભાતે આવશું પેર ભાઇ બેન ઘરમાં રહો કરો વાત શુભ કાજ મારી તમને ગણવી પડે; લક્ષ વશાએ લાજ. સ્વામી તે ઘેર સુવા ગયો પાથરીયો ઘેર પલંગ દીપક જોત દશે દિશે રામા કીધો રંગ કટાક્ષ કરે તે કામની સજ્યા શોભીતા સોળ; હાવ ભાવ બનાવથી મુખ તાતાં તંબોળ કાજળ કુમકુમ ઓપતાં ભર્યાં સિંદુર રંગવતી રૂપાવતી જોબન જોર ભરપુર; પંથીને કહે પ્રેમદા રમો રંગમાં રાન. પરોણા રાખુ પાંચ દીન ભોગવો રૂડી ભાત ઉત્તમ કાંઈ રાખીશ માંહે ચોરાશી આસન ચાહો, ભામની રૂડી ભોગવો લો લાખેણો લાહો માનની મૂરખ તું ખરી ચતુરી તારી ચાહી; કામ વાસના કયમ કરૂ ભોગવ ક્યાં બેહનને ભાઇ સમુદ્ર આમન્યા નવ ગણે પૃથ્વી પ્રલય થાય; ઉત્તમ બ્રાહ્મણછું અમો આચરૂ કેમ અન્યાય (સોરઠો) રામા ઊપર રીસ કરીને પંથી કોપીયો, એવાતે ઉઠીયા ઇશ દુઆશે ઘડી એકમાં બુદ્ધિહીણુ થઇ બેન કોડ લોક સુણે તે કહ્યું ચંચળ કરે ચેન પરીયાં બોળે છે પાંચશે તું તો મુરખ થાય, પાણી બોળે પરીયા તણું અવગુણ માહરા ગવાય તે તોવાત બને નહી ફજેત થશો તે ફોક વ્યભીચારી કહે વાતને લોહર કહેશે સૌ લોક રામા ખાશો ખાંસડાં કરશું એ કુડુ કામ સ્વામીને સવા મોકલ્યા, ન ઘટે લેવું નામ સંગ તારો ગમે નહીં. (ચોપાઇ) જાણી રીસથી બોલ્યો જર ખરા નારથી આપ્યા બાર તેડી લાવી ચીતમાં ચાહી, કંથ આગળ કહ્યો કેમ ભાઇ, સાળો બનેવી કીધાં તમો અણુઘટતુ કેમ કરીએ અમો તુ તો બહેનને હું ભ્રાત એહ હવે બને નહી વાત તારૂ વચન ચડાવું શીશ સંગ કરીને તો કોપે ઇશ ચતુરા મુર્ખ છો એ બેન હું તો ભાઇ ને તું તો બેન ભુંડી જો દ્રષ્ટ જોવાં જાઊ તો તો કાયા દર્ઝી થાઉ, કલંક કોટીધા માથે ચડે નરક કુંડમાં નાહક પડે ભુંડી વાત શિદ ભાને જાણી, તું તો બેન મારી જણી સુખથી બેન કહું જે આપ ભુંડી દ્રષ્ટ જોવાથી પાપ સમ વાસના મૂકો તમો એહ વાત કરૂ નહી આમોદ શિવમાં રીસ તુજ ઉપર થઇશ

ફજેત કરીને હાંસી જાય; હજુ સાંખું છું તારો વાંક અધરમ કર્યો તેં આજે આંક પાપ પુન્ય કાંઇ નવ ગણ્યું નરકકુંડે જવાનું કર્યું.

(દોહરા.) તારે કોપી કામની ભમર ચડાવ્યાં શીશ; ફટ ફટરે તું પાપીણી, છેદાવું તારૂં શીશ. ભાઇ બાપ કહેવા તણી એ વાતો વીપરીત; રીત જાર વિદ્યા તણી આવી આવે નીત્ય ભાઈ બાપ કહીએ નહીં, તો જારી નવ થાય; ગરજ તેણે વશ સરવશ ખાતે સહુ સમ ખાય. પિતાને તો પીયુ કહે, કરે ભરથારને ભ્રાત પાપ પુન્ય ગણવું નહી જિનાર તણી એ વાત અલ્પા પ્રદેશી પાપીણી ખુટયો તારો કાળ; સવારે મુણી પામશો, આવીક ચડાવું આળ દેહ અડધ દાટુ તને કરે ઇટાળી લોક જોનારા હજી જીવતો તો મુજ સુકત ફોક

(ચોપાઇ.) ચંચળ એ નારીનાં ચેન અણુઘટતું બોલે છે એમ; નીચુ જોઇને કરીએ વાત ભરથાર કરી એને કહીએ ભ્રાત કરોડ વાર હું કહું શું કથી. એમાં પાપ આપને નથી નર કહે સાંભળરે નાર ગુણહીણ ગાંડી ગુમાર. એતો રાંડો કેરી રીત પિતા કહે ને પરહે પ્રીત; હું મરદ મુંછાળો હામ કરૂં નહી એ કુડાં કામ રહે વેગળી ના આવ શા પાસ મુક એ વાતે મારી આશ બેન કહી તને નહી અડું શાને કાજે નરકે પડુ રહુ વાસો આજની રાત પંથ ઉડી જાશું પ્રભાત કોપ કરી બોલી કામની ભુંડી દ્રષ્ટ જોયું ભામની જોજે તું હવે મારાં કૃત્ય માથે તારે આવ્યું અત્ય ખુટયો તારો દીસે કાળ વનીતા વદન કર્યું વિકાળ સાચી વાત સાંભળજો તમો પાડીશ બુમ કહું છું આ.મો ખરો દેખાડીશ હુંનો ખ્યાલ માથે ચડશે તારે આળ. (છપ્પા) નારી નીચ સ્વભાવ, ખાંતથી ખ્યાલજ ખોટા પલકમાં તોડે પ્રીત માથે એ અવગુણ મોટા રૂડી ન જુવે રીત ચિત ચતુરાઇ ન આણે હત્યા કરતાં હેત ગુણ અવગુણ ના જાણે. વિશ્વાસ કરશે વીનતા તણો તે મુરખ બધા દેશનો નીચ સ્વભાવ નારી તણો શામળ કહે શંખણી સુવેસનો. દોહરા—કહેશે પણ કરશે નહી છેક જાશે નહીં હાડ, એણીએ તો તે કહ્યું. ધસહસ આણી ધાડ શિર છેદતો માહરૂં, લેતો મારો માલ દેવ-રાવું તને શુળીએ કરૂ એ હવાલ મેળુ બાંધી મેદની સગાં સહોદર સાથ ખરવાહન કરી ફેરવું હોડે કાપું હાથ મરદ કહેરે માનની કર ગમે તે કામ મેળવ સગાં સહોદરાં, મેળવ બધું ગામ અસત્ય એવડુ નહી કરે, એમ વીચાર્યું જાર છેક હાડ જાશે નહી ખોરો નહી તે બાર નારી નિશંખ થઇ શઇ પાડી બુમ પ્રચંડ ધાઓ ધાઓ મારો ધણી લંપટ થઇ ને ભંડ દોડો સરવ પાડોશીઓ દોડો સરવ સાથ, હું આવી છું સંકડે ધરેણુ પરણુ પકડ્યા મુજ હાથ; ભાઇઓ હવે હું શું કરૂં ધણી મુકયો મન ગરવ જાગ્યાં પોળ પડોશીયાં, જાગ્યા સજન સરવ; મેળા જગાડયો માનની, અહુઠી મુકી પોક. થયાં આંગણે એકઠાં લક્ષ કોટીયા લોક શુંછે શુંછે શુંછે કહ્યું શક આવી છે ધાડ શો ઉતપાત કઉતક થયું છે છે ઉપાડ; નર તેડયા તે નારીએ, વિચારી તેણે વાત; પાપણી પાપ ગણે નહી તરંત કરાવે ઘાત રચાવ્યાં લાકડાં, શુળી દેવરાવે તરત બીજે અધરી છોકરાં માથે આવ્યું મરંત પાપ પુન્ય ગણે નહી, ન ગણે એ હત્યાય કરગરૂ તો તો ઉગરૂં વેળા એવી રક્ષાય એનુ પાપ એ ભોગવે તે તો જાણે ઇશ; એમ વિચારી નારને; ખોળે મેલ્યું શીશ જખ મારી મેં લક્ષવરાં કહે કર હું કામ વચન ન લોપું તાહરૂ વચમાં સાલીગ્રામ પ્રદક્ષણા પ્રીતે કરી પોતે પ્રણમ્યો પાગ જીવ મારા ઉગારવા જડશે તુજથી લાગ ઉગાર હવે તું જીવડો ઉગાર મારો દેહ, ભોળા ભામરી કરગરયો નારીને પ્રગટયો નેહ તું કહે તેમ કીડા કરૂ મનાવું તારૂં મન; હું અંક જાણ્યો છું કામની ચોરાશી આસન ઓસડ જાણું છું અતી ઘણાં બહોંત જાણુ મોહોત પેરં; ભોગથી જાણું હું ભામની રહું હું તારે પેર હસી નાર હેતે કરી હવે સમજ્યો તું હેત; જો

ક્યાંય હું કોપતી તો ટો ગુણી દેત; ધુજ કંપ માં બાપડા કાળજડું સ્થીર રાખ મારવા નહીં દઉં તુજને સીતાપતીની સાખ. પોપટ કહે પ્રભાવતી શામાને શો શોક ઉઘાડ ઉઘાડ એ શું થયું બારથી બોલ્યા લોક કંથ કહેરે કામની ઉઘાડ કહે તું વાત; બુમ પાડી બોલ્યા તમો, એ તો કોઈ ઉતપાત એણીએ ઉતર શો કહ્યો કેમ ઉગાર્યો જાર કેમ સજન સમજાવીયાં ભોળવ્યો કેમ ભરથાર શામા પ્રત્યે શુક કહે જાણો તો કરો જાર: કેમ સાચી થાય સુંદરી પતિ કેમ પ્રણામે પાય કેમ જાર તે ઉગરે માને સહોદર સરવ; કેમ વીજારી એ કરે કેમ રહે તેનો ગરવ; શેઠાણી કહે શુક સુણો એતો મહા ઉતપાત; સમજાવ્યા કેમ સરવને વિસ્તાર કહો વાત આજ રાત રહો તમો, ગુણવન્તી આપણ ઘેર. સારી પેઠે શીખવું, પ્રતાપ વિદ્યાની પેર. (ચોપાઈ) નારી કહે નહી જાઉં અમો પોપટ સાચુ બોલો તમો. ચડયાં કલંક ઉતાર્યાં ક્યમ સાચુ ન કહો તો મારા સમ. પાડતીતી બુમ એને મારવા ઉપાય કરયો શો ઉગારવા, ત્યારે પોપટ બોલ્યો વાણ સાંભળ ચતુરા ચતુરસુજાણ (છપા) જાર પ્રણામ્યો પાગ હું ચાકર છું તાહરો; હોલવ મારી આગ, પ્રાણ તું ઉગાર મારો. ચડાવીશ તું કલંક સાચુ સહું માની લેશે: સાચો અક્ષર અંક મુજને તો સુળી દેશે; કરજોડી હું કરગડું, કરોડવાર કહું છું કથી: તુજ વીણ મુજ જીવાડવા બીજો ઉપાય એકે નથી. જાગ્યાં શેરીનાં લોક, બુમ પાડી કહ્યું એઉને; કોણ મારે છે એહ. સાચુ દિલ વસશે, વનિતા વિજાર, વિદ્યા કરો સાચે દીલ સુજે તુને સામ દામ વીધી ભેદશીખ માનની ઉગારો મુને.

(ચોપાઇ) વાત વિનતાના મનમાં વશી હાથે તાળી દેઇને હશી તું જો મુજને પ્રણમ્યો આણ. તુજને મારણ હારા કોણ હવે વિદ્યા જો તું માહરી: જુગ બાધામાં જાહરી અચેત થઇ પૃથ્વીપર પડો. પ્રલય ઘાટ કહે તે ઘડો; હેતે પ્રસન થઇ છું હું ઇશ્વર બોળે બેઠો. તું જાર ઉગાડી ઘરમાં લીધ કંથ આગળે વાતજ કીધમતે વેળા: મઈ છે મધરાત નાંખ્યો હેઠળ કહિને ભાત દીઠુ નહિ તે કોઇએ દ્રષ્ટ જાર તણું ઉગારણ કષ્ટ (છપ્પા) પીટવા લાગી પેટ રામા ઘણું લાગી રોવા કરવા માંડયું કલ્પાંત જીવ પોતાનો ખોવા આવ્યું તુમે અમૃત હાથ તેહમાં ઝેરજ ભળીયું માનો જાયો મશિઆઇમતેને તો વાશી વળીયું; નથી મુખેલનો નથી ચાલતો; જરુર હોશ એના ફરે, માટે બુમ પાડુ અમો કો બાંધવ સાજો કરે. ત્રાહ ત્રાહ જગદીશ છ૧ ધરમાંથી છાપુ કો વઇદ મળે આ દીન જે માગે તે આપુ; ભાઈ પહેલે મુજ જીવ જરુર પળેથી જાશે મારે ધરવી કાય; જો સુખ બાંધવને થાશે ફેલ કરયું એમ કરયું, છળ ભેદ અતિશે છાનીયું: મનસા વાચા કરમ સહુકો સાચુ માનીયું (ચોપાઇ) મશિઆઇ ભાઇને વાશી વળ્યુ. ચઇતન દેહમાંથી તો ટળ્યું માથે એને આવ્યું અત તેતો મેં ઓળખીયું તરત લાવો લીંબડો લાવો પાન ધણીને દેખાડયું ધાન રોવા કળકળવા લાગી ઘણું દૂખ દાવાનળ બાંધવ તણું. કરયાં શોકને લાછા લીધ, એક ઘડીમાં તાજો કીધ બાધા લીધીને ઓસડ ઘણાં વિઘન વળયાં તે બાંધવ તણાં ત્રિલોકનાથ તેને તુઠીઓ, આળસ મોડીને ઉઠીયો હશ્યાં રમ્યાં સંતોષ્યાં સહુ સમ્યો શોકને આનંદ બહુ સહુ સહુને ઠેકાણે ગયાં ભાઇ બેન તે ઘરમાં રહ્યાં, રમ્યાં જમ્યાં કીધો રીઝ રંગ, સાત વખતે કીધો સંગ આસન ચોરાસીના ભેદ દેખાડયા વખાણી વેદ, કોકશાસ્ત્રની વિદ્યા હતી, તે તો સરવે કીધી છતી. રંગભેર વિહાણી રાત; સજન સન્તોષ્યા પ્રભાત, ઠગ વિદ્યા કીધો એમ ઠાઠ રાખ્યો પરૂણો દીન આઠ. જશ જીત્યો પોતાની જાત. પન્થી વળાવ્યો પ્રભાત. પોતે પ્રીત દેખાડી ઘણી ચેત્યો નહી પોતાનો ધણી. કોણે નવ લોપાણી લાજ, કરયું એક કામનીએ કાજ. એમ વિજાર કરો તો જાએ, ફજેત નિકર હાંસુ થાઓ. પંદરમી વિદ્યા એ પુર નારી ચરિત્રતણું

બહુ નુર. સમજે જે કો જાણ સુજાણ; અલ્પ બુદ્ધિ શું લહે અજાણ તોતેરનું તત્વ સત્તરમી કળા, પાંચમો વેદ ભાખે જે ભલા; દીઠું અણદીઠું કરવું નથી; એ વિદ્યા કાંઈ થોડી નથી. સાંભળ વાસણ કેરા વંશ, કઉજી કુળ અવતારા અંશ, મનજી સુત રિખવલ શ્રીરાજ. કરયાં નવાણુ પુન્ય કેરાં કાજ, કેસર ખસબોઇ બેક બરાસ, જશ જીતણ ઝવેરી દાસ; તેણે તેડયા શામળ કવી; શુક બોહોતેરી ત્યારે હવી. (દોહરા) શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કર જોડ, શામળભટ કહે બોલજો, જયજય શ્રી રણછોડ. ૧૫૩.

—※—

વારતા ૨૫ મી.

(ચોપાઇ) શ્રીમુખ શેવું સરસ્વતી, માયા કરી આપો મહામતી. કંઇક કોટીધા કીધા કવી, તારી દ્રષ્ટ જે ઉપર હવી માઘ ભારગવી કાલીદાસ. મારકુંડ શ્રી વેદવ્યાસ, પામર જનને પંડીત કીધ, બુદ્ધ સુબુધ દાતાને દીધ તેમ શામળજી તારો રાંક, તું અદકેરી આડે આંક, શુક બોહોતેરી કહુ સવાદ, અંતરમાં આણી ઉલાદ. (સોરઠા.) વાલ્મિક વશીષ્ટને વ્યાસ, ભારગવી સરખા ભાવથી, કવિ શ્રી કાળાદાસ, પંડીત કાર્યા પલકમાં. પુન્ય પ્રતાપીક પંથ, આખ્યાન કીધાં અતી ઘણાં, ગુણનીધી રેવાખંડ, એ પાંચે વૈકુંઠ વસે, જે દેવ જશવંત વાયુ પુત્ર વિશંભરા; હરીજન હેતે હનુમત, લુંટી લંકા લાખેણી ધણી. (ચોપાઈ.) પચીસમે દીવસે ચતુર સુજાણ પરવશ થયો પ્રેમદાનો પ્રાણ સજ્યા સોળ ઓપીતા અંગ ભાવક રાગ રૂડેરા રંગ હાવ ભાવ તે કરતી જાય, આવી પોપટ પાંજર ત્યાંય શુક કહે સાંભળ સુંદરી ઘણું દીસે છે ગરવે ભરી તન મન ધન તપે છે તોર જૂલમ કરે છે જોબન જોર. મમત ગજ સરખી મછરાલ. ભ્રકુટી તીલક તપે છે ભાલ કંદ્રપ કાયા રોખે રમે ગાન તાન ગુણ તુજને ગમે આવે બગાસાં આળસ ઘણાં એતે ચેન કામાતુર તણાં મોડે અંગને ઊંચા હાથ અરાં પરાં ભરો છો બાથ ગુણ રૂડા કોના ગાઓ છો જુવતી કોણ ઠામે જાઓ છો.

(છપ્પા) આળસ અદકુ અંગ સારૂ કામ નવ સુજે પર નરશું જેને નેહ બુદ્ધ એક નવ બુજે ખાવું પીવું ખેલ રમવું જમવું કે નાવું ન સુજે શીવની સેવ નાવું ધોવું ગુણ ગાવું અવિદ્યા અદકી ભણે સદવિદ્યા સર્વ રહે પરી પોપટ કહે મેં પારખી કામની કામાતુર છે ઘણી.

(ચોપાઇ) કોણ પુરૂષ ધારયો છે કામ સાચુ ન કહો તો મારા સમ નેહ ઘણો કીધો નારીએ જરૂરપણે જાણે જારીએ. ગુણ લક્ષણ અમો સર્વે ગણ્યાં, ભાવ ભેદ વિદ્યા બહુ ભણ્યાં એમાં કાંઇએ બાકી હોય, મોટો પંડીત બોલ્યો મોય. તુજ ગુણકાને આપ્યો અંધ, તે તો આવ્યો મારે અર્થ, શેઠ બીચારો રઝળે ક્યાંહ, મોજ કરૂં હું મંદીર માંહ; ભલે ભલે જાઓ ભામની, જોખં કરો આખી જામની. પુરણ પ્રોતે આવો પ્રભાત. વિતક સરવે કહેજો વાત, કદાચ કાંઇ જો સંકટ અડે, વાજાર વીદ્યા કરવી પડે. મકન હરિઅડ કેરી કામની, તરતીબ તોલ ઘણી ભામની, તેણીએ વીદ્યા કીધી જેમ, તમો પણ વિદ્યા કરજો તેમ; મહા પરાક્રમ કીધું ભરપૂર, નારીએ વધારયું નુર. પગ ખેંચીને રહી પ્રેમદા, અંગ અનંગ માંહે ઉન્મદા; કોણ મકન ને કોણજ નાર, કોણ જારને કોણ વીજાર. કોણ પરાક્રમ કોણજ પુર કોણ નારીએ વધારયું નુર; એ તો સંદેહ મારા ભાગ, કહે પ્રેમદા પ્રણમું પાગ. કરો છો તેમ કરો કહુ અરજ, જો હોય સાંભળવાની ગરજ; શણગાર તજી બીનાં વસ્ત્ર, ડાપણ તેને દીઠુ દરશ. કરે કાંઇને કાંઇ ભોગવે, કરે પાપ દેખાડે પુન્ય, એ વીદ્યામાં બાકી શું ન્યુન. (દોહરા.) મુલતાન નગરમાં મામક. ગુણવંતનું એ નામ; મુલદેવ એક

મહીપતી, બેટમ અધીક માન. નાર બે નક્ષત્ર સરખી, રૂપવતી ઘણું રંભ; પુન્ય ધણુંથી પામીયો, જેણે પુજ્યા શંભ. (છપ્પો.) જે કો પુજે ઇશ, તેહ પુન્યવંતો પ્રાણી, જે કો પુજે ઇશ તેની કીરતી જુગ જાણી. જે કો પુજે ઇશ, અષ્ટમ સિદ્ધ ઘેર આપે, જે કો પુજે ઇશ, લાજ તેની નવ લોપે જેણે ઇશ્વર પુજ્યા, તેને સપુત ઓઓ સતી; રૂપવતી ગુણ આગળી, રૂડી કરમ રેખા રતી. (દોહરા.) એક નામ રૂપાવતી, બીજી હીરા હેત; સ્વામી ઉપર સ્નેહ ઘણો, તન મન ધન સમેત. દેહ કારમી દીપે ઘણું, ખાવા પીવા ખેલ; અંઘને અરથાવાટ ઘણો, રૂડી રંગની રેલ. નર નારીને નેહ ઘણો, નર નારમાં નેહ; એક એકને દેખી ઠરે, ત્રણુની એકજ દેહ. એકઠાં રમે એકઠાં જમે, સૂવે એકઠાં સેજ; આચાર વિચાર કરે એકઠાં. હઠીલે અદકુ હેજ. એક દીવસ તે વાણીયો, આપ આપાસરે જાય; ત્યાં મહાવીર સ્વામીતણાં વખાણ વડેરાં થાય. જયપુજ વારૂ વરતીયો, કરે વખાણ વીવેક; જીવ દયા પાળકતણાં. ન્યાય સંભળાવે નેક ચતુર ચોરાશી ગચ્છના, લક્ષધા આવે લોક; નર નારો તે વરતાયાં સુણી શમાવે શોક. પચખાણ કરે પંચ વરસના. કંદમૂળના કોડ, અનાશન પોસહ આચરે. પર્યુંષણ જુવતી જોડ, શ્રાવક શીવ સેવા તજે, તજે ગુણવંતી ગંગ; વેદમારગ વીપ્રને તજે, જિન મારગપર રંગ દાન શીળ તપ ભાવના પાર્શ્વનાથની પુજ્ય પાત્રિ પુંજણીને સુમતિ, શ્રાવક ધરમે સુઝ, મથેણવંદામી માનવ કહે, ધર્મલાભ કહે ધીર. નાહાવા ધોવાપર નેહ નહી, નીયમે વાવરે નીર. સંખેશ્વર શેત્રુંજાતણી, જાત્રા કરવા જાય; સમેતશીખર સંચરે. આબ અભડાયાં ખાય. આચળીયા ગચ્છના અધીપતી જીવદયા પ્રતીપાળ; કાપડ પેહેરે કાળાં કરી ખરા એમાં શો ખ્યાલ. કો દીગંબર કો દેરાસરી, કામણટુમણ કઇ કોડ; વશીકરણ વિદ્યા વીશી, હારી જીતે હોડ. જે જને શાસ્તર લખ્યું તે તે પાળે ધર્મ પાળે વચન જો સુરતણાં તો કોઇ ન બેશે કર્મ. દીપો પોશાળે પરવરે, વીખાણ સાંભળે વરત મકન કરમકની માનની, ત્યાં નીત આવે તરત. તે પણ શ્રાવક સુંદરી, ધરમાં નામે ધીર દીવસમાં એકવીશ વાર, પીએ ગળીને નીર પોથા કરે પંચ માસના. કંદમુળપર કોપ ચોવીશ આહાર પર ચીત ધરે, લીલવણીનો લોપ, પુંજણી રાખે પાસમાં, મુખ મમતીઓ મેળ શ્રાવક ઘણો ધરમ સાચવે, ખાંત ધરીને ખેલ. ધરમાને દીપા બહુ, માનની ઘણી મગન; પ્રીત થઇ પોશાળમાં, લાગી લેહેર લગ્ન. રૂપા કહે દીપા સુણો, મારે તુજશુ હેત; મેંતો તુજને સોપીયું. તન મન ધન સમેત, રૂપાવંતી હું રંભ છુ તું છે ચતુરસુજાણ; લાગી લગ્ન મુજ તુજ પરે, પરવશ પડ્યો પ્રાણ (સોરઠા)–કાંઇ ન સુજે કામ, પુરણ બંધાણી પ્રીતડી અહરનિશ આઠે જામ, ઝુરતામાં જાય છે અધિકો દિવસ આજ. કરજોડી તુજને કહું; લોપી ન શકુ લાજ માન મરજાદા મુકુ અમો. (દોહરા.) રમણ જમણ ગમતું નથી, નહી ગમતું પ્રભુનું નામ, તારૂ નામ રૂદે વસ્યુ, કાયામાં વાપ્યો કામ, આઠમ કે ચઉદશ, ગમે નહી, ગમે નહી ગુણ ગોઠ આ કહુ કેટલે દીવસે હેત આવ્યુ છે હોઠ. રહેવાતુ નથી રોખમાં, સુવાતુ નથી સેજ જમાતું નથી જોખમાં, હઇડે તુજશું હેજ. દિપો કહે દાસ સુણ, ધરમાં નામ અધરમ પવિત્ર જાગ પૌશાલમાં કઇ નહી કુડુ કરમ. ધરૂણી છે મારા ધડે, તારે પીયું પ્રચંડ ધરમ તજી આશ્રમ કરે, દઇને તણો સીર દંડ શ્રાવક ધમને શીલવૃત, કહ્યા સાધુએ કેણ આપણ કેમ ખોળીએ, એતો વધતાં વેણ. નારી કહેરે નીચ નર, ધરમ શીલ જે પુન્ય ગુરૂજી આપણો ગુણીયલ ઘણો, મહાવીર સમોવડ મુજ તે કરે આપણ કીજીએ. ન ગણીએ પુન્ય કે પાપ પ્રત્યક્ષ દેખાડુ તુને, વેદ પુરાણે છાપ. વજપદેવ સુરગચ્છનો ગછ નાયક ગુણનીધી સાગર જાણ શીરોમણી સુરપાર જે સીધ; ભાણું ભોજાઇ પ્રાહરી, તે શું કરેછે જાર; તે દેખાડુ

તુજને વખાણુ તણો વહેવાર નર કહે નારી સુણો, તે દેખાડો મુજ તો હું જુઠો તુ ખરી, તન મન સોંપુ તુજ અઢી પોહોરે આવજો, વોહોરવા વેહેલા તરત, સુરસાગરને સાકરી, તે વેળાએ તરત વાયદો કીધો વાણીએ અઢી પોહોરે અદ કામ તજીને ;સાહપત, સોડચો તે વેળા સદ છાનો રાખ્યો છળ કરી, દીપો કહે દેખાડ, પાશે મંદીર ખાતનું, એક બીતની આડ, બેટી નામ બોજાઇનું વાટ જુવે છે વૃત વોહોરવા કારણ વરતીઆ. તે વેળા આવ્યા તરત પારેખુ જોઇ પુન્યનું અધરમ એથી શું થાય નારી શું જારી કરે પૃથ્વી પાતાળે જાય સુરજ ચંદ્ર ઉગે નહી. વર્ષા ન કરે વૃષ્ટ કદાચ પુન્ય એમ ઓચરે સીદ બાંધી સષ્ટ ધર્મ લાભ કરી રહ્યો, બેટીને મન ભાવ પાય પુંજી પૃથ્વી ધરયા બન્યો તીયાં બનાવ પ્રેમદા કહેરે પુન્ય સુણો આચરો છો અતી આપ; શ્રાવક ધરમે એહનું પુન્ય કે બહુ પાપ ભોળી તું નથી ભાળતી, ઘેલી કેમ થઇ હાલ એ વાતમાં પુન્ય ઘણું ધરમ લાભમાં માલ. તે સાધુ સંતોષીઓ, ઉત્તમ વોહોરાવ્યું અન્ન વાધવાધ વાતો કરી માનની મનાયુ મન. વઇશ્નવ ધરમમાંહે કહ્યું, કનઇએ કીધુ કામ સોળ સહસ્ત્ર સંતોષીયા, નર વર જેનુ નામ ગોસાઇ ગુરૂ જોબન, સમરપણી સીરદાર તન મન સોંપ તેહને, નારમળ પોતાની નાર. વૈષ્ણુવ વૈષ્ણુવમાં ઓચરે, રાસમંડળની રીત વસન્ત રમે છે વઇષ્ણુવમાં, પરસ્પર બહુ પ્રીત. કો એક વઇષ્ણુવ બાયલા, કોઇક વઇષ્ણુવ માંડ. કેટલાક વઇષ્ણુવ રાંડવા, કેટલા રાંડીરાંડ છળ કરે છે છેલડા, માંડમાંડે ધાલ્યા માલ, વાભીચાર વગોવતા ફરે, કામનીઓના કાળ. બીજો મારગ બીજનો કહેવાય ઘણીનો ધરમ નરનારી મળે એકઠાં, કરે છે કુડા કરમ કુડા ચેચે કોળીયા લેછે વરણ અઢાર જુલ ભાંત ગણુતા નથી, બાધે છે વાભીચાર કાંચળીઓ ધરમ કારમો, એક પુરૂષ એક નાર ઊંચ નીચ મળે એકઠાં, ભામનીનો ભરથાર કાંચળીઓ ભરે કુંભમાં આપે એક એકને હાથ એક પુરૂષ એક પ્રેમદા સુખે વીલસે તે સાથ ત્રીજો ધરમ એક તરતીમ, સત સાહેબ કહે સરવ, છેક છોણુ છે તેહમાં, ઘણો આણે છે ગરવ વીભી-ચારનો પ્રથમ વ્હાં, આવ મળે એકાંત; સાચુ સગપણ સ્વામીતણું, ભાવે ન ગણે ભાંત નંદા કોની નવ કરૂ, ન કરૂ કુડાં કરમ તરૂણી કોણે તજી નહી ધારયા સઘળા ધરમ, જે દહાડે શ્રષ્ટી પેદા થઇ, પ્રીછ્યો નહી કો પાર જુવતી કો જીત્યા નહી. ચાલ્યો આવ્યો સંસાર વેદ-વ્યાસ પીતા શુકદેવનો અધીપત આડે આંક માણી મછગંધા માછલી, બીજાનો શો વાંક, એમ સમજાવી સુંદરી, જુવતી તજીયા જાર; વોહોરી અન તે વહી ગયો, ચીત સહુના ચોર, પાસે ધળહળ ધરમાં તણુ, ત્યાં દીપો બેઠો દેખ, જાળીએથી સરવે ઝાંખીઉ, ત્યાં નહી મીન કે મેખ. વાનતા કહેરે વાણીઆ, મુકી કે મનનો મોડ ગુરૂએ કરયું તેમ કરો. પ્રીતે અમશું જોડ. (ચોપાઇ) કહે દીપો સાભળરે કેણુ, વિનતા સુણુ તું મારા વેણુ, કોડીલો ઘેર તારો કંથ, પ્રથમ એતો પાપનો પંથ, એક મેણુમાં બે તરવાર, કેમ સમાએ કેમ રે વેવાર તેને પ્રથમ તજશો તમો, તમશું પ્રીત કરશું અમો, ચારે પક્ષે ચીત ચાલવું, શ્રાવક ધરમ શીળવ્રત પાળવું જુઠુ કરવુંને સાચુ થવું એવું કરતુક કાંઇ કરવું નતુ. ત્યારે ઘરમાં બોલી ધરમ, કુડાં શા કરે છે કરમ. તારા ઘરમા બે નારીઓ સતી શીરોમણુ રૂપે સારીઓ તેને તમે તજશા કેમ, સાચુ ન કહો તો મારા સમ; દીપો કહે હું મંદીર જાઉ, લે પચ-કાણુ તે આગળ ખાઉ. આજ ભગવંત ભગત મે ભજી તરૂણી તેમાં તે વાતે તજી આ ભવ તે ભજૂ નહી ભોગ, જઇન ધરમના જાણું જોગ, અહરયાવટ ભોગવીશ ઘણો સંગ કો નહી શામા તણો નેમીનાથે રાજુલ તજી એમ ભમતી મારે મન ભજી ઢંઢણુ કુમારે મન વશ કીધ, એમ થયું મન મારૂં સીદ્ધ, સુદરશનશેઠે કીધું જેમ, આજથકી આચરીયુ તેમ. ઘરમાં

રહે મારૂ મન ધીર, સોંપીયું તુજને મેં શરીર. હું પણ ગુણવંતી છું ધણી, વશ વરતાવ્યા છે મે ધણી, જે કહેશે મને મૂજ કંથ, પાખંડ કરી ચાલવું પંથ. સુતારને વશ પુતળાં જેમ, સ્વામી વશ કીધો મેં તેમ. બેસાડયો બેસે રમાડયો રમે, સુવાડયો સુવે. જમાડયો જમે. તું તારી તજને નારીઓ. જોખમા મજશું રમો જારીઓ, હું પણ મારો સ્વામી તજુ, ભાવ કરી તુજ સાથે ભજુ, એ વાતનાં કરયાં પચકાણ, ખાધા સમ ઇશ્વરની આણ. એક ચીતે થયાં નરનાર આપ આપણે ગયાં દવાર. મંદીરમાં દીપો આવીઓ, કઉતક વાત કરો લાવીયો. (દોહરા) કામની એ પ્રત્યે કહ્યું, મેં કીધાં પચખાણ શામા સંગ કરૂ નહી, વિવિધ શુણયા વખાણ શીળવરત પાળુ સહી, તજુ ભાવતા ભોગ, આજ થકી વરત આદરૂ જઇન ધરમના જોગ કહોતો રહુ ગ્રહસ્થમાં, કહોતો વ્રતીક થાઉ; સ્ત્રી સંગ કરૂ નહી, તે વાતે સમ ખાઉ. અચરત પામી અતિ ઘણું, મનમાં કર્યો વીચાર. કોઇક રાંડે ભોળવ્યો ભુંડો એ ભરથાર. હટોકટો તે હાલતો, ખાતો પીતો ખેલ પચકાણ કરે પ્રેમદા તણાં. એકે મળે ન મેળ, નારીઓ કહેરે નાવલા, એ શા કરવાં પાખંડ, માનની કુણ તુજને મળી, લાડકવાઇમુલંઠ, કામ જીત્યો જીતાય નહી, ફાલ કહે તે ફોક પચખાણ કરે પાખડનાં, તે માને કેમ લોક દેવ દાનવ કે માનવી. રાંક રાય નરનાર; એ કોણે જીત્યો નહી, એહ અજીત છે કામ, કામ જીત્યો નહી કૃષ્ણજી કામ ન જીત્યો ઇશ, કામ ન જીત્યો મુનીવરે દેખતા કો દીશ સુર સનકાદિક સુરપતી ગ્રહ ગુણપત રીધ રાન જગમાં કો જીતી નવ શકયો કરોડ શાસ્ત્ર કહે કામ કામ ન જીત્યો વીરચીએ કામ ન જીત્યો ઈંદ્ર કામ ન જીત્યો ચંદ્ર વાલમીક વ્યાસ વશિષ્ટજી સુર સનકાદિક શેશ અકાન કહે એતો સહુ એમાં નહી મીનમેશ કામ ન જીત્યો દેવતા કામ ન જીત્યો રાય કામ ન જીત્યો વરતીયે, ફોગટ ગાણું ગાય. કામ ન જીત્યો બ્રાહ્મણ, કામ ન જીત્યો રાંક કામ ન જીત્યો વેરાગીએ એતો આડે આંક કામ ન જીત્યો કોઇથું કામ ન જીત્યો પંખ કામ ન જીત્યો માનવી અજીત એહ અશંખ અન્ન ખાએ પાણી પીએ તેણે નવ જીતાય મન ઈંદ્રી મારે નહી ગુણ ગાય મહી પીતાય વેશધારી જે વરતીયા પોશવા કારણ પેટ કુડાં કામ જીત્યાં કહે તે તો દઇવવની વેઠ ભણ્યા ગણ્યા જે બ્રાહ્મણ મોટા પંડીત મહા મુખ્ય; કુડાં કામ જીત્યા કહે, તે આડી વાઢની ધુળ વેરાગી જે વશ ધર; ભલો ભલી કે ભાખ. કામ જીત્યું કહે કુંડલા, તે તો પાઢા પ્રાણ. ડાહ્યા શાણા દેશપતી, લક્ષ કોટીધા લોક કામ જીત્યુ કહે કુટલા ફજેત થાય છે ફોક દાપા કહેરે દારાબો. નાથ તમારૂ નામ મેં મારૂ મન વસ કરયુ, કાંકર કીધો કામ માનના કહેરે મુરખા, તુ લક્ષ કોટાવા જંન, જ્યારે તુ જુઠો પડે ત્યારે તારો શો દંડ. કોક રાંડ શુ રીઝાયા, તણીએ દીધા છે સમ ચોરી પકડુ તાહરી, ત્યારે કરશો કેમ (ચોપાઇ) દીપો કહે જાણો ત કરો પાપ પોટલા માથે ધરો, આ અવતાર મારે નહી સંગ શામા સાથ રમું નહી રંગ. નેહ તજી કહ્યું નારીએ, જુઠા તુ જાઇશ જારીએ, લેશું કેડ અમો તાહરી, ઝાલીશું તુજને જાહરી ત્યારે હેત સરવે હારશું કટારીએ બેને મારશું, તારોને નારીનો પ્રાણ, લશું એક ઘડીમાં જાણ એ બે હત્યાનું જે પાપ, તારે માથે આપોઆપ ઝાલ્યા વિના જો મારૂ તુને તો તો હત્યા બેસે મુને, વારૂ કહીને લીધું વરત સમખાઇ કરી તે શરત; વાક દેખે ત્યારે મારજે હેત પ્રીત સરવે હારજે તેનુ તુને નહી બેસે પાપ અમો હત્યા ભોગવશુ આપ (દોહરા.) ધણી પ્રત્યે ધરમાં કહે, સ્વામી સાંભળો વાત આજ પોશાલે હું ગઇ, રહી હતી ત્યાં રાત સાંભળ્યો રાસ શાળીભદ્રનો સાંભળ્યાં ધનનાં ધ્યાન અભેકુંવરનો આખ્યા સાંભળયો મુકયુ મનનું માન થલ સાંભળયો શુલભદ્રનો કીધાં પુર પચખાણ; નરાને સગ કરે નહી, ઇશ્વર કેરી આણ આજથી સગપણ

આપણે ભાઈ બાપને બેન કંથ કામની સગપણ નહી નિમીશ મળે નહી નેન ભરથાર કહેરે ભામની, ભલો માંટીકા મેલ, ભુરકી નાંખી તને ભોળવી ખોટા દેખાડયો ખેલ. શિખ વી મોકલી શંખણી; ખોટુ કરી પાંખડ માંડી મળયો કો મારગે લાડકવાયો લંક, કામ ન જીત્યો દ્રૌપદી. કામ ન જીત્યો સિત કામ ન જીત્યો રેણુંકા. એહ કામ અજીત, વઇરાગણી એ વઇતરી; જોગણીઓએ જુઠ; શેવડીઓને આરજા, એતો માથાકુટ સમ ખાએ શુરી થઇ મોટી થઇ એ માંડ દુનિયામાં કો દીઠી નથી, રૂડી જાત કો રાંડ નાગી નાહે નાગી સુવે, બાવઠ બોલો ભાટ, "ક્યાંઇરાય ક્યાં રંકની" રૂડી નહી કો રાંડ, બમણો અહાર છે પુરૂષથી, ચોગણી લજ્યા નામ; લોભતા લક્ષાગમે સોળગણો સ્ત્રીને કામ પવિત્ર શ્રી એક પારવતી જેણીએ જાયો જગ્ત વેદ પુરાણ કે શાસ્ત્રમાં સાચાં એક શિવ શક્ત ક્યાં સુંદરી ક્યાં સાધવી કાં નીચ કાં ઉચ. કાં રંભા કાં શંખણી જેને મોહોડે નહી મુછ પ્રીત કરે એક પલકમાં એબ દેખાડે બદ પ્રાણ લીએ એક પલકમાં સ્નેહ ન રાખે સદ પાપ પુન્યથી નવ બીહે જુઠાં ગાણાં ગાય કુળ રૂડાની કામની નીચશું" નીસરી જાય. સ્વામીને સુતો મુકે, મુકે ઘર ઘર સુત્ર; જાય નિકળી નિશંકમાં પારણે મુકે પુત્ર ભાઈ કહે તે શું ભજે; પલક ગણે નહિ પાપ; રંગે રમે તેને કહે. એતો મારો બાપ સાઠ વરસની સુંદરી પંદર વરસ શું પ્રીત, પંદર પાંસઠનો ભોગવે રંડાની એ રીત ચીચની નારી ઉંચપે ઉંચની નીચપે જાય; ભ્રાંત ન આણે ભામની ભેગી બેસી ખાય ઘરમાં પ્રત્યે કહે ધણી; લક્ષણ કેમ માને લોક: શીયળ સાચુ નહી તાહરૂં. ફજેત થાશોજી ફાક હસતી રમતી બોલતી દેખાશ કો સાથે ઇશ; તારૂં ને તે પુરૂષનું સો વસા છેદુ શીશ. હત્યા ન ગણું તેહની અધરમ" કરે જે આપ તે તારે મોઢે કહું તારે માથે પાપ વારૂ કહી વીનતા રહી પરઠી એવી પેર ખાએ પીએ ખુબી કરે; આપ આપણે ઘેર પોશાલ પોસો કરી રહે એકઠાં રાત કપટ કોઇ જાણે નહી, કરે ત્રિજ્જરી વાત દીવો ત્યાં હોયે નહી. ઘણું અંધારૂ ઘોર બીજા તો સાધુ બાપડા ચિતમાં એ બે ચોર કંથ કહેરે કામની જાણશે જન કો દીશ તારૂંને મારૂં બે તણું શામા છેદશે શીશ. રામા કહે રાખો ધીરજ જખ મારે સંસાર પુંઠ જુએ" છે માહરી ભાગ્યહીણો ભરથાર. તારા ઘરની બે નારીયો મારા ઘરનો કથ ભમાવું વિદ્યાએ ભલી પ્રપંચ કરીને પન્થ છાની ન રહે એવી વાત અધરમ કરે જે આપ છળ તો છાનું રહે નહી પ્રગટ થાયે પાપ.

(સોરઠો) વિચારી એમણે વાત, અધરમ કરીએ અતી ઘણો; ઘણો અધિકો થાય ઉત્પાત. જે દિને કોઇ જાણશે, પાણી પેહેલી પાળ; બંધાવીએ જો બુધે કરી. લક્ષ્મીવર રાખે લાજ. કઉતક કીધુ કારમું, સગણે કરી સરેણુ, ઉગરવા આત્મા, વ્યભિચાર કરે વરણ. જાણે સરવ જગદીશ્વરો, બ્રહ્મા ન જાણે ભેદ, કરૂ કામ એ કારમુ; વ્યભિચાર કરે નિત વેદ જાણે કો નહી જાણતું, કામની આડે કંથ; પ્રપંચ નીચ પુંઠે જુએ, પાપ તણો એ પંથ. હેતે આવ્યાં હાથમાં. (ચોપાઇ.) કોક દિવસ પોશાળે મળે. કારણ કો તેનું નવ કળે; નરની નારો ફેરા કરે, કામનીનો કંથ પુંઠે ફરે, હેરા કરે નાવે હાથમાં, સંતાપ થાય સહુકો સાથમાં, રણ માંહે છાપ કીજીએ, કાષ્ટ ઘણો લીપી લાજીયે. તેમાં કારમી શાણગજ કરી, આગળ પાછળ કડબો ધરી; તે નવ જાણે બીજુ કોય. એકઠાં ત્યાં બે મળે સોય. પાસે દેહરૂ કાળીકા તણું, ત્યાં માણસ મળે છે ઘણું; ઓછવ મંગળ નિત્યે થાય, જગત જાતરા કરવા જાય. એક દિવસ મળ્યાં તે પાપ, થયાં એકઠાં આપો આપ; કેડ લે છે કંથને કામની, જોમ અંધારી છે જામની, ઘણા દુખ કરી ઘાંચમાં, આવ્યાં બે અટકી આંચમાં; નીપજ્યું ત્યાં દારૂણ દુખ, ઉતરી ગયાં બંનેનાં મુખ. (દોહરો) અઉદ દીવસ ચાતુર નર, દીપો કહ્યો

દેશ; નિકળ્યો તે નિશા સમે, પ્રેમદા થાય પ્રવેશ. મળ્યાં એકઠાં છાપરે પરબ મંડાણે ત્યાં પ્રીત; વાત ગોષ્ટ કરે ઘણી, રીજથી રૂડી રીત. એટલે દીપાની નારીઓ, કરમાં ધરયો કટાર; છળ કરી આવ્યાં છાપરે. દીઠાં નરને નાર ધરમાજી ફેરો ઘણી, આળસ મોડી ઉઠ; પગલે પગલે પરવરયો. પ્રેમદા ફેરી પુંઠ. કર કટારી નેહને, નેક ન રાખ્યો નેહ; રંગ ભોગ રાજી રમણ, ખાન પાન ખરો ખેલ. તે સરવે દીઠુ ત્રણે. મળયો સકળ ત્યાં મેળ. (છપ્પો) છળ ભેદી છાપરા માંહિ, એક નરને એક નારી, ત્રણે જણ બાહારે ત્યાંહ જુગતથી જોઇ જારી, પ્રલે થયો પ્રીજર માંહ, અગનની થઇ વજી, પ્રથમ પરઠયું છે પાપ, કુંડ કાળમાં કરી જાગ્ય જીવ ઉગારવા તણી, જગત માંહે સોધી નવ જડે, મુખ આગળથી સોહલું ભોગવતાં નર તું નડે. (દોહરા) ત્રણને કર કટારિયો. રીશ રૂદેમાં રોશ, પાપ તો પ્રથમ પરઠીયું, તેહ ગણે કેમ દોશ નારી ધરમાએ નિરખીયો. ભાવે દીઠો ભરથાર; નારીયો બે દીઠી નર તણી. કર માંહે કટાર કયાં જાયને શું કરે, કાયા મારે કષ્ટ, બારવાળાં નથી જાણતાં, કે અમને દીઠા દ્રષ્ટ શક કહે છે સુંદરી. પ્રભાવતીજી પ્રીત. દીપાને ધરમા તણી; રૂડી શી થાયે રીત જારી કરતાં સેહેલ છે, દોહલી વિજારી વાત, સંકટ સુળ આવી પડયું, આવી માજમ રાત, જવાબ શો દેશે જુવતી, દિપો શું કહેશે દાખ; પ્રતક્ષ દીઠુ પારખુ ભજાવશે કેઈ લાખ જીવ એનો કેમ ઉગરે, પ્રતી પ્રણમે કેમ પાગ; જશ જીતે કેમ જગંત તો, જડે તો કહો એ જાગ. નિરમળ કરે કેમ નગરમાં, સતવાદી કહે સરવ: રાજા પ્રજા રઇયત સહુ, ઘણો મુકયો કેમ ગરવ, પ્રભાવતી કહે પોપટા. એ તો અન્યા અદ, એમાં વિજારી શી કરે, સાચુ દીઠુ સદ. કાને સુણ્યું માને નહી, આંખે દીઠુ સાર. લાખ કરોડ વિશે વસા, નિશ્ચે વાત નિરધાર, કટારીએ મારે કામની કટારીયે મારે કંથ, એ તો કેમ ન ઉગરે, પાપ તણો જે પંથ, કાન નાકને ચોટલો, સદ મૂડાવે શીશ: પાપ પ્રગટયાં પરભવ તણાં, કોપ્યા એને ઇશ. ઇહાં ડાપણ ચાલે નહી, ન ચાલે વિજારી વેદ; ગમે એટલું ગોણું ત્રણે, ભરાંત ન ભાગે ભેદ, આભરણ ઉતારો અંગથી. રહો આજુની રાત: કામ કરયું જે કામની. તે શીખવું સદ વાત, એમાં વિજારી શી કરે, એમાં શી આપે લાચ: શીખવો નો જાઉ નહી, પુરણ દહાડા પાંચ. (છપ્પો) ધરમાં બોલી ધરમ, દિપા હવે શું દાખો: કરયાં આપણે જે કરમ, તેહ રૂદેમાં રાખો. દઇશું શો જવાબ, બાંધી બાહારજ કાઢાડે; નાક ચોટલોને શીશ, વેરી વર્યા તે વાઢે; સરવને જખ મરાવીએ, લાખેણો જશ લીજીયે: સ્ત્રીચરિત્ર રમાડીએ. વિજાર વિદ્યા તે કિજીએ.

(ચોપાઈ) હાથ જોડી આણીને હેત, દિપાને કહે ચીનમા ચેત; નિશ્ચે કરયો મનમા નારીએ, બાહારથી જુવે છે બારીએ, લાડકવાયા છે લોક, લંશ લાયક દેશે દોશ. પાણી પહેલી પાળ બાંધીએ, તુટયો તાર પેહેલાં સાંધીએ. કરયાં એકઠાં મોટી કાઠ. ઠરાવા માંડયો બીજો ડાઠ, પુળા ખડકયા છાપરીએ છતાં; ચતુરાએ રચિ ત્યાં ચીતા. ભગતામરના પાઠજ ભણ્યા, નોકાર નોકારવાળી ગણુયાં, ધારણ રાખી મનમાં ધીર, મન માંહે સમરયા મહાવીર; સાંભળ દીપા મારી વાત, સાચુ બોલુ છું માજમ રાત, દેહેરે આપણ ગયાં બે સાથ, પ્રતક્ષ બોલ્યા શ્રી પારસનાથ. ગ્રહસ્તાધરમ બે માંડો તમો, એ વાતે પ્રસન છું અમો ત્યારે આપણે તો કહીએ નાંય, આચરીએ નહી એ અન્યાય આ ભવ તો કીધાં પચકાણ, સંગ ન કરવો સંત સુજાણ, ત્યારે કહ્યું બળીને મરો, ધરમાને દીપો સંગમ કરો પ્રભુ વચન નવ લોપુ આપ. લોપતાં કેમ છુટે પાપ. તે માટે તો કીધો સંગ અભડાય આપણાંનાં અંગ અગ્ની માંહે બાળીશું આપ, નિરપાપ દેહ આપણું થાય, માંહીથી બોલ્યા મુકી ગરવ, બહારવાળે સાંભળીયું

સરવ; કહે છે પણ કરશે નહીં એહ, જીવતી કેમ બાળે એ દેહ. પુન્ય પાપનું જોઉ પારખું, સાચું જુઠું કઉતક સારખું; પુળા પરજાળી કીધી ઝાળ, કાયા કેરો કીધો કાળ હાંહાં બાહારથી કરયું, કોથી અરથ એકે ન સરયું, અરે દઇવ એ માઠું થયું. હાય હાય કરોખથી કહ્યું, પ્રભુનાં વચન એણે પાળીયાં બહુ પુન્યથી દેહ બાળીયાં. દીઠું તે તો પામી કષ્ટ, પચાસ માણુસે દીઠું દ્રષ્ટ ત્રાહ કહે સહુકો લોક સાચુ સગપણ પામ્યાં શોક થયું બધા નગરમાં જાણ. પ્રભુ વચને પરહરીયા પ્રાણ, સળગમાંથી અગીયારા ગણી. ભારે વિદ્યાવિજારની ભણી, પોખળમાં જઈ રાખે રહયા, સમાચાર કોને નવ થયાં. પારસનાથનું દેરૂ પેર ગુણવંતા બે ગયાં ઘેર, પોશાળમાં પેશા કારણે દસ વીશ ત્રીસ બેઠાં બારણે એ બે તેમાં વધતાં હોય, કારણુ કળી શકે નહી કોય, મુઆ તે તો જગતે જાણીયા, પુન્યવંત તે તો પ્રાણીયા સવારે સહુકો દીઠુ દરસન પ્રોયજન સહુકો થયાં પ્રસન. ધન માત તાત એનો અવતાર વશ કીધો જેણે કીરતાર; ન દીઠુ ન સાંભળ્યું કાન નથી લખાણ પુરાણે પુન્ય, મુવાં જીવ્યાં દીઠુ દરશન. પારસનાથ પુરા ત પ્રસન (દોહરા) બળ્યાં ચીતમાં બે જણાં દેખે લક્ષધા લોક સજીવન થયાં સવારમાં સગ્ગેસહુનો શોક અગન આંચ અડકી કરી, દિઠુ પ્રગટ તેહ. દિઠાં જીવતાં દેહેરે નરનારી પ્રગટયો નેહ. (છપા) ઘેર ઘેર ને બારે બાગ, દેશમાં વાગી ઢુડી, પારસનાથ પ્રતક્ષ હજુરની આગ્ના હુડી, કોને ન રહી ભરાાં સ ભ ો તે સરવ. નરનારીને ભરથાર. બન્યો મુકયો મન ગરવ. પાયે લાગ્યો તે પુરૂપતી, મન સદેહ સહુનો ગયો, વખાણ થયાં બધાં વિશ્વમાં, ઇશ્વર તેને સફળ ફળ્યો. (દોહરા) શ્રાવક મળીયા સાતશેં પુછે વિગતની વાત; સજીવન તમે કેમ થયાં રાખ થયાં ત્યાં રાત કામની કહે મેં કંથ તજ્યો. નારે તજી બે નાર તે પ્રભુને ગમ્યું નહી વાંધ વીધ વારંવાર અમે રહયું આ ભવે નહી ભાંગે મન ભોગ કામ વાસના નહી કરૂ જરૂર પણે એ જોગ. અમને અગ્ની ભખો નહીતર પડયો નરક ધરમ કરમ કુશલી તમો સંગમ કિયે સરગ પ્રથમ સંગમ અમે કરયો. વળતી બાળી દેહ, ઇશ્વર વચન લોપુ નહી, નારાયણ પર નેહ. સમણાની પેરે થયું, અગ્ની અડી નહી આંચ; જાગ્યો તો દીઠુ દહેરૂં એતો બોલ્યા સાચ. કોઇક વધાવે ચોખલે, કોઇક પુષ્પના હાર. નગર બધુ નમણાં કરે અપરમપાર અપાર. કંથે વધાવી કામની કામનીએ વધાવ્યો કંથ; સતી સતી સહુકો કરે પવિત્ર તમારો પંથ બીજે ભવ થયો બારણે અગ્ની ભાખ્યાં જે આપ; અહરથે મરસુત્ર માંડીયાં પચખાણ તણા નહી પાપ નરનારી નીરમળ થયાં માનતા આલી મુલ; લોક વધાવે લક્ષ ગમે. કુમ કુમ ચદનને પુલ નરે બે નારો ભોગવી નારીએ ભોગવ્યો નાવ પ્રીત સામુત એની રહી લીધો લાખેણો લ્હાર જીવ્યા તારે જોખો કરી ખાન પાન ધન ધાન; ખમા ખમા સહુકો કરે મન મમતા પામ્યાં માન પોપટ કહે પ્રભાવતી એમ વીજારી થાવ; તો તો સુખે પરવરો નહીં તો જીવજ જાય. શાબાશ શુક સલક્ષણા વારૂ શીખની વાત. એતો મારા કામની રીઝી રહી તે રાત પેહેલી વિદ્યા શીખવી દક્ષથી ચારને વાક્ષ; બાને તોલે એકે નહી જાણનારા જુગડીશ સિંહજપત શીરોમણી માનર પ્રગશુ માંહ; વિશ્વનાથ વિરેશ્વરો, તેહ વિરાજે તાંહ શ્રોતા વક્તા સમજતા કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો. જય જય શ્રી રણછોડ. ૨૩૯.

વારતા ૨૬ મી.

ચોપાઇ—શ્રી મુખે સેવુ સારદા નેહ થકી નાહુ નરબદા; દુંદાળો દાતા દ્રવ્ય દેવ, સદ આકાર કરૂ હુ સેવ, દંત ઠરે જવનંધ પર હાથ વંદુ શ્રીકાશી વિશ્વનાથ કૃષ્ન કૃપાળુ કરૂણા

નીધ કોટ રાજીવ લોચન શ્રી રણછોડ. છપ્પા. શ્રી બટુકનાથ મહારાજ, કોટી કલ્યાણ કરનારો શ્રી બટુકનાથ મહારાજ પરમ ધીરજ ધરનારો શ્રીબટુકનાથ મહારાજ નેહ થકી શિર નામશે શામળ કહે રાતવશા અષ્ટમાસિદ્ધ નવનિધ પામશે; કળીયુગમાં કલ્પ વૃક્ષ, અંબા આરાસુર ધણી; વશ વરતે ત્રિલોક જેણે જગદંબા જાણી પુજી પામ્યા પાય; જગત વશ તેણે જીત્યો દેશી કહાવે દાતાર રાજ રાજેસ્વરી રીતો; જેણે જગદંબા ઓળખી વળતી ઉત્તર તેને કશી. શામળ તે તર્યો સંસારમાં, જગદંબા અંબ જેને મન વશી. ચોપાઇ—છત્રીશમે દીવસે છેલડી, ગરથ અતી તણી તે ઘેલડી; જ્યાં ગરથ ત્યાં સઘળો અરથ ગરથ વિના તે રૂપ કરૂપ ગરથ થકી શોભીત. સ્વરૂપ; ગરથ ત્યાં ચતુરાઇ ચીત. ગરથ ત્યાં રૂડેરી રીત ગરથ વીના કપણ તે. ફોક ગરથ તણે વશ વરતે લોક, ગરથે સરવે કારજ સરે, ગરથે સ્વરગ લોક સંચરે. છપ્પા—બે હાથીનું જોર; આઠુ બે માંહે બીરાજે; વાઘ સિંહની પેર ગરથ ગડિ તે ગાજે ટાઢતડકો કે ભુખ. જર પાસે નવ જાયે; વ્યંતર ભુત કે પ્રેત, ચેતન તેને નવ ચાહે: મદીરા શેર શવા તણો, કેફ કાયામાં વસે; શામળ દુખવાળો દુખ કહે તો જરવાળો હોઠે હસે ચોપાઇ—જાજા જરની જેને જોખ, રિધ સઘળી તેને રોખ; પ્રભાવતી કહે મન કાજ જરૂર જારીએ જાઉં આજ. કસ્તુરી લેપ કીધા શરીર. નારી કુંજરનાં પેહેરયાં ચીર, લાગ્યો પેરરયો લાહેજ તણો કસબ કસુંબો કમસુ ઘણો. શોભીત શામાએ સજ્યા સોળ મુખ ચાવ્યાં તાતાં તંબોળ; ઘમઘમ ઘુઘરી ઘમકે ઘણી. શી કહું શોભા સુંદીર તણી, ગરવ જોબનનો મનમાં ધરયો હાવ ભાવ કટાક્ષજ કરયો; મધ્યે અરિસે જોયું મુખ શરીર સોહંતે પામી સુખ માનની ભોગ સકલમાં ભલે, આવી પોપટ પાંજર તળે, અંગ મોડતી કરતી ચેન. નમી ગયાં છે નીચાં નેણ; પોપટ સમજ્યો સઘળી પેર. ગોરી ચાલ્યાં ગુણવંતા ઘેર, શામાને સુકે જોડયા હાથ સ્નેહ કરી તે બોલ્યો સાથ. ધન્ય ધન્ય ધનવતી ધામ; નારી તારૂં નીરમળ નામ; દાડા કેડે દાડો વામશો આવો અવસર ક્યારે પામશો; સઘળી સમૃદ્ધી ઘરમાં ઘણી, ઘર નથી ધરમવંતો ધણી, નારી નેહ સમુદ્રે નાહો. જારી જોબન કરવા જાઓ; પ્રેમદા તમે પધારો ક્યાં હરખ દીસે છે તુજ મન માંહ, મારા સમ સાચુ બોલજો મન તણો પડદો ખોલજો; કામની કહે સાંભળરે કીર તું મેં બોલ્યો મારો વીર; માચી વાત ઇશ્વરને ગમે; જુડી તે ભુતળમાં ભમે; નરમ વચન કહ્યાં નારીએ જરૂરમણે જાતુ જારીએ; તાડી વાયદે જુડી પડુ આજતો લક્ષ વધાએ અડુ; નથી આજ રાખવો કાયદો પુરો પાડવો છે વાયદો, ભલે ભલે જાઓ ભામની. જોખ કરે આખી રાત જામની; રમી જમી વાણે આવજો લાખેણી વાતો લાવજો કદાચ કાંઇ સંકટ અડે. વેદ વીજારી કરવી પડે. ડાહાપણ વાત ત્યાં તો દાખવી, ઇજત પોતાની રાખવી; દામોદર દરજીની વહુ. તેનુ પરાક્રમ જાણે સહુ. લક્ષણવંતી લાડકવાઇ દક્ષ રૂડે ડાહાપણમાં ડહી; નાથી નકિતમ તેનું નામ, કરયું કારમું નકિતમ કામ, ભોળપમાં સાસુ ભોળવ્યો કથ, પોતે પરાક્રમ ચલાવ્યો પંથ તેની પેરે કરજો તમો, સારી શીક્ષા દઉછું અમો. બીજી વિદ્યા તેતો ફોક. એથી વશ થયો સહુ લોક મહા વિદ્યા મનમાં માણજો કહુ વિદ્યા તે તો જાણજો, દોહરા—પ્રીત થકી પ્રભાવતી બોલી મહાલા બોલ, એતો વાત તમે કહી. તેનું ભારે તોલ, કોણ દરજી દામોદર, કોણ તે નાથી નાર, તે ચતુરમાં ચતુરાઇ શી કહો વારંવાર, એ વિસ્તારી કહો કથા, ચીત મહારામાં ચાહુ; એ વિદ્યા, શીખુ સરવ, જારે જારીએ જાઉં. પગ ખેંચી રહી પ્રેમદા, એ વિદ્યા શિખવજ આજ: પચીસ પુરણ પારખે કરવાં રૂડાં કાજ; પોપટ કહે પ્રભાવતી. ગરજ સાંભળવા હોય. બીને વર્જ છે દપરે. શાંતિદે પગ ધોય. મન

રાખો મારી કને, વીસારો બીજી વાત; એક ચીત કરી સાંભળો. માનવી ચરિત્રની જાત. શુકે કહ્યું તે તેમ કરયું. કચરી નાંખ્યા કામ. બીને સજે ભાવની. બેઠી તેણે ઠામ. (ચોપાઇ.) ચતુર શુક કહેછે ચાતુરી. એ છે સાંભળવા આતુરી. વિદ્યા સહુથી એ છે વડી જેમ કુંદનમાં હીરે જડી. દીઠાનું અણદીઠું કરે. ઠાલુ હોય તો અભરે ભરે. સુકી નદીએ ચલાવે વહાણ. વેરી હોય તેને કરે પાણ વીવેક વીધ। ચલાવે તરત. મેટી નાંખે માયાથી મત, કલંક કાઢી નાંખે કોડ. હારી જીતે હેતે હોડ (છપ્પો) ભગવતને વહાલો ભગત—જગતને વહાલા ચાતો ભંગીને વહાલા ભંગી, જે જેને ચીત ચાતો, સાચાને વહાલું સત. જુઠાને વહાલું જુઠું; કામનીને વહાલો કામ, રૂડાને વહાલું રૂડું, જેને જેવું તેને તેવું મળે. ગુણે ગુણ જેના મળે. કવી શામળભટ સાચુ કહે. તેને તે સફળે ફળે. રૂડામાં રૂડો રામ. નામ અમૃતપે ઓપે, વરકન્યા ચોરી માંહ બેસતાં ત્યાં કાપે. ગણપત નામ ગુણવંત વડે કામે સહુ રીઝે, મસ્તક સમે સહુ મેળ. ખ્યાલ કરે સહુ બીજે જ્યાં જેવો સમે હશે. તેવો તેને ગુણવટે. સામળ કહે ભાવ જુંડા પરે, તે રૂડી વાત થાને રટે. (ચોપાઇ.) એક શુકે વીચારયું આપ. પ્રેમદાને વહાલુ છે પાપ; એને ઉપદેશ રૂડો કરૂ તે તો વણ ખુટે હું મરૂ એને ગમતુ બોલુ ઘણું, હમણાં અવસર છે અમ તણું. શાબાશ શાબાશ સાંભળજો સતી. કાલ આવશે તાહરો પતી ત્યારે મન માન્યું નહી થાય, જોબન તારૂ એળે જાય. સદા લગન નથી રેહતો શેશ, કામની ધોળા; થાશે કેશ પ્રીતે દેહ પાળી પોશાયો, દેશ બધો કહેશે ડોશીઓ. જરા આવે ને જોબન જાય ત્યારે જાર વીદ્યા નહી થાય. માટે બોલ માંનો માદરો. તરતીમ અવસર છે તાહરો. મહા સમુદ્રમાં તરૂણી તારે કો શીર એવાતે નવ કરે. (છપ્પા.) રમઝમ કરતી રંભ રહેતી પાળીને પોશી થયા શાલ ગુણ માત્ર દેશ બધો કહે ડોસી હતું જોબનનું જોર, જાર ગુણ જેની ગાતા; પડી ગયા છે દત મોઢમે પદ સહુ કહે માતા; વાંકા અંબોડા મુંકતા શોભાવતા શામદ સહુ તે કેશ ધોળે કર લાકડી શામળ વકતા દીઠા બહુ જોબન માંહે જાર રીઝ રામાણુ રમીયાં; જોબનમાં જસવંત ભારૂ ભોગી થઇ ભમીયા; જોબનમા જર કાજ જુઠાં કરતાં નવ જોયું જોબનમાં જશ લીધ ધરમ કરી પાપજ ધોયુ કો જોબનમાં જીતીયા કો હોડ હરામી હારીયા; જોબનમાં રહયાં જીવતાં. શામળ કો માયાએ મારીયા (ચોપાઈ) પશ્ચિમ દેશમાં પીપરાયું ગામ નેનસુખ નરપતીનું નામ કોઈ કરે નહી કુડુ કરમ ધનવંતા સહુ હારે ધરમ નહીં લાલચ ન કરે કો બંડ, દેશપતી તણો. નહીં દંડ વ્યવણ અઢાર વસેછે વાસ તેજ પુંજ પુરણ પ્રકાશ દરજી એક દામોદર દેવ, નગર બધા શું તેને નેહ પરાક્રમવંતને પ્રતાપી પતી શીરોમણ તેની ઘરમાં સતી જીત્યો કામ રતીની જોડ લક્ષણ માત્ર મેમાં નહી ખોડ. માના તેની માનું નામ, વશ વરતે છે બંધુ ગામ શ્રીમંત સારો સોહામણો, કારીગર માંહે કોડામણો: પરણી અવ્યો પ્રેમદા પતી, સુંદર શીરોમણ રૂપે રતી નાથી નામ નક્ષત્ર સારખી, પયે ડાહી તેને પારખી, કારીગરમાં પુરણ પેશ, ડાહપણ દખાવે બાંધે દેશ શીવણ દેખી સહુ ગુણ ગાય, સજદાર સુધી તે જાય; સ્નેહ કરે સહુની સાથ હછકુ રાખે પોતાનું હાથ તેને ઘેર સહું આવી ચઢે, જ્યાં ત્યાં ઉતરી તે નવ પડે; સઘળી વાતમાં સમજણ ઘણી. જારવિદ્યા ભાવેથી ભણી જાર વિદ્યા નર નારી કરે, પ્રથમ પારકાના મન હરે; સંકટ આવે સાચી થાય, પાકી નારી તે કહેવાય (છપ્પો) પાકી જેકો નાર, તે નવ જાય વાહી પાકી જેકો નાર કંથને રાખે રાજી પાકી જેકો નાર સાસુને વહાલી ઝાઝી; પાકી નાર પ્રપંચમાં શોભા પામે સહુ સાથમાં શામળ કહે શાબા સલક્ષણી હેતે નાવે હાથમાં. (ચોપાઇ.) ગુણવંત સાસુ વહાલી ઘણી વશ વરતે પોતાનો ધણી ગરાશીયા થોડાં તે ગામ, કરે પોતાના કુળનુ કામ શીવ શકિત બ્રાહ્મણનો ભકત જશવંત નામ જાણે કે જગત તેને લાડકવાયો પુત્ર શોભાવ્યું બાહુ ઘર સુત્ર વાંકડમળ વેરાગ્યુ

અડયો પ્રેમદા કેરી દ્રષ્ટે પડયો ચઊદ વિદ્યા ગુણુ જાણુ સુજાણુ પરાક્રમ પંચ કરે પ્રણામ મોહ પામી હલમાં દેખતાં પરવશ થઈ પુરૂશ પેખતાં, કારમુ કઊતક તે ઠામે કીધ, તન મન ધન ચીત ચોરી લીધ (છપૈ.) નારી નીચ સ્વભાવ, લોભથકી લલચાએ, નારી નીચ સ્વભાવ નીચને સગે જાયે; નારી નીચ સ્વભાવ પરીયા સામુ નવ જુવે; નારી નીચ સ્વભાવ, પણ પોતાનુ ખુએ, નારી નીચ સ્વભાવ, પાપ કરતાં પાછુ નવ જુએ; નીચ બુદ્ધિ નીત નારીયો, શામળ કહે મુરખ માનની, પુરણુ અકલ છે પાનીયે, હરીશ્ચંદ્ર સરખો હરીજન, સત્યવાદીમાં શુરો; વશીષ્ઠ શુકદેવને વ્યાસ પંડીત માંહી ગુણે પુરો, કરણ સરખો કલ્પવૃક્ષ દાતા ગુણુ ડાહ્યો દાની; યુધીષ્ટીર જનક વીદેહ, મહાધ થહાપતી મહામાની સ્વામી કાર્તીક શ્રી રામજી ભરત શત્રુ લક્ષ્મણ લખા; એ કામની કુખે અવતર્યા, કરતારસ મહા કવીએ કહ્યા. કામ કરતે ધર દાસ, ક્ષમામાં ધરતી જેવી પ્રપંચ પ્રત્યે પ્રીત જનુની જેની ગુણુ કામે ગુણુકાય, અનાથ સમે ઇષ્ટ આપે; લક્ષ્મી લીલાલહેર, કંથ સાથે નવ કોપે સ્નેહ સાસરીયાં સાથ, કરમ ધરમ ધ્યાન ધરે; શામળ કહે તે શામા સતી, બીજી અંતર પેખલ પરે. (ચોપાઇ) તે નારીને પ્રગટયો નેહ. પરવશ થયો ડાહ્યાનો દેહ; એ નાર સાથે રંગે રમુ, ત્યાર સુધી ભુતળમાં ભમુ તોતો થાય સફળ અવતાર માનતાએ કરયો વીચાર; રામાની દેખાડી રીત, પુરૂશ સાથે માંડી પ્રીત, મીટ મેલને મળવા જાય, દાહાડામાં દસ ફેરા ખાય; નાવે નીંદ્રા નવ ભાવે અન, પરવશ થયું માનનીનું મન. અગ્ની ઉપર મેલે ઘ્રત, તે ઉકળે તે વેળા તરત; પડે પાણીમાં કાગળ સાર, તેને પલળતાં શાની વાર. શામ દામ કરયા બહુ ભેદ વશ કીધો તે નરને વેદ ગારૂડી વસ કરે માંકડો, શામાથી રાજી રાંકડો. મન મથ મલો ભાર ભાગ, તન મન મેલ્યાનો નહીં લાગ, બધા દેશમાં ચાલી વાત નરનારી ચોરાશી જાત. સાસુએ હેરા માંડીયા, સ્નેહવટ છળથી છાંડીયા; દામોદરનો નાનો ભાઇ તે, દીયરને એ ભોજાઇ. દીયર ભોજાઇને અદકો નેહ, પ્રીત જેવી દાદુરને મેહ; લાડકવાયો, વરસ આઠનો, રૂપવતીથી રરી રાઠનો. તે પણ ગામમાં રમવા ગયો. સરખા સમાંમાં મોટો થયો; સરખા સરખા દડુલો લીધ; હારજીત કોડથી કાએ. શેતરંજ ગંજીફા સોગટાં, અનીક રમત કર અકઠા નાનો બાળક છ પણ છેક, રમા જાણુ નરપતના નેક. (દોહરા) ડાબી જશવંતનો દીકરો, દલો નામ દાખંત; વડો વારમ સહુનો વડો બહુપણ વાત બાખત પાસા ખાસા દાંતના, રમતાં સોગઠાં સાર; મીનાકારી કામના, અપરમપાર અપાર. બીજી એક પાસે દડી, હીરે શાવા હામ, કસબ તણા માંહી કાગરા, જાળી ઠામે ઠામ જોવા સરખી જાતરા, રમવા સરખી રમ્ય; લાગે દળ દેખતાં, અધીક મુલ્ય અગન્ય દામોદરનો બંધવો, દયાળ નામ છે તેહ, દીઠી પાસાને દડી, નઉતમ પ્રગટયો નેહ. રમા મદીરમાં આવીયો મા આગળ કહી વાત; દલા પાસે એક દડી. સોહાતી સાક્ષાત. અપાવો માડી એ દડી, તો તો રોટલો ખાઉં; નહીંતર પ્રાણુ મારા તજુ, પ્રદેશ ઉડી જાઉ. રહ લઇ બેઠો બાળકો, મારયો માએ માર; પારકુ જડે કેમ આપણે, ઘેલુ બોલ ગુમાર. લાડકવાયો બહુ વસા, સરવ તણા એ પ્રાણ, દહાડે તે ભુખ્યો રહયો, હઠ લઈ બેઠો હાણુ, (સોરઠો) અતીશે એનું અનુપ, કહે વચન તે કારમાં, કાલ પડુ જઈ કુપ; પાસા જો પામુ નહીં, દડી વીના આ દેહ, જોતામાં જીવ નહીં, તન મન ધનથી તેહ. વચન પાળુ વીશે વશા, ખરી બ્રહ્મહત્યા ખાઉં; કાડે પડવાલો કરૂ. જરૂર વિદેશ જાઉ, ઝંપાવુ મહા દેહમાં, (ચોપાઈ) એ વાત જહાંથી રહી, વળતી ઓની શી ગત થઈ દલા સાથે બંધાવી પ્રીત રામા ચરીત્ર તણી જે રીત. એક દીવસ એ ગઇ વાડીએ, જોતી જોતી દ્રષ્ટી આડીએ; દલો રમતો દીઠો ત્યાંહ, પ્રગટયો કામ અધીકો મન માંહ. કામાતુર ધારે નહીં

કંથ, કામાતુર તે આંખે અંધ હશે દીઠા તે દેખ શુન્ય, ન ગણે પાપને ન ગણે પૂન્ય, બાર માઉ સુધી ઉજડ ગણે, રૂડી ભુંડી કાણી નવ સુઝે. પછી દલાની પાસે ગઈ, આકુળ વ્યાકુળ અતી થઇ, ન રહી સુધને ન રહી સાન, માનનીએ તજ્યું ત્યાં માન; હીંડ વાડીમાં કોઠી તળે, આવો દાવ પછી ક્યાં મળે. દલો કહે દેખે કો લોક, એહ વાત કરો તે ફોક; હા હસારથ અદકુ થશે, તારીને મારી ઇજત જશે. રામાને ચડી છે રીસ, મેંણા તો દીધાં દસત્રીસ; ભુપતિ નહી ભાસે ભાડુઓ, રજપુત નહી જાતે રાંડવો. હશી તમાચો મારયો મુખે, હીંડ સારૂ માનવા સુખે, અરૂપરૂ હલો તે જોય, મનુશ નામ ન દીઠુ કોય. ધાયો તે જૂવંતીને સાથ પાછળ બાંહ ભરાવી બાથ; પોતે વળગ્યો જઈને ખંધ તુટયો કચુકી કેરો બંધ. તેણે મન વસ્યુ જેટલું તેણે તેરે કીધુ તેટલુ; શાણુ ડાહાપણુ થયું શુન્ય; એકે વાત નવ રાખી ન્યુન, ઘરને ખુણે પોઢયા જેમ. તેહ પ્રકારે કીધુ તેમ, કોઠીની હુતી ત્યાં આઠ આગળ પાછળ વેલાની વાડ; બુધવંત પણ બે જણા બાળ, અતીશે ડાપણુ આળપંપાળ; ઢોળી પાડી તેને ધરણ, કરી કળા કામનીનાં ચરણ. સીથળ કરયું છે બધુ અંગ, વસ્ત્ર વીસરજન રાજીત રંગ; કરમાયું કમળનુ ફુલ, અંગ ઉમંગે ભરી છે ધુળ. સર્વ સંસ્કાર વીત્યા તેહને, નરનારી વાળ્યો નેહને. ત્રસ થઇ ઉઠયાં જેટલે, કૌતક એક થયું તેટલે (દોહરા)સાસુ તે નારીતણી સસરો છે તે સાથ; પૂત્રને ખોળવા કારણે, ખાવુ લઇને હાથ. રીસાઇ ગયો છે રાજવી ભુખ્યો તરસ્યો આપ; તેને મનાવા કારણે, રઝળેછે માબાપ. કઉતક દીઠુ કારમુ, નરનારીને નેહ, છાનાં રહ્યાં છે જ્પાઇને, દુખ ધારણ ધરીને દેહ. દીઠો તમાચો મારતાં દીઠી ઉભી નાર દીઠો પુરૂષ પુઠે થતાં. શું કહુ વારમવાર દીઠી બાથ ભરાવતી, દિઠા તોડયા ખંધ,, દીઠી ધરણે ઢાળતાં, દીઠા વાળ્યા બંધ. દીઠાં કોઠી હેઠે જતાં; દીઠાં શીથીલ વસ્ત્ર; દીઠી સકળ રજ અંગમાં, દીઠુ ડાપણુ દગ્ધ બડતાળીસથી અતી ઘણાં, વીભીચાર વસાએ વીશ; બળીયાને કેમ કહી શકે, રૂદમે રાખી રીસ વીચાર કરયો નર નારીએ જો જો વહુઅરનાં કામ; પરપુરૂષનો સંગ કરયો, એનું તે શું નામ. દીઠું નહિ સાંભળ્યું, નહિ તેહ દીઠું આજ, વીભીચાર કર્યો વહુજીએ, લેશ ગણી નહિ લાજ. આપણે ઘર કેમ છાજશે, માનની કેમ માનશે માન; વાઢવો એનો ચોટલો, વાઢવું નાકને કાન, પરહરી મેલો પીયરમાં કહો એનાં માબાપ; ઘડિ ઘરમાં ન રાખવી, વેદ પુરાણે બ્યપ. તેહ ગામનો ઠાકરો, આકરો તે અધિકાર; વેર ક્યાંથી વિઘન છે, શીશ તણો સંસ્કાર. કંથ કહે સુણુ કામની, હવડાં હીંડો ઘેર; લોક જાણે તે નવ કીજીએ, પુછીશ છાની પેર; જુઓ જવાબ એ શો કરે, શો ઉત્તર આપે આંક; એને મોંડે એની કને વહુનો કઢાવીશું વાંક. પુછશું માબાપ દેખતાં; કોઠી હેઠળ શું કામ; દેવું લેવું શું દલા કને. એકાંત ઠરયાં ક્યમ ઠામ. પોપટ કહે પ્રભાવતી; હવે શો કરવો ઉપાય. ઇહાં વીજારી શી ઘટે; ઉતર શો દેવાય. સાસુ સસરા સતી કહે, કેમ પતી પ્રણુમે પાય. શાબાશ શાબાશ સહુકો કહે, કહો જડે તો જાગ, હવનો ડુંગર ઓલવે, ક્યાંક ઉતરે ક્યમ, દિઠું અદિઠું ક્યમ કરે. સાચું કહો મારા સમ, શામા કહેરે શુક સુણો, એતો આચરત અરથ, ઇહાં ડહાપણુ તે શું કરે વિચાર કરવો વ્યર્થ, દાટાં દીઠાં લુગડાં. ભરાવી દીઠી બાથ; દિઠાં વળતાં ઝુમતાં; ઓ પુરૂષ બે સાથ. એમાં કાંઇ ન ઉકલે એતો આડે આંક; કાન નાક છેદાવશે, વહુનો વિપરીત વાંક. કાળ ખુટયો એ કામની, એને કોપ્યા ઇશ. રામા ખાશે રાલજા તુટી જાશે શીશ પોપટ કહે પ્રભાવતી, જો રહો આજની રાત; તો એ વિદ્યા શિખવું. વિજાર તણી શી વાત, શાબાશ શુક સુલક્ષણા, કહો વાત શું આ; તું કહે તો જાવું નહિ, આજથી દિવસ ત્રણ (ચોમાઇ) કામનું મનાવી મન,

ઉઠયાં નર નારી તે દન; સાસુ સસરો મંદિર જતાં, દીઠી પુંઠ થયાંછે છતાં. પડયો ધ્રાસકો તેને પેટ; ક્હાપણ કરવેમાં ઉઠી વેઠ, દલો કહે શી કરશો પેર, કેમ જાશો ગુણવંતાં ઘેર. કેમ જવાબ દેશો એહને, દારૂણ દુઃખ દેશો દેહને; હેત પ્રીત સરવે હારશો. મુજ માટે તમને મારશે. કહો તે કામ કરૂં કથી, તારૂં દુઃખ સહેવાતું નથી; તું જો કહેતો બેને હણું. પાપ પુન્ય તેમાં નવ ગણું. (દોહરા) નારી કહે સુણ નરપતી, શિર ધરે છે શોક મંદર જાતું મલપતો. જખ મારે છે લોક, સાસુ સસરો શું કરે, કરે માત ને તાત; પિયુને પાગ નમાવશું, વિસ્તાર તણી કહું વાત, પાસા તારી પાસ છે, દડુલો જે હાથ, એ બે આપો મુજને રમો સહોદર સાથ. લીધા પાસાને દડી, આવી મંદીર માંહ, સાસુ સસરે પુછીયું, તોલ કરે શું ત્યાંહ. ઘરમાં ગઇ તે ગુણવતી, પરમણી સાસુ પાગઃ મેર જેવડો વાંક માહરો, નથી રહ્યાની જાગ. આભ પડે ધરતી ગડે, કરયું મેં એવું કર્મ એ મેં કહેવાતું નથી, સાસુ આગળ શરમ. ચોપાઇ—રોતી રોતી ઘરમાં ગઇ, પાગ લગી પોતાની થઇ; સાસુ સસરાજી સાંભળો, મુકીદો મનનો આંબળો. કઉતક એક થયું છે આંક વડો પડયો છે મારો વાંક; કરજોડી કહું છું હું સરવ મુકી, મારા મનનો ગરવ દિયરે ખાધું નોતું અન્ન, ત્યારનું બળતું મુજ મન; હું જાતીતી વાડી માંહે, દલો દીઠો રમતો માંહે. પાસા એના મુખમાં હતા, મેં મારે મન કીધા છતા, જેમ તેમ કરી પાસા લેવું, એ માટે મારૂં જીવત દેવુ મારો દીયર મારો જીવડો, તે આપઘાત કરીને મરે જોઉ દલો મુજને શું કરે. મારયો તમાચો એને મુખે દલ માંહે ધરીને દુખે; પડયા પાશા મુખમાંથી ધરણ તરત ચાંપ્યા મેં તેના ચરણ લેઇ ગઇ હું વાડી માંહે આપીને વળગ્યે તે ત્યાંહે; પાછળથી ભરાવી બાથ સોઢયો વઢર: મારે સાથ હું પણ તેની સાથે વઢી લીધી ખેંચી એની દડી, ઘાલી કાંચળી માંહે તરત પેઠી કોટડા માંહે વરત એણે ઝાલ્યો મારો ચરણ એને ઢોળી પાડી મુજને ધરણ મુજ અંગ વસ્ત્ર શિથળ તે કીધ; એક કામ એનુ નવ સીદ્ધ. મેં પણ કરવા માંડયો શોર જુવતી ઉપર કરે કાં જોર. એ પણ આપ ઓશીઆળો થયો જખમારીને:વેગળો રહયો વેરી હોય તેમ હું પણ વઢી ન આપ્યા પાસા ન આપી દડી ન જડયા પાસા ન જડી દડી હું પણ કાયામાં બહુ કડી. ફરી જોર ઉડી આવીયાં દડી પાસા લોભે લાવીયાં; દિયરને વો રોતો રાખો તમો, એવો વાંક કીધો છે અમો. દીયરનું મનાવો મન. આપો દડી જમાડો અન્ન, મારા દિયરને સુખજ થશે તારે મારૂં દુખજ જશે, તમને પુછવાના કારણે, શુદ્ધ થકી આવી બારણે; કહોતો દલાને મંદીર જાઉં; તજુ પ્રાણને ઝેરજ ખાઉં; ધારણ મનમાં એવી ધરૂં, બધા દેશમાં ઓશીઆળો કરૂં; ચેતાવું એનાં માબાપ પ્રકાશ કરૂં એનાં હું પાપ; તમારા વચન સ્થીર થાપવા આવી પાસા દડી આપવા; જખ મારીને એતો ગયો અને વાંક અમારો થયો, તુટી કસ કંચુકી તણી ધુળ ભરાણી અંગે ઘણી એના બાપને કહોને તમો એધાણ સરવે દેખાડું અમો. વાંસો છોલાણો છોલાણો હાથ બળ કરી ભરાવી બાથ એની મા આગળ જો રોઉ, દલા તણુ તે પાણી ખોઉં એને મરાવીએ મોકમ માર, એનો ગામમાં ખોવરાવીએ કાર; ત્યાં વઢવા નહી આવો તમો, મારાં મા બાપને કે'શું અમો. (દોહરા.) સાસુ સસરે વિચારયું, વહુનો તો નહી વાંક; એ સાચુ બોલે સુંદરી એતો આડે આંક દડી માટે દલા કને, પાસે ગઇ, પડપંચ; તમાચો મારયો તેહને. લીધા પાસા પંચ. દડી લઈ નાશી ગઈ, ઘાલી કંચુકી માંહ; તે પણ બાળક દોડીયો, તોલ કરયું છે ત્યાંહ એમાં એહનો વાંક નહી, બેની બાળક બુદ્ધ; દિયરનુ દુખ દેખીને સીની ગઇ સુદ્ધ. સાસુએ ચાંપી રૂદે, આસુ આવ્યાં અદ્ધ; વસ્ત્ર નવાં પેહેરાવિયાં, નેહ વધારે અદ્ધ. વઢવા નવ જાસો વહુ, નવ સંભળાવશો લોક; એને આપણ બે જણા. ફજેત થઇએ તે

કોક આભૂષણ ઓપાવિયાં, પ્રીતે બેસાર્યા પાય; ઓવારણાં કર્યાં ઘણાં, કહ્યું શાબાશ શાબાશ, શાબાશ વહુ સલક્ષણી, દિયર હેતને માટ; દુખ વેઠયુ તારી દેહને, ઘણો દેખાવ્યો ઘાટ રૂડા કુળ માબાપની, રૂડી કરમની રેખ, સતી શીરોમણી સાધવી, તેમાં નહી મીન મેખ વહુ દિયરને કારણે, કામ જો નવ કરંત તો નિસ્ચે મારો બેટડો, આપઘાત કરી મરંત. નવો આપ્યો તે નાનડો, વહુ તારાં શાં વખાણ;ઃવાંક હતો તે વહી ગયો, પંચે કરગો પ્રણામ, દિયર મનાવી જમાડીયો. આપ્યા દડી પાસાય; સાસુ સસરો સુખ પામીયાં, ગુણ વહુ કેરા ગવાય જીવ્યા, ત્યાં સુધી જસ રહ્યો, પુરણ માન્યો પાડ ઘર ધણીએ ઘણા જશ કહ્યા. લક્ષ લડાવ્યાં લાડ. જારી ખરી જુવતી તણી; ખરી વિજારી વેદ; દીઠાનું અણ દીઠુ કર્યું. તૃણનું કરયુ મેર; જળને સ્થાનક સ્થળ કરયુ; સાચા એના શેર. પોપટ કહે પ્રભાવતી. ચાતુરી એવી ચાહો; એમ વિજારી આવડે. તો જારીએ જાઓ. એક ચાતુરી બીજુ ચરિત્ર ત્રીજી શીક્ષા સાર; પંડીત હશે તે પ્રીછશે. નહી પ્રીછે ગમાર રીઝવણ રાજદારની, પુરણ એમાં પવિત્ર સંસ્કૃત માંહે શાણપણ સારૂ સ્ત્રી ચરિત્ર કવિતા કહી શકે નહી. કથા કહે લખ કાડ, સ્ત્રી ચરિત્ર મોટું ઘણુ હારી જીતે હોડ. વામણ અશ્વ વંશપત બુધસાગરનાં બીજ; રખીયલના સુત રાજવી, ભુપત સમા ભત્રિજ. ઝવેર આદે જસવંત જશ. એક એકથી એક મનરંજ તણા સુત મહિપની નરપતી જેવા નેક શામળભટ કવિરાજ ત્યાં સિંહજ ધર્યાં તે સદ. સંભળાવી શુક બોહોતેરી. હેત ઘણેથી હદ સોંપ્યો ગ્રંથ ગમાનને. સપુત જેનો સરદાર. દશોંદી ભાટ દાયો વાળું. અપરંપાર અપાર માતર પ્રગણામાં વસે. સિંહજ ગામ સિરદાર. વિશ્વરાય વિરેશ્વરો. નોધાગ આધાર રખીઅલ રૂડો રાજવી. સદાવ્રત સમરથ પાંચ પ્રતાપી પુત્ર છે વિશ્વ વિખ્યાત ઉદકથ, તેણે તેડુ મોકલ્યુ કવિને ઝાઝાં માન પૃથ્વી કરી પસાયતે, ખાન પાન તન ધ્યાન તે પર ને કથા કહી, શામળભટ કવિરાજ. નર નામ નવખંડમાં. લક્ષ કાટીશ્વા લાજ ગુજર દેશ ગરવો ઘણો વેગનપુરમાં વાસ. પીતા પુરસોતમ દણો. કહે કવી શામળદાસ. શ્રીગાૈડ મળવી વિપ્ર શુભ કિંકર કવિનો કેણુ. બુદ્ધ દેનારી સરસ્વતી. વદને અમૃત વેણુ. પિતા પુરસોત્તમ તણો. લાધાનો વિર વિલાસ. છવીસ કથા સંપુરણ થઇ. કહે કવિ સામળદાળ શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કરજોડ. શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૧૮૧.

વારતા ૨૭ મી.

દોહરા—સરસ્વતીની સ્તુતી કરૂં. આરાધું અહરનીશ. જગદંબાજી જશ દો ધરમધુરંધર ધીશ વિદ્યા દિજે વરદાયની. પુન્ય પરમાર્થ પંથ. કથા કહુ શુક બહોતેરી. ગુણનીધી ગરૂવો ગ્રંથ. શ્રી ગણપતી ગુણ આગળો ગુણસાર ગંભીર શુધ્ધ બુધ બી લાભ દે, ધરમ ધુરંધર ધીર. સીંદુર અંગે શોભીતો. મોદક અન્ન અહાર, દંદાળો દુખ ભંજનો. વેદ વડો દાતાર. છપા. શ્રી અનપુરણા ઈષ્ટિ. સેવા સકળની કરતા. અષ્ટમા સિધ્ધ નવ નીધ. ભંડાર ભરપુરે ભરતા. ધરમ કામ અરથ મોક્ષ, દયાનીધી તું છે દેવી. વરૂણ વાયું કુબેર. સુર સનકાદિક સેવી, મન વાંછીત દે માવડી. ચિતની ચીંતા કર ચુરણી સુખ સામળ ભણે આદ્ય શકતી અન્ન પુરણા. ચાંહુ ચતુર ભુજ ચરણ. પ્રણમી પાયજ લાગુ અહરનીશ આણું ધ્યાન માન મોડી જય માગુ: મુનીવર શ્રી મારકંડ બુધસાગર પંડીત કીધા: કાલી માધ કવિરાય. અભય વરદાન દીધાં બુધસાગર બુધનીધાન તું; કંકરને કવિતા કીજીએ. કરજોડી શામળ કહે, પાન અમૃતરસ

પીજીએ. ગણુપતીને નામુ શીશ. દશ જગદીશ આરાધું: પુજુ પરિબ્રહ્મના પાય, સત વિદ્યા શુભ સાધુ, શ્રી ગુરૂ વંદુ ચરણ, અશરણ શરણ રહી જે શ્રીઅન્નપુર્ણા ઇષ્ટદેવ, કિરતી તેની કીજે; જગદંબ અંબ જગાદેશ્વરી. જશાવંત જાપ જપુ જથા, શ્રી ચરિત્ર શુક બહોતેરી, શામળ કહે કહું કથા.

(દોહરા) સતાવીશમે દિવસે, સજ્યા સોળ શણગાર; પાન ફુલ તંબોળતર. અપરંપાર અપાર, હાવ ભાવ મૃગ લોચની સિંહલંકી સજાણ, આવી સમીપ તે શુક તણે, પ્રીતે ચાવતી પાન. આવો આવો આવો કહ્યું. માનનીને દીધાં માન; શણગાર સજ્યા કોણ ઉપરે શો દિવસ છે આજ. વીવાહ છે વાલા તણા, શું ધારયું છે કાજ. દીપોત્સવીનો દાડલો, જમવા જાઉં જરૂર. કે શેઠ આવે છે આપણો, નારીમાં વાધ્યું નૂર. સાંભળ પંખી પંડીતા, તેં પુછ્યું મન કામ, જરાએ જુઠું નહી કહું, સાચે રાચે રામ. શુભ વિદ્યા તેં શિખવી, વિજારની તે વાત; જરૂર જાવું છે જારીએ, રેહશુ આજની રાત. પધારો સુંદરી સુખે, કરજો વિવિધ વિલાસ. લાખેણો લાહો લીયે, પર પુરૂષની પાસ. એથી સ્વાદ અદકો નથી, હરખ ઘણો છે હદ; વિઘન વીસ હજાર છે, તમે સાચવજો સદ; વેલચંદ વેહેવારીયો, ધણીઆણી ધોળીનામ; કદાચ કંઇ સંકટ પડે, કરજો તેવાં કામ, દુનીયામાં જીવવું દોહલું, દુશમન બાધો દેશ; નારીને નીશા સમે, ન પરમંદીર પ્રવેશ. નાત જાત હાકમ તણા, પરમેશ્વરનો દંડ: દુખ પામીએ દેહમાં, મળ્યો હોય કો બંડ, ઘરનો ધણી તે ઘેર નહી, વિનતા જોબન વેશ. જવાબ શો દેશો તેહને, કો પ્રીય પ્રવેશ, ખોશો ઇજ્જત ને આબરૂ. ખોશો શેઠનું નામ, બોળશો બોહોતર બાપના, દેવટ ધાલશો દામ. પગ ખેંચી રહી પ્રેમદા, બુદ્ધિ નિધાનનું બોલ, ધોળીએ ધંધ કેવો ધર્યો, ખરો પડદો મન ખોલ. ગરજ હોય તમને ઘણી, સાંભળવાની સર્વ, હાડી કરો છો તેમ કરો, મુકી મનનો ગર્વ. શણગાર સજ્યા તેં સુંદરી, બીનાં પહેરયાં વસ્ત્ર. કરાર કરયો તે કામની, ડાપણુ સાંભળવા દસ્ત્ર વિજારની તે વારતા, શુક કહે સારી પેર; શેઠાણીજી સાંભળો, ગુણવંતાં થઇ ધેર. (ચોપાઇ) ચંદી ચંદાવદારકે ઠામ; ગામરીયું ગુણવંતું ગામ, ભાથી રાજ કરે છે ભૂપ, રૂડુ રઢીયાળુ તેનું રૂપ. ધર્મ રીત ચલાવે રાજ, અસત્ય અન્યાય તનથી તાજ, રામ રાજ જેવું રઇયત સુખ, દેશમાં નહી દુર્લક્ષશક દુખ. વેલચંદ વસે વાણીયો, જુગ બધામાં જશ જાણીયો, ધનવંતી ઘેર ધોળી વહુ, તેને ડાહી કહે છે સહુ, ધર્મવંતી કામવંતી ઠામ, નર રહેનો નારને નામ; અઢારે વિદ્યા ભારત ભણી, વશ વરતે પોતાનો ધણી. બેસાડયો બેસે જમાડયો જમે, ભામની ભંભેરે તેમ ભમે, કામનીનું કહ્યું તે કરે; વિચાર મન માંહે નવ ધરે. (છપ્પો) કામનીને વશ કંથ, તેહ બુદ્ધિનો બુડો; કામનીને વશ કંથ, કલંક તેને શીર કુડો. કામનીને વશ કંથ, હોય હિમ્મત તે હાર્યો. કામનીને વશ કંથ, વણુ મોતે દઇવે મારયો. નારીને વશ જે નાવડો. ડાહગો પણુ મુરખ જાણુવો, શામળ કહે ઓએ જતીઓ. શુરો કાયર મન આણુવો. (ચોપાઇ) ધોળીને પાડોશી સાથે પ્રીત, અહરચાવટની ચલાવે રીત, સાસુ તેહને દેહમાં દમે, એક લક્ષણુ એનું નવ ગમે. આખો દહાડો વહતાં જાય; સુખે કોઇ અન નવ ખાય, દુખ પામતી દીઠી ઘણી; તેણીએ તે પીછ્યો ધણી જુવા રહીએ તો જીવું અમો. નહિતર બીજી કરજો તમો, તારી માતાનાં વચન મન ધરૂં; હું આપઘાત કરીને મરૂં. ધણીએ જાણ્યું ધણીઆણી મરે, ત્યારે અર્થ મારો નવ સરે. ઘર ભાંગે ને હત્યા થાય, ખરૂં દુઃખ એ કેમ ખમાય. પાસે મંદીર લીધું એક, રહ્યાં જુજવાં વાર વિવેક; પ્રેમચંદ પોતાનો પુત્ર, કરે વેપાર એકઠો શુભ સત્ર. ખાય પીએને કરે બહુ જાપ, ધણી ધણીઆણી રહે નીત રાખ. ચંચળ તે નારીના ચેન, પરપુરૂષ શું નિહાળે નેણુ. તે

નારી જારી બહુ રમે, વેચાણુ પુરૂષ તેણે દુખ સમે, દહાડામાં વાંક તો દશહજાર; ભામની વશ કર્યો ભરથાર. કોય કહાડે નહી વહુનો વાંક, અદકો અક્ષર આડે આંક, ભરથાર તો ભોળવીઓ જાય, સાસુએ દેખી નવ ખમાય. જુંડા બોલે સઉ સાથમાં, વહુ નાવે તેના હાથમાં. કંઇ વેપાર તણું કુળ કામ, પિતા પુત્ર ગયા બે ગામ. એક ઘેર સાસુ એક ઘેર વહુ, સજન સહોદર જાણે સહુ. સાસુ વહુનો નવ મુકે ખ્યાલ, બીજાને વહુ ઉપર વાહાલ. પગલે પગલે પાંચસે વાંક. અવળા અક્ષર બોલે આંક, તે વહુ લેખામાં નવ ગણે; વહુ તો મોઢે અમૃત ભણે. સાસુ ઘડી સુખે નવ સુવે, પલકે પલકે પુંઠો જુવે. એક દિવસ એક કઉતક હોય, તેતો વાત નવ જાણે કોય. દિવો કરવા વહુ દાડી જાય, જ્યાં આદ્યશક્તિ જગદંબાય. કરૂંછું નિત્ય અણુ ઘટતું કાજ, લક્ષ્મીવર રાખે તુ લાજ. દેવ પૂજવા વહુ પગ ધરે, સાસુ નીત હેરાન કરે. દિવો કરીને પાછી ફરે વટેમારગુ એક સામો મળે વટે મારગુએ કરજોડીયા મનના મોડ પોતે મોડીઆ, કરજોડી તેણે વાતજ કહી; રામા સંભળવા ઉભી રહી, શીવ શકતીના શેવક છો તમો. તે માટે દૂખ કહુછું અમો. બીજા આગળ ચાલે નહી મતી. તે તમ આગળ કરીએ છતી છપ્પા) ટાઢ તડકોન થાક દેહમાં દારૂણુ દુઃખ. હેમે ગળશે હાડ. વેઠવી ભુડી ભુખ નથી નાત ઓળખાણુ નથી કીંકર થઇ ક્હેવું. રાખી શકે તો રાખ રાત એકે તો રહેવું ગરથ ઘણો મારી પાસ છે, જરૂર રહેવું છે જામની, શિવ શાખ્યી સાચુ કહુ કથન ઉકલે જે કામની. ચોપાઇ—ટ્વટે મારગુનું વચન સાંભળ્યુ, ગુણુવંતનું મનકુ ગળયું, ભુખ દુખ વાયછે ટાઢ હેમ ગળે છે મારાં હાડ, કો વાસો રાખેજી મુને. તરૂણી વાત પુછું તો, ગ.ડે .ઇસો તો છે રાક કોણુ મને રેહેવા દે લોક, ભોળીને મન ઉપન્યો ભાવ થયો ઈશ્વરને એવો બનાવ મંદીર આવો કહે માનમી. જોખ કરો જામની ખાઓ પીઓનો સુખે સુવો. આજ દુખ તમારૂ ખુઓ અજાણી સાથે આનુ આદિશ. કોઇક છેદે મારૂ શીશ તોલ વિશ્વાસ આણું તાહરા રજે. લાડ છોકરા માહરાં રામાએ કરી મન રીશ. વચમાં આણી ઉલાલા ઇશ છપા—બ્રહ્મહત્યાદિક પાપ જેવા દેઉ તુજને દંડ કપટ કરૂ જો કુડ મેલું લાંચી કે બંડ શ્રી સુરજ ચદ્રની સાખ જુઠ્ઠુ વચન જો ભાખુ કહે રામા છેહુ કાંઈ. જીવ બરાબર રાખુ સતર વરમ શીવ પુજ્યા મહારાજ પ્રસન છે મુને તે સરવે અફળ થજો; જો ઉની આંચ આંચ આવે તુને.

(દાહડા માંટી નથી ઘેર માહરા એકલી છું હું આપ લાડ લડાવું લક્ષ ગમે તે વેદ પુરાણે છાપ. દેવદંબી વાજતે, માહરે મંદીર આવ; વિઘન તો સરવે વહી ગયાં, સુખ સાગર સાથ લાવ. (ચોપાઇ) મંદીર પોતાને તેડી ગઇ. ત્યાંથી સાસુ કેડે થઇ; ગણે ગુણુ નર નારી તણો, પ્રગટયો કામ ગુણવંતી ઘણો, ખાન પાન સનમાને સુખ, બહુ ક્રીડા કરે છે ઝુખ; તે સરવે સાસુએ જાણીયુ, અધીક વહેર મનમાં આણીયું. એક પાડોશી જોડે પ્રીત, રાત તણી સંભળાવી રીત; તે પણ છે ચોખો ચાડીઓ, અધીક વાત કરે આડીઓ. કોઇ એક ઘરમાં ઘાલ્યો છે ગીગ તે પણ છે માટીનું શીંગ: એવો દાવ.પામશું ક્યાંય, આજ આવી છે કબજા માંહ, માન પામે તો મુકરી જશે, સહવારને પોહોર સાચી થશે; તેણે તો સાચુ માનીયુ, અધિક ઝેર અંતર આણીયું: ઓ ઘર ઘાલ્યો તેને ઝાલીએ, સાચી શીક્ષા એને આલીએ, બે જણુને બાંધી કાઢીએ, કાન નાક વહુનાં વાઢીએ; પંથીના તો લીજે પ્રાણુ વિપરીત વિચારયું મન વાણુ. વખતે વખતે ચાલી વાત, બહાર મળ્યાં જન સત્તર સાત. શેઠ પટેલ લેનારા લાંચ, મળ્યા બાર પ્રમાણીક પાંચ; રાજદ્વાર સુધી ગઇ વાત, પાછલી પાંચ ઘડી રહી રાત. હવાલદાર હાકેમ આવીયો, લાંચીક બંડ સુખે લાવીયો, દાવ-મૂકે સાસુ તેહની,

નવ રાખી પ્રીત તેણે એહની. જુલમ જોરો નથી જાણુતી, મનમાં બીક નથી આણુતી; પંખી કહાડી મુક્યું બાર, એમ વિચાર્યું ઘરની નાર. ઘેર નથી પોતાનો ધણી, બાર ગુલામી મળી છે ઘણી, ઝાંખી જોયુ તેણે ઠામ, એ કોઇ કુડાનાં છે કામ. એક પાસે પાડોશી ચાડીયો, બીજી સાસુ બોલે આડીયો; ત્રીજો હવાલદાર તસ્કર જાત, નીચ કામ વિજારી વાત. ચોથુ લક્ષણ જાતાં ચોર, સઘળી વાતે અંધારૂ ઘોર, આજ સકંચે લીધી મુને તારૂં કરયુ ભોગવવું તને ભામા પામી મનમાં શોક, બહાર અસંખ્ય મળ્યા છે લોક; કમાડ ઉઘાડે તો તો જાલીએ સારી શિક્ષા એને આલીએ. મુજને માર બહુ મરાવશે, પંચ ફટાળી કરાવશે. પાપનો બાંધ્યો મેં પોટલો, વાઢશે નાક કાન ચોટલો. (દોહરા) પોપટ કહે પ્રભાવતી કહો હવે કરવું કેમ; જે ઉકલે તે તો કહો, નહી તો મારા સમ. એ નરને નાર મુકશે, સાચી સતી કેમ થાય; સાસુ સહીત તે સરવ, પ્રણમે કેમ તે પાય. લાજ કેમ રહે લોકમાં, કેમ ઉગરે એનો જીવ તે પંચી કેમ ઉગરે, કેમ તૃઠે એને દઇવ. હવાલદાર હાકેમ સહીત. કેમ તે જોડે હાથ શાબાશ શાબાશ સહુકો કહે, સજન સહોદર સાથ પ્રેમદા કહે પંખીઆ, જડે નહી મુજને જાગ; એહ વિજારી શીખવે, તો પ્રણમું તારા પાગ, બાર મળ્યાં છે બહુ જણાં, તેમાં સાસુ સાલ; ચતુર પાડોશી ચાડીયો, કેમ આણે તે હવાલ. હુકમ માણસ હાકેમ તણા. નાત જાતને ગામ; તે સહુને કેમ ભોળવે, એનું તે શું નામ. મંદીર રહો તમો માનની રીઝ ઘણેથી રાત; તો વિજાર વિદ્યા શીખવું, વીસ્તારી કહુ વાત. જરૂર આજ જાણુ નહી, વશ કીધા કેમ લોક; કેમ તે નારી ઉગરી, સમ્યો કેમ તેનો શોક. (ચોપાઇ.) વિજાર વિદ્યાની સાંભળ વાત; પોઢો થયો ત્યાં પરભાત; નારી ચરિત્ર કીધું નારીયે, પંખી બેસાડયો બારિયે, અંતર બાળીએ જાણ્યું આપ, આજ મળ્યાં પંચોતેર પાપ, મારે પંથીને મરવું પડે, કલંક મારા કુળને ચઢે. કાંઇક વિજારી મનમાં ધરૂ. એને ઉગારૂ ને હું ઉગરૂ; ઘરમાં જઇ લખાવી લેખ સંદેહ ન રાખો મીન મેખ. હું કહું તે કરો આ દીશ, નહિતો અળગુ કરશે શીશ: પથીને કહે કાસીદ થજે, વદાય કરૂં ત્યારે તુ જજે. મારા મન માન્યો તું મિત્ર. રમાડુ એવું રમે ચરિત્ર, કોથળો આપ્યો કાજળ તણો ડાક ડમાલો ભાંજ ઘણો ઘડી કેડે શોભો સાથમાં, કાગળ આપજે કોઇ હાથમાં, બીજો કાશદ બીજે ઠામ સીરનામે સસરાનું નામ. એક કાગળ તું હવણાં આપ, શરનામું ત્યાં મારૂં થાપ; તેને મોકલજે ગામમાં, શરનામું મારા મનમાં. બીજો કાગળ હવડાં આપજો, પંચ પ્રમાણુ કરી થાપજો. ભણાવી તેને સરવ વિદાય, બાર લોક કરે નિંદાય. તરત તેણે ઉઘાડયાં બાર. લોકે દીઠાં પેલાં નરનાર કાટયાં તુટયાં ચીંદડાં ચેન, કોડ વસાએ કાસદ એન. ઝાલી નારીએ તેની બાંહ, શે કામે આવ્યા તા અહિં; કોણ છે ને શું તારૂં નામ, આ સાથે શું હતુ કામ. હું કાસદ નામે આવીઓ, લેખ એક લખ્યો લાવીઓ; રાત માટે નથી આપ્યા હાથમાં, લો વાંચો સહુકો સાથમાં, રોટલા ખાઇને પડી રહ્યો. આજ જાવા હું તત્પર થયો, માંહે લખ્યું તે વાંચો તમો; પછે પગ પર વરીએ અમો, ખરી વાતમાં કોણુ દે ખોડ. લાવ વાંચીએ છેડેથી છોડ, પાસે પટેલ હાકમ છે સાર; કુટુંબ સહુ પુરો પરિવાર. ૯૩. (દોહરા) કાગળ આપ્યો કાસીદે, તે વેળા વાંચ્યો તરત; એક બાપ બીજો દિકરો, બે જણ પામ્યાં મરત. નદી ઉતરતાં નીરમાં, અધિક જળમાં આપ; ભાગ્યો ગે.ળો તે સમે, મુઆ બેટો ને બાપ. પોતાનો સાથી હશે, તેણે લખીયો આંક; સ્નાન મોકલ્યું સહેજમાં, વિધાતાનો એ વાંક આવરદા આવી રહ્યો, પ્રગટયું પુરૂં પાપ; સતવાદી સાથે મુવા, બુધવંત બેટો બાપ. ૯૮. (ચોપાઇ) એવું સાંભળી ચીંતા ચડી, પ્રેમદા ઢળ ખાઇને પડી; ભરજોબનને બાળવેસ, કામનીએ તોડી નાંખ્યા કેશ. સાસુએ છળ

મુકી છાંડીયું, તેણે પણ રોવા માંડીયું; ત્રાહ ત્રાહ કરે સહુ લોક, સજન સહુને પ્રગટયો શોક, અરે દઇવ એને શું થયું, ઘરસુત્ર બાધું ઉપડી ગયું; આજ ગએ થયા દિન સાત, વિપરીત થઇ ગઈ એ તો વાત. જેને જેવું સગપણ હતું, તેણે તેવું કીધું છતુ: આના લીધા ત્રણ તે તણા, કાસીદે અગીયારા ગણ્યા. બંડ હતા જે લાંચ લેનાર, ગયા જખ મારી દુખ દેનાર; ગામ લોક સહુ દુખીયા થયા, બાપ ને બેટો સાથે ગયા. ૧૦૩. (દોહરા) જમો રમાડયો જુવતીએ, કારમો માંડયો કોપ; કલ્પાંત માંડયું માનની, લજાનો કીધો લોક. નારી કહે સહુ પ્ર સુણો, હું ચિત્તમાં એવું ચાહું; સ્વામિ સાથે સ્વર્ગે જશું, ખાંતે અગનમાં જાઉં. સાગવાન કરું હું સેહેજમાં, સાસુને પ્રણમું પાગ; જો કાંઠે ચડાએ કંથશું, તો જડે સ્વર્ગની જાગ. સ્વરગે સેહેજે સંચરૂં, વસીએ નર ને નાર; જન્મ મરણ ફેરા ટળે, ઉતરીએ ભવપાર. કાળ જીવીશું કેટલા, રંડાપે વેઠવો શોક; કંથ વિના જે કામની, તેનું જીવન ફોક. આ ઘરેણાં લુગડાં, વાસણ વસ્ત્ર વિવેક; એ સરવે સંભાળજો, ન્યાયવટ માંહે નેક. અમો તમારા છોકરાં, અમો તમારા રાંક, ક્ષમા કરજો તમો માહરી, વેદ પડયો હોય વાંક. પાંચ પાગરણ મારા પીયરનાં, ઘણા ઘણા છે ઘાટ: નાની નાત છે આપણી, જમાડજો દહાડા આઠ. પચાસ પરદક્ષણા કરી, નમી સાસુને ચરણ; શાબાશ શાબાશ સહુ કો કહે, વિશ્વ અઢારે વરણ. ધન્ય અવતાર ઘોળી તણો, ધન્ય માત ને તાત; જોબનપણમાં જશ લિઓ, સતી થાય સાક્ષાત. મમત તજ્યો માયા તજી, તજ્યો તે મન ઉચાટ; અળખામણો કીધો આતમા, વહાલી કરી વઇકુંઠ વાટ. જુવાનો માહ એ જાય છે. અમો ભખવા આપ; શાબાશ એવડી માવડી, શાબાશ સુધસાગર બાપ. ઢોલ મૃદંગ વાગે ઘણા, ઓચ્છવ મગળ થાય; નગરતણી નર નારીઓ, પ્રીતે પ્રણમે પાય. ભરાવ્યા જારનાં હારિયાં, અશ્વનીઓ અસ્વાર; વધાવે લોક સહુ ગામના, અધિક જશ અપાર. ધન્ય ધન્ય ઘોળીને કહે, તું પંદર વરસની પેર; સાસુ વરસ સીતેરની, બે તો રહેશે ઘેર. એનો પણ માંટી મુવો, જીવશે કેટલા દિવસ; પંદર તે પાવક ભખે, એને પ્રસન્ન ઇશ. વહુને માન ઘણાં કરે, સાસને અતિ ઉપમાન; બહુ લોક બહારે બકે, સાસુએ સાંભળ્યું કાન. વહુ વરસ તે સોળની, સતી ધરાવશે નામ; હું જીવીશ વરસ સીતેરની, હસશે બાધું ગામ. વેર ઘણું વહુ ઉપરે, પેલા જન્મનાં પાપ; શુરી થઇ ગઇ સેજમાં, બોલી આપો આપ. સરવે જન તમે સાંભળો, હું પણ સતી થાઉં; પુરૂષ તણી બહુ પાઘડી, ખાંતે કોઠાં ખાઉં. મમતમાં આવી માનની, શુરી થઇ સરદાર; મરવા દોડી મસાણમાં, અપરમ જશ અપાર. (છપા) મમતે ખરચે દ્રવ્ય, મમતે વિવાહ માંડે; મમતે ખુએ શીશ, મમતે રાજા દંડે. મમતે હારે હોડ, મમત તો શીશ કટાવે; મમત ચડાવે આળ, મમત તો માન ઘટાવે. મોટા પુરૂષ સઉ માનજો, રૂડી વાતોમાં રેલજો; શામળ કહે જીત્યો જગ વિશે, તો મિથ્યા મમત સહુ મેલજો. મમત તજાવે દેશ, મમત તો રાજ મુકાવે; મમતે ખુવે શરમ સર્વ, મમત ગવરાઇ ચુકાવે. મમત ઘટાવે માન, મમત અપજશ અપાવે; દુખનો ડુંગર તે મમત, ઝેરનો વરસાદ તો પાવે; મમતે મોટપ નહીં રહે. મમત નકી મરવું પડે, શામળ કહે મમત સહુ મેલજો, મમત માંહે મરણુક નડે. (ચોપાઇ) તેહ માનની મમતે ચડી, અમો ભક્ષવા આવે અહીં; સાંભળ્યું સજન સહોદર સહુ, સતી થાય સાસુને વહુ. હરામી હતા તે તો હારીયા, છક્કાતેર પરીયાં તારયાં; સાસુ કહે કરું શા ઠાઠ, ગાડાં ત્રણ ભરાવો કાઠ. કાસદને વહાલજ કીધ, દાન ઘણાં જાચકને દિધ; ત્રીલોકનાથ તેને તરૂડીઓ, સતીને અગ્રનયન ઉડીઓ. ઘરબાર સોંપ્યા તે ભાઇને, નારી બે ચાલી નાહીને; સાસુ તો સમશાને ગઇ, વહુદેવીને દેરે રહી દીપક કીધા આઠ અમાળ, વહુએ છુટા મેલ્યા વાળ; જુજવી ચીતાએ રચી તે પાસ, સાસુને

કહે સહી શાબાશ. ધોળી ગામમાં દેરે રહી, પેલી સાસુની શી ગત થઇ. ચિંતા લગાડીછે રિખ રાટ. વહુ કેરાં જુવે છે વાટ, એટલે પેલો કાસદ ગયો, તે એને ઓશીઅણુ થયો; બીજો કાસદ આવ્યો તો સાથ, કાગળ તેને આપ્યો હાથ. સરનામુ વેલચંદને ઘેર, પોચાડ પત્ર તું રૂડી પેર; બીજા કાસદ કાગળ લાવીયો, ગામને ગાંદરે આવીયો, શમશાને મળ્યા છે લોક, કોને હરખને કોને શોક; કાસદે કાગળ આપ્યો તે ઠામ, શરનામે વેલચંદનુ નામ ઉકેલી લોક વાંચીયો, લખ્યુ હતું તે મન સાંચીઓ; બાપ બેટો બુડયા બે જણુ. પ્રગટયાતા ત્યાં શોક શોક અતી ઘણુ તે તે વહુને જાણુજ થયુ, બાધ્યો હરખ ને દુખજ ગયું તારી પુન્યાઈ પ્રગટી ઘણી, જીવે છે તમારો ધણી ડોસાનો અવસર હતો, તે તો શોક નવ કરવો છતો; વેચ્યો ગોળને વેચ્યાં પાન વિપ્રને દિધાં દક્ષણા દાન. પુજા કરતાં પ્રગટયું પુન્ય, એ પ્રેમદાને નવ રહી ન્યુન્ય; વહુને તો ચુડે બળ કરયું, વાલાનું તો મનડું ઠર્યુ. સાસુને તો પ્રગટયા શોક. જીવતી કેમ જવાદે લોક વહુ શા માટે થાયે સતી, જેહ જીવ્યો પોતાનો પતી. પ્રગટાવી અગ્નીની ઝાળ, સાસુનો તો ખુટયો કાળ; સતી નામ ધરાવ્યુ શાખ એક ઘડીમા કીધી રાખ. વાજા દુદંભી વાજતે ઘેર તો આવ્યાં ગાજતે; દાઘ દઇ આવ્યા જેટલ, કઉતક એક થયું તેટલે. (દોહરા.) પેલા બાપનો બેટડો, પરદેશ જાતો પેર; અવશુકન થયે પાછા વળ્યા, ગુણવંત આવ્યા ઘેર. નાત જાત સહોદરા, રૂવેછે તો રીત; કુટે પાટેને કળકળે, જેને જેની પ્રીત પિતા પુત્ર બેને પુછીયું, આતો અચરજ ઓણુ; ઉત્પાત કશો દિન આઠમાં, માણુસ જીવે તે કોણુ કહોભાઇ એ થયુ, કહો વિગતની વાત; એક દુઃખ બીજુ હસુ, જાખમ જુવંતી જાત કથા માંડી સર્વે કહી કાસદ આવ્યો તો રાત; તેણે બે મુઆ કહ્યા, પરવરયો પ્રભાત. સતી થતાંતાં સાસુ વહુ, બીજો કાશદ આવ્યો તો તરત; જીવંછે એનો દીકરો, બાપ તો પામ્યો મરત કોણુ કાસદ કોણુ કાગળો, કોણુ માછી કોણુ જાલ. કોણુ મુવા કોણુ જીવતા, હાણુ હરખને હાશ. (ચોપાઇ.) ગુણવંત મળીયુ બાધુ ગામ, કોણે કરયુ તે એવું કામ ખોટા કાગળ કેમ આવીયા, જુઠો લેખ લખી લાવીયા હત્યા લીધી ધરડાના શીશ હત્યા નવ ગણે આ દીશ; પાપીએ મન ન ગણ્યુ પાપ, અધરમ અન્યાય કિધો આપ. જાણ્યાઅ તને દડ દીજીએ, ઘટાળી કાઢે કાજીએ; શીશ છેદીને અળગુ કરૂ, એવી હામ હઇયામાં ધરૂ. (દોહરા) પ્રપંચ મચ્યો પાંચે મળી, અધરમ અન્યાય અખંડ, કાગળ લખનારો કયો, દઇએ તેને દંડ ધોળી કહે ધણી સૂણો, ચોખો પાડોશી ચાડ; એ દુશમન છે આપણો, હોડ હરામી હાડ, પણ જાણે કેમ કહુ અમો, કેમ લીજે એનું નામ, લાખ કરોડ વિશે વશા, કરેલુ એણે કામ. વાતે વાતો વીસ્તરી ગઈ હાકેમ હજુર; માઠુ કીધુ એ ચાડીયે, નિચ બુધે કરી તુર માણુસ કીધાં એકઠાં, પાપીએ કરયો પ્રપંચ; ચાડી ખાધી ચોતરે, સયો નહી એક સંચ; (ચોપાઇ.) ખરવાહન કરી ફેરવ્યો, નાક કાન તે છેદાવિયાં શુળી દેતામાં છુટા-વીઓ, ગરથ રિધ લુટાવીયો. જે કો જુઠી ચાડી ખાય, તેને એની પેરે થાય; વહુવર તે દુખ પામી ઘણી, મિછાવીયો પોતાનો ધણી. સાસરિનો વાંક હશે કાંકરી, સતી કહે-વાણી તે સુંદરી; સાસુનો દાડો પાણી કીધ, લાખેણો જશ પોતે લીધ. કોઈશુ ના બાધી બાકરી. સસરાની કીધી ચાકરી; કોઈએ કલંક ન જાણ્યું નેટ, ઠગે વાત પોચાડી ઠેઠ. સાસ પુંઠયો જોતી જેહ. બાળ્યો અગ્નીમાં તેનો દેહ; પાડોશી લેતોતો પુંઠ, તે તો ફરીથી બોલે જુઠ. હાકેમ જખ મારીને રહયો, સેઠ પટેલ ઓશીઆળો થયો; ઓશીયાળાં સરવેને કીધ, પોતે થઇને બેઠી શાધ. (સોરઠા.) વહુ કેરો બહુ વાંક, મોટો હતો જે મેરૂ સકા,

અલ્પ કરયો તે આંક; શિરોમણુ કહાવી સતી, સાસૂ કેરૂ સાલ, દારૂણુ દુખ દેતી હતી; મોટો વહુમાં માલ. ભાવડ કાઢી ભવતણી, બગેણું ઘણું ગરથ, સંધાયુ સાસૂ તણુ, એકે ન સરીયો અરથ ચાડિયા કેડ ચોઘણુ પચીશુ બાંધી પ્રીત વનિતા કેરે વશ થયો, રામાકેરી રીત. દાખી બાધા દેશમાં, પાપનુ કીધુ પુન્ય; અન્યાયનો ન્યાય કરયો, નવ રાખી એકે નુન્ય. ધ્વજ બાંધી ધરમની (દોહરા) પોપટ કહે પ્રભાવતી, ગુણ રૂડેરા ગાઓ; એવી વિદ્યા આવડે, જરૂર જારીએ જાઓ. વઇકુંઠ જારીથી વેગળે, શરમણામાં નહી શરમ; શાસ્ત્ર જોયા શામળભટે, વેદ લખાયે વર્ણ. જાર માંહે જશ નહી, જાંરમાં વાધે વેર; જાર અમૃત નહી, જારમાં ઝાઝુ ઝેર. જાર થકી આયુશ ઘટે, મટે જારથી માન; જીવ જાય જારી થકી, સાંભળજો ખોલી કાન. વિઘન ઘણું વિભીચારીમાં ભુંડાપણુ ભરપુર શામળ કહે જે સદ પુરૂશ, ડાહ્યા રેહેશે દુર શુક કહે શેઠાણી શુણો. જશ જશે કરવે જાર, ડાપણુ સઘળુ વહી જશે, ભરથારનો ખોશો ભાર, રિધ ખાશો રોળજાં, શરશે નહી એકે અરથ; બોળશો બોહોતેર બાપના; લુટાવશો અરથને ગરથ. પડશો કાંહે કાળાગ્રહે; મહોકમ ખાશો માર; કોઇક મળશે જોડાહરો, લેશે સરવ શ્રંગાર. એમ વીજારી આવડે; દુદંભી દેતા જાઓ; નહીતર બેશી રહો બારણે, ખાતે રોટલા ખાઓ મોટમ માતર પ્રગણે, સિહજ ગામ શુભ દેવ; રખીયલ રૂડો રાજવી, જ્યાં વીરેશ્વર મહાદેવ. પ્રત્યક્ષ દીઠાં જ્યાં પારખાં, મન વાંછીત સુખ મેદ; ચોખાનો લાડુ ચડે, સવાબેમણુ શેર. ખસબોઇ કેસર તણી, ઘુમવત એકે બરાસ; રખીયલ તણા સુત રાજવી, જશ જીત ઝવેરદાસ. ચાર બંધવ ચતુર નર, સપુત તણા સરદાર હરિભક્ત હરીજન તણા, સંપતી અપરંપાર. વાશણુતણા સુત મનજી મહામોટા મેહેરાણુ; ભત્રિજ રખીયલના રાજવી, વિશ્વ માંહે વખાણુ. ગમાન તણો સુત ગુણનીધી સરદાર ભાટ શુભ રૂપ; ડાહ્યા દશો એહનો અકલ ધર્યું અનુપ. પાટીદાર પરાક્રમી, બેઠો બુદ્ધીનીધાન; કે કથે આગળા, સપુત તણે સાવધાન. અતિ ઘણા આદર કરી, તેણે તેડયો કવિરાજ પિતા પુરશોત્તમ તણો, જેની લક્ષકોટીધા લાજ સિંહાસન બત્રીસની. શુક બોતેરી રેવાખડ, રામ ચરીત્ર રૂડું ધરયું, ટાળ્યા જમદુતના દં શુભ પ્રકારે જે સાંભળે ગુણ રૂડેથી ગાય; મન વાછીત માગ્યાં મળે, આશા પુરણ થાય અમદાવાદ માંહે અધિક, વેગનપુરમાં વાશ; જવેર જસવંતા આગળે, કહે કવિ શામળદાસ; લઘુ બંધવ લાધા તણો, વિરેશ્વરનો તનઃ પિતા પુરૂશોતમ તણો, મહારૂદ્ર ચરણે મન. શુભ કથા સત્તાવીશ એ, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જયજય શ્રી રણછોડ. ૧૯૨

—❦—

વારતા ૨૮ મી.

[ચોપાઇ.] દાતા દેવ દુંદાળો દેવ, સુરસનકાદિ કરે નીત શેવ; સિંદુર શેવંતા શોભીતા સાર, ઉત્તમ મોદક અમૃત આહાર. તેત્રીશ કરોડ પેહેલો પુજાય રિધ સિધ સકળનો રાય; સાચી માત સારદા સરસ્વતી, મયા કરો આપો શુભ મતી, જોગ વાત બોલાવો જથા, કહુ શુક બોહોતેરી કેરી કથા; બુધનીધાન બહુ ગુણ બાળીકા. કલ્યાણ રૂપ તણી કાળકા. [છપા,] જગદંબ અંબ જગદીશ, ઇશને શીશજ નામું; ધરમધુરંધર ધીશ, જર ઝાઝી સંપત પામુ આઠ. જામ અહરનીશ, દીશપત પુજુ પ્રીતે, પુરણ વશા એ વીશ, રાજસગુણ રજત રીતે; ચાતુર ચોટ ચોગણી, તેત્રીસ કોડ દેવને દેવીયો શામળ કહે સુખ પામીયે, જો શુભ પ્રકારે શેવિયે (ચોપાઇ.) અઠાવીશમે દીવસે અતિ રૂપ, ભામની

આલી ભારે ભુપ; મદ જરતી હેતે હાથણી, અઇરાવત સરખી સાથણી, નઉત્તમ વાત નેહે નરખતી, કામ બાણુ બરસા વરસાવતી, હરતી હજાર હીડોળે કીધ, સિંહ લાખેક સંગાથે લીધ. કોલ કપોતને કરનામ કીર; ભોરંગ ભયાનક શુધ શરીર; સોળ શણગાર સ્વરૂપે સજી ભલી ભાતથી ભામની ભજી, સજ્યા નખ શીખ સિંદુર સોળ, મુખ ચાવ્યાં તાતાં તંબોળ જાવક રંગ રંગી પાનીયો. કનક કટોરી નઉત્તમ નાનીયો ઠમક ઠમક પરવરતી પાય, ગુણુવંતી ચીત્ શુભ મુખે ગાય; કામ કળા કામની તે કળે. તારૂણી આવી પાંજર તળે સમજ્યો પોપટ પુરણ પેર, ચાલી ચતુરા ગુણવંતને ઘેર; શામ દામ ભેદે નાખીયે, રામાને મંદીર રાખીએ. એ સાથે અહંકારજ કરૂં, તો મેનાની પેડે મરૂ એને દેઉ ડહાપણુને દાટ કામની મરડી નાંખે કોટ. એને કદાચ દેઉ જો આંચ, મરડે પાંખને ભાગે ચાંચ; એને ગમતુ બોલું એ સાથ, છઇડુ રાખુ પોતાની હાથ એના મન ગમતી બોલું વાત; તો તો રામા રહેશે રાત, ભલે ભલે આવ્યાં ભામની, જોખ કરવા ચાલી જામની સાચુ કે જુઠુ છે તેહ, નાર કોણુ પુરૂશથું નેહ એમ કહી બોલ્યો વાણુ, સાંભળ ચતુરા ચતુર સુજાણુ.

(દોહરા.) ત્યારે બોલી તારૂણી, સાંભળીએ શુક વાત; જાર વિદ્યા જાશું અમો રીહ સુખ આખી રાત, સુખે જાઓરે સુંદરી લ્યો લાખેણો લાહો, સુખસાગરમાં જીલજો, ખાંતે અમૃત ખાઓ. કદાચ કંઇ સંકટ પડે, પડે વીજારીનું કામ; તો ત્યાં ચરિત્ર બતાવજો, ધીરતા થઇને ઠામ. હેતુ પટેલ હાથી તણા, હાસા નામ હજુર; ચરિત્ર કરયું તે કામની પરાક્રમ કીધુ પુર તેવું કામ કરજો તમો જો કાંઈ સંકટ હોય, જખ મારી સઊકો જશે, કળી શકે નહીં કોઇ પગ ખેંચી રહી પ્રેમદા, ધારણુ રાખી ધીર; કોણુ હાથી હાસા વહુ, કહો તે ડાપણુ કીર. (છપા.) નારી ચરીત્ર નવ લાખ વરણુવી ન શકે વેદ; ભણી જાણે જે ભારથ, ભમાવે બ્રહ્મા ભેદ; શુરા નર શમરથ, કામ આગળ કાયર, પંડિત પંચ પ્રમાણુ, માનથી મુરખ માહાર: ડાપણુ દસ કરોડ ગમે, ગોરી આગળ ઘેલા સહુ; અજીત જીતાએ જુવતીએ, શામળ કહે સુખવંતી બહુ. હરાચંદ્ર ઈંદ્રને ચંદ્ર, વીરંચી વાયુ વરણુ; જુધિષ્ટીર અરજુન જશવંત, ભોજ વિક્રમને કરણુ; દશ અવતારીક દેવ, મારકુંડ માંધાતા મહીપત; જેની શતીને સીદ્ધ, રાય રંક રાણા ચિતવંત, એ નિપન્યા સરવે નારથી લેખક પાઠક લખપતી લહ્યા; કુખમાં રાખ્યા કામની, તો કહે શામળ જીત્યા કહાં. શુરા શાસ્ત્ર સોહંત, પઉઢ પ્રતાપિક પોઢો; હરતી દન્તોશળ હાડ. ધાલે ઘણા મુલી ઘોડા; અગ્ની તણી સેહે આંચ હળાહળ ઝેર પચાવે; નાલુ ગોળા રણુતુર, માહા રણુ જુધ મચાવે; વંતર જક્ષને વશ કરે, માહાજાર મરોડમાં, શામળ કહે સ્ત્રીને જીતી શકે; કોક લાખ કરોડમાં. લોહ ગોળાના માર; મારકણા જે છે મીઠા, નાર નેણુાના બાણુ, સેહે તે કોઇ નવ દીઠા, સત શહસ્ર લાખ કરોડ હોડેથી સરવે હારયા. જુવતીને નવ જીતે કોય, માયાએ સરવે માર્યા, એક કંચન બીજી કામની, અજીત્ત કહેવાયછે કથી; શામળ કહે કંચન જીતે તે કોટીધા, નાર જીતે તે કોઇ નર નથી. (ચોપાઇ) પક્ષી બોલ્યો આણી પ્રીત, કહુ દુજને રામાની રીત, ઉજન પ્રગણે અતી અનુપ, ભાથીસંઘ એક ભારે ભુપ. નંદાશું ગણાતું નામ, ઉજનથી એક જોજન ઠામ; હંસાનાગ પટેલ હાથીયો, સુર સામંત શોભીત સાથીયો. સાત હળ તો પોતા તણાં, બીજા ગામ ગામ માહે છે ઘણાં; દાસ દાસીઓને ઢોર. ત્રણુ પ્રકારનો તેનામાં તોર. રાજમદ જોબનમદ જર જીત; રાજદ્વારની ચલાવે રીત; લક્ષ્મી ઘરમાં શોભે ઘણી, અલખત કેરો છે આપ ધણી. (દોહરા) વધારયો વાસ એ .ઘણું, ફુલાવ્યો બહુ ફુલંત; ભાભો ભણુબી ભોળો ઘણો, હેતેથી ડોલંત. માન માગે મોટપ કરે. મેર સમો મહી-

માય, હાથ ઓડામણુ હળપતી; રહુ દાતા માંય સમાય. (છપ્પા) પટેલ આગળ પાદશાહ આપ આપે કર ઓડે; પટેલ આગળ પંડીત, લેણુ જશ જાચક જોડે, પટેલ આગળ ગરાસ; મીન મુકીને માગે; પટેલ આગળ લક્ષ લોક પામર થઈ પાગે લાગે પટેલ પાળે પસાયતા, જગત જીવાડણુ જાણિયા; પટેલ વડો પાદશાહ થયા તો કોણુ માત્ર વાણીઆ. વણીક હોય શ્રીમંત, ચાકર કણુબીથી હારે, કણુબી આગળ બીજા વરણુ ધરમ રેખા નવ ધારે; કરોડ પતી હોયે વણીક તોએ ગણે લક્ષ લેખુ; દુરબળ કણુબી દાતાર, ડાબા કહે સઘળે દેખુ; જાણુ હશે તે જાણશે, અહંકારી અહંકાર આણશે; શામળ શામા આપ્યા તણી, માગણુ જણુ માનશે. (ચોપાઇ) કણુબી કાહાવે કરતુ કરણુ, અશરણુ કેરા એ શરણુ; કણુબી કેરો ઉપર હાથ, સત વાદી સમજે સહુ સાથ. (દોહરા.) વખાણ્યો વાધે નહી, જો કરશો તરુણુનો મેર; કણુબી જ્યાં મણુ ગણે, ત્યાં અધીક તણુ પાશેર. (ચોપાઇ) પટેલ વડે હાથી કહેવાય, જળહળ ધ્યાન તણી ધજાય; ઘરમાં અન્નખતની નહી ખોટ. માગણુ આવે બાંધિ મોટ. હાંસા નામે ધણીયાણી ધરમ, સહુકો માને તેની શરમ; કરમવતી; જશવંતી જાણુ, પંચ વાત કરે પ્રમાણુ નર નારીને અદકુ હેત, સોંપ્યું તન મન ધન સમેત. બે જીવને જુજવી દેહ, પ્રીત જેવી બપઇયો મેહ. હીરો કુંદનમાં રેહે જે જડી, અળગાં ન થાય એક ઘડી; પુરૂષ પ્રેમદાને પુરણુ પ્રીત, રૂડી રૂડી વધારે રીત, પટેલ હતો પ્રમણુનો પતિ. રૂડી કરમની રેખા હતી; ગામ વસાવવા તે તો ગયો, ત્યાં તો એક તમાશો થયો. રસોઇ કારણુ વિપ્રને ઘેર, પટેલ પધાર્યા પ્રેતે પેર; ભોજન કરી રહ્યાં ત્યાં રાત; પંથ ઉઠી જાશું પ્રભાત. ગરીબ કણુબીને ઘેર દીકરી; છે કુંવારી નથી તે વરી. તેર વરસની વેસે ચડી, પટેલ હાથીની દ્રષ્ટે પડી. વિધાતાએ ઘડી હોય હાથ, પટેલે પુછ્યું વિપ્રને સાથ; સવા ગજના શરીરના કેશ, જોબનવંતી બાળે વેશ; પટેલે પુછી વિપ્રને વાત. આ જુવતીની કોણુ છે જાત; કોની દીકરી એનું શું નામ, પરણી છે કે કુંવારી કામ. ત્યારે વિપ્ર વળતુ બોલીઓ, મન તણો પડદો ખોલીયો, રૂડા કુળની રૂડા નામ, પાટીદાર અમારે ગામ. તેનો વડાઉઓ હમણાં મુવો. માસીશો તો કાલે હુવો; એની માને એ મીરાત રૂડી દેવ કન્યા રળીઆત પણુ તે પટેલને નોહોતો પુત્ર. ભોગદારી ઘરનો ઘર સુત્ર. તરૂણી જોઇને ટળક્યું મન, નાવી નિંદ્રા ન ભાવ્યું અન્ન. ગુણુવંતો આવ્યો તે ઘેર, પ્રેમદા આગળ પરઠી પેર; કાલે રહ્યા હતા જે ગામ. કૌતક એક દીઠુ તે ઠામ. તેર વરસની તરૂણી એક; વિનતા જોબન વડો વિવેક, અધીકો કર્યો મેં વિચાર જાણ્યું મેં હુ પરણું નાર. મારૂં તન મન તેણેં હરયું, તમથી બીન્યાથી નવ કહ્યું; તમો દુભાઓ તો કેમ થાય, તું દુભાય તો જીવજ જાય. મારે તો તન મન તું ધન માનની સાથે વળગ્યું તું મન; વરસ પાંત્રીસ તો મુજને હોય, કામની એવી દીઠી નહીકોય, વારંવાર કહુ શું તુને, તેણીયે વેચાતો લીધો મુને, કાંઇ નથી કેહેવાનુ કેણુ, સત્ય કરી એ માનો વેણુ. (દોહરા) નારી કહે નાહોલા, મેં કથન સાંભળ્યાં કરણુ, કોટી સમ ખાઇ કહું, તે પ્રેમદાને પરણુ, શિવ આજ્ઞા સાચી કહું, નથી દુભણુ દલ દાખ. એ વાતે હું દુખ ધરૂં શ્રી સુરજની સાખ. રળીયાત પરણો રાજવી, સાચો એ અક્ષર સુઝ, વંશ વાધશે આપણો, પામશું રૂડો પુત્ર. ઉજર કશી એ વાતમાં, બોળીએ માગ્યું આજ; જર ખરચે જોખમાં, કરો એ રૂડાં કાજ. એ વાતે મુજને દુખ નહી, પરણો રૂડી પેર; એ ગુણુવંતી ગોરડી, તે લાવો આપણે ઘેર. મેણું ટળશે વાંઝણું, ચતુરાઇ તેની ચાલ; કન્યા લખી હશે કરમાં, તો ગયા તમો ત્યાં કાલ. ગોર મોકલો ગામનો, લખી કંકોતરી લેખ; પડલુ કરશું સત પાંચનુ બીજાં વસ્ત્ર વિવેક, વિપ્ર ગયો તે ગામમાં, મળ્યાં તે માતને તાત; અથ ધ્રતી માંડી કહી; વિવાહ ૧

કેરી વાત. પિતા કહે પંડીત સુણો, એ વાત ન બેસે ચોક; દેશું નહી અમો દીકરી, જેના ઘરમાં શોક. શોક સમુ કો સાલ નહી, શોક સમો નહી રોગ; શોક સમાને દુખ નહી, શોક તેહના ભોગ. લક્ષ વીંછીની વેદના, પગલે પગલે પીડ, શોક માથે શલા પડો; શોક કાનમાં કીડ લક્ષ આમ અમી તણી, લક્ષ સરપનું ઝેર, લક્ષ કટકા સમશેરના, તેવું શોકયનું વેર. લક્ષ ઘાવ હોય ટાઢીયા, લક્ષ હોય ક્ષય રોગ: તેથી અધીકુ દુખ શોકનું ભાવે નહી એકે ભોગ, (છપા) જેના ઘરમાં શોક, કામણ ટુમણ તે પાસે; જેના ઘરમાં શોક, તેહને તો છાનાં છપનાં; જેના ઘરમાં શોક છે, વિનતાઓ આખો દિન વઢી; સામળ કહે સ્વામી શોકનો, સુખે નવ સુવે એકે ઘડી. જેના ઘરમાં શોક, તેણીએ બ્રહ્મહત્યા કીધી; જેના ઘરમાં શોક, થાપણ પારકી લીધી. જેના ઘરમાં સોક તેણીયે વ્રત ઉથાપ્યાં; જેના ઘરમાં સોક, ગળાં લોકોનાં કાપ્યાં નવાણ પુરાવ્યાં નિરનાં, મારયાં સાપને સાપણી શામળ કહે સોક એ શ્રષ્ટીમાં અરસ પરસ એ પાપણી. લોહ પનોતી લખવાર લોઢાને પાયે હોયે, મંગળ ચોથો મેળ. કાણુ કુજોગે કહીયે. બારમો રાહુ બળવંત દશા પણ રાહની રોગે; નવગ્રહ નિરબળ નીચ, ભાગ્ય ઈણાના ભોગે; એટલા ગ્રહ જેમ દુખ દીએ, કલ્પના વેઠાવે કાળનું, શામળ કહે તેથી સત ચણું, દુખ સોકના સાલનું. (ચોપાઈ) તે કન્યાયે પ્રિછવ્યો તાત, આગળ માંડી કહી વાત; જખ મારે છે સોક માહરી, હું તો છું પુત્રી તાહરી. જેવું કરશે તેવું ભોગવે, ન્યાય અન્યાય આપે ભોગવે, સારી શિક્ષા દેઉ તુને, સુખે ત્યાં પરણાવો મુને. સોકનું દુખ તમને નહી કહું; દુખ સુખ સરવે સાખી રહુ, હરી કરે તે સાચુ હોય, એવો વર મળે નહી કોય. મા બાપે વિવાહ શુદ્ધ કરયો, તે વરને વનીતાએ વરયો, હેત પ્રીતને ઉલટ ભેર, વિનતા આવી વરને ઘેર, ખાવું પીવું ને ખેલવું: નિત્ય સમુદ્રમાહે રેલવું; એ સોકોને જેવી પ્રીત, જેવી રાજવીયાંની રીત. (છપા) હરતી સીંહને પ્રીત, પ્રીત વાઘને હરણાં; અજ ગજને પ્રીત પ્રીત તાપને તરણાં, ઊંદર બલાડીને પ્રીત; પ્રીત મનીને સ્વાના; પ્રીત સરપને નોળ, પ્રીત લગન ને ઘાના; પ્રીત વીપ્રને વરતીઓ પ્રીત અસુર સુર ચોકનું; શામળ કહે પ્રીત સહુ, પ્રીછજો સકળ શ્રષ્ટીમાં સોકનું. પ્રીત સરપને ગરૂડ; પ્રીત કાગળને પાણી, પ્રીત સતી ગુણગાય, તજે તલને તે ઘાણી; પ્રીત અગ્નને નીર પ્રીત જેમ સાચુ જુઠું; પ્રીત તસ્કરને શાહ, પ્રીત રીઝવણને રૂઠું, એમ પ્રિત વેર લક્ષા ગમે; કહે શામળ શું કહું કથી; દુખ દેનાર સંસારમાં, સોક સમાન બીજુ નથી. (ચોપાઈ.) માસ છ માસ થયા જેટલે, બેઠાં બે જણ ત્યાં તેડલે; અરસપરસ હેરાં માંડીયાં અંતર હેત છેક છાંડીયાં. કામણટુમણ માંડયાં તરત સોક સબંધી જેવી સરત; એ વાત ઇહાંથી રહી, પછે એ બેની શીગત થઇ. (દોહરા.) વડી શોકે વીચારયુ. પ્રસવશે નાની પુત્ર; માન પામશે માનની, ભોગવશે ઘરસુત્ર. નાની સ્ત્રીએ વીચારયુ, એ શું ડાહી થાય; એ જીવેથી સુખ નથી, મરેથી ભાવઠ જાય. બે જણીઓ બેના કામમાં, નીચ બુધીએ ખરચે દામ: પ્રપંચમાં બે પ્રેમદા કરવા પાપનું કામ, કામણ કરાવે કોટીધા, અતિ ઘણા કરે અંધ દોરો ચોટણ ચટીયો; તે ધણી ન જાણે ધધ. વડિ મળી એક વિપ્રને મનમાં રાખી મેલ; વાંકડમલ વરણાગીયો છોગાળો ને છેલ. તાણુ રાખે ટીપણું, જોશી માંહે જાણ; વિખ્યાત બધા વિશ્વમાં, પંચ કરે પ્રમાણ. નિત્ય આવે નારી કને, ગુણ જાણે સહુ ગામ; વાંકોને વિદ્યા ભણ્યો, નરભો તેનું નામ. કામની કહે કહો તે કરૂં, સોંપુ ધન ઘરસુત્ર, વનિતા રહે વાંઝણી, પ્રસવે નહી એ પુત્ર. મહિનો ભરાય જો માહરો જો વાધે મારૂં માન; તો તમને સે પુરાં સવ. તન મન, ધનને ધાન. વારૂ કહી વિપ્ર ગયો. વધુએ વિચારી વાત એહ વાત જાણી પડે, તો થાયે મહાઉત્પાત, હા કહીને તે નીસરયો, દઈ

દીલાસો તે દીધ; કદાચ કોઇ જાણશે, તો જાય શરમને શીખ. બીજી શોકે વરતીયો, તેડા-વ્યો એકાંત; વાત મરવે માંડી કહી, ભાગી મનની ભ્રાંત. પુન્ય ઉપાય પ્રીતે કરો, વશ થાએ નીજ નાહો, મારૂં કહ્યું જો એ કરે, તો લીજે લાખેણો લાહો. પુન્ય પુજાઓ છો પ્રગણે, કામણ ટુમાગણના રાય; મરજો મારી શોકડી, તો ભવની ભાવટ જાય, કદાચ શોક મરે નહી, જડે નહી તુજને લાગ; ભવ રાખ એને વાંઝણી, પ્રણમુ તારે પાગ. ટળે શાલ જો શોકનું, પામુ જો હું પુત્ર, તો તમને સોંપુ અમો તન મનને ઘરસુત્ર. જે માગે તે આપીયે, સ્નેહ કર્યો તે સાથ. કોલ પરીખ્યા પચાસનો. હેતે આપ્યો હાથ વારૂ કહી વરતીક ગયો, દીલ દીલાસો દીધ; મેર એક મેના તણી. લાભ કરીને લીધ સહુ સહુને કામે થયાં પોતે પોતાને પંથ; આપ આપણું ડાપણ કરે, કોઇ ન જાણે કથ. એક એકના હેરા કરે એક એકના પરહે પુંઠ કો કોને કહી નવ શકે, કરે ન માથાકુટ. સદવિદ્યા તેમાં નહીં, રાચ્યો ન મળે રંચ કેરટ ફંદ રચે ઘણા, પેટ તણા પ્રપંચ. માગી ખાય ફકીગરી, ઉડલે ઘાલે આભ; સિધ શાનો હોય સેવડો, કહેતો ફરે ધરમ લાભ. (છપા) કો એક સિધ સુજાણ, કોએક જવલા જોગી; કો સત વિદ્યા સુગ, કોઇક બહુ વિદ્યા ભોગી; કોઇક ભાવિક ભક્ત, કોઇક પરમારથ પ્રીતે, કોઇક સત્ય સપુત, કોઇક ન્યાવટ નીતે કોઇક ધાતુરવેદી, કોઇકના મંત્ર સફળ ફળે; શામળ કહે રખે માનતા, સદવિદ્યા શોધી ના મળે (ચોપાઇ) વિપ્ર વરતીયો પરમપવિત્ર, મોટો માન્યો તુજને મિત્ર; જાણે એક માડીના જણ્યા, ભારે વિદ્યા ભાવે ભણ્યા, નીત્ય એકઠા રોખે રહે. એક એકની વિતક કહે; ખાવું પીવું ને સુખ દુખની ભોગ જોગ ભાવક સુખને ભોગ. છાનાંછપનાં કહે એકાંત. ભાગે પોતાના મનની ભ્રાંત; પાપ પુન્ય કે વેર વાકની, કરે વારતા રાવ રાંકની. ૧૧૨ (દોહરા) રળીયાત એક દીવસ સમે સાચી વિચારી સુન્ય; એકાંત તેડયો એણીએ, પોશાળેથી પુન્ય. દાડી કરોછો વાયદા, એ ફંદમાં શો ફાયદો; હા કેકે પછી નાય. પુન્ય

કહે સુણ પ્રેમદા. તું ઘાણા ભરને ખેડ; ઘર નોહે તારો ધણી, તે દહાડે મુજ તેડ. રખી રામા રૂદીયા વિશે. અધિક કોલ તું આસ: કંથને કહાડી મુકશુ કોડ વશાએ કાલ, તારે વિદ્યા હોય જેટલી, તેટલી લાવજો તરત; મારે આવે દીકરો. શોક તો પામે મરત. મારા સમ કહે માનની, કેવું કરોછો કામ; જરૂરાજરૂરી આવજો, વચમાં આપ્યા રામ. સુરજ ચંદ્ર સાક્ષી કર્યા જો નાવે તું આજ; કાડી મુકશું કંથને કરવા રૂડાં કાજ. વરતિ કહે વિનતા સુણો. એ હસ્તિને પેર હરણ; હું પુન્ય એ પરેલીયો, માથે આવે મરણ. શિયાળ પરોણો સિંહ ઘરે, મુષક મંજારી પાસ; અહિ પાસે જાએ અળસિયું, જીવ્યાની શી આશ. મેડક જેમ મણિધર ઘરે. શારદુલ સાથે સ્વાન; અજા જાય જમ ગજ ઘરે, મેળ શું પામે માન. કેને હાથ દેશો તમો, જો કાંઇ સંકટ હોય; શેવડાને શુળી દીએ, વારનાર ન મળે કોય. (છપા) ઇશ્વર કેરી આણ, નામ લેવા દઉં તારૂં પડે જ્યાં તુજ થુંક, મેલું રૂધિર ત્યાં મારૂં; જો જોખમ આવે તુજને, જીવન મારૂં પરહરૂં, હાકમ પટેલ હજુરિઓ બહુ પરાક્રમથી તુજ સંગ બળુ. (ચોપાઈ) અરસપરસ એમ બોલ્યા બોલ, કરોડ પરીયાનો દાધો કોલ; કાંઇ ન રાખ્યો ત્યાં કાયદો, બીજા દીવસનો કરયો વાયદો. વધભાવ રૂડો પોતાનો વાસ, પટેલ ગયા પટલાણી પાસ; હું તો છું દાસ તાહરો, એક શબ્દ સાંભળો માહરો. મોટી શોક માતાને ઠામ, મારૂં એક રહેછે કામ, નિરમળ રૂડાં એનાં નેણ, અમૃત જેવા વદને વેણ. એને સોળમો દહાડો કાલ રૂતુદાન જુવંતીને આલ; મે કોક સાધને પુછીયું. જન્મપત્રી જોઇ સુજીયું. સાચો સીધ સતવાદી સુત્ર, પરમેશ્વર આપશે એને પુત્ર; આપણું તો દરિદ્ર જશે, એહનુ જીવિત સફળ થશે. (સોરઠા) સોળમો દીવસ શુભ શુભ, વિધ વિધાન વિસે વસા; પરમેશ્વર આપે પુત્ર, સતવાદી સહુલક્ષણો. સિદ્ધ એ સાચો હોય,

પેર પેર જોયુંછે પારખુ; કળી ન શકે કોય ભુત ભવીષ્ય વરતમાનનું. (ચોપાઈ) જગ માતાનો છે પ્રસાદ, હું આપુ આણી અલ્હાદ; તે મારી બેનને આપજો, આખી રાત થોરતા થાપજો. ત્યાં નવ કેશો મારૂ નામ, જેમ તેમ કરવું આપણું કામ; હરખ હેતથી પ્રીતે પાસ, શાબાને કહુ શાબાશ. (દોહરા) વિપ્રને વરતીક મળ્યા, કહી એક એકની વાત; આજ રામા રણીયાત ઘેર, રેહેવુ મારે રાત. વછનાગ ઘાલે તે લાડવા, આપશે ધણીને હાથ; મોકલે મંદીર મોકલે, સ્નેહ કરવાને સાથ. વછનાગ ઘાલે સિંધડીઓ, ઝાઝુ તેમાં ઝેર; મરશે કે તે જીવશે, વિનતા વિનતામાં વેર. તેને ઘેર મારે જવું. રેહેશે આખી રાત; ત્યાં ગયા કેડે થશે. પાકવશું પ્રભાત. તે વરતિક નથી જાણતો. જે વિપ્ર હંસા ઘેર જાય; તરણાનો મેરૂ થયો, થયો રાંપીનો ઘાય, તે વરતીક મુરખ ઘણું, વિપ્રને સોંપી વાત; કલંક પોતાનો કહ્યા થકી, થાસે અતિ ઉત્પાત. વારૂ મિત્ર જઇ આવજો, રહેજો રૂડી રાત; આનંદ કરજો અતિ ઘણો, વિગતની કહેજો વાત. (ચોપાઇ) અરસ પરસ એમ વાતો કરી, વિપ્રે વાત રૂદેમાં ધરી; હસી આગળ જઇ જોડયા હાથ; સ્નેહથકી બોલ્યો તે સાથ. મેં પુરસ્ચન કીધું તાહરે, મહાદેવે માન્યું માહરૂ; કહુ તે વાત મનમાં એક, શો વશા કાલ મરે તુજ સોક. કંથ તારો એ ઉપર કોપશે, સોક તણી લજ્યા લોપશે, એના ઉપર કોપીઆ છે ઇષ્ટ, સ્વામી છેદશે એનું શીશ. એને ઘેર વરતીક આવશે, કામણ દુમણ લોભે લાવશે; હાંશી કરતાં થાસે હાણુ. પતિ લેશે પ્રેમદાના પ્રાણ. (દોહરા) લાડુ મોકલશે લાખેણા, જેમાં ઝાઝુ ઝેર; તુજને મારવા કારણે, વાળશે એતો વેર. તે લાડુ તું ખાઇશ માં, કંથને કેહેજે કેણ; મેં તુજને જેટલું કહ્યું તે તું ગ્રહજે વેણ. મોટી જો માને નહી, તો લાડુ લેજો હાથ; મોટીને ત્યાં મોકલી, તું પણ જાજે સાથ. એકાંતે રહેજો બે જણાં. જો જો સરવે સુજ; વાત કરે તે સાંભળે. એક પ્રેમદા બીજો પુરૂષ. ખાય ખુશી કરે ધણી. દેખાડજે તું દીશ; ભાવઠ જશે ભવ તણી, સ્વામી છેદશે શીશ. તારે વશ થાશે ધણી, નર થાશે તારે નામ; પછે પુત્ર પામ્યા તણા. જો જો મારાં કામ. સોકને વાલો વરતીઓ, સોકને વાલો ભમ; એક એકને મારવા કુડી મરે છે કરમ. સંભળાવી વાત સંચરયો, ચતુરા ચેતી ચીત; પાંજરામાં પ્રલે થઇ, રામાની એ રીત. બીજે દીવસે શું નીપન્યું, પ્રીતે હવો પ્રભાત; સંજ્યા સમે સ્વામી કને, વિનતાએ કહી વાત. મીઠા મોદીક મોકલ્યા, અત સાકરમાં ગોળ; સ્ત્રીની બુધ છે પાનીયે, તનમાં વાત નવ તોલ. પાન ફુલ લઇ પરવરયો, હોંશે જવું છે હરખ; પરપંચ પટેલ નથી પ્રીછતો, કામની કપટના કરમ. આસ્વાગત અદકી કરી, માનનીએ દીધાં માન; વળી તે મુખ આગળ ધરયાં, લાડુ ફુલને પાન. ભેટ મોકલી ભાવશુ તારી નાની બેન, વિશ્વંભરીનું વ્રત કરયુ, એ મોકલ્યું છે એન. વડી બેનને દીકરો, આવે અતી આલ્હાદ; શુભ મુરત દિન સોળમો, પ્રીતે દીધો પ્રસાદ. સિધ એણીએ સેવિયો, પરમેશ્વર જેવી પ્રીત; નથી મને દેખાડીયો, રામાની એ રીત. એટલે પેલો વરતીઓ, પુજ્ય પવિત્ર પાત્ર, સંજ્યા સમે તે સંચર્યાં, જોવા જુવતી જાત્ર. માન દીધાં તે માનની, ધન ધન આજનો દીશ; આસન બેસણુ અતી ઘણાં, પાગ નમાવ્યું શીશ. એકાંત થયાં બે તે સમે, આનંદ દેહમાં આપ; વળતી ત્યાં શું નીપન્યું, છાનુ ન રહે પાપ. (ચોપાઇ) પટેલ આવ્યો પટલાણી ઘેર, પ્રીછવે સ્ત્રીને બહુ પેર; ધણીઆણી કહે સાંભળ ધણી, તારે મારે પ્રીત છે ઘણી. તું તો ભામો ભોળો ભુપ, રાજવીયાં રહીઆળા રૂપ ભામની ભોળવે ભોળવાય છે, જુઠા જુઠા સમ ખાય છે. કામનીએ કરયો છે કેર, લાડુ માંહી ઘાલ્યુ છે ઝેર; હેત હરખ મુજથી હારવા, મોકલ્યા છે મુજને મારવા, તે વાત તું નથી જાણતો, અંતર ગ્યાન નથી આણતો; સોકયો સોકયોમાં છે ખાર, અતિશે વેર છે અપરંપાર.

તારૂં કહ્યું તે હું કેમ કરૂં, લાડુ ખાઉં તો નિશ્ચે મરૂં; મોકલ્યા છે બાવક કઢાડવા, શોકને સુખ પમાડવા. એ લાડવા તો ખાઓ તમો, અંતઃકરણથી આપુ અમો; તમને રૂડું મનાવા કારણે, તેડયો પુરૂષ કા બારણે તે સાથે મોજો એતો કરે. કહે છે સોદય દણફુટે મરે, કાલનું જાણું તે મુજને થયું. આજ તમને માંડીને કહું; વછનાગ શીંગડીયો તે ઝેર. કામનીએ લાડુમાં કીધે. ફેર. લાડુ એતો શોકવજ ખાય, જાણે છે ભવની બાવટ જાય; ભલે ભલે તમો આ-વીયા, ઝેર તણા લાડુ લાવીયા. તુજને તો કાઢી મુકિયો, કોક નર મંદિર ઢુકીયો; કામણ ડુમણ કરાવે ઘણું, મુજને મારવા મનડું તે તણું. (દોહરા) મંટી કહે કેમ માનીએ, એક વાતનાં કેણ, એ જુઠા જુઠાં શું વદે, ત્રિનતા વિપરીત વેણ. એને હેત તુજ ઉપરે, તારે મનતો ખાર, એ તુજને ઘટતું નથી, એ નહી તારો વહેવાર. તેણીએ પુજી છે અંબીકા, પ્રિતે દીધો છે પ્રસાદ, તે મુજ સાથે મોકલ્યો, આણી મન અહલાદ. એ ગુણનો અવગુણ વરયો, રૂડા ભજવા ભાર, શોકનો ખાર તાર મને, એને ચઢાવે આળ, નારી કહે સુણ નાહલા, આ વળા તુ ઉઠ, પ્રગટ દેખાડુ પારખુ, હજી બાંધી રાખુ મુઠ. ઝહેર ન હોવે લાડવે, તો મુજને મારજે આ ઠામ, નહીતો તે ને તારી વહુ ખાશો લાડુ જામ તેડી જાઉં તારે મંદીરે દેખાડુ પ્રગટ રૂપ. તો હાંસી નામ મારૂ ખરૂ, જુઠું ન બોલુ મુખ. જાર તારી જુવતી તણો, દેખાડુ હું દ્રષ્ટ, તારે મંદીર થતી હસે, અમૃત કેરી વૃષ્ટ. કંથ કહે શુણ કામની, દેખાડે આ દીશ; બ્રહ્મ હત્યા લક્ષ કોટીઘા, છેદું એનુ શીશ, પકડયો પ્રાણપતિ તણો, આપ્યા લાડુ હાથ; સોકને મંદીર સંચરી, પોતે સ્વામી સાથ માંટી મુરખ તું માહર, ચતુરાઇ ચિત્ત ચાહા; એક તું ને તારી વહુ, મુજ દેખતાં લાડુ ખાઓ. જેહેર હોય જો લાડવ, એને ખવરાવું આજ; સ્ત્રિ હત્યા ગણું નહી, જો કરે એવું કાજ. નર નારી બે આવિયા, વિપ્ર વિચારી વાણ; સાહસા કામ કરૂં નહી, પ્રેમદા લેઉ પ્રાણ. કોડિયામાં કંથ કામની, જુવે જાળીયા માંહ. વનિતાને તે વરતીયો, એકાંત બેઠા છે સાંહ. દશ દિવા દસે દીશા, પુજે મહાકાળી માત; અરસપરસ આનંદમાં કરે વિનોદે વાત સાચુ જુઠુ જોયા વિના, સ્ત્રિહત્યા કેમ થાય; વનિતા વનિતામાં વેર છે. આચરે કુણ અન્યાય પુન્ય કહે સુણ પ્રેમદા. લાડુની શું પેર; માનની કહે મેં મોકલ્યા; મારી શોકને ઘેર, પટે-લને પટલાણીએ સરવે સાંભળ્યું કાન; કર ચાંપીયો કંથ કામની. સરવે સાચુ માન. તે વેળા તેની ઘડી; તરૂણી ઉપર તરત; કાઢી કટારી ઉભો થઈ માનની કેરૂ મૃત. વનિતા વરતિક નથી જાણતાં, કાહોડામાં જુવે કંથ; લાડુ મોકલ્યા મારવા, પાપી એનો પંથ. જો મુકુ એને જીવતાં, તો બીજો ધરાવું બાપ; મુછ મરડી કરડી દંતને. ઉઠયો અતુલ્ય બળ આપ. (ચોપાઇ.) શુક કહે સાંભળ સુંદરી. ચંતમાં વિચારો ચીતે ધરી; જુવંતી જુવંતીમાં આણ્યું વેર પ્રત્યક્ષ લાડુમાં દીઠું ઝેર. એ જુવતી કેમ સાચી થશે જન જીવતો ઘેર કેમ જશે; સ્ત્રી કેમ કહેવાશે સતી. પાય લાગશે કેમ એનો પતી. કેમ સમશે સામાનો શોક; કેમ વશ થાશે સરવે લોક; મોટી શોક કેમ કર જોડશે, તે કેમ માન મરદ મોડશે. મોટી શોક કેમ પડશે પાગ, કેમ ઓલવશે સઉની આગ. જારી કરતાં સઘળુ સેલ, ભોગવતાં મોટુ મુશ્કેલ. દીઠું સોકે કંથ સાથમાં લાડુ જેરના છે હાથમાં; વરતિકને વનિતા છે બેય, નર પોતાનો દીઠો નેહ. પુછે ત્યાં શો દેશો જવાબ, લાડુ ખવરાવે આપો આપ; પતિવ્રતા લીધી છે ધણી, કેમ જીવતી મુકે ઘર ધણી. નારી એ સાચી કેમ થાય. વળી સોક કેમ લાગે પાય; કેમ એનું કલંક ઉતરે, કેમ પુન્ય પ્રીતે પરવરે. કેમ જારીનો નિર્જારી થાય, કેમ અન્યાયનો થાયે ન્યાય, ઉકલે તો કહો મુને, નહિતર હું સંભળાવું તુને, ત્યારે પ્રેમદા લાગી પાય, જડે નહી મુને એક ન્યાય;

સોયેક એવો ખાસે સમ, સોકને સ્વામી માને કેમ. એતો વિષય વિજારી વેદ ભાગો ; ચોપટ મારો ભેદ; એતો વાત સંભળાવો કરણુ, ચોવિધ લાગુ તારે શરણુ પોપટ કહે રહો એક રાત, શિખવું વિદ્યા વિજારી વાત; તે કામનીએ દીધો કોલ, બોલ ઉતાવળો એ તું બોલ. કેમ એણે વિજારી કરી, કેમ સાચી થઇ એ સુંદરી કેમ ઉગરયો એણે પુત્ર. એક પડે નહી મુજને સુજ઼ર, (દોહરા.) પોપટ કહે પ્રભાવતી, સાંભળ ચતુર સુજાણ; કવે દીઠી કામની, વાગ્યુ રૂદયમાં બાણ. લાડુ કાને સાંભળ્યા. મોકલ્યા હતા જે મુખ; પ્રત્યક્ષ દીઠો પુજને, દેહમાં પેઠુ દુખ. પુજન દીઠું ચંડી તણું, વાત તો બેઠી ચોક; ત્યાર પહેલું સરવે કહ્યું, સમજાવવાને સોકય જોવા રહ્યાંતાં જાળિએ, માંટીને કહે માન ક્ષણ માત્ર ચુડી ખડખડી, કામનીએ સાંભળ્યું કાન. અરે દઇવ હવે શુ થશે, કદાચ જોતા હશે કંથ, અધ-રમ અન્યાય અતિઘણો પ્રાંઢા પાપનો પંથ. કાળું ખુટયો દિસે માહરો, માથે આવ્યુ મોત; જીવ જરને જશ જશે, ગોહણુ ગોળા સોત. ચેતી ચતુરા ચીતમાં. લજ્યા થઇ મુજ લોપ; સોકને સ્વામી જોતાં હશે, તો તો કરશે કોપ. સાનમાં સમજાવ્યો સેવડો, નયને ભરીયાં નીર; પુત્ર સુપાત્ર પવિત્ર છે; મોઢે બોલી મારા વીર. મારે તો ઇશ્વર તમો, મારા છો પરિપાલ, રૂડુ કરતાં ભુડુ થયું, અદકો એક અધરમ. મારી સોકને દીકરો આવવા કારણ આજ; તમો કરવુ તું તે કર્યું, કલ્યાણ કરવાનું કાજ. તમો મોકલ્યાતા લાડુવા, મેં મુકયા મારે ઘેર; સરપે ધરલ નાંખ્યા હશે, ઝાઝું ચડયું હશે ઝેર એ લાડુ મેં મોકલ્યા, મોટી બેનને અર્થ, સવળાનું અવળું થયુ વિષ પ્રગટશે વ્યર્થ. એ લાડુ મેં રાખીયો, ખાવા બેઠો તરત, એક મુકયો બલાડીને, તેતો પામી મરત. મેંતો તે ખાધા નહી, આવી મનમાં આંચ; ફરી નાંખ્યો એ સ્વાનને, પામ્યાં મ્રતજ પાંચ. ત્યારે જાણુ મુજને થયુ, ધસચ પડીયા હાથ, કયાં જાઉંને કોને કહું, કરવું કોની સાથ. મરદાન મરદ એક માહરો, સોકય એ મારી માત, કદાચ જમશે લાડવા, થાશે મહા ઉત્પાત. ભરથાર ભામની ભક્ષ કરે, જાશે તેનો જીવ; તો મારે મરવું પડે, કોપ્યા સરવને દઇવ. સો વશા અવળુ થશે વીસ થાશે વ્યહેવાર; લોક માંહે લજ્યા જશે, કહેશે શોકનો ખાર. તે માટે હું જાઉંછું, ચેતાવવા તેને પેર; કદાચ લાડુ ભક્ષ કરે, પછે થી કરીએ પેર. સમજી ગયો તે સેવડો, વનિતાએ ફેરવી વાત; કાંઇક કપટ અહાં હશે, થાશે મહા ઉતપાત. સાંભળ બેન સલક્ષણી, ચંડી પુજન વ્રત; વિઘન કાંઇ વેઠે નહી, કોઇ ન પામે અંત. શત વરસ સ્વામી તાહરો, ચિરંજીવીત હોય જન્મપત્રિકા જોતાં જુગત, ગાંજી ન શકે કોય. પ્રશ્ન જોતાં પ્રિછવા અમો, લાડુ મોકલ્યા સ્વામી સાથ, તે કોઇએ ખાધા નથી, હેતે અમા છે હાથ. (સોરઠા.) વિનતા વરતિક સાથ કરે વાત જે કારમી, હેતે લાડુ છે હાથ, શોકને સ્વામી સાંભળે. માહરી તું તો માત, રખે બીક મનમાં ધરે; જશવંત તાહારી જાત, અપજશ ઇશ્વર આપે નહી, તું સતી શીરોમણી સાર. પેરે પેરે તુને પારખી, અંબાનો અવતાર, જાણે બધા જગતમાં. જોતા ઉતરયું ઝેર સહેજ ભાગ્યો સરવનો; એ વિનતાને નહી વેર, કપટ આપણા કરમનો. (દોહરા) પુજન એ પુરૂં કરો, હું શોકને મંદીર જાઉં, પ્રસાદ છે જે માહરો, શોકને આપી ખાઉં. કહું જઇ મારા કંથને; શક્તિ પુજન સુજ. સંતાન શોકને કારણે, પવિત્ર તેડયો છે પુજ. હવન કેરો પંચામૃતે, ઠીક બનાવ્યો ઠાઠ. ગુગળને વળી ઘરતની, આહુતી એકશો આઠ, નારી કહે નાહી નરનાહ, નથી રાખી મેં ન્યુન; શોકને આપજે બેટડો, પહોંડું આપજે પુન્ય. એકાદશી એક વરસની, ઉપવાસ કરવા મેં આપ, શોકને આપજે બેટડો, એક પુન્ય પ્રતાપ વિષ્ણુ પુજા વેદ વરસ. કરી છે મેં કરજોડ, આપજે તેને બેટડો, રીઝજો શ્રી રણછોડ. ચોપન

પુન્ય ચતુરાએ આપીયાં, હોમી ગુગળ ઘરત, વળતો બોલ્યો વરતિયો, તે વેળાએ તરત પોશા કરયા મેં પંચ માસ, આઠમ એક શત આઠ; તેહ પુન્ય તુજ શોકને, સંતાન પ્રગટજો સાદ. એકાશન કરયાં એકાશણાં, શીળવ્રત સુત્ર; તે પુન્ય તારી શોકને, પુન્યવત પ્રગટજો પુત્ર. અપવાસ કરયા એક માસના, પચુસણ પચખાણ; એહ પુન્ય તારીહુ શોકને, પુત્ર આવજો સુજાણ. ચોપન આહુતી ચતુર નર. એક ઘડીમા દીધ; ઝેર ઉતારયું જુવતીનું. કારજ એવું કીધ. વારૂ માતા અમો જાણિશું પુજ કહે પોશાળ; વળી જે કહો તે હું કરૂં, વિનતા ઉપર વાહાલ. તુતો મારી બેનડી, તુંતો ધરમની માત; હુંતો ધરમનો દીકરો, સાચા કહુ એ વાત પ્રેમદા કહે પવિત્ર નર, રહો આજની રાત; માંટી આવે ઘેર માહરો, પરવરજો પ્રભાત. હું જાઉછું ઉતાવળી, ત્યાં જઇ શીક્ષા દેઇ; હકીકત કહું માહરી, લાડુ પાછા લઉ. હજુ પટેલ ચોરે હશે, ઘટીકા ગઇ બે રાત; કદાચ લાડુ ભક્ષણ કરે, થાએ મહા ઉતપાત. પટેલ માહરો જીવડો, શોક માહારો પ્રાણ; હાથી કાને સાભળે વિનતા કેરી વાણ. તેડી લાવું, કથતે તેડી લાવું શોક; સુવો તમો તો સાથરે, ચોવટ માંહે ચોક. અમો ત્રણે એકઠાં મળી. પ્રીતે જમીએ પ્રસાદ, તમારૂ દરશન કરાવીએ, આણી મન અલ્હાદ. પુજા સરવ સમરપી, પુજને લાગી પાય. સુવાડયો સુખે સેવડો, જુવતીએ રૂડી જાગ જાવા માડયું જુવતીએ, મંદીર શોકના માંહ; કંથને પેલી કામની, તોલ કરે છે ત્યાંહ. ઝેર ગયું સરવ ઉતરી, વહી ગયું વાતે વેહેર સ્નેહ ઉપજ્યો શોકયનો, માંટીની ઉપજી મેહેર. એ તો સાચી સુંદરા, છાના નહી આ વાત; કદાચ એને મારતાં, તો તો થાત ઉતપાત, આપણ કુડ કપટ ભરયાં, એના મનમાં પ્યાર; અને આપણે દુભિયે, એતો નહી વહેવાર. જાવા માંડયું જુવતીએ; શોક તણી જા જાગ્ય; એટલે કંથને કામની, પ્રીતે પ્રણુમ્યાં પાગ. શાબાશ શાબાશ સુંદરા. શાબાશ એતો પુન્ય; અમો પાપી જોયું પારખુ, તમો સતવાદી સુજ. અપકારી એ બાપડી, જારી ક્યાં રાતરે જાગ; પ્રદક્ષણા પંદર કરી, પતિ જઇ પ્રણુમ્યો ભાગ. ધન તારાં મા બાપને, તેં વાળ્યો આડો આંક; અમે અપરાધી તાહરાં; ક્ષમા કરો અમ વાંક, અમો બાકી રાખી નથી ભુંડું કરતાં ભેદ; તું મોટાં મા બાપની દીકરી, અકકલવંત ઉમેદ. બાહાનુ ભુંડે ભોળવ્યાં, ચાહી બાધી ચેત; અમો અધરમ એ જાણીયા, ઉતરી ગયું હેત અજાણે તમને મારતાં સ્ત્રી હત્યા શિર થાત; પરલોક નરકે પડત; દુનીયામાંથી જાત. પાપ બુડેને પુન્ય તરે, ઇશ્વરનો વહેવાર. ગુણ જાણ્યો તે ગળી ગયા, અપરમપાર અપાર. પુન્યને પાગ પરણુમ્યા, તું તો ડાહ્યો દેવ; જ્યાં સુધી તે જીવીયાં, સદા નીરંતર શેવ. ત્રણુ જણ તરતીબશું, પ્રીતે જમ્યા પ્રસાદ; વાણે વોળાવ્યો વરતીયો, આણી મન ઉલ્હાદ. સંતાન પ્રગટયુ શોકને, તે પણ લાગી ચરણ, પોપટ કહે પ્રભાવતી, કથા સાંભળો કરણ. પ્રતક્ષ ઝેર હતું લાડવે. પ્રતક્ષ દીઠાં પુન્ય; તે અવગુણ ઉડાડીયો, ધણી કરીને ગુન્ય. કરયો ઓશીયાળો કંથને. વશ વરતાવો. શોક, ગુણ વધારયો ગામમાં, ચીત વાત ધરી ચોક. ચડયાં કલંક ઉતારીયાં, કરયું મેરૂને તરણ, શોક સમેતે સ્વામીને, એવિધ નમાવ્યાં ચરણ કેણે કલંક ન જાણીયું, કોણે ન ભાગ્યો ભેદ; સ્ત્રી ચરીત તે એ ખરૂં વિષમ વિકારી વેદ, એવી વાણા આવડે. તો તો કરજો કામ; નહી તો મંદીરમાં રહો; રૂદે ધરો શ્રી રામ ખાઓ પીઓ ખુશી કરો, નેક ન રાખશો ન્યુન, પામ્યા છોને પામસો, જો કરશો કંઇ પુન્ય વિજારીથી શુ થશે જુવાની કેરા જોર, કાં પૂરૂષ કાં પ્રેમદા, ચતુરભુજ કેરા ચોર. આકળ કેરાં ઝાંઝવાં ઘડી એકનું સુખ; પરલોક પડવું નરકમાં, દાવાનળ જેવું દુખ જેણે જોબન જીતીયા, જેણે જીત્યાં પરનર નાર, તેહ જન સિંધુ તર્યા, ઉતરીયા ભવપાર. હાથ હૈડાં નવ રાખીયાં થયાં વ્યસનમાં ગરક, તે બુદ્ધ હીણાં બુડીયાં, નિશ્ચે ભોગવ્યાં નરક. માણસને

તો છેતરે, કરે વિજારી વાત; છબીલો જાય છેતરાયો, અંતરજામી જાત. ચાતુરી હોય જો ચીત્તમાં, વિદ્યા ભણ્યા હોય વરત, તો રીજવજો રૂગનાથને, તે તો ફળસે તરત. પર પુરૂષ પર નારને, પરધનને પર જાર; ઝેર હળાહળ જાણજો. અતી તાતા અંગાર ઓથા આળો ઘણી આ લોકમાં. દિવાન દરબનો દંડ; હાકમ નાત સહોદરાં, લાંચી લોભી ખંડ. પરલોકે પીડા ઘણી. જમદુતનો બહુ જોર; દાવાનળ દુખ દોહિલાં, એ અંધારૂ ઘોર. જેણે જીત્યો જગત જશ, જેણે જીત્યા આપ; વસ્યા તેહ વઇકુંઠમાં, વેદ પુરાણે છાપ. જાર્યા માંહ વિજારીયો ધારે વીચારી ધરમ, તે એક ઘડીમાં ઉગરે, કરતાર કૃપાથી ગરમ. શામાને શીક્ષા કહી, પોપટે રૂડી પેર, એમ વિજારી આવડે ગુણવંતી જજો પરઘેર, સાંભળ વાસણુના વંશપત. સાંભળ કછી કુળ દીપ; સાંભળ રખીયલ સુત રાજવી, જશ યે જંબુદ્વીપ. રૂડા ભત્રિજ રખીયલ તણા રૂડા રખીયલ પુત્ર; એક એકથી આગળા, સોભીત રૂડાં ઘરસુત્ર રૂડા દસોંદી રખીયલ તણા. શિરદાર નામ શુભ સેવ, રૂડા ઇષ્ટ રખીયલ તણા, વારેશ્વર મહાદેવ, શ્રોતા વક્તા સમજતા, કહે કવીતા કરજોડ; શામળ ભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૨૮૯

વારતા ૨૯ મી

(ચોપાઈ) શ્રીપરીબ્રહ્મના પુજુ પાય, આરાધું સુખ બુધનો રાય; શિવજી સરખા જેને તાત, જગત જનેતા ઉમીયા માત, લક્ષ લાભ શોભીત સપુત્ર, ચિંતામણી નીધી ઘરસુત્ર. રિદ્ધ સિદ્ધ તનયા પુજીક પાત્ર, ક્ષેમ કલ્યાણ જેના જામાત્ર. પ્રતાપ ગુણપતનો પરીવાર, સિંદુર શોભીત મોદીક આહાર; કલ્પવૃક્ષ તે જુગતે જાણ, રત્નચીંતામણ કરી ખાણ. સાચી દેવી શક્તી સરવદા, અકલ દેવતણી એ અરબદા; વેણા પુસ્તક પાણ ધારણી, કોટી કલ્યાણ કેરી કારણી કરૂણાનીધી કરૂણા કીજીએ, દિવ્ય બુદ્ધ વાણી દિજીએ, સાચી દેવી તું સરસ્વતી; કરૂણા કરી દીજે શુભ મતી. (છપા) કરે કલ્યાણ શ્રી કૃષ્ણ, કહે કવિતા કરજોડ, ગીરધારી ગોકુળચંદ, પ્રાક્રમ આપે જે પ્રઉઢ જાદવ છપન કરોડ; છત્રપતિ તેનો છાજે; જન્મ મરણ જંજાળ, ભીડ ભવ કેરી ભાજે; કરૂણાસાગર કરૂણાનીધી, કરૂણા કરો એમ કહે કવિ કથા કીરતન શ્રી કૃષ્ણનાં, શામળ કહે કહુ નીત નવી. (દોહરા) એક વદન આરાધીએ, ચાર વદન ચીત ચાહુ; પંચવદન જે પુજીએ, ગજ વદન ગુણ ગાઉ. સહસ્ત્ર વદને શેવીયે, સહસ્ત્ર વદનમાં નાઉ; શામળ કહે શિવ શિવ કહુ, ખાંતે અમૃત ખાઉ. (સોરઠા) શ્રીવૃંદાવન ચંદ્ર રાઘવજી રાધા રમણ ચતુરભુજ ગોકળચંદ, સુખસાગર શત સહસ્ત્રધા. જસોદા જીવન પ્રાણ. નંદા નંદ નરપત નીધ; દહિનું લીધુ દાણ કૃપા કરો કવિતા કહે. શાસ્ત્ર સકળનું સાર, શુક બોતેરી સમરણ સદા. અપરંપાર અપાર, ચઉદ વિદ્યા ગુણ ચાતુરી. પ્રીછે નહી પુરાણ, વેદ શકે નહી વરણવી તે જાણે જાણ સુજાણ, ચોસટ કળા ચાતુરી. (ચોપાઈ.) શુકબોતરી સારૂ ચરીત્ર, પરમ મનોહર પરમ પવિત્ર, બુધ વિલાસ તણો એ રંગ, ગાતાં સુણતાં ઓપાત અંગ. ઓગણત્રીસ મે દીવસ એહ, નારીને પ્રગટયો નેહ; સાળે સજ્યા શુભ શણગાર, ઓપીત આભુષણ વસ્ત્ર અપાર, મુખ ભરયાં તાતા તંબોળ; કામની મન કરતી કલોલ ટાળ્યું વીધાતાનું નવ ટળે; કામ ની ચરિત્ર કોઇ નવ કળે હાવ ભાવમાં ભામની ભળે, આવા પોપટ પાંજર તળે; સમજ્યો શુક વિનતાની વાત, રામા શોદી કાંઇ રેહેવા રાત. ગમતું બોલ્યો તે ગુણવંત, સાધુ શિરોમણ

થઈને સંત; સાંભળો સેઠાણીજી સાર, કો ઉપર શોભીત શણગાર. કો ઉપર અડયો છે પ્રાણ કો ઉપર તાણી તરવાર, કોને કાજે એહ કટાર. કોને કાજે ઢાલો બે ધરી, કો ઉપર જંજાળો ભરી; કો ઉપર તરકારના તીર, શસ્ત્ર શણગારે શોભીત શરીર કો ઉપર દુંદભીનો નાદ, કો ઉ. પર શરણાઈ સાદ; ધજા નેજા ફરકાવ્યા ફેર, કીગો ગઢ લેવો છે ઘેર. (સોરઠા.) વારૂ ધજા તે વસ્ત્ર; ઝળકે તે જરત્રત; આભુષણ રૂપીઆ શસ્ત્ર. શેઠાણી સમજયાં સરવ. બહુ લક્ષણ બત્રીસ, પોપટે સરવે પરખીયાં, પ્રસન ઉમીયા ઈશ, તાલેવન તરૂણી તમો. (ચોપાઇ) શુકની વાત મનમાં વશી. હેત ઘણેથી મનમાં હશી. વખાણ કરી દેખાડયાં તમો, અમાં કાંઈ નવ સમજુ અમો, કિયા વાજાને કિયાં વસ્ત્ર. કિયાં અમો શોભાવ્યાં શસ્ત્ર, શુક કહે શેઠાણી સાંભળો, મુકી દો મનનો આંબળો. આજ ઓપે છે તારૂ અંગ. સાગર સામી ધસેછે ગંગ તે તો વેદ વચન વહેવાર; એક ભામની બીજો ભરથાર. આપણો શેઠ તો મંદીર નથી, માટે હું તમને પુછું સરવથી, કહો તમે મુજને સાચી વાત, હું તમને પુછુ સાક્ષાત. (છપા) કાળી નાગશા કેશ. કામનીને સીર કપોલે, માંગ ખડગ મહા મુલ્ય, લટ શુભ સાંગ સમ તોલે; ચક્રવંત ચંદન હાર, બાણ બરછી અણી નેણા, ચપળ ચક્ષુશા અશ્વ; વદન અમૃત મુખ વેણાં, ગતિ ગયંદ કટિ કેશરી. સિંહલકી શોભીત સદા. આજ અંગ ઓપિત અધિક, તું જેવી નવ દીઠી કદા. સમુદ્ર શોભીત સત શસ્ત્ર લક્ષધા લેવરા લે છે: મદ જોબન માતંગ, ઉપમા રોપે રહેછે; મોહ બાણના માર, શરમ ધરમ તે ધારે: કામન મોહન કોટ, હોસ કરતામાં હારે લક્ષ કરોડ નરસીંહ વાત, અનમી અહંકારી શું અડે; તે જાર માર કાયર કરે; ભુજ કદિ આધા થઈ પડે. (ચોપાઇ.) એમ વખાણ કામનીનાં કીધ, ચિત્ત વિત વાતમાં ચોરી લીધ; ફિરે કામના પોતાની કરી, ઉણી રાખી તે દ્રષ્ટે ભરી. વારૂ કહુ ખોટી નહી થાઉ, જરૂર પણે જારી હું જાણી, દાડી દાડી ખોટી નહી પડુ, આજ હું ત્યાં જઈને અડુ. સોએક ખાધા કપરા સમ, તો તો શીઘ્ર કયમ જાગે કયમ; અમ્રત બોલ માનું તાહરો, આજ રાખે તો દુશ્મન માહરો. શાબાશ શાબાશ જરૂર જાવ, મનખા દેહ તણો છે લાવ. કાલ જોબન એતો વહી જાય. ત્યારે કેમ એ કામ જ થાય, રાખ્યું જોબનિયું નહી રહે, કાળે સરવ તણો છે ક્ષકે; જરા કરે પુરમાં પરવેશ, કરી નાંખે શીર ધોળા કેશ. પાડી નાંખે દાડમ દંત, ચતુરી ન કરે તે બે ચંત; શિતળ અંગ ચોવિધ ચાકડી, લેવી પડશે કર લાકડી. ગળે નાશક અણીઆળા નેણ, વિપ્રિત બોલાય જેમ તેમ વેણ; તરૂણીપણે તજે ટેક તોર, જ્યારે હોય જવાની જોર જરા આવે જુવાની જાય, દેવાંગના દેહ ડોશી થાય, શિઘ્ર શિઘ્ર કરો એ કામ, જાવો ઠરો સ્થિરતા તે ઠામ. મોટા માણસ છો લખપતી; રૂડી કરમની રેખા રતી; રૂડું રૂપ રૂડાં ઘરબાર રૂડાં ભવન રૂડો ભરથાર, કદાચ કયહાં જો સંકટ થશે, ઘરબાર જીવ અને જશ જશે; હાકમ દંડે થાએ દેહ ઘાત તુચ્છકારો કરે માનવ જાત. માન તણાં થાશે ઉપમાન, ચોટલો નાકને છેદશે કાન; સ્વાદ સરસવના કણ જેટલો, દુખ દાવાનળ મેરૂ તેટલો. સોયના અગ્રે જેટલું સુખ ડુંગર. જેટલું દેહે દુખ; આ લોકે નર નારી નડે, પરલોકે સહુ નરકે પડે. રૂડા રાયકાની નારીએ, વખાણ કરયાં છે વીજારીએ; ગુણે વધારયો પોતાનો ગરવ, જખ મારો રહ્યા જન સરવ. કરવું પડે તો કરજો તમો, રૂડી શીક્ષા દેઉ અમો. પગ ખેંચી રહી પ્રેમદા, અતીશે હરખ પામી ઉન્મદા. રૂડો રાયકો હતો કોણ. કાને સાંભળ્યો એતો ઓણ. કોણ છે તે નારીનું નામ. શું વિજાર કરયું તે કામ. રૂડીયા માહે લાગી છે રાડ, એહ વાત તો કહી દેખાડ, પાગ રણ સરવ પ્રિતે પરહરો. દાહાડી કરો છો તેવું કરો. ઉતરાવ્યા શણગારજ સોળ. તજાવ્યાં મુખનાં તંબોળ; બાને વસ્ત્રે છો ઉપર ઠરી, વાત વિજારી ઉપર મન ધરી (દોહરો) રામરૂપ

રેવા તટે, ગુણવંત શુભ ગામ; રૂડા રાયકાની નારનું. રૂડાદે નિજ નામ સ્નેહ ઘણો નરનારને મહસ્માવટ ઘર સુત: પશુ પાલક પણ પવિત્ર નર. પ્રતાપવંતનો પુત્ર. રબારી જાત રજોગુણી કાવતરૂ નહિ કોમ જુઠી વાત ચાલે નહી. હરી કરે તે હોય. પશુ ચારવા પરવરે, કરે ન કુડાં કામ; જોરાવર મહા જાતમાં: લેઇ ન શકે કો નામ. જાડી રાખે જોટીકા, એક ન રાખે બીક; વાઘ સાથે વાદે લઢે. લોપે નહી કો લીક. પીએ દુધ જે ઉંટના. અતળીબળ કહેવાય; જોબન મદ જોરો રખે, ગાંજ્યો તે નવ જાય, તેહ કંથની કામની, હઇડું ન રહ્યું હાથ બીજો નર એક નાતનો, સ્નેહ કરયો તે સાથ મળે ન જોગ મળવા તણો, માન્યું જે સાથે મન માનનીને તે મીત્ર વિના, ન ભાવે જળને અન્ન. તે પણ જાતે રાયકો ગાંગો નામ ગુણનીધ; એક જીવ બેનો થયો, સ્નેહ સાચરયો સીધ. તે ગાંગાની ગોરડી, પુરાં નામ પવિત્ર: પ્રઉઢા તે પુરણ હતી, રૂડો તેનો મીત્ર એક એકની નારીઓ, અરસપરસ નર નેહ: કો કોઇનું જાણે નહી. આવટનો છે સ્નેહ. રૂડાદે જાણે રૂરે. પોતાના કંથની પેર; મારો કંથ નીત જાય છે. ગાંગાની ગોરીને ઘેર. ખાર રાખે શોકયોતણો. ચાલે નહી ચિત ચોર; સહુ સહુને મન સમજી રહે, આપ અંધારૂ ઘેર. ઘણા દીવસ એમ વહી ગયા, છાના છપના થાય; એક દીવસથું નીપન્યુ. તે સમજો મનમાંય. (છપ્પો) છાનો કરડે નાગ. જોરાવર ઝેર ચઢે છે; છાનુ કરીએ વેર, પ્રઉઢી પછે વીપત પડેછે. છાનો કરડે વીંછી, ચીતમાં લાગે ચટકો; છાનો વન્હી પડે કાય ભયાનક લાગે ભડકો છાનાં પાપ સહુકો કરે, જગતમાંહે દુખ જોગવે, છાનુ જે પ્રાકમ કરે, ભોગ સકળ ભોગવે. (દોહરા) આપ આપણે મન ડાહ્યા થઇ. કરે છે છાનાં કામ; માણસને વેચે સહુ વેચ્યો ન જાય શીરામ. છાનું જઇને વાવીએ, ખેતર માંહે બીજ; તરત તે ઉગી નીકળે, એમાં શી રીઝ કે ખીજ. (ચોપાઇ.) એક દીવસ રૂડદે નાર, મનમાંહે તે કરયો વીચાર ગાંગાને તે મળી એકાંત ભાગી પોતાના મનની ભ્રાંત. મનતણો કાઢયો કાયદો. દીવસ ચારનો કર્યો વાયદો. પસલી આપવા બેનજતણી, જરૂર જાશે મારો ધણી. જરૂર આવજો કાલે રાત. પંથ ઉઠી જાજો પ્રભાત કો નવ જાણે તેની પેર, રંગે રમાડું મારે ઘેર. (છપા) પર નારીની પ્રીત, તેહને કાજ નવ સુજે; પર નારીની પ્રીત, પીતે પ્રભુ નવ પુજે, પરનારીની પ્રીત, તેહ ધન ધરમ નવ ધારે; પરનારીની પ્રીત તેહ પરીયાં નવ તારે; પરનારીની પ્રીતડી. દુખ દાવાનળ દેહને; શામળભટ સાચું કહે, વઈકુંઠ વેગળુ તેહને. (ચોપાઇ.) પસલી કેરો આવ્યો દન, રૂડાદે વિચારયું મન; પ્રેમદા સાથે પરડી પેર, જાઉછું મારી બેનને ઘેર. લેજો ખબર ઘરબાર જ તણી, ઘર સોંપીને ગયો તે ધણી; સ્રીનાં ચરીત્ર તે મનમાં લહે, કો આગળ તે નર નવ કહે. દેખશું કાવતરૂ જે દીશ; નિશ્ચે છેદશું તેનું શિશ; ચોરી ઝાલવા તેતો ઘાટ, જારી ઝાલવા તેતો ખાટ, બાકી દોશ તો નવ દીજીએ, સહસા કામ તો નવ કીજીએ; લોકનું કહ્યુ પણ નવ માનીએ, છેક વાત છાની રાખીએ; વિચારી વાન વીદાયજ થયો; કામની વાંક કોને નવ કહ્યો;મનની વાત તેને મન રહી. રૂડાદેની શી ગત થઈ; (દોહરા) રામા રૂડાદે રૂપડી, ડાહી ચતુરસુજાણ; પુછી વાત સહુકો કરે, પંચ કરે પરણામ. ગુણવંતી ગાંગાને મળી, પુરણ પ્રીતથી પેર, ઘેર નથી મારો ધણી, તમે આવજો ઘેર એવો દાવ ફરી નહી બને, નહી મળે એવો જોગ; આવજે તું મારે ઘરે આપણુ કરીએ ભોગ. રાંધી મુકયું છે રોટલા, સુંદર પાથરૈ નહી સેજ; મારા સમ આવો નહી, હઇડા સાથે હેજ. ગાંગો કહે સુણ ગોરડી, સ્રી છે મારો મીત્ર; જોરાબા જમદુત છે, સમજે છે સ્રી ચરીત્ર: કદાચ જાણ એને થશે, ચટે રૂડાને રીસ; તે વેળા તેણી ઘડી, તારૂ નાકને મારૂ શીશ, ઉધારો નહી અદઘડી, જુલમ કરતાં જેહ; દોષ ન દેશો મુજને, એવું જાણી તું તેહ. દેશપતિથી ડરતો નથી, ભંગડ ભારે ભુત; પરમેશ્વરને નથી

પ્રીછતો જોગાળો જમદત. (છપ્પો) સ્ત્રી ચરીત્ર સો લખ. બીચારો બ્રહ્મા ભુલે. સ્ત્રી ચરીત્ર માં ઈંદ્ર દશ કોટીક જાદવા ડુલે: સ્ત્રીચરીત્ર વિશ્વનું આપ વિમાસણ કરવામાંડે સ્ત્રી ચરીત્ર માં શીવરાજ, ફેક અહંકાર મનછાંડે સરપુર ભણ્યા ગણ્યા. બળવંત બળિયા થયા બાયકા આમળ કહે એવા વક્ર થયા. કોણ માત્ર એ રાયકા. (ચોપાઇ.) ગાંગો હશી પડયો તે સાથ. હેતે તાળી દીધી હાથ કુડકપટ સકયો કાયદો, ઘડી ચારનો કીધો વાયદો. સત પ્રકારે ખાધા સમ, તે જરૂર નવ જાયે ક્યમ; બ્રહ્મ હત્યાદિક આરે ભોગ, જરૂર આજ મેળવીશું જોગ બોલ્યું અબોલ્યું જે કો કરે, કુંભીપાક નરકે પરવરે, આજ આવ્યાનું આળસ કરો. સાત જન્મનું સુકૃત હરો.(દોહરા) ગુણવંત ગાંગો રાયકો આયુધ સજીયાં અંગ; ઢાલ તરવાર બરછી ગ્રહી. શોભા સધળી સંગ, ચમકચમક ચરણ ચલાવીયા ત્રીવિધ. મેલ્યાં તાન ભલે ભલે પધારીયા, માનનીએ દીધાં માન દીપક જોયો જળહળે. નરનારને નઉતમ નેહ; વાત કરે વિનોદની, તરૂણી પાસે તેહ, એટલે રૂડો રાયકો પરવરીયો તો પંથ: અપશુકન અધિક થયા, ચતુર વીચારયું ચંત. અહિ એક આડો ઉતરયો ઘાહડ બોલ્યો ઘુડ; જમણી મંજુર જુગતથી. પાપ મળ્યા એ પ્રઉઢ મુહુરત એક બેઠો બારણે. પુરણ વીચારી પેર: જુગજલ શુક જાઉં નહી. બેન બનેવીને ચેર, પાછો વળીઓ પલકમાં. વહી આવ્યો તે વાસ ગાંગાને તે ગોરડી. પ્રીતે બેઠાં પાસ નર નરખ્યો તેના હલે, વેગળેથી તે વેદ: કોણ ધારાળો ધીંગ તે, ભ્રાંન પડે. મ ભેદ. સહસા કામ કરૂ નહી, પુછ્યા વણ ન કરૂ પાપ; જોઉ બે જણાં કયાં જશે, શોદેશે મુજને જવાબ. રૂટે તે નથી ઓળખ્યો, નથી દીઠુ તેનું મુખ; ગાંગો માંગો કે ગરાશીયો, દેહમાં દરૂણ દુખ. શુરો હથીઆરે સાવધો. મોગો મર ભુતાર: આવતો દીઠો નારીએ, ભામનીનો ભરથાર, પોપટ કહે પ્રભાવતી, દીઠાં એક એકને એક. એ કામની હવે શું કરે, વિજાર તણો વીવેક રૂઠયો તે વળી રાયકો, જંગલી જટ એ જામ; એ મુકે કેમ જીવતાં, કહો શું કરશે કામ. સ્ત્રીની થી વલે થશે, કેમ રેહેશે ગાંગાની પ્રીત કેમ પાગે લાગે પતિ કેમ શોભે સ્ત્રી ચરીત્ર. શેઠાણી કહે શુક સુણો, એનો વીપરીત વાક: એમાં વિદ્યા ચાલે નહી, નારીનું છેદશે નાક. પ્રેમદા અને પુરૂશનાં, પાંચે મળીયાં પાપ; એકે ઉકલતું નથી, જુવંતીને શો દે જવાબ, એહ વાત નવ ઉકલે, સમજણ ન પડે સદ; એ વીજારજો કરે, તો તો વાળી હદ. રૂડો પણ હથીઆર બાંધ, ગાંગે; પણ ગુણનિદ્ધ; નારીનું નીર કેમ રાખશે, સાચે થાશે સિદ્ધ એહ ઉતાવળો કહે કથા, કેમ નારીએ કીધો ન્યાય: એ વિદ્યા જો શિખવે, તો પ્રણમુ તારે પાય. શુકે કહ્યું તે તેમ કરયું, ચતુરા લાગી ચરણ; એ ચતુરાઈની ચાતુરી, કથા સંભળાવો કરણ (ચોપાઈ,) તેહ કંથને તે કામની જોખ કરે છે તે જમનો, રૂડો આવતો દીઠો દ્રસ્ટ, કામની મનમાં પામી કષ્ટ, ગાંગે પણ દીઠો તેહને, થર થર ધ્રુજ્યેદ હાબે દેહને. હાય હાય મારૂ પણ જશે; જરૂર જીવનું જોખમ થશે. દાસી જાયો કિંકર કહાવીયો મીત્ર તણે મંદીર આવીયો. છેદશે તે ગાંગાનું શીશ. હત્યા બેસશે મારે શીશ નાત જાતમાં જાશે લાજ, અણુઘટતું મેં કીધું કાજ, ધિક અવતાર જીવવું સરવથી, બીજો ઉપાય તો એકે નથી. કટાર કાઢી મારવા પેટ, પલંગથી બેઠો છે હેઠ, કામની કુકૃ કીધુ તેમો, તેવુ પામ્યા છીએ અંહી, હાહા કરીને ઝાલ્યા હાથ. નારી બોલી નરની સાથ; રકઝક કરે બે જાર, રૂડો રાયકો આવ્યો ત્યાંહ (સોરઠા) ધાગ્યુ દીધી ધીર, કંથ સાંભળે તેમ કહ્યું; ચિતનીએ પોતાનું ચીર ઓઢાડયું આદર કરી. સાચાને સંસાર કથન કોણ કહી શકે, અપરંપાર અસાર, સો વખાણુ સાચી સતી. (ચોપાઇ) નર ફેડી તે નારી કરી, બેસાડી ઓરડીએ ઠરી; ચરણા ચોળાને ચીર પહેર; મારા સમ તું જાને ઘેર. નામે દુખ દેવા આવ્યા તમો, તેહ પુરૂષ દેખાડુ અમો; જે કહો તે કરૂ

હું કાજ, તમે તો એહની કરોછો લાજ. મોટા માબાપની દાખો કેમ દુખ, ઇશ્વર ભાગશે તેની ભુખ; લક્ષમીવર એહને લાવીયા. તારે મારે ભાગે આવીયા એનો આજ ગયાતા ગામ. ઓચિંતા આવ્યા આ ઠામ; આમને મેં શોભાવ્યા વસ્ત્ર. પાસે હથીયાર પુરૂષના શસ્ત્ર, ઘુંઘટ તાણી તે ગોરડી. ઉભી એકાંતે ઓરડી; મુખથી નવ કીધો ઉચાર. પામે નહી એમ તેનો પાર. (દોહરા) ફરે ફરે વીચારીશું. એહ કામ્ય તે કોણ: નથી દીઠું નથી સાંભળ્યું. એતો અચરજ આવ્યું એણ, એ કોણ પુરૂષનાં લુગડાં આ કોના હથીયાર; કોણ પુરૂષ દીઠો અમો કોણ નરની એ નાર. બુધ સાગર બેઠો બાજઠે, વીગતની પુછી વાત; કોની નાર એ કોણ છે, કાં કરવી ભીતપાત. આ હથીયાર તે કોણ તણાં, કોના લુગડાં લેખ; શુજ મને પડતી નથી, વાત તણો વીશેક. (ચોપાઇ) હેને નારીએ જોડયા હાથ; સ્નેહથી બોલી સ્વામી સાથ; વાત અકસ્માત કહીએ કેમ. હું દેઉં તેવા ખાઓ સમ; જે હોય ને દલમાં રાખજો, વાંક ગુન્હો છાનો રાખજો; અવગુણ વીચારી જુઓ આપથી, મોહોકણુ છે તારા બાપથી. જુગમાં કેમ કરૂં જાહરાં હાકુ જીદ કહેતા તાહરાં, ઠરાવ કરીયો તેણીએ ઠાઠ, ઉપડાવ્યો ચંડીનો પાઠ. દિપક અંગની પાસે રાખીયા, સુરજ ચંદ્ર કીધા સાખીયા. રામ દુવાઇ ખાધી ઘણી, વશ કીધો વીનતાએ ધણી. મારયા તમાચા હેતે હશી, બ્રાંત ન રાખી મનમાં કશી; શીઘ્ર વાત કહે એ સુને. ફરીફરી શું પુછુ તને સાચું બોલ તું આડે આંક, બકશો જે હશે તે વાંક; રૂડી કહે રૂડાં સાંભળો મુકી દો મનનો આંબળો, એકાંત ઉભી છે ઓરડી, એતો ગાંગાની ઓરડી ફરવતી શરમવતી કાજ, કરે લાખેણી તારી લાજ એને તોછે દારૂણ દુખ, વેઠવી પડે છે ભુંડી ભુખ; સાસુ સસરો દુખ દેઇ દમે, એની વાત કોને નવ ગમે. મહેણાં દે હજારો લોક ફજેત કરે જે હાસ્ય ફોક, જુઠી સાચી દેખાડે સાખ, ભુંડી વાત બોલે તે ભાખ્ય. કહે છે તુ જારી જાય છે, રૂકાની સાથે ખાય છે. આલીશ હું તુજને જ દીશ. તે દહાડે છેદીશું શીશ. કહીયે બહાર જવા દીજીએ, પગલે પગલે પુઠયો લિજીએ આજ એકાંતે પામીયે દાવ. ગયો ગામ નારીનો નાવ. બાહાર નિકળી શકે કેમ રાંડ, કલંક ચઢાવે માથે ભાંડ; ઉતારી મુકયા શણગાર, ગાંગાના બાંધ્યા હથીયાર. પુરૂષ વેશ ધરી પરવરી; નિશા સમે નર થઇ નીસરી, આવી એ આપણને ઘેર પ્રીછી મેં તો સરવે પેર. તાહરૂં નામ લઇ સહુ દમે. એ ગુણવંતીને કેમ ગમે; તુજને કહેવાને કારણે, બુદ્ધ સાગર આવી બારણે. એને ઓળખે આપો દેશ, નારીએ નરનો લીધો વેશ; તમો ઘેર મળ્યા નહી નેટ, પાળી મારવા માંડી પેટ હાહાં કરીને હીંમત દીધ, પાળી કરમાંથી ખેંચી લીધા જમાડી જુગતે જાહરાં વસ્ત્ર પહેરાવ્યાં સાહરાં. પરિશાં તારાનુ પ્રગટયું પુન્ય, ઘેર આવ્યા તે નવ રહ્યું સુન્ય; જે તમો કહો તે કીજીએ, કહોતો મારવાને દીજીએ, કહોતો વઢવા જઇએ ત્યાંહ, ગાંગા કેરા મંદીર માંહ; કહોતો કામને દાખીયે, કહોતો છેક છાનું રાખીયે. તમારાં કરતુત એ કામ જાણશે હવડાં ખધું ગામ મારશે; રુડાંથી ઓલાઇ ગયો તુચ્છ તરણુથી હલકો થયો હાય હાય મારૂ પાણી ગયુ અરે ઇશ્વર એને શું થયું; ગઇ ઇજ્જત આબરૂ માહરી, જો યુવતી કરશે જાહરી લુટાશે આલાં બકરાં. જો ઠગ મારી જાણે ઠારાં, જવાબની જડી નહી જાગ, પતિ લાગ્યો પ્રેમદાને પાગ. તુજથી જીવું તુજથી ઉઘરૂ આપઘાત કરી હું મરૂ, તુજ વીણ ઉગારણ કો નથી, એહ વાત કહું છું સત્યથી. (દોહરા) પંદર પ્રદક્ષણા કરી પ્રેમદાને લાગ્યો; પગ તુજથી ઉગરીયે અમો. જડે ન સુજને લાગ. પેટ મારીને હું મરૂં, તે વેળામાં તરત, આબરૂ ઇજ્જત ગયા થકી, માનીએ ફરૂ વ્રત. નારી કહે સુણ કેહે નાહોલા, ચંતા તજ તું આજ; જુઠા આળથી શું બીએ લક્ષમીવર રાખે લાજ. ગોરડી ઓરડીમાં ગઇ, તું સાંભળ મારી બેન; મંદીર જા તું ગુણપતી,

ચીંતની ન કરો ચેન રૂડા જુંડો નવ આચરો, કરે ન કુડાં કામ; રૂડાને જાણે સહુ ગુણવંત બધુ ગામ. સો ઠેકાણે સુંદરી, જુંડી હઇશ તું ભરાંત તે માટે મારશો તમો, કહુંછું હું એકાંત. આજ થકી મારો ધણી, નહી આવે તારે વાસ. તેની પ્રતિજ્ઞા કરે પ્રીત કરીને પાસ, વસ્ત્રો પેહેરો વિનતા તણાં, જાઓ રામા રહો રોખ; સાચાને સહુ શું કરે, જાઓ કરતાં જોખ. હથીઆરને તુજ લુગડાં, હું પોચાડી દેશ, મંદીરે પોચશો તમો, મારાં પાછાં લેશ. ઘરધણી ઘરમાં ઘાલીયો, દેઇ દીલાસો દક્ષ, બાંધ્યો ગાંઠડો તેણીએ, હથીયાર અને વસ્ત્ર. ઘુંઘટ તાણ્યો ગોરડી, નિકળી ઘરથી બાહાર; એક ગાંગાની ગોરડી બીજી ધરતી નાર, વરસે ઝડી વરસાદની, રાત અંધારી ઘોર, કોણુ જાણે કોઇ જાય છે, નર નાર કે શાહ ચોર. પલક રહી જ્યાં પાછળી લઇ લુગડાં હાથ, હેતે ઘણું હશી પડી, સ્વામી પોતાની સાથ. હવે રખે એવાં કરો કુડકપટનાં કામ, નીચ મળે નીશા થશો, હસશે બધું ગામ. પચાસ વેળા પાગે નમ્યો, તેં રાખી મારી લાજ રામ દુવાઇ આજ્ઞા, કરૂં જો એવું કાજ. નજર જોડુ એ નારશું; અંતકરણથી આપ; મન મેળાવુ તેહથી તો બ્રહ્મહત્યાદિક પાપ. કદાચ એ નારી મરત, કદાચ થાત જો જાણ, સ્ત્રીહત્યા શીર બેસતી સ્ત્રી હત્યા શીર થાત, લુટત લક્ષ્મી આપણી, પરહત મારા પ્રાણ. તો નરકમાંહ પડવું પડત, ઇજત આબરૂ જાત નવો અવતાર આપ્યો તમો. સોંપ્યું મુજને રાજ. તું તો મારો જીવડો તેં રાખી મુજ લાજ. શાબાશ સુંદરી સલક્ષણી, નિરભય નારી નિસેહ કુળ શુદ્ધ તે કામની કંચનું ઢાકયુ કલંક ઉગારયો મારો જીવડો, ઉગારી સંપત્ત સમેત. હાકેમ પાલત પ્રાણીએ, લક્ષ્મી સરવે લેત. ખોળા પાથરી કરગરૂ; ક્ષમા કરોજી વાંક; તું કહે તેતો હું કરૂં, રૂડો કહે તુજ રાંક. નારી કહેરે નાવલા, ઓશીયાળો કા થાય, લાજ રાખી લક્ષ્મીવરે હવે રખે ત્યાં જાઓ ભુલે છે તે માનવી, કળેસ કરોમાં કાંય, જોર હોય જવાનીનો, ભલા ભલાને થાય, શિક્ષા દીધી તે સ્વામીને મારતો રાખ્યો મુઢ, જારને ઘેર વોળાવીયો, પ્રાક્રમ કીધું પ્રઢ, જીવ્યો ત્યાં સુધી જશ લેઓ, કરયો કીંકરો કંથ. મન ગમતાં સુખ માણીઆં તે પોતાનો પંથ. શણગાર સજાવ્યા શોભીતા, ઓપીતા અપરંપાર. પરઘેર જાતો રાખિયો, ભામનીએ ભરથાર, કલંક કોણે જાણ્યું નહી, કરી વિજારી વાત, એ વિદ્યા જો આવડે તો રામા પરઘેર જાત, પ્રભાવતી કહે પ્રીતથી, પોપટ મારા ભાત, સરસ્વથી સોહામણી, વેદ વીજારો વાત, એકે પલકે એમ ઉકલે. વાતતણો વિચાર, જશવંતા કીધો જોર જન, જુંડો કરયો ભરથાર માથાનું કલંક મેરૂ સમુ, તે નાંખ્યું સ્વામીને શીશ, દાત તરણુ લેવરાવાયાં જે રીશે આવ્યો તે દીસ સરવ જનમ્યા જુવતીએ, ધવરાવ્યા મહાવીર. જોર કરે કો જુવતિશું, ઉછેરી પાયું નીર. આદ્ય શક્તિ તે તારૂણી, આદ પુરૂષ નવ હોય, કળના કોને પડતી નથી, જુવતી પ્રથમ જોય. મુળ માળવા સારખું, પારખું પુરણ પ્રીત, એવા પરાક્રમ આવડે, તો તો રૂડી રીત, જાણી જોશી જાણે નહી, ભણુતર નાવે ભેદ; કથા કીરતન એના કીંકરા, વખાણુ કરે છે વેદ. બ્રાહ્મણ વંશે અંબાપત ઉદેજી કુળ શુભ દીપ, બાર રૂડો ભરતખંડમાં, જશવંતો જંબુ દીપ. રખીયલ કેશ રાજવી. શુદ્ધ સુબુદ્ધ બહુ બેલ, જુઠી વાત જાણે નહી, ખરી વાતનો ખેલ; શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ, શામળ ભટ કહે બોલજો જય જય શ્રીરણછોડ. ૧૮૨

વારતા ૩૦ મી.

(ચોપાઈ) શ્રીગણપત શ્રીલક્ષ ગુણનિધ. લક્ષ લાભ પુત્ર વારિધ રિધ શુદ્ધ સિધ પોઢો પરિવાર. સિંદુર અંગે મોદક આહાર, બ્રહ્માબેટી શુભ સરસ્વતી, મયા કરો આપો શુભમતી. હંસ વાહની જાણુ સુજાણ, વિણા પુસ્તક પરઠયાં પાણ. (છપા) સરસ્વતી માત પ્રસન

કવિ તેને સહુ કહે છે, અડસઠ તીરથ સર્વ, રોખ તેને સહુ રહે છે, સરસ્વતી માત પ્રસન્ન. ક્રોડ ગ્રંથ નરક્ષા કીધા, ભાગવત બારે ભેદ, લાખેણા જસ લીધા. વ્યાસ વાલમીક શુકદેવજી મારકુંડ મોટા મુની કવિતા સાંવતા સારખા. વેદતણી ધારક ધુની, કળાજુગમા કાળીદાસ. અવતાર સરસ્વતીનો જાણો. શ્રીમાઘ અને માહાદેવ, નિમિષ અંતર કો નાણો કાધા પંચ પુરાણ. એક એકથી અધીક આલ્યાં, ભોજ પ્રબંધ ભારથ પુન્ય, પરાક્રમ પતિ પાળ્યાં, સરવ ક્રિયા સરસ્વતી તણી, કરજોડી કહે શામળ કવી, કૃપા કરે જો સારદા, નિત્ય વાત કહું નવ નવી (ચોપાઇ.) જોગ વાત બોલાવો જથા, કહુ શુક બાહુતેરી કથા; હરમિત્ર તણી જ્યાં કૃપા હવી તે કહેવાણા મોટા કવી. ત્રીસમે દિવસ તે તારુણી, કામ કટાક્ષ તણી કારીણ, સાળ સંપુરણ શામાએ સજ્યા. બારે ગુણ બત્રીસે ભજ્યા છ્ય છત્રીસ કેરા છત્રપાતે, રૂડા કરમની રેખા રતી વિનતા સખીયોનો કાયદો, સમખાઇ કરયો વાયદા આજ જરૂર જાવું છે ત્યાહ, પરનર કેરા મંદીર માંહ. ઘડી એક ખોટી નવ થાઉં જરૂર જારો કારણ જાઉં, એવા જોગ ફરી નહી મળે, આવી પોપટ પાંજર તળે. કહે પંખી સાંભળ કામની, જુવતા ક્યા જાશા જામની. નરમ વચન કહ્યાં નારીએ, જરૂર પણે જાવું જારીએ, જોબન તારૂં જાય છે. ઘડીએ ઘડીએ ઓછું થાય છે. (છપ્પો) ધોળા થાશે કેશ, કહેવાશો ડાહ્યાં ડોશી, વિપરીત થાશે વેશ કાયા પાણી તે પોશી ધ્રુજશે થર થર દેહ, ને જશે બે નેણા, પડે દેહમાં નેહ. વિપરીત બોલીએ વેણા. ઘટે તેજ એ નેત્રનું, કરક જેવી કાયા થશે, જાર વિદ્યા તે કેમ થશે, જાબ જાર જોબન જશે (ચોપાઇ) માટે લાહો રૂડો લીજીએ, મન વાંછિત કારજ કિજીએ, ઉદ્યમ એકે નવ રાખીએ. જુઓ છો તે સત ભાખીએ. જારી કરવા જાઉ જેમ, રૂડા પુરૂષને એ શોખ; રામા કહ્યું રહેશું એક રાત, પરવરશું પોડે પ્રભાત. જારી કામે જાવુ જરૂર, બાર જોબનમાં ભરપુર; જોબન મદ હસ્તી કહુ કથી, અંકુશ વિના રહેવાતું નથી. આંબે સાખ પાકી જેટલે; ત રાખી નવ રહે તેટલે તે માટે જાશું તે કામ; સાચુ બોલો આણે ઠામ. ઉઠો સિદ્ધ કરો, આ ખડી વાર માં લાવો પણ કે ઘડી કામ ધાર્યું ને તો કીજીએ, મનખા દેહ લાવો લીજીએ. લક્ષ ચોરાશી વેશ વતન. મનુસ્યા દેહ તો રાજ રતન; કદાચ ક્યા આવ્યા આંચમા, ઘણા દુખ કેરા ઘાચમા, કદાચ કો નર નારી નડે, રાજદ્વારનું સંકટ પડે; કદાચ ત્યા કો તાળુ દેએ. શણગાર સરવે ઉતારી લીએ. અકલ વિચારો ત્યારે આપ જરૂર દેવા પડે જવાબ; લાકડાની આ લાડકબાઇ. દલ રૂડે પોતાને ડાહી; અધીક આવી તે આંચમા, નાત જાત પુછ્યું પાચમા; છત મીરાત ખોઇતી ઘણા મારવા કારણ ધાયો ધણી, તે સરવે જખ મારી રહ્યા. કરોડ લોક સહુ કીંકર થયા; જરૂર લાડકીએ કીધુ જેમ, સંકટ પડે તો કરજો તેમ, પ્રાક્રમી સઉ કરયા પેટીયા, મહા દુખના ડુંગર મટીયા; શિરદાર શાહપતિ શેડીયા, વિનતાએ તારયા વેડીયા, તેવું નહી આવડે જા તરત, જાબ ઇજતને પામશો મરત; પેમદા પગ ખેચીને રહી, કરજોડીને વાતજ કહી ચતુર પોપટ કહો ચાડકી, કુણ લાડકોને કુણ લાડકી, થી ચતુરાઇ તેણે કરી, એક વાત મુજ મનડાં ઠરી. [સોરઠા] રાય હતો કે રંક, લખપતિ કે લંપટ હતો, વિનતાનો શો વાંક; બંધન કયાં પછી બાપડી મેરી સાચી કે મરદ, જાણુ પણ જશ જીતીયો; ઝુઝના કરીયા ગરદ, હરાવી સહુ હઠાવીયા. (ચોપાઇ.) તે રહેતાં હતા કોણ ગામ, તેણે શા કરયાં કામ; કહો વિસ્તારી તેના કયા જારી વિજારી શીખુ જથા. શણગાર તજી જશ તટે નાવ, બીને વસ્ત્ર હો ઉપર જાઓ એક ચીત કરી સાંભળ વાત, લાડકાની સંભળાવું ક્ષાત. [છપા.] ગરજે ગુણ ગવાય, ગરજ વિદેશ ચલાવે; ગરજે ભાર લીએ શીશ, ગરજ વિષ વેર ચલાવે; ગરજે બાપે ગરથ ગરજ બોલાવે અન્યા; ગરજ વિન સરવે વ્યર્થ ગરજ પરણાવે કન્યા; ગરજે ઊંચ જાય નીચ ઘેર, ગરજે રાવ રંક

થઈ રહે; વણ ગરજ સાકર થકી, કવરણુને કાકા કહે. [ચોપાઇ.] શુક બોલ્યો સામાની સાથ, હેતે સાંભળ જોડી હાથ, ઉત્તમ પંથમાં ઉમરઠ દેશ, જ્યાં નારી નવ જોબન વેશ. જોધપુર જોરાવર ગામ, અમરસિંહ નરપતિનું નામ; લાડકો ડાહ્યોને લક્ષપતી; રૂડી કરમાની રેખા રતી. કરે વેપાર તે અપરંપાર; નક્ષત્રમસરખી નાની નાર; નામ છે લાડકી તે તણું, ગુણ જશ ગામ બધામાં ઘણું, માન દે છે સહોદર; સહુ, રૂપવંતીને; લક્ષણ બહુ; હામ કામ ભ્રમ લોચન માન, સુખ સાગરને ગુણ નાવાન; એકે વાતમાં ન રહી ન્યુન, ધરમ કરમ પ્રતાપિક પુન્ય; દશ પ્રકાર દશકત ગુણ ડાહી, લક્ષણ બત્રીસ લાડકબાઇ. કળા બત્રીસ સપુરણ સોળ, મુખ બહોળાં તાતાં તંબોળ; કસબી કોરના સાળુ સંગ પાનીઅલ તે રૂડો રંગ દંત જાણે દાડમની કળી, પદમણી ભાગ્યશાળી તે ભલી. કટી કેશરી સુંદર સારરૂપ મનોહર અપર પાર (છપા.) અતિશે જેને માન તે નારી કરશે જારી; અતિશે જયા ઉપમાન, તેહ વિનતા વ્યભિચારી; અતિશે નારી સુખતત, તેહ નર બાજે રાજે; અતિશે દુઃખ દરિદ્ર, તેહ સુખ રાખે બાજે; અતિશે પ્રાત ગીત ગાનપર, અતિશે નાહાણ ધોયણ નિત્ય; શામળ કહે સુભાગ્ય સલક્ષણી, તે ચાહે નર બાજે ચાતે. (ચોપાઇ) રામા રૂપવતી તેહના જોબન અવસ્થા છે જેહના; મોટી ઘણાં દે છે માન, ચાવે ફોફળ ચાવે પાન. શોભત પહેરયા અંગે શણગાર. કંઠે પુષ્પના ઘાલે હાર, કામના જાણે કળાયલ મોર, તેવી રામા વક્ષણના ચાર. ડાહ્યા પુરૂષ કાંઇ પુછે વાત, જશવતી ઘણી જુવતી જાત, હાલે ચાલે મહાલે ઘણી, ટેક લી કહુ તરૂ તણી. (દોહરા.) તેહ ગામમા વાણીયો, રતનો તેહનું નામ; કરે વ્યસન અભાગીયા, કુડા એના કામ. જુગટાથી જુઠુ નહી, જુઠાથી નહી જુઠ, આ લોકો અપજશ ઘણો, પરલોકે ઇશ્વર રૂઠ જુગાર હાથ બાકડા માંકડ કોટ હાર. ગાંડા માંથ બેડલુ, છાજે કેટલી વાર. જુગારી વિદ્યા ભણ્યા; જુગારના ચારી શુળ; જુગારો જેટલા ગુણ ગણે, તે આડા વાટના ધુળ. જુગારામા ડાહાપણ ઘણું, ઘડ ઘણેરા ઘાટ, જુગારી ચતુર ચાળવ, તેમા ઉંડા વાટ, જુગારી જપ તપ કરે, જુગારી ગંગા નાહ્યા, જુગારો જે જશ કરે, તે બાર વાટે જાય. (છપા. (જુવારીના શણગાર, કંચન કથીરના કરી નાખે; જુગારીના મદીનહત તેહજમા જુઠુ ભાખ, જુગારીમા જ ગુણ અવગુણ થાય અલખે; જુવારી જે કો જન, દરિદ્ર થાય તે લખ, નપુંસક ઘેર જમ નારીયા રાંઝ થકા જેવા રહે; તેમજ જેર જુવારા હાથમા, શામળભટ સાચું કહે, (ચોપાઈ) જુડા જે કો ગુણનો ઘાડ જુડો જે કો ચીતનો ચાડ જુડા જ હરામખોર, જુડા જે કો ચાહતા ચાર જુંડા જે લંપટ કે બંડ; જુંડા જે કો દઇવના દંડ; જુડા જે પાખંડી પઠ જુડા જ વણ વાક વઢે, પણ જુંડા જે ધાર નહી ધરમ, જુડા જે કાની નહી શરમ, જુડા મમત કરીને મર ગુણનો અવગુણ કરે, જુડા કરે નિત નીચા કામ; જુડા જાપે કુગતુ નામ, જુડા બાલ બાપનું નામ, જુડા નવ લે પ્રભુનું નામ, જુડા વહતી નાંખે દે ચરણ, જુડા કરે મરના તરણ; જુડામાં જુંડો જુઠડો, જુંડો રામશુ રહે રૂઠડો જુડા બાહ્મને નવ ગમે, જુડો જે દાતા ન દમે. જુંડો આપ્યું પાછુ લીએ, જુંડો જુઠુ કરતાં નવ બીએ. જુંડો ચલાવે ખોટા દામ; જુડો બોળે બાપનું નામ અનેક જુડા એવા ય કામ, માટે જુઠુ જુગારો નામ. (દોહરા) બાકકા કેરી લાકડા, વાડીએ વાણુવા ફુલ; મદ જોબનમા માનતા; મોહની માર્ધે મુલ જુગારા રમતાતા જુગટુ, મોટમ કરતાતા મેર; રાકડા ફોક એ ફાકડા, ધનના ફુલા ઢેર. ખેરાત વેચ ખુબી કરે, કંઠે પુષ્પના હાર; જાચીક જશ બોલે ઘણા, અપરપાર અપાર. રતનોશા પણ ત્યાં રમે, અતિશે શ્રીમંત બાપ; મહાદ્રવ્ય મુકી મુવો, ઊંધ કરમાનો બાપ. ૬૧ (છપ્પો.) મુકે માબાપનું ધન, આપી હોય ભોમ ન પાળે કપુત કહેવાયે તેહ, જે કો વેર

ન ભાખે કસુત કહેવાશે કલક્ષણો, જે જ્યાવંત થઈ જુગટુ રમે; શામળ કહે સત ન આચરે, ગોવિંદ નામ તેને નવ ગમે. (દોહરા) કેટલુંક ખોયુ ખાધામાં, કેટલુંક ખોયું જાર; વળતો તે વળખાં કરે, ભલા ન માને ભાર. રતનાનીને રાંડની, નજર થઈ છે એક; મોહ લાગ્યો તે માનની, વસન માંહે વીવેક. સોનારણ સઇયર તેહની, સ્નેહ ઘણો છે સાથ; વિહવળ થયાં વપુ વિશે, હઇડુ ન રહ્યું હાથ. કાગળ પલળે પાણીએ, ગળી ગયાં તે એમ ચતુરાઈ એમ ચુકી ગયાં, જપતપ સાધન નેમ, જુગારી જીત્યો તો તે સમે, અમુલખ મોતીહાર; હેતે આપ્યો હાથમાં ક્ષણું નવ લાગી વાર. ડાહી દુતી સોનારણે, સારો મેળવ્યો સંજોગ; ભય કોનો ગણ્યો નહીં. ભામનીએ ભોગવ્યો ભોગ. ઘડી પાંચ રહી વાડીએ, પ્રીતના કીધી પેર; સંજોગ મેળ્યો સોનારણે, ગુણવંતાને ઘેર. મંદીર આવી માનની, લાડકી કરતી લાડ; ધણી પોતાનો ધળહળે, કામની ઠોક્યાં કમાડ, રાતો તાતો રીસાળવો, ધણી મુખ દેતો ગાળ; ઓખડી રાંડ તું ક્યાં ગઈ, પાસે છે ઝાઝો માલ. મુખમાંથી ગાળો પડે, પાગરણું નીકળી જાય; કુટે શીશ પોતા તણું, મુખમાંથી કહે હાયહાય, રૂઠ જે વાણીયા તણી. વાણીયા શાહાની કુળ; તુઠવું જે વાણીયા તણું. આડી વાટની ધુળ રૂદન જે વાણીયા તણું. વાણિયાનો જે ખ્યાલ વાણિયાનું જે આપવું સરવે આળ પંપાળ. વાણીયાનું ખાવું ખરૂ, વાણીયાનો ખરો વેપાર; લેણું દેણું વણીક શું, જેથી ચાલ્યો સંસાર. વણીકથી કો ડાહ્યો નહી, ઘડીમાં ઘેલો થાય; દેવાળાથી બીહે નહી, કહેવાય સહુથી સાર. ધન જોડતા ધીરજ ધરે, શાહપત સઉકો કહે; વગર વિચાર્યું કરે નહી, સઘળુ સાંખી રહે. લાડકી કહે સુણ લાડકા, હું ગઈ વાડીની વાટ; એટલે મામો માહરો, બેઠો હરજીશાને વાટ. જાવેથી જળ લાવીયો, જાય છે સંઘ સંઘાત; વાટે વળાવા લઈને, હીંડે કાપતો રાત. પરાણે પરોણા રાખવા, મેં ખાધા બહુ સમ; સંગાત જાય છે સંઘનો, તેણે રેહેવાએ કયમ. આસ્વાગત અદકા કરી, લાવતીતી મંદિર માંય, કેમ આવે ને શું કરે, સંઘાત સંઘ વહી જાય. હાર આપ્યો મને હીંડતાં, વદાય કરવા મેં વરત; બીતી બીતી એકલી, મંદિર આવી તરત. હાર દીઠો બે હાથમાં, અપૂરણ અમુલખ પાસ; હેત ઘણેથી તે હસ્યો, કહ્યું શાબાશ શાબાશ. તું સાહેબ છે માહરી, હું તારો છું રાંક; આંખનાં પડળ ઉઘાડીયાં, વહી ગયો સરવ વાંક. મંદિર તેડી માનના, ખાનપાન તલ તેલ; રાત વિહાણી રીઝમાં, કરે રંગની રેલ. કા ઉંચ કાં નીચની, કાં રંક કાં રાય, વ્યસન વળગી ગોરડી, જરૂર જારીએ જાય. લાડ કરે ઘણા લાડના, રાત ઘણી છે રોખ; હાર દેખી હૈયડુ ઠરે, જશ જોરાવર જોખ. સ્નેહ સોનારણ સાથ છે, મંદાર તેના માંય; જોગ મળે જુવંતી તણો. તેહ જુગારી ત્યાંય. જીવતો જુવતી તણો, તેહ જુગારી સાથ; બીજાં સગાં બહુ જાતનાં એહને એ મીરાત. કોણે કાંઇ જાણ્યુ નહી, વિત્યા માસજ પાચ; જાર કમાયો જોખમાં, નાણી ઉની આંખ. (ચોપાઈ.) નિત ઉઠી ચોરીએ ચડે, કોઇક દિવસ હેડમાં પડે; નિત નહી અમલ જે ખાય, જરૂર જીવ કોક દાન જાય. નિત્ય જળ તરવાનો નેહ, કોઇક દિવસ બુડે તેહ; પુંજી વિના કરે વેપાર, તેને દેવાળુ નિરધાર. જુગટીયાની સંગત કરે, કોઈક દિવસ તે ફંદે પડે; નારનું મન નરશું ચડ્યું, એક દિવસ મહા સંકટ પડ્યું. (દોહરા) એકદિવસ તે હારિયો, હારયો સહુઆજ સાત; કોડી એક મળે નહી, વિપરીત થઈ એ વાત. કટાર લઈને કોપીયો, મારવા કારણ મુછ; લાજ શરમ તે લોપતો, પ્રહાર કરતો પ્રઉઢ. જુગારી જમાન આપીઓ, મંદીર આવ્યો માન; મન કીધું મરવા તણું, તન વળવાનું તાન. જશ કારણ જર દિજીએ, તે જશ જ્યારે જાય; તે જીવ્યું નહી કામનું, વિચાર કર્યો મન માંય. મહારૂદ પાસે માગીએ, સેવા કરી નિત સાખ; જશ રાખો તો જીવ રાખો, જશ વિના જીવ

રાખ. જશ જર બેને શત્રુતા, મળી ન રહ્યા કો માંહિ: જરવાળાને જશ નહી, જરને જશ તો નહી. જર રાખોને જશ રાખો, ચીત આવે તે ચાય; જશ તો જુગેજુગ રહે, જર તો પલકે જાય. મુરખ જર વહાલો કહે, જસવંતા જસ ચાય: જર તેતો રધપત છે, જશ તો રાચે રાય. જશ આગળ જર કિંકરો, જશથી જર મળંત: જશવાળા સ્વર્ગ સધાવીયા, જર વાળા નરક પડંત. જર આકળનાં ઝાંઝવાં, રાખ્યાં તે ન રહંત; જશ તો ખાણુ અમૃત તણી, કવિ મોટા કહંત. જરને સહુ કો ચાહતા, જસ કો એક ચાહંત: જરશું તો જીવ જાત હે, જશશું જીવ રહંત. જીવ રહેશે ને જશ જશે. જાણશે આખું ગામ; ધીક અવતાર જીવ્યું ચહે, એનું તે શું નામ. નાણું કોઇનું રહે નહી, રહે રૂડું ભુંડું નામ; નાણું નામ રાખી શકે, કર તું એવું કામ. જર વહાલો રખે કરો, જશ વહાલો કર જોડ; જશ વહાલો તે શાહપત, જર વહાલો કર જોર. જીવ ગયા તે જર વડે, કઉરવ પાંડવ કાજ; અઢાર ક્ષોણી તે વટાવિયા, નિગમ ચલવે રાજ. કરણે જર કીંકર કરયો, તે બાંધ્યો ઘણી ગાંઠ; જર વહાલો કર્યો રાવણે, બુધ વિચારી બાંક. ભોજને જર વહાલો નહી, આપ્યો તે ફરી આથ; હજારગણો હેતે થયો, સોંડયો પોતાને સાથ. વિક્રમાજીતે રાખ્યો નહી, જશ ઉપરાજ્યો જોડ; દુખભંજન નામ નવ ખંડમાં, પુરયા એકના કોડ. દાટયા તેના દેહવટ ગયા, રાખ્યા તેની થઇ રાખ; ખરચ્યા તેની ખુબી થઇ, થયા એકના લાખ બ્યાજ ખાધાં બ્યાજ આવીયાં, સાંચ્યાં તેની ગઇ સાખ; જર રાખ્યો રહે નહી, દુરજોધન સરખો દાખ.

(છપ્પા) માનધાતા સરખો મહીપત, વેદ પુરાણે વરણયો: અજીત કહેવાણો આપ, તેહ પ્રથ્વીને પરણયો; ભરપુર જરને જોખ, કૃષ્ણાર્પણ કાંઈ નવ કરયું: હીરા માણેક હેમ, તેહ ધરતીમાં ધરીશું શ્રષ્ટિ સરજી જે શીવજીએ, ચીરંજીવી કો નવ રહ્યો એક કોડી સાથે ગઇ નહી, હાથ ઘસતો ખાલી ગયો. એવા લાખ કરોડ, દેવ દાનવ બહુ દીઠા; કાળનુ ચવેણુ સરવ કઇક ખારા કઇક મીઠા; કોઇકમાં કો મુઠિમાં, કાળનું સરવે ખાવું: કાં રંક કાં રાય, જરૂર સઉકો જાવું જર ખરચ્યો તે જીતિયો રાખ્યો તે રોયા ઘણાં; શામળભટ સાચુ કહે, વિશ્વાસ ન કરશો કો જર તણો. (દોહરા.) લક્ષ્મી સાચી લોભિએ, વસ્ત્ર સાંચ્યા વિવેક. જખ મારતા ઉઠી ગયા, કોડી ન ગઇ એક. પાંચ શત પુરા હતાઃ રતના પાસે રોક; એથી તો નવ ઉગરૂ કજેત શીદ થાઉ ફોક. પ્રાણ તજુ પ્રભાતમાં, બપુએ વિચારી વાત, લાડ લાડકી સાથે કરૂ, રમુ આજની રાત. મંદીર આવ્યો મહીપતો, સોનરજુને સાથ, પાંચ શતમાંથી એક શત, હેતે આપ્યાં હાથ, તેડી લાવો તારૂણી, લાડકી સાથે કરીએ લાડ; અજર આળમ રખે કરો માનીશ તારો પાડ. જગત વશ છે જર તણે, દીઠા જ્યારે દામ, તે વેળા તેણી ધરી. કીધુ તેણીએ કામ નર નારી મળ્યાં એકઠાં, વીનતાને કહી વાત; છેલો જુવાર એ જોબને પ્રાણ તજશુ પ્રભાત. ખાઓ પીઓ ખુશી કરો, શોભા સ્વામી સાથ; ચતુરાને આપ્યા ચારસેં હેતે ભણીને હાથ. પ્રથમ અથ ઇતિ કહી. વિનતા આગળ વાત: સાત હજાર હું હારીયો થયો મહા ઉતપાત. પુંજી ઘરમાં પાંચશે, તેહ શા માટે ખોઉ, લાડ કરે જો લાડકી, તો તે નજરે જોઉ. આંસુ ભરીયાં આંખમાં, મરવાના દુખ માટ; પધારો તમે પ્રેમદા, વણિક જોશે વાટ. નીત મુજને સંભારજો, કરજો રૂડાં કામ: બીજે અવતાર દેખજો, રામ રામ શ્રી રામ. મારો જીવ તુ લાડકી, ઇશ્વર મારો આપ: એ વાતે જુઠું કહુ, બ્રહ્મ હત્યાદીક પાપ બોલ્યા ચાલ્યા કે વદ્યા તે તમે કરજો માફ; ખાલો પીશું ઝેરનો, અંતઃકરણથી આપ દુખ સુણી તે કામની, મનમાં કર્યો વીચાર: હું જીવુંને એ મરે, ધિક ધિક મુજ અવતાર. કોઇ કાળ હવે જીવશું, ચીરંજીવી નહી કોય; એને ઉગાર હું મરૂં, હરિ કરે તે હોય. માન-

ધાતા સરખો મહીપતી, જોયા જેવી જાત્ર; મરી તેહ સરખા ગયા, હું તે કોણુજ માત્ર;
દુર્યોધન સરખો દેશપત, ગુણનિધી ભરિયા ગાત્ર: મરી તે સરખા ગયા, હું તે કોણુજ માત્ર.
પાંડવ સરખા પરાક્રમી, મુગટ સોના છત્ર; મરી તે સરખા ગયા હું તે કોણુજ માત્ર.
વિક્રમાજીત વિષ્ણુ સમો, દુખભંજન કહાવ્યો દાત્ર; મરી તે સરખા ગયા હું તે કોણુજ ગાત્ર.
જુગારીનો જીવ જાય છે, એ મોટો અધરમ; હાર આપ્યો હેતે કરી, શિવજી રાખે શરમ.

(ચોપાઇ) આંસુ લોહ્યાં પાયુ નીર, ધરમવંતીએ દીધી ધીર; એટલું જર આપીશું અમો, રખે પ્રાણ તજોજી તમો. જગદીશ અન્ન આપે તે જમો, હવે રખે તમે જુગટુ રમો હમણાં હું તો જાઉ ઘેર, કરીશ પ્રભાતે તારી પેર. સાત સહસ્ત્ર તણુ જે હેમ, પ્રભાતે લાવું આણી પ્રેમ; જોખ કરાવી જુગતે જાર, મંદીર આવી તે તો નાર. પ્રેમદા ઉઠી પ્રભાત, ધણીને કહી વિપરીત વાત; આજ તો મારે કારજ ઘણુ, હું એક વચન લેઉ તમ તણુ. માહારાજની આગ્યા લીજીએ, જે હું માગુ તે દીજીએ: ધણી કહે તન મન જીવ માહરો, હુ વેચાણુ થયો તાહરો. (દોહરા) કેશરાશાહની કન્યકા, તેનું શ્રીમંત આજ મોકલો જાઉ મલપતી, કરીએ રૂડાં કાજ. બેનપણાં ઘણાં માહરે, તમારે પણ છે હેત; સરવે જણને છે નોતરાં, સર્વે સુરવે સમેત. સુખે જાઓ સ્વામી કહે, ઠગ વિદ્યા કરી ઠાઠ; શણગાર પેહેર્યા સોભિતા, ઉપમ રંભાજ આડ. જર તેડયો જુવતી ઘરે, સોનારણુને સાથ, આભુષણ બધુ આપિયુ, હેત ઘણેથી હાથ. આપી આવ્યો પલકમાં, હારયો તે તો હોડ; પાછો આવ્યો પલકમાં, મંદીર મોડામોડ. સોનારણુ ઘર સાત દિશ, રહ્યા રાતને દન; જોખ કરી ચાર જુવતીએ, મહા મહોતસવ મન. ભય નાણ્યો ભરથારનો, નાતની નાણી લાજ; ડર ન આણ્યો દીવાનનો, કર્યું જોરાવર કાજ. (સોરઠા.) રામા નાવી ઘેર રાત, કહો ભાઇ એ ક્યાં ગઈ; અતીશે થયો ઉતપાત, વાટ જોઈ થાકયો વાણીયો. તે માનની પામી મરત, ચેતી કોઇ એક ચોરટે, તરૂણી હણી તે તરત, આભુષણ પાસે અતી ઘણા. સ્વામી કુટે શીશ, પૃથ્વી ઉપર તે પડગો. અરે ઉમીયાપતી ઇશ, લાખેણી ગઇ લાડકી કહાં રહુ ને કહાં જાઉં, શોધી થાકયો શેહેરમાં, ખાતે અન કેમ ખાઉં; કળ નિંદ્રા નેણે તજી. (ચોપાઇ) એ વાત ઇહાંથી રહી, એને ઘેર તે શી ગત થઇ: વણીક પુત્ર થાકયો જોઇ વાટ, માનની મંદીર નાવી શા માટ. જમવા ગયા ત્યાં જોયા ઠામ, ખોળ્યું આખુ બાધું ગામ; કોએ ભાળ કહે નહી કયી, દુનીયા કહે અમે દીઠી નથી. ત્રાહ ત્રાહ કરે સહુ લોક, સજન સહુ પામ્યા શોક; ડંડેરો ફેરવ્યો બાધે દેશ, શામા ગઇ સુભટ સુવેશ. આભુષણ છે અધિક અમુલ, કામની જાણે કમળનુ ફુલ; અરે દઇવ એ તે શું થયું લાડકી સરખુ રતનજ ગયું. કો પછી જોયા છે જુવા, કઇ વરતિયા જશવંતા જુવા; કઇ પુછ્યા જોશીના જોસ, કઇ પુછ્યા ડાહ્યાને દોષ કઇક બાધા લીધી બારણે, ગણીયા તેડયા તે કારણે; કંઇક પરદેશી જોયા પંથ કોડ ઉપાય કરે એમ કથ. કો કહે ઘરેણાં માટે મોઇ, વિશામ જગો જુગતેથી જોઇ; કંઇ હલકારા મોકલ્યા માલ, ભામનીની જડી નહી ભાળ. કંઇક લોકને પરઠી લાંચ, કંઇક બંડને દીધી આચ; જોખ ઓખમાં જુવતી કરે, મેડી તળે ડંડેરો ફરે. હથ ગીચારો કુટે રૂએ, જાર જુવંતી દ્રષ્ટે જુએ; ખાએ સૂખડી ખાંતે ઘણી, કરયો લાખેણો ઘરનો ધણી. આશા મુકયાની વહી તે વાટ, સહેજે દિવસ વિત્યા સાત રત્નો કહે રામાજી સુણો, ભારે વાત એક મુજને ભણો. જઇ આપ આપને ઘેર ત્યાં શી થાશે તમારો પેર, મારે તો પાધરૂ છે આપ તમો ત્યાં શો જવાબ, ખોળ ખંખોળ થઇ છે ધણી. ધીંગો છે તમારો ધણી; ઉત્તર શો દેશો તમો, તે દુખે દુખિયા થાઉ અમો. કહેશે આભુષણ કયાં ગયાં, સાત દિવસ તમને ક્યાં થયા;

કોણે રાખ્યા તાં ને ક્યાં રહ્યાં, તમારાં ઘરેણાં ક્યાં ગયાં. કોણે ઉતાર્યાં શણગાર, ક્યહાં ગયા મોતીના હાર. તારે શું દેખાડશો મુખ. દેશે તમને દુનિયાં દુખ. તમારો સ્વામી તમને નડે, ત્યારે મારે મરવું પડે: મુજ માટે નમો તજીય મરવ ઘણું આપ્યું દ્રવ્ય મળી ગરવ. તું સાસુ સસરાની વહુ, ગેણાં દેશે તુજને સહુ; લોક માંહિ ઘટશે તુજ કાર શો ઉત્તર દેશો તે ઠાર. (દોહરા) નારી કહેરે નર સુણો. મંદીર મલપતા જાઓ, રખે હવે જુગટુ રમો, બેઠા રોટલા ખાઓ. પોપટ કહે પ્રભાવતી, વિપરીત થઈ છે વાત; કંથ કહેશે તું કાં ગઈ, રાખી કોણે રાત. આભુષણ શહસ્ત્ર આઠનું, તે કોણુજ લેનાર; કોણુજ તુજને છેતરી, કોણ દુખ દેનાર. તુજને લઇને કોણ ગયુ. કહો ચતુરા તુજ ચોર; એવડુ બાધા દેશમાં કેમ અંધારૂં ઘોર. જવાબ કરશે કામની. કેમ સાચુ માનસે કંથ: મંદિર કેમ આવશે માનની, પ્રીછો નો કહો પંથ કો કહે છે ગઇ નિસરી કો કહે વળી વેદ; કો કહે મારી નાખી હશે. નથી ભાંજતો ભેદ. એ નારી કેમ સતી થશે. કેમ પતિ લાગશે પાગ: કેમ નાત જાત સહુ માનશે, જડે તો કહો જાગ શેઠાણિ કહે નથી સુજતુ. વિચાર નાવે વાત; જવાબ ન થાય પલકનો, દીવસ રહી એ સાત. સાત શહસ્ત્રનું સામટુ આપ્યુ આભુષણ હાથ: ધરનં કરશુ ધોળકુ. જે માંટી ફેરી સાથ. વાતો દશનીશ સાંભળી, અધીક એકથી એક; એમાં કાંય નથી સમજતુ. વીજાર નણો વીવેક. શાસ્ત્રમાં કોઇ સમજે નહી, પુરાણી નવ પ્રીછંત; વેદથી ભેદ ભાગે નહીં. અનંત લવંત ઇછંત. એતો મુજને શીખવો, તરૂણી કીધ નેહ: શો ઉત્તર સાચી થશે, મોટો એ સંદેહ, ચરીત્ર કરી ચતુરાતણું રહો, આજુની રાત; વિચારી તું મને કહે, વેદ વિજારી વાત બોલ શીઘ્ર તું આંધવા, કથન સાંભળે કાણ તું કહેતો તો જાઉ નહી, ત્યાં તો દહાડા ત્રણ (ચોપાઇ.) સાંભળ મનથી પ્રભાવતી, ઘી કરમ તારાની રતી; વિચારી કહ્યું તે નાર લાડકીએ એક બુધ વિચાર. નર નારીને અદકો નેહ, મોટે પરોડે ઉઠયો તેહ; ગામ સીમાડે તેતો ગયા, કુવે જડીએ જઇને રહ્યા. ઝાલ્યાં ઝાંખરા તેની તીર, નીમીષે માત્ર મળે નહી નીર. નારી કહે શિક્ષા દેઉને, હળવે ઉતારો મુજને નારે મુજને ઉની આંચ. પાછલી રાત ઘડી પાંચ, હું છાની માની બેસુ આંય, તુ સુજે જાજે ગામજ માંય. જુઠી ડીગ ઉરાડજે તરત, ઝંડિએ કુવે કો પામ્યું મરત. લાડકસાને મન ભાવશે, કુટતો પીટતો કુવે આવશે. કાઢશે કુવેથી આપો આપ, દેવો ઘટશે તે દેશુ જવાબ; હળવે હળવે ઉતાર અનુપ, કારમો ઝંડિયો છે જે કુપ. ગુંણિયલ આવ્યો ગામજ માંય' તરનિએ વાત કરી છે ત્યાંય; સાંભળતાં અચરજ અદચું, ઝડિએ કુવે કો માણુસ પડ્યુ અરસપરસ પરમારથી પ્રીત. વાત ચલાવે રૂડી; ઝંડિયાના જાળામાં તરત, માણુસ કો પામ્યું છે મરત. નથી સમજાતું નર કે નાર. ફેક નથી જણાતું બાળ વાત કરી, તે સહુકો માત, શેઠ લાડકે સુણ્યું કાન. કરજોડી મેનત માગીઓ, રતંનાને પાએ લાગીઓ, તેં દીઠું કે કોણે કહ્યું. તુને જાણુ તે ક્યાંથી થયું, દીઠુ હોય તો દેખાડો મુને, પ્રણમી પાગ્ય લાગુછુ તુને; શે કામે તમે ત્યાં ગયાં. સમાચાર તમને ક્યાં થયા રત્નો કહે સાંભળરે ભાત, સાચી એક કહુ તમને વાત; મુળમાં મારે આવ્યો પુત્ર શોભાવ્યું માહૂં ઘરસુત્ર. મુળ નિધાન કેરે કારણે; જાતી જળ લેવા બારણે; એકસો આઠ કુવાનું નીર, લેવા ગયો હું તેને તીર, કુવો ખોળતો ગયો ત્યાંય; પડ્યું માણુસ દીઠું તે માંહ, હું બીતો નાસી આવીઓ, દીઠું તે ખબર લાવીઓ. (દોહરા) પચીસ પચાસ માણુસ મળ્યાં, લખ્યા કોડે લોક; કળકળતા કુવે ગયા, સઉને મન તે શોક. મારી નાંખી છે માનની, લીધા છે શણગાર; ઝંડીયા આગળ આવીયા, એ દુઃખ અપરંપાર. માંહી પડ્યું છે માનવી, ઉંધું થઇને અદ; રાતુ વસ્ત્ર રામા ખરી, મારી નાખી છે સદ, ઘરણે તેહ હણી પડયો. શાહપતી

જે શેઠ, ઉઠાડયા આઠે જણા; પ્રહાર કરતો પેટ. સોક્યા સાથી સાત જણ, તેમાં ઉતર્યો તરત ૯૮ ણુ વસાએ લાડકી, માનની પામી મરત; કળકકળ કરી કહાડીયાં અડગી પડગી એન. કાઢ્યું દીઠું હાલતું, ભીગ્યાં દીઠાં નેણ; તરફડે ત્રાસે તારૂણી, કરાર થશે એ કાલ. વિઘન વાધ્યું વિનતા તણું, અમને વધાઈ આલ; જીવે છે જીવે કહ્યું, પોઢાડી ખાટે ગેર, સગાં સહોદર સહુ મળી ગુણવંતી આણી ઘેર, પાથરણાં રૂડાં પાથર્યાં, આરળમાં ભારી એહ; ખમાખમા સહુ કો કહે, નારી સાથે નેહ. એકવીસ ઉતાર ઉતારીયા, દહી ગોરસ દશવીશ; પચાશ ઉતાર્યાં પુતળાં, શામા ફેરે શીશ. શતચંડીની બાધા રાખો, જવાળામુખની જાત્ર; એ જુવંતી જો જીવશે, નવ કરશું નવરાત્ર. કપુર કસ્તુરી ચોળીયાં, રોળીયાં લસણના રેલ; વાધેણ ફુલેલ મરદાવીઆં, ઉપર નારણે તેલ. લવીંગ ચૂરો મુખમાં ધરયો, કંઇક સમ્યું છે કષ્ટ; એ પ્રહર એમ વહી ગયો, ઘેણ ઉઘાડી દ્રષ્ટ. સાકરનું સરબત કરયું, પાયું પ્રીતે પુર; હાથ પગ હલાવીયા, નારીનું આવ્યું નૂર. ઘૃત સાકરની ગભરી, પઈ વાર બે ચાર; પાસ પલકુ પ્રેમદા, અરગ કરયો ઉચ્ચાર. બે દિવસ બોલી નહી, ત્રીજે દહાડે તાન. હળવે હળવે બોલીયાં, શામા કરીને સાન. સગાં સહોદર સાથ સહુ, મળ્યા જ્યારે દશવીશ; નારીએ નર દેખતાં, કુટ્યું પોતાનું શીશ. રૂએ ને રૂદન કરે, ઘસે ઘણેરા હાથ. શામાટે સ્વામી કહે, બેસાડી બન્ને બાથ. કોણે કુપમાં નાખીયાં, કોણે કામ એ કીધ; કયાંથી પડ્યાં તમો એકલાં, આભુષણ કોણે લીધ. શ્રીમંત હતું સઘયર તણું, જમવા ગઇતી ત્યાંહ; ત્યાંથી તકાવી તસ્કરે, માલ દીઠો મુજ માંહ. આભુષણ હેરા આવતાં, રાત અંધારી ઘોર; ચોતરે ચોરા આગળે, ચાર મળ્યા મુજને ચોર. ઉપાડી લીધી અંતરીક્ષથી, ચાર નરે તે નાર; બોલી તો કટકા કરૂં, ઉપાડી તરવાર. બુમ પાડી હું નવ શકી, બોલી ન શકી બોલ; કોણે તે જાણ્યું નહી, દીઠો નહી ડમડોલ. લેઇ ગયા મુને ઝંડીએ, ઉતારયા શણગાર; પછે મને મારવા તણો, મનમાં કરયો વિચાર. કટારી કાઢી મારવા, બીજે ઝાલ્યા હાથ; ત્રીજે બોલ્યો બાપડો, તેના સાથી સાથ. મારે શું આવે હાથમાં, આભુષણ તો લીધ; ઝોળીમાં ઘાલી ઝાપટી, ઝંડીએ નાખી દીધ. કોણ સાંભળે મારૂં કહ્યું, કોને કહું તે વાત; સુખ દુઃખ ભાગ્યાં હાડકાં, સેજે વીત્યા દીન સાત. લાખ વિંછીની વેદના, હેમ હજારા હાણ; જાણે ઇશ્વર અંબીકા, કે જાણે મારો પ્રાણ. આયુષ હશે તો જીવશું, નહી ગયો એવો હાર; દશ લખપત દેખે નહી, અફળ ગયો અવતાર. કોઇક બંદો ઇશ્વરતણો, કીધું તમને જાણ; મુજ કાઢી લાવ્યા તમો, રહ્યો પંડમાં પ્રાણ. હવે હું જીવું નહી, કરશું આતમઘાત; આભુષણ મારૂં ગયું, મેં કીધો ઉત્પાત. એમ કહી અદકું રૂવે, દાવાનળ દે દુઃખ; ઘરમાં રૂવે ઘરધણી, શું દેખાડું મુખ. લાડકો કહે સુણ લાડકી, વિનતા તુજ શો વાંક; આભુષણ આપું અધીક, અલખત આડે આંક. બલા ગઇ સરવે તાહરી, ગયો આપણો રોગ; ગયું વિઘ્ન એ તાહરૂં, શિવે મેલ્યો સંજોગ. પ્રભુ આપણો પાધરો, તું જીવીશ જરૂર; તું પરણી તે દહાડા થકી, વાધ્યું મારૂં નૂર. ઘરેણું ઘણું સાંપડે. રળતે ખપતે તરત; તુજ જેવી નવ સાંપડે, જો માનની પામે મરત. રોતી રાખી સુંદરી, દીધા દિલાસા કરોડ; વીશ દિવસ વઇદું કરયું, જુવતી જીવી જોડ. બાધા રાખી જેટલી, કીધાં તેટલાં કામ; માથે પાણી ઘાલીયું, જમાડયું આખું ગામ. સ્વને વાત કરી હતી, કુવે પડયું છે કોય; એને પ્રતાપે ઉગરી, જાણ તે તરનો હોય. ઘરધણીએ ઘેર રાખીઓ, વાણોતર કરી વેદ; વણજ વેપાર સોંપ્યો સરવ, ભાંત ન રાખી ભેદ. ખાધું પીધું ખુશી કરી, હઇડું રાખી હાથ; લાડ કર્યાં તે લાડકી, જોડ સ્વામીને સાથ. કોણે કલંક જાણ્યું નહી, એહ વિજારી વાત; આવડે તો જાણો સુખે, રાખા રંગે રાત. અમૃત જાણ્યો એહને, ઝાઝું એમાં ઝેર; ગમશે નહિં ગોવિંદને, વિશ

સંગાથે વેર. દેશપતી તો દંડશે, લજ્જા થાશે લોપ; જશ કીરતીને જર જશે, કરતાર લખ્યો તે કોપ. શેઠાણીએ કર જોડીયા, ચતુરા લાગી ચરણ; સારી વિદ્યા શિખવી, કથન સંભળાવ્યાં કરણ. આંતર પ્રગણામાં મણી, ગુણવંત સિંહજ ગામ; વિશ્વનાથ વિરેશ્વરો, નવે ખંડે નામ. રખીયલ રૂડો રાજવી, ગુણીયલ શુભ ઘર રાત્ર; ઝવેર આદ જસવંત સહુ, પાંચ પરાક્રમી પુત્ર. માનધનથી તેડીઓ, શામળભટ કવિરાજ; કરજોડી કવિને કહ્યું. કરો ગ્રંથ શુભ કાજ. પાંચ ગ્રંથ પુરા કર્યા, સિંહાસન બત્રીશ; વિક્રમાજીત વિવેકથી, વરણવ્યું ઓચરીત્ર શિવપુરાણ સંભળાવીયું. રૂડો રેવા ખંડ, રામ કથા રસ અતિ રમણ; ટાળયા જમના દંડ, શુકબોતેરી સુંદર કથા. છએ શાસ્ત્રની છાપ, જાણ હશે તો જાણશે; અધીક ચાતુરી આપ, શ્રોતા વક્તા સમજતા. કહે કવિતા કરજોડ, શામળભટ કહે બોલજો, જય જય શ્રીરણછોડ.

—❖—

વારતા ૩૧ મી.

(ચોપાઇ) શ્રી ગણાધિપ તુજને નિત્ય નમું, શુભ કારજ કરો નિત્ય સમું; શુભબુદ્ધિ દેયણ સરસ્વતી, મયા કરી આપો મહા સતી. દુખભંજન દુંદાળો દેવ, શુભ કામે સુંઢાળો સેવ; ગજાનંદ કેરા ગુણ ગાઉં, પુજુ પાય ને પવિત્ર થાઉં. પચીસ જન્મનું પાતીક ટળે, મનવાંછીત ફળ માગ્યાં મળે; ત્રણ કોટી પરિયાં તારીએ, જીતી બાજી નવ હારીએ. જાગીર વાડીએ જીત્યાતણાં, ટાળીએ દુખ દારીદ્ર ઘણાં; મહારાજ મન વાંછીત દેયણાં, જીત્યા કેરા જશ લેવણાં, (છપા.) કોટ કરે કલ્યાણ, પ્રતાપ વધામણ પાડો; સંકટ હરણ સુજાણ, ખરૂ દુખભંજન ખાડો, વિદ્યા વાણી વીવેક, કલ્યાણ કરે નીત કાણો, બાલ હત્યારાનો પુત્ર, સુત સંપત દે શાણો કલ્યાણ કુવારી કરે. વિદ્યા ભરી વદને વસે; શામળ કહે શેવ શંખલપુરી, જે ધરમ મારગ ઉપર ધસે, ગોવાળ તણો ગુણ ગાય. ચારય ચોપાગ કીધી હાંસી; ઉજડ કરયું મોસાળ, મારયાં મામોને માથી. નીકન્દન કબીલો કીધ, અતુળી બળ કહાવ્યો આપે, નિકંદન કરયું નિજ ગામ, એજ બ્રાહ્મણને શ્રાપે; કહીક જણ્યો કહીક ઉછેરયો, કંઈ તારયા કંઇ મારીયા; શામળ કહે કૃપા કરો, જે હોડ કરયા તે હારયા (ચોપાઇ.) કૃપા કરો જો મોટા કવી, તો તો વાત કહું નિત નવી; શુક બોતરી કહુ કથા, જેમ વાત બોલાવો યથા. એકત્રીસમે દીવસે તારૂણી, કોટી કામ કેરી કારૂણી; કાયામાં રહ્યો કંદપ રૂપ, ભાગ્યશાળી ભામની એ ભુપ. કોકે કહી જેવી કામની, ભજે છે એવી ભામની; શણગાર સોળ સજી નીસરી. લાજ મરજાદ સરવે વીસરી. કામી પુરૂષ રૂદેમાં ધરી. શુક પાસે આવી સુંદરી; ભામની કેરા ભાસે ભેદ. વિનતા જાય વીસરી વેદ. રાખુ નહી તો કાપણ વેઠ, જાવા દઉ તો કોપે શેઠ; એના ઘરનું લુણજ ખાઉં, આજ એને ઓશીગળ થાઉં. એ વિનતા શું જાણે વાત, એ કામે થાશે ઊતપાત; નગરશેઠ છે એનો ધણી, લાજ પ્રતિષ્ઠા ગુણનિધ ઘણી. કામ દામને ભેદે કરી, ઘેર રાખુ સ્થીર સ્થાવર કરી; પર પુરૂષ અને પરનાર, પામ્યા દુખ કાંઇ અપરંપાર. (છપા, શત ભગ પામ્યો ઈંદ્ર ચંદ્ર ખઇ રોગે ખાધો; પાંડવ ભમીયા વન, કઉરવ કુળ ઝુડ્યો બાધો મુઆ કઇવાના શત ભ્રાત; વાલ વધામણા ચઢાવ્યાં; રાવણે ખોયુ રાજ, તાજ દસકંધ કટાવ્યા; આદ અંતને આજલું, નર નાર સિકાં થાય છે; શામળ સુખ સાગર તજી, જરૂર જમ લોકે જાય છે, પરનર નારશું સ્નેહ, તેહ સુખે નવ સુવે; પરનર નારશું સ્નેહ, ઝબ જારી ખુવે. પરનર નારશું સ્નેહ, તેને દિવાન દંડાવે: પરનર નારશું સ્નેહ, તેને ખાંડણી ખંડાવે; પરનારશું સ્નેહ ધરે. ધજા આબરૂ જશ જશે, શામળ કહે સ્વર્ગ સેણી, ખરા પંખી શ

રતા થસે. [ચોપાઇ] શુકે એમ વિચારયું મન, આહિં કો બીજુ નથી અન્ય; એને કોણ જાતિ રાખશે, જુડા રૂડાં વચન કોણ ભાગશે, માઠુ બોલી મેના મુઢ, તજ્યો પ્રાણ ગુણહીણીએ ગુઢ, હું પણ વરના બોલુ વાણુ, પલક એકમાં પલટુ પ્રાણ, અમૃત બોલી રાખુ એહ, નારી સાથ કેરૂ બહુ નેહ, શાબાશ તેને શેઠાણી સાર વીજારીનો કરયો વીચાર, આજ કાલ સહજ આવશે, માન સનમાન તેને કેમ થશે; અવસર ચુકે જે નરનાર, તેણે સુખ તજ્યું સંસાર. ચીંતવ્યું તે વેળા કારજ કરયું. તે નર નારીનું મન ઠરયું; બત્રીસ લક્ષણુ તેનું નામ. કરે મન ચીંતવ્યાં જે કામ જુવતી કહે જારી જાઉં છું દયો આગ્યા ખાટી થાઉ છું આજ ન. એક ખાધા સમ, તો જરૂર નવ જઇયે કયમ, કામના જાઓ રૂડા કહાવજો, અરૂણુ ઉગે વેહેલાં આવજો; કદાચ કાંઇ જો સંકટ પડે, કલંક માઠુ માથે પડે, દંડે રાય [illegible] ડાહાપણુ સઘળુ થાયે ફોક; ભવસાગર ભવાની તણી. ગોરી ગુણવંતી છે ઘણી. રંગા નામ [illegible] નીત, પરપુરૂષ શું અદકી પ્રીત; કલંક જાણ્યુ તું ગામમાં. ભઠ પડયો તેના નામમાં, ઝપાઇતો તે તો ઝાળમાં ઘેરાણીતી તેતો કાળમાં, આગ ઉરાડી નાખી તરત. મેટી નાખ્યું માથાનુ મરત તેણીએ વિજારી કીધી વાત. ઉગારી માથાની ઘાત; રાખ્યો જર ઘર રાખ્યું નામ, વશ પરતાવ્યું આખું ગામ. જખ મારી રહ્યા લક્ષ લોક, દંડ ન લેવાણો પામ્યા શોક; તેના જેવી કરજો કહી, જો આવડે તો જાઓ સહી જો આવો અતી આંચમા તો જીતી લજા જશ પાચમા; ખરી વિજારી કરજો વેદ, ભાગી નાખજો સહુનો ભેદ, (દોહરા.) પગ ખેંચી રહી પ્રેમદા, એનો વીજારી વેદ, રંગા કોણ રામા હતી, ભાગો મનનો ભેદ, ભવસાગર કોણ ભવાનીયો, કોણ સાથે કર્યું કામ. કેમ વસુધાએ વશ કરી વરતાવ્યું સઉ ગામ, મારા સમ સુક શિખવો, પ્રણમી લાગી પાગ; એતો વિદ્યા અવનવી, જુગને જડી કેમ જાગ. હાડી કરોછો તેમ કરો; અહ અમારી અરજ બેસો પથર ઉપરે, હોય સાંભળવા ગરજ. પોપટે કહ્યું તેમ કરયું, બેઠા જાડી હાથ; વિસ્તારીને કહો મુને, વેદ વિજારી વાત. [ચોપાઈ] જયપુર એક નગર વિશાળ, મનોરસંઘ નરપત ભુપાળ; ધરમ ધુરંધર એ વડવીર. અજા વાઘ પીએ એકઠા નીર. ભાવસારની રંગા નારિયે, જીતી જશ લીધો જારિયે; પુરૂષ પ્રેમદાને અદકી પ્રીત, મહસ્થાવટ ગુણ રાજસ રીત, વસ્ત્ર ધોયાનું તેને કામ. વશ વરતે છે આખું ગામ ઘણી વસ્ત્ર રંગે ઘેર ઘણાં સુએ ખણુઆણી લોકો તણા, ઘેર રંગાણું રંગે ઘણી, ગરાગી ગામનાં છે ઘણી; ભવાની ભાવસારની ભામની ખબરદાર તે તો કામની. હલ રૂડે હાતી ગુણ ડાહી, ત્વનતા પણ નવ જાણે વાહી; વાટ ઉપર નીત્ય ધોવા જાય, ત્યાં પણ એક તમાસો થાય. ધાંબી એક ખીમોજી નામ ઉપદેશી આવ્યો તે ઠામ, રંગા વસ્ત્ર ધુવે છે જયાંહ, રામ રામ કરી બેઠો ત્યાંહ, વરણાગીયો ને ઘણું વાંકડો, ઘણું શાહુકાર દીસે રાંકડો રંગાને ઉપન્યું બહુ હેત, સોપ્યું તન મન ધન સમેત. આ માણસમાં ખોટું વરત, કર પ્રીત પારખું તરત નારીએ તેને પાયુ નીર, ઘડી એક બેઠો તે તીર. પુછી પટંતર જુગતી વાત, મળા એક બે જણની જાત; ચતુર નર વરસ ચઉદજ તણો, નેહ ઉપન્યો નારીને ઘણો. કયાંથી આવ્યાને કોણ જ ગામ કહાં જાશો રહોછો કોણ ઠામ; બાળપણુમાં બાળેવેશ, કેમ નીકળવું પડયું પ્રદેશ. પરણ્યા કે કુવારા આપ, સાચુ ન કહો તો બ્રહ્મહત્યા પાપ; માત તાત કે છે કો ભાંત, સાચી કહો મુજ આગળ વાત. પરીસટ કહે મુઆં માબાપ, રહ્યો એકલો આપોઆપ, પરણી નારીશું બહુ પ્રીત, ચલાવતીતી ઘરની રીત, તેહ પણ તેર વરસે તરત, અકસ્માત તે પામી મરત; ખરી પામ્યો હું તો ખેદના, અંગે વિછીની વેદના; મોટુ દુખ માણસમાં થયું સમજ્યાનું સુખ વેહેતુ થયું; કોઇ વાર કહીએ શું કથી, તેને ઘેર રહેવાનુ નથી. ભામની વિણ જે કો

ભરથાર, અફળ જીવિત છે અપરંપાર; ઘરબાર વેચી લીધો અરથ, ધરૂણી કેડે ખરચ્યો ગરથ. તેહ ગામ રહેવાએ નહી. એકલો જાતરા કહીનો કહી; એમ કહી રોયો ચોધાર, નારીએ માન્યું નિરધાર. દાણો પાણી ત્યાં જઇશું, સુખીયા કે દુખિયા થઇશું, દીન બોલ પંથિએ કહ્યા; તેહ નારને આવી દયા ખાવું બતાવી રાખ્યો ત્યાહ. વિચાર કરયો પોતે મન માંહ; એને રાખુ તો રૂડા જોગ, ભોગવશું એ સાથે ભોગ. લાખેણો લડાવુ લાડ, પુરૂષ માને એ મારો પાડ; જો જાણે મારો માંટીયો, ભાગે એક તરત ટાટીયો. લખ્યા લેખ કોના નહિ મટે, જવભાર ન વધે તલભાર ન ઘટે. એક એકનું મનડુ મળ્યું અગન દીઠે જેમ ઘી ગળ્યું; કાગળ જેમ પલળે પાણીએ. નર રાઝયો એની વાણિએ.

[દોહરા.] બંને ધોવા લાગીયાં વસ્ત્ર દસ કે વીસ; સારી પેરે સુકવ્યાં, જશ લીધો જે દીશ. વના વરીને વશ કરે, કામણ કરતે કામ; વિનય થકી તે વશ કરી, નારી થઇ નીજ નામ, એટલે રાત થઇ તિહાં, જાવા માંડયું ઘેર; પુછ્યું પેલે પંથાએ, મારી તે શી પેર. ચઉટે પોઢેરે ચતુર નર; કોયક હાટ હજુર, ઘાટ ઉપર તું આવજે. રવી ઉગમતે સૂર. ઇહાંથી કંઇ જાઈશ માં, તે વાતનો કોલ આલ, કરવું ઘટે તે હું કરીશ કંથને પુછું કાલ, બળદ પલાણ્યો બળ કરી. ઉપર બેઠી નાર પંથી ચઉટામાં રહ્યો, શી થઇ વાત સવાર ઘેર આવી તે ગોરડી ધણીને કહી વાત; મેંતો અણઘટતુ કરયું, અદકો ઉતપાત, માશી સગીની દીકરી વરસ તેરની વરત; ડાહી ગોરી ફુટડી, તેનો માંટી પામ્યા મરત. રંડાણી તે રાજવી; ભામની કેરા ભોગ; જ્ઞાન ઉપન્યું તેને ઘણુ જુવતીએ લીધો જોગ, અડસડ તીરથ કારણે, જાત્રા કરવા જાય; જપમાળા છે હાથમાં. ગોવિંદના ગુણ ગાય, તણીએ મન વિચાર્યું, રામા રાખ્યુ ધાન; લાંછન લાગે વાટમાં, તો થાઉ ઉપમાન. કામનીએ કેશ મુડાવીયા, ગુણ સરવે કીધો ગરદ; તીરથ કરવા નીસરી, બેરીનો કીધો મરદ. રાડ માણસ એકલી, તેનો વણશે તરત; વાર ન લાગે વણસતાં, જેમ અગ્નિ ઉપર ઘરત. મરદ વેશ કર્યો માનના, કામની મુડાવ્યા કેશ; રામા થઇ તે રાજવી. જોબન બાળે વેશ. ઓળખાય નહી તે અકલથી, રૂડું પાલટયું રૂપ; ચતુરા ચતુર શિરોમણી, ભામની જાતે જુપ. રડવડતી રણુ મારગ જતી, મરી જાત પણ મરદ, આવી આપણ ઘાટપર, ઘણા ડાપણમા પરદ. એણ તો મુને ઓળખી, સારી પેઠ સ્નેહ; મેંતો પુરૂષ જાણીયો, નાણ્યો મનશુ નેહ. તોય પાધુ તાજી થઇ, ચતુરાનાં જે ચેન એણીએ મને ઓળખી, એ તો મારી બેન. સગા માસીના દીકરા, એકઠાં રહ્યા વરસ એક; સારાપેઠે સમજી કહે, વિનય કરયો વીવેક. પર પુરૂષ મેં પરખીયા, ઘણી વાર થઇ ઘાટ; મે કહ્યું તુ જા મારગે, વહે ભાઇ તારી વાટ, હુ ઓરત માણસ એકલી, તું પુરૂશ તો પ્રઉઢ; લાંછન લાગે લક્ષવશા, ગુણ ગમાએ ગઉઢ. (સોરઠા) હેત તાળી દઇ હાથ, હશી પડી ઘણી હોંશથી, સ્નેહ કરી મુજ સાથ, બોલ્યા શુદ્ધ પરાક્રમ ઘણે વિનતાએ કહી વાત, નિરધાર જેટલું નીપન્યું; મારી માશી તુજ માત, મસીઆઇ બેન તું માહરી. મળ્યો તો જીવે જીવ, લોહીએ લોહી મળી રહ્યું, દુઃખ ભાગ્યું મુજ દેવ, બેન આવી તુજ બારણે. માંટી તારા ડર માટ, તેડી લાવી નહી તેહને; હરશાને હાટ, ચતુરા રાખી ચોવટે. (દોહરા) ત્યારે તે હસી પડી; તાળી દીધી હાથ; અચઇતી માંડી કહી, શોભી મારી સાથ. માંટી મરતે માઠુ થયુ, મુડાવ્યા શીર કેશ; જરૂર જાઉ છું જાતરા, વપુ પાલટયો વેશ. ખરી નીશા થઇ માહરી; ઓળખાણુ નીકળી એન, અરસ પરસ બેઉ મળ્યાં, માશી જાઇ બેન. સમ દીધા તેણે સામટા, ઓ હત્યા સહ સાત; ઓળખાવે આ ગામમા, જો કહે કાંઈ વાત. ખટ ઘડી ખોટી કરી; સમ કરી બોલી સાચ; ધોવા ગઇ લુગડાં, દેખાડયાં દસ પાંચ. પરાણે પરૂણી રાખવા, માંડી વાર દસ

વીસ; અતીરો કરે આવી નહી, આશા ખાધી ઇશ. સુઇ રહી છે શહેરમાં, હીંગલોકશાહને હાટ; કાશી કેરો કાફલો, વહાણે જાશે વાટ, મેં કહ્યું આવ તું મંદીરે; કોને નહી કહુ વાત; એક રાત અહીયા રહી, પંથ જજો પ્રભાત. પતિ તમારો પુછશે, ત્યારે શો ઉત્તર દેશ; કહેશે એતો કાણુ છે ત્યાં શો લાભ તું લેશ. તે મન વિચારયું માહરે. ભારે એતો ભાંત; જણાવતા જુગતુ નહી, નહી સારી એકાંત. મન માને જો તાહરૂ, મારો આવે વિશ્વાસ: મંદીર તેડી આવાએ, પોઢાડુ મારો પાસ.

(ચોપાઈ) ધણીને કહી અતારી વાત, સાચુ માન્યું તે સાક્ષાત; એણીએ તો દીધા સમ, તમ આગળ કહું નહી કયમ. આત્મા તારો મારો એક, તે માટે કહી વાત વીવેક; તું અમારો અધિપતી આપ, તમ આગળ કહેતાં નહી પાપ. ભામનીનો ભોળો ભરથાર, નિશ્ચે વાત માની નીરધાર; ભક્ષવશા તેડી લાવીએ. કરોડ વાનાં તેને કીજીએ, માગે તે એને દીજીએ; અવસર આવ્યો કેમ ચુકીએ, ઘેર આવી કેમ નીરમુખ મુકીએ. (દોહરા) કંથ કહે સુણ કામની, ત્યાં જઇ કરોએ પેર; શામ દામ ભેદે કરી, તેડી લાવ તું ઘેર. ઉઠ ઉઠ તું આ ઘડી, આવું હું તુજ સાથ; તેડી લાવ તારી બેનને, હેતે હુંવળગી હાથ, આપણે મંદીરે રાખશું, ઉડળ ઘાલશુ આભ; લુગડા ધોવરાવે તને, લેશુ લાખેણો લાભ, નરને નારી નીસરી, વળાં ચઉટા વાટ; પેલો પંથી પોઢિઓ દોશી કેરે હાટ. પતિને રાખ્યો વેગળે, પોતે જઇ બેઠી પાસ; અહિંઆં રહેવું નવ ઘટે, કહ્યું શાબાશ શાબાશ. માંડી મારાને કહ્યું, ચતુરાઇ કેરે ચેન; પુરૂષ થઇ આવી પ્રેમદા, મારી મશીઆઇ બેન. મંદીરને આવો મલપતી, રહો આજની રાત; ખાઓ પીઓ ખુશી કરો પંથ જજો પ્રભાત. ગોઠે તો રહેજો ઘણાં, નહિતર દીવસ બે ચાર; વળા કરી વોળાવશું. ભોળો મુજ ભરથાર. એટલે પોતાનો ધણી, હેતે વળગ્યો હાથ; મંદીર લાવ્યાં મલપતાં સાળી સગપણ સાથ. બોલાયુ નહો બાપડે, પ્રીછી નહી એને પેર; નર તેને નારી કરી, ગુણવંત આવી ઘેર. બચકો છોડયો બારણે, ચરણા ચોળી ચીર; પેહેરો બાઇ આ પાગરણ, ધારણ રાખો ધીર, સાચુ કહ્યું સ્વામી કને, જે તુને વીત્યા ચેન નર રૂપ થઇ તું નીસરી, તેતો મારી બેન તું તો સાળી માહરી, મારા શાની લાજ; બિજી તો તારા બેન છે કરો અમે તે કાજ, થર થર તેતો ધ્રુજ્યો, અરે પ્રભુ શું થાય; પ્રીત કરી પરનારશું, જીવ જરૂરી જાય બેઠા ચંદ્રમા બારમો લોહ પનોતી લાખ, ડહાપણ માંડે દર બળો, રૂપમાં ઉઠી રાખ, સાચા જુઠા રાંડનાં, બોલી છે જુઠા બોલ; નર શીદી નારી થતું. તે કમ રહેશે તોલ હાય હાય હવે શું કરૂ, શા દેઉ જવાબ; મરદ મેરા પટંતરે, ઓળખાશે મુજ આપ, વેશ કઢાડયો રમાડવો, વિપરીત થઇ એ વાત; દુખે પાપે રહુ જામનિ, પરવરશું પ્રભાત. પાગરણ પુરૂષનાં પરહરયાં, માઠી કીધી મત્ય, કામનીએ પેહરાવા કાંચળી, જો જો દઇવની ગત્ય, ઘુંઘટ વાળી ઘરમાં ગઇ, જુવતિ રૂપે જાણ; એક દુઃખ બીજું હસુ હાસ, કરતામાં હાણ. અધિક આગ કેમ ઓલવે, તરે કેમ અરણવ નીર; બ્રહ્માંડ છાનું કેમ રહે, પાલટયું જેહ શરીર. (છપ્પો) પરનારી સંગે પીડ, બીક જુપતના ઘરની; કરોડ વિખના કિડ, વેદના તેની વરવી, પરનાર સંગે પાપ, તનમાં તાપ તપાવે; પરનાર સંગાથે પ્રિત; કાં નર શીશ કપાવે, જાય ઈજ્જત ને આબરૂ: જાય જોખ જપ તપ સવે શામળ કહે સુખ સમૃધી જશે, અકલવંત સમજો હવે. (ચોપાઇ) કઉતક સરખી તે વાત, રામા રૂપે રાખ્યો રાત, કાડયા ઘરત તણા ગાડવા, લાખેણા કીધા લાડવા. મનોહર તો કીધી છે ઘણી, જમવા બેઠા પોતાનો ધણી; બે બેનો જોડે બેશી જમી તે વાત સહુ મનમાં ગમી. સજ્યા તો સુંદર પાથરે, સુતો કંથ ઘરમાં સાથરે; ભર નિંદ્રા થયો જેટલે; તે પંથી બોલ્યો તેટલે. અરે ચંદ્રમણી ચૈત્ર ચાંદ,

મને માનની કહ્યું કેમ માંડ, હવે વલે મારી શી થશે, જાણું જીવ અખુટે જશે. સવાર થએ થાશે બહુ શોક; પંચ ખટાલી કરશે લોક; માનની તું આવી મુળીએ, મુઓ દેશે મુજને સુળીએ. હવડાં જો જવાદે મુને, પ્રણુમી પાગ લાગુ હું તુને; જે વેળા મરદ જાણુશે જાત, બાંધી લેશે પોતે પ્રભાત. હારય હેત મારૂ હોરશે, ધુતારા કહી કુટી કાહાડશે. માનની મારાં કપડાં આલ, તું ગમે તે કહેજે કાલ. હું તો હવડાં નાશી જાઉં; ખરા તે વાતે સમ ખાઉં: અખુટ સરવા ખહાં શીદ રહુ, કામની તુંજને સાચુ કહુ. નારી કહે તું શાને બીહે, દોષ એવડો શાને દીયે; આ વેળા કાઢી મુકો તમો, પ્રણુગી પાગ લાગુ છું અમો, કોણુ જન્મનુ તારે વેર. કામની તેં તો કીધો કેર; એવડો શો વિધાતા વાંક, કાંચળી પેરાવી કિધો રાંક; એથી ભુંડું બીજું કીયું; રાંડ કેવાણો તેથી બીહું ઉપરાટા થયા કેમ ખશ, સવારે કો છેદશે શીશ, કોક જન્મનાં પાતીક ભળ્યાં, મુજને તમો મારગે મળ્યાં. તારાં ડહાપણુ થાશે ફોક હસશે બધા ગામના લોક; બાળ ખાવુને ખુમીયો, દુઃખ સાગર માંહે ડુબીયો; કાલાવાલા કિધા કોડ, મેલી છોડો મનનો મોડ, હેત પ્રિત બાળો તાહરૂ, નિકટ મોત આણ્યુ માહારૂ; આડો ઉતર્યો હશે સાપ, મને મળી તુ પુરણુ પાપ.

(દોહરા) પંથીને કહે પ્રેમદા; વચન માન તું સાચ; નામ ન લે કો તાહરૂ, કુની નાવે આંચ. જખ મારે છે ઘર ધણી, જખ મારે છે લોક. જખ મારે છે મહિપતી સમાવું તારો શોક. પંથીને સુજે નહી, મનમાં કર્યો વિચાર; લાજ ગમાવે લોકમાં, શીશ તણા સંસ્કાર. કાંચળી પહેરાવિ મુને, રાયેનો કરયો રાંડ; રાંડે સંગે પરવર્યો, ખાધી ઝાઝી ખાંડ. જખ મારી મેં લક્ષ વરા, પુરા માગ ભોગ: મારગમાં મુજને મળી, મેં જશ ગમાવ્યો જોગ. કોક જન્મનું વેર હશે, કે રૂઠયો હશે રામ; કોક જન્મની પાપણી, કીધુ કુડુ કામ (ચોપાઇ) વિચારતાં તો ગઇ મધરાત, સુતાં માનવી જાતો જાત, મનુષ તો દેશે નહિ કોય, તે વેળાએ કૌતુક હોય. ઘરનો ધણી જાગ્યો તત્કાળ, પડી પેટમાં તેને ફાળ; સગી સાળી આવી માહરી, પુરૂષ વેષે પેખ્યો જાહરી. મેરી મરદ થઇ કેમ ફરે, કામ અચિંતવ્યાં ભારે કરે; એવો મનમાં આવ્યો વેમ. ધિરજ રાખી શકાયે કેમ. (સોરઠા) કાંઇક દીસે છે કુડ, મેરી મરદ થાએ નહી; માનું છું હું મુઢ છલ કરિ મુને છેતરે, પારખુ જોઉ પાગ, નારી છે કે નર છે; ભારે જાણ્યો ભાર, ચરચા જોઉ ચતુરાતણી.

(ચોપાઇ) રખે કાંઇ કપટ તે હોય, સ્રીનો પુરૂષ નવ થાયે કોય; વિનતાનો તે શો વિશ્વાસ, એકઠાં બે પોઢયાં પાસ, રખે નારને કો ધુતી જાય. ચરિત્ર રમાડી મુજને વાય; નીચા નરની ચરચા જેહ, જોવું નર કે નારી તેહ. એમ કહી એતો ઉઠીયો, રામા ઉપર રૂઠે રૂઠીયો; પ્રેમદા હશે તો લાગીશ પાગ, સુંદર રહેવા આપીશ જાગ્ય. પુરૂષ હશે તો પ્રાણુજ લેશ. દેવો ઘટે તે દન્ડજ દેશ, કદાચ મરદ હશે એ દીશ, સો વસા છેદાવું શીશ. કપટ એહનાં મનમાં કળે, પુરૂષ પેઠો પલંગની તળે; રંગ ભોગ કીધો બેણુ, તોલ જણાયા તારૂણી તણા. આ ચરિત્રને કીધું ગરદ, લાખ ક્રોડ વસાએ મરદ; નારિ ચરિત્ર એ નીરખીયું, પ્રેમદાનુ કપટ પરખીયું. મઇથુન સોળ પ્રકારે જેહ કાને સાંભળ્યુ તેણે તેહ; કાંઇ ઉનમ તેમાં નવ રખી, હૈડું પ્રતક્ષ થયો તે દુખી સ્નેહ વધારયા શામા સુખે બેમાં કોવ ન બોલે મુખે; ચિત્ત રહે છે અને ચંત, રખે સાંભળે મારો કંથ છાનાં છપનાં કારજ કરે, ધણી તણે રૂદેમાં ધરે; હવડા જો એને મારીએ. તો જીતિ બાજી હારીયે. દંડે હાકેમ દંડે લોક, સવારે થાએ બહુ શોક કાહાડુ કપટ ઉગમને દીશ દેવરાવું શુળી છેદાવું શીશ, (દોહરા) પ્રાતઃકાળે કરવું ઘટે, તેવુ કરશું કામ, હાકમની હજુરીયે, દેખશે બાધું ગામ; મરદ વેશ મેરી તણો લેઇ

આવ્યો છે પંડ દેવો ધરે તે દૈવરાવશું દરવાન પાસે દંડ શડે કરયો મુને રાંડવો, તે મેં તાકયો તાક; માથુ વઢાવું મરદનું. નારીનું કપાવ્યું નાક. પોપટ કહે પ્રભાવતી, જુવતીએ કરીયું જાર, તે સરવે સમજી ગયો, ભામનીનો ભરથાર. સાચી કેમ થશે સુંદરી, પતિ કેમ લાગે પાગ; આવ્યો તે કેમ ઉગરે, જડે તો કહો જાગ. કરજોડી કહે કામની, કહી શકુ હું કયમ કેમ શામા સાચી થઈ, ન કહોને મારા સમ. વિપરીત વિજારી વારતા, મેરી થઈ છે મરદ, એહ અચંબો અજનવો, ધણા દુઃખ માહે ગરદ. ગત આજ સુખે રહો. વિદ્યા શિખવું વાત. સુખે તમે જારી કરો. પરવરજો પ્રભાત. કોલ દિધો તે કામની, આજ રાતે નહી જાઉ; પ્રતિજ્ઞા કરૂં પાંચશે, દે તેવા સમ ખાઉ. પેહેલી વાતો સેંભિયો, ધણિએક ગુઢ; અધિક કઉતક એલિઓ, પરાક્રમ એમાં પ્રઉઢ. દિઠુ અદિઠુ કેમ થસે, કલંક જાણ્યું જે કંથ, કીર ઉતાવળો કહે મુને, પરાક્રમ એતો પંથ. (ચોપાઈ) એતો વાત સદાથી રહી. પેલાં ત્રણની શી ગત થઇ; ભરથારતણી નવ ભાગી ભ્રાંત, એજણ સુતાં દિઠાં એકાંત. જુવતી કેરો એતો જાર. નીશ્ચે વાત થઇ નિરધાર, લક્ષવસાએ એતો લુંડ, દિવાન પાસે દેવરાવું દંડ, ખગતો ખસનો નીકળ્યો બાર પલંગપર પોઢયો તે વાર; વિચારી કરી દલમાં દોડીગો. પલંગ ઓરડે પતિ પોઢિયો. સ્ત્રીનો વાંક મનમાં સાંખતો, નીશાશા ઘણા નર નાખતો; ભુવન માંહે ગયો ભરથાર; ચેતિ ચીત્ત નમેરી નાર. અરે દઇવ હવે શુ થશે, એનો મનનો સંદેહ કેમ જશે; મારૂ અંતર એણે જાણિયું પુરણ વેર, તે પરમાણિયુ. કાલ સવારે ઉગે દીશ, નીશ્ચે છેદાવે એનું શીશ; પાણી પેલી બાંધુ પાળ. ઉતારૂં મોઢેથી આળ, પોહોર બે રહીછે રાત; પ્રલે કરશે એનો પ્રભાત. અરે દઇવ હવે શું થાય, છેલ પુરૂષ કેમ છેતરાયો જાય એ પોર સખી નરે નરખિયું, પર પુરૂષનું કારણ પરખિયું; કરૂં વિદ્યા વિજાગી વેદ, ભાગુ એના મનનો ભેદ; એના પ્રપંચ એને દેઉ, લાખેણા જશ જીતિ લેઉ; અકલ કેળાવું મારી ઘણી' કરૂ ઓશિયાળો ખિંગો ધણી, (દોહરા) એન કહી જે રાખીયો. કહી વિતકની વાત, સમજ્યો તે મનમાં ખરો થયો મહા ઉતપાત, ચડ મેડે તું ચતુરનર, પોઢ પલંગા સાથ. ધરજ માં દઢ થઈ રહે હમકુ રાખો હાથ વાંક ધણોછે આપણો કરયું છે માઠુ કાજ; છેતરવા છેલને, લક્ષ્મી વર રાખશે લાજ. મરદ મોકલ્યો મેડીએ. નિસંક નમેરી નાર; જુઓ ચરિત્ર પછે શું કરયું, વીદ્યા વેદ વિજાર. (ચોપાઇ) ચતુરા વાત વિચારી ચોક, પછિત પછવાડે રે'તી સોકય; તે માનીતી માંટી તણી, અળખામણીછે એને ધણી. આજ એને ઓશીગણુ થાઉ, ચતુરાઇ ઘણી ચીતમાં ચાહુ: અરધી રાતે ઉઠાડી તેહ, નારી સાથ કર્યો બહુ નેહ ઉઠાને તમે મારી બાઇ, ભરથારની જોવા ભલાઇ; હુ તો કરજન છુ તાહરી, મોદિ બેન છે તુ માહરી, પોઢાઢી આપણને ગયો, જાન ઘણો ધણીને થયો; મોર ખાઇ હ. વડા આવિયો, ખરિ ખબર લાખો લાવિયો, હમણાં જઈએ તો દસ્ટે પડે, વાણુ વાએ વળતો નહીં જડે; ધણિ ધણિયાણી જાશુ ત્યાંહ. તમો પોઢજો મંદીર માંહ, ભાગોળેતો પોત્યો ધણિ મને વાર લાગી છે ઘણી: ઉઠ ઉઠ થાજે તઇયાર; સુતાં આપણાં છે ઘરબાર. એમ કહી ચાલી તે ઘડી છાની માની મેડે ચડી, શોક હતી તે નીરભે થઇ, ભરથાર ભામની ભાવઠ ગઈ. પાડોસી ઉઠાડયો જાર, ક્ષણ એક નવ લાગી વાર; તારે થવાય તેવો થજે, મોટે પરોઢે મંદીર જજે. જાર જુવતી બે ઝાક ઝમોલ, કામની સાથે કરે કલોલ; એક પાડોશી બિજી શોક, નથિ ચેતતા ચેતથિ ચોક. બીક નથી ધારતા માહરિ, જાર વિદ્યા કરે જાહરી; છેતરયો છે મને નારીએ, બહુ રીશથી નિકળ્યો બારીએ. નારીનું વઢાવું નાક જારના શીશ ઉપર છે તાક; પાછલી રાત રહી એક પોહોર, આવ્યો રાજ દુવાર તે ઠોર. સાચો ચોર સાલો એક સાથ, તમને ગમે તે દેજો આથ, મરદ મેરી થઇ આવીયો, લક્ષધાં કપટ કરી લાવીયો. પુરણ જાણી

છે મેં વેર, પોઢવાં એકઠાં વારે વેર; બી નારીને ઉગારશે. જાર આવ્યા તેને મારશે. ત્યારે પેઠો નવ ઉગે દિશ, શ્રાવણ તો આવ્યા દશ વિશ; દઇ સાંકળી બેઠા બાર, ઘરમાં તો સુતાં નર નાર. (દોહરા) ચેતી ચતુરા ચિત વિશે, સારૂ રમાડુ ચરિત્ર ઉતારી મુકયો એહને. માનની તેનો મિત્ર પછી ઉતારયો પુરૂષને, તે નવ જાણે કોય; નારી તે નરએ થઇ. હોનાર હોય તે હોય. કોણુ માસીને કોણુ બેન, કોણ મામો મુશાળ, વાંકહતો મેરૂ સમો, કરયો આળપંપાળ દવ બળતો કુમર સમો, જીવ્યાની નોતી જાગ, શીતળ કીધો સેજમાં, ઓલવી નાખી આગ (ચોપાઇ) પ્રાતઃકાળ થયો જેટલે, પાડોશી દીઠો તેટલે મંદીર જાવા માંડયું વરત. બાંધી લીધો તેને તરત, જાર કામનીનો ધારિઓ, કાળાગ્રહમાં નર નાખીઓ; જેવા મળ્યું છે બાધુ ગામ, નર નારી સહુ જાણે નામ. અચરત પામ્યો ઘરનો ધણી, તેને ચીંતા વ્યાપી ઘણી. દિઠો પાડોશી દિઠી નાર, એ જુવતીનો એ છે જાર. અરે દઇવ એતે શું થયું. મનનું ચિંતવ્યું મનમાં રહ્યું; બીજી નારીને બીજો જાર. અણુચિંતવ્યાં ક્યાંથી આ હાર. (દોહરે) બેઠીએ પોઢયા બે જણાં, ઉઠયાં પ્રાત કાળ; મળ્યું ગામ બધું મેદની, દિઠા હદ હવાલ; રાજદ્વારે રાખા ગઈ, દુષ્ટ નર નમેરા નેટ બંધાવી આણ્યાં બે જણાં. પાળી મારી પેટ. બેન આવી છે બારણે. તેણીએ દિઠું તરત, એને ઘેર વાસો વસુ; નિશ્ચે પામુ મરત, પુરૂષ વેશ થઇ પ્રેમદા, નોસી દેશ ગઇ કાય; બાળ્યા જુઘ હેલા તાહરી, એનુ તે શું નામ. સોક્ય બાપડી માહરી, કાપેલી કોડ, બાંધી લાવ્યો બળ કરી, જાર પુરૂષની જોડ, તમને કરવું નવ ઘટે, ઘરે રાખવો બાર માણસ ચુકી જાયછે, કાં નરને કાં નાર, જેવી તેવી તાહરી. પરણી નારી પ્રીત, કાંસુ ફજેત તમે કરી, રૂડી નહી એ રીત, જેવો તેવો તાહરો, પાડોશી રૂડો રાંક. મુજને તો સુજે નહી કાંઈ એહનો વાંક; હાથે પકડી હેતથી જોઇ રહ્યાં સહુ લોક; મારી બેન મળવા આવીયાં. ફજેત કરો કાં ફોક છાનો હાકમ હાથમાં, હેતે આપ્યા હાર; મંદિર આવો મલપતો, સહુનો રાખો બાર જીવ્યા ત્યાં સુધી જશ થયો, પાડોશી લાગ્યો પાગ; સહુકો દેત મને શુભિએ, જીવ્યાની નો'તી જાગ. સોક્ય તો દાસી થઇ રહી હું કીંકરની કેણુ, જીવ જશ મારો રાખીઓ. વખાણુ કરૂ શાં વેણુ; તું આ ભવની સોક્ય છે પેલા ભવની માત; જીવતદાન તે આપીયુ. ધણી ઉગારી ઘાત, પોતાનો કંથને કામની, આપે થયાં એકાંત; સુવા તેડી સોકને, ભાગવા તાની ભ્રાંત; એટલે જાર તો માહરો, પેઠો આવ્યો પાસ; તે તો જાણુ તમને થયું, સ્વામી તને શાબાશ દુખ તે સેવાયું નહી, કરયું રાવણ જાણ; બંધાવ્યા બે બાપડા, લેવા માંડયા પ્રાણ, તે તુજને ઘટતું નહી, લક્ષ જેવરાવ્યાં લોક; ગઇ ઇજતને આબરૂ; ફજેત થયાં સહુ ફોક. મારી બેને જાણિયું; ભુંડો તુજ ભરથાર; નાસી ગઇ નિશીથમાં; મુજને આપ્યો હાર. હું પણ આવી રાતને, જુગતે કરયો જવાબ; બેનને મળવા તેડિયાં, તેતો પુરણ પાપ. હાર આપ્યો હજારનો, શામ કામ કરૂ તરત; ત્રુટત લક્ષ્મી આપણી, બે જણ પામત મરત. મારા સમ જો સોકને; ટાંક કરો દુકાર હત્યા તમને બેસસે, ભામનીનો રાખ્યો બાર. શાબાશ સ્વામી કહે, તુ ચતુર શીરોમણુ હોય, લાજ રાખી તેં લોકમાં, કળી શકે નહી કોય, પાપ પ્રકાશ્યું માહરૂં સાચુ કહું આ દિશ; ઇશ્વર જાણુ સાચુ કહું, રખે ધરો મન રીસ. હું મધ્ય રાતે ઉઠિયો, પ્રપંચ વસ્યું મુજ પેટ. મરવા જેવા તાહરી, પેઠો પલંગ હેઠ; સાચુ દિઠું સરવ મેં, ચાતુરી કેરાં ચેન; જોવ્યો તેડયો જારને, મુજને કરી છે બેન. તમો તો સુતા મેડિએ, બેઉ બેનો સાર; હું શુ જાણુ શોક તાહરી જોખ કરે છે જાર. રાડ કરી મેં રાવળે તેડયા સાખી દશ વીશ બાંધી લીધાં બે જણાં છેદવા ને શીશ. ભલે આવી તું ભામની, ઉગારયા સહુ તરત; એના આઇ મુને મારત. જો પાડોશી પામત મરત. ધન ધન ધણું તુજને તું તો મારી દઇવ; લાજ

એખી જાણુ ત્રણની, ઉગારયા ત્રણે જીવ મોટા આપની દિકરી, પુરણ પુન્ય પવિત્ર; સતી શીરોમણ સાથમી, વખાણ ઘણાં વિચિત્ર. ચતુરાની કીધી ચાકરી, કંચરણો કરજોડ, વિનતાએ વીચારી કરી, હારી જીત્યો હોડ. પુરણ વિદ્યા પંદરમી, તેત્રીસમું લક્ષણ તત્વ; કરત્રીમ કળા સો તેરમી, શાસ્ત્ર સંકળનું સત્ય. પુન્ય વિદ્યા પાંસઠમી, સતરમી શોભા સાચ; પંચાશીમું આસન પુરણે, વેદ વિજારી પાંચ પોપટ કહે પ્રભાવતી, ગુણ રૂડેરા ગાઓ; એવી વિદ્યા આવડે જરૂર નારીએ જાણો. માતર પ્રગણે મહીપતી; સોહજ શીરોમણ ગામ; વિશ્વનાથ વીરેશ્વરો, નવેખંડમાં નામ. સુણ રખીયંતના રાજવી, વાસણ વંશ વીવેક, મેહેરાણ મનજી તણા, નરપતી જેવા નેક. સાખ સદાવ્રત સારખી, ભલપણ કેરા ભાણ; જશવંત ઝવેરદાસજી, સકળ કળા સુજાણ. શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ શામળભટ કહે બોલજો જે જે શ્રી રણછોડ. ૨૭૮

—❦—

વારતા ૩૨ મી.

(ચોપાઈ) શ્રી ગણપતીને નિત્ય પુજીએ, સાર વાત સઘળી સુજીએ; દુંદાળો દુખભંજન દેવ, તેત્રીસ કોડ કરે સહુ સેવ. સિંદુર શેવા શોભિત સાર, અમૃત મોદીક કેરો આહાર, શુભ બુદ્ધિ દેજો સર્વદા, નિરમળ નામ જપુ નર્મદા, બ્રહ્માની બેટી સરસ્વતી, મયા કરી આપો મહામતી; આપે શુદ્ધ સુબુદ્ધ સુજાણ. વેણા પુસ્તક પરકયા પ્રાણ. (છપો) તુઠી તુ વેદ વ્યાસ, અઢાર પુરાણ ઓપાવ્યાં; તુઠી તુ શુકદેવ, ભાગવત પુન્ય રોપાવ્યાં; ત્રુઠી તું મારકુંડ ચંડીપાઠ ચીત્તમાં ધરયો; ત્રુઠી તું શ્રીધરસ્વામ; શીવપુરાણ કોડે કરીયો; સંસકૃત પ્રાકૃત વેદવર ભાણ ભાષાને ગુણમતી; સાખી સમસ્યા શોરઠો; જો કરે કરૂણા સરસ્વતી. જગઅંદ જેને પ્રસન્ન તેહ કવિ કહેવાયા; જગઅંદ જેને પ્રસન્ન તેના જશ ગુણીએ ગવાયા; જગઅંદ જેને પ્રસન્ન. મહાસુખ મોટમ માણ્યા. જગદંબ જેને પ્રસન્ન જગત જશ જીતી જાણ્યા; પ્રસન્ન જેને પરમેશ્વરી, તે નિત્ય નિત્ય વાત કહે નવી, શુકઓહોતેરી વરણવું, કરજોડી કહે શામળ કવી.

(ચોપાઈ) બાળિકા બત્રિસમે દીશ, આવી ચતુરાં હઇડે હીસ શણગાર સજ્યા શોભીત સોળ, મુખ ભોળાં તાતાં તંબોળ, મજુવતી તે જારી કારણે, બુદ્ધિસાગર આવી બારણે; કારણ તેનું બોધુજ કહે, આવિ પોપટ પાંજર તણે. પોપટે તેનું તન નરખિયું, પ્રેમદાનું કારણ પરખિયું જાર કાસે જુવતી જાય છે, અન્યાય અણઘટતો થાય છે. શામ દામ ભેદે ભાખિયે, રામાને જાતિ રાખીએ; નારી કુંજરનાં પેરી ચીર, કામની પ્રત્યે બોલ્યો કીર. શેઠાણીજી શુભ સાંભળો સાચુ કહો મુકી આંબળો, સોળ સજીને કયાં જાઓ છો. પાન તેજ તમો ખાઓ છો ઘેર નથી તમારો ધણી. કામ વાસના દેખું ઘણી, શેઠાણી કહે સાંભળ વાત, સાચી કહુ તુજ આગળ વાત જરૂરથી જારી જાઉંં, દયો શીખ તમો ખોટી થાઉં છું; દહાડી દહાડી જુઠી પડુ લક્ષ વસા આજે ત્યાં જઉ. કેટલા કોટ ખાધા છે સમ, જરૂર આજ નવ જઇએ ક્યમ; જાણ્યા ભેદ તરૂણિ તમો, એથી અકલ પામ્યો છું અમો. શુક કહે સુંદરી જાઓ સુખે, વખાણ ઉપમા શી કહું મુખે; આસ્યા બેલ કરી આવજો, લાખેણી વાતો લાવજો.

(છપ્પો) પ્રસન જે તુને પાંચ, નીત નીત નવ નમે છે; ત્રણ તુને તરતીબ, ગુણ તે બેના ગમે છે. ચાર ચઉદ ચિત્ત ચાહ, સાતની શોભા સારી; લોપે નહી કો લાજ, ખરી નીશા અઢ ધારી. નીચમાં નીચ એ કામ છે, કોડ વાર શું કહું કથી; નગરશેઠની નારને, નીશા સમે જવું ઘટતું નથી.

(ચોપાઇ.) અહસ્માવટ છે તે તમતણાં, એ વાતમાં વિઘ્ન છે ઘણાં; કામ ક્રોધ

સાંકળી દિયે, આજુબાજુ અંગ ઉતારી લિએ. કોઇ દીવસ દઉ દિવાન, થાએ જર જીવ જો ખમ જાન; કદાચ કો દેખે નાતનું, જોખમ તો થાએ જાતનું. એ કામ કરીને હારે હોડ, એ વાતમાં વિઘ્ન લક્ષ કોડ; ઉચ હોય તે નીચ કહેવાય, અપકીરતી તેની બહુ થાય. એ કામેથી હાણુજ હોય, ડાહ્યો માણુસ કરે નહી કોય; ઇજત આબરૂ જાએ તરત, માથે આવી ઢુકે મરત. ધણીનો જાય વણુજ વેપાર, કલંક ચઢે ને જાએ કાર; જશવંતા ઝાલાની નાર, જુવતીએ તેડયો તો જાર. તે ધણીએ દીઠો તો દ્રષ્ટ, કાયામાં પ્રગટયુંતું કષ્ટ; રૂઠયા તેને ઉભીયા ઇશ, સ્વામી છેદતો બેનાં શીશ. નારીનું સરૂપા નામ, કીધુ તેણે વિજારી કામ; દવ ઓલવી નાંખ્યો તત્કાળ, માથેથી ઉતારી ગાળ, જારને રૂડી આપી જાગ. પતિ પોતાનો લાગ્યો પાગ, ત્રણ લાખ વિઘ્ન હણાયાં તરત. માથેથી ઉતાર્યું મરત. એવી વાજારી જો આવડે, પરણ્યો ધણી તો પાગે પડે; તો જુવતી જારીએ જાઓ, નહિતર ઘેર રહી ગુણ ગાઓ. ખોશો લાજ ને ખોશો જીવ, ક્યાં રૂઠયા છે તમને દઇવ; ક્યાં કોડે ચક્ષુ ચોળશો, બાફતણાં બોતેર બોળશો. તેનો વિચાર કરજો તમો; તમ માટે કહીએ છે અમો. (દોહરા) પ્રભાવતી પગ ખેંચીને, ઉભી ધનવંતી ઘણું; શાબાશ શુક સુલક્ષણા, કથા સંભળાવો કહ્યું. કવણુ તે ઝાલો હતો, કવણુ સરૂપા કામ; કવણુ સાથે સ્નેહ કર્યો, કવણુ દેશ કોણુ ઠામ. શુક કહે સુણુ સુંદરા, એક કરે છું અરજ; બીને વચ્ચે છાપરે, બેસો જો હોય ગરજ. કહ્યું તેમ તેણે કર્યું, શુક કહે છે શુભ વાત; પાઠ સુણો પ્રભાવતી, મુહુરત એક ગઇ રાત. ચતુરા તુજ સરખી નહી, મુજ સરખો કેહનાર; ત્રિલોકમાં મળે નહી, શોધતે સંસાર. (ચોપાઇ.) નવા નગર તલેટી નામ, દોલતવાડુ ગુણનિધિ ગામ; જશવંત ઝાલો તેનો રાજીઓ, દશ પંદર જુવતી જાજીઓ. એક એકથી અદકી એક, નરપતી કરે નિત્ય નવલા નેક, ખાવા પીવા કેરી નહી ખોટ, માણો સુખ સાગરની મોટ. પહેરવા ઓઢવા અતિસાર, સુંદર રૂપ તેમાં અપાર; પદમણી જેવી પ્રેમદા પચાશ, રાજ ધર્મ ધુરંધર ધીશ. સત્ય વાતે ચાલે આચાર, ભલા માણુસનો માને ભાર; એક દિવસ પટરાણી ઘેર, ગુણવંત ઠાકોર પધારે પેર. માંહોમાંહી છે શોક્યનો ખાર, શાસ્ત્ર પુરાણે લખ્યું નીરધાર; સહુ સહુને પડખાએ બીહે, તે એકબીજાનો કેડો લીએ. પાશેર વાંક જો કોનો ઠરે, તો સતાવીશ મણ શોક્યો કરે; વાંક કાંઇ આવે હાથમાં, ફજેત કરે બધા સાથમાં. (દોહરા) સરૂપા નાર સુલક્ષણી, દેવ સરૂપી દેહ; પચીકુથી પ્રીત ઘણી, નરપતી મનથી નેહ. ગાન તાન ને ગીત નાત, હાવ ભાવ કટાક્ષ; રાગ રંગ રંગીત રમણ; ડાહાપણ દીલથી દક્ષ. વાહાલી તે વિનતા ઘણી, મહીપતીનો મેહર, પચીસ બીજી પ્રેમદા, તે સહુ રાખે વહેર. સહુ સહુના મંદીર જુવાં સહુ સહુના આવાસ; આપ આપણી દાસીયો, પ્રીત રહે સહુ પાસ. (છપા) ઓરમાયાને વેર. વેર પીતરાયાં પોતે, પાડીહારમાં વેર, વેર જુવતી જર જોત; વેર એક વેપાર, વેર ભીક્ષુપર ભીક્ષા, વેર શ્વાનને સ્વાન, કહો કોણ માને શિક્ષા, એવાં વેર અનેકધા, ચતુર વિચારો શોક્યનુ, શામળ કહે વેર સાસુ વહુ. પુરણ વેર તે શોક્યનું, વેર સર્પને નોળ, વેર અગ્નીને તરણાં; વેર કાગળને નીર, વેર વાઘણને હરણાં: વેર લોહને કાટ, વેર કોયલને કાગડા, વેર પતંગને દીપ, વેર હંસાને બગલા, વેર ધાપને વરતીઓ, વેર અસુર સુર બહુ કથી, શામળભટ સાચુ કહે, સોક્ય સમાન વેર બીજુ નથી. (ચોપાઇ) બીજી નારીઓ રીસે બળે કારણ તેનું કોઇ નવ મળે, વશ વરતે પોતાનો સ્વામ, કરજોડી રહે બાધું ગામ એક દીવસ તે વાડી માંહ; ગાન તાન કરે ગાંધર્વ તાંહ; એક બાળક વરસ સોળજ તણો, સુંદર રૂપ ગુણવંતો ઘણો. પાતળા સરખી તેના દેહ, હાસે રૂપાળો જાતે તેહ; સવાગજનો મોટનો શીશ વીંધ્યું નાક દીઠું તે દીસ. કમળ પત્રશાં તેનાં નેન અમૂલ સરખાં

વહતો વણુ; રાગ તણા જાણે છે ભેદ, બોલે વાણી અતી ઉમેદ. છત્રીસ રાગ રાગણીતો ગાય, વિધાંવધ કેરા વાજાં વાય, આસન ચોરાશી કેરા ફંદ, છત્રીસ પ્રકારના જાણે છંદ, ગાહ ગાથા જાણે અનેક, ચિત રૂપક જાણે વિવેક; સુકામુળાતે છે એહ, શોભે ગાન સુધાં તો તેહ. કોયલ સરખા ગાએ ગીત, પ્રિય જનને ઉપજાવે પ્રીત; કરેણુ કામ સરીખા કાય, પોયણુ પાન સરીખાં પાય. પાતળી આંગળી મગફળી સોય, મુખ કમળ શરદશું હોય; સ્વર્ગે વિધતા હાથે ઘડયા, તે રાણીના દષ્ટે પડયો. કાલી ઘેલી થઇ ગઇ તેહ, નારીને મન પ્રગટયો નેહ; મન તે સાથે જઇને અડયું. જેમ રતન કુંદનમા જડયું. સુતા બેસતાં જમતાં મને, ભમે છબી તેનાં કને; તલખે મીન વછોહે નીર. પરવશ થયું શામાનુ શરીર. (છપા.) જેને જેપર લગન, તેને તે નજરે દેખે; મન સાથે રેહ મગન, પ્રિયજન તેન પખ; રૂડું કે ભુંડું આસન તેહને તેહ ગમે છે; જેને જેના ભાવ, જીવ મન ત્યાંહ ભમે છે; લગન લાગની જ્યાં અડે કોડવાર શું કહુ કયો, તે દેખે છે તેહને. બીજું દષ્ટ પડતું નથી, રંક સંગાથે પ્રીત તેહ તેને મન રાજા, નગણાં સાથે નેહ, તેને મન ગણુ તે ઝાઝા મુરખ સાથે મેળ; તન મન તેતો ભણીયો, કાળા કરૂપ શું પ્રીત, તેને મન ગોરા ગણીઓ પ્રીતને અવગુણ નડતા નથી. બોલે લક્ષણ: જાયછે; લંચા દણા સહુ અવતરે, ગુણ તેના સહુ ગાય છે, (ચોપાઇ.) તે રાણીને લાગી લગન, મન ગાયક સાથ મગન; ઓઝલપડદા ચોકી ઘણી, નરેંદ્ર સરખા પોતાનો ધણી. તેનું દેહીપાળુ દીસે રૂપ, ડાહાપણમતનુ ભાત અનુપ, રહેતુ શાકના સાથમા, હેડુ નવ રહ્યું હાથમાં, ઓની ઝુહદવસ પાનાએ, છક ઝુદી છોછી છાનાએ; કોઇ વળગ્યું દેખ જા દીસ, સ્વામી છેદે તે વળા શીશ. કેમ રહું ન કહા જાઉ, અન પાણી શા રાવ ખાઉં; કેમ પેરૂ તે રૂડાં વસ્ત્ર, દુખ વેઠુ ઘણુ દસ નિંદ્રા નાવે ન ભાવે અન્ન માનનીનુ વળગ્યું ત્યાં મન; આદરવ તો નથી જાણતો, અંતર ભીક નથી આણતો, પોતે મનમા મગનજ રહે. સુખા ઘણું શરીરે રહે. પાંચ વાર ગજાને પોએ, તે બાપડો કાયો નવ આએ; (છપા) ચક્ષામાં લડતા કાગ, ચોપગમા શિયાળ સજ્યુ; નવસંદોનર માહ. ભાડ વિદ્યા તે ભણ્યું; કારીગરમા સાથર લડે ચોરાળ ઘચાટી, લડ જાગી વાઘર લખ્યુ, અકલ ફેલાવઠુ આડી; લડ કહેવાય લાલચી લડ ગુણકા. લાલચી; શામળ કહે સહુ લાભવશ. મહા આ લડ તે માલણી. (ચોપાઇ) માલણ નિત એક આવ જાય. રાણી સરૂપના મંદિર આય; રાતબ આપના તે આવાયા, છાબ ભરાને ફુલ લાવાયા, મહા ડાહી ઘણુ માલણી કુડકપટ કેરી કારણી. માલણ આવી રાણી સાથ કેમ ગાળઠાયાછે. હાથ માલણ બેઠી રાણી પાસ. હું તારુ તમારા મુહાસ; કાંઇક ચીંતાતુર છે મુખ, દેહમાં કાંઇક પ્રગટયું દુખ. એક વાત જાણુ છુ આમા, કોઇ પુરૂષ ધારયા છે તમા; ચોત તન બળવા આંહ્યા છો, તે માટે આકુળ થાઓ છો, માલણે કહી એવી વાત, રાણીને ગમી તે વાત; તેની વાત તે મનમાં વસી, હસ્ય સાથે રાણી હસી, એ શુ બોલી બોલ અધરમ કેમ કરાએ આમ કુડા કરમ, એ તો ગુણકા કેરા કામ, રાજી ન રહે આ વાત રામ, રૂડે ઘરમ ધુરંધર ધણી, જાય ઉજતને આગરૂ ઘણી; લોકમાં જાય લાખેણી લાજ, વણસ સરવ આપણુ કાજ. રાજા થકી કોણ રૂડો હશે. મારૂ મન તે ઉપર જશે; માલણ કહે તમ ખાઓ સમ. બહુ ચીતામાં બેઠા કયમ. એક એકનું મન મેળાવ્યું, લાગી ભાત ભાવ ભેળવ્યું, મન કેરા વાત કરવા તણા, ઉમંગ અંગમાં વાધ્યો ઘણો. (દોહરા) રાણી માલણને કહે, તું કર પ્રીતમા પ્રીત; તો તુજને મોટી કહું રાજ સભાની રીત. કરણુ આળ કોટ ધરી, સુરજ સામી ડગ આડ. સાવા ગામ નિષ્ણુ સહિત, ઉપાડયો ચડી પાડ. પ્રોઢી પ્રીતમા પાંચસે, જુવતીએ કાંતા જાત, અબ પ્રતી મોટી કહી વાગત કેરી વાત, (સોરઠો.) રંજીત નવ રહેવાય, ભોજન રુને ભાવે નહી;

જીવ જરૂરી જાય ગાંધ્રવ વિના ગમે નહી. મેહ વિના જેમ મોર દુરબળ થાએ સમજો; ચીત્ત મારાનો ચોર, નવ લાખ વરાએ નથુએ. (દોહરા) નથમલ નરપતનું સારખો, ગાંધ્રવ તો ગુણ નિધ તે શું મન માન્યું માહરૂં, વાત કહી એ વિધ. તેને જો નથી તેડતી, દોહલા જાએ દીશ; તેડતાં તોલ ઘટે ઘણું, જાય સગુણ શીશ. જાવુંછ જતને આબરૂ, જાય મહિપતીનાં માન; ખર વાહન કરી ફેરવે, કાપે નાકને કાન, થાશે સોકજ શપરાણીયો કર ફટકારા લોક એહ વાત નવ કીજીએ. ફજેત થાઉ તેમુકોક, મન ચાએ મળવા તણું, મળે નહી એક મેળ; પાલ પાણીમાં પુરપતી, તરતજ કાઢાડે તેલ. (છપા) છાનો ન રહે વરસાદ, છાનો ન રહે જે ભણીયા છાની ન રેહ ટાઢ ન રેહ છાના રણીયા, છાનું ન રેહે વેર, છાનું ન રહે ધન રળીયો છાનુ ન રહે વ્યસન. ઉત્તમ કે અધ ભણાયા, દાતાર ગુંઝાર ગાનાર નર હડકાયુ પાપ શુ કહુ કવ; શામળ કહે ઉગ્યા આથમ્યો, જારનું છાનુ ન રહેવુ નથી, મુજની ન રેહે પ્રીત, રીત જુડીઠે રૂડી ચતે સહુ કા ચીત્ત, દિશમા વાગે ડુંડી; કરીએ આરડા માંય, ચઉટામાં જાહેર થાએ; તોલ રહે નહી તાહ, લોક સહુ લહણા લાહ; સઘબર મુન નથી સજતુ. ગાંધ્રવને મળતે ગુણ ઘટે મળતાં તો માથું જશે, શામળ કહે તેનો કાર ઘટ. (દોહરા) માલણ કહે રાણી સુણો, મનની ચીંતા મેલ મેળવું ગાંધ્રવ ગુણનિધી; કર તુ રંગની રેલ. નામ લઇ કો નવ શકે. નહી જાણે કો વાત. પ્રપંચ ઉપાય એવા કરૂં; સુખે રાખ દિનરાત. સરૂપાં કે સાહેબ સુણો, જા જા ઘટતું માન; મશીશ છેદાશ આપણું, છેદાશે નાકને કાન. દશ ગુણા છે દાસીયો, સોળ વરસ શુભ રૂપ; તે જાણુ સહુ સાજણા, જાણું ભાર ભુપ. પાણીવા થાઉ પાતળી. ઘટે મહિમા તે માન; હેત ઘટે હળવા પડુ, જેવા પીપળ પાન. (ચોપાઇ.) માલણ શીખ માગીને ગઇ. ગાંધ્રવ પાસે જઇને રહી; શામ દામ કીધી છે જુગત તેડી દેર જવા છે સમત. જુવાળા મુખા છે જાજલ માન, વાંછિત આપે ધન ધાન; ઘણી લક્ષ્મી આપે ધરસુત્ર, પુન્યવતા તે પામે પુત્ર, રાખે મેણુ તે વઝાતણું, મન વાંછીત ફળ આપે ઘણું; બે જણ બેઠા ત્યા એકાંત, ભાગી મનડાં કેરી ભ્રાંત. સરૂપા કુંવરી રાણી માહરી. તે તો સહીયર છે માહરી, અહીં કાવી તેને આતુરી દીઠી છે તમારી આતુરી. નારાનો ઉપજાવ્યો નેહ. મેં દેખાડયો કુંજને તેહ; કુંજને નીરખ્યો દ્રષ્ટ ભરી, કાયા ઘેલી તેને કરી. તેનું કુંજ થ માન્યું મન. તજ્યુ તોરણે જળને અન્ન; ભરપુર ભોગ સકળ સુખ તજી, અન ઉદકન નિદ્રા તજી; તેની પ્રાત તણુ કારણું, તેડી જાઉ તેને મારણું; નથી બોલ નથી લેવા વાચ, ફુના કુંજન નાવ ભાચ, ઉનો વા વાશે નહી શાક, એ વાત વચમાં જુગદાશ સુરજ ચંદ્ર સાખ સમખાઉ જરૂર કુંજને તેડી જાઉ, મારા સાથ તુ તો આવ, મન માન તે વરતુ લાવ. રહેજે માસ છ માસ કે આઠ, ઠરાવ કહુ તેમ કર તું ઠાઠ. નર પણ કુંજને નારી કરૂં, સ્વાગ આનો અંગે ધરૂં; સજાવુ સાળે શણગાર, કંચન કેમ મુક્તાફળ હાર. ભોળા ભુલે મારી વાતમા, જાણે નહિ લા જુવતી જાતમા; સર્વ વાત પણ ભુલે ભાઇ, સહુની ખબર રાખે હરમ. વિસ દાસીઓ દીઠી અમા, તમ એક વધાતાછો તમો; કોણ આવે ને કોણ જાય છે, તેની ખબર કોને થાય છે. અતિશે આકળ પડદા ઘણા, ચોકી કરે ચાકર તે તણા; જરના જાખ જુગત જાગવા ભાવે ભામનાને ભોગવા, પુરો થાશે પ્રેમદાનો પ્રેમ; એક હજારનું આપશે હેમ, તેવી સરવ ખરૂ વરણજો, પ્રેમદા બીજીને પરણજો. સુખે રોટલા ખાજો તમો, તમ કાજે કહું છુ અમા; સુખ સાગરમાં નહી રહે ન્યુન, મને થાશે પરમારથ પુણ્ય. સફળ અવતાર તમારા થશે, દરિદ્રરૂપી આ દુખડાં જશે; કર ઉતાવળો તે તો કામ, મનમાં મોટી રાખી હામ. (દોહરા) નારાને નથુઓ કહ, મોટા થાશે મેળ; પુરપતિ પીલે સુજને, તાજુ કહાડે તેલ. એક વ્યસન લાગે મને, રૂડ ઉમાયાઇયા;

તરત જણાએ તે ઘડી, સો વસા છેદે શીશ. અજર નહી એકે ઘડી, રાજદ્વારની રીત; છાની કોઇની રહી નથી, પરનારીની પ્રીત. (છપ્પો) પરનારીની પ્રીત, ચંદ્ર ચોથો ક્ષય રોગી; પરનારીની પ્રીત, કામ બોહ્યો શીર જોગી. પરનારીની પ્રીત, કૌરવ કુળ કંપાવ્યું; પરનારીની પ્રીત, મઘવા સત ભગ અપાવ્યુ. પરનારીની પ્રીતથી, રાવણ દશ શીશ ટાળીયાં; શામળકહે પ્રીત પરનારથી, કોચક સો બાંધવ બાંધીયા. ચઉદ ચોકડીનું રાજ, રાવણ કુંભકરણે ખોયું; દશ મસ્તક ભુજ વિશ, સીતાજી સન્મુખ ખોયું. ઈંદ્રજીત સરખો તન, કુંભકરણ સરખો ભાઇ; કનક લંકા ગઢ કોટ, સાત સમુદ્રની ખાઇ. શોક થયો વાડી અશોકનો, વૈભવ સર્વે વામિયા; શામળ સંગ પરનારથી. એવા બહુ દુખ બહુ પામિયા. (દોહરો) માબાપ ઘરડાં માહરાં, તે દુખે પામે મરત; મોહોલ જાઉં માહપતી, તે વળા મારે તરત. બાળ્ય વ્યસન ને બાળ્ય બુદ્ધ, બાળ્ય અર્થ ને ગર્થ; બાળ્ય સરૂપા સુંદરી, વખાણ કરે તે વ્યર્થ. બાળ્ય ડાહાપણ તાહરૂં, હેત નહી એ હાણ; એકે અર્થ સર નહી, પડીએ રઉરવ ખાણ. એમાંથી માઠું થશે, રાજા કરશે રીસ; તારો વાઢે ચોટલો, મારૂ જાશે શીશ. (છપ્પા) કંચનની જ કટાર, પેટ કોએ નવ મારે; રાહુ સાપડા માંહ, ભાવે હાથ નવ ભારે. હળાહળ ઝાઝુ ઝેર, વગર વાંકે કોણ પીએ; પારકી રાડ વઢવાડ, મુરખ માથે લિએ. આંધક આંચ આમતણી, પ્રીતે કોણ તેમાં પડે; શામળ કહે શઠ કરે શાણપણ, પરનારા નિશ્ચ નડે. (દોહરા) ફટ ફટરે તું મુરખા, ફટ ફટરે અજાણ; રામા દેખી રાચ નહી, પુરૂષ નહી એ પાણ. મરદ નહી બાયલો તું કાયર કહેવાય, મુછ નહી તાર મુખે, તું ઓશિયાળા થાય. પુરાપણ નહી મરદ એ તુજમાં, અક્કલ નહી તુજમાં છેક; ભઠ અવતાર છે તાહરો, અકરમી તું તો એક. હું ઉધકરમો અભાગીઓ, નીચ જાત નામરદ; બાળ્ય ડહાપણ ને બાળ્ય બુદ્ધ, ઘણો મુરખ તું ગરથ. બાળ્ય અવતારજ તાહરો, ન રાખ્યો કો શું સ્નેહ. ધીક પડયો અવતાર તુ પથર પડયો પેટ.

(છપ્પા) માણે મેરૂ માંહ, પ્રોઢા ગુફામાં પેસે; શેષનાગને શરણ, શીશ બહાદુર થઇ બેસે. અરણ્વ જળ અગાધ, રીજથી પોતે રાખે; ધર્મરાજાને ધામ, કામ કરવા દલ દાખે. રવિ મંડલ રાગે રટે, ધારણ બાંધી ધળહળ ધરે; શામળ કહે મોત મુકે નહી, કાળ ખુટે નિશ્ચે મરે. ચડે મેરૂ ગિરી માન, પુર્ણ પાતાળમાં પેસે; હારી જીતે હોડ, જોર રવિને રથ બેસે. કરે ઉપાસન અદ, સદ સિદ્ધ વિદ્યા સાધે; સુંદરપુર દઢ ધીર, વીર વિગતથી વાધે. તરે નીર અરણુવ તણા, દહાવ થકી જે નવ ડરે; શામળ કહે આયુષ વશ, મોત આવે નિશ્ચે મરે. કોએક કહેશે રોગ, કોએક ભોગ ભરપુરો; કોએક જરનો જોગ, કાઇ કહે કામી કુડો. વાસી કોશી ખાશી થકી, હળાહળ હડકવા ફુવો; શામળ કહે કો જીવે નહી, મોત આવે નિશ્ચ મુવો. (ચોપાઇ) વિનતાનો બોલ મનમા વસ્યો, હેત ઘણુંથી ગાંધર્વ હસ્યો; વિનતા વચન સાચું તુજ હોય, કાળ જીવતો ન મુકે કોય. કામના વચન સાચું તાહરૂં, ખરૂં દિલ માન્યું માહરૂં; જે કુલ્યું તે તો કરમાય, જે કો જાયું તે તો જાય. ઉગ્યા તે આથમવા આડે, ચણ્યા તેહ પૃથ્વીપર પડે; તુને ગમે તે કર તું કાજ, હું વેચાણ છું તારો આજ. તું ખવરાવે તે હું ખાઉં, જ્યાં મોકલે ત્યાં હું જાઉં; કહો તો બેસી રહું આંહ, તારૂં કામ કરૂં હું ત્યાંહ. પાણી પાઓ તેટલું પીઉં, બીવરાવ્યો કોથી નવ બીહું; હીંડા ચાંપુ તારા ચરણ, કહું બેસી સાંભળો કરણ. પ્રીતે રહું હું તારી પાસ, મુલ ખરીદી તારો દાસ. કરગરી બોલ એવા કહ્યા, નારીએ ગુણ સઘળા સહ્યા; ગાંધર્વ જાત એ કાહ્યો ઘણો, વેચાણ થયો તે તરૂણીતણો. તેને ગમતી વાણી વદે, તરૂણી તેહ ધરે છે હૃદે; સાત પરિયાનો કોલજ દિધ, મન બેઉનું એકજ કીધ. દઇવત-વાન કહ્યો હેહને, તરૂણી રૂપ કરી તેહને; સોળે પહેરાવ્યા શણગાર, રૂપ તો તેમાં અપરંપાર.

આભુષણ પહેરાવ્યાં અતી, જોજો પેલાની શી ગતી; માનની કરી મોઘા મુલની, હસ્તે છાબ મેલી ફુલની. વરણી ઘણી હોંશીલી હોય, કળી ન શકે તેને કોય. અદકુ રૂપ ને અદકુ તેજ, દિસે ઘણું તે માંહે હેજ. બ્રહ્મા જેવા ભુલા ભમે, શામા દીઠે શોકજ સમે; પ્રતિહાર કહે એ બીજું કોણ, અજાણી આવી છે ઓણ. હેલા તુને શું કહિયે કથી, તું એને ઓળખતો નથી; ચાતુર મારી બેટી એહ, રાણીને મળવાનો નેહ. રાણીને મળવા જાય છે, મળવાને ચિત્તડું ચાહે છે; ઘણી છે તેની ચતુરા ચાલ, મોસાળથી આવી છે કાલ. મારી સાથે દહાડિ આવશે, રાતબ ફુલ તણી લાવશે. એમ કહીને ઘરમાં ગઇ, વળતી શી ગત એની થઇ; રાણી આગળ મેલી છાબ, જુગત કરીને કર્યો જવાબ. દશ વિશ દાસી પેલી હતી, તેને જ્યા જઇ કીધી છતી; આ ગાંધર્વને આતે તમો, એકઠાં કરતા રાને અમો. ખાઓ પીઓ ને ખુશી કરો, ભંડાર ભોગ સકજના ભરો; મનમાની સૈયર માહરી, આજથી સાહેલી તાહરી. બીજી દશ વીશ કાહી દાસ, પ્રીતે મુકી તેની પાસ. રાણીને તેડયાં એકાંત, ભાગી તેના મનની ભ્રાંત. પ્રતિહારે કરી જાહરી, મેં કહી છે પુત્રી માહરી; ત્યાંહ એકલી કેમ જાઉં, આપ પુછે તો જવાબ શો દેઉં. શિવ પૂજન કરવા કારણે, રાણી પોતે આવી બારણે; હરસદ ઉપર અદકુ હેત, દાસીઓ વળી માલણ સમેત. પૂજા કીધી રૂડી પેર તેહ સમે તે તેણે ઠેર હરખ ઉપન્યો મનમાં અતી, તે નારી શિરોમણ સતી. સુખડ કેશર બેક બરાસ, કુમકુમ ચોખા પુરણ પાસ; અબીર ગુલાલ અતીશે સાર, શ્રીફળ સોપારી અપાર. પુષ્પ ભર્યા છે નૌતમ નિધ, પૂજા કીધી તેણે વિધ વિધ; પૂજા કરી ફરી છે ફેર, માલણ ગઇ પોતાને ઘેર. કારમી જે કીધી કામની, ભોળવાઇ બીજી ભામની; ઓઝલપડદા કાહી દામ, પ્રિતે રાખી પોતાની પાસ. મોટાની કુણ પુંઠે ફરે, વણસમજ્યું બોલે તે મરે, મોટાથકી સહુકો તે ડરે, કબજે આવ્યો નિશ્ચે મરે, કોણ આવ્યું ને કોણજ ગયું, તેનું જાણ કોને નવ થયું; છાનું છપનું સહુથી થાય, છબીલો નવ છેતરાયે જાય. રાજા આવે મહીને એકવાર, ભાગે કોણજ તેનો ભાર; એકવીસમી દાસીપર હેત, ચતુરાં બીજી કાંઇક ચેત, કાંઇક વાયે ચાલી વાત, જાણ ન પડે જુવતીના જાત કાહી માલણ છાબ લેઇ હાથ, પોતાની વેત્રી શોભિત સાથ. (સોરઠા) જુઠાથી જગદીશ, વીસ ગાઉ રહે વેગળા, અધરમ ગમે નહી ઇશ, સાચે રાચે રામજી. પાખંડમાં ઘણું પાપ, ગોવિંદને સાચુ ગમે, છએ શાસ્ત્રમાં છાપ. સમયમાં ઇશ્વર નહી; કુડા ઉપર કિરતાર લોપે લજા લખવરા; અફળ તેનો અવતાર, ગોવિંદને મન નવ ગમે. (દોહરા) બીજી દાસિયો રાણીની, ઘરમાં છે જે વીશ; રમેજમે રહે એકઠાં, ચેન જુએ હરનિશ, પરવા જેવો પુરૂષ, તે માનનો કરોં મીત્ર ઘરમાં કેમ ઢાંક્યું રહે, ચેન ઘણાં ચરીત્ર, નીશ્ચે સહુ નારની, જુવતિ નહી એ જાર, લક્ષ કોઇ વિશ વસા નર જાણે નિરધાર. વાત એ બાધે વિસ્તારી; નારી એતો નોય, મરદ ખરો તે મેરી નહી, એ તેડાવ્યો કોય; છકેલી છાની નવ રહે; શામા ચાળિસ સાથ સહુકો મનમાં સમજ્યાં શી રીતે કરે વાત. મોટા માણસ ની વારતા, કરી નવ શકે કોય, સઉ હાજી હાજી કરે; હરિ કરે તે હોય. એક બગાસુ ખાય છે ચપટી વાગેછે ચાર; તેને મોઢે કોણ કહી શકે, ચાલે ભારે ભાર, દાડાને તે રાત કે', રાતને કહે તે દીશ; તોયે સહુ હાહા કરે, જેને પ્રસન્ન ઇશ; મિઠાને ખારૂ કહે, ખારાને કહે મીઠ, જુઠાને સાચુ કહે, દુનિયામાંહે દીઠ ખરૂં તે ખોટું કહે ખોટું તે ખરૂ હોય; અંધારૂ અજવાળુ કહે. હાહા કહે તે હાવ, વારતા ચાલી વાયુ વત, જેમ સાગરનું પુર, પચવિશ શોકયે પ્રીછીયું, જેમ ઉગ્યો હોય સુર, વિશ તો ઘરની દાશીયો, ચતુર પચિસ તે પુર. સહુને નિશ્ચા થઇ, રાજની રાખ્યો રોખ, આદે ખાર શોકયો તણાં, જાણ્યું કુડ કલંક રાણીયો રાજાને કહ્યું એતીશ્રી આડે આંક. (છપા.) ઓરમાયાને વેર, વેર પીતરાઇ ઝાઝા; વેર સરપ ગરૂડ, વેર

મેચાસી રાજા વેર રવિને રાહ; વેર સારદુલને શ્વાન. વેર માગણ શીર માન બાદ વેર એક શોકયનાં કીધાં; કીધી બાલહત્યાય, લોભે ધન લુટી લીધાં; રમતાં મારયાં બાળ દુધવેથી વિષજ દીધાં જેણિયે. વગોવ્યાં વિપ્ર સાધુ નણંદ સંતાપ્યાં; પુરયાં નીર નવાણુ શીવનાં લિંગ ઉપાડયાં શણગાર લુટયા સતી તણા, લીધાં પસાયતાં આપથી; શામળભટ સાચુ ભણે સોકય પામે એવા પાપથી. [દોહરા] એક દીવસ સહુ એકઠાં, બિજીએ બિજે દીશ; કંથ આગળ કહ્યું કામની પુરણ વાત પચીસ. સસરૂપાં સુંદરી, એકવીશ દાસીયો એન; એમાં એક તો પુરૂષ છે, ચતુરાં ફેરાં ચેન, પચીસે મળી એકઠી, તેડયો રાય એકાંત; નારય કરી નર રાખીયો, ભાગી મનની ભ્રાંત; કંથ કહે એ કામની, બરડકબોલી બોલી બોલ; રાય કહ્યો તેં રાંડવો, તરૂણીએ ઉતારયું તોલ. મારૂં તો માનો નહી, છો ધણીઆતા ધીશ; પાણી ખોયુ પરીયા તણું, છો માટીનું શીશ; જો નારીનો નર હશે. એને કરશું ઉપમાન; અરધિ દાટુ અવની વિશે, શેકુ કાનને નાક. જીવતો ન મુકુ એહને, મારૂં એહને ઠાર; નર જો હોયે નારમાં, તજાવું તેને ગામ. કદાચ તમો જુઠાં પડો, તે જો સાચી થાય; નર નોહે એ નારમાં, તમને શું કહેવાય. આદો ખાર એ ઉપરે, દયોછો શાથી દુખ; તમને શું કરવું ઘટે, કહો તમારે મુખ, મહારાજ એને તે અમને, સાચી વાતે શો શોક; પચીસ દાટો પ્રથ્વી વિશે, કરે પંચ ઈટાલી લોક, પચીશે શોકયો પ્રેમદા છવીસમો છત્રપત ઠરાવ કરી એ વાતનો, મન વિચારે મહિપત, આવ્યાં સહુ એકઠાં મળી, ગુણવંત સરૂપા ઘેર; નારી રૂપે નર રહ્યો. તેની તે શી પેર. માન દિધાં માનની; આજતો અચરત એન; સોનાનો સુરજ ઉગીયો. બાર આવી સહુ બેન. સાથે રાય પૃથ્વીપતી, આપણનો શિરદાર, સત સાક્ષીરૂપ એહ છે, નોધારા આધાર, પરમેશ્વર પ્રસન્ન મુને, પ્રગટયું પ્રઉઢુ પુન્ય પચીસ બેન પરણુતાં, નેક રહી નુન્ય. આવ્યાં સહુકો એકઠાં, હેતથી કઉતક હોય; એકવીસ દાસ ઉભી સહુ. કળી શકે નહી કોય. આજ દીવસ છે અષ્ટમી રૈ'વું રમવું રાત; ઓછવ જય- ગરણુ આચરૂ, પરવરૂ પ્રભાત. ધન્ય ધન્ય દિવસ આજનો આજ દિવાળી કોડ; પરમેશ્વર પ- રૂણા પ્રીતથી, કામની કે' કરજોડ. કલ્પવૃક્ષ સફળે ફળ્યા. ચિંતામણી ચોલાખ, નવગ્રહ પ્રસન નિત્ય નિત્યે, માનની બોલી ભાખ. દુધે ઉમર ધોવરાવિયાં, મોતિયે પુરયા ચોક; તરીયાં તો રણુ બાંધીયાં, અજવાળીયા ગુણ ગોખ. શરીરમાં પડયો શેરડો, સમજી વિનતા વિધ: હઈડામાં હોળી થઈ. મુખ દીવાળી કીધ સંસ્કાર શિશ તણો થયો, ગઈ લાખેણી લાજ; ઘર ઘેરયું ઘણે જણે, કરવુંતું કુણ કાજ. કોને કો કેહેતુ નથી, નથી ભાગતો ભાર, છળભેદ છાનું કેમ રહે નરને કીધી નાર હાય હાય હવે શું થશે. ત્રાહત્રાહ થયો તાપ; પાગરણુ પ્રતક્ષ પરહરે ત્યાં શો દેશું જવાબ. પોપટ કહે પ્રભાવતી, પ્રેમદાની શી પેર; શોકયો આવી સંતાપવા, ઘણું દુખ દેવા વૈર. જુઠી સાચી કેમ થશે, સાચા જુઠા થાય, નરની કેર નારી થશે. સાચુ માને રાય. વાત એહ વિજારની; પુછુ છુ હું તુજ, એહ નાર કેમ ઉગરે, આવડે તો કહે મુજ. કામની કહેરે ફિર સુણુ. જુંકુ લાખયું બાલ; ચતુરાઈ ચાલે નહી, ખુટયો બેનો કાજે- કીર કહે સુણુ કામની. રહો આજની રાત: સારી પેઠે શિખવું. વિજાર તણી એ વાત, ચઢયાં કાંક ઉતા- રોયા, કીધું કુશાળી ક્ષેમ, દવના બળતા ડુંગરા, કીધા ટાઢા હેમ. જખ મારી શોકયો રહી. જખ મારી રહ્યો રાય, સહુકો પાય પડવિયા. ગુણ તેના સહુ ગાય, [ચોપાઈ] તે કામનીએ કીધુ કેમ, સાચુ ન કહો તો મારા સમ; રાજાની ચોકી બારણે, કુકડપટ ફેરે અ- રણે. દાવા મુકે તે શોકયો સરવ, માનનીએ મુકાવ્યા ગરવ; સહુ આવી બેઠા જેટલે, માળણુ રતન આવી તેટલે. સવામણુ પુષ્પ છે હાથમાં, સાહેલી એક તેના સાથમાં, આવતી તેમ આવી છે એહ, માનની અમૃત ઉઠ્યા મેહ. સોનાના સુરજ ઉગ્યા ત્યાંહ, માળણુ આવી મં-

દીર માંહ: ચુવા ચંદન બેહે બગાસ. લાખેણી પુજા લીલ વીલાસ મંદીર પારી જાતીના હાર, અધિક પુજા છે અપરમપાર, તેહ માનનીના મંદીર માંહ દરબાર દેવીનું મંદીર ત્યાંહ, નિત્ય નિત્ય પુજા ભારે ભોગ. શીવજીએ મેળ્યો સંજોગ: શાબાશ કરીને સામાં ગયાં, સફળ કામ અમારાં થયાં; ચંડી પુજન છે મહા મુલ્ય. લાવી તું વિધ વિધનાં ફુલ; એક પોતે ને બીજી દાશ, બીજી શોકયો પરસાલો પાસ. પોતે રાય પલગે પાટ, હિચે સહુ હીંડોળા ખાટ; છ.બ રાણીએ ડેરે લીધ, ખમા ખમા સહુકોએ કીધ. દેરા માંહે ઉમયા ઇશ, ચતુરાં છે તેમાં ચોબીસ; શીવ પુજા કરવા આવીયો, પુરૂષને ફળ ફુલ તે લાવીયો (દોહરા) એકવીસ દાશી તે તણી, બે માળણુ બુધનિધાન; ચતુર રાણી ચોવીસમી, જાણે સરવ વિધાન બીનું વસ્ત્ર કરયું ભામની છાબ ઢાલવી તરત; આપી દાશીના હાથમાં જેને માથે મરત. એક એક વસ્ત્ર ઓઢીયું, એક માલણુ એક સાહેલ કાઢી મેલી કામની, થઇ રંગની રેલ. માળણુની દાશી હતી વને રાખી રેખ; કાઢી મેલ્યો કોંકરો, થઇ જરૂરી જોખ. શોકયોને સંતોશ છે, ઘરમાંથી ક્યાં જાય: પાગરણુ જાએ પાલટે, અફિણી ઓળખાય બે આવ્યાં ને બે ગયાં એકવીસ રહ્યાં એકાંત સ્ત્રીચરિત્ર સમજ્યાં નહી, ભાગી ન કોની ભ્રાંત અજાણ્યાં કોણુ ઓળખે ભાગ્યો ન કોનો ભેદ; જાર વળાગ્યો જોખમાં, કરી [ ] જાગી વેદ, ડંકો દીધો દશ દીશે, નિરભય થઇ તે નાર, કલંક કાઢો નાખતું, જુવતીએ બહાર. [ચોપાઇ] તે રાખું... જોડયાં બહાર, શોભિત પહેરયા શણુગાર, હરતી તે ઘણી સામી ધસી, કીંચીત બાકી રહી નહી કશી જુવતી મન વાધ્યું બહુ જોર, ચીંતનીયો કરો નાંખી ચોર; આપ અહંકાર નથી આણુતી, શોકયો જુઠી નથી જાણુતી બયકા કાઢયા કાપડ તણા; મોંઘા મુલમાં તે નહી મણા. પેહેરાવ્યાં શોકયો પચીશ પેહેરાવ્યાં દાસી એકવીસ. સવાલાખ ટકાનો થાલ, સ્વામીને ઓઢાડી સાલ; તાલ મૃદંગ તંબુરો તંત્ર, જુવતી કરમાં લીધો જંત્ર. ઓછવ ચોસઠ જોગણી એહ, ઓછવ પ્રેમદા પચીશ નો તેહ; ઓછવ મહીપતને માનનો, ગુરા દેખ કું મારા માનતે મહીપત પાગ પ્રણમુછું અમો, ચતુરાઇ જોજો અમારો તપો; એથી મારે મીન રૂડો કાગો, તોલ જોતે દીલાછવ થયો. અડસઠ તીર્થ અપિકાનેક, વિનતાયે કર્યા વિવેક. નાચ્યાં કુદ્યાં ગાયાં ગીત, પુર્યું રમત દેખાડી પ્રીત. પચીશ બ્હેનોને પતી કહાવશે, એ દહાડો કયારે આવશે; પ્રસન્ન મુને જગદંબા થયાં, ઓછવ કારણુ અમ ઘર રહ્યાં. (દોહરા) રાજે રેહેવાયું નહી, મેલ્યો મનનો મોડ; સાંભળો શોકયો શું કહે, કરગરી કહું કરજોડ. કામની કહે તમો કહો, તેહ ચડાવું શીશ; શોકયો મારી દેવતા, શોકયો મારા ઇશ. શોકયો મા બાપ માહરાં, શોકયો ભગની ભાત: મારા સમ સાચું કહે, જે મનડાની વાત. રાજા કહે રાણી સુણો, એકવીસ તમારે દાસ; પુરૂષ એકછે તેહમા. પ્રીતે રાખ્યો પાસ. મેંતો તે માન્યું નહી, ચિત્ત ન બેઠું ચોક; હાજી હાજી સઉકો કહે, સો વસા સાચું શોકય. તેહ વાતે લખ્યાં કર્યાં, બોલ્યાં પાળવા વ્રત; કાન નાક ને ચોટલો, તે વેળા કાપવા તરત. બીજે દિવસ બજારમાં, અર્ધ દાટવા અંગ; પંચઇટાળી સહુ કરે, રામાનો એ રંગ. પ્રત્યક્ષ દેખાડો પારખું, સહુ દેખે તેમ આજ; પાગરણુ સહુકો પરહરે, લેશમાં ઘરશો લાજ. આણી પાસ તમો એકલાં, પેલી પાસ પચીશ; કરતાર તે ઉપર કોપશે, જુઠા ઉપર જગદીશ. સરૂપા જે સાચી થશે, અધવચ જાત જો આપ; એહનાં પંચ એહને, પચીશનાં મળશે પાપ. એટલું કરવું એકને, એટલું પચીશે ઘેર; લાખ કોડ વીશે વસા, બોલ્યું પાળુ વેણુ. મુકયો કાગળ મુખ આગળે, કહો એ કરવું કેમ. જે તમને ઘટે તે કહો, શીવ તણી આજ્ઞા સમ. (ચોપાઇ) નારી કહે સાંભળ નરપતી, ગુણ રૂડે તુજ મોટી મતી; રાજા કહે જુઠો એ ગર્વ, જુઠી ન હોય પચીશે સર્વ; ચિંતનઓ કંઇ નારી ચોર, અધિક ત્યાં અંધારૂં

ચોર. ખરી નિશા હશે જાહેરે, લખ્યો હશે કાગળ તાહરે, માટે હું મુકૂછું માન, છેદો નાકને ચોટલો કાન; એ વાતે નવ ધરશો શોક, પંચઇટાળી કરશે લોક. નથી તેમાં તમને પુન્ય પાપ, કરશે તે ભોગવશે આપ; એ વિઘન નહી જેમ તેમ મટે, સાણુપીએ તે ચુટવી ઘટે, મરહની મેરી કરવી આંક, મેરૂથી મોટો એ વાંક; જે કો વાવે તેતો લણે, હણુતાને સહુકોએ હણે. જેહ ખણે તે ત્યાં કઇ પડે. જેને નડિએ તે જન નડે; જે આપશે તેતો પામશે, જેને નમિએ તે નામશે, રાવણે જ્યારે સિતા હરી. લંકા સરખી પુરી પરહરી; હરિચંદરે બાંધ્યું પુન ગાંઠય, વિશ્વંભર જોડે વસ્યો વઇકુંઠ. દ્રૌપદિ ગાયને વછજ નડયા, ભરથાર પાંચ ભોગવવા પડયા. તે માટે કરશે જે પાપ. તે ભોગવશે આપો આપ. [છપા] જેવુ ધારીયે ધરમ, કરમ ભોગવવું તેહ, આધુ પાછુ નવ થાય, તેમાં નહી સંદેહ; ખાએ સાકર ગોળ; પુરણુ અમરત તે પેર; કાચ કલીબને ખાય, જોતામાં કડવું ઝેર: શામળ કહે લખ્યા છે શાસ્ત્રમાં. જશ અપજશ સહુ ભોગવે પુન્ય પાપ સુખ દુખ સરવ જેહ કરે તે ભોગવે. ચઉદ ચોકડીનું રાજ. સીતા હરતે સરવ ખોયું: ઈંદ્રજીત ઈંદ્રિથી અધીક. અહંકાર ધરને તે ધોયું; સુવરણુની ગઢ લંક. સાત સમુદ્રની ખાડી; દેશ કરયો દોપટ, વાંદરે બ્યાળ્ય તે પાડી; સુરજ સામી રજ નાંખિએ, તે પોતાને મુખ પડે, જવ ભાર નવધે, તલભાર ન ઘટે, જેને નડિએ તે આપણને નડે.

[ચોપાઇ] મારા સમજે રાખો ભાર, હું એક છું જુઠી લક્ષવાર; બ્રહ્મહત્યાદિક સોએક સમ. કલંક છાનું રાખો તે કયમ. સરવ ચતુરા ચોરે ચડી; અજર ન કરવી એકે ઘડી; જે કરવું હોય તે કિજીએ. લાખેણો લાહો લિજીએ. (દોહરા) પચીસને પુછે પૂરતી અકલ વિચારો આંક, પ્રગટ દેખાડો પારખું વિનતાનો જે વાંક. નર બીજો કોઇ અહિ નથી, શામા છો સહુ સાથ, નારી રૂપ નર કાઢિએ, સોપો મારે હાથ: પ્રથમ હણિએ તેહને, વળતી હણીએ નાર, પ્રત્યક્ષ દેખાડે પુરૂષને, એતો વાત વેહેવાર. એક એક સામુ સહુ જુએ, કોણે નવ બોલાય રાજા કહે દિઠા વિના, ન્યાય અન્યાય કેમ થાય. વચન સાંભળ્યાં રાયનાં માનની મન મગન; ઝડપ પાગરણુ પરહરયાં નારી થઇ નગન. એક એકે એકવિસ જણી, નારજાત થઇ મેલ; પહેરાવ્યા ત્યારે પહેરિયાં, ખરો દેખાડયો ખેલ. જાને તો છે દાશીઓ કરવું રાણીનું કાજ; કલંક કાઢી નાંખીયું ન ગણી કોની લાજ. પુછ્યું રાજાએ પચીસને વિનતાનો કહો વાંક; નિચુ જોઇ નારયો રહી, અનિશે આડે આંક. વાળી કંદી પુરપતી, છેદવા નાકને કાન, સવારે વારો શીશનો, એમ કર્યા ઉપમાન. હાહા કહી ઉઠી તરત, સરૂપા સલક્ષણી નાર; એહ વાંક નહી એહનો, શોકયનો વહેવાર. મારે મુજને એકલી; રાય ચઢાવી રીશ; જરૂર જુઠી હું એકલી પ્રેમદા સાચી પચીસ; રાય કહે મેંતો કરી; પ્રતિજ્ઞા પંચાસ; તેને હું પાળુ નહી; વેદે થાય વિનાશ. (સોરઠો) પીત્રી નવ લે પંડ, વચન જો મારૂ વેહ; દઇવ તણો થાય દંડ; જો જુવતીઓ મુકુ જીવતો; કામનીઓના કાપુ કાન; જે કલંક ચઢાવ્યું કોટીધા અતિશે કરૂ ઉપમાન; પંચ ઇટાળા પુર વિશે; બોલી જે જુડા બોલ: સ્વભાવ એ સોકયો તણાં, તરણીનુ રાખો તોલ; મારી ખાતર મહીપતી: એનુ ન લેજો નામ સ્વપ્ન માંહ સોકયો તણું આ ઘડીએ આ કામ; જીવ જરૂરી મારો જશે. (દોહરા) સરૂપા કહે સ્વામી સુણો; વચમાં ઇશ્વર આપ; વચન તમારૂ નવ પળે, તે મારે શોર પાપ. દુસ્મન એતો એ માહરો; કે મહારાજનો મેલ, દંભ ચલાવ્યો દેશમાં; બરાબર ખોટો ખેલ, તેમાં તેનું શં ગયું; ગયુ આપણું આપ; ડાહ્યા હો તો ડાટો દહો: થયું પુન્ય કે પાપ. મહારાજ માગ્યું દીજીએ; ડાટ એ વાતનું એન; કલંક ઉતારયુ માહરૂં એ મારી મા બેન. એણિયે ઉછેરી મુજને; એ સહુ મારી માત એને દુખ દેશો તમો કરશું દેહનો ઘાત સમ દીધા સહુને સામટા, વચ્ચે ઇશ્વર આપ; વાત

ફરીને કાઢશો; પ્રલેકાળનું પાપ. જેમ સરજ્યું તે તેમ થયું; રૂડું કે ભુંડું શેઠ; નિચ કહેવાશો નગરમાં; ફજેત થશો તે ફોક. (સોરઠા) રાજાની ઉતરી રીસ શાબાશ સહુકો કહે; પાગ નમી પચીશ; કરજોડીને કરગરી. દીધું જીવત દાન; અદકુ તેથી શું આપવું મહીપત આગળ માન; વધારયું વિનતા તણું. [દોહરા] પ્રભાત થયું તે પ્રીતમ; પુન્ય વધારયું પેર; જમાડીને વળાવીયા; સરપાવ આપીને ઘેર. પાગરણ પેહેરાવ્યાં પચીસને; સોળ શુભ શણગાર; માનીતી થઇ માનની; સરૂપા જે સરદાર. રાજા કહે શાબાશ છે સોકયો કહે શાબાશ અમો વેર ઘણું કરયુ, પ્રીત મુકીને પાસ. જીવ્યા ત્યારે તો જશ રહ્યો, પ્રેમદા લાગી પાગ; દાસીવત સોકયો થઇ. જશ ઉપરાજ્યો જોગ. ચાકરવત ચાતુર કરયો, ધણીનો રાખ્યો ધરમ; વિજાર કરી એક વાતમાં, શોકયો પમાડી શરમ, માનની માલણ સાથની, તે રાખી ઘરમાંય; છાબ આપી તે છેલને, તરત કહાડીયો તાંય. કોણે વાત જાણી નહીં, કોણે ન જાણ્યો મરમ; શરમિંદી કરી શોકયને; ધણીનો રાખ્યો ધરમ. એવી વિદ્યા જો આવડે, જરૂર જારીએ જાઓ; શેઠાણીને શુક કહે, નહીતર રોટલા ખાઓ, ખોવો ઇજતને આબરૂ, ખોશો નાકને કાન; ખોશો જોખ જર ઘર સહિત, માંટીનું ખોશો માન. શાબાશ શુક સલક્ષણા, વિદ્યા શિખવી વાણ; એ તોલે બીજી નહી, પચ કરે પ્રમાણ. માતર પ્રમાણે મહિપતી, સિંહુજ ગામ સરદાર; રખીયલ રૂડા રાજવા, દેવાસી દાતાર. ઝવેર જશવત સુત તેહનો, તેણે તેડયા કવીરાજ શામળભટ ગુજરાતથી સહુ કોટીવા લાજ, શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૨૬૪

વારતા ૩૩ મી.

(દોહરા) પ્રથમ ગણપત પ્રણમુ. વરણવું દુંદાળો દેવ; તારણ તરણ ચરણ ગુરૂતણો, શરણ શરણાંગત શેવ દેવી શેવી દેતા, લેવી લખમી લાખ; જગત જનુની જેવી જયા. ઉડળ ભરવા આશ, સારદા સરવદા નરખદ; પ્રેમદા પુજુ પ્રીત; અકલ સરવની અરબદા, રાજ રાજેશ્રી રીતે. સંવાદ શુક બહોતેરા, ગુણીજનના ગુણ ગાઉં; વાદવિવાદ વિખવાદ તજી. નિરમળ મંમા નાઉ. (છપો) ડાકોર તણા ઠાકોર, સાકર વહેયાએ ઝાઝી; ચતુર વરણ ચીકોર, માન તે માગે માજી; મળી મેદની લાખ નર નારી શીર નામે; મનવાંછીત ફળ થાય, પંચ પદારથ પામે અગમ નિગમ ગુણ અહ ગતી, પ્રીતથી પુજે પરખશે. શામળભટ કહે સ્નેહ ઘણો; ડાકોર ઠાકોરને નિરખશે. આરાસુરની રાણી. અંબાજી વેદ વખાણી જાણી બધા જગતમાં, પુજે પુ-પુન્યવંતા પ્રાણી; સૃષ્ટી સરજન હાર, માત મોટા માવડીયા; સરગ મૃત્યુ પાતાળ, પ્રીતે પુજે પાવડિયાં; કહાં ચિત્ત કિડા કરે, અડશઠ તીરથ વેગે વળે; શામળ કહે સેવ્ય સનખલપુરી, જન્મ મરણ ફેરો ટળે, સેવજો સનખલપુરીની રાણી. વ્યાપી રહી બધા વિશ્વમાં પાપને પી-લણ ઘાણી, જાણો જગદંબા જગતમાં. (દોહરા) શાહપત શેઠ સોરઠ ભણી, ગયો ગુણ-સાગર ગામ, ઘેર બકલી ગોરડી, નાર પ્રભાવતી નામ. શુક એક બીજી સારીકા, ચતુરપક્ષી તે ચિત્ત; શામા શેઠ સોવી ગયો, નેહ કારણ નીત નીત, શુક તે સરવે સમજીઓ. તોલ વિચા-રયું તરત, હલ પ્રભાવતી ડુબીએ, માથે આવે મરત. સારિકા સમજી નહી, ઓછી બુદ્ધ અ-જાણ; રામા સાથે રાડ થઇ પરઠયા તેણે પ્રાણ જારી જાવા દિજીએ, તો સંતાપે શેઠ; ભુંડુ બોલે જશ નહી, વિદ્યામાં ઉઠ વેઠ. ગોવીંદજીને જે ગમે, સ્થીર સ્થીવર તે થાય: સત્ય રાખે સાચા તણું રૂઠે વધકુંઠ રાય, (સોરઠા) વારૂ રત વસંત. ભમણો હાર બહુ રાખીયો અતીશે કામ

અનંત, લાજ થકી; લાજ રહે રામા નવ રહે ગાની એર જો ત્રિસે વસા; ચતુરા ચિત્ત નવ ચાહ. કામાતુર છે કામની, ધારે નહી રૂડો પંથ, બાર માસ ઉદવસ ગણે, એ નારી અંધ મારી નાંખે મુજને. (દોહરા) શુભ વસંત રતને સમે. પુરણ પ્રભાવતી પેર; હાસી છું એક હિત કરણ; ગુણહિણી છે ઘેર. કામ વાસની કલ્પના, કરી દેખાડું આમ, શામ દામ ભેદે કરી કરવું મારે કામ, કીધું રાધા કૃષ્ણજી; જુઠું સાચુ જેહ જુવતી આગળ તેમ કઈ પ્રભ છુટે મુજ એક ઇશ લાજ મરજાદની, નરલ એકે તુન્ય; અંતર કામ કિડા કરે; પેલા ભવનાં પુન્ય. (છપ્પો) ખાનપાન ધન ધાન્ય, નેહ ઘણે નર નારી; સગુણ માન સનમાન, જુવતિ ચાહે ચીત ભારી; વરસે હરખ વર સાથ, અતી માન અંતર ઓપે; સતિ શિરોમણ નાર, વાય પણ લજા લોપે સોળ ઘણો કામ ઓયો સરવને, કોક શાસ્ત્રમાં કવિ કહે. લજ્યા લક્ષ વસા, ઇશ્વર રાખે તેની રહે. (દોહરા) ગાન તાન સુખ ધાન ધેન, ખાન પાન ગુણ ગીત; દાન માન ફળ દાન પ્રિય, એ રૂતુરાવની રીત. ભોળવી ભોળી ભામની, પરપુરૂષશું પ્રેમ; રહેજે આવી શોભીતી, નારીએ કીધું નેમ તેત્રીશમે દીન તારૂણી, સજ્યા સોળ શણગાર; પરજાતક મંદીરના, હોંસે પેહેરતી હાર. પાંચ ટકાના ઘાઘરા, ચંપકવરણાં ચીર; કસબ કોરની કંચુકી, નાર વધાર્યું નીર. કસ્તુરી કેશર અરગજા, બહુવિધ ભેદ બરાસ; ચાલી ચતુરા ચમકતી, અતિ કામાતુર આશ. અંગ સમાર્યાં કામની, માથે શુભ સિંદુર; ભાગ્યશાળી તે ભામની, ભરજોબન ભરપુર. જાવક રંગ રગી પાનીઓ, નેણે કાજળ રેખ; રંભા જેવી રોહિણી, નહી મીન કે મેખ. પોપટ કેરૂ પાંજરૂ, તરૂણી આવી ત્યાંહ; બત્રીશ લક્ષણ બહુ ગુણે, શુક સમજ્યો મનમાંહ. જાયે તે જુગતું નથી, રાંડથી નવ રેહેવાય; ચલાવું મારી ચાતુરી, વેળા તેવી રક્ષાય. સાંભળને પ્રભાવતી, માની લેજો માત; શે કામે સીધાવશો, વિગતની કહો વાત. મન મેલીને કહો નહી, તો તો મારા સમ; શા કારણે સોળે સજ્યા, કાજળ સાર્યાં કયમ. શેઠાણી કહે શુક સુણો, ગુણજશ રૂડા ગાઉં; સમ દીએ સાચું કહું, જારી કરવા જાઉં. શાબાશ શાબાશ શુક કહે, શામા તમો સમર્થ; ભોગ જોડે નવ ભોગવ્યા, વહિ જન્મારો વ્યર્થ. જશવંતને જોબનપણું, જરનો ઝાઝો જોખ; વસંત રતને વરણાગણી, રામા સ્વામીને રોખ. વ્યસન કરે વસંતમાં, તરૂણી તાલેવંત; છએ રૂતુંના છત્રપત, વેદ કહે વસંત. સીદ કામ ટરા શોભીતાં, ચીરા વિષે ચેન ચાહ; મન રંજીત કર માનુની, વેહેલે વહાણા માંહ. (છપ્પો) જોરાળો જમદુત, રોળ્યો કરી નાંખ્યો રેળા; વશ કીધી વસુ સર્વ, બારે બાપની વેળા. પરાક્રમ પાંચ પ્રમાણ, શોભાની જેણે શ્રષ્ટી; અકળ કળા ન કળાય, કરે વસુધાપત વૃષ્ટિ. રંક રાય દેવ કે દાનવી, કે વચન નવ લોપે કદા; તેને સંહારનારા શિરપર, શામળ કહે પધારો સુખે સદા. (દોહરા) કદાચ કોઇક દેખશે, કે કો લાયક ભંડ; નાત જાત કોઇક નડે, દિવાન દે કો દંડ. જાય ઇજ્જત ને આબરૂ, જાએ ઘર ઘરસુત્ર; સાંભાળજો તમો સુંદરી, છો પુણ્યવંતનાં પુત્ર. વિઘ્ન ઘણાં એ વાતમાં, હરખહેત નવ હોય; જારી કામે જે ગયું, કુશળ નાવ્યું કોય. વિજાર વિદ્યા કરવી પડે, તો કહું તને કરજોડ; જમના જુવતી જાટની, હારી જીતી હોડ. જશ લેશો તો જીતશો, તો વધશે વિદાય; નહી તો જરધર જશ જશે, નગર થશે નિંદાય. પગ ખેંચી રહી પ્રેમદા, પ્રીતે પ્રણમી પાગ; કોણ જમના જુવતી હતી, રહેતી કોણજ જાગ. વિજાર વિદ્યા તે શી કરી, રહેતી કોણજ ગામ; જાર કરમ તે શું કર્યું, તેના ધણીનું શું નામ. શુક કહે સાંભળ સુંદરી, ધણી હોય જો ગરજ; આભુષણ અંગ ઉતારજો, એહ કરૂંછું અરજ. બીને વચ્ચે ભામની, શો ઉપરે કર છાપ: તો તો વાત એ શિખવું અધિક બુદ્ધિએ આપ.

(છપ્પો) ગરજ ચઢાવે વાંસ, બુમ પાડે ને નાચે; ગરજ કરાવે જાર, દેખી પરનરને

રાચે. ગરજે જાય વિદેશ, ગરજે શીશ કટાવ; ગરજ લોપાવે લાજ, ગરજ માન ગરજાઇ મટાવે. સર્વ અવગુણ ગરજમાં, વખાણ કરૂં કેતાં વળી; શામળભટ સાચું કહે, ગરજ સાકરથી છે ગળી. ગરજ જોડાવે હાથ, ગરજે કમોસજ સાંખે, ગરજ કરાવે પાપ; ગરજ તો નરકે નાંખે, ચોરી જારી જુઠું જુલમ, ગરજમાંહે અવગુણ ઘણા; શામળભટ સાચું કહે, ગરજ ચિઠીમાં નહિ મણા. (દોહરા) ગરજ સર્વથી છે ગળી, તરૂણીએ કીધું તેમ; શુક કહોને સાંભળું, સાચા ખાઉં સમ. (ચોપાઇ) ચીના પટણ ચાતુર દેશ, જ્યા નારી નવ જોબનવેશ; રાજા રાઠોડ રૂડી રીત, પુણ્ય પ્રજા ઉપર બહુ પ્રીત. લાડ કરે સહુ લક્ષધા લોક, સ્વમા માંહે નહી કોને શોક; સારૂં રાજ્ય ને સુધા ધાન, મહિપતના સહુકોને માન. વાસ વસે અઢારે વર્ણ, કૃષ્ણ કથા નિત્ય સુણે કર્ણ; રામ સરીખુ ચાલે રાજ્ય, કુળ આચાર કરે સહુ કાજ. નહી જુઠી ચોરી ચાડીઓ, અધર્મ અન્યાય નહી આડિઓ; પારકુ સુખ દેખી સહુ ઠરે, સહુકો કામ પરમારથ કરે. તે ગામ જેસંઘો જાટ, વખાણ કરે ચારણ ને ભાટ; ચાતુરની કરે ચાકરી, બળીયા સાથે બાધે બાકરી. ગરીબ લોકનાં પાળે લાડ, ભાગે હરામી કેરાં હાડ; તાંતી તેહ તણી તરવાર, નક્ષત્ર સરખી છે એ નાર. એક માનીતી બહુ માન, પ્રેમા નામ તેનું પરધાન; હસવું રમવું તેની સાથ, ઘર ઘરસૂત્ર તે તેને હાથ. આખો દહાડો મુખ સામું જુવે, બેસાડ્યો બેસે સુવાડ્યો સુવે; પ્રેમદા પાણી પાય તે પીએ, કમાય તેટલું તેને દિએ. બીજી નારી જમના નામ, અણમાનીતી આખે ગામ; તે પાડોશમાં અળગી રહે પ્રાત, શેર એક અન્ન આપે નિત્ય. ધંધો કરીને ખાએ ધાન સાસુના તેને નહી માન, રાત દીવસ ઓરીઆગી રહે, સુખ કે દુઃખ કોને નવ કહે. (છપ્પા) માટીનું નહી માન, તેનુ તો જીવત ખોટું; માટીનુ નહી માન, તેને શિર મેહેણું મોટું; માંટીનુ નહી માન, સંતાપ નણદીને સાસુ; માટીનુ નહી માન. કલંક તેને શિર ફાંસુ, માનની માંટીના માન વિણ; જુવતીને જોખમ જાન છે; શામળ કહે હોય સુલક્ષણી, તોય હળવી પીંપળ પાન છે, માનનીને નહી માન; તે દુબળી હોએ દેહે, માનનીને નહી માન. ગુણ માને નહી ગેહ, માન િને નહી ‍ુમાન; ઓશિયાળી આખે દિશે, માનનીને નહી માન. કલંક સો એક તે શીશે, સત્યવંતી હોય સુલક્ષણી; વરણાગણી સુંદર નાર છે, શામળ કહે સ્વામીના હેત વિણ, પ્રેમદા હળવી પીંપળ પાન છે.

(ચોપાઇ) એક દિવસ તે નારી જાય, નદી નીરમાં તે તો નહાય; વસ્ત્ર પખાળ્યાં પોતા તણાં, ટિલાં ટપકાં કીધાં ઘણાં. વરણાગીમા જોબન વેશ, છુટા મેલ્યા શિરના કેશ; લટકે મટકે હિંડે હોડ, મોટપણમાં મોડા મોડ. પુર્ણ પામ્યે જાનક રંગ, સખી સાહેલી ન ... કો સંગ; વણિક વદ મળ્યો તે વાટમાં, ઘણે હેત આવ્યો ઘાટમાં. ડાહ્યો દક્ષ શોભીત ઘા ઘડી, પચરંગી માથે પાઘડી; હરામજાદો હડીલા હામ, નંદો દાણી તનું નામ. એક એકને દીઠે હરખીયાં, નર નારી હેતે નિરખીયાં. સાબત સગ નહી સાથમાં, માટલી એક તેના હાથમાં. મોં માટલીનું બાંધ્યું હતું, પામરીમાં વિટયું અણછતું; લટકતું લઇ ચાતુર ચાલીયો, જમનાએ તેનો છેડો ઝાલીયો. રાખ્યો ઉભો રૂડી રીત, પુછ્યું કાંધી તેં શું પ્રીત: વશ કરતા વિનતાને શી વાર, આંખ ચમકારો અપરંપાર; જુવતી કહે તમો ક્યાં જાઓ છો, ચતુરાઇ ચિત્ત થી ચાહો છો. એમ કહીને બતાવ્યો ભાવ, નંદે મનમાં ધાર્યો દાવ. (સોરઠા) પલળે કાગળ પાણ, પુરૂષ એમ પલળી ગયો; વદન અમ્રત વાણ, ભુરકી નાંખી ભોળવ્યો, લક્ષ વસા છે લુંડ, હરામી હજારે વસા; પાખંડી તેનો પંડ, છલથી ન જાએ છેતરયો. (ચોપાઇ) જાઓ કોણ સજન સાથમાં, વસ્તરે શું બાંધ્યું છે હાથમાં, કરી મરકલો કીધી વાત; સાચું કહો ભલાની ભાત ભણીકે મન કરયો વિચાર, છેતરૂં આજ ચતુરા નાર; કપટ છે એનું તો

કરે. વિપરીત જુઠી વાણી વદે. [દોહરા] નંદા કહે નારિ સુણો, શો પુછ્યાનો અરથ, ખાંત વિના ખોટી થવું, વાત કહુ તે વ્યર્થ. સાતવાનાની સુખડી, અન્ન એક અમુલ; પુરી પંદર શેર છે, શ્રીમંત ઘર સમતુલ ઘેબર જલેબી લાડવા, ઘારી તણા દમાક, મસમસતા છે મોદકા; સુંઘી જોને નાક. કામની કહે કાં લઇ જશો. ભારે માણસને ભેટ, રાજદુવારે રાવળે, પુન્યવંત પોખે પેટ, ત્યાં મોહ શો જે તાકતા, જોતા ન બને જોગ; સોએક વિઘન તમ સંગથી; શમા સંગે રોગ (ચોપાઇ) કહે વાણિયો સાંભળ સતી, જુઠું ન બોલું એક રતી; મન માનિતી માહરી નાર, તે જુવતિ કેરો હું જાર. સારી માગી તેણે સુખડી, ભાગુ હું તેની ભુખડી, તેને કાજે લેઇ જાઉછું, ખરા સમ તારા ખાઉછું. લક્ષપતી નવી પામે નેટ, તે ભામનીને કરશું ભેટ; પુછેછે તુ સાભળ પેર, ગુણવંતી તું જાને ઘેર. ડાહ્યો શાણો તેને દાખિયો, કર ઝાલીને ઉભો રાખિયો. [છપા.] નારી નીચ સ્વભાવ લાજ લાલચની લોભી; હેતે ગ્રોહુ હાથ, છેક છળ ભેદે છેકી; રૂપ દેખી રીઝતા, તનમસોપે તરૂણી. તજે ઊંચ અમીર, કુડી કામનીની કરણી, દામ દેખી દાઢો ગળે; ખાવુ દેખી ખરૂ ખુવે, શામળ કહે નારી નીચ કરમ કરતાં પાછુ નવ જુવે. ન ગણે માને બાપ પ્રીત ગણે નહી પેહેલી; નરને વેચે નાર, ગરથ દીઠે થાએ ઘેલી; હાકમનો ન ગણે દંડ; બંડપણે તે લેખે. અન્યાયે કરે કલોલ સત્ય સામુ નવ દેખે; લાજ લાખેણી લક્ષધા, જાર સુખી જારી નવ કરી; ઝાઝાશું જુવતિ રમી. શામળ કહે નવ બેસે ઠરી. પામર સાથે કરે પ્રીત, કરે રાજાની રાણી; ચતુરાઇ ચાહે નહી ચિત્ત, ખુવે પરીયાનુ પાણી લખપતિનિ નાર, હકર આગળ કર જોડે, દાતા કેરી નાર; સમુ તણાં જશ જોડે, કાં ધરમવતી ધરમ ધારીયો શામળ કહે સ્વભાવએ સરવના; નિચ શુદ્ધ લાખેણી નારીયો. સતિ થાએ તે નાર, ઇકોતર પરિયા તારે; પિત્રીને કરે પુન્યવંત, વિઘન સઘળાં એ વારે, વઇમાન બેસી વઇકુંઠ; પીત્રને વાસ વસાવે, નરકથી મુકાવે નાર; જમ કીંકરને કુસાવે તરણ તારણ ત્રિલોકમાં, કામની મોટી છે કથી. શામળ કહે શોધી જુવો નર નાર સહુ સરખા નથી. સદાવરતીને શુર, એહ જનુનીના જણીયા; પંડિત માંહે પુર, ભારે વિદ્યા તે ભણિયા; હરિજન આવ્યા કામનીની કુખે, વિક્રમ ભોજને કરણ, દેહ દાઝયાં પર દુખે; જતી સતી સંતોષિયા, કુંભકરણ રાવણ સરખા, જણ્યા સરવ એ જુવતિએ; પુન્યવંત પુરાણે પારખ્યાં. (ચોપાઇ.) હેતે સુખડી દીધી હાથ, સ્નેહ કરયો તે નંદા સાથ; મીઠુ મોં કરાવો મુને; જે માગે તે આપુ તને. નંદા કહે સાંભળ જાટડી, તું તો જા તાહરી વાટડી; મારી સાથે રંગે રમે, તો તો સુખડી ચાખી જમે. બાકી શીદ ચલાવે મન, કટકો એક નવ પામે જન; તારૂ તન મુજને દિજીએ, તો તો ભેટ તમને કીજીએ. શરીર સાટે એ સુખડી, ભાગે તેવી ભાગુ ભુખડી; નારી નીચું જોઇ રહી, કટાક્ષ કરીને વાણી કહી. આણો હાથ કેમ જાવા દઉ. માટલી ખુંચી એની લઉં; ઓછું અદકુ એમાં શું થશે, જાર કરી જખ મારી જશે ધણી ગયો છે ચારવા ઢોર. ઘરમાં છે અંધારૂ ઘોર; જાવા દઉ તો મુરખ થાઉ ખાંતેથી સુખડિયો ખાઉ, નહી થાય એક કાઠીનું જાન; માનનીએ કીધાં બહુ માન; મંદીર મારે આવો તમો, આજ રંગે રમાડુ અમો. વણિક કહે કેમ આવું વાટ, જુલમી જોરાવર તાહરો જાટ; ઘારાલા કેરી શી ધીર, નિમીષ માંહે ઉતારે નીર. પ્રાણ લેતાં પાછું નવ જુવે, પરાક્રમ મારાનું પાણી જુવે, તું બીક પડે લે મહારૂં નામ, જુવે ફુજીતી આખુ ગામ; સોકાણુ સાસુનો ડર. તેનું તેની પાસે ઘર; ઉસીકે ઇટાળો મુકીયે, કરયો વાયદો તે ચુકીએ. નારીએ સમ ખાધા દશ વિશ, વચમાં આણ્યા ઉમયા ઇશ વચમાં આણ્યા સીતારામ, તારૂ નહિ લેવા દઉં નામ, પ્રણમી નારી તેહને પાય, સુખે આવ તું મારી જાય; જખ મારે

સાસુને ધણી, એવી ધીરજ દીધી ધણી. નદો કહે લખ્યું તે થાય, મેહેલુ તે અમારૂ જાય; જોઉ તમાસો એનો આપ. સમ ખાઈને પરઠે છે પાપ. કોલ કરાર કરીને વળ્યાં, આગળ પાછળ પંથે વળ્યાં; અરૂપરૂ તે જુવતી જુએ, મનુષ્ય નામ ન દીઠુ કોએ, કામ આંધળા બે જણુ તેહ, તે શું દેખે ડાપણ દેહ; ધાલ્યો ઘર માંહે વાણીયો, જાર જોખ જુવતી જાણિયો, લઈ માટલી ઘરમાં ગયો; ત્યા તો એક તમાસો થયો; પુરૂષ મંદિર પેઠો જેટલે, તેની શોકે દિઠા તેટલે, ગાંઠડિએ બાંધ્યું છે ઘણું. ધ્યાન લીધું દીસે એ તણું: જોપું જારણ ક્યાં જાયશે, આગળ શી વલે થાય છે. કરૂ ફજેત ને માલજ લેઉ, જો નાપે તો શુળી દેઉ; આજ સોકનો વાળુ ઓટલો, કપાવુ કાન નાક ને ચોટલો આજ અનરથ એને શીર થશે, આવી કજ્જ હવે ક્યાં જશે; ઢુકીને બેઠી બારણે; જાર ઝાલવાને કારણે. [દોહરા] બે જણનું મન માનીયું, પ્રગટ્યું પુરણ પુન્ય; જોખ કરી નર નારીયે, એકે ન રહી તુન્ય. પરવારી તે પરવરયો હેતે જોડયા હાથ; બે કરજોડિ બોલિયો, શામા કેરે સથ રખે રીસ રામા કરે રખે મુને દે શ્રાપ; અણઘટતું મેં આચરયુ, પુરણ કીધું પાપ. હું છું શ્રાવક વાણિયો, જીવ દયા પ્રતિપાળ; અધરમ મેં તો આચરયું કામ તણે વશ કાળ. સારી કહીમેં સુખડી, આપી અરથે વ્યર્થ; છળ કરી તુને છેતરો શાતર એમાં છે સરપ. બાજીગર એક બારણે અરાયો આપો આપ; કહયું તારા મંદીર વિશે, મોટો મણીધર સાપ, કઢાવિશ નહી તો કરડશે, પલકમાં લેશે પ્રાણ; હું તો થર થર ધ્રુજીઓ, તેની સાંભળી વાણ. કણ આપી તે કઢાવિઓ, લાખેણો જોયો લાગ; મંદીરમાંથી કાઢીઓ, નેક નમેરો નાગ. ફુંક તેનાથી ફાટીએ, દીઠે ધ્રુજે દેહ; નથી દીઠો નથી સાંભળ્યો, તરણ વામનો તેહ ઝેરી દીઠો જમદુતલો, જોને જાએ જીવ. બગભગી બધી મેદની, દીઠા દારૂણ દિવ્ય કો કહે એને મારિએ, બાજીગરને આપ; પાપ નહી એ મારતાં, કટકે કટકે કાપ. હું સતવાદી શ્રાવકો, ધારૂ રૂડો ધરમ; મણિધરને મારૂ નહી. કરૂ ન એવું કરમ મારવો સરપ ઘટે નહી; નહિ શ્રાવકનાં કામ: મંત્રીબાને આપડો, એનું તે શું નામ મટકી માંહે ઘલાવિયો આવો ન ઉતરો અંચ; બધાવ્યું સુખ બગ કરી, પઇસા આપ્યા પાંચ. મણી ધરને વન મુકવા, વેગે ગયો તો વરત; એટલે વનિતા વાટમાં, દુતપો મળ્યાં મુજ તરત. તમો પુછયું એ સુચ છે, મેં કરી મરકરી મેલ. સારી કહી મેં સુખડી, ખરો ભારયો તુંજ ખેલ. ડંડાઇ કરી મેં લક્ષ વરાં, કપટ કરયું વશ મેં વીશ; કદાચ કાળ ચડે તુંને, હત્યા બેસે મુંજ શીશ. ઉઘાડીશ માં એહને, એમાં તો છે સાપ; હું ચેતાવી જાઉં છું, તારૂં તુંજને પાપ. એમ કહી અગિયાર ગરયા, પાછું ન જોયું ફેર; સવળાનું અવળું થયું, થયું તરણનું મેર. જારી કરવા જુવતી ગઇ, અકલ ઘણેથી આપ, લાભ સાટે મોત લાવિયાં, સુખડી સાટે સાપ, સોના માટે સુની થઇ, માલ તાકયો ત્યાં મરત; રૂડું કરતાં ભુડું થયું, તે વેળાએ તરત. નીચ માણસ નાસી ગયો લોભ દેખાડી ભુંડ; જારી જે નારી કરે, દઇવ તણો એ દંડ. ક્યાં જાઉં હવે શું કરૂં, કો આગળ કહું વાત; ઠગ મુજને ઠગી ગયો, એતો મહા ઉત્પાત. સાપને હું ક્યાં જઇ સંપરૂં. ક્યાં નાખું નર નેટ; એક વાત ન ઉકલે, પડયો ધ્રાસકો પેટ, એટલે પેલી શોકડી. આવી તેણે દીશ; કાન નાક છેદાવશું, સ્વામી આવે શીશ. અનેક બાર શોકયો તણા, બીજા ઘણા તે સદ; ઊંચ નીચ રાય રંકમાં, એણે વાળી હદ. નંદા દાણી આવ.યો લાવ્યો મોટો માટ; ત્યારની હું બેસી રહી, રૂંધીને એ વાદ ઘરધણી હમણાં આવશે, ગુણ સાગર આ ગામ; બધી વાત એને કહું, નંદા કેરૂં નામ. ઘણાક દહાડા તું ગઇ, આજ આવી છે હાથ: થવાય એવી તું થજે, સોડજે મારે સાથ. મંદિરમાં મુકયું માટલું, સાબુત ચોરી ચાડ; જાટ જોરાવર આવશે. ભાગે તારૂં હાડ. લુટાવું ઘર નંદા તણું,

તેમાં ઘાલું હાથ; સાત ઘડી સેજે રમ્યો; સંગે નારે સાથ. દાવા મુકે છે સોકડી, દીઠું તેણીએ સરવ; શોકય તે કેમ સાંખશે. રેહેશે એનો ગરવ. પોપટ કહે પ્રભાવતી; શી કરશે એ પેર, કાન નાક શીશ છેદશે, ઘરધણી આવે ઘેર.

(ચોપાઇ) કામની કહે સાંભળરે કીર તુંતો મન માન્યો મુજ વીર; એવાં શી વિજારી કરે. મોત આવ્યું તે નિશ્ચે મરે, ગરીબ ઘાટ એમાં શો ઘડે, જોતાં વિજારીએ નવ જડે; કેટલીક શુદ્ધ મનમાં ધરે. હેતુ સઘળુ તે સ્વામી હરે. સાસુ સોકય આવ્યાં મુણીએ પરીબને દેશે શુળીએ; કરતાં શું કરયું છે કામ. વિજારીનો તો ન રહ્યો ઠામ. જો કાંઇ ઉકલતું હોય તુને, સારી પેઠ શીખવ મુને, આજની રાત ન જાશો તમો તો એ વિદ્યા ભણાવું અમો. શુક વિશ્વ તારા સમ ખાઉં, વિદ્યા શીખવતો હું નવ જાઉં; તે વાતે તો પ્રતિજ્ઞા કરી, વસ્ત્ર આભુષણ તો પરહરી, મારે શીખ્યાનું છે કામ, કહો એ તો વિજારી ઠામ; પોપટ કહે પ્રેમદાને પ્રિત; જો ચતુરાઇ રૂડી ચિત્ત.

(દોહરા) જમનાએ કર જોડીયા, પ્રણુમી શોકયને પાગ; આભુષણ સેં આઠનું, મેહ્યું તેની જાગ મેલી આગળ માટલી, ચરીત્ર કરીને ચેન; કલંક ઢાંક તું માહરૂ, હુંછું નાની બેન અણઘટતું મેં આચરયું. તે સરવે દીઠું આંખ: કામની જાત્રા વળી, ગુનો અમારો સાંખ. હું દાસી છું તાહરી, ચતુરાઇ ચિતે ચાહો; જીવ ઉગારો માહરો, ઘેર બેઠાં ગંગા નાહો. મને માંટીડો મારશે, તો તેમાં શો લાભ; હું કહું તે તમે કરો, ઉંડળ આવે આભ. મારી તું તો માવડી, આહયો ઘરેણો ગરથ; મારૂં શીશ છેદાવશો, એ તો ડહાપણ વ્યરથ. સ્ત્રીહત્યા તો બેસસે, જાશે મારા પ્રાણ; કલંક ચડે તુંને મુને, હાંશી કરશો પણ હાણ. ઓશિયાળી આખો જનમ, ચાંપીશ તારા ચરણ: ડાહ્યા હોતો દિલમાં ધરો, કથન સાંભળો કરણ. સોકય તરત સમજી ગઇ, ગરથ ઘરેણું લેઉં; આખર એતો કયાં જશે, હમણાં જાવા દેઉં. જેવો સમો દેખીએ. હમણાં તેવા થાઉં; સાતવાનાની સુખડી, પેટ ભરીને ખાઉં. ઘરેણાંની કોથળી, ઘાલી ખોળામાંય; સાતવાનાની સુખડી, બળકરી લીધી બાંય. તારૂં નામ કો લે નહીં, કરે નહી કો રીસ; સમ ખાઇને લેઇ ગઇ, વચમાં આણ્યા ઇશ. (છપા) લોભે જાએ જીવ, લોભે તો લાલચું કહેવાયે; લોભે કોપે દઇવ. લોભે હિત હાણુજ થાયે; લોભે જાએ લાજ, લોભે તો કારજ કુડે; લોભ મટાવે મોજ, લોભે શત્ર બોતેર બુડે; લોભથી લક્ષ લક્ષણ રહે પરો, લોભ ત્યાં સંકટ શુળ છે, શામળભટ સાચું કહે, લોભ પાપનું મુળ છે. લોભ જોડાવે હાથ લોભ તો ભીખજ માગે લોભ મુકાવે માન, લોભે તો પાયજ લાગે; લોભ કરાવે પાપ લોભે ચોરીને ચાડી; લોભથી શોકય સંતાપે, અકલ ફેલાવે આડી; લોભમાં લક્ષ અવગુણ વસે લોભ ગણાવે લક્ષમાં; શામળભટ સાચું કહે, લોભ પાપી આ પંડમાં.

(દોહરા) જમનાં કે જખ માર તું. અતિ ડા'પણ તું આપ; મંદિર માટજ છોડશે, ડસસે એને સાપ. આવે સોકય ઉતાવળી, આવે ઘર એકાંત; મુખ છોડયું તે માટનું, ભાગવા મમનની ભ્રાંત. કાળ મણિધર કોપતો વિષની ઝાળા વરત રીસ થકી રામાને ડસ્યો, માનની પામી મરત. કાળ ખુટયો તે કામની, ઝાકળ ભયાનક ઝેર મરણ પામી તે માનની, પુરવ જનમનું વેર, ભાવઠ કાઢી ભવ તણી, માનની પામી મોત; સાલ ગાંઠ તે સોકયનું, ગોહણુ ગોળા સોત. માંટી આવ્યો મંદિરે, કુટયા બહુ કમાડ. પુછે પાડોશણને પતી, કહ્યું ઉઘાડ ઉઘાડ. સાદ કરયા સો સામટા, કયાં ગઇ ઘરની નાર; ઘરમાં તો બાળક રડે; અચરજ એહ અપાર, પાડોશણ પીછે નહી, જમનાં દીધો જવાબ; મોટી બેન હતાં બારણે, પડી એકમાં આપ. આવ્યાં મારે મંદિરે; પ્રીછી નહી હું પેર, સાસુ વહુ વઢતાં હતાં, ઘણા

ક્રોધથી ઘેર; વિશ્વેશ્વરીને વધામણું, દેવું વારંવાર; મારા સર્વ માગી ગયાં શોભીત સોળ શણગાર. જાતાં જગદંબા પુજ્યા, એટલે આવ્યાં માંત; સાસુ વહુ વઢી પડયાં, કોણ જાણે શી વાત. કમાડ ઉતારયાં કચડે, પેઠો તે ઘર માંહ. મગ્નગત દીઠી સુંદરી; તે વેળાએ ત્યાંહ, નાગ ત્યાંથી નાશી ગયો, વાસો વસ્યો જઇ વાસ; દિઠું ઘરેણું ડાબલો, પડયો હતો તે પાસ, પોકાર કરયો તેને પીઉ લક્ષધા મળીયાં લોક; ઝેર ખાધુ જુવતી મુઇ સજ્જનને મન શોક. સ્ત્રી-હત્યા કરી સાસુએ, દાંડિ દેતિ એ દુખ; વછનાગ પીને એ મુઇ, આવ્યા બળેલીમાં મુખ ક-રવું ઘટે તેતો કરયું, લોકાચારી લોક; સરવે પચ્યું તે શોકને ભરથારના ચારે ભોગ કલંક ચઢાવ્યુ કામની, સાસુ કેરે શિશ. દુશમન થયો તે દિકરો, અવગુણ તે હરનીશ, જાર કહે જમનાં સુણો, આ તારૂં ઘરબાર, છોકરાં સરવે તાહરાં. આ તારા શણગાર, સાસુ ઓશિ-યાળો કરો. કરયો ઓશીયાયાળો કંથ; સોક્ય તણુ સરવે પચ્યું, પોતે ચલાવ્યો પંથ, ઉગારયો પેલો વાણીઓ ઉગાર્યો અપે પ્રાણ; કલંક કાઢી નાંખિયું, એવી જાણ સૂજાણ. એમ વિ-ચારી આવડે, જરૂર જારીયે જાગો; નહિંતો ઘેર બેઠાં રહો, ગોવિંદના ગુણ ગાઓ. શાબાશ શુક સલક્ષણા શાબાશ તારી બુદ્ધ. શુભ વિદ્યા મુને શિખવી, શાસ્ત્ર સાખની શુદ્ધ ચાર ચૌદ ચોસઠમાં, જડે ન એકે જાગ, જુઠાનું સાચુ કરે. ઓલવી નાખે આગ, કરે મરતકને જીવતાં. કરે શાહને ચોર. વિજાર વાત નવ આવડે ત્યાં અંધારૂ ઘોર, પથર તરે પાણી પરે, ફુલ ઘાલે આભ, દવના ડુંગરા ઓલવે, વેળુપર ખેડે નાભ. માતર પ્રગણે મહિપતી, સિહજ શિ-રોમણ ગામ, વામણ વંશે અંગપત, રૂડુ રણ્છિયલ નામ, મહારાજ સત મન રાજવી, લેઈ કોટિધા લાજ: તેણે તેડયો તરતીબશું શામળભટ કવિરાજ. કર જોડી કવીને કહ્યું, કરે ગુણવં-તા ગ્રંથ; વંચાય બાધા વિશ્વમાં. પુન્ય પરમારથ પંથ. સિંહાસન શુક બોતરી. રૂડો રેવા રામ કથા રસ વરણુવ્યો. યમદુતના ટાળ્યા દંડ. ગ્રંથ સોપ્યો ગામનને અધીક બુદ્ધ અપાર. સકળ કળા સલક્ષણો, સપુત્ર શીરદાર શુભ વાત શુકબહોતરી. પુરણ પ્રાક્રમ પેર: મહારાજ સાંભળ્યા મહિપતી, જશવંતા ઝવેર. મહાવંત આપે શોભીના પરમારથ કરે પુન્ય પ્રથવી કરી પમાબતે, નિમીશ માત્ર નહી નુન્ય. શ્રોતા વકતા સમજતા કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ.

વાર્તા ૨૪ મી.

(ચોપાઇ) શ્રી ગણપતના પુજુ પાય, જેથી કામ સકળ શુભ થાય, શ્રી ત્રિગમલ શ્રીરણછોડ આરાધું તેને કરજોડ. શ્રી દુખ ભંજન ડાકોર દેવ, સત્ય પ્રકારે કરૂ હું શેવ: રાધા રૂકમીણિ સિતાપત રામ, સતભામા,નારાયણ નામ, નવ નાથને ચોરાશી સીદ્ધ, વંદુ તેના ચરણ ત્રિધવિધ: અઠયાસી સહસ્ત્ર રૂડેરા રૂખિ, તેત્રીશ કરોડ મોટા મહા મુખિ. ચઉદ વિદ્યા ચોસઠ જોગણી, બારે શુખ સાગર ભોગણી; સુખ દેયણ સદા સરસ્વતિ મયા કરી આપો મહામતી. (છપા) હનુમંત બહુ બળવંત, પુરણ પરાક્રમી અનંત, સત્યની વાતે વીરો; એકાદશમો રૂદ્ર. રામ ચરિત્રમાં ગાયો, સત જોજન ઓળંગ્યો મહાસિંધુને તરી, સીતાની વારે ધાયો. સિંધુ બિંદુ કરી આવીયો; રાવણ કુંભકરણ ઇંદ્રજીત, લંકા જીતિ ઘેર લાવીયો, શુકદેવ શ્રી વેદ વ્યાસ. ભાગવત ભારત ભણીયાં; બારકુંડે પુન્ય પુરાણ, મહાસાગર થઇ ભણીયો; શત કોટી કરી રામાયણ વાલ્મીક રૂષી ઘણું વાંચ્યો, પદમાવતી પામ્યો જયદેવ, એમ ઇશ્વર આરાધ્યો કળીજુગમાં કાળીદાસ, મોટમપદ દીધી સ્ત્રી, શામળ કહે સીધી પામિયો કરે કરૂણા મા સરસ્વતી. (ચોપાઇ) ગણપત

દેવ મોટો ગંભીર, નામ તણું વધારશું નીર, તેને તો છે એકજ દંત, સહુકો કરે તેની ચંત રક્ત ચંદન તે અંગે ધરે, પ્રથમ પુજા સહુ તેની કરે, વેદના દેહ તણી વામીએ, સુખ શરીરે તે પામીએ, અંતઃકરણમાં આણે આપ, તેના ટળે સરવે સંતાપ; પુરે મન તણા તે કોડ, પહેલો પુજે જુગતે જોડ. પુરે મન કેરી કામના, થાએ ગણપતિની નામના; કહું છું શુક બોહોતેરી કથા જોગ વાત બોલાવો જથા ચોત્રીસમે દિવસે ચાલીયાં. મનમાંહિ મોજા માલિયાં; અંગ સજ્યા શણગારજ સોળ. મુખ બોળાં તાતાં તંબોળ સુંદરે ચોળ્યાં પાકાં તેલ નારા ચોળ્યાં ઉની ખેળ; નાવણ કોડ ઘણેથી કરે, રૂડાં વસ્ત્ર તો અંગે ધરે, કસ્તુરી લેપ કીધા શરીર, નારી કુંજરના પહેર્યાં ચીર; હાવ ભાવ કટાક્ષે કરી, જારી જવા મનસા ધરી. સુંદર ટપકું કીધું ગાલ, ચાતુરી કીધી ઘણી ચાલ. દરપણ માંહે જોયુ મુખ, શામા મનમાં પામી સુખ. ચાતુર પુરૂષ તણા ગુણ ચળે, આવી પોપટ પાંજર તળે. વિનતા કેરી જોઇ ત્રિગત, જુહાર જુહાર કર્યો જુગત પધારશો કયાં પ્રભાવતી. રૂડી કરમ તારાની રતી; તે મુજને કહો મુકી ગર્વ, વિગતથી સંભળાવો સર્વ.

(છપા.) વાત કરતાં વશ લોક, વાત કરતાં વશ વેરી. વાત કરતાં વશીકરણ, વશ થાય જનાવર ઝેરી; વાત કરતાં વનિતાય. વશ વરતે વિવેકે. વાત કરતાં રાજાય. દંડ નવ દંડાય નેકે વશીકરણ જાદુ જુગત વસુધા વશ સહુ વાતમાં. શામળ કહે વચન મીઠાશથી ભજે ભામની ભાતમાં, રીજવ્યો રીજે દાતાર, રીઝવ્યો રીજે કો સુર કાયર રીજવેથી ખીજે; રીજવ્યો રીજે પંડીતા, મુરખ રીજવ્યાથી મારે: રીઝવ્યો રીઝે ભક્ત, હરામી રીજવ્યો હારે; રીઝે રાગી રીજવ્યા. શામળ કહે રીજે ઘણું, નર રૂડાથી નારીયો. (દોહરા) પોપટ પ્રભાવતી રીજવ્યા, કહી વાત વિચિત્ર; કયાં જાઓરે કામની, પુરણ પુન્ય પવિત્ર. કો ઉપર શોભે સજ્યા, કો ઉપર તંબોળ; કો ઉપર કાજળ ધર્યાં, કો ઉપર રંગ રોળ, વસ્ત્ર આભુષણ અતિ ઘણાં પહેર્યા રૂડા અંગ; અણિયારી આંજી આંખડી, સજન નહી કો સંગ. (છપ્પા.) શોભે એકલો સીદ્ધ, રિધ બેઠો હોય ધ્યાને; શોભે એકલો દાતાર, કરે તે પુન્ય છત છાને, શોભે એકલો જાર. પરનારીની પ્રિતિ, શોભે એકલો ચોર, જેહને ભુપતની ભીતી; સિંહ વન શોભે એકલો, શોભે એકલો સુર નર; જાર નરનારી એકલી, જે તાકે નિત પરઘર. (ચોપાઇ) જાઉં છું જારી કારણે, સુખ થકી રહેજો બારણે; વાણામાં અમો આવશું. લાખેણી વાતો લાવશું. સુખે પધારો પુરણ પ્રીત, રાત રહેજો રૂડી રીત; કદાચ કાંઇ સંકટ પડે, કલંક મોટુ માથે ચડે, એ વિસમ મારગ વાંકા ઘણા; તોલ ઉતારે તરૂણી તણા; કદાચ કુડો કરે જો કેર, ત્યાં પીવું પડે છે ઝેર. કદાચ હેરા જુગતે કો જુએ, તો પડવું પડે જઇ કુવે કો એક બોલના મારે બાણ. તજવા પડે અખુટે પ્રાણ, કદાચ કો એક ચાડી ખાય, રિધ સરવે લુટી લે રાય; બાંધી કાડે ઘરમાંથી બાર તો જાણે સરવે નિરધાર, નિંદા કરે ત્યાં સરવે લોક, ઘણો થાય તે મનમાં શોક: દુશમન કો એક પેદા થશે. લાજ પિયર સસરાની જશે. છો ડાહ્યાં જુવતીની જત, વખાણ કહુ તે સાંભળ વાત; લાખા લુહાર કેરી નારીએ, જીત્યો જશ જોગે જારીએ. પિંડાને પાયે પાડીઓ, અટપટી નાખી આડીઓ; જાર જમાડયો જુગતે ઘણી, દીધાં માન પોતાને ઘણી. સુખ પમાડયો તેને વરત, જીવતો કાઢી મુક્યો તરત; એમ આવડે તો જાજો તાંહ. નહીતર રહેજો મંદીર માંહ. (દોહરા) પગ ખેંચી રહી પ્રેમદા, પ્રણમી તેને પાય; જુવતીએ જશ જીતિયો, રહેતી કોણજ જાગ. લાખો લુહાર તે કોણ છે, કોણ જશવંતી જોડ; કોણ સાથે રંગે રમી, હારી જીતી હોડ. ગામ નામને ઠામ કહો. કહે ચાતુરી ચિત્ત; કોણ સાથે જારી કરી, પુરણ કોણ પ્રિત. (ચોપાઇ) સીધાવળ

તલેટી ગામ, નારદીપુર છે તેનું નામ; નરસિંહ રાણો રાજ્ય કરે, આણ ધરમ તે ફેરી ફરે. લાખો લુહાર રહે ગામમાં, જેવંતી જુવતી નામમાં; નર નારીને અદકી પ્રિત, જેવી ચંદ ચકોરા રીત; કારીગર તે ઘણો લુહાર, ભુપત સરખા માને ભાર. જેવંતી છે લાડક-વાઇ, દલ પોતાને તે પણ ડાઇ. ભર જુવાની જોબન વેશ, સામટા મેલ્યા છુટા કેશ: વ-રણાગણી વપુ વનવાન, શિશ અંબોડે ઝાલો કનન. લજ્યા તે કોની નવ કરે, પોતે દુશમ-નથી નવ ડરે; જાર વિદ્યા તે જુવતી રમે, ચાડીખોરને અદકુ દમે. માનીતી તે ધણીને ઘણી, તૃપ્તી ન થાય તે તરૂણીતણી. અરી પરી નિત રમવા જાય ગીત મધુરાં મુખથી ગાય. (છપા) જે નારીને લાડ, ભોગવે પરપુરૂશને; જે નારીને લાડ, કરે કુડાં સરવને; જે નારી નિસંક, કરે જોરાવર જારી; જે નારીને હસ, તે શોભા નહી સારી; ગાન તાન ગણુ ગોરડી, ચપલતાઇ ચીત ચાતુરી, પાર પરદેશ કે પરઘરે, અતિશે ત્યાં આતુરી. માનની કરે મધપાન જાવે એકલી જાતર; પર પુરૂષનો સંગ, વણસે તે સ્ત્રી માતર; વિવિધ પ્રકારનાં વસ્ત્ર ખાન પાનકો ખેલે, નવરી નાર નિશંક, રનુંય રજાદા મેલે; નદી તલાવ કે વાડીએ, જાન માંહે જોડે જશે; શામળ કહે સંગત નીચની, વ્યભીચારી વનતા થશે. (ચોપાઇ) એક સમે લા-ખો લુહાર, વિનતા સાથે કર્યો વિચાર; વાહામાં જવું છે ગામ, લોહાં ટીપવાને કામ. નવાં લોહા આપણ લાવીએ, લોહાં લઇ વહેલાં આવીએ, ઝાઝા કાઢવા છે તે ઘાટ, ઘરાકી આવે આપણ હાટ, ગામ પરગામથી આવે લોક, લોહા વીણ ફરજેતી ફોક; એરણ એક લાવવી છે નવી, હવે ઘરાકી અદકી હવી. હથોડો બીજો લાવશું, પરમ દહાડે વેલા આવશું; અદઘડિયે ખોટી નહી થાઉ, હમણાં હું ઉતાવળો જાઉં. (સોરઠા) તારે શાની મુન્ય, નારી કહે નર સુણો; પુર્વ જન્મનું પુન્ય, ખાવા પીવા ખરચવા. આપજે તેને દામ, મોકલજે કોક ચાકરો; એનું તે શું નામ, વછોહ પડે નરનારનો. વદેશાં વખતો વેણ, લાખો કહે સુણ લુંડણી, સ્ત્રી ચરીત્રનાં ચેન હું ડાહ્યો માનું નહી.

(છપ્પો.) કામનીએ કીધું કુડ, વિદ્યાવત બહુ વળ્યા; રામા કરે રણરુડ, દેશ મુકાવ્યા ડાહ્યા. ઝાઝાને દીધાં ઝેર ફેર કર્યા ગોકમ માયા, માનનીને નહી મેર, હોડ કરી તે હારયા: કામની કલંક કુડે ભરી, કામની સાચી નહી કદા; કામજીત કોએ નહી, શાસ્ત્ર શાખ પુરે સદા. (દોહરો) લાખો કહે નવ માનિએ, ખરા તમારા ખેલ; મુખના કરો મરકલાં, એ સરવે દીન મેલ. એક ચોરને ચાડાયા, ધારાળો રે ધુત; નારી નેહ ન માનવો, ભમે ભમાવે ભુત. નારી ચરીત્ર નારે કરયાં, આંખે આંસુધાર, કામની વશ જે કંથડો, ધિક પડયો અવતાર. (ચોપાઇ) નારી બોલી નામી શીશ, દેઓ વાંક તો છેદો શીશ; અવગુણ મુકીને દેખો આપ, તો તુજ શીર પ્રથ્વીનું પાપ. અન્સ પરસ એમ વાતો કરી. હાસ્ય વિનોદ મન માંહે ધરી; લુહાર ગયો લોહા કારણે. ઇંદ્ર નિધાન મુકી બારણે. એક પ્રહર એમ કરતાં ગયો, ત્યાં તો એક તમાસો થયો: નારી ભરવા ગઇ છે નીર, તળાવ તણી તે આવી તીર. એક મરદ મુંછાળો ત્યાંહ. બેઠો તો વડ કેરી છાંય, નારી જઇને ઉભી રહી, કામ વાસના તેને થઇ. પરદેશી બોલ્યો તે ઠામ, નારી તારૂં શું છે નામ; તે પંથી બોલ્યો છે તહી, કા-મની પ્રત્યે વાણી કહી. આ ગામનાં વાશી છો તમો, પરદેશી પંથીડું અમો; ઓળખાણ નથી કો આણે ઠામ, વાસો રહેવું છે આ ગામ. ખાટલો ગોદડું પાણી અન્ન, મારે રહેવાનું છે મન; સુંદર રહેવા આપે જાગ, જે કો ચાંપે મારા પાગ. સાચી કહુ તમ આગળ વાત. મારે રહેવું દહાડા સાત, સારી પેરે સેવા કરે, મારૂ પેટ રૂડી પેર ભરે. એટલી વસ્ત સં-ભાળે જેહ, મુજને તેડી જએ તેહ; જે માગે તે આપુ આજ, કરનારો કોઇ છે તે કાજ,

(છપ્પો) નારીની બુદ્ધિ નીચ, અકલ છે છેકજ ઓછી: તજે કનક તે તોલ, કાપણમાં મત ઓછી. અજાણ્યા શું પ્રિત, કરે પલકમાં પુરી: સત વરસનો સ્નેહ, જોખ કરવાને શુરી; કો રંક રાય સાચા સતી, કો મોટી કો નાનયે, શામળ કહે એ સુંદરી, પ્રેમદા બુદ્ધિ પાનિયે. સુર પુર નર પુર, દામ દભીને દાતા; પંડીત પરાક્રમી પુર, જ્ઞાની ગુણવંતા જ્ઞાતા રાણા રાઓ રણજીત. અતિ અનમી અહંકારી, પંડિત દંડિત ડાવત, શરમ કરમ ધરમ ધારી; નારી ઉદરથી નિપન્યા, જેઓ દરશન નહીં છાનીએ, મોટી સહુથી માનની શામળ કહે બુદ્ધિ પાનીયે.

(ચોપાઇ) મીઠાં મીઠાં બોલે તેહ, નારીને મન અદકો નેહ, પ્રગટ નેડ કરે જે દીશ, નારી નામે તેને શીશ, ચતુર દેખીને ચીત્તડુ ચળ્યું ગુણ દેખીને મનડુ ગળ્યું; લટપટ જાજી નારીએ કરી, અદકી પ્રીત મન માહે ધરી. પ્રેમદા કહે પુછુછુ પેર, ઘણા હેતથી આવો ઘેર; જે મન ગમે તે માગો તમો, હેત કરીને આપુ અમો. ત વાતે ના કહુ જો આપ, પ્રલય કાળનું માથે પાપ; પંથી કહે હઇયુ છે હાથ, હુ નવ આવુ તારે સાથ, તુજ ઉપર કર દો રીસ, તુ મારૂ છેદાવીશ શીશ; તેમાં ત શું તારૂ જાય; મારા જીવનો હાણજ થાય. તુંતો તાગડધીના કરે, મારા છોકરા રઝળી મરે; માનો મીઠી બોલ ભાખ. તુજ સરખી દાઠી છે લાખ. નવ બોલ તુ સાચો બોલ, તરત ઉતાર તારી તાલ; મારા છોકરા ન મળ અન્ન, તો કેમ મળે તુજ સાથ મન. (સોરઠા) પાગ નમાવ્યુ શીશ, બોલી ત્યાં પ્રેમદા; આપ ઉભાયા ઇશ, તુજ પન્ન તે મુજ વચ. સોએક સિદ્ધના શ્રાપ, રામ દુવાઇ લક્ષ્મવરા; બ્રહ્મ હત્યાદિક પાપ, જો દુખ દેઉ તુજને. સોએક ખાધા સમ, તે વળા તે તારૂણી, આચ આવવા દેઉ કેમ, તુંતો મારો જીવડો. (ચોપાઇ) નારીએ સમ ખાધા ઘણા, કશી ન રાખી એણે મણા; તું તો મારો જીવ આધાર તુ છે હઇયા કેરો હાર. તુજ માટે મારા જીવ ખોઉ, ખરે દીલ તુજ સામુ જોઉં, તને ન આવ ઉની આચ, હુ તો સત્ય કહું છુ સાચ. મારે ઘેર આવો આ રાત. જાજો તમે પ્રાહે પ્રભાત, રંગે મારા સાથે રમો, મન ભાવતા ભોજન જમો. પ્રીતે ચોળો પાકું તેલ, સુખે કરો રંગના રેલ; સુવાને તો સુંદર સેજ, દીપક પર રૂડુ તેજ. ભય મન નવ ગણો લગાર, દઢ મન મારૂ છે નીરધાર; બીક મનમા નવ રાખીશ કશી, નારીની વાત તે મનમા વશી.

(દોહરા) જીવ જાએ જો માહરો, તો તો જાવા દેઉ, કોટી ઉપાય કરૂ ઘણા તારૂં નામ ન લઉ. સવંતોસ્યો તે સુંદરી, પ્રિછ્યો તેને પેર; જેવંતા સાથી જારન; ગુણવંતાને ઘેર આવ્યો તે મલપતો, નારી કેરો જાર; આદરભાવ અદકો કરયા, જેવંતી જે નાર. ઘરમાં તે ઘડી એક રહ્યાં, કરતાં વાત વિચાર; પાછો વળી આવીયો, ભામીનીનો ભરથાર. સારા શુકન મળ્યા નહીં, ન મળ્યો કો સંગાત આજે જાઉં ન એકલો, પરવરશું પ્રભાત. પાછો વળીયો પલકમાં, ક્ષણ ન લાગી વાર; ધસમસતો તે આવીયો, પોતા કેરે દ્વાર. સાંકળ ઠોકી સેજમાં નાર ઉઘાડો નેટ. શ્રવણે સાદજ સાંભળ્યો, પડયો ધ્રાસકો પેટ થર થર તે તો ધ્રુજીયો. જુવતી કેરો જાર; શું કરશું ને શું થશે, જીવન આવ્યો ભરથાર. મોટી કોઠ સુતી હતી, ઘલ્યો તેમાં ધાર; છેલ પુરૂષ છુપ્યો ત્યાંહી, ચિત્ત વરતે જેમ ચોર બેસાર્યો તેને ત્યા મુકીને ખડકી ઉપર કાઠ; કમાડ ઉઘાડયાં કામની, ઠગ કરતી બહુ ઠાઠ. તમો ગામ જઇ આવોયા લાવ્યા સુખડી સાથ; પેસવું ઘરમાં પામશો આપશો મારે હાથ. હાસ્ય વિનોદ એમ હેતનાં; કહેવાં વાત વિચક્ષ, પતિ રીઝ્યો પોતા તણો; નાર ચરિત્રના નેક. બીહે બીચારો બાપડો, હીલ ધ્રુજાવ શીશ; સ્વામી દેશે શું જાએ, ક છેદે મારૂં શીશ, ખડખડીયાણીને કહે ઘણી

ચારૂ શુકન નહી વાણુ; કે કહી ખોએ લુગડાં, કે કહી ખોએ પ્રાણુ પાછો આવ્યો પુર વિશે, મળ્યા પટેલ સરદાર, કોશ ઘડીને આપીયે, ક્ષણુ ન લાગે વાર, ઉતાવળ છે એહની, કોશ આપવો આજ; વાર લાગે કહેતાં વળી, સરે કેમ આપણું કાજ. વાટેથી વરતો વળયો, મુકયું કોડમાં વરખ, ધમણુ ધમવા લાગો તમો, ઘડી આપીએ તરત. શીદ મુકયાં છે લાકડાં બીડયું છે શીદ મુખ; કોડ ઉઘાડી મુકીયે, જેથી ભાગે દુખ લાકડાં લેવા માંડીયાં, મુકવા માંડી આગ, જુવિત પેલા જારની, જીવ્યાની કોણુ જાગ. પોપટ કહે પ્રભાવતી, કહો વિજારી વેદ; બુદ્ધ હોય તો બતાવજો, ભાજો એનો ભેદ. કંથના કરમાં દેવતા, મુકે એટલી વાર; પાસે ઉભી છે પ્રેમદા જમ સરખો મહા જાર. શુક પ્રત્યે કહે સુંદરી એનો અતી ઉતપાત; એ વિદ્યા કેમ આવડી, વિસ્તારી કહો વાત. સોએક વાતો સાંભળી એતો અધિક એક; મારા સમ તમો શિખવો વિભિચાર તણો વિવેક એક ઘડી એક પલકમાં, કેમ વિનતા કરે વિચાર; જાર જુવતી બે ઉગરે, કેમ ભોળવ્યો ભરથાર પોપટ કહે પ્રભાવતી, એક કરૂં છું અરજ; આજ રાતે જવું નહી, જો સાંભળવા ગરજ કોલ આપો તે કામતી ન જપુ રૂડી રાત; મારા સમ સાચુ કહો, વિસ્તાર વિજારી વાત. લાખો લે છે લાકડાં મુકવા અગ્ની હાથ હાંહાં કહીને હેતથી. બળ કરી ભીડી બાથ, અરે કંથ રહો વેગળા, અદકુ દુખ છે આજ; કાળ રૂપી એ કોડમાં, મવારે પેઠો સાપ, બળ કરી મુકયું બારણું, તે વેળાએ તરત; અજાણે ઉઘાડીયે, તો તો પામીયે મરત ઝેરી ઝાળ જે જુલમ છે, કુદ પરડે પ્રાણુ; જોરાવર કો ઝાલશે, હોશ કરિએ તો હાણુ. નથી નબળાનો આશરો, નથી બીકણુનું કામ; ઝાલશે ઝેરી તાહરે; મળશે બધું ગામ, તેર શેર તો તોલ છે, ત્રણુ હાથનો તરત; રાંકડાનું તે શુ ગજુ દાઠ પામીયે મરત, દાઠે ડોલે ડુંગરા, મોટી ફેણુ માથે આપ, કાળો ભમર અતી ઘણો બીહામણો તો સાપ સ્વામી લાવો સાણુસો, લાવો માટલુ મોટ, જેહેરી આપણુ ઝાલીએ, કરી શકે નહી ચોટ, લાગ્યો થરથર ધ્રુજીયો એ નહી મારૂ કામ; એમ જાણુજે હું ગયો ગુણુવંતો ગુણુ ગામ. તેડી લાવ કો તાહરો, મારો મળતો મીત્ર, મુજથી એ નહી નિપજે. વરવી વાત વિચિત્ર આપ કોન પધરો ટકો, કે કોને ઘટે સુખ; આડો અહી મુને ઉતરયો, દેહમાં પ્રાગ્યો દુખ, ચંદ્રમા છે બારમો, ક કોને અન્ન આલ; જેમ તેમ કરીને જોરથી, એ ઝેર ને ઝાલ. પાડાશીને ઘેરથી, આણયો સાણુસો તરત, માટી તો મેડે ચઢયો, મન મોટું દુખ મરત. જેવંતી કાઢયો જારને, પ્રીતે લાગે પાગ ઝાલ્યો જેહેરી નાગને, મેં ઘાલ્યો એ જાગ. ધામધુમ હડબડ કરી મુખ બાંધ્યું તે માટ; ભાર મુકયો તે ભામની, ઘણો કરીને ઘાટ ઝાઝા માણુસ જોવા મળ્યાં; કહ્યું કંથને ત્યાય, હેઠ ઉતરો હેતથી; મણીધર ઘાલ્યો માંય. નગર બાહેર નાંખજો, જ્યાં હોય ઉજડ જાગ; આ પંથી બાપડે ઝાલિયો, પ્રણુમી એને પાગ, લાગ્યો પગે એનો પતિ, આપ્યા પઇશા પાંચ; મણીધરને મુકી આવતું, નાવે ઉની આંચ. લાખે આપ્યા લાડવા, વળાવા દીધો વાટ; જેવંતી જશ જાણીયો, મરત ઉગરવા માટ. પોપટ કહે પ્રભાવતી; એ વિજારી વિદ્યાય અણુ સમજે જારી જશો, નગર થશે નીંદાય, શાબાશ શુક સુલક્ષણા, શાબાશ પરમ પવિત્ર; શુભ વિદ્યા તેં શીખવી, તું તો મારો મિત્ર. ચારૂ કથા ચોત્રીસમી કીધી શામળદાસ; ઝવેર જશવંતે સાંભળી, વિદ્યા વાણી વિલાસ. સિંહજ ગામ શીરોમણી, મનજી સુત મેરાણુ; રખીદાસરા જશવડો, પચ કહે પરમાણુ કાઉજી કેરા વંશમાં અવતારિક એ અંશ; વાસણુ વિશ્વ વખાણીએ, પુન્યવંતી પ્રશંસ. મનજી મહિપત સારખો રખિદાસ રાજસરૂપ; નામ કર્યું નવખંડમા, અક્કલ ઘણી અનુપ, ગ્રંથ કરાવ્યો ગુણુનિધી, શુભ સિંહાસન બત્રીશ; પરમારથનં કારણે, રૂડો કરવો એ દિશ, શામજી વીર સુલક્ષણો; વડે કામ

વડ હથ, વાસણુ વંશીશ્રીઅંશપત; શુભ વાતે સમરથ, દાને માને ડાંપણે મનજી સત મેશાણુ; રંખીમલકેરા રાજવી, સકળ શાસ્ત્ર સુજાણુ, ગ્રંથ કરાવ્યા શુકબોતેરી, આપ્યાં ધનને ધાન; નવાણુ કરાવ્યાં નીરમળાં; દિધાં વિપ્રને દાન, ભાટ દશોદી તેહનો, સપુત પુત્ર સરદાર; શુક બોહોતેરી સોંપી તેહને ગ્રંથ રૂડો એ સાર એવું સાંભળી આપશે. અન્ન વસ્ત્ર દક્ષિણા દાન; આ લોકે જશ પામશે, પરલોકે હરી નામ. અમદાવાદ વાસો વશે, શામળભટ કવીરાજ; શુક બહોતરી વરણુવી, પરમારથને કાજ. શ્રીગોડ માળવી વિપ્ર શુભ; વેગન પુરમાં વાસ; પિતા પુરૂષોતમ તણો કહે કવિ શામળદાસ. શુભ વાત બહોતરી, વિદ્યા વાણી વિલાસ; એહ કથા પુરણ થઈ કહે કવિ શામળદાસ શ્રોતા વકતા સમજતા કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૧૪૨

—⁂—

વારતા ૩૫ મી.

(ચોપાઈ) પ્રથમ પુજીયે શ્રીપદિબ્રહ્મ, ધર્મ કર્મ રાખે શુભ શરમ, ગણાધિપત કેરા ગુણ ગાઉં, ચચળ ચીત ચતુરાઈ ચાહું. સરવ પહેલો તે પુજાય, રિધ સીધ દે સકળનો રાય; મન માન્યા આપે તે અતિ. ઉણુમ ન રાખે રખે રતી. પ્રથમ સ્મરણ ગણપતનું કરે, છોતેર તેના ઉદ્દરે; સકળ સ્મૃધી એની પાસ, લક્ષ્મી લીલા લહેર વિલાસ. સિંદુર શોભિતા અંત સાર, ઉત્તમ મોદક અમ્રત હાર; સાચી દેવી માતા સરસ્વતી, મહામુખ દેવણુ કેરી મતી. દડ કમંડળ કોટી દારણી, ધરમ બુદ્ધ કેરી ધારણી; રૂડી બુદ્ધ આપે એ સાર, આપે અલખત અપરંપાર.

(છપા)

અગમ નિગમ અનેક, ભેખ ભણુવું કેમ ભાખા; શાસ્ત્ર નામ લખ લેખ, તેહ સમજુ નહી શાખા. દિવ્ય દાન સનમાન, ગાન કતાન ન તોલુ; રાગ રગ કે પ્રયાસ અંગ વિશુત ન ચોળુ; ચદન વદન આવરણુ અલક, સ્વાંને નવ જાણ્યુ રણ્યા, શામળ કહે સાધન સરવ એ, નામ તાસે નારાયણી, કથાકિરતન કવત, નિત્ય માંહે નવ ચાઉ તિરથ વંત ભરપુર, જઈરણે નવ જાઉં; ધરમ કરમ શુભકામ પરમ પદ અનુપમ, પ્રિછુ નવ પરકારીક નેમ, ચતે એકે નવ દરછુ, સધ્યા વંદન સ્મરણ સર્વે, ધ્યાનમા ધારક ધણી; શામળ કહે સાધન સરવ એ, નામ તારૂં નારાયણી. (ચોપાઈ.) પ્રાંત્રિશમે દિવસે પ્રેમદા, અંગ અનંગ વાપ્યો ઉન્માદ; સજ્યા સોળ શણુગારજ સાર, મુક્તાફળના પહેરયા હાર. ચંપકવરણા પહેરયા ચીર રંગુ નાવણુ તે શુધ શરીર; પાંચ પટાનો ઘાઘરો અતિ, પહેરી કાંચળી રૂડી રતી. ટીલાં ટપકાં કીધાં ઘણાં, કો નર મોહ પામ્યા તે તણાં; અણીયાળી આંજી છે આંખ. પાંપણુ જાણે ભમરની પાખ. કેસર આડ કરી છે સાર નક્ષત્ર સરખી શોભે છે નાર; અતિશે આભુશણુ પહેર્યાં અંગ, માંહે કંધક જડયાં છે નંગ. ઝાંઝરનો ઝમકારો થાય. એ રીતે ધરે છે પાય; ત્રોડા લંગર પાયે ઘાલિયાં, માનની મન માંહે માલીયાં. વસ્ત્ર આભુષણ કરત કલોલ, મુખ બોહોળાં તાતાં તંબોળ; કસ્તુરી કેશર કુમકુમ કામ્ય, અંજન દિધું સુંદર શ્યામ, મસ્તક કેરા સમારયા કેશ, ભરજોબનને બાળે વેશ; દરપણ મુખ જોઈ નીસરી, લાજ મરજાદ સરવે વિસરી. મહાસાગરમાં મહિ જેમ મળે, આવી આવી પોપટ પાંજર તળે; કાળા મણીધર કેશજ શીશ, જાણે સુરજ ઉદિય આ દીશ. હંસા ચાલ તે ગજગામની, ભરપુર ભોગ સકળ ભામની; કાયામાં છે કંદ્રપ કોડ, માનની હીંડે મોડા મોડ. આદરભાવથી દીધા માન, સુદયાં મુખ આગળ ફોફળ પાન; અદકુ આણ્યું તે પર હેત, ચતુરા કાંઈ તું તો ચેત. (દોહરા) પ્રણામ કીધો પોપટે, કરજોડીને કેમ. અમ્રત

થી દીઠું અધિક, વદયો વદનથી વેણ. બુદ્ધિ નિધાન કહે બાગ્ણે જરૂર પણે ક્યાં જાઓ? શણગારો સોળે સજ્યા, ગુણ જ કેના ગાઓ. શું કાજ ચિત્ત ચિંતવ્યું પહેરયાં પટકુળ ચીર આભુશણ કેમ પે'રીયાં, કેમ શુદ્ધ કરયું શરીર માલતી મરવો મોગરો, બીજી જાત અનુકુળ જાઇ જુઇને કેતકી, ફુળી રહ્યાં છે ફુલ. આંજી આણીઆળી આંખડી, તીલક કરયાં ભાલ; સીંદુર તે કેમ સારીયો, કેમ મોતી પરવાલ. સાંભળ કીર સલક્ષણા, અસત ન બોલું આજ; વાહાણામાં કરયો વાયદો, જાઊ જારી કાજ. સુખે જાઓરે સુંદરી, શાંત પમાડો શોક; જોબન જારી નવ કરી, તેનુ જીવિત ફોક, (છપા) તાંતેરસ મોહોએ તેણ, અંબરસ સ્વાદે સારો; રાગ.રસ રિધ રૂપ, વિદ્યા રસ પુરણ પ્યારો. ખટ રસ ખાંતે ખેલ, તુરંગ રસ તેથી તાજા. રાજમાન રસ રાજ, હરી રસ રૂડો રાજા; કામ રસ કોડામણો; નેહમાં તે નર નારનો; શામળ કહે સોહામણો, જાન હરણ રસ જારનો; અપસરા અડસઠ કોડ, ઘેર નઉત્તમ છે નારી, તોએ સુરખ માહારાજ, જુલમ અલ્હાશું જારી સાઠ લાખ સમરથ રાવણ ઘેર રૂડી રાણી; જારી કારણ જોખ, રેખ શીતાજી આણી કઊતક સોયે સમ્યા જાર શુધે બુદ્ધિ બળ્યા શામળ જવાની દિવાનીએ, ચતુર નર ચિતથી ચળ્યા. (દોહરા) પોપટ કહે પ્રભાવતી એમ આદે આડો આંક: માડી જુધીના માનવી, વિનતાનો શો વાંક, જાઓ સુખે જારી કરો, મનમાં રાખજો મેર. અમૃત સરખુ લાગશે ઝાઝુ માંહી છે ઝેર. (છપો) નિત્ય કરે વેપાર, કદી દેવાળુ થાશે, નિત્ય ઝાઝા સનમાન, ગાડ કોક દીન [illegible]રીશે; નિત્યે ચોરી ચાહ, કોક દિનમાં ચુકે; નિત્ય ભણે ભરથાર કોઇદી ચિત્તથી ચુકે, નિત્યે જાએ જારીયે, કોક દિન અનરથ અડે, શામળ કહે સમ્રથી સહિત. પંડ સહિત પ્રાજે કરે. (ચોપાઇ) જાઓ સૂખે વેહેલાં આવજો, રૂડી વાત નઉતમ લાવજો; જાળવજો ક્યાં સંકટ પડે, દોશી દુશમન કોઇક નડે. કંઇ આવો આંટી આંચમાં, જોજો ફજેત થયાં પાંચમાં; જાળવીને જારીએ જજો, ધીર વીર મહા શુભટ થજો. સુખે જારીએ જાઓ તમો, રૂડી રીતે રંગે રમો. તૃપ્ત કરો તમારૂ મન, રીઝવજો તે રાતને દીન ઉણુમ ન રાખશો મન લગાર, સઘળો સ્વાદ છે એમાં સાર; સારી પેઠે પુરૂષ ભોગવા. સઘળુ સુખ તે ત્યાં ભોગવો. (દોહરા) ઘસ્યો કણબી આંજણો, અમલમાં તેની નાર; તેને કોડેથી કરયું, સોની સાથે જાર. તેવું તમને આવડે જરૂર જારીએ જાઓ, નહીતર ઘેર બેઠાં રહો, ગોવિંદના ગુણ ગાઓ. પગ ખેચી રહી પદમની એતો કારમુ કેણ; કોણ નવલ નારી હતી. વદ વિરા તુ વેણ. પાગરણ તેને પરહરયા, નાહી ટાઢે નીર; બીતે વસ્ત્ર છો ઉપરે શુદ્ધ સોંપ્યું શરીર. બેઠી સાંભળવા બાળીકા પોપટ કહે છે પ્રીત; શીક્ષા ચાતુરી શાણપણ, શામ દામ ભેદની રીત. પંડીત તો પરીક્ષા કરે, મુરખને શા મેળ; રાજદ્વારને રીઝવણાં, ખરી વાતના ખેલ. સ્ત્રી ચરિત્ર સહુથી વડુ, નાર ચરિત્ર નિજ વામ; શાણા પુરૂષ તો સમજશે, કામકળાનાં કામ પુરૂષ ચરિત્ર ત્યાં નવ થયુ. કીધા કોડ ઉપાય; સ્ત્રીથી સહુએ હારીયા, કહા રંક ક્યાં રાય, સ્ત્રિને જીતી જે શકે એવો ન દીઠો કોય; સ્ત્રિ પ્રત્યે ચાલ્યું નહી સ્ત્રિ જોરાવર હોય. જગદંબ રૂપ એ જાવતીયો, માયા રૂપ મેરાણ; અબળા પણ સબળા સહુ જાણો જાણ સુજાણ; મોટા પુરૂષ જે પ્રહિપતી, ભાગે ભવની ભુખ; પ્રાક્રમી સરવે પ્રગટીયા, કામની કેરી કુખ. જનતી હંકારી અધિપતી સુર સુરને સિધ; પંડીત પુરા પ્રાક્રમી, નાર થકી એ નિધ. વિક્રમ ભોજને કરણ એ, એવા નર અપાર; બીજા બળીયા અતિઘણા, સ્ત્રિ પેદા કરનાર. શુરા પુરા સોહામણા, શાણા સમજુ નેહ, તે નારીથી નિપન્યા એમાં નહી સંદેહ ધર્મી કર્મી ધાનીયાં, દાની માની નેટ; રાવ રાણાને રાજવી. પ્રગટયા પ્રેમદા પેટ. નિંદા કરે જે નારની, તે નર

નરકે જાય; કામની કેડ ન લીજીયે, કા માનની કાં ભાય. (ચોપાઈ) પશ્ચિમ ધરતી કુણુ પીડ, દોલતવાડુ ગામ તે દીઠ; અંકણુ કણુબી ધારક ધીંગ, જોરાવર માંટીનુ શીંગ અતીશે જોરાવળો અપાર હોંશેથી બાંધે હથીયાર; પલક એક પ્રાગો છે તાંહ; કરે તે મોજે મંદીર માંહ. દલો દીકરો તેનો એક નરપતી જેવો તેનો નેક; બાંધે હથીયાર બાધુ શેહેર, મોટમ પદવી રાખે મેર. ઘર માંહે અલખત છે ઘણી બીક ન રાખે તે કો તણી; તેને એક લાડકવાઈ બેન, અપછરા સરખી ઓપે એન સુંદર તેજને સુંદર રૂપ, અકલવંત અતિશે અનુપ; લક્ષણ રૂડે લાડકવાઇ. દાતા ગુણ ડાપણુમાં ડાહી નક્ષત્ર સરખી તે છે નાર, અતિશે પ્રાક્રમ અપરંપાર; વાહલી માત પીતાને ગામ, અમુલાં તેહ તણુ નીજ નામ, સવાગજના કંદપવત કેશ. ભર જોબન ને બાળે વેશ; એક જોજન તેનું સાસરૂ, મોઢુ ગામ નામે માસરૂ લાલા વેવાઇની લજ્યા ઘણી, ધરમો નામે તેનો ધણી: વેવાઇ બેને પડીયું વેહેર, જોરાવર બે જણને ઝેર નેક ન રાખે સગપણ નેહ. તરૂણીને નવ તેડે તેહ; પીયરમાં રહે તે પ્રેમદા, અતી જોબન માંહે ઉન્મદા બીજી પરણાવીશુ કહે, માત પિતાનુ કાળજુ દહે; એવી રીતે ચાલે વેહેર, નારી રહી પોતાને ઘેર. (છપો) એક કહીએ કરજદાર, બીજો એક મોટો ગુણ; ત્રીજો તો ભાણેજ, ચોથો તો તસ્કર આંગણ, પાંચમે પ્રાગુણ પરીત, છઠ્ઠુ બુધહિણ બાળક; સાતમો પિતરૂ દેવ, આઠમો અરકિુલ કારક. નવમો ગ્રહ નિરબળ દશમે દિવાનજ દાખિયો શામળ કરે જમ જમાત્ર વત, જુંડુ કરે કહાં ભાખીયો. (ચોપાઇ) તે નારી પીયરમાં રહી, મા બાપને મન ચિંતા થઇ; તોસા કાવે તેનો ધણી, માબાપને મન ચીંતા ઘણી. આપીએ કડાં કંદોરો કામ, જો જમાઇ આવે આ ગામ; મળે રામ રામ નવ કરે, એકે અરથ એનો નવ સરે. એ વાત તો ઇંહાથી રહી બીજી વાત એક કઉતક થઇ; તે સંભળાવું રૂડી પેર, આણીને મુજ ઉપર મેહેર. (દોહરા) ગુણવંત સોની ગામમા, સિમંત મહા સરદાર ઘડે ઘાટ નિત્ય અવનવા, પરાક્રમ અપરંપાર. માળણ મુળી માનની, હેતે ગઇ તે હાટ; એટલે ઉભી તે રહી, સોની ઘડતો ઘાટ. (ચોપાઇ.) એટલે અમુલાં ત્યાં આવીયાં, પાગ તણુ ઝેરજ લાવીયાં; મારે વીરે બનાવ્યો તુને, જડ બેસારી આપો મુને. હા બાઇ બેસો બારણે; કરૂ કામ તારૂ કારણે; જડ બેસાડી પુરણ પેર, ગઇ ગુણવંતી તે તો ઘેર. મુખ સોનીએ મુક્યો નિસ્વાસ. મુળી માળણ પરગટ પાસ; વાત તેના સનની મન વશી, હેત ઘણેથી તે તો હસી, અલ્યા ચિતથી કેમ ચુકીયો કેમ તેં નિસાસો મુકીયો; કારમો ક્રોધ કરે છે ક્યમ, સાચુ ન કહે તો મારા સમ સ્ત્રી હત્યાદિક પાતક તુને મનની વાત જો નવ કહે મને; બ્રહ્મહત્યા ગૌહત્યા સાથ, જો મન મેલી ન કહે વાત. રામ દુવાઇ રામની આણ સાચી જો નવ બોલો વાણ; મુજ આગળ સાચુ બોલજે, મન તણો પડદો ખોલજે. (છપયછંદ) ચંચળ ચોપગ માંહ, શિયાળ હરામી હોડે; પંખી માંહ પ્રપંચ કાગ જે કુડાં કહાડે; નરમાં નાપીક જાત તસ્કરમાં સોની શાણો; મહિપર મારૂ દેશ, કુડકપટમાં કાણો માનવીમાં ધુર્ત માલણી, પારકુ ચિત લેખે લહે, સમજુ તે સહુને મને, કવિશામળ સાચુ કહે. (દોહરા) સોની કહે સુણ સુંદરી, શાને શમ તે ખાઉ; વગર વિચારે વાણી વદુ, તો જીવથી હું જાઉ જા મારગ તું તાહરે, જા તું તારી વાટ; તારા સમ તે મુજ કને, ઘડવા દેને ઘાટ. માળણ કહેરે મુરખા, નહી બેસે તુને ગરથ; મુજને વાત કહ્યા થકી, સરશે તારો અરથ. (સોરઠા.) ધારશુ જે તે ધીશ પાપ જે પ્રલય કાળનું; સમ તે મારે શીશ વાત કહુ કો આગળે કીધા સોની સાથ એવા સમ અનેકધા; તાળી દઇને હાથ હેત ઘણે બે જણ હસ્યાં. આવે થકાં એકાંત મન મેળ્યુ સોની માળણે; ભાગી મનના ભ્રાંત વિગત વાત માંડી કહી (દોહરા)

અમુલ અમુલાં સુંદરી મોહન રૂપ મેરાણુ; આંખ ફરૂકે એહની વાગ્યાં મોહનાં બાણ. રોગ વધ્યો ફ્રીયા વિશે, તન વેધ્યું છે તરત; ઓસડ નથી એ રોગનું, માથે આવ્યું મરત. માળણ કહે દુખ મેટ દુ. જરૂર પડે ત્યાં જાઉં, પાટા બાંધુ પ્રાણના, અધુરસ ઓસડ ખાઉં. એમાં નેણુની લુપરી, એના નેણનુ નીર, પયોધર એનાં પોલુયા. સાજુ થાય શરીર. કવાથ પાઉં કટાક્ષનો. ચુંબન ચુરણ ચાવ, ગુણ આલીંગન ગુટીકા. રોજે સાજા થાવ ચારૂ વદન કરૂ ચાટણ, પ્રીત તણો કર પાક; પથ્યકર પુરણ પ્રીતનુ, સ્નેહ રૂપીયુ શાક નાર પ્રતે તે નર કહે, રૂઠયા ઉમિયા ઇશ; વીરા જાણે વાતડી તરત છેદે તે શીશ પ્રાછી વીર છે પાપીયો, બાપો એનો બાપ; કરે કટકા મુજ તુજના, પુરણ મળીયાં પ.પ. વાત રાખ ઇંહાં થકી, રખે જાણે કો કામ; સુળી શુળી દે તુને, મુઝને મારે ઠામ. લક્ષ્મી સરવ લુટી લીએ, મળે ન એકે મેળ. પીલે મારાં છોકરાં, તરતજ કાઢે તેલ. દુખે થઇશુ દામણાં, આવી ખુટે મરત; એનો સંગ કરયા થકી, તન તજાવે તરત. માર દેવરાવે એ ઘણો એમાં ઝાઝુ જોર; આપણુ તેમાં શું ગજુ, કરીએ ઝાઝો શોર. માળણ કહે શુણ મુરખા, લખ્યું હશે તે થાય; નાઠે કો જીવે નહી, કાં રંક કાં રાય. (છપ્પા) રાખે બહુ રખવાળ, લોહ કમાડ કરાવે; ચોકી મુકે ચોપાસ, ઠાઠ એના ઠરાવે, પેસી રહે પાતાળ જાયે શેશને શરણે; મેરૂને કરે મિત્ર, અધીક છાનો રહે અરણે: ત્રિશ લાખ વૈદ્ય કરે, નવ ગ્રહની પુજા કરે, શામળ કહે શાસ્ત્ર સામે જુવો, મોત આવે નિસ્ચે મરે. (ચોપાઇ) સોનીને સમજાવ્યો શાણુ, પરવશ પડયા છે જેના પ્રાણ; સમ ખાધા તે કોડે લાખ. શાસ્ત્ર તણી દેવરાવી શાખ વિપ્ર સાથે રાખે જે વેર, કુટુંબ ઉપર કરે જે કેર; ગરથ ગરજ ગોત્રીને હણે, મારણ મોહન વિદ્યા ભણે. પાટ ઘાઓ દેતાં નવ બિયે, પવિત્ર જન મદપાનજ પીએ; આમિષનો કરે જે આહાર, અતોલ ભરે ધોરીપર ભાર. વેતી નીકે પગ જે દીયે આપી વસ્ત જે પાછા લીયે; મુકી થાપણ ઓળવે ધણી, થઇ બેસે તે તેનો ધણી. માતપીતાનાં વચન લોપ કરે ધેનુ ઉપર જે કોપ; ઉથાપે શિર કેરા ઘાટ, વગડે જઇ પડાવે વાટ વેરે તલ મહુડાંને ગળી, કરે સંગ તે નીચનો વળી; નાવણ પુરાવે અતી સાર, વણ વાંકે જે મારે માર. અણઘટતાં કરે જે પાપ, સહેજે લે સતીનો શ્રાપ; અંધા બેરાની ન ગણે લાજ ચાલતી નીકે બાંધે પાજ. પેટ કામે કરે પાખંડ, વણ વાંકે દેછે જે દંડ; વિદ્યાનો કરે નહી સંગ, રહે વ્યસનમાં રૂડે રંગ. રજસ્વલા સાથે રંગે રમે હોણી વાત જેને મન ગમે પીત્રી દિવસ કરે જે ભોગ, સમજે નહી તે સાધે જોગ, ગરભપાત કરે જારીઓ, ભોળવે છે જે પરનારીઓ; વિપ્ર વરત લોપાવે વાટ, ઘણા પુરાવે પાણી ઘાટ. તળાવ પુરાવે વ્હેતે નીર, લીએ દાણ ત્રીવેણી તીર; જુઠા સમને જુઠા જોષ, કરે વિશ્વાસ જે ડાબા દોષ, ઘીને તેલ કરે એકઠા, કરે ઉદવસ જોગી મઠાં; ગામ ભગાવે રૂડી પેર. કષ્ટ દે કો ઘેરે ઘેર. જુઠી ચાડી સેજે ખાય,. માત પીતાને દેજે ઘાય; દવ બાળે જે વગડે જઇ, જુઠી વાત કરે સાચી સહી. એવા સમ કીધા સાચમાં. તુને કહી આણ આંચમાં; તેને વાત થઇ નીરધાર. હેતે આલ્યો હેમનો હાર. માળણ મંદિર લેઇને વળી. અમુલાજીને તે મળી; અરસપરસ કીધી બહુ પ્રીત. રાજદવારની જેવી રીત. ભાર ઘણો ભગવતીમાં ભળે. એકઠા એકાંતે તે મળે; નીત્ય ફુલ આપવાને જાય. કરે હેત પીતાને માય. વાધી પ્રીત તે અપરંપાર એક દીવસ દેખાડયો હાર: હાર જોતામાં થઇ ઘેલડી. માનની તો થઇ મેલડી. આ ક્યાંથી લાવ્યા હારડો. એતો આજ થકી મારડો; એતો રાખુંજી આ દિશ. નહી પાછો આપુ એ ઇશ રાખુ એતો હોંશે કરી. દેખીને આંતરડી ઠરી; નહી આપુ નહી આપુ એહ, એહ વાતમાં નહી સંદેહ કહો મુલ કેટલાએક દામ મારે જરૂર એહનુ કામ; નહી આપુ નહી આપુ એન,

મેં બોલી તુ મારી બેન, (દોહરો) સાંભળ સઈયર સલક્ષણી. હોય હારથી હાણ; કહ્યું કરે જે માહરૂ. પરહુ તેને પ્રાણ. એનું મુલ છે અવનવુ ભજે તો ભજવો ભાત; હોય તો હાર લિયો તમો. દયો એ બરોબર સાર આશે જે કો મુજને નેને આપુ હાર; એક મુલ છે એહનુ. વારૂ બોલ્યુ વેવાર, ઠગ ન કરે તે ઠકરી, સાચુ બોલ સમરથ: મારા સમ સાચુ કહો, ઘણુ મળે જે ગરથ. (ચોપાઈ) માલણ કહે સાંભળરે બેન, અધિક સંબંધી કહુ છુ એન: સોની છે આપણા ગામમાં, નરસિંહો નરપત નામમાં. વીજાપુર કેરી વાટમાં ઘરે ઘાટ તે ઠર ઠાઠમાં: હું બેઠી તેના ઘરમાંહ, તમો તેટલે" આવ્યા તાંહ. સમુ કરાવ્યું પગનું ઝેર, લિધો જાળમાં એને પેર: વિનતા તમો મંદિરે વળ્યાં, એને લક્ષણ પંથે પળ્યાં. એને અદકો થયો સંતાપ, પુરાં મળીયાં એનાં પાપ; નથી ખાતો નથી પિનો નીર, સુકાં કાષ્ટવત થયુ શરીર. જશે અખુટે એના પ્રાણ, હોંશ કરતાં થાશે હાણ; અખુટે આવ્યું છે મોત. એતો દેહ પોતાનો ખોત. પ્રતક્ષ તુજને લાગ્યુ પાપ, આજ કાલ તજશે એ આપ; માટે તેનું કીજે કામ, મનમાં લાવી પોતે હામ. (દોહરો) અમુલાં વેણ બોલી રહી, ચટકો લાગ્યો ચિત્ત: એકે વાત ન ઉકલે, થઈ રહી ભયભીત. બેન રખે તુ બોલતી, ખાપણુ લાગે મુજ; તાત જાણે જો માહરો, તો શુળી દેશે તુજ. ગામ બાર કાઢે મુને મારે એને ઠામ; નાક છેદન એનુ કરે, બોળે એનું નામ ઘરબાર લુટે એહનુ, ક્ષણુ ન લાગે વાર; ડાટ વાત એ તાહરી. બાબ્ય તેહનો હાર. જીભ કાઢશે તાળવે, જાણે તાત કે ભ્રાત: પાય પડુ હું તાહરે, વેદ ગમે નહી વાત માલણુ કહે માનની, કહુ છુ તારે કાજ; માંથે હત્યા મનુષની, પછે શું કરશુ કાજ. દાવાનળ દુખ દોહલાં, નરક તણું છે નેટ; તે ભોગવશો ભામની. એક કલ્પ છે ઠેઠ. આપઘાત કરતો હતો, તેનો ઝાલ્યો હાથ; સમ ખાધા શત સહસ્ત્રના, સ્નેહ કરવા તુજ સાથ. કહ્યું મેળવશુ માનની, દિન બે ચારે આઠ; તેહ બોલ મારો ગયો સમમાં ઉઠી વાટ જીવ મારોને તાહરો, મેંનો જાણ્યો એક; સમજ્યાં તુજ સહિયરપણુ, નારીના શા નેક. મુખ ન દેખાડુ તેહને, તેતો ભારે ભુપ; રામ રામ કહીને વળી. પડુછુ જઈને કુપ. (ચોપાઇ) અમુલાં આદર અદકો કીધ, પ્રીત રીતની ગાળો દીધ; અંતઃકરણમાં આણી રીજ, કાઢી નાખી સરવે ખીજ. રામાને તો આપે રૂદે, અમરત જેવા વાક્ય વદે; મીઠા મીઠા બોલે બોલ રૂડા વચન અધીકા અમોલ. જેમ તું કહે તેમ કરૂં, કહે તો તે સાથે હું મરૂ; કાલ ચોકી કરવા કારણે, બાપ ભાઈ જાશે બારણે. ઘરમાં ન મળે કોઈ જન, રૂડી રીતે રીઝાવું મન; તે નરને તેડી લાવજો, લાયક વસ્ત્ર રૂડાં લાવજો. ઘડી રાખી કાઢી મુકશુ. તારે કાજે શત ચુકશું; તું વચન બંધાણી પાર, તે હું બંધાણી સો વાર. માલણુ કહે પીતા જાણશે, આપણુ સહુનો અંત આણશે; માટે તેનો શો ઉપાય, જર જીવનું જોખમ થાય. જશ આબરૂ ન રહે ધીર; પરીયા સાતનુ જાયે નીર; નવ લેવા દઉં તારૂ નામ, સુખે આવ તું આણે કામ. શત સહસ્ત્રવા ખાઉં સમ. હું તમને મરવા દઉં ક્યમ; પુત્ર થઈને મારે માત, કરે કુડ વિશ્વાસે ઘાત પરણ્યા પતીને જે પરહરે, મનનો માન્યો બીજો કરે. પંગત ભેદ કરે જે જન, લુખુ જે કોઈ ખાએ અન નાણા વિના દેવદેરે જાય; કો જનની કષ્ટે જે કાય; બાળકને દુખ દીએ અપાર, કો જન નીંદે તે સંસાર. ગોચર બાંગે માયો તણું શણગાર લુટે સુહાગણના; મારે જે કો રમતાં બાળ કઈક જનોના આણે કાળ. સહજમાં દે જે કોઈ ગાળ. સતીને ચઢાવે જુઠી આળ; કુડી સાખ દાવેથી દીયે, પાન આપીને તે નિત પિયે. લીલી વાવે જે કરશણે, ખણે જુની વરખી વરશણે; જોરાવરીથી

હે જજમાન, કુળ ગોરને કરે અપમાન. કુળ ગોરને મુકે પરહરી, મન માન્યાને આગળ કરી; નાત જમાડતાં વધરો જે કરે, આપી જુમી પાછી હરે. કનક કારણુ વેચે કન્યાય, જુઠો જે કોઇ તોળે ન્યાય માત પીતાને દે જે ગાળ, કો જણના આણે જે કાળ. અણુ ઘટતી પીડા જે દીએ, માલ ખેંચી સજનનો લીએ; કોનુ વારયુ જે નવ કરે, અગન ડાધ શરીરે ધરે જોરાવરી લે જે કો ઘર, કાઢી નાખે જે કો કર; એવા પાતક માથે લેઉ, તો તમને હું મરવા દેઉં (દોહરા) હાર આપ્યો તે હાથમાં, કરયો વાયદો પેર; માળણુ આવી મલપતી, પેશા સોનીના ઘેર. સરવે વાત માંડી કહી, અથ ઇતિ એકાંત; કાલ સાંજે છે વાયદો, ભાગી મનની ભ્રાંત. બીજે દિવસે બે જણાં, રોળાકોળી વેળાય; બેનજી ફેરે બારણે, આગળ પાછળ જાય. ઘરમાં આવ્યાં તે ઘડી, તે વેળાએ તરત, રંગભોગ કરવા રીઝયાં, સારી રીતે શરત. સુખડીનુ ભોજન કરયુ, તંબોળ તેહને હાર; બણી ઠણીને બે ગયાં, ક્ષણુ ન લાગી વાર, બોને બારણુ સાચવ્યાં, થયાં એકઠાં ત્રણ; વળતુ ત્યાં શુ નિપન્યુ, કથા સંભળાવું કરણ વાત કરે વિનોદની, આનંદ અદકો હોય; ખાવા પીવા અતી ભલુ, સુખ અદકેરૂ સોય. ભાભી વહુવર ભાઇની, ધના નામે તે ધીંગ; મંદીરમાં બે જણ મળ્યાં, વારૂ દીઠું ઢીંગ. મંદીરમાં મોજો કરે, ન ધરે મનમાં બીક; સારી પેરે સેજ પર, બેઠા છે તે ધીગ. માળણને તો ઓળખી, પુરૂષ ન પ્રીછયો પેર; કોક પુરૂષ કામની કને, ગુણુવંત આવ્યો ઘેર. હાહાડી હમે છે નણુદડી, તેના ચાલે છે તાવ; હાથ આવી છે મહારે, આજ આવ્યો છે દાવ. પછે લાગ પામુ કીહાં, લાગ્યુ છે જે ઝેર નણુંદ નડે છે જે મુને, વાળુ તેનું વેર નજરે દેખાડુ સરવને, નાનાં મોટાં જન; ચેતાવું એના સજન, તો માને મુજ મન. કંથ તેડીયો કામની, ભામની ફેરા ભ્રાત, દીઠું તે સરવે કહ્યું, વિસ્તારીને વાત. માળણુ સાથે માંટીયો, છળ કરી પેઠો છેક; બારણાં દીધાં બેઉ જણે, ઘટિકા થઇ છે એક. પીતા આગળ પુત્રે કહ્યું, પાસે તેડી માત; દાસી અમુલાં આપણી, કીધો અતી ઉતપાત. માતા કહે મારો જઇ, અજર ન કરશો એમ, બાળ ગૌહત્યા તણા, નઉતમ કીધા નેમ, એવા સમ અનેકધા, ખાધા એક હજાર; મારો પેલા પુરૂષને અને કહાડો બાહાર. કુળ લજાવે કામની, તે જીવે શું થાય; ડાહી છે મુજ દીકરી, ગોવીંદના ગુણ ગાય. ઓળખ્યા વણુ નવ મારશો, જાણું જુઠો જાર; મારા સમ નવ મુકશો, રખે લગાડો વાર. જુઠી વહુવર આપણી, નણુંદ ભોજાઇને વેહેર; પવિત્ર અમુલાં આપણી, કરે ન એવો કેર. બે જણુ બેસો બારણે, હું જાઉં મંદીર માંહ; કોણુ છે ને કોણુ આવીયું, તોલ કરૂં હું તાંહ. જોઉ સગો કે લાગતો, અણુ ઓળખીયો હોય; જોઉ તેનું પારખુ, સંદેહ મનનો ખોય, કબજ આવ્યો કીહાં જશે, ધારણુ રાખો ધીશ; તરત એ ત્રણે તણું, સો વશા છેદો શીશ. પોપટ કહે પ્રભાવંતી, થી કરવી હવે પેર; ભ્રાત તાતને માત એ, ઘણી રીસથી ઘેર. એ કમાડ ઉઘડાવશે, બળવંત ભ્રાતે બાપ; પુરૂષ ધ્રાસકો પેડમાં, શો દેશે જવાબ. સાચી થાએ સુંદરી, પાચે પ્રણમે પાંગ, આવ્યો તે કેમ ઉગરે, જડે તો કહો જોગ. જાય કેમ એ જીવતો, પામે એ કેમ સુખ; સંકટમાં પડયો સાંકડે, મટે એ કેમ દુઃખ. જારી કરવી સોહલી, દોહલી નિભારી વાત; જે જાણો તો કહો મુને, ભલે ભલેરી વાત. શેઠાણી કહે શુક સુણો, એતો અચરજ હોય, એતો વિદ્યા અતી ઘણી, કળી શકે નહી કોય, એતો અચરજ અવનવું, અટપટી વાત વિસ્તાર; વીરા વિસ્તારી કહો, કેમ જીવાડયો જાર; સાચી થઇ કેમ સુંદરી, જુઠાં થયાં કેમ જાણ; એ સાંભળવા કારણે, પરવશ પડીયો પ્રાણ. આજ જવાના સમ કરો તો તો ગુણુ હું ગાઉ, માનો સાચુ પ્રેમદા, આતુરી ચિત્ત થાઉં. નારી કહે જારી ન જઇએ, આજ રાત તો આપ; ચતુર વાત

સાચી કહું અક્ષય કાળનું પાપ. હાંડી કરતી તેમ કરતું, નાંખી ટકે નીર; બીને વચ્ચે બા મની બેઠી ધરીને ધીર. (ચોપાઇ) બેઠાં છે ચારે બારણે, ચરચા જોવાને કારણે; ચારે જન વિચારે મન, સાચુ જુઠું જુવે અન્ય. મંદીરમાં હુતાં જણ ત્રણ; કાંઇક કથન સાંભ-ળીયાં કરણ; કમાડ ઉઘાડી આવી બાર; તે માત તો ઘર મોજાર ભલે આવ્યાંરે મારી માત સાચી વાત કહું સાક્ષાત; આજ ઉપન્યો ઘણો આનંદ, આજ થયો છે એવો ફંદ, આજ આપણુ જોવાના જાત્ર, આજ આવ્યો તારો જમાત્ર, એના બાપ સંઘાથે વડલો; મુને તેડવા આવી અડયો. છાનોમાનો આવ્યો આંહ, આ બેઠા પેલા ઘર માંહ્ય; માણસને તેડી તે સાથ; સુખડી હેતે હાથ પેંડા પતાસાં લાવ્યો પતિ બાર શેર ભાર તેમાં અતી. લાવ્યો છે મોતીનો હાર, તે મોંઘો છે અપરંપાર; તેને રાખવા કરયો ઉપાય, તે તો કહે છે નાના નાય. હવડાં ને હવડાં જાય છે રેહેવાના સમ તે ખાય છે; મુકયો છે મનનો કાયદો; તેડવાનો કરયો વાયદો. સાસુ સસરે દીઠો હશે, તો તો મારૂં પાણી જશે; આવો બોલ એણે તો કહ્યો, ઘરમાહે તે છાનો રહ્યો. લાડ થકી ઘણું છે ગાત્ર; ઘરમાં છે તારો જમાત્ર પાણીથી પાતળો થાય છે; જરૂર જરૂર એતો જાય છે. બુધવંતો એ લાયકપણું, તમને કહ્યા લાજે ઘણું; કહે છે હું કયાંથી આવીયો. હાર સુખડી શીદ લાવીયો. દેહમા ઘણું પામે છે દુખ; કહે શું દેખાડું મુખ; મેં કહ્યું તેડાવું મુજ તાત, મેળવું તમને મારી માત. એણે ખાધા તારે સમ; ત્યારે મેં બોલાયે કવમ; આ હત્યા બ્રહ્મ હત્યા પાપ; એવાં માથે લીધાં આપ. તેને તો ગઉ હત્યા કરી, મેં તો નવ બોલાયું ફરી, જે તમો કહો તે કીજીયે, કહો તો લાહો લીજીયે. કહો તો પાછુ આપું હાથ, મોકલો કો વળાવા સાથ; પોળે મુકી પાછો વળે; પુછે હવે એ કયારે મળે. (દોહરા.) માવડી મનમાં હરખાયાં, રાખ્ય આજની રાત; વોળાવી દજો વાટમાં, પોહો ફાટે પ્રભાત. વાણુમાં વોળાવજો, હરખ ઉલટ બહુ ભેર; માન દેજો એને ઘણું, સવારે જાશે ઘેર. બે જણ બહાં બારણે અકળાયા એકાંત; સમજાવ્યા તે સાનમાં, ભાગી મનની ભ્રાંત. તુઠયાં ત્રિપુરા સુંદરી, જેના કરતા જાત્ર; અણ તેડયો ઘેર આવીયો. જોગ્ય પુરૂષ જામાત્ર. રાસ રાખતો અતી ઘણી, આણતો કડવા વેણ; કોનુ કહ્યું નવ માનતો, ઇશ્વર રાખ્યા તાલ. કદી કદારો આપતો, કરતો બીજી નાર; તે મોકલ્યા મ-હાદેવાએ, દુત લાવ્યો હાર. કાક પાક માહણુ તણો, પરમેશ્વર પ્રતાપ માતા પીતાને દુ-ખિયાં, આવ્યો પોતે આપ. માળણ સાથે મોકલ્યાં, સાકર કુંવને કુર; કાંડ હોવાળી આપણુ સોનાના ઉગ્યા સુર. આખી રાત આનંદમાં, જોખ કરી જે જાત; નિરભે થયો નિસંકમાં, પરવરીઓ પ્રભાત, માળણનો મહીમા વધ્યો; ભોજાઇનો ભાગ્યો ભાર; ખાધાં પાનને સુ-ખડી, જાહેર પહેરયો હાર, ચીંતા ટળી ગઇ એહની, થયું દેહને સુખ; ભયને બીત રહી નહી, ટળીયું સરવ દુ:ખ. માળણ સઇયર સાસરે, શ્રામ હામને બંદ; તેડું મોકલાવ્યું તેહને, વિજાર કેરો વંદ. કોણે મરમ જાણ્યો નહી, ધરમ ધારયો એ ધીશ; ખાધુ પીધું ખુબી કરી પ્રસન્ન ઉમીયા ઇશ. એવી વિદ્યા જો આવડે, તો તો કરજો કામ; નહિતર બોળજો બાપના. સસરા કેરૂં નામ, ગુણ ગ્રહજો ચતુરાઇના, જાળવજો એ દીશ એમાં ઝાઝું દુ:ખ છે કોપે ઉમીયા ઇશ. ગ્યાન હૃદેમા આણજો રાખજો મનમાં ઇશ; તો તો પારજ પામશો, સારી દેજો શીખ. મહિમા વધશે એહનો નિરમળ થાશે દેહ; મન ઠેકાણે રાખજો, સાચુ માનો એહ,માતર પ્રગણે જે મણી, સીહજ શિરોમણી ગામ રખીદાસ રાજસ વડો, નવે ખડમાં નામ વાસણ વંસે અંસપત, મનજી સુત મેહેરાણ: રખીદાસ છે રાજવી, પંચ કરે પ્રણામ. ગ્રંથ રચાવ્યો પ્રેમથી; રૂડા વિક્રમરાય. સીંહાસન બત્રીશ એ ગુણ રુડેરા ગાય. સીંહજ મધ્યે સાંભળ્યું, શ્રામ-

ળભટ કવિરાજ; રખીયલ કેરા રાજવી, મનજી સુત મહારાજ. ધરમ ધજા ધીર ધાનની, અંનદાન અઞેર; જશ લેયણુ જશ દેયણો, તે જશ રૂપી ઝવેર, ગ્રંથ કરાવ્યો બોહોતેરી, આણી મનમાં હેત; સોપ્યો ભાટ સરદારને, ચીતમાં રૂડુ ચેત ભાટ દશોદી ધરતણો, ગુણ સાગર ગમાન; સુપુત્ર સરદાર તેહનો, મહિમા વધારે માન. કથા ઝવેર પ્રત્યે કહી, વિસ્તારીને વાત; શામળભટ કવિ તેહાંઆ પુરૂષોતમનો તાત, સુત શ્રી વિરેશ્વર તણો નાનાભટનો શાશ; લઘુ બાંધવ લાધા તણો. પ્રસન્ન ઉમીયા છશ એવું સાંભળી આપશે અન્ન વસ્ત્રના દાન; આ લોકે જશ પામશે, પરલોકે પ્રભુમાન. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પાંત્રીસ વાત પુરણ હવી, કહે કવી શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય રણછોડ. ૨૭૪.

—:(૦):—

વારતા ૩૬ મી.

(ચોપાઇ.) સાચી દેવી સરસ્વતી, મયા કરી આપો મા મતી; સુખદાતા કહેવાએ એહ, આપે બુદ્ધિ રૂડી તેહ, જન સકળનાં સંકટ હરે, ભંડાર ભરપુરે તે ભરે; ગણપતી દુંદાળો દેવ, સુર સનકાદિક કરે સેવ. એક દંત દિસ તે અનુપ, રઢીયાળુ છે એનુ રૂપ; સિંદુર એને અંગે ધરે, કામ ચાંતાવ્યા કોડે કરે. (છપ્પો) સગપણ મારે સકત, જકત બધું તે જાણું; વિદ્યા વિવિધ વિવેક, પાચ પુરાણ પ્રમાણું; માત તણી તુ માત તાત તણી તુ તાતા; માત તાત મુસાળ, જીવન ભોક્તા તુ ભ્રાતા; કુટુંબ સહોદર કલ્પતરૂ, જય જય માત જશ દેયણુ જદા; નામ તારૂં નારાયણી. શામળ કહે શેવુ સદા. મારે તુ મીરાંત રાત દિન તેથી રાણુ હઠ હોડ હું માત, બહુ પરાક્રમ નહામુબીજું; મંત્ર તંત્ર વિવેક, વિદ્યા વરમમહા વાણી જશ ધર કિરતન જશ, જોર સનલખપુર રાણી; રૂપરંગ ડહાપણ દશા માન સનમાન લજા માહરી; શાતળ શીરછત્ર સનખલપુરી, તે જુગ બાધામાં જાહરી (ચોપાઇ.) છવીસમે દિવસે છેલડી. ધન મદના છકમાં ધસડી; જોબન મદ તણો બહુ જોર, ત્રિયામાં બહુ વિધના તોર. આહી આવી એક દાસ, પ્રિતભર્યા પ્રેમદાની પાસ; તારા મનનો ન લહીં ભેદ ખરો ખોટો રાખો છો ખેદ; ના આવવું હોય તો ના કહો મુને, કેટલી શિક્ષા દેઉ તુને, વચન જાતાં તો જીવજ જાય; શું ટામે આવે આ કાય, વચન તમારૂં વેહુ ગયું પછી વળતુ તેમાં શું રહ્યું. (છપા) વચન ન પાળ્યું જેણે સુકૃતમાં સરવે હાર્યું; વચન ન પાળ્યું જેણે; તેનું પુન્ય પરવાર્યું; વચન ન પાળ્યુ જેણે, ધરમ બુદ્ધિ શી ધારી; વચન ન પાળ્યું જેણે, જીતી બાજી તે હારી; વચન ન પાળ્યું જેહણે, જુઠુ બોલ જે ઘડી, શામળ સુકૃત હારીયુ; તે જીવ્યામાં ભડ પડી. બોલ્યાં પાળ્યા વચન; તેહ પુન્ય. સાગર પેઠા; બોલ્યાં પાળ્યાં વચન, તેહ વીમાને બેઠા, બોલ્યાં પાળ્યા વચન, સ્વર્ગ લોકે સીધારયા; બોલ્યાં પાળ્યાં વચન, વિશ્વમાં જશ વધાર્યો; જેણે વચનજ પાળીયાં, પાર કરી પામ્યા સ્થાપના, શામળ વચન વાચા ગઇ; બોળ્યાં બોહોતર બાપનાં. (ચોપાઈ) એવાં વચન કહ્યાં દાસીએ, રાતે આવું તારી વાશાયે; મારા મનમાં નથી કાયદો. આજ ખરો કરૂં વાયદો આજ ન ચુકું બાબત બોલ, નાવું તો ઘટે મુજ તોલ: કહી વાત અધિક અમોલ; સાત પરીખાનો દીધો કોલ ખરે દિલથી ખાધા સમ, તો ત્યા હું નવ આવુ કયમ; દાશીને વોળાવી ઘડી; અરૂણુ આ થમ્યો રાતજ પડી, ઉનાં મુકાવ્યાં છે નિર; તેલ ચોળ્યાં બાધે શરીર. કસ્તુરી ચોળી નાવણુ કરયું; વસ્ત્ર ખીરોદક તિલક ધરયું. સુખડ કેસરના કીધા લેપ; બરાસ અગરજા સુધા ખેપ,

મળીયાગર સુગંધી સાર, બીજી વસ્તુ અપરંપાર. દશી કમખો પેરયો છે અંગ, શોભે રૂડે અતી રંગ; કોમળ જાત છે નારી તણી; અનીક ચાતુરી એમાં ઘણી. શોભે સજ્યા છે શણગાર. કુસુમ ચંપા કેરા હાર; ઠમક ઠમક ઠરાવે પાય, જોખ કરવાને જારી જાય. મુખ દરપણુ જોઇને પળે. આવી પોપટ પાંજર તળે; બાબત તો સરવે સુજીયો. હઇડામાં થરથર ધ્રુજીયો, આજ એણે ખાધા છે સમ. મારી રાખી રહેશે કયમ; જોઇએ ઇશ્વરને શું ગમે; જાર વીણા કેવી તે રમે જુહાર લેજો માડી માહરો. હું તો છું ચાકર તાહરો; મારા તો અનદાતા તમો. તમો વડે જીવું છું અમો, તમો વડે તો મોટમ માન. તમો વડે કરાય છે તાન; તમો વડે તો શરીરે સુખ તમો વડે તો ભાજે ભુખ (છપો) એક તાત કીરતાર. જેહ શીર ઇશ્વર કહાવે; બીજો તાત ગુરૂ દેવ. વિદ્યા જેહ ભણાવે; ત્રીજો તાત ઉપદેશ. નરક થકી જે મુકાવે; ચોથો તાત સદમિત્ર, ચોટ હાકમની ચુકાવે; પાંચમો તાત જેણે જણ્યાં છઠો તાત શુભ વાતનો; શામળ કહે દાતા અંનનો સુજ્ઞ તાત એ સાતમો (ચોપાઇ) તમો અમારા છો અનદાત, પીતા શેઠ શેઠાણી સાત, આ સમે નીકળ્યાં શે કામ જાશોજી તમો કેણે ઠામ, એક કરૂ છું હું તે અરજ; એવડી શી છે તમારે ગરજ. એ સમે નીકળે ચાકર ચોર, નીકળે જે હરાયું ઢોર. નીકળે પાપી કરવા પાપ. નીકળે રણ પડયો હોય બાપ; નીકળે રાતે જાસા કરનાર, નિકળે જેને પડતો માર. નીકળે જેને ભય મન હોય. ગાંજી ન શકે જેને કોય નીકળે ચોકી કરવા જાય, નીકળે ગામ ઘેરવા રાય, નીકળે જે બળીયા શું વઢે. નીકળે ખેતર રાખવા કાજ શરીરનું સુખ કરવા તાજ; નિકળે વિપ્ર દક્ષણા કારણે, નીકળે જાર કરવા બારણે, તમે શે કામે જાઓ છો, રાત સમે દુખિયાં થાઓ છો, શુકની વાત તે મનમાં વશી, તાળી દેઇને નારી હશી. સાચી વાતે રાચે રામ, ખરૂ બોલું છું આણે ઠામ; ધરમ વાત તો નવ ધારિયે, જરૂર પણે જાશું જારિયે, કપરા સમ ખાધા છે આજ; કહું છું સાચુ મુકી લાજ; ભલે ભલે જરૂરી જાઓ, સુખ સાગર અરણવમાં નાહો અમ્રતમાં જોજો ભળનું ઝેર, કોએક દોષી કરશે કેર, જરૂર જારી જાતાં ઝામશે, બંધીખાનામાં ઘાલશે ઉતારી લેશે શણગાર. લુટાવશે ભવો ભંડાર; આબરૂ જોતામાં ત જાય, દેશ બધામાં હાશી થાય, મટશે મોટમ પદવા માજ; ખોશો સાત જનમની લાજ; કુપા કુંભાર તણી નારીયે, જીતી જશ લીધો જારીયે. રાધા નામ એ નારી તણું. તેણીએ કિધુ પરાક્રમ ઘણું; તેવુ આવડે તો જાઓ જરૂર, નહિ તો ખોશો બિરદનુ નુર. પગ ખેંચ્યા ત ઉભી રહી, કામનીએ પોપટને કહી; કુપો કુભાર તે તો કુણ, એતો મેં સાંભળયુ ઉણુ. એણીએ તે શુ પરાક્રમ કીધ. કેવો જશ લાખેણો લીધ; તે સંભળાવો મારા વીર. સાચુ બોલરે ચાતુર કિર, કહે પોપટ કરૂ છું અરજ કહું તે કરો હાએ ગરજ, ટાઢા પાણી માંહ નાહો, ભિને વસ્ત્ર છો ઉપર જાઓ; પોપટ વાત કહી તે ઠાર; સાંભળવા બેઠી તે નાર. મીઠી અમરત વાણી વદે, તે નારી ધરે છે હદે,

(છપો) મળ્યામાં ગળકું દુધ, દુધથી ગોળજ ગળીયો, ગળી ગોળથી ખાંડ, ખાંડથી મધમાં ભળીયો, મધથી ગળી સાકર, સાકરથી ગળા શેરડીઓ શેરડાથી સહકાર, સહકારથી કદળી કદળીયો; એક એકથી મીઠાશ છે, જેને જેશું પ્રીત મળી; શામળભટ સાચુ કહે અરજ સાકરથી છે ગળી; (ચોપાઇ) કહ્યું તેમ કામનીયે કરયું, વાત સાંભળવા ચીતડુ ધરયુ, કાશ પ્રગણા માંહે ભુપતી, રૂડો રાઠોડને રૂડી રતી, લેપો કુંભાર તે ગામે વસે; તેનો માંહમા રૂડો મસમસે; રાધા તેની નારીનું નામ, કરે ચીતવ્યાં બારે કામ. મેહેનત મજુરી ઝાઝી કરે ભરે પેટ સહુ કેરા ભરે; રૂપે રૂડી ડાહી ઘણું વખાણ કરૂ શું નારી તણુ, મોહ પામે દેખીને ગામ લાભ ન લહે કો તેનું નામ, રાવ પ્રધાન લિંબો બંડીયો; તેણે દેશ ધ્રુધો દંડીયો; જે કો રૂડો

નજરે પડે તેને એતો નિશ્ચે નડે; રાધા તેની દ્રષ્ટે પડી નજર તે ઉપર જઇને અડી, એરો પરો એકાંતે મળે, છાનો માનો ભક્તોમાં ભળે; હેત દેખાડે પાસે ગરથ, પણ તેનો સરે નહી અરથ. માટી કપરો કપરૂ રાજ; કપરી રાધા કરે કેમ કાજ. મનના મનસુબા મનમાં કરે, એની કેડ લે તે નિશ્ચે મરે આકુળવ્યાકુળ થાયે ઘણો, પતો ન લાગે રાધા તણો, માસ છ માસ વિત્યા જેટલે, કઉતક એક થયું તેટલે. (દોહરા) રૂડા રાઠોડ ઘર તણો, લેઠિા એકજ લુંડ; તેહ ચોરસને ચાડિયો; દેવરાવે સહુને દંડ ઘર લુટાવે કો જન તણાં; મોકમ દેવરાવે માર. ગામ સરવે બીતું રહે, ઠરી ન બેસે ઠાર. રાઠોડ રૂડો રાજવી, તે સતવાદી રૂપ, ન્યાવટ શાવટ વહાણવટ, ભારે ભોળો ભુપ, હારીયો હરામી વેડીયો રાધા ઉપર રીઝ; તે તરફડવા માંડીયો બહુ રીસનું બીજ. આખો દીન કેડે ફરે. હેતે દેખાડે હામ; મુજ સામે મળે નહી તોજ તજાવું ગામ. દેશવટો કરાવીયો, દોવટ કાઢું દુર. ભાર તારો રેહેશે નહી; નારીનું ઉતારૂ નુર. રાધા કહે જખ માર તું; તુ છે ચાકર ચોર; તુજ સરખા વિડારીયા; જારે ગરધવ ઘોર, દાવા મુકે દુશમન થયો, સાંજ સવારાં ઉઠ; દિવસ એકમાં સો વરાં, લે પ્રેમદાની પુંઠ. પ્રધાન કહેરે પ્રેમદા રાધા રૂપ નિધાન, વરસ એક મુજનેમથયું, સ્તુતી કરતે સાવધાન કેહેતો આશા મુકીયે, ઘડી વરાંસો થાય; તુજને તો મળ્યા વિના વણ મોતે જીવ જાય. ચિંતતા મન વિચારીયું. એકે વેરી વજીર; કાડી એને ડુબીયે તો ઉતારે નીર એને રાજી રાખીયે , રહે એ સાથે હેત. પ્રીત રાખીએ પ્રીતથી. જીવતદાન એ દેત. એક દિવસ કરયો વાયદો, મોટી માટી ખાણ ત્યાં આવજે દીન પાછને, મુજ સાથે સુખ માણ, (છપો) અંધો આંખે અંધ, અંધો જારી જનારો, અંધો ગરજવંત. અંધો જુઠ્ઠ ભણનારો; અંધો ચોરનું ચિત્ત અંધો જે અનનો ભુખ્યો; અંધો મુરખ માન, અંધો જે દારૂણ દુખ્યો; અંધા એવા અનેક છે, કાં નરને કાં નારીયો; શામળ કહે કામી આંધળો, જે રમે જુવતીથી જારીયો. (સોરઠા) ભય ન આણી ભરાત, લાખે રક્ષણ નવ રહ્યા; આપે ગયો એકાંત, માટી ખાણે માનની; આડી અવળી વાટ અધીકા માંહે ઓગડા; માનની માણ્યા માટ. પ્રધાન પેઠો તેહમાં, સુખ ભોગવવા કાજ; માટી ખાણમાં તે ગયો મુકી મનની લાજ. શરમ નવ રાખી કશી, (છપો) કામી ન જુવે જાત. કામી તો જશ નવ જાણે; કામી ભુંડી ભાત, કામી મન ભય નવ આણે, કામી ન જુવે રૂપ કામી અવગુણ ન દેખે કામી નવ ડરે ભુપ કામી અવગુણ ન લેખે; અનેક વ્યસન અવની વિશે, ગુણ ગમાવા કેરા ગણે; પરનારી સંગ પ્રચંડ દુખ; શામળભટ સાચુ ભણે. (ચોપાઇ.) માટીખાણમાં મુરખ ગયો ત્યાં તો એક તમાશો થયો; ગયો પ્રધાન માટીની ખાણ પ્રીતે જુવતી કેરી જાણ. ધસમતો જાએ છે જેમ, નજર પડયો તે વેળા તેમ; વેગળેથી ભુંડ નીરખીયો પ્રધાનને તે નવ પરખીયો કોક નર તેડયો નારીયે, જરૂર રાધા રમે જારીયે; દાહાડી તો એ નાશી જતી, આજ ચોરી થઇછે છતી. રાધાને આજ દાવો દેઉ, ઇજત આબરૂ એની લેઉ; ઓશીયાળી કરૂ એ આજ ગામ માંહે જે જાએ લાજ કપાવું નાક ચોટલો ને કાન, મુકાવું માનનીનું માન; કહો નૃપતી આગળ શા નેક; સાંભળ રાયજી છેકા છેક આજ એક આવ્યું હાથમાં ચોકી મોકલો મુજ સાથમાં; કો એક નર માટીની ખાણ, જાર કરે રાધાશુ જાણ મુજ કેડે કેડે આવજો બાહાદુરને બાંધી લાવજો; ઉતારો એનો હંકાર. રાધા કેરો જે છે જાર. પોશાક ઉજળી છે અપરંપાર. કમર માંહી છે એક કટાર; ચોકીવાળા પરેથી જેહ તમે મોકલો તેને તેહ ઓઝલ જઇ રોકી રાખીયે. ભલી ભુંડી સરવે ભાખીયે એમ કહીને આવ્યો ત્યાંહ, બે જણ માટી ખાણજ માંહ. આવતો દીઠો ધીધો દર કળકળી પેલા પામ્યા કષ્ટ; મન માંહિ કરે છે ઉચાટ, હવે ઘડે આપણો ઘાટ. માઠો રૂદે કેમ સાખશી

આપણને મારી નાંખશે; અરે દઈવ હવે શુ થશે, જર જશ જીવ જરૂરી જશે ઘેરો લીધાં તેને ઘેર ઉધાડો કરમાં સમશેર; માથે તો આવ્યું છે મર્ત. જીવ કેમ ઉગારશે તર્ત. પોપટ કહે સુણો પ્રભાવતી તારી રૂડી રેખા રતી એ બે જણ ઉગારશે કેમ, સાચુ ન કહોતો મારા સમ, પ્રભાવતી તો લાગી પાગ, એતો મુજ જડે નહી જાગ; દુશ્મન આવ્યો ડારો દીયે, પુન્ય પાપથી તે નવ બીએ ઉતાવળો કહે મારા વીર ધારણ રહે નહી મુજને ધીર ઉતમ વાત કહે આ દિશ, તુજને હું નમાવું શીશ તારૂ વચન તો મુજને ગમ્યું શિખવો તો તો પાએ નમુ પોપટ કહે કપરા સમ ખાઓ આજની રાત જારી નવ જાઓ તેણે સમ ખાધા લક્ષ લાજ શિખવી એતો સારી સાજ; તારી તો છે રૂડી મતી, અકલવંત દિસે છે અતી. ઉતારયા સરવે શણગાર, નાવણ કીધુ સુંદર સાર; વસ્ત્ર શીત પેહેરીને અડી, શય્યા ઉપર તે બેઠી ચડી. ત્યારે ઠ્કે વિચારયું મન, ઠરાવ્યું એણે ઠીક આસન; અનંગ હતો તે અળગો થયો, ત્યારે શુકે બોલજ કહ્યો. શુક કહે સાંભળ મુજ માત, વિનતાએ કરી જે વાત; પાયે લાગ્યો તેહ વજીર. ઉગાર મુજ શામા શરીર હું તો દાસ કેરો છું દાસ કિંકરનો કિંકરછું પાસ;મહું જન્મ જન્મ ચાકર તાહરો, રાખ પંડ તું તો માહરો. રાખીશું તમ ઉપર હેત, સોંપુ ધરબાર જીવ સમેત; કામની કહે કહું તે કર કથી, બીજો ઉપાય જીવનનો નથી. પેહેર કાંચળી તુ માહારી, પેહેર સાડલો જે જાહરી; હાક અધેરી પુરમાં પેશ. સુખે જઈ મંદીરમાં બેશ મેલ લુગડાને હથીયાર, કર ઉતાવળ લાગે વાર; ગરજવંત એતો છે ઘણુ સુણ્યું વચન તે કામની તણું ગરજવંત તે અતીશે આપ, પાંચે મળીયાં પોઢાં પાપ; ઘડો ભરાણો છે અતી સાર. તું તો રાખ અમારો ભાર. કામની વચન મનમાં ધરયું જખ મારીને સરવે કરયું; પેહેરયો સાડલોને કાંચળી, ઘણી મોટી પટી ધાંગળી તાણી ઘુંઘટ તે નીસરી; આઠ ગરધવને આગળ કરી; પુંઠે દીઠી પુંઠ થકી, એને હાથ તો ચુડો નથી. નાહે એતો બીજી નાર, એને કહાડી મુકી બાહાર; આવ્યો છે મરદ તે હશે, મારા મુખ આગળ ક્યાં જશે, બે જણને હવડાં ઝાલશું. સારી શીખામણ આલશું; પેઠો ખાણ માંહે તે તરત. બે જણને પમાડવા મરત. પુરૂષ ખાણમાં ન દીઠો કોય. હોશ પોતાને અદકી હોય; દિઠી રાધા આપો આપ, નાગી પુગી છતમાં છાપ. લંપટ ત્યાં આવ્યો લુંડીયો. અકલ છે એની ઊંડીયો; તારી પાસે કોણજ હતો, ક્યાં છુપાવ્યો કર તું છતો. પેસતાં માંહે દીઠો અમો, સાચુ કોણ કહોને તમો; હથી કરયો મરકલડો માપ. હું માંહે તે તારો બાપ. તું દાહાડી જાચે છે મને, હું તો પ્રસન્ન થઈશું તુને; બેનો જીવ એક જુજવી દેહ, એ વાતમાં તો નહી સંદેહ. ડાહી દાસી મારે સંગ, તેને વસ્ત્ર પહેરાવ્યાં અંગ; પાંચ વસ્ત્ર અને પાઘડી, નારી પાસે છે મોસડી, બિજા છે સોળે શણગાર. અમુલખ જે છે કમર કટાર; તુને આપવાને કારણે; કરી કાહડ્યો તેને બારણે. મેં તો કર્યો પ્રપંચને ભેદ, તુજને મળવા અતી ઉમેદ; તું તો મુજને મળિયો નહી, કાને આપુને જાવું કહી. દાશી તને તેડવા મોકલી, હું તો બેશી રહી એકલી; તે તો હવડાં ગઈ તેડવા, એણે માંડયો પંથ ખેલવા, લો લુગડાને લીયો કટાર; લો સોળે મારા શણગાર; એમ કહી કહ્યો વાયદો, કામનીના મનમાં કાયદો. કાલ આ કામે આવજો. સારી સુખડીયો લાવજો; લાવજો એલાયચીને પાન, એમ કરીને કીધાં માન. જન્મ જન્મ રાખીશું પ્રીત; આપુ ગરથ ઘણેરી રીત; મુરખ મારયો મોહને બાણ, અમૃત જેવી બોલી વાણ પેહેરી વસ્ત્ર નિકળ્યો જેટલે, પાડી બુમ તરૂણીએ તેટલે ધાઓ ધાઓ નગરના લોક, ભારે મુકી એણે પોક. ઘર માંહે પેઠો છે ચોર, રાત અંધારી હુતી ઘોર; ચોકીવાળા આવ્યા તરત. પેલા દુષ્ટને પમાડયો મરત. થયું જાણ તે ગામજ માંહ, રાય રાઠોડો આવ્યો ત્યાંહ; કયાંનો ચોરને

એછે કોણ, પેદા થયો છે. પાપી ઓણુ કરી અજવાળુ જોયો તરત, ઘરનો લુંડો પામ્યો મરત. પાસે સુંદરીના શણગાર, ખરી વાત સહુને નીરધાર. પુછી કુંભારણને વાત, કરનો હુતો મારી ઘાત. પ્રથમ તો લીધા શણગાર, વળતી મારવા માંડયો માર. હું તો નાશી બીજી ખાણુ ગઇ, આવરદાથી જીવતી રહી; નાઠો ગામ ભણી જેટલે, મે તો બુમ પાડી તેટલે. સોર બંકાર થયો તે તણો, નાસવાને ગભરાયો ઘણો; ચોકી વાળા ધાયા ધીશ, તસ્કર જાણી છેદ્યુ શીશ. (દોહરા.) રાઠોડ કહે રાધા સુણો. એમાં તારો શો વાંક, જેવ કરે તે ભોગવે, એતો આડે આંક. મહા હિણો એ લંડિપો, અટકી દેતો તો આંચ પ્રજાને ઘણું પીડતો, લેતો ઝાઝી લાંચ. બેઠો કોને બદે નહી, કરતો સહુને આળ; ઘડો ભરાણો પાપનો ખુટયો એનો કાળ, શણગાર પછી આપિયા. હતા એહનો જોડ; સામો આપ્યો સાડલો, કરગરીયો કરજોડ. હાથ જોડયા તે હેતથી, પ્રીત ધરીને પેર; માન મુકાવ્યું માનની, થઇ સવાઇ શેર. એવો ચાકર રાખુ નહી, ન કરૂ એવું કામ; ગુનોહ માફ મુજને કરો. રઇયત શિરને ઠામ. તાણી નંખાવ્યો તેહને દીધી રઇયતને ધીર; રામ રાજ સરીખડુ. નામ વધારયું નીર. કુપો કહેરે કામની, બિહીની છો બહુ પેર; ખા લાખેણા લાડવા, બેશી રેહેની ઘેર. વેગે દીધાં વધામણાં મોટાનાં બહુ માન; ઉગારયો પોતે આતમા, ઉગારયો પુર પ્રધાન. રાજા ઓશિયાળો કરયો, લોઠો પમાડયો મરત; ભાવઠ કાઢી ભવ તણી, તે વેગાર્ગ તરત એમ નિજનારી આવરે જરૂર જારીયે જનગો: નહિતર ઘેર બેઠાં રહો, ખાંતે રોટલા ખાઓ. શાબાશ શુક સુલક્ષણા; શાબાશ સગુણ પાવત્ર; ભાવે ભણાવી મુજને. સારૂ એહ ચરિત્ર નથી લખાણુ શાસ્ત્રમાં, નથી લખાણા લેખ; બુધ નિધાન એ બુજશે, તમાં નહી મીનમેખ. સાંભળ ગખિયલ સુત રાજવી, મનજી સુત મેહેરાણ; ગ્રંથ કરાગ્યો બુદ્ધનિધિ, પંચ કરે પરમાણ. અહો પટોધર પાટવી, વેણીદાસ વાહથ; દાન માનને ડાપણે, શુભ વાતે સમરથ દાતા દ્રવ્ય દરિઆવ દીલ, અનદાન અવેર; શિવ પુજન કરાવિયાં, તે જશરૂપી ઝવેર. ભાટ દશોદિ તેહનો, ગુણસાગર ગમાન; સપુત સરદાર સોહામણો, મહિપતી જેવાં માન, ગુજર દેશ ગરવો ઘણો, અમદાવાદનો અધિપત; સાબર ત્રટ શીરોમણી, છએ પ્રકારે છત. શામળ ભટ વાસો વસે, વિરેશ્વરનો પુત્ર; લઘુ બાંધવ લાધા તણો, શોભાવ્યાં ઘર સુત્ર શ્રીગોડ માળવી વિપ્ર શુભ. વેગનપુરમાં વાસ પિતા પુરૂષોતમ તણો, કહે કવિ શામળદાસ. એવું સાંભળી આપશે; અન્ન વસ્ત્ર દક્ષણા દાન; આ લોકે જશ પામશે, પરલોકે હરી માન. છત્રીશ કથા પુરણ થઇ, વિદ્યા વાણી વિલાસ આણુંદબાઇનો અરભકો, કવિ તે શામળદાસ. શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રીરણછોડ.

વારતા ૩૭ મી.

(ચોપાઇ) શ્રી ગણપતીને નિત નમુ, શુદ્ધ બુદ્ધ આપે જે સમુ; લક્ષ લાભ પ્રતાપીક પુત્ર ચિંતામણી કેરા ઘરસુત્ર. શુધબુધ નારી શંકર તાત. સ્વામી કાર્તીક ભાવિક ભ્રાત; રિધ વિધ તનયા જોયણ જાત્ર, ક્ષેમ કલ્યાણ જેના જામાત્ર. અષ્ટ સીદ્ધ નવ નિદ્ધ ડાહી દાસ, જનુની શ્રી પારવતી પાસ સિંદુર દેવતા શણગાર, ઉત્તમ મોદીક અમૃત હાર કરણ પુષ્પ ચડે છે શીશ, પેલી પુજા એની અહરનીશ; શુભ કામે પેહેલો પુજાય, રીધ સકળ કેરો છે રાય શ્રી સારદા જુગપતી જાણ, વદને આપે રૂડી વાણ; દંડ કમંડળ કર ધારણી, કોટી [illegible] કેરા [illegible]. કોડી અક્ષરા પંડિત કીધ, [illegible] તાનપાએ વાણી દીધ; [illegible] દેવણી છે અર-

બદા, નિર્મળ નીર જેવી નરમદા. જે કો નરમદા માંહે નહાય, દેહ સકોમળ તેની થાય; નરમદા નિર પિએ જે આપ, કાયા નિરમળ થાય નિષ્પાપ. (છપા.) કપુત કલંક કુબુદ્ધ, કુડ કાયરને કાળો: વાદ વિખવાદ વિવાદ, વિપુમાં બહુ વહાલો; ચોરી ચુગલી ચળ ચિત, રીત રૂડી નવ રીઝુ: ખોટ માંહે ખ્યાલ, વાત ખરીથી ખીજું જાુઠ જર પુન્ય પ્રીય વાણુ, અધ-રમવિદ્યા અતિ આવડી, શામળ કહે સેવું સનખલપૂરી, માયા કરે તુ માવડી. આઠ જામ એક કામ હામ દેખુ ત્યાં દોડું: નામ ન જાણુ રામ. ઠામ ઠામે ગોડું; સાચા જુઠા શત સહ-સ્ર વચન અન કાનજી વગાગુ લક્ષણુ લોભ લખ લાખ અંતરથી નવ રહે અળગુ; ખાન પાન ખોટાઇ ખળ. ભાગ ભરપૂર રહે ભરી· શામળ કહે શાહુકાર તુ અંબા માત આરાસુરી. (ચોપાઇ) સાડત્રિશમે દિવસે સુંદરી, પાગરણુ પેરીને પરવરી: હાવભાવ કટાક્ષ કરયા; અંગે સોળ શણુગારજ ધરયા. જેવી કામલતાની વેલ, જેવી વાડી મધે કેળ. હંસાગમની ગજગા મની, ચાલી તે ભલી ભામની. કંદ્રપ વરણી કરે કલોલ, મુખ માંહે બહોળાં તંબોળ; ઝમ ઝમતે વાગે છે ઝેર; ઉછરંગ અતિશે સાંજ સવેર. મદ જોબન હંકારે અતિ, જેવી કામ તણે ઘેર રતી; કોકિલ જેવી વદે છે વાણ, મનમાં સુખ ધરુંરૂ માણુ. પોપટ પાંજર પેઠો જીહાં તરત તરૂણી આવી તિહાં પોપટ સમજ્યો સઘળી પેર, ગોરી ચાલી ગુણુવંતા ઘેર, કામાતુર અંગ એનુ ભરયું, જોરો કરિ રાખુ તો મરૂ; જાવા દઉ તો જાએ લાજ, કરૂ ઉપાય. ચરિત્ર કાજ. અધીક હેતથી બોલ્યો એમ, જુહાર લેજો મારી બેન; રાત પડે ધંધે ધાઓછો; એકલા રાતે ક્યાં જાઓછો પાસે ઘરેણું છે સત બાર. ભારે વસ્ત્ર છે અપરંપાર, કોટે મુક્તાફળના હાર. રાત અંધારી ગાઝમ ઘોર. મળે વાટમાં ચાડી ચોર; પોપટ તારા સમ ખાઉછું, જરૂર પણે જારી જાઉછું સમ કપરા ખાધા છે આજ, જરૂર જવુ મુકીને લાજ: ઈશ્વર મારો રાખે ધરમ, કરયાં કરતુત ભોગવિએ કરમ. બોલી તેહ વચન પાળવું, મન માંહે તો છે માલવુ: દિલમાં મોટી તેની લાજ, તે કરવું છે મારે કાજ. (દોહરા) જરૂર જાઓ જારીએ; કરો વિજારી વાત, આંટીમાં નવ આવશો, વગોવશો માં જાત. વાણે વેલાં આવજો, જુગતે કરી તે જોખ; સારી પેઠે કહી, ઠગ મળે કોઈ ઠામ; રૂડાં રજપુતા-ણીએ કરયું. કરજો એવું કામ કલંક કાઢી નાખિયું ઉગારયો નિજ જાર. ઉગારયો આપે આત્મા. ભામની રાખ્યો ભાર. સાસુ સસરો કંથડો, નણુંદ દિયરને જેઠ; વાલી વહુ વરને કહ્યું. ઠિક પોચાડયું ઠેઠ. ચરિત્ર રમાડયું ચિંતની. ઠગને ઠગીઓ ઠાઠ ઠગે ઠગી ત્યાં એહને, વાળ્યો હુતો દાટ, પગ ખેંચી રહી પ્રેમદા, કારણુ કહેરે કીર, રજપુતાણી રૂડી કવણુ કહે સાચુ મુજ વીર. ઠગ કુણુ ઠગવા આવીયો, તેને ઠગીઓ કયમ; કથા માંડી નવ કહો, તો તો મારા સમ, એ વિદ્યા શીખવ મુને, પુરણુ હોયે પ્રિત; તો તો હુ જાવું નહી, રાજથ કેરી રીત, (ચોપાઇ) પોપટ કહે સુણુ પ્રભાવતી, રૂડી કરમ તારાની રતી, વિકુપરામાં રાજા રજપુત, ઘણાં ઘર તેહનાં ઘરસુત્ર તાતી તેની છે તરવાર. ભલા ભુપતી માને છે ભાર, ભુપત એક ભલો ભાયિઓ. સપુત પુત તેનો સાથીઓ, સઘળી સત્રધ સહોદર સહુ. લાડ કવાઇ રૂડી વહુ. અતિશે રૂપવંતી અનંત, શાણુપણે ઘણું ગુણુવંત. નગરેકુ ગામ છે નાયકુ, લક્ષ્મીવંત છે લોક લાયકુ, ઠાકરસિંહ નામે ઠાકરો, અમલ ચલાવે તે આકરો. દોષી દુશમન તેથી ડરે, જોર કરે તે નિસ્ચે મરે; ચોરી ચાડી ન કરે કંઠ, દુરી જનને દેછે તે દંડ. મોહમ જનને મારે માર, ગરીબ જનનાં ઠારે હાડ; જુંડુ કામ કરતા સહુ બિએ, અજા વાઘ એકઠાં જળ પિએ. રઇયત તો નવ પામે દુઃખ, શરીર છે સહુને સુખ; કરમ અનુસારે વરતે લોક રાજા ભય તણો નહી શોક, પોત પોતાને ધંધે ધાય, જેવું રળે તેવું તે ખાય; રૂડાં રાણી નિત્યે

જાય, દિવો કરવા દેશ માંય. જવાનીનો તેને જોર, ત્રિલોક માંહે રાખે તોર; ચંચળ ચાતુર તેનાં ચેન, કામણગારી નારી નેન, વરણાગણીને વારૂ વેશ, કટીમેખલા સુધી કેશ; રૂપ અનુપ સકોમળ જાત, વચન રૂડાં દેશે વિખ્યાત. મોહ પામે દેખી સહુ ગામ, કોઇ લેઇ શકે નહી નામ; ધારાળો સસરો ને ધણી, લાજ મરજાદા તેની ઘણી. (સોરઠા) પુરૂષ જોરાવર જાત એક દિન તે દેહેરે; વિગતેથા વહીયાત, દિવો કરવા આવીયો; માન્યું તેનું મન, રૂડા દેખી રીઝીઓ; થાય અજાણે જાણ, પરનાર સાથે પ્રિતડી, (દોહરા) જાતે કરથી સુમાડો, ઠગ વિદ્યાનો છાપ; પ્રપચીયો તે પાદશાહ, અતળીબળ છે આપ. છેતરાય નહી કો થકી, ઠગીયા ઝાઝા જન; નાવે કોના હાથમાં, મહોરાની ઢગલી કરી, ખરી ખોટી કે ખેલ; કરમાં હુતી કોથળી, મેળવવા માડયો મેળ, (છપ્પા.) ધનથી ધારે ધરમ, કરમ કુડાં ધન મારે; ધન મુકાવે શરમ, ધન વેવરાવે વાટે, ધન થકી પરનાર, વશ વરતે ચિત ચુકે; ધન કાજ ધરમવંત માન મરજાદા મુકે; ધન કારણ સહુ ધંધો કરે, દુખ સહેશે દેહને, શામળ કહે ધન સ્નેહથકી, નર નારીના નેહને, ૪૧ ચળે ચિંતનીનું ચીત, લક્ષ્મી દેખીને લ્હેરી; પુરૂષ તણો પ્રતાપ, દેખતે મોહે મેરી; રીઝે ગાને તાને, રીઝે રાજસ રીત. માનની રીજે માને, ગુણ અવગુણ ગણે નહિ; ન ગણે પરાક્રમ પંડિતા, શામળ નહી શાણપણ રિધ દેખી રીઝે રંડિતા. નાર વીલો નહી સુર, વાહાલો નહી વિદ્યાવંતો, રૂડા સાથ નહી રીજ, કુળવંતા શુ કોપે, મન માને નહી પોતા તણું. કાળો કપટી કુડલો; શામળ કહે સ્નેહ ધરે, રામાને મન રૂડલો. ૪૮ (ચોપાઇ.) વારૂ તે દીઠો વહીયાત, પુછે એને પોતે ખ્યાત; કયાં રહો છો કયાં જાઓ, શી સતાએ રોટલા ખાઓ, ૪૯ શા કરો છો વણજ વેપાર, કેમ રહે તે ઘરનો ભાર ઇજત આબરૂ રહે છે કયમ; સાચુ બોલો મારા સમ. ૫૦ શી કમાઇ કરો છો કાજ, કેમ રહે છે ઘરની લાજ; શી છે જાતને શું છે નામ, શા કામે આવ્યા આ ગામ, ૫૧ શી છે તમારી પરજાય, સાચી વાતતે ચિતમાં ચાય; તેહ નાર તેને મન વશી, હેત કરી બોલ્યો હશી. ૫૨ પરજા છે પુત્રીને પુત્ર, રૂડુ ચાલે છે ઘરસુત્ર; વેપારે વણજ કરીએ અમો, એમ કહીને તે તો નમ્યો. ૫૩ પાંચ ગાઊ મારૂ છે ગામ, વહીયાત વેલો મારૂં નામ; ઘ્રત તેલનું ગાડું ભરી. લાવું દાડી મસ્તક ધરી. ૫૪ સવાયો દોઢો કરૂં છું દામ, ફરમાવો જો હોયે કામ; પુરણ કૃપા પરમેશ્વર તણી ઇશ્વરની આતા રીત ઘણી, ૫૫ જાગ એકાંત છે જાગજો, મનસા હોય તે તો માગજો; ઉનમતી તે નવ રાખશો કશી, નારી મન હસ એ મુજ વશી. તમો ઉપર છે મુજને હેત, આપુ જે જર જીવ સમેત; જે જોઇએ તે માગો તમો, હરખ ઘણેથી આપુ અમો. ૫૭ જેની તારે ઇચ્છા હોય, તે માગી લેજો મન સોય, જેનું હોય તમારે કાજ, તે માગી લીયો આજ. ૫૮ ભોળવાયો વહીયાત સાર, માલ અનરગળ અપરંપાર; જે માગે તે આપું તુંને, મન મેલીને કહેને મુને. ૫૯ (દોહરા) વિનતા કહે વહીઆત સુણ સાચુ કહું આ દિશ, સસરો જાણે માહરો. છેદે બેનું શીશ. ૧૦ અજર નહી ઘડી એકની, ધણી કરે એ ઘાત, વસન તણું વળગુ જુએ, કરતા દેખે વાત. ૧૧ જોરાવર અતી આકરો, જીવ્યું ચાહો તરત; બેને નજરે દેખશે માથે આવે મરત. છાનો રહે છેલડા વેચી ખાને ઘ્રત, રાખે ઇચ્છા માહરી, માથે આવ્યું મરત, ૧૪ (છપ્પા.) પરનારીશું નેહ, તેહ વાલાશું વઢીઓ, પરનારીશું નેહ, તે નર શુળી ચડીઓ; પરનારીશું નેહ, જર જશ જેણે ખોયા પરનારીશું પ્રીત, મુખ ઢાંકીને રોયા, પરનારી સાથે પ્રીતડી, સુખે કોઇ સુતો નથી, શામળ કહે સ્નેહ પરનારનો કોડ વિઘ્ન કહું છું કથી. ૧૬ (દોહરા) વેલો કહે વિનતા સુણો, ફોગટ બોલે ફુલ; ચરીત્ર તારૂં કયાં ગયું, ડહાપણમાં પડી ધુળ, ૧૭. મરદને જીતે મેરીઓ,

મરાઓ નવ જીતાય; શુરા પુરા ડાહ્યા કા રાણા કા રાય. ૬૮ વાકા ચુકા વરણાગિવા, જો રાખે રખે અતી જોર; ફીકર કરવા તે કામનાં, ચાંતની આગળ ચોર ૬૯ સાત તરવારે સામટી પુરા પાકે પાક જેની મુછપર લીંબુ રહે નારી આગળ રાંક. ૭૦ એક એક એવી નાર છે કરે ચિંતવ્યા કામ; છેતરે બાંધા છત્રપતિ લેઇ શકે કો નામ. ૭૧ ડાટ ડાહાપણુ તાહરૂં, બાળ તાહરી બુધ રાખ વાત એ રાખમાં સારી નહી એ સુદ્ધ. ૭૨ (ચોપાઇ) નાર ચરીત્ર કરે કાંઇ કોડ, જીતે જશ હાંકાને હોડ. નારી ચરીત્ર રમાડે સાર નારી રાખે પોતાનો ભાર. ૭૩ ચરીત્ર કહેવાય નારી તણું રાખે આપે પોતાનું ઘણું; નરને જીતે નારી કથી નરે નારી જીતી નથી, ૭૪ નારી થકી તે નર હારીયો, મોહબાણુ નરને મારીયો; નરે નારી જીતાયે નહી નરને નારી જીતે સહી. ૭૫ નારીયે નર કરયા લય લીન નર ભોળવ્યા રાતને દીન નારી ન આવે કો હાથમાં નરને જીતે સહુ સાથમાં. નારી આગળ નર દામણા અતી નાના મોટા રળીયામણા કાંઇ છત્રપતી નારીથી પેદા થાય પય પાઇ કરે મોટા માય. ૭૭ છપો. નારી ચરીત્ર જેહ વેચે સસરાને સુતો નારી ચરીત્ર જેહ ભરથાર ભમાવે ભુલો નારી ચરીત્ર જેહ હાકયમને હોડ હરાવે નારી ચરીત્ર જેહ કામ મન ચોંતાવ્યાં કાવે નારી ચરીત્ર નિસંક છે. ડુંગર બધ્યા ડોલરે શામળ કહે નાર ચરીત્રમાં નીર તીણુ અગ્ની ઓલવે. ૭૮ (ચોપાઇ.) હશી રૂડા તાળી દેઇ હાથ સ્નેહ કરયો તે નરની સાથ પુરણુ દેખાડી તેને પ્રિત સજ સદા ગુણુ કેરી રીત. ૭૯ ચિંતવું તો મેરૂ ચડુ ચિંતવું તો વાઘ સાથે વઢુ; ચોંતવું તો મણીધરને લઉં ચોંતવું તો રાયનંદડ દઉં ૮૦ ચીંતવું તો કરૂં ફીકર કંથ પડયા વાણુ ચલાવું પથ સમુદ્ર તરીને ઉતરૂં પાર હારૂં નહીં જન હોય જુજાર. ૮૧ માથે શિલાઓ ભાંગુ ઘણી બીક ન રાખું કોઈ તણી મણીધરને તો ઝાલું હાથ ડરૂં નહી હું કોની સાથ. સીંહ તણી તો લઉં મુછ પ્રોઢા પાસ ધોવરાવું પુછ હળાહળ જેર પીયું જે ઇશ મૃત્યુ ન પામું આ દીશ. ૮૩ અગ્ની માંહે ઘાલું હાથ શિતળ કરી કાઢું તે સાથ કંઇક નર રહે છે કરજોડ કોડ પહોંચાડુ તેના કોડ. ૮૪ ભારે ભરે જો કો ફાળ સ્ત્રીએ આણ્યો તેને કાળ; કંથ પામે ભગવું નિર મહાજનરાવર એકે ધીર. ૮૫ એ પાસ ચંપાવું ચરણુ કહે મુખ લેવરાવું તરણુ જળ માંહે ઓપાવું આગ અનમીત નમાવું પાગ ૮૬ ઉકળ માંહે ઘાલું આ.ભ તેમાં તો શો લેવો લાભ એનકુ હુ શા માટે કરૂ તુજ માટે વણુ મોતે મરૂં ૮૭ તું તો જાને તારી વાટ શિદને દુખ વેઠું તુજ માટ મુજને નિહાલ તું શું કરે શાને મુજ કેડે તું ફરે ૮૮ ઇજત આબરૂ જતાંમાં જાય. વણુ મોતે પડે ત્યા કાય વેલા કહે જે માગે તું સમ સહીત તે આપું હું જો તું માગે પ્રિતે પ્રાણુ ન આપું તો ઇશ્વરના આણુ જે તું કહે તે પ્રીછું પેર જો તું તેડે તારે ઘેર. ૯૦ કરૂણા કાધી રૂડી રાણીએ બોલીને અમ્રત વાણીએ હેત પ્રિતથી વાતો કરી એક એકની આંતરડી ઠરી કાલે આ વેળા આવજો ગાડવો એક ઘીનો લાવજો ગુંદ સુંઠ કરવા લાડવા જોઇએ છે ઘીના ગાડવા મારે ગમે તે કરશું વાત ઘેર જાઓ સુએ પ્રભાત; રાતે કાઇએ નવ રાખ્યો કાયદો કરી આવી તેને વાયદો; સાસરીયા બેઠાતાં સઉ, આવડી વાર લાગી કયાં વહુ; ત્યારે વહુવર બોલી ઇશ સાસુને તો નામી શીશ, પીયરથી પાડોશણુ આવીયાં સમાચાર રૂડા લાવીયાં; સાજાં તાજાં ઘરનાં સરવ રૂડી રીતે કમાયાં ગરવ એવી ખબર પાડોશણે કહી ત્યાંથી આંખ ટાઢી થઇ કાલ કોક પસથી લાવશે આપવા કારણુ અહીં આવશે, એમ કહીને ખુશી થઈ પોતપોતાને મંદીર ગઇ. બીજો દીવસ થયો જેટલે. કઉતક વાત થઇ તેટલે. (દોહરા.) વહીવાતે વીચારયું ન આપુ નીશાની એક; એને તો હું છેતરૂં; કરૂ વાભીચાર વિવેક છેતરૂ એને છળ કરી, નાપુ દોકડો દામ. એને હું તો ભોળ-

વુ. તો વેલો મુજ નામ રૂડાં રાણીને ઠગુ. બ.રે ભોગવું ભોગ; શાને કાજે ના કહુ. કરવા આવી સંજોગ. આણ્યો મોટો માણીઓ તેમાં ભરીયું છાણુ; અધ શેર ઘ્રત ઉપર ધરયું. માંહે બે ચારેક પાણુ. વેલે ખલતાઇ કરી. રૂડાં સાથે રીત; પેલી કાંઇ જાણે નહી. પુરણુ કરવી પ્રીત દેવીને દેરે રહ્યો, રૂડાં આવી તરત; જુએ તો મોટો માણીયો, ઘણું ભરયુ છે ઘરત. સારી પેરે શીખવો. લઇને ગાડવો શીશ; મારે મંદીર આવજો. પહોર પાછલે દીશ. પોળ બા.ણે પીંપળો. શીતળ તેની છાંય; કાંઇએ હું જાતી નથી, બેઠી છું ઘરમાંય. દીવો કીધો દેહરે, મંદીર આવે માત; વાહી લેશુ વછીયાતને તેને મન એ તાન. મનસુબા મનમાં કરે, રૂડા રાણી તે દીશ; સરવ વહીને લેઇશું, પ્રસન ઉમીયા ઇશ. વછીયાત કાઢાડી મુકશુ. રોકીને એક રાત; આનંદ કરી ઉલાશમાં જાશે પ્રોઢો પ્રભાત. માથે લીધો માણીયો, પુરણુ હેતે પેર; નામ ઠામ તે પુછતો આવ્યો તેને ઘેર. માનની ઉઠીને મળી, ચાપ્યો રૂદીયા સાથ; એતો મામો માહરો, કહું સાસુ સસરા સાથ. ચીત્રાધડ ભણી ચાકરી, ગયા વરસ દસબાર; પ્રભુ પ્રતાપે આવિયા; આતમનો આધાર. પ્રભુ જેહને પાધરા, તેને આયુષ હોય; ડાહાપણુ દલ દલડા વીશે; ગાંજી ન શકે કોય. બેટો સગાં સમસ્તને, વહુનો મામો વેશ; આવ્યા પરણી આપવા ગયા હતા પરદેશ. ઘર્ત મુકયુ ઘરમાં જઈ, મણેક ઝાઝો ભાર; ખુણે ઢાળ્યો ખાટલો, ક્ષણુ ન લાગી વાર. એકાંત હતુ એક કોડીયુ, ઓરીકુ કીધું તાંહ; માથે ભાર થાકયા ઘણું, પોઢો મંદીર માંહ. જમાડીયો જુગતે કરી; આપ્યાં ફોફળ પાન, આદરભાવ અદકા કરયા. દેઇને ઝાઝાં માન. ભકતી કરી ભલી ભાતથી. રસોઇ કરવા રીત; વહુનો મામો આવીયો, પુર્ણ સહુને પ્રીત (ચોપાઇ) સાસુ સસરા પોતાનો ઘણો, પ્રીછી પાક સામગ્રી ઘણો; દીયર જેઠ જેઠાણી સહુ જમવા બેઠાં પીરસે વહુ. હરખ ઘણેરા મનમાં થાય ઉલટ અતીશે અંગ ન માય; તમારા ઘર કેરો લાડુવો, મારા પીયરને ઘ્રતતણો ગાડવો. પ્રથમ સાસરીઆં સઉ જમો, પછી મામોને જમીશું અમો, ભાણુમાં પીરસ્યો લાડવો છોડયો ઘ્રતતણો ગાડવો વછીયાતે તો ઠગાઇ કરી, નાનીને જાઉ છેતરી; અંહકાર મનમાંહે આણતી, કઉતક વાત નથી જાણતી. જોયુ તો માંહે છે છાણુ, પાશેર પાશેર કેરા પાણુ; શું પીરસેને શું એ ખાય, જવાબ તેનો શો દેવાય; પોપટ કહે સુણુ પ્રભાવતી, મોટમ છે તારી બહુ મતી; શિ વિજારી કરશે વેદ, એહ વાતનો ભાગો ભેદ. શો કરશે ત્યાં તે ઉપાય, ઘરત ગાડવો નવ વપરાય; એ નારી કેમ સાચી થાય, સરવને દાંતમાં દઇ જાય. (દોહરા) શુક પ્રત્યે કહે સુંદરી, એહ અલોકીક વાત; એના જવાબ ન ઉકલે, ભજે ન એક ભાત. ભાણુમાં લાડુ પીરશીયા, જમવા બેઠા આઠ; પલક માંહી કેમ છુકલે, સ્ત્રી ચરીત્રના ઠાઠ. બીજુ સરવે સેહેલ છે, એતો અતી ઉત્પાત; ખાશે બાચારી ખાસડા, વિપરિત થાશે વાત. લાજ ગુમાવે લોકમાં મોકમ ખાશે માર, ખોવે ઇજત આબરૂ, ભામનીનો જાશે ભાર, પાય લાગુ હું તાહરે, શિખવ વિદ્યા વાણુ; શુ પીરસ્યુ સગાં સરવને, છતમાંહે તો છાણુ પોપટ કહે પ્રતિજ્ઞા કરો, આજ જવાની અઘ; તો તે હું તને શીખવું; સાચી થઇ તે સદ્ય. પ્રતીજ્ઞા કરી પાંચશે, કહે લેવા સમ ખાઉ, એ વાત કહે ઉતાવળો, જરૂર આજ નહીં જાઉ. (ચોપાઇ) દીઠુ છાણુ માંહે જેટલે, પડયો ધ્રાસકો તને તેટલે; દીઠુ છાણુને દીઠું ઘૃત તે વેળા બોલી તરત. એ ઘરત જમવા દેઉ નહી આજ, એક કરો અમારૂ કાજ; મારા પીયરનું ઘરૂત તમો જમો, તો તો મારા મનમાં ગમો; કાલ લગન દીવસ રૂડલો, મુજને પેરાવો ચુડલો. હવાડાં જાણો વેચાયું લીધ, એવું જાણીને ખરચજ કીધ, દસ બારેક બેસે છે દામ. કોડે કરો અમારૂ કામ; કણુબ કુયો ચુડો જાહરે, ઘ્રત તમને પીરસુ તાહરે, તે વાતે સસરો સમ ખાય, બાઇજી તો પુછે

કહેશે નાથ; સાસુને તો ચડી છે રીસ, પછે ગાળ દીધી દશવીસ. તારા પીયરનુ ઘરત જે લીએ, તે તો તારૂ મુતર પીએ; તારા પીયરનુ ઘરત જો આપ, તેને માથે બ્રહ્મહત્યા પાપ ચારે હત્યા લીધી શીશ, વચમાં આણ્યા ઉમિયા ઇશ; તારા ઘરતને તુતો બાળ એ ખાય તેનો ખુટો કાળ. એટલા દાડા ઘરત કર્યાં હતું, હમણાં કરૂ છું તે છતું; એહ ઘરત વિના ચાલશે, તે પેહેલુ પોતે પાળશે. એ ઘરતનો ચુડો પેરો મતમો, એ વાતે ના કહીએ નહી અમો; એમ કરીને રીસજ કીધ, દિયરે ઉઠીને દારો દીધ. એ ઘરત તારી પાસે રાખ, એવી વાણી મોડે ભાખ. એ ઘરત નહી મારા કામનુ, એછે ઘરત તારા નામનું. પગે બાંધી મુકયો માણીયો, કારણુ કોણે નવ જાણિયો. ઘરમાથી કાઢયું છે ઘરત. જમવા બેઠા તે વેળા તરત. ઘી વેચીને ચુડલો પેર. ગમી વાત સહુકોને ઘેર; દહાડી સહુને વહતી રહી, સાસુ સસરે વાણી કહી, હવે વહુ ચુડો પેરી આવશે, પાગે પરણી એ લાવશે, તે નારી તો થઇ નીરાશ, આવી પેલા પંથી પાસ. પેલા પંથી બેઠા જ્યાંહ, નારી આવી તરતજ ત્યાંહ; ઉઠો કાંઇક છે ઉતપાત વીપરીત થઇ દીસે છે વાત. પીંપળા તળે પાળા છે પાંચ, અમને દેછે અહકી આંચ કહે તારા ઘરમાં આવીયો, ઘરત તણુ ગાડુ લાવીયો; દગાબાજ એતો છે લુંડ. દેવો છે એને બહુ દંડ; એ તો દીસે જાતે ચોર, ખરો એ તો હરામીખોર. એને તો શુળી દેઇશુ, ઈજ્જત આબરૂ એની લેઇશુ; વાઢશુ એનાં નાકને કાન, ઝાંખો કરી ઉતારૂ માન, લાવે છે ઘી માંહે છાણુ, ભારે થાવા મેલે પાણુ; દાણુ ચોરી કરે છે નિત જાતે ચોર તે ચેતા ચીંત ધુતારો તુજને જાણીયો દાવ મુકે સાચે વાણીયો; નિદે છે તારા નામને ધુતે છે બધા ગામને મારા સસરાનો છે ભાર નથી આવતા ઘર મોઝાર. ગામ બાર ફરેછે, તેહ જીવતો ન મુકે સંદેહ. એક કહેછે દંડ લેઇશુ બીજો કહે શુળી દેઇશુ; ત્રીજો કહે જળ બુરાડશુ ચોથો કહે અહીં બાળ શું. નારીએ જે વચનજ કહ્યાં તે પંથીએ સરવે લહ્યાં. સાચો હોયતો દને જવાબ જખ મારેછે આપોઆપ થરથર તે ધ્રુજીયો કરતુત પોતાનો બુઝીયો. કરયું હશે એમ વાર બે ત્રણ કરતુત સાંભળીયુંછે કરણુ હવે કાળ ખુટયો આ દિશ મુને તે જીવાડે અહરનીસ. જે માગે તે આપુ હુંય જો જીવાડે મુજને તુંય કરગરીને હું કહું છું કથી મુજને ધીરજ રેહેતી નથી. (દોહરા) પાગ પડયો પ્રેમદા તણે માને મુજને ઠામ; કાઢી મુક આ બારીએ જાઉ મારે ગામ. જીવ ઉગારે માહરો રાખે મારો દેહ; તું કહે તે તો હું કરૂ એમાં નહી સંદેહ માનની કહેરે મિત્ર સુણ રહે રમાડુ રાત જમાડુ સુંદર લાડવા પરવરજો પ્રભાત લગારે તું બીહીશ માં કોનો ન આણીશ બીક ભારે તમારો આત્મા સાચી દેઉ શીક. ઉઠો બાર જવાબ દો જો સાચુ હલ હોય જુઠાપર જોરો કરે કીમત કરે નહી કોય. સાચા ઉપર રૂઠે નહી, સાચે રીઝે સરવ સાચાને તો સુખ ઘણુ મુકાવે સહુનો ગરવ તે પાસે જે પંદર હતા રિદ્ધ રૂપીયા રોક; આપ્યા હાથ રૂડા તણે રૂજેત થાતુ ફોક. બારીએ થઇ બારણે, કાઢી મુકયો કંથ આગીયારા એણે ગણ્યા પરવરીયો તે પંથ; જમી ઉઠયા આઠે જણાં વહુવર આવી પેર મારો મામો તે ગયા હવડાને હવાડા ઘેર ભાણેજનું પાણી નવ પીઉ ભાણેજનું ન જમુ અન આપવા પસલી આવીયા મળવા કેરૂ મન. મોટેરાં એ માનવી મોટા સંગત માન લે જમાઇને મંદિરે ખાવા ન બેસે ધાન આપી પસલી અમસતી ભાણેજીને હાથ મળવાને તમે આવજો સજન સહોદર સાથ જમી એકલી જાખમાં સમજાવ્યા સહુ જાત; ચુડો પેહેરૂ ચોવટે. વેચુ મારૂ ઘરત. (ચોપાઈ) ચાલી ચતુરા ચતુરસુજાણ. એકાંત ઉકરડે નાંખ્યું છાણુ; અતી સુહર રૂપે રૂડલો, હાત તણો પેરો ચુડલો. કુમ કુમ આડ કપાળે કરી, ચોપાસાં તે ચોખે ભરી; ટીલાં ટપકાં પુરણુ પ્રીત, રૂડેરી ચાલે

છે રીત. ભરો માંહી સોભીત સાજીયો, અણીયાળો કાજળ આંજીયો; પેરયો છે એક કસબી ઘાટ. વખાણ કરે છે સહુ વાટ. ચાવે છે સહુ બીડાં પાન, કરતી આવી ગાનને તાન; સાસુજીને પાગે પડી, આપીયો સાડલો તેની ઘડી નણંદ જેઠાણીને કાપડાં બે જણે પેહેર્યાં બાપડાં; ગોત્રજ કેરી પુજા કરી, ગોર આગળ દક્ષણા ધરી સગાં સંબંધી મળીયાં સહુ. હરખ વધ્યો છે તેને બહુ; સોપારી વેંચી શેરીએ, વગડાવી ભુગળ ભેરીયે, વગડાવ્યાં નગારાં નાદ, આપીયાં અખીયાણાં ઉલાદ; માનનીઓ મંગળ ગાયછે ઘણા થઈકાર ત્યાં થાય છે. કરી લાપશી જમીયાં સહુ, પીયર પનોતી રૂડાં વહુ; કલંક ઢાંક્યું પોતા તણું, તોલ વધરાવ્યું ગામે ઘણું. આવ્યો તો લંપટ લંડીયો ડાહી રૂડાએ દંડીઓ;' પોપટ કહે છે પ્રભાવતી, મોટમ પદ છે તારી મતી એમ વિજોરી ભણો તો જાઓ, ન્હીતર ગોવીંદના ગુણગાઓ; શાબાશ શાબાશ એ વિદ્યા નવી. સારી પેરે તેં શિખવી. (દોહરા) ગ્રંથ કરાવ્યો ગુણનીધી, દુખ ભંજન દાતાર; પુન્ય પ્રાક્રમ પરમારથી અપરંપાર અપાર, માતર પ્રગણે મોરવી, સિરજ શિરોમણ ગામ વાશણ વંશે અંશપત, નિરમળ જેનું નામ, મનજી મહીપત સારખો મહારાજમરાણ રખીદાસજી રાજવી સકળ વાત સુજાણ. પુરા પટોધર રાજવી વેણીદાસ વડહથ દાને માને ડાહાપણે શુભવાતે સમરથ. ઝવેર જશવંત જશ ભયણો, નરપતી જેવો નેક; ગુણસાગર બુધવંત બહુ એક એકથી એક. રામ ચરીત્ર રૂદે ધરયાં. કીધો રેવાખંડ પુરાણ સરવે લખાવીયાં ટાળ્યા જમના દંડ રખીદાસ રૂડો રાજવી દેવ દેવાશી દેહ શીવજીને શેવા કરે નીતે નિરમળ જનશુ નેહ સીંહાસન બત્રીસની વધતાલ પચીશી વેદ શુક બોહોતેરી સાંભળ્યા ભારથ જેવો ભેદ ભાટ દશોદી તેહનો ગુણસાગર ગમાન ગ્રંથજ સોંપ્યો તેહને દેઈને ઝાઝાં માન શુક બોહોતેરી વરણવી ઝવેર કરી વિસ્તાર સોંપી ભાટ સિરદારને અપરંપાર અપાર કવી તેડો કોડે કરી શામળભટ કવીરાજ પિતા પુરૂષોતમ તણો લક્ષ કોટીધા લાજ. એવું સાંભળી આપશે અન્ન વસ્ત્ર દક્ષણા દાન આ લોક જશ પામશે પરલોકે હરી માન. અમદાવાદ અધિપતી વેગનપુરમાં વાસ પિતા પુરૂષોતમ તણો કહે કવી શામળદાસ. ચોવિધ એમાં ચાતુરી વાણી વિધવિધ વિલાસ ચતુર હશે તે ચેતશે અંબા પુરે આશ, સાડત્રીશ કથા શોભતી કહે કવિતા કરજોડ શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૧૯૫

વારતા ૩૮ મી.

(ચોપાઈ.) શ્રી ગણપતના પુજુ પાય પાંચે પાતક મારાં જાય સાચી દેવી સમરૂ સરસ્વતી, મહા મનોહર આપો મતિ. બુધી તણી એછે દાતાર સકલ દેવી માંહે સરદાર જ્યાં આવીને સરસ્વતી વશી તહાં ઉનમ નવ રહે કશી કીંકર તે કહે કવિતાય. મુરખ જન તો પંડીત થાય છેક હોય જો પોઢો પાણ તેને કરે તું જાણ સુજાણ. તારા હેતથી નરો હવા કરે ગ્રંથ નિતે નવા નવા જેને તું તો પરસન હોય તેને ગાંજી ન શકે કોય. (છપો.) અધરમ કરમ અતિ આપ પાપ પુરણ કરનારો છળ છળભેદી છાપ હોડ કરી સુખ હરનારો; કુડ કપટ ચિત ચપટ. નફટ નમો નેહે રૂદે કઠોર ચિત ચોર પ્રપંચી પોષણ પેટ છેક છોછી ઓછી અકલ, ગુણ વરજીત ગરવે ભરયો શામળ અવગુણ સહઆધા ત્રિપુરા તુજનનામે તરયો. હોમહવન કે જગન ભગન લાલચનો લોભી નહિ શીવ સેવા સદન નદન થીર થાવર શોભી. નહી જળધા જુગત નહીં અક્ષત ને ચંદન ફળ તંબોળ નિવેદ, નિરંજન વાંણી વંદન; આ વાહન ઉથાપને તોલ ન જાણું તાહરી ત્રિપુરા એ નામ તાહરૂ

બામણ કહે દેવી માહરી. (ચોપાઇ) અડત્રિશમે દિન તે આકરી નારી જાવા મનસા ધરી વસ્ત્ર આભુષણ ધરીઆં અંગ સાથે નહી કો સાથી સંગ. બણી ઠણી નીકળીયાં બાહાર પાંજર પાસે આવી નાર; આદરભાવ સનમાનજ કરયાં. પોપટ વચને નારી ઠરયાં. તે શુકે દીધી આશીશ જુવંતી જીવો કોડ વરીસ; ભલે પધારયાં મારી માત. ક્યાં જાઓ અંધારી રાત. (દોહરા) આશીશ એવી સાંભળી મન હરખી મેરાણ કરજોડી ઉભી રહી સકળ વાત સુજાણ હસીને બોલી હેતથી પ્રિતશું કીધી વાત. જશું અમો તો જારીએ સાંભળરે તું ભ્રાત. વિદ્યા મુને તેં શીખવી તે મેં ધારી ધીર એ કારણ હું સંચરી શુદ્ધ કીધું શરીર સોળ સજ્યા છે સામટા રંગ કરયો છે રોળ જારી કારણ જોખમાં તાતા મુખ તંબોળ. ભલે ભલેરે ભામની વારૂ કીધી વાત આનંદ કરીને આવજો પુન્ય સમે પરભાત. (છપ્પા) જેને ન કરયાં પુન્ય સ્વરગનો મારગ ન સુજે જેણે ન જાણ્યા જોગ સુખ સાગર ન સુજે, જેણે ન પોશ્યા બ્રહ્મ ધરમ જેણે નવ ધર્યાં પાળ્યાં નહી ખટ કરમ જીતી બાજીતિ હારયા શાસ્ત્ર ભણ્યાં ન સાંભળ્યાં ભોગ ન ભોગવ્યા વાસ રતી શામળ જન્મ એળે ગયો જેમ અરણ્યે ફુલી માલતી. (ચોપાઇ) સહીમા એવો બોલ્યો સુખી શામા વચને કીધી સુખી જારી કરતાં બીડજ પડે અણચિંતવ્યું સંકટ આવી પડે વાલી વણઝારીએ કીધું જેમ તમો તે વેળા કરજો તેમ મન માનનીના મોડજો. દુશમની છતી તોડજો થજો તગે જોરાળા જન બિક ન રાખશો લગારે મન અદભુત ડાહ્યાં કાવજો જોખ કરો વેલાં આવજો લકુંગઢ જીતે મેરૂ ચડે તેને એ વિદ્યા આવડે મરડે મણી નાગજ તણી તેહ નાર એ વિદ્યા ભણી લોહ થંભે જે બાથજ ભરે કોજે નાની સમુદરે તરે ઉકળતે પગે હલાવે ખીર માહા જોરાવર હોએ ધીર, અગ્નિ હાથમાં ઝાલે જેહ તેને વિદ્યા સેહેલ છે તેહ બાકી સંખણીઓ ઘેરો ઘેર. પુન્ય પાપ ન પ્રીછે પેર નિકળી જાય કે જુતીઓ ખાય પિએ ઝેર બીજાને પાય. નર ઠામ સાગરની તીર નામ તણું વધારે નીર. એવી તો એક કો કામની બાકી તો ભાવટ ભામની શુકે વાત શામાને કહી પગ ખેંચીને ઉભી રહી વાલી કોણ વણઝારી હતી જાર વિદ્યા કેમ કીધો છતી; બીનાં વસ્ત્ર તો અંગે ધરો છાની ઉપર આસન કરો હાડી જેમ કરતી તેમ કરયું વાત સાંભળવા મનડું ધરયું પોપટ કહે છે જહાં નારી સાંભળવા બેઠી તહાં માળવા માંહ મહુડું ગામ તારા રાજજી કેરો ઠામ વઢિયાગ નામે એક નાયકો લક્ષણવંતો તે લાયકો ૨૮ પોઠી તેને ઘેર પચીશ જાઝી ગ્રહરથાવટ છે ધીસ વાલી વણઝારી તેની વહુ. જોરાવર જાણે છે સહુ, સુકોમળ છે તેની જાત. વિચારીને કરો એ વાત કોની આંજી તે નવ જાય. રીજે પટેલને ગ્હેયત રાય તેને પેટ દીકરીઓ ચાર સ્વરૂપ સુંદર અપરંપાર. તે ગામે વહેપારી આવિયો ઝવેર મોતી તે લાવીઓ જેની ગઠિ હુતો ગરથ લીધો જેને જેટલો અરથ લુંડનો લુંડ શાહાનો શાય રઈયત રમે જે પડે દાય. નિચ બુદ્ધિ નમેરા નેટ પાપે તે પોશે છે પેટ. શત ધણો સોનીથી ચોર ઉજળા પણ અંધારૂ ઘોર દિવસ બે ત્રણ ગામે અડયા વણઝારીની દ્રષ્ટે પડયા. દરાવ દઠો તેનો હાઠ લીધા દાણા મોતીના આઠ કીમત મુલ કહ્યુ તે ઘણું નગદ એકસો એંશી તણું નાણું લેવાને કારણે. રહ્યા રાખી જમવાને બારણે અંકાવ્યાં મોતી બાંધિ ગામ મુલ તેનુ ઠરયું તે ઠામ પુત્રી ચાર તેની તો દીઠીયો અમૃતપે લાગે મીઠીઓ નારીપટ લંપટ લોભણી નીસંકા ખરી ખોભણી લાલચ લાગી અપરંપાર સાર વસ્તુમાં એ છે સાર આવે હાથ તો થાએ કામ તેહ વાત વિચારી હામ. ચારે જણનું ચિંતડું ચળ્યું. એક એકનું મનડું મળ્યું દામ દેખીને ઠરે છે પ્રિત દામ દેખીને ચાલે અનીત. દામે કઇ જણને મારીયા દામ વિના સહુ હારીયા દામે કારજ સઘળું સહુ દામ

મન ચિંતવે તે કરે મરવ થકી મોટો છે દામ કરે છે તે ભારે કામ જેને દામ તેને સઘળું જોર દામથી રહે સરવે તોર. દામ થકી તો રહે છે લાજ દામ થકી થાએ કાજ દામે વણુ પાયે મેરૂ ચડે દામે દુશ્મનના ઘાટજ ઘડે દામ રાખે સહુકોનો ભાર દામ વડે ચાલે સંસાર દામ વડે હાથી ઘોડલા દામ વડે પાયક જોડલા. દામવડે તો રેહેશે શરમ દામ વડે ધારે છે ધરમ દામ વડે બાંધે બાકરી, દામ વડે રાખે ચાકરી. દામ કામ રૂડાં આચરે દામ સદાવ્રત ચિતે ધરે; દામ થકી તો રહે છે નામ, દામે રેહે છે ઉધવ શ્રામ.

(છપો) ભંગી ભંગીને પ્રીત પ્રીત ભગત ભગતને; પ્રીત પંડીતે પંડિત; પ્રીત જારી જગતને; ગુણીકા ગુણીકા પ્રીત પ્રીત પ્રીત સતી સતીને, પ્રીત ચોરને ચોર પ્રીત પ્રીત જતી જતીને જેને જેથું મન મળ્યું તેને તેથું પ્રીતડી, ગુણે ગુણ ગરજુ મળે. રૂડી છે એ રીતડી. (સોરઠા) દો ગણીને દામ લાવ્યા રૂપીયા રોકડા વાણે જઈશું ગામ, આજ રાત રેહેવું ઇહાં. મે લીધાં મોતી આઠ. વાહાલા કે વિદેશીયા, કરયા સ્ત્રી ચરીત્રના ઠાઠ, તેની જણુસ આપુ તુને. વાહાલી કેરી વાત શ્રાણુ તે સરવે સમજ્યા પાછી લેશુ પ્રભાત ભામની રાતે ભોગવો. (દોહરા) ચાર ચેલકીઓ ચતુર ચંચળ તેનાં ચેને મંદીર મંચક પાથરી નિચાં ઢાળ્યાં નેન. તળાટી તે ગામનો લીધાં મોતી સાત, ઢલી આપ્યાં બાદલાં અતી કીધો ઉતપાત, પ્રથમ અંધાર્યાં ખરાં પુરાં સેહે પાચ; અવડ ચવડ કરયાં આપતાં કાચ વચ સાચ તળાટીએ તપાસિયાં ભીખ માગવા ભુખ અરે દઈવ હવે શું કરૂં: ઠગ ધુતારા રૂપ, આંખ્યો ચોળી તે રહ્યો ફજેત થાવા ફોક; હઈડા માંહે કળકળે, હસે નગરના લોક; જેને સુજે જેહવું, તેવું બોલે તે ઠામ; વિચાર કરે મનડા વિશે; ન જણાએ તેનાં નામ. કો કહે એ નાસી ગયો. પાપે પરઠી પેર: કો કહે વણુજારી વાસમાં ગયા દાહા છે ઘેર. પુછી જોઇ પ્રેમદા; ઝવેરી જુદા જેર ભાળ જણી છે તમ ઘરે, રહ્યા છે ચારે ચોર.

(ચોપાઈ) નારી કહે હું નથી જાણતી, મદભરી માંહે ગાણતી, કાને દાવા કામનીએ હાથ તાતો થઇ તળાટી સાથ. કહ્યુ વાત બાલો છે ક્યાંહ. આકરી થઇ તે વેળા ત્યાંહ જાં આી જો મંદીર માહરૂ, સાચુ દલ કરીને તાહરૂ. લખી સખી ગગા ગોમતી, પુત્રીયો ચાર પોહોડી હતી; તે ચારે દેખાડયા ઠામ બોલાવી જેયાં નિજ નામ જાણે અધરમ અતિશે આપ તેણે મનમાં કર્યો સંતાપ ખુણા ખોચરાને કોઠિયો, બાધ્યા દેખાડયા પોઠિયો. ચારે જણ મુવા થઇ અચેત, કોની દ્રષ્ટે નવ પડયા સચેત; ઘણુંક કુટયું તેણે શીશ, લાગ્યો પાળા તે દસ વિસ. મુકી ચોકી તે ઠામો ઠમ ચોકીનાળા ફરે તે ઠામ; પાંચ પછી તે ચોરી કારણે. પાંચ બહાર મુકયા બારણે. પાંચ મુકયા દરવાજે પોળ; પાંચ પાંચ મુકયા વાટમાં. પાંચ તો ફરે છે ઘાટમાં પાંચ આકૃતિ કહે જેરીએ; પાંચ રહ્યા છે અગોચરે પાંચ ફરે ખુણે ખોચરે ડાબા જમણા મુકયા પાંચ અદકી દાધી તેણે આંચ; હશે ગામમાં તો ક્યાં જશે વાણામાં લખ્યું તે થશે વણુઝારી મન કરયો વિચાર. લુટાશે વિધવિધ ઘરબાર, ઇજ્તને આબરૂ તે જાય ત્યારે અમારી શી વલે થાય. એ ચારને ગરદન મારશે જાતે ચોર હોઇ હારશે, ધણી જાણશે તો જશે ધરમ સવાર થએ કેમ રહેશે શરમ. પુત્રીયો ચારે થશે ફજેત ઉતરશે શીપાનું હેત; પુરમાં છાના કેમ રખાય, ચણાભાર હવે ન ચખાય વાલી આવી ઘરમાં જેટલે, ચારે પાય લાગ્યા તેટલે; જીવ હમારો હવે જશે; અપકિરતી તો તારી થશે. તારૂં લુટાશે ઘરબાર, ફજેત થશે દિકરીઓ ચાર નથી ઉકલતી એકે વાત અધિકો થયો છે ઉતપાત. જો જાણુશે તમારો ધણી, લાજ પ્રતિષ્ટા ખોશે ઘણી, ઘડી ચારેક ગઇ રાત પ્રલેકાળ થશે પ્રભાત.

(દોહરા.) પોપટ કહે પ્રભાવતી. આપણ છું એકાંત; તેમાં જો કાંઇ ઉકલે ભાગો મનની ભરાંત. ચારે જણુ કેમ ઉગરે રહે કેમ એની લાજ; જો જાણો તો કહો મુને કામની કરે શું કાજ. પ્રેમદા કહે સુણ પંખીયા; કહો એનો વિસ્તાર; એક વાત ન ઉકલે, કેમ પામે એ પાર. આજ રાત જાવો નહી કરૂ એટલી અરજ; તો એ વિદ્યા શિખવુ: હોય તમારે ગરજ. એવાત કહે ઉતાવળો ખાંતે સમ શત ખાઉ; કોલ છે પંખિયા સાતનો એક રાત નહી જાઉ. (ચોપાઇ) વણઝારીએ કરયો વિચાર પ્રભાતે જાશે મુજ ભાર; હવે તેનો કરૂ ઉપાય નહીતર લાજ ઘરડાની જાય, તળાટીએ વેરયોતો ગોળ તેનું કરયું છે એ મોલ; સતર લેખે છે એ ઠોર, ઝાઝો ન કર્યો તેને શોર. તેણે વણઝારીને કહ્યું તારૂ ગ્નાન તો મુજને થયું. ગોળ ગુણ્યો ઘરમાં તાહરે હુંડી કબુલ કરાવી માહરે વેહેવાર વાત રહૂ નહી સાંખ મારે બારણે ગુણો નાંખ; હુંડિ શીકારી હમણાં ઇહાં વહાણામાં તને ખોળુ કિહાં; વારે વારે શું કહિયે કથી, વાણે ગોળ પછે લેવો નથી એણે બોલ એવા તો કહ્યા; તે નારીએ મનમાં લહ્યા; નારી કહે સાચુ બોલશું; ગોળ તો વહાણામાં તોલશુ: ઉઠાડયા પેલા જણ ચાર માંહો માંહે કર્યો વિચાર. એકેક પોઠિયે બબે જણા ઘાલ્યા ગુણમાં નહી મણા બીજા પોઠી ગુણો તેર, હાંક્યા એણીએ લાખે શેહેર. પંદર પોઠી પુરણ પ્રીત લેઇ જાય છે રૂડી રીત. નાંખ્યા તલાટી કેરે ઘેર કોણે નવ જાણી તે પેર. ન વિસદા લક્ષણ ખાંતે ભણી પંદર પોઠી લીધા ગણી; કોણ જાણે પંદર કે તેર. ગુણો ખડકી કીધો ઠેર. તેની કોને ખબર ન પડી. ઘરમાં નાંખ્યા તેની ઘડી; તલાટી તેના ઘરમાં ગયો. તારે એક તમાશો થયો. ભરઘેથી ગુણ્યો વાઢીયો. ઓકો કિંકર કાઢીયો; એહ કરતી વિદ્યા ભણ્યા એકેકે અગીયારા ગણ્યા. રાત હતી અંધારી ઘોર; કોણ જાણે શાહ કે ચોર; પોઠી લઈ આવી ગોરડી સોંપી તેને ગુણ ઓરડી; તેનો વાણોતર સુતો ત્યાહ માનની આવી મંદીર માંહે; સ્રિ ચરીત્ર ફેલાવ્યો ઠાઠ, મોતી તેનાં લીધાં આઠ સતર રૂપઇયા લીધા આઠ સતર રૂપઇયા લીધા રોક, જખમારી રહ્યા સહુ લોક વહાણમાં નાયક આવિયો સાત પોઠી સાકર લાવિયો એહના જે ગણે રોકડા, ઉધાર નહી આપે રોકડા; તળાટી કહે હોરાવો મુને, નાણું રોકડું આપું તુને. મને માલ સોંપો આઠામ, લ્યોને ગણી તમારા દામ; આપો ખડકી તે તાહરો, પેઠો ચાકર રાતે માહરો. મળ્યું એકઠું બધું ગામ, ખોળ્યું સઘળું ઠામે ઠામ; ખુણા ખોચરા જોયા સાર, શેરી પોળ જોઈ તે વાર. ચોકી વાળા કહે જુઠા તમો, આખી રાત જાગ્યા છે અમો; તારાં વચન નથી વીસરયાં, માણસ કોઇ નથી નિસરયાં. જરૂરપણે કીધો જવાબ, પદર પોઠી નિકળ્યાં માપ; તેમને બતાવો જેણે ઠામ, જખ મારી તેણે સો વાર. નાયક કહે આલી કીજીએ, હિસાબ ચુકાવીને દીજીએ; બાળ્યો વાસ મોટો મેર ગુણો નિકળ્યા તેમાંથી તેર. પંદર પોઠી પુરણ ભણ્યા, એક નવ સંદેહે ગણ્યા; તેમાંથી ઓછા થાય છે, શોધ કરો કે કયાં જાય છે. (દોહરા) શાબાશ સહુકાર તું, શાબાશ તારો વેપાર; શાબાશ વાણોતર તાહરો, શાબાશ ઘરની નાર. શાબાશ તારી ચાતુરી, શાબાશ તાહરી બુધ; શાબાશ તારૂં શાહપણ, શાબાશ તારી સુધ. ચાર બારણે ચોકીયો, એવી ચોકી ચાર; નવિ સંદેહ ગણ્યાં નવ, અચરત એહ અપાર. તમો છળ કરીને છેતરો, પ્રાક્રમ કરો બહુ પેર; લાજ ખોશે લક્ષવરી, ફરી બોલો છો ફેર. બાર મણ ગોળ બે ગુણમાં, પચીશે નહી પ્રીત; રાડ કરશું રાવળે, રૂડી નહી એ રીત. તમે જુઠા બોલા જગતમાં, ભારે ખોશો ભાર; જીવાડશો કેમ છોકરાં, ન રહે તમારો કાર. એવું જાણી કો ધીરશે, આપદ મુકશે થોક, ખોટા ખોટા કહે સહુ, લક્ષ કોટીધા લોક. ન્યાય ચુકાવ્યો તે નરપતી, વણજારાનો નહિ વાંક; ગુણો ગઇ ઘેર તારા ધણી, એતો આડે આંક. હાલાવાલા

વેહેપારીને, ગળે પડયો તો ધોર, શાહુકાર બિચારા ચાર એ, ચિંતવતોતો ચોર. માણિ ગોળ મોહોકમપણે, સાવટે લીયો સાચ, જુઠો કીધો શાહુકારને, નાવી ઉની આંચ. કોણે કલક ન જાણીયું, જાહેર થયો નહી જાર; ઉગારયા પેલા ચારને, ભામનીએ રાખ્યો ભાર. મોતિ પચાવ્યાં માનની, લીધા સતતો રાંક; ગોળ લીધો પેલા ગરીબનો, ફજેત કરયો તે ફાક. એવાં પ્રાક્રમ આવડે, તોજ જારીએ જાઓ; નહિંતર લાજ ગુમાવશો, ગોવિંદના ગુણ ગાઓ. કરવું તે તો સહેલ છે, વાળતાં દાવાનળ દુઃખ; વિજાર વિદ્યા આવડે, સમજે તેમાં સુખ. વિજાર વિદ્યા સહુથી વડી, કળા સત્તરમી એહ; વિજાર વેદ છે પાંચમો, એમાં નહી સન્દેહ. વિજાર રત્ન પંદરમાં, તોતેરમી કળા શાન; વિજાર વિદ્યા સહુથી વડી, અક્કલ દે આણી અંત. પંડિત એ પ્રીછે નહી, કવિતા નવ જાણે કવિન; ડાહ્યા ડાહ્યા એહમાં, ચતુર ચાલે ચિત. ભામનીએ કાંઇ ભોળવ્યા, કાંઇ ડાહ્યા કાંઇ શુર; કાંઇ જોરાળા અતી ઘણા, નારીએ ઉતારયાં નુર લીંબુ રહેતાં મુછપર તરવાર આકરી હોય; તે કાયર કીધા કામની ગાંજી ન શકે કોય. પ્રાક્રમ પટેલ જાણે નહી, હાકમની નહિ હામ, રાજા રીત જાણે નહી, કામની કેરાં કામ. સુરાને કાયર કરે, પંડિત મુરખ થાય, રાજાને તો રાંક કરે. માનનીનો મહિમાય. ગુજર દેશ ગુરૂવો ઘણો, અમદાવાદ એહ; કવિ શામળ રહે તિહાં, નારાયણપર નેહ. માતર પ્રગણામાં મણિ, સિંહજ શીગોમણ સાર; વાશણ વિષે અંશપત, દેહ કાવ્ય દાતાર. કુળ સુધ કાઉજી તણું વાસણ જસનો રૂપ; દાન નિત્ય આપે ઘણાં, ભારે કર્મનો ભુપ. મનજશ મહા મહારાજ એ, લક્ષ કોટીધ્વા લાજ; પાંચ પુત્ર પ્રાક્રમિ, કરે પરમારથ કાજ. ઝવેર જશવંત તેહનો, શોભાવ્યાં ઘરસુત્ર; દાતા દલ દરીયાવ છે, પ્રતાપવંત એ પુત્ર. શ્રોતા વક્તા સમજતા કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ.

—❧—

વારતા ૩૯ મી.

(ચોપાઈ) પ્રથમ ગણપતિને પુજીએ, સકળ શાસ્ત્ર સુદ્ધ બુદ્ધ સુજીએ; સિંદુર અંગે શોભિત સાર, મોદક અમ્રત કેરો આહાર ૧ પારવતિ કેરો એ પુત્ર, શોભે એ ચીંતમણી ઘરસુત્ર; ક્ષેમ કલ્યાણ જેના જામાત્ર, પુન્ય પ્રમાણિક પ્રેમલ પાત્ર. અષ્ટસિદ્ધ નવનિધ ઘેર દાસ, લક્ષ લાભ પુત્ર છે એ પાસ; ગુપત નામ છે તે ગુણનિધ, શારદા સરવદા આપે સિધ બ્રહ્મ તનયા હંસવાહન વેદ, બ્રહ્મા સરખી ન લહે ભેદ; બ્રહ્માની બેટી સરસ્વતી, મયા કરો આપો મહામતી. સરસ્વતી પ્રસન્ન જેને સદા, ચીંતા ન પામે કોઇ કદા; સરસ્વતિ જેહને મન વશી, ઉનમ તેને નવ રહે કશી. (છપો) સકળ સૃષ્ટિમાં શક્તિ, જગત જોયો મેં ઝાંખી, વેદ પુરાણ કુરાન મળે કવિતા ભાખી અન નીર આધાર, પાર તે અપરંપારી. વરસ વેલ રંગરેલ, તેજ ત્રિલોકે તારી. જળ ચૈતન્ય નર નારમાં, જલથલ થાવર વાસે વશી, આરાધુ શામળ અનપુરણા વળતી ચીંતા કરવી કશી, નહી દાવાનળ દુઃખ, ભુખ ભય નહિ ભેટે; સુખ સાગર સંપત, લક્ષ લીલા ઘેર લોટે; નહી અમી નહી આંચ, સાત સતવાદી શુરો, પ્રમાણ કરે પુર પાંચ પુન્ય પરાક્રમિ નહી પુરો; અષ્ટમા સિધ નવ નિધ રીધ, મહાં લક્ષ્મી વાસો વસી, શામળ સેવે સંખલપુરી તેને ચીંતા કરવી કશી. (ચોપાઇ) ઓગણચાલીસમે દિને નાર સોળે આપ ધર્યા શણગાર; ટીલાં ટપકાં પુરણ કરી હેત ઘણેથી તે નીસરી. ગાન તાન કરતાં ગુણગેલ, સુગંધ ભરી ત્રીવીસે તેલ, માંગ સમારણ છુટા કેશ. જારજોબન બાળવેશ, સકોમળ જાત એ નારી તણી, સકળ શાસ્ત્ર એ છે ભણી; કામની પ્રપંચ

કેણુ જ કહી, આવી પોપટ પાંજર તળે. કહે પોપટ ભલે આવીયાં. નક્ષિતમ વાતો કાંઇ લાવીયાં; ઘણાં ડહાપણાં છોજી તમે, તે માટે પુછુ છું અમે. રૂડી કરમ તારાની રતી, ઘણા ગુણ તણી છે ગતી; પોપટ કહે જીવો જશ રૂપ નાગ નિધ ભામન છો ભુપ. (છપો) વાસ બાર એ વાર, ભાગ ચોથો લખ લીજે; તેનું અર્ધ પણ આઠ, આઠ એક ઠામે કીજે ત્રીસ ગણુ કર તેહ, બાર નર અધિપત એવા; સાએ ગણુ સમાથ, દેહ ભોગવજે દેવા; નર નારી અનંદ કર, ગણીત શાસ્ત્રમાં જેમ ગણે; આર્શીરવાદ એવા અધીક, શામળભટ સાચુ ભણે. (દોહરા) આશીશ એવી સાંભળી, સમજી સામા સઘ; પ્રમાણ કરજોડી કહી તે તો આલી હદ. પધારશો કર્યા પ્રેમદા, માઝમ રાત મહા મુલ્ય, ઇંદ્રનણી જે અપછરા શોભે છે સમતુલ્ય. રંભાદે રૂક્ષ્મણી રોહણી તેવી શોભિત સાર; રૂપે તું ઘણી ફુટડી, નક્ષત્ર સરખી તું નાર અભુષણ અતી ઓપતાં વસ્ત્ર તણાં વીવેક; શેવક સહચર સાથે નથી; નાર હીણુ મહી નેક, જરૂર જાઉ છું જારીએ એકાકી છું આજ; બોલ્યો વીર તું મહારા કહેતાં આવે લાજ. સુખે જાઓ સુંદરી ગુણ ફેલાવો ગામ કદાચ કઇ સંકટ પડે કરજો રૂડાં કામ નારરણીયા નાપીક તણી નારીએ કીધું જેમ; તારા તેનું નામ છે તોલ કરજો નમો તેમ. ચરણ પાછો ચાંપીઓ, ઉભી રહે તે નાર; તે વિદ્યા મને શીખવો અપરંપાર અપાર. કવણ તારા તારૂણી, કવણ નારણીયો નામ; કવણ સાથે સ્નેહ હતા કવણ પ્રકારે કામ. તેહ બતાવો મુજને તમે ડાહ્યા છો કીર. એ કહો મુજને વારતા, વેહેલા બોલો વીર, (સોરઠા) એક કરૂં છું અરજ સ્નેહ થકી જો સાંભળે ઘણી હોય જો ગરજ, પાગરણ કીધાં પરહીએ કીરે કહ્યું જે કામ, વાસ ઘણે પ્રભાવતી થીર કરી આપો ઠામ; વિનતી સાંભળી વારતા તે બેઠી છે તેહ વચન સાંભળવા કારણે પોપટ કહે છે મર્યાદ તરૂણી તે સર્વ સાંભળો. ચોપાઇ—વેત્રવતી તીર છે વાસ તેજ પુરાણ પ્રકાશ; વડવાશુ ગુણવંત ગામ, ગોપાળસિંહ નરપતિનું નામ આણુ ધરમની ગામે ફરે અસત્ય અન્યાય કો નવ કરે. લોભી લાંચી નહી લહે કો લુંડ પાપી જનને દે છે દંડ કુડા કપટી વસે છે જહી તેને મોહોકમ મારે તહી ચુગલ ચોરનું ચીરે પેટ ઠીક પોહોચાડે તેને ઠેઠ અમચ અન્યાયતનથી તાજ રામચંદ્ર સરીખું રાજ નારણીયો નાપીક નામમાં ગુણવંત રહેતો ગામમાં વિવિધ પ્રકારનાં વહેદાં કરે દોષો દુખે મનથી નવ કરે જડી બુટીના જાણે ભેદ વનસ્પતિ ભાર અઢારે છેદ બીજી અષિધીઓ અનેક કેરી જાણે તેહ વિવેક; વરણાગીઓને વ્યસની વેશ, કારીગરીમાં પાડયો પેશ, કબુલ કર્યો લોકોમાં ઠાર ભુપત સરખા માને ભાર; તારા નામ નારી તેહની, દેવાંસ જેવી દેહની. નારી એ નક્ષત્ર સારખી પ્રેમ ધરીને તે પારખી નાશીકા ચંપાની પાંખડી, અણીયાળી આંજે આંખડી દાડમ કળી જેવા છે દંત. એનું સુંદર રૂપ અનંત અમ્રત જેવાં બોલે વેણ નીચાં ઢાળી હીંડે નેણ. મધુરી વાણી મુખ ઉચરે સમરણ શંભુનું કરે; વરણાગીને રૂડો વાણ, મુખ શશી અંબોડો કાન સુંદર રૂપ લક્ષણ તે તણું શું વખાણ કરૂં મુખ ઘણું આનંદમાં રહે અહરનીશ નાવા ધોવા રાતને દીશ વસવાયુ પણ વારે વેશ સવાગજના શુભ કાળા કેશ તેહ ગામમાં ગાધરવ વસે. ધરમ મારગ ઉપર સહુ ધસે ગાંધરવનાં ઘર છે દસ બાર અહસ્થાવટ છે અપરમપાર. ગાંધરવનો ગીરધર છે પુત્ર, વરસ સોળ તણો શુભ સુત્ર બત્રીસ લક્ષણ ચતુર સુજાણ સોળ કળા સંપુરણ જાણ છત વાજાં છત્રીશે તાય, રાગ રાગણી રૂડા ગાય. વળી નૃત્ય નાવહની રીત પુર બાંધીને તે શું પ્રિત મધુર કંઠ તેહજ તણો મોહ પામે માનવીયો ઘણો પાદશાહી પોશાક પેહેરે અંગ રાજા જેવો રૂડો રંગ; છેલ છબીલો થઇને ફરે; કોઇથી દુશમન તેથી ડરે ચમક મુખ ચાલે છે તેહ. તે નારીને ભાઈઓ નેહ કેમ રૂપ જેનો હીરો, માનનાને આવ્યો આંકડો

તે નારીનું અટાયું મન વેચાણુ તન મન સાથે ધન; પરવશ પડી ગયો છે પ્રાણુ વાગ્યું તેહનું મોહનું બાણુ તજી નીંદ્રા અન્નને નીર, સુકાવા માંડયું શુધ શરીર વસ્ત્ર પહેરવા ન ગમે અંગ ન ગમે તેને રૂડો રંગ, ન ગમે કોશુ કરવી વાત આલોચના કરે છે જાત; સ્નેહ કરે નહીં કોની સાથ દલ રાખે પોતાનું હાથ. ન ગમે નાહાવું ધોવું નીત્ય, ન ગમે કોને મળવું ચિત્ત; ગમે ધરનું કરવું કામ જંખે સ્વપનામાં તેનું નામ, ન ગમે પહેરવા શણુગાર ન ગમે મુક્તાફળનો હાર પરવશ થયો છે જેનો દેહ, કાંઇ ન સુજે તેને તેહ. છપો.—પરવશ જેનું મન તેને નીંદ્રા ન આવે, પરવશ જેનુ મન તેહને અન્ન ન ભાવે; શાં નરને શાં નારીઓ પરવશ જેનું મન થયું ડાહાપણુ સુખને શાણુપણુ, શામળ કહે તેહનું ગયું. (ચોપાઇ) એક દીવસ તારા તરૂણી કામાતુર કાયા કારૂણી ગાંધરવનું તો રૂડુ રૂપ અકલવત છે અતી અનુપ ગીરધર વળાવ જાતો જેમ, તારા ચાલી તે વળા તેમ પાગ્રણુ પખાળા નાહે નીર ગાંધરવ નાતો તેને તીર, જળ મધે માથુ ચોળતો દેણુ પોતે હાથે ઓળતો, તારા કહે આવ આધો તું વેણુ જાળવાને ઓળું હું, તે બાળક ભોળવાઇ ગયો વચન વિનતા વશ થયો; રામા ચરિત્રના કીધી રીત પરઠી તે સાથે બહુ પ્રિત. તારા સમાર્યો તેના વાળ નાપણુ કહે શું નરસો નીહાલ; તેનુ મળે ઓશીગણુ થાવ એમ કહીને ચાંપ્યા પાય. ગાંધ્રવ કહે જે માગો તમો. મુજથી અપાય તે આપુ અમો બુદ્ધ વીચારી બોલ્યો બોલ. તારા જાણ્યો તેનો તોલ મારા મંદીર આવો રાત પરવરજો પ્રોઢે પ્રભાત રંગ રમાડું પૂરણુ પેર, એક રાત રાખુ તુજ ઘેર. વાહાણુામાં વળાવી દેઉ આપણુ રહેશું એકને બેઉ ખાઓ પીઓ ને ખુબી કરો, પરોડીયે પાછા પરવરો ગાંયઝાને મોકલું ગામ એટલું મારે તુજથી કામ કોલ આપ તારા તાતનો, ભાગ ભેદ મારી વાતનો (દોહરો.) ગીરધરીઓ કહે ગોરડી, ગાંધર્વ ઉત્તમ જાત એહ કામ નવ આચરૂં નિચ નાપણી નાત જાય ઇજતને આબરૂ જાય લાખેણી લાજ જાય શાહુકારી શાહપણુ, એવું ન કરૂં કાજ. ભાર જાય તે અમ તણો જાય જાતમાં માન શાણુપણુ ન રહે માહરૂ ન કરૂં એવું કામ. છપો—પરનારી શું પ્રીત, સાત તાવ સાથે ચઢીયા; પરનારીશું પ્રિત, પ્રિતે જઇ નરકે પડીયા. પરનારીશું પ્રિત, ધર્મ તેણે શા તોળ્યા, પરનારીશું પ્રીત બાપનાં બોહોતેર બોળ્યાં પરનારીશું પ્રીત કરી નવ ગ્રહ વાંકા તેહના શામળ સુખ પરવારીયુ દાવાનળ દુખ દેહનું. ચોપાઇ—એહ કામ હું તો નહી કરૂં દેહ આગના માંહે નહી ધરૂં વણુ મોતે તો મરવું પડે દોશી દુશમન અમને નડે એતો છે નરકની ખાણુ એ વાતે તો ખોએ પ્રાણુ ઇજત આબરૂ જોતામાં જાય, કઇ વેઠું હું શાને કાય જા નારી તું તારે ઘેર. પ્રીછયો હું પ્રેમદાના પેર નારીની બુદ્ધ પાનીએ છેક રહે તે કેમ છાનીએ. નારી કહે મારૂ શું ગયું વચન ભ્રષ્ટ તો તારૂં થયું ગયો તાત તારાનો બોલ બે બાપનો બે બોલે બોલ; પાઘડી શીદ બાંધે છે તું નહિ તો મેરી કહેશે સહુ તૂતો સાડલો કાંચળી પેહેર તું ખુણે બેશી રહે ઘેર. જે કો બોલે ભુંડુ ભાંડ તું નહી નર તું જોને રાંડ વચન ભ્રીસ્ત તાહરૂ તો ગયું તુજ માંહે શું દઇવત રહ્યું તાહરૂ તો મોહોડું કુણુ જુવે તારૂ ડાપણુ નાંખુ કૂવે તારે રહ્યા ઢી કુણુ જાગ તારા રૂપમાં ઉઠી આગ, તારો ગુણુ તો ગળીઓ ગરદ તું નિરબળ ને હું તો મરદ. રાંડીરાંડને વચન જ પળે નીકળ મારી ઝાંઝજ તળે હિજડો નહી તું ઘોંશી નાગ ખોયું વચન લહરે મેં લાગ ગાન ચાતુરી ડાપણુ ગયું વચન ભ્રષ્ટ તે નરનું થયું હળવો કીધો પીંપળ પાન. તાહરૂ તો ઘટે છે માન તને તો દાશી વત કરયો ગાંધરવ બોલ રદેમાં ધરયો. એવા મેણ્યાં દાવે દીધ બળાવીને ઓશીયાળો કીધ તેને મનમાં કરયો વિચાર કેતારયો એણે મુજ ભાર દોહરો—ગીરધરીઓ

કહે ગોરડી બોલે વધતો શું બોલ હું કહું તે જો તું કરે રહે આપણો તોલ કોલ આપ્યો તેં કામની. પ્રીછવી તેને પેર વચન માહરૂ જો પળે તો હું આવું ઘેર તારો ધણી આદર કરે દે ઘણા સનમાન; પાથરણાં શુભ પાથરે આપે ફોફળ પાન. સનમાન પુરી જે કરે ઘણોક મેલે ગરવ તો હું આવું તમ ઘરે સરે કામ તે સરવ મીન મેખ એમાં નહી, સાત વાત એ શુભ હોય ગરજ મન તાહરે તો સરવે એ બુજ ચોપાઇ—તારા કહે સાંભળરે મિત્ર. કઇક રમાડીયે ચરિત્ર તારે મેળ માટીનો મળે. વચન આપણા બેનાં પળે રામા તણું ધરીને રૂપ થાઓ ભામની ભારે ભુપ કૂમ કુમ કેરી કરજો આડ એવું સ્વરૂપ એને દેખાડ લાજ કરીને લેજો તમો કરવું હશે તે કરશું અમો એ વચન મનમાં વરર્યાં તાળી દેઇને બે જણ હસ્યાં અરસપરસ ખાધા છે સમ જો ઇશ્વર કરે છે કેમ સાંજ સમે કરયો વાયદો કોઇ ન જાણે તે કાયદો એમ કહી વળીયાં છે વાટ મનડાનો મટયો ઉચાટ નરૂ બહુ આનંદ મનમાં હોય અન્ય વાત નવ જાણે કોય તરા મંદીર આવી ત્યાંહ માટી બેઠો મંદીર માંહ કંઠ બાંહ ધાલીને હસી; કંથ તમને કહું શું કથી ગણેશ ચોથનો દીવસ આપણ કીજીએ; ગુણપતને આહાર દીજીએ આટો આપણ ઘરમાં ઘણો ગોળ ઘીની તે વિદ્યા ભણો જાઓ વેલા થાઓ તઇયાર સાંજ પડે લાગે છે વાર નિસા સમે વેલા આવજો રૂપીઆને પઇશા લાવજો. તારાંએ એમ કહ્યું જાહરે નારણ તઇયાર થયો તાહરે કમર બાંધી ચોફાળ ઓઢીઓ નાર જોવાને તે દોડીયો. સ્રીએ મનમાં કરયો વીચાર હવે હુતો પામીશ પાર હમણાં નાયક તો આવશે તે તો મારે મન ભાવશે. વિચારયું તે વાયે જાય અણ વિચારયું આગળ થાય. મન તો કહે હું મેરૂ ચડુ કરમ કહે કોઠીમાં અડુ દોહરા—ગીરધરીએ વીચાર્યું થાઉ હવે તઇયાર; જાઉ એને મંદીરે શોભીત પેહેરૂ શણગાર. વેણ સુંદર શોભતી તેલ ફુલેલ તે-માંહ તાડે દામણ પાડીઓ સિંદુર સારયો ત્યાંહ આડ કરી કપોતશી ટીલી કીધી તેણ, કાજળ કીધુ આંખમાં કટાક્ષ કીધાં નેણ. પડઘા પેરયા પ્રેમશું ઝાલો ઝબકતી જોર હાર હીરાની સાંકળી દામનીએ ઝળકે મોર, પદઘા માળા તુળસીને પાટીયાં, આભુષણ અપાર કાંબી કડલાં વીંછુવા સંગર ત્રોડા સાલ પાંચ પટાનો ઘાઘરો ચોળી ચરણુ ચીર નરખે જે કો નારને લાગે તરકટ તીર ત્રાઠાં અગસાં નેણ કર્યા. દેવલનાં શી વાણ કીરના જેવી નાશીકા ગજની ચાલ પ્રમાણ. કટી જેવી કેશરી રૂપ તણો અંબાર આગે પુરૂષ બળી નાયકા તેને શાની વાર. પાછલો દીવસ તે તે રહયો ઘડી ચાર કે પાંચ ગીરધર મન આણંદમાં ચાલ્યો તે તો સાચ ગીરધરીઓ ગોરડી થયો પે'રયા શુભ શણગાર ગાંધરવને વળી ગુણનંધી પ્રાક્રમ અપરંપાર, આભુષણ અંગે ધરયાં પહેર્યા વસ્ત્ર વિવેક, સેંથો પુરયો શોભીતો નારી કેરા નેક, સંધ્યાકાળ વેળા સમે કરવા કઉતક કાજ; નારણીયા નાપીક ઘરે આવી કરીને લાજ; તારા કહે આવ્યાં તમો, ભાગી અમારી ભ્રાંત; અસ્વાગત અદકી કરી પગમે લાગી પાગ. વેગે દેઉ વધામણું ગુણું તમારા ગાઉ ભલે ભલે અહીં આવીયાં પ્રીતથી પ્રસન થાઉ નારી કહે ગાંધરવ સુણો ગયો ગામમાં નાવ: રંગ સમે આપણને ન મળે આવો દાવ. સન્યા હાળી શોભતી તળાઇને ઓછાડ મુજ સાથે રંગે રમો માનું તારો પાડ બંને સુતાં સેજપર, રંગ ભોગની રીત આનંદ વાધ્યો અતી ઘણો પુરણ વાધી પ્રીત. સાત વાનાની સુખડી આરોગ્યા બે આપ; મુખવાસ કરાવી બેઉ જણે. ખરી નીશા થઇ છાપ. આનંદમાં આળોટતા કરતા સરવે ભોગ; કઉતક થયુ કારમું. સરવ મળ્યો સંજોગ. સોરઠા—ચડે ઉંચો જે મેર; પડે તે ભોય ઉપરે પેઠ પાતાળ જઇ તેહ ગોત્યો ન જડે નામને અવળી ગત છે એહ પરમેશ્વને પ્રીછે નહી એમાં નહી કહેક વીચારયું વાયે જશે દોહરા—નારણીયો ઘેર આવીયો ધસમસ કરતો બેઉ આ-

વ્યો ઘરમાં ઉતાવળો માટી ફેરૂં શેણુ સુતાં દીઠાં સેજપર નારીઓ બેહુ તુર આભુષણ ઉચાં અતી જાણે ઉગ્યો સુર આતો કઉતક કારમું, આ નારી કૂણ હોય; અચરત પામ્યો અતી ઘણું આવ્યું ન દીઠુ કોય ક્રોધ પોહ પુરણ થયો ભમર ચડવ્યું શીશ કાયામાં દવ લાગીયો માંરૂ મેંને આ દીઠ થર થર બેહુ ધ્રુજ્યાં. અરે હવે શું થાય નાયક મન વીચારયું તજવી પડશે કાય નારીને કહે પાપણી નાપણી તારી જાત મુજને અંતીક મારશે લુંટશે મીલકત રાત નરેણીએ નખ કાઢશે અસતરે ઢાંકશે આંખ ડાહાપણ તારૂ જાણીશુ વાત ઘહાથી રાખ પથરીએ પુજા કરે ટપલે ટીપે તાર ચીપીને રૂવાટાં ચુંટશે કરશે મુજને ચોર આરસી જેવું મોં ઉજળુ. કરશે કાળુ શ્યામ નામ મારૂં બોળશે ફેડશે એનો ઠામ કતરે કરી કાતરે આંતરે આડા આપ. તારે સંગે આવીયો પુરણ મારાં પાપ લાજ જશે મુજ લોકમાં નાત કાહાડશે બહાર રાજાનું માન ઉતરે સાંભળ નાપણ નાર પોપટ કહે પ્રેમદા. ધણી કેમ માને ધન્ય સંદેહ ખરો ખરખરે મેલ તજે કેમ મન વચન બેઉનાં કેમ પળે આગળ થાય કેમ એહ શેઠાણીને શુક કહે; મુજને કહોને તેહ, શેઠાણી કહે શુક સુણો મુજ પડે નહી સાજ મારા સમ તે કહો મુને વીનતા કેરી વાત જરૂર રાત જાશો નહી. ખરો સાંભળો ખેલ ચરીત્ર રૂડુ શીખવું. માનની કેરા મેલ આજ રાત જાવું નહી તે વાતે સમ ખાઉં સુરજ ચંદ્ર બે સાખીયા જરૂર જારી નહી જાઉં દાઢી કરો છો તેમ કરો નાહો ટાઢે નીર વસ્ત્ર બીનાં પેહેરીને બેઠા બાવન વીર સાંભળવાને તું વારતા શુક કહે કહું વાત સાંભળો એક ચીતે કરી સત્ય કહું સાક્ષાત પલંગથી હેઠે ઉતરયાં ભોમ બેઠાં બે આપ ત્યાર પછી જે જે થયું તે કહું પ્રતાપ. ઘુંઘટ તાણ્યો છે તીહાં માંહેથી દીસે મુખ જે કો પરખે નારને ભાગે તેની ભુખ. અપછરા જેવી ઇન્દ્રની ત્રૈલોકમાં નહી તોલ હળવી હળવી અમૃત સમુ બોલે વીચારી બોલ, મન ચળે મુનીવર તણાં જોવા સરખી જાત્ર દીગંબર સરખા ડગમગે તો એ કોણ જ માત્ર ચોપાઇ—તારા કહે તમે સાંભળો, મુકી દયો મનનો આંબળો ગીરધરીયા ગાંધરવની વહુ મારે પ્રીત છે એને બહુ આજ ગઇતી હું ભરવા નીર. તે પણ આવી તેને તીર; તે ત્યાં નીર વસ્ત્રજ ધુવે, મુજ સામુ જોઇને રૂવે ત્યારે મેં કહ્યું સાંભળ બાઇ, શાને માટે રોશે ભરાઇ; બોલી ગીરધર કેરી વહુ સાંભળ બેન હું વાતજ કહુ. સાસુ મારી કપરી કોડ મુજ સાથે બાંધી છે હોડ. વઢે રાતે મુજને તે ઘણું, તેના અવગુણ કેટલા ગણું મુજને કહે છે વાંઝણી તું તુજને તો રાખું નહી હું; બીજી નારી પરણાવું કાલ. નારી તારૂ મોહું બાળ એવાં મેણાં દિધાં તે દીસ, તારે મુજને ચઢી રીસ; એતો આવી પડવા કુવે. મુજને દેખીને એ રૂવે મેં તે સાથે કીધી પ્રીત, મહીયર કેરી રૂડી રીત; કાઢે વાત પુછુ તે ૧થી, તને પેટ મસવાડો ન આખો દહાડો ઝુરી મરૂ, કીયો ઉપાય હું કરૂં; એવી વાત મુજ આગળ કરો તેહ વાત મેં કાને ધરી તારે હું બોલી જેહને ગમતી વાત કહી તેહને દેખાડ મારા ધણીને નાડ મુજને તે ઉપર લાગી રાડ. નાડ દેખાડવા કારણે શુધ સાગર આવ્યાં બારણે તમો તો ગબાલા ગામમાં હુતો હતી મારા કામમાં બેસારયાં પથારીને પાગ અફકી દીધી તેને આશ; ઝોલા ખાવા માંડયાં તેણ, ત્યારે હુતો બોલી વેણ. બાઇ તમે પલંગે સુવો, શાને ઉંઘ નીશાની ખુઓ; પોઢો બેગા તમો જાહરે નીદ્રા આવે મુજને તાહરે, એનાં મનમાં લાગી બીક તારે કીધી મેં એનાં શીખ; ત્યાં તો તમે ઘરમાં આવીયા, પઇશા રૂપીયા રોકડા લાવીયા. દોહરો—તારા કહે તમે સાંભળો જુઓ નારીની નાડ; ભ્રાંત ન રાખો ભામની દલ કરી નાડ દેખાડ. રોગ તણી પરીક્ષા કરે, એહનું ટાળે દુઃખ ઓસડ ઘટતું આપશે શરીરે થાશે સુખ ધનંતર ધણી માહરો, સાજે સઘળા સુખ ઓસડ કાંઇક આપશે પામશે પોઢો પુત્ર

માથાનું મેણું ટળે, ટળે વંઝાની ગાળ; બ્રહ્મ આગળ દુખ દાખીએ. તો તો આવે બાળ. લાજ શરમ ન રાખીએ પોતાનો ભાર; રૂડા ગુણ તો રાખીએ, નવી ખોઇએ દાદ કાલો ઘેલો તે થયો: સ્નેહ કરયો તે સાથ એ જાણે હવે શું કરૂં, એવી મારે હાથ. તેને ઘરમાં તેડીયાં, પાથરયાં પાથરણાં પ્રીત ખમા ખમા કહ્યું રાજસ કેરી રીત. આવ્યાં ઘરમાં ઓરડે બેસાડી એકાંત નાડી જોઈ નારની, ભાગી મનની ભ્રાંત થર થર તે ધ્રુજ્યો વદી શક્યો નહી વેણ, છતવતી છાની રહી, નીચાં ઢાળી નેણ આપૂ ઓસડ હું તને કરૂં તમારૂં કામ દશ મહીને આવે દીકરો તો નારાયણ મુજ નામ. બોલી નહી તે બાળકા હેતે ઝાલ્યો હાથ સમરપવા માંડી સેજપર બહુ વાધી બીડી બાથ, ઉઠી રામા અતી રીસથી કરડવા માંડયું નાક. મારયો તમાચો મુખપરે. વરવાં બોલી વાક્ય તારા તણું ને કંચનું સો વસા છેદાવું શીશ. બોળત્રી લાવી ભામની. આજ આથમતે દીશ નાદ ઉતારૂં તાહરો મોડુ તારૂં માન. લાજ ખોવરાવું તાહરી કરૂં હું ને પીંપળ પાન. નાક કપાવું તાહરૂં લુટાવું ઘરબાર, શુળી દેવરાવું સજન સહુ ભૂંડે ખોયો ભાર બાળ ડાહાપણ શાણપણ, બાળ તાહારી બુદ્ધ બાળ તાહરી અકલને નહી આય નહી શુદ્ધ હું તારે મન નાચણી, શું જાણ્યું તે એહ અકરમી બળ્યો ઉછળી અભ ડાવી મુજ દેહ સાસુ સસરાને સોંપશું, દેખાડશું દેદાર. નીચ જાત એ નાપીકે, કીધું કામ અપાર ફાડી મારી કંચુકી ફાડયું મારૂં ચીર. ડંખો વાગીયા દંતના, શીથીળ થયું શરીર. માર દેવરાવું ઘણો, કઢાવું ગામ બહાર નીચ ભેગ તે કરયા, ક્ષણ ન લાગી વાર. દશ વીશેક ઘ્હાં આવશે, મારે મુતારા માર. પંચ ઈટાલી પલકમાં કરશે એકાકાર, ગુનેગાર તેને કરશા; રાખશે અતીશે જોર. નરમ પડયા નીમીશર માં, ટેક ન રાખ્યો તોર, જાશો કયાં માના પેટમાં, દેખશો ભુંડા દીશ. દેવરાવું છું શુળીએ છેદાવું સહુનાં શીશ. નાક વઢાવું નર નારનું, ફેરવું બધે ગામ. ઘર ખોદી નંખાવશું, ફેડું તારો ઠામ. ચોપાઇ—એવા બોલ તે કહ્યા અતીશ, કઠણ વચન તે કહ્યાં તે દીશ. સરવ સાંભળે બેઠાં જ્યાં, નારી વચન કહે છે ત્યાં. દોહરા—કામની તારા કરગરે, ફાળા પાથરે ખેલ માને નહી તે માનની મળે નહી એ મેળ જે તું કહે તે હું કરૂં અમો તમારા રાંક; જખ મારી એણે અમે, ક્ષમા કરો તે વાંક ગમાન વહુ ગીરધર તણી કહે તે કરો કામ; વાંક ગુન્હો બક્ષે તને લીયે ન તારૂં નામ. ગમાન કહે તમે સાંભળો, કરો કહુ તે કામ; વતુ કરવું પગ ચાંપવા, તો ન લીયે તુજ નામ વારૂ કહ્યું તે નાપીકે, રામા થઇ રોખ, નાપીક નાપણી બે જણાં, રહ્યાં પોતાને જોખ તારા પતી પગે પડી, સાંભળ કહું વાત હું તો જાઇશ કાશીએ સત કહું સાક્ષાત, આજ તો વળી એહ છે, કાલ તું બીજો કર; મારે તો મરવું પડે તું પણ ત્યાંહ મર. તુજ વીના સુજ પડે નહી ન ગમે વાત વીચાર સુવું ન ગમે સેજપર, ન મળે તુજ સરખી નાર. તું કહે તે તો હું કરૂં તજો રીસ મન આપ; તમને આવે જે ખરખરો તે પંદરવાર મુને પાપ. કથે રીઝવી કામની કામનીએ રીઝાવ્યો કંથ; ચતુર મારગ ચલાવીયે પુન્ય તણો જે પંથ, ગોવીંદ બ્રાહ્મણ ઘર તણો, પ્રેમદા સાથે પ્રીત આવી ન શકતો આંગણે, રહેતે નહી તે રીસ; તે વેળા તારા કહે, ઠીક કરી મન ઠાઠ; ઘેર તેડીયે ગોવિંદને, કરે રામ રક્ષાના પાઠ. શીવપૂજન શ્રાવણ માસમાં, ચઢાવે બીલીપત્ર ચંદન કુમકુમે; તે વેળાયે તરત, એક વરસ એવું કરો. નવ રાખો મન શૂન્ય. પાપ સરવે પ્રલે થશે, વધશે પ્રૌઢુ પુન્ય, જીવતા સુધી જશ ક્લો. રહયો ઓશીયાળો આપ રાજ કરયું તે રંઝશું કામનીના પ્રતાપ, એવાં પ્રાક્રમ આવડે, તેહ જારીએ જાય; નિંદા થાયે નરકમાં, નરકકુંડમાં નાખ. પ્રાયશ્ચિત ઘણું તે ભોગવે, ઘણાં પાપ તે વાર; નથી તેનો છુટકો, લેશ માત્ર લગાર. શાબાશ કહ્યું એ સુંદરી, એવી વિદ્યા વેદ; રૂડુ ચરિત્ર રમાડીશું, ભાગ્યો

મારો ભેદ, શાસ્ત્ર પુરાણુમાં શોધતે, સારૂ એહ ચરિત્ર અકલ ત્રિશુ અવળું કહે, પાંસરયું કહે પવિત્ર શાખ શાસ્ત્ર દે છે સહુ. સુધી છે એ વાત; અકલહીણ જાણે નહી. ખરી ખોટી એ ક્ષાત. સાખી સમસ્યા સોરઠા, કવિત ચાતુરી ચેન; ઇશ્વર મળવાની કથા, અકલ હોવ ંતા એન. માતર પ્રગણે મહીપતી, શીહજ શીરોમણ ગામ; રખીદાસ રાજસ વડો, નવે ખંડમાંનામ. વાસણવંશી અંશપત, મનજી સુત મેરાણ; રખીદાસ રાજસ ઘણો, પંચ કરે પ્રમાણ. પાંચે પુત્ર પરાક્રમી, એક એકથી એક; વેણીદાસ વડહથ સમે, નરપતી જેવા નેક ગુર્જર દેશ ગરવો ઘણો, અમદાવાદ અધીપત; શામળભટ વસે તિહાં, છ પ્રકારે છત. રખિયલ તેડું મોકલ્યું. કવને ઝાઝાં માન; આદર ભાવ અદકો કર્યો, ખાનપાન સન્માન. ગ્રંથ કરાવ્યો ગુણનિધી, સિંહાસન બત્રીસી સાર. તે સોંપી ભાટ ગમાનને, પ્રાક્રમ અપરપાર; ઝવેરે કરાવી શુક બોહોતેરી, સ્ત્રી પુરૂષ સંવાદ. સોંપ્યો ગમાન સુત સરદારને, આણી મન ઉલ્લાસ. શ્રીગોડ માળવી ભટ્ટ શામળ, વિરેશ્વરનો તંત; પિતા પુરૂષોત્તમ તણો, નિરમળ રૂડુ મન. ઝવેર પ્રતાપે જશ કહ્યો, અધિપત એ અજ્ઞાન; વિવિધ પ્રકારે વરણવું, વેદ વાચક વિજ્ઞાન, એવું સાંભળી આપશે; વસ્ત્ર અન્ન દક્ષણા દાન, આ લોકે જશ પામશે. પરલોકે હરિમાન, શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ લઘુ બાંધવ લાધા તણો, કવિતા શામળદાસ. ગાય શીખે ને સાંભળે, પોહોંચે મનની આશ; એહ કથા પુરણ થઈ, કહે કવિ શામળદાસ. શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કરનેહ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૧૧૬

—⟫※⟪—

વારતા ૪૦ મી.

ચોપાઈ—શ્રી ગણપત દુંદાળા દેવ શુભ પ્રકારે કરે જે સેવ; પ્રથમ પહેલો ગણપત પુજાય સકળ કામે સીધી થાય. કોડ પોહોંચાડવા કારણે વંઝા ઘેર બાંધે પારણે, પુન્યવંતને આપે શુભ પૂત્ર શોભાવે રૂડું ઘરસુત્ર સીંદૂર અંગે શોભીત સાર મોદીક કેરો અતિ અહાર; તેલ પાકાં શરીર પર ધરે, કામ ચીંતવ્યાં કોડે કરે, શુધ બુધ કેહેવાય નારીયો ધર્મ બુધી તેને ધારીયો; રિદ્ધ સીદ્ધ બે ડાહી વાસ. પ્રીત ઘણેથી રાખી પાસ લક્ષ લાભ પુત્ર પરિવાર, પ્રાક્રમ અતિશે અપરંપાર; અષ્ટસિદ્ધ નવનિધ દાસીયો રાખે રહે તે વાશીયો પારવતી સરખી છે માત મહાદેવજી સરખો છે તાત કલ્પવૃક્ષ બારણે એહ ત્યાં પેઠે જવાની દેહ. દોહરા—ગુણ રૂડા ગણપત તણા ગરવાપણથી ગાજે કરૂણા કરે કરૂણાનીધી પલકમાં પાવન થાઉ સુખ દે॰ ચણ બુધ સારદા, વાક્ય વાતની વેદ; વદને વાસ કરો કૃપા ભારથ ભણીયે ભેદ કથા શુભ શુકબોહોતેરી કવિત ચાતુરી ચિત્ત; પટલ ઝવેરે પુછીયું પંડીત તેડી પ્રીત ગુણનિધી છો ગુજરાતમાં કવિતા મોટાં કોણ, સ્ત્રિ ચરિત્ર શીરોમણી વદો તે રૂડાં વેણ કાળીદાસે ભોજને, સંભળાવ્યાં છે સુજાણ પરાક્રમ પુરાણ કરયો કહે મનજી સુત મેરાણ રખીદાસે ગ્રંથ કરાવીયો સીંહાસન બત્રીસ પરમારથને કારણે કરાવ્યો તેહ અગાશ પૃથ્વી કરી પશ્ચાતે દિધાં ખાન પાન ધન ધાન નવા નવા નિત્ય ગ્રંથ કરો મહિમા માટે માન શીવપુરાણ સંભળાવીયાં કીધા રેવાખંડ રામ ચરીત્ર રૂડે ધરયાં ટળ્યા જમના દંડ સીંહાસન બત્રીશમાં વરણવ્યો વિક્રમ રાય; પૂરણ પચીશી કરી, કરત્રીસ એહ કથાય; વિધવિધ કીધી વારતા, શત સહસ્ત્ર સાચ તેમ કરો શુક બોહોતેરી, જે કરે પ્રમાણીક પાંચ. ભલો ભલો તું ભુપતી, અંશ અવતારીક આપ; મહિમા શ્રી મહાદેવનો, શ્રી શારદા પ્રતાપ. જીભથી જેટલું બોલવું, બાવન માત્રીકા માંહ. જપ સરવે જુગદંબનો, તોલ કરી જો ત્યાંહ. બુદ્ધિહીણ શું લે બાપડા, ન્યાય શાસ્ત્રના

નેક; સાર તે શોધે નહી, ગોળ ખોળ તો એક. (છપા) તરીયો દુજા નાત, આંચથી અંગ ન ઓપે લાંચ દુંડ નહિં દંડ કલંક નહી રાચો ન કોપે ઘણા વેરીનો ઘાય, દારો દેઇ શકે ન ડોશી અષ્ટાતર શત વ્યાધ, પંડ શકે નહી પોશી, ભુત પ્રેત વ્યંતર વ્યાઘ્રી જક્ષ, કીનર તે જુગતે જહા શામળ સેવ સંખનપુરી. કષ્ટ ન પામે તે કદા. વાલાના નહી વીજોગ રોગતો નવ રંજાડે નહી વેરી ઝેરી વેર જુવન કો નવ ઝંઝાડે. નહી મંત્ર જંત્રકે મુઠ મારી ન શકે કો માયા નહી મણુા કે વક, કલંકે વરજીત કૃતકાયા જુગતી જુગતી ભોગવે. મુક્તો મોક્ષ મહીમા મળે; શામળ કહે સેવક શક્તિનો તેને તે સફળ ફળે (દોહરા) ચતુરા દીન ચાલીસમે. વાયદો કીધો વરત સંધ્યાકાળે સંચરી, તે વેળાએ તરત શુક સમીપે આવીયાં બોલ્યા અમૃત વાણુ, પધારશો ક્યાં પ્રેમદા છો અમૃતની ખાણુ. આઠ દુણા દશે દેહમાં, બાર વીશ છે શુભ પાંચ ચાર પ્રસન છે સાત સાતની સુધ દશ પુરા ડાહાપણે સોળ વીસની છત ચેન ચઉદને તેરનાં પાંચ ચાર ધર પત આઠ આઠ લેહેર લક્ષ ચાર, ચાર ચાર ઘેર વાસ; નવ સાત સજી સામટુ પરાક્રમ એવાં પાસ શીદ પધારો સુંદરી કહો તો પ્રસન થાઉં; સમ ખાઇને સાચુ કહુ જારી કારણુ જાઉં. પધારો તમે પ્રેમદા કરીને રૂડાં કાજ; જેમન જરનો જોર છે, તેણે ન લોપે લાજ. સુખસાગર એ સાહલાં દોહલાં એ છે દુખ ઝાકળ કેરાં ઝાંઝવાં ભા-મણે ન ભાગે ભુખ સંકટ પડે જ્યાં સામટુ કરે કો કામો કેર અમૃત પીવા જાઓ છો, પણ જાણજો ઝેર, વણુ મોતે મરવું પડે લુટાએ ઘરસુત્ર જાય ઇજતને આબરૂ છો પુન્યવંતના પુત્ર, કદાચ ક્યાં સંકટ પડે, આંચમાં આવો આઘ, સંઘા કેરી. સુંદરી કરયું તે કેવું કાજ તે વાત સાચી કહો, રોશ ન કરવા રાડ. અકલ બતાવા એ મને તો માનું તારો પાડ. જાર કુણુ જુવતી તણો કો સાથે મેળવ્યો મેળ મારા સમ તે કહો મને ખરો સંભળાવો ખેલ. પાગરણુ પેહેરયાં પરહરો, તજો સજ્યા જે મોળ બીને વસ્ત્રે છો પરે કામની કરે કલોલ. સાં-ભળવાનો ગરજ છે બેઠી તેણે ઠેર થીર આસપ રહી તે ઠરી પુન્ય પરઠી પેર ગળી ગરજ સાકર થકી અમૃતથી મીઠી વાત સાંભળવા બેઠી સુંદરી જશની જીતણુ જાત. (ચોપાઇ) શુક કહે નામીને શીશ પ્રસન હોજો ઉમીયા ઇશ એવી વાણી શુકે ભણી, સું-દર એ બેઠી તે સુણી. મળા તીરે એક મહીડુ ગામ, વજેસીંહ રાજાનું નામ, વાસ વસે અઢારે વરણુ કૃષ્ણુ કથા સુણે સહુ કરણુ ધરમા ધરમી ચાલે સહુ લોક. કોને નહી સ્વપ નામાં શોક કોની દેહને નહી દુખ સર્વ માનવને સઘળુ સુખ કણુબી એક કુશ કેરો શુભ, બહુ પ્રાક્રમ શુભ સુબુધ ડાહ્યો શાણો અતીસાર ભલા જન માને છે બાર વીક્રમ નામ છે તેહનું, વૃદ્ધપણું દુખ ઘણું દેહનું સંઘો એક છે તેનો પુત્ર અદ્દરઘાડ છે તેનું ઘરસુત્ર, તે સંઘાની સુધ માત કરી નાતરૂં આવ્યા નાત તેને પણ પુત્રીને પુત્ર તે ચલાવે ઘરસુત્ર; ઓ-રમાયાને વારૂ વેર એક એક પર અદકું ઝેર, જ્યાં વેર ત્યાં સુખે ન સુવે, મોનો વળી અ-દકું રૂવે એક એકની પુઠે જોવે પરીયા કેરૂં પાણી ખુગ્મે એક એકને મેણુા દેઇ વહે સાત દિવસ તે ચોરે ચઢે સંઘા કેરા ઘરમાં મરશ તેથી સર તેહનો અરશ સંઘાની સુંદરી કામની બીજી એક ભાટણુ ભામની એ બે જણીને અદકી પ્રોત સહીયર સમાણી કઇ રીત છાની છપની વાતો કરે. એક એકનું મુખ દેખી ઠરે એક એકને પીએને પાય એક એકને ખવરાવે ને ખાય એક એકને દુઃખે દાજે દેહ, નર નારમાં એવો નેહ એ બેનો જીવ છે એક નાગી જાત પણુ સાંખે નેક ભામગંતી ભાટણુનું નામ જાર લેખાં જાન છે કે ગામ ભણી વેગળી કો વાટમાં સુંદરનો પોપટ વાટમાં તેને મઠાર વાસો રહ્યા. એમ કુશળ કુવરાંનો કહી સાજાં-સાજાં ઘરનાં સહુ માત પામી હરખ જ બહુ સુંદરી કરી બોલી માત કરી કુખ વીવેકની વાત

પરદેશ દુકાળ છે મોઘુ ધાન ઘરમાં ખાનારાં સંતાન સુંદરીને ઘેર સારૂ હરી ભલુ હેતે સુખીયાં થશે. કરાગે એતા રાટલા ખાય ડુખસાતા સરવને થાય આવડી જુજ વેઠુ છું અમો શું પુછો છો અમને તમો. ભાટણુ કહે આવો મુજ ગામ સુખી થાશો સહુ તેને કામ દીકરી તમારીના ઓથે રહો સુખ દુખ વાત વીગતની કહો ત્યારે બોલી તેની માય એ વાતે થાએ અન્યાય પાટીદાર ઘર છે માહરાં આખા દેશ માંહિ જાહરાં નામ ચીન અમારૂં ઘર કોનો નવ રાખીએ ડર. કોઇને ઘેર પાણી નવ પીએ આડાં ઉતરતાં તો બીએ. જમાઇને ઘેર ભરવું પેટ નીચ ભુખ કરવા તે નેટ ભલું અત માથે પુરપેર ભુંડું જાવું જમાઇને ઘેર. ચાર પેર વગડે વાઢશું સહું દુખ તે તો ગાળશું. કાળ દુકાળ તો આવે જાય પુત્રી પાસ ફટકારો થાય પ્રીત વાત કરી પુરણુ પેર ભાગ્યવતી આવી મુજ ઘેર; બીજે દીવસ સુંદરી મળી એક એકની પોતી રળી ખાઓ પટેલ નીરમળ નામમાં, પુછ્યું નામ જઇ ગામમાં વાસો રહી ત્યાં એકજ રાત કરી વાતો ઘણી તારી માત નાના બાળક ઘરમાં બહુ સરખાં માણસ સરવે સહુ, ખાવા ન મળે ઘરમાં માસ દેશ માંહે તો છે દુકાળ દીઠાં દામણાં તેનાં તન માઠુ લાગ્યું મુજને મન ફીકર થઇ તેહની ન મળે વસ્ત્ર જેની દેહની મેં કહ્યું આવો મારે સાથ ઉછી પાપાછીની માગશે આઠ વેહરાઇને ઘેર વાસો વસુ એક હાણુને બીજુ હસુ લોકમાંહે તો જાએ કાર અમારો નવ રહે ભારે જીવ જાયતો હમણાં જાય દીકરી પાસે કેમ રેહેવાય દીકરી સાસરવાસા કાજ તો તો રહે આપણી લાજ ત્યાં ગયે ઇજત નવ રહે લોક અપવાદ તે મનમાં કહે ત્યારે નીચૂ જોવું પડે, કાંઇ જણુ દેખાને તે કહે એવો વાતો તો સાંભળી પંડમાહે રહી પરજળી દોહરા—સુંદરી કહે સહુયર સુણો તમે મંદીર અમારે જાઓ, એક રાત વાસો રહો ખાંતે રોટલા ખાઓ એકલી મારા માતને તેડી લાવ તુરત; ભૂખ વેઠે મુજ ભાંડુ પામર પામે મૃત દુખ લાગે ઘણું દેહમા ભીતર દાઝે દેહ શુ કરીએ કાંઇ ચાલે નહી તમા નહી સંદેહ મારે અરથ શા આવશે ગરથ ઘણેરૂં માન, વાંકા દિવસ તો વહી જશે. કાલ વરસસે ધન મંદીર તાહરે માવડી રાખો નાખો રૂડા પેર; થોડે થોડે મોકલું, ગરથ તાહરે ઘેર. પંદર પરોણુલા રાખો રૂડે કામ, હું આપુ તે લેઇને વોળાવજો નીજ ગામ ઘણી સમરથ ઘરમાં ઘણા સંપુરણ સબળા પર છાના છપનાં રોખમાં રહેશે તમારે ઘેર એ મારાં તારાં ભાંડુઓ, ભાગ્યું મન ભ્રાંત, કોઇ વાત જાણે નહીં, એમ ઉતારે એકાંત ભલુ માન્યુ ભાગવંતીએ, ગઇ ગુણવંતી ગામ મુળ થકી માંડી કહી વાત ઠરાવી કામ.

સોરઠા—લાખેણી રહેશે લાજ આવો તમ એકલાં. કરીને રૂડાં કાજ. મંદીર આવીને હું મુકવા તેડી લાવી ત્યાંહ શામ દામ ભેદે કરી રાખી મંદીર માંહ સુંદરને સંભળાવીયું.

દોહરા—ત્રણુ દાવસ તરતીબથી વીત્યા દીનને રાત, એટલે એક કૌતક થયું, વરતો અતિ ઉત્પાત. સરોવર ગઇતી સુંદરી નીરમળ ભરવા નીર પંચ પુરૂષ એક પ્રાહુણો બેઠો તેને તીર વાંકાને વરણાગાયો સુંદર સુભટ સુવંશ; હાસંતો રણીયામણો, ભમરાળ શીર કેશ પલંગ પોસ એક પાથર્યો, પ્રીતે ખાતોતો પાન; રાગ કરીને રંગમાં. ગાતો તો તે ગાન વય વરસ પચાસનો ઘરડો સરખા ઘાટ; બેઠો તીર તળાવની, જાતોતો તે વાટ નારી રહે તે નીરખવા કોણુ નાત કોણુ ગામ, શા કામે અહીં આવીયા, શું ધારોછો કામ સાચુ બોલ સલક્ષણા, જેહ પુછુછુ આપ, સાચે રાચે રામજી જુઠાને શીર પાપ પંથી કહે સુણુ પ્રેમદા, સાચુ નહી બોલાય વાત પુંછે છે પ્રેમની તે વળતી દુશ્મન થાય. મને મેહેલી કહે વાતડી, પહોર ચડયો છે દીશ ખરૂ બોલતાં બીજીએ, તો બ્રહ્મહત્યા શીશ સાચુ બોલો કહે સુણે પુરણુ એક હોસ શીવના સમ સાચુ કહુ દેશો માં મુજનેરે દોષ આવ્યો તો તારા ગામમાં

દીવસ થયા તેને આઠ; તુ મારી દ્રષ્ટે, પડી હું જાતો તો વાટ. ઝટકો દીઠો તાહરો. મટકો મોહનો માન; ચટકો લાગીયો ચિતમાં, વાગ્યો મોહનો બાણુ. વેહયા આ સમસેરના, વેઠી બરછી કટાર વરસે મેહ ભાલા તણા દોહલા મોહબાણના માર. તે તો બા નથી રૂઝતો, નથી વઇદકો વાસ; કરાર કરે તું કામની જો પોઢો મુજ પાસ હું તો સોની ખુશાલો, ઘડુછુ રૂડા ઘાટ; નીત આવું તુજ ગામમાં તુજ મુખ જોવા માટ. દરશન પામુ તાહરૂ; તારે જાએ દુખ, ભુખ તરસ લાગે નહી; શરીર પામુ સુખ. કામ કરવું નથી સુજતુ નથી ભાવતું અન્ન; મુખ જોઉ નિત તારૂ. માને મારૂ મન તુજને મળવા તણી બાંધી રાખી ધરત; તે તું તો મળતી નથી, મળશે માથે અંત. સમ દેઉ સાચુ કહુ, નહીતર ફેરા ખાઉ; નીત મુખ તારૂ માનની, જોયા વીણ નહીં જાઉ. મેં ઘરબાર જોયાં તાહરાં, સસરો સાસુ સરવ પરવારછે પંપાસ ઘર, મેલો મનનો ગરવ સુંદર હાથ આવે નહી, આવે માથે મોત જાઓ તો તો મંદીરે; ઉભા છો બેઠા સાત ચટકો લાગ્યો ચંતની; ખટકો મનમાં ખેલ; વટકો એક વટેમારગુ મળશે એ કેમ મેળ; કાલ અત્યારે આવજો, વેહેલા આણી વાટ. જેવુ હશે તેવું કહુ ઘડુ કંઇ મનમાં ઘાટ; તરત મળાવ્યો તેહને વપુએ કરયો વિચાર જીવ જાએ તે રાંકનો માર માથે ભાર. મુજ માટે એતો મરે, મારે શીર હત્યા થાય; જીવ ઉગારૂ એહનો, સુખ પામે એની કાય. સુંદર જોરાવર માંડીયો, સાસુ સસરાનું સાલ. ઓરમાઇ પીતરાઇ અતિ ઘણા, કરશુ શા હવાલ જેહ ગમે જંગદશને લખ્યુ હશે તે થાય; રખે એના શરીરને જોખ કરે એ જાય બીજે દીવસ તે બાપડો, બેઠો વડની છાંય, સરોવર ગઇ સુંદરી તતક્ષણ તે ત્યાંય મીટમીટ મનથી મળ્યાં, આપે વાત એકાંત, સંક્ષેપમાં કરી વારતા ભાગી મનની ભ્રાંત. જો તારે હોય આવવું હોય માહરી ગરજ; હું કહું તે કરવું પડે એક કરૂછુ અરજ. ગરજે તે કરવું પડે, ગરજે ઉપાડે ભાર; ગરજે કરેછે હાસીદુ ગરજે ખાએછે માર. મુછ મુડાઇ મુખ થકી શેલુ પેહેર શરીર માથે મુક એક ટોપલો ધારણ રાખી ધીર પેહર સેલાની કાચળી; અને તુ આણુ હોડ, રાત એક ઘડીકા સમે આવો મોડામોડ. વાત પુછે કો વાટમાં, ભલી ભજવજો ભાંત ઘર પુછીને આવજો તમે પાસરી વાટ. જખ મારે છે સરવકો જખ મારે સજન સહુ જુઠ ન બોલુ કા દીને, જખ મારો રહેશે સહુ પરમ દીસ આવજો, રેહેજો દીવસ બે ત્રણ, સોની પ્રતે સુંદરી કથા સંભળાવા કરણ ટોપલા માહે મેલજો ગુઢ મુકને પ્રત. સુત્રાવડ ગઇ મેં સાંભળી; આવી આપવા તરત ઘરધુણી બેશી રહો સજન સમજાવો શોક જખ મારે છે ઘર ધણી રાખુ રૂડે રોક બીજો ઉપાય એક નથી જો વરસાં સો વહી જાય; એટલુ જો તમો આદરો તો કામ તમારૂં થાય. સોની કહેરે સુંદરી જીવ હમારો જાય શુદ્ર શુંકના લાકડા ઘર બેઠી તું ખાય ચોપાઈ—બ્રહ્મહત્યા કરે પચાસ જે બાળ વિપ્રનો નાશ; ગોચર ભાગે ગાયો તણા, જુઠા જાર કરે છે ઘણા ચોરે સુવરણ ગોરે અંત આપઘાત કરે જે મૂત કપાસનો વેપાર કરે, કોસરી કરે જે ઘરમાં વરે, તલ મહુડાં રાખે વાસ ગળીનો જેને અભ્યાસ જુવતીને જે દે ઝેર કરે નાત ઉપર જે કેર બ્રાહ્મણનાં જે નીંદા કરે સભા સભામાં વેરજ ધરે પાડોશીની ચાડી ખાય એક મુકી બીજાને જાય. એવાં જે વરત વીવેક પરણી છાંડી બીજી એક પુરતક જે પરાયાં હરે, આયુશ ખુટે નીશ્ચે મરે, વિસવાસે કરે જે ઘાત દુભે માતને દુભે તાત વીપ્ર ઉપર જે કરે કોપ કરે કુલ ધરમનો લોપ; દવ બાળે જે વનમાં ઘણા શણગાર ઉતારે શુવાસણ તણા ગામ ભાજે ગામ દહન કરે આપી ભુમી પાછી હરે પસાઇતાંથી પર જે કરે; અહંકાર જે વિદ્યાના ધરે મદિરા પાન ઊંચ થઇ પીએ એવી હત્યા કરતાં નહી બીએ મારે જે કો રમતાં બાળ. જુઠાં જેહ ચડાવે આળ

અમીશનો કરે જે અહંર વણુ વકિ મારેછે માર. અતોલ ભાર ધોરી પર ભરે અભક્ષ્યા ભક્ષ જે કો કરે. સહજમાં ૭૪ ફેરા દે ગાળ, ઘરમાં છતને ન કરે પ્રતિપાળ એવાં પાતક માથે લેઉ જો આંચ આવવા તુજને દેઉં નચિંતપણે નિશ્ચે આાર કહુ તેટલું સાથે લાવ; નાણું નગદ લાવજે રોક, જખ મારછે સરવે લોક. રાત તણો કીધો વાયદો કોઇ ન જાણે તે કાયદો તેને વળાવ્યો તે તીર નારી ભરી આવી નીર ધોરી પર જેવી ધરણી કપરી સાસુ ગામે ગણી એમાં મત લાગીશો આજ લક્ષ્મીવર રાખે મુજ લાજ મુછ મુડવી તે સોનીએ પ્રથમ શોભા કીધી મોતીએ નરનુ તેર રાખ્યું નુર એને તે કરાવ્યું દુર પરનારી શું લાગ્યું મન તજે નિંદ્રા જળને અન્ન ઇજત આબરૂ આગળથી જાય આખા દેશનો હોશીયારો થાય, કેવાએ લંપટને લુંડ દીવાન તેને દેછે દંડ વણુ મોતે તો મરવું પડે કોઇ જાણે તો નીશ્ચે મરે જર જશની તો જાણે હાણ, પડવું નરક તણી જે ખાણ, લોકાપવાદ તો થાય ઘણી નીંદ્યા થાય તેહજ તણી; જેના કરમમાં કાળીટીલી લખી, પરનારીથો થાએ નહી સુખી તેના કરમ અક્ષર આંકડા, જેના નવગ્રહ છે વાંકડા; જેને કોપ્યા હોય જગદીશ કોપા નળ ઉમિયાપતી ઇશ બેઠી પનોતી દેહને પાવ; જેને પ્રીત પરનારી થાય, જેનાં હોએ પુરણ પાપ; તે પરનારી તાકે આપ. પરનારી પ્રીત લજાનો લોપ, પરનાર પ્રિત પરમેશ્વર કોપ; તો સોનીના જો જો ભોગ; ખરો દેહ વધ્યો ક્ષયરોગ; સાચ્યા શુળી એને સાંચરી, કુણુમાં પેહેરી કાંચળી, માથે ટોપલો લીધો મુઠ: માંહે ભરયાં ટોપર ને સુંઠ પેહેરયું સેલુ ગામે ગયો; ડોસા શીટીને ડોશી થઓ; પરનારીઓ ભુંડો મગ; પરનારીથી નર રહ રગ; જેને પરનારીથી વળગ્યું મન તેને દેહ દુખ છે અનંત પરનારી વસન તણે કારણે; ભુધ હીણો આવ્યો બારણે; ધાઇને સુંદર સામી ગઇ, મળી માત રળીઆતજ થઇ; કોડ દીવાળી દીને આવડી; મંદીરમાં આવી માવડી; પામ્યો હરખ પોતાંના ઘણી; આસ્વાગત કીધી તે તણી; માન સનમાન પુરણ પેર; રણ્ણા ઠરી ઠેકાણે ઠેર વધામણી તો ખાધી વહુ. મળવા આવ્યા સહોદર સહુ કરે વહેવાણ સહુકોની લાજ; કરવા માંડ્યું પોતાનું કાજ કોને નવ દેખાડે મુખ ઘરમાં બેઠી કરે છે સુખ કો કોને ઓળખતા નથી; પણ વેગળો કહુછું કથી; એહ વાત ઇહાંથી રહી; વળતી તેની શી ગત થઇ. દોહરા—વચન કહ્યું દેરાણીએ; માંહથી નાંખીયે મેહ તે સારી પેરે ઓળખીયાં નાની બાઇ તો નોય; સો હજાર લાખો વસા; ઓળખુછુ અહી આપ; સગપણ મહિયારનું સાંભળું માસો એનો બાપ; સાત મહીના થયા સાસરે; આવીછું પુરણ પેર; વાટે હું વાસો રહી નાની બાઇને ઘેર. આખી રાત વાતો કરી; હઠડે આણી હેત; મોહ નિહાળીને નિરખ્યું; ચતુરપણેથી ચેત; નોહે નોહે વેવાણ એ સુંદર કરો માત; પુછો મુડણ કરી; એતો મોહા ઉતપાત; જેઠાણી આગળ કહ્યું; સાસુ સસરા સાથ; સમ ખાધા સોએક સાંમટા; હેત ગળે મુકયાં હાથ; ખરૂ માન્યુ તે સો વસા છેતરે આપઆપણને છેક; આપણને જુઠાં કરે; નિરમળ થાએ નેક કુટુંબ કબાલો એકઠો મળ્યાં જણ દશ વીશ; ભારે કોય છે ભાયડો; છેડુ તેનું શોધ ઘણાં દહાડા એ ગઇ; આજ આવા છે હાથ; આરમાઇ પીતરાઇયાં; સોડયાં તે સહુ સાથ હાકમની હજુર એ; સંભળાવું છે સઘ તે તો છે અહીં એકલો; હોડે વાળી છે હદ. પટેલ તલાટી પાટવા, દેશોતને દેસાઇ; તે સરવે મળ્યાં એકઠાં, કરવા ભાવ ભવાઇ. ઘર બાર લુટી લીજીએ, છેદીએ એનું શીશ; છેદા કાન ને ચોટલો, સુર ઉગમતે દીશ. દેશોત ડાહ્યો ગામનો, માડુ બોલ માહ; હણુંમાં કણુ એ ઉજળો, સુંદર પણ એવી નોય. ખસ પાજી નહી ખીજીએ, રેહેવા દોને રાત; બેસા સહુ કો બારણે, પુઈ શું પ્રભાત. ખબરદારી રાખો સરવો, જાવ ન પામે કોય; બેસી રહે સરવ બારણે, વાહાણે તે શું હોય. આવ્યો

તે ક્યાં જશે, એ શી કેહેશે વાત; દહાડે સહુંકો દેખશો, છે માંટી કે માત. અકસ્માત નવ કીજીએ, લઈએ કેમ એની લાજ; રખે મેલે કોઈ રાતમાં, કરો તમારૂં કાજ. આનંદ વિનોદ કરે ઘણો, હરખ ઘણો મંદિર માંહ; કલોલ કરે તે બે જણાં, ત્રીજું નહીં કો ત્યાંહ. સેવ ઓસાવી છે સુંદરી, માંહે ઘ્રત ને ખાંડ; પ્રથમ જમાડયો પતી, રાડ તેમાં તો શોડ. માંહે બેસીને તે જમ્યાં, ઢાળ્યો ઢોલીઓ એકાંત; ઘર બીજામાં ઘરધણી, તેને તો નહી ભ્રાંત.

સોરઠા—ફુલે પથરાવી ખાટ, બે જણ પોઢણ કારણે; અંતર નહી ઉચ્ચાટ, જાગી કરવા જોખમા. કશી ન રાખી ભ્રાંત, બીક નહી તે મન વિશે; બે જણ થયા એકાંત, નિરભય નીસંકથી.

દોહરા—બહાર તોફાન બિજુ થયું જે મળ્યું છે બધુ ગામ; સવારે દેશે શુળિએ. લુટી લેશે ઠામ, હાવા મુકે મા બાપ છે, છે ભોજાઈને ભાઈ; પ્રગટ પ્રભાતે દેખાડશું કરતુત કરે છે કમાઈ મુંછ મંહો કે માંટીયો, ઘાલ્યો છે ઘરમાંય; સારી પેઠે અમો એ ળખુ તોલ કરયું છે ત્યાંહ. દેશોત કહે દિહા પછી વાણે ઉત્તર લેશ; જે બેમાં જુઠાં પડે, તેને દંડજ દેશ. ચોપાઈ—કાઢી મુક્યુ ગામજ બાર રહેવું ન પામે આણે ઠાર; ચોકીવાળા ચોકી કારણે, ઢુકી રહ્યા છે તે બારણે પેલા તો કાંઈ જાણુતા નથી, નચિંતપણે રહ્યા છે સરવથી દોહરા—પોપટ કહે પ્રભાવતી પ્રપંચ રચીઓ બાહાર; ઘરમાં પોતાનો ઘર ધણી, બે બિજા નર નાર. સવારે શો ઉત્તર થશે, કેમ ઉગરશે એહ; જુઠાં કેમ સાચાં થશે, તરત ઓળખશે તેહ. ડોશી સાટે ડોસલો, દેખશે બધુ ગામ; સોનીને ઓળખશે સહું, આવ્યો છે આ ઠામ. જારી કરવી સેહેલ છે વિજારી તેણા વિવેક; જો જાણો તો કહો મૂત ન્યાય વાતના નેક. પ્રભાવતી કહે પ્રીછુ નહીં પડયો વડેરો વાંક; એતો કઉતક અવનવું, કહો તે આડે આંક આજ રાત જાઓ નહી, તો તો કહુ એ વાત; એહને વિત્યા ઓરીયા; પૂરણ થએ પ્રભાત. જરૂર હું જાઉ નહી. વિગત કહે તુ વાત સોનીને શું નિપન્યું જે થઇ એના માત. ચોપાઈ—શેઠાણી સાંભળવા રહી, હારમી વાત પોપટે કહી; સહુ લોક મળ્યાં બારણે, કરતુત તે જોવા કારણે, ઘેર ઘેરને બારે બાર. વાત કરે સહુ નરને નાર; ટોળે ટોળાં મળીયા લોક; કો કે સાચુ કો કે ફોક. ભાગ્ય વતી ભાટણે જાણ્યું પુરણ દુશ્મન પ્રમાણિયું; ચીંતા મનમાં પેઠી ઘણી. શોકાતુર થઇ દેહ તે તણી. મનમાં કરે અતી ઉચાટ એમ કરીને આવે વાટ; રાત ગઇતી એકજ પોહોર, સુંદર પાસે આવી ઠોર તેને આપે તેડી એકાંત, ભાગવા મનડા કેરી ભ્રાંત; બહાર વાત થાએ છે ઘણી, ઘરમાં કોણ ઘાલ્યો છે ધણી મુંડી મૂછ કીધો ઉતપાત. કહી છે જે એછે માત; એતો વાહાણામાં જૂદાં પડે સહુ દેખતા શુળિએ ચડે. લોક જોવા મળીયાં છે ઘણાં, પરાક્રમ જોવાને તમ તણાં; ત્યારે સુંદર લાગી પાગ, ચારે પાસે લાગી આગ સંકટ આવી માથે પડયું; મોત આવ્યું અતી ઢુંકડુ. હું કહું તે કરજો તમો. તો તો આજ ઉગરીએ અમો, સમે આપણો ત્યારે શોક. જખ મારીને જાએ લોક; હવે હિમત રાખિએ અતિ, એહ વાત નવ થાએ છતી; પછી તે ખાતર દેશુ અમો મારી માતાને મોકલજો તમો; સોનિને કાઢી મુકીશુ. વિઘન સરવે એ ચુકશું ઉતાવળા સતાબીએ જાઓ, લગારે ટકાવો મા પાય; વાર ન લગાડો કહેતાં વળી. ઉઠી તે વેળા તે ઘડી. ઘડી ચાર રહીને આવજોં મારી માડીને લાવજો; વાળાવી દિધી તે બેન, ચતુરાએ વિચારયા ચેન કમાડ ભીડીને સૂતાં સુખે દુસ્મન તો હાવે છે દુખે, સોનિ કહેછે કે આવ્યું મૂત સૂળિ દેશે વાહાણે તરત, રઝળશે છોકરાં માકરાં. બાંધી કાઢશે એ જાહરાં; ઇજત આબરૂ સર્વ જાય, હવે રહ્યાનો કયો ઉપાય. ઘરબાર [illegible] [illegible] ગયું; મોરી તારૂં વચન ગયું; તુ બોલીતી ને નવ પળ્યું તારૂ કહ્યું તે સારૂ

બળ્યું તુ જુઠ બોલેછે આપ હું મરૂ તે તારે શિર પાપ. ચીંતા ન કરરે ચતુર સુજાણ. બાપી ખોટી પ્રભાતે પ્રાણ રૂદીયા માંહે રાખુ ધીર, બોલીછું તેનુ રાખુ નીર; પૂરણ કીધી તે શું પ્રીત, રમાડયો જમાડયો રૂડી રીત, આપી કોશ તેના હાથમાં પાડયું ખાતર શોભીત સાથમાં; કાઢી મુકયો ઉગારી ઘાત. ઘરમાં તડી તેની માત હાણુા વેરયા ખાતર બાર, શું કહું ડાહાપણુ વારંવાર: નચીંતપણે સુખીયા થયાં, દુખ દોહીલાં દોહોવટ ગયાં કોટે વળગીને સુતાં બે, મા દીકરીને અદકો નેહ વાહાણું તો વાયું જેટલે મળીયુ ગામ બધુ તેટલે કઉતક જોવાને કારણે. સહુ જણુ મળીયાં છે બારણે, ઢોક્યાં કમાડ ચોપાસે ચંત, ઉઘાડવા આવ્યો તે કંથ ધસમસી દોડતોછે ત્યાં, અધીક જન મળીયાં છે જ્યાંહ; સાસુ સસરો ઘરમાં ગયો, કોટે વળગીને બેશી રહ્યો. તારા ઘરમાં આવ્યો છે ધીંગ; તે તો છે માટીનું સીગ; દાઢી મુછ બોડાવીયો ડોશી થઇ ડોસો આવીયો જશવંતનો કણબી ઝાંખો થયો, નિચુ જોઇને નરમ થઇ રહ્યો કાંઇ નવ ચાલે તેહનું ઘણું દુખ વેઠે દેહનું ધાઇને પેઠો ઘરમાંહ, ઝાલી બે જણુ કેરી બાંહે કાઢયાં બાહાર કરયો ઉત્પાત, જુવે ત્યાં દીકરીને માત સહૂ લોકને અચરત અડયું એટલે દીઠુ ખાતર પડયુ; ગયા હાણુા ને લુગડાં ઘણાં તોલ તોલ જાણ્યા તે દુસ્મન તણા દેશોત તો હવે આવીયો, જુઠાને તો બાંધી લાવીયો, સાસૂ સસરો જેહાણી જોડ સહુ સરકારે તેડયાં ઠેક જુઠાનો તો દંડ દેઇશુ, જીવ સહુકોનો લેઇસું, લુટી લીધાં તેનાં ઘરબાર: પંચ ઇટાળી મારયો માર. ગાળો દીધી તેને દસવિસ; અદકેરી કરી છે રીશ, ભલાં માણસ સુંદર વહુ તેમ વખાણુ કંછે બહુ એવા માણસને દેજો આળ, તેને પાપે ખુટયો કાળ; દોહરા—શુણી સમીપ સુંદર ગઇ, પાગ નમાયો શીશ; ખોળા પાથરી કરગરી, રવી ઉગમતે દિશ એને મુકો જીવતાં, માગી લેઇશુ આપ; પોતાનું કરયુ ભોગવે. સુખ દુખ કે પાપ. એને માટે મારો મુને, મારો છે એ વાંક, એહ બીચારી શું કરે. કે રાડે શીખવ્યાં રાંક એ સાસુ સસરો માહરાં, પુજવા જોગ પવિત્ર; મૂકાવ્યાં મહિમા કરો. સારૂ ઓ ચરીત્ર ડાટ વળ્યો દેરાણિએ, રહેશે સહુકો શીશ; મારયા માંથે મોજડાં. પત તેને પચીપ. મુકાવ્યો મહા જોરથી. સુંદરે સહાયા, એનો વાંક બક્ષી મુને સ્નેહ કરયો તે સાથ. ઉગારયા સરવ આતમા ઉગારયો સહુનો પ્રાણુ; જીવ રાખ્યો તે સરવેનો, પંચે કરયો પ્રમાણુ. દેશોત ડાએ કરજોડીયા, વહયો પોતાને વાટ; સહુને મુકુ છું જીવતા; તે તારો ગુણુ માટ, વખાણુ થયાં બધા વિશ્વમાં. સુંદરને શાબાશ, સાસુ સસરો મુકાવિયાં; પ્રીતે રાખાયાં પાસ, સહુ સાસરીયાં પાગે નમ્યાં. એ માઠો કિધો મરમ, સકળની વહુ તે સાંખિયું; ધારયો રૂડો ધરમ, શાબાશ તારૂં શાણુપણુ. શાબાશ તારી જાત; શાબાશ તારૂં સતીપણું, શાબાશ તારા માત. ગુણુ કુહયો બધા ગામમાં, દઇવત એમાં દઇવ; હાથ સુંદર સાહે નહી તો. જાત સહુનો જીવ. માન થયાં નાજ મરદનાં, ઘણા થયાં ઘનઘોર. ફટ ફટ સહુકો કહે, થયાં સાસરીયાં ચોર; જીવ્યા ત્યાં સુધી જશ કહયો, સ્નેહ સુંદર સાથ. ખોળા પાથરી કરગરે, હેતે જોડે સહુ હાથ; અમો તો કામ માઠું કરયું, તારો લેવા પ્રાણુ. તેં તો ઉગારયા અમને, વિવિત્ર પેર વખાણુ; સસરા સાસુને તેડીયાં, સાસરીયાંનો સાથ. કર્યા લાખેણા લાડવા, હેતે પીરસાયા હાથ; લાવી મારી માવડી, ઘણો ગોળ ને ઘ્રત. વિઘન વળ્યું તે તમ તણું, મેં વારરીયું તરત; ભલી ભલી કુળ વહુ, અમો સહુને ઘેર. વિજાર વિદ્યા એવી કરો; કોઇએ ન કરી પેર. પોપટ કહે પ્રભાવતી, મ ગુણુ રૂડેરા ગાઓ; એવી વિદ્યા આવડે, તો તો જારીએ જાઓ. શાબાશ શુક સલક્ષણા. શીખવી વિદ્યા વેદ એહ, અલૌકીક વારતા ભાગ્યો મારો ભેદ. સાંહજપત શ્રીમંત નર મનજી સુત મેરાણુ રખીદાસ રાજેશ્વરી. સકળ વાત સુજાણુ પુત્ર પટોદર તેહનો ઝવેર જશવંતો જોડ તેણે તેડુ મોકલ્યું પુર્યા કવીના

કોડ નવો ગ્રંથ નઉતમ કરગો, કવિતા ચાતુરી મન મત્રી લક્ષણો બહુ ગુણે અધ્યાપક એ એન, ચતુરને ચટકો લાગશે ઈશ્વરને ઓળખશે આપ. વેગળો રહેશે વિનતા થકી પરઠે નહી મન પાપ નરસી મેહેતાનું ગામ છે. જે કોઇ સમજી જાય ભલો ભવસાગર તરે જુડો ગોદા આય તેમ એ ચરીત્ર ચતુર તણું ભાવે સુણે છે ભેદ પુરાણ છે પુન્યવંતનું પુરો પાંચમો વેદ રખિયલ રૂડો રાજવી મનજી સુત મેહેરણ ગ્રંથ કરાવ્યો બત્રીસનો તે પરમારથ કાજ જવેરે કરાવી શુક બોતેરી સ્ત્રી પુરૂષ સંવાદ તે સોંપ્યો ભાટ શીરદારને આણિ મન ઉછાહ એવું સાંભળી આપશે અન્ન વસ્ત્ર દક્ષણા દાન આ લોકે જશ પામશે પરલોકે હરી માન ગુજર દેશ ગરવો ઘણો, વેગણપુરમાં વાસ પિતા પુરૂષોતમ તણો કહે કવિ શામળદાસ શ્રોતા વકતા સમજતા કહે કવી કરજોડ શામળભટ કહે બોલલો સહુ જય જય શ્રી રણછોડ. ૨૧૪

વારતા ૪૧ મી.

ચોપાઇ—શ્રી ગણપતિ કેરા ગુણ ગાઉ ચિત માંહે ચતુરાઇ ચાહુ કરતા પુરૂષ તે કીરતાર દેવ રૂપ મોટા દાતાર જોડે સારદાની કૃપા હતી, તે જન તો કેવાણા કવી, માઘ ભરથરી કાળીદાસ જયદેવ નર પતિ વેદવ્યાસ. સરસ્વતીના કીધી શેવ શ્રીધર સ્વામી ને શુકદેવ, બીજા દેવ તેત્રીસકોડ જાણુમાં નરી કોન તેની કરજોડ. એવા પંડિત દીધા ઘણા જશ મહિમા વધ્યા તે તણા કૃપાકરી રહો કરજોડ કર્તા કીધો શામળ શ્રીગોડ નાના ભટ ગુરૂ ચરણ પ્રતાપ. અનેક ગ્રંથ કીધા છે આપ શુક બોતેરી કીધી કથા જોગ વાત વિસ્તારી જથા છપો—જો ચાહે વિદ્યા વેદ ભેદ લખવુ ને ભણવું જો ચાહે અધિક મેહ ગાન ગુણ સાગર શુણવુ જો ચાહે પુત્ર પરિવાર નાર નિરમળ કુળ નરખો અપરંપાર અપાર વઇભવ સુખ વાસ સરખો જો જીતે જશ બધા જગતનો અધીક સદાવરત આપો સુખ સાગર શામળ ભણે જગદંબ અંબ જુગને જપો. જો ચાહે રીધ કાજ લક્ષમીના લહેરો ચાહો વિષ વ્યાધિ તાજ મનુષ્ય શકતપર મેહેરો. જો ચાહો વશ ભુપ રૂપ અનુપ ઓપ્યુ. ધરમ ધજા દ્રઢ ધીજ બીજ પુન્ય વરખનું રોપ્યુ જો ચાહે જીતું જમ જાચના જન્મ મરણ જોખમ ટળે, શામળ શેવ શકતને કલ્પવૃક્ષ સફળ ફળે. ચોપાઇ—એકતાળીસમે દીવસે એહ નારે જવાને કીધો નેહ, બણી ઠણી તે ભાવે ભજી શામા ચાલી શોળે સજી મોટમ પદવી મહીમા મળે આવી પોપટ પાંજર તળે શીદ પધારો છો પ્રેમદા અધીક જોબન માંહે ઉન્મદા નેહ વચન કહ્યાં નારીએ જરૂરપણે જાશું જારીએ. તાતી વિદ્યા ભણાવી તમો, તે માટે જાઉ છું અમો પધારો સુખે પરવરો રૂડાં કામ મન ચીતવ્યાં કરો પડશે નહી પ્રપંચ પાંચમાં આવશો કહી અટકી આંચમાં સાંભળજો જરૂરી જેમ તે જાએ કરયુ તું તેમ માન વધારયુ પોતાનું ઘણુ મોત ઉગારયુ પોતાતણું નવ આવવા દીધી આળ પલકમાં કરૂ આળપંપાળ મહા પ્રાક્રમ કીધુ સુખે તેવું આવડે તો જાજો સુખે પાગ ખેંચીને ઉભી રહી શુક પ્રત્યે વાણી કહી કોણે તે જાણે કોણ નાર તેતો રહેતાં કોણજ ઠાર. વિસ્તાર વાત કરી શી ઘણી કેમ વશ વરત્યો પોતાનો ધણી દોહરા—શુક કહે સાંભળ સુંદરી ભાગ્યશાળી ભરપુર સકળ કળા ગુણ શોભતી નારી નીરમળ રૂપ ઉત્તર પંથ અધિકારમાં વસ રજપુત નામ. મિરીજાપુર એક ગામડું તેજ પુંજ પ્રકાશ છપ્પો—રજપુત તણાં શુભ રીત રજપુત તે રૂડા રાજા રજપુત પ્રતાપિક પ્રીત જાણુ જશ મહિમા જાજ્ન રજપુત દઇવ દાતાર રજપુત સમજણમાં શાણા રાગ રંગ

રિધ રૂપ રાવ રાજેશ્વર રાણા. રજપુત ટેક તરવારીઓ વીક્રમ ભોજ લેખે લખાં રજપુત વિના રાજ નહી શાસ્ત્ર માંહ કવિએ કહ્યાં. ફુટડા પણ રજપુત રજપુત સતવાદી શુરો જશ લોભિ રજપુત રણ જુધે મહા પુરો, રજપુત ગુણિયલ જશ ગાન રજપુત તેજે તાતો; વસ્ત્ર પહેરે અમુલ્ય રજપુત અમલમાં માતો રજપુત વિના કોઇ રાજવી દેશ પ્રદેશ દિઠો નથી સકળ કળા સંપુરણે કવી શામળ કહે છે કથી દોહરા—ખુમારો ક્ષત્રી રૂડો રૂદે ધણેરી રીશ ડંશ મુકે નહી દલ થકી રાજ કુળ છત્રીસ હઠ ન મુકે હોડથી અમલ ખાય અતિશ બોલ ખમે નહિ બાપનો તે રાજ કુળ છત્રીશ. ચિતરણ ચાતુરી ચોખવટ શુભ કામે એ સુત ભલે જાઓ તે જુપતીં રાણી જાઓ રજપુત ટુકારાથી તન તજે. કળથી વાણી ડુત માગણ મોજા દેવણું રાણી જાઓ રજપુત. પુરાજી એક પ્રાગ્મી પ્રતાપવંત પુર પેર; તેજાજી તેની વહુ ગુણવંતી રૂડી ઘેર. સ્નેહ ઘણો નર નારને સરખા સરખી જોડ રૂપ રાગરિધ રાજવી ક્ષણ માત્ર નહી ખોડ. ખાવા પિવા ખરચવા આપવા નિતે દાન; જશ વાંધ્યો બહુ જગતમા, સજનને સનમાન. રામ રાગ જાણે ઘણા. ભ્રાંત રસ કેરી તોશ, જશ મહિમા જગમાં ઘણા, બોલે મિઠા બોલ, ગુણ વખાણે ગામમાં, વશ વરતે સહુ લોક; અહર્નિશ આનંદમા, સપનામા નહિ શોક; સાત શિરોમણ સુંદરી, ભામનીનો બહુ ભાગ: ચઉદ વિદ્યા ગુણ ચાતુર્ય; લક્ષણ વીશને બાર છપો. ઠમક ઠમક ભરે ડગલાય ધમ ધમ ઘુઘરૂ ગાજે; ઝમક ઝમક થાયે જેર છમક છમક છબી છાજે, પલક પલક નેન નેન ખલક ખલક ખલકે ચુડી. ગજ ગજ ગજ ગવન, રંભવત રંભા રૂડી, શિશ કેશ સુવેશ શુભ, તેજાં તરૂણી તેહવી. કપોલ લોલ સોળે સજે. ઓપમા ઇંદ્ર મુખ એહવી, દેશ ગઇ દરબાર. દેવનું દરશન કરવા, ચતુરા ચતુરહે ચિત, હોડથી તનમન હરવા. કામ બાણ કટાર હજાર હજાર હાથે પરવશ પાડે પ્રાણ સ્નેહ કરે તે સાથે. હામ કામ મૃગ લોચના, હોંસે વીરચી હાથે ઘડી; પુરવીઓ પ્રદેશી પ્રાક્રમી, પ્રેમદા તે દ્રષ્ટે પડી. ચોપાઇ—ગામ માંહે કરે ચાકરી, બળીયાશું બાંધુ બાકરી તરવાર તાતી જુગમાં જોય વખાણ કરે અહકાં સહુ કોય. ભગ્યશાલી ભોગદારજ ઘણો, તરતીબતો રૂડો તે તણો: છેતરીયો કોનો નવ જાય વિ હાકે ચાણું તે ધાયા. વાંકડામલ વગડે ચડે, દોશી દુસ્મનના ઘાટજ ઘડે, પેરે પોશાગ બાંધે હથીઆર જોબન મદ જરમદ અપાર. દેખે દામ કમાએ કોડ, મોકમપણામાં મોડા મોડ રાખે રતી ઘણો આંકડો દિસંતો છે વાંકડો ચીતની દેખી ચીતડુ ચળ્યુ બુધ પ્રપચ જાળનો ટળ્યુ છપો—પ્રથમ જશ તો જાય. બુધી બળ બહુ જર જાએ લાજ મરજાદ, જાએ અન્નાન્ન ઘર: જાએ સુખ શણગાર: જાએ નીંદ્રા નીંદ રળતર; જાય સ્વાદ ઉલાદ, થાય બહુ શરીર બગાડ જાય ઇજતને આબરૂ. જાય ઘરબાર સુખ તેહનું. શામળ કહે પુન્ય પરવારીયું, પરનાર વશ મન જેહનું. દિવાન તણા શીર દંડ, ખંડ કહેવાયે લોભી; કે કરે પારકા પંડ, છેક અધુ થાએ છોભી: ઓશીયાળો આખે દેશ, વશ વરૂવો વપુવાને. કીરત ન મળે કામ દામ ન જાએ દાને, સત વેગળુ સુખ વેગળું: સતરમ વેગળુ સરવથી; પ્રાક્રમ પુન્ય વેગળુ શામળ ભટ કહે છે કથી. ચોપાઇ—તેણે તજીયુ જળને અન્ન માનની સાથે વળગ્યુ મન; તેના કેડે નીત્યે ફરે, રૂદે ધ્યાન ઇશ્વરનું ધરે દોહરા—રાત દીવસને સાંજ સવાર, પડયો એ નારી પુંઠ; તેજાએ તોલ કર્યુ મેલી ન રહે મુઠ. સાચુ ન માને લોક સહુ ધણી મહા મોટા ધીંગ: મા વ્રત પતીવ્રતા પણું એક માટીનું સિંગ, જાય આબરૂ એહની મુરખ વાર્યો રેહે નહિ, એનો શો ઉપાય: કોને વાત ન જણાવીએ, ચતુરાઇ મન થાય. એક દિવસ એકાંતરે, મદનો મનનો તોલ મુજ પુંઠે તું કેમ ફરે. બોલને સાચા બોલ મારી પુંઠે તું કેમ પડયો. તું કહે તે આ દાવ; સાચુ બોલે રીઝશુ બહુ બોલે કોપે

ઇશ. પ્રણામ કરી પાગે નમ્યો પરવશ પડયું છે ગાત્ર, એક દીવસ મેં તાહરી, જુગતે જોઇ જાત્ર, નથી કામ મને સુજતુ, નથી કહેવાતી વાત, નથી કામ ઘરનુ થતું, એ તો છે ઉત-પાત. એમ જીવ એનો જશે, તે વાતે સુરજ સાખ પુછુ તમે જો પ્રેમદા, તો ભણી મેં સાચા ભાખ. તુજ ભેટે દુખ મેટશે, ત્યાર સુધી ચીત ભમ સાચુ કહ્યું મેં સુંદરી, જાણે તુને તારૂ કરમ. નારી નીચુ જોઇ રહી, એકે ન સુજે પેર. એહ કામ કરવું નથી, તેડાવો એને ઘેર ખોડો ખ્યાલ મુકે નહી, આચરૂં એક ઉપાય; મુકે આશ એ માહરી, ભવની ભાવઠ જાય. માંટી જાણે માહરો જાય લાખેણી લાજ. દુભાએ જેથી દેવતા, કરૂ ન એવુ કાજ ચોપાઈ—એક માસ ગયો એમ ઉઠ પાપીએ તો નવ મુકી પુઠ, આખો દહાડો સાંજ સવાર એક દીવસ માંહે દસ વાર. લગારે ટકાવે નહી પાય, તેતો તેની કેડે ધાય. એક વાત તેને નવ ગમે. મનતો તેની સાથે ભમે. દોહરા—પુરોજી પુરણુ પ્રાકમી, તેને તો બહુ તોર. નીર સુધી નીરમાલીઓ, ચીતની કીધાં ચોર જુડાથી તો હારીએ કરે જોતામાં જાન. એવાને નમી ચાલીએ, તો રહે આપણું માન. વળગ્યું ઓડ વણુ વાકપથી મુરખ સાથે શો મેળ. લોભીને તો લાજ કથી, કામીને કશુ કામ લાજે ભીચારી લોકમાં, જાય સહજમાં કાર માનના ખોઉ માહરૂ, રાખુ ઘરનો ભાર. ચોપાઈ—એક દીવસ કામનીનો કંથ પુરોજી પળ્યો કહી પંથ. વેળાવું કરવા રહેવા રાત, મંદીરમાં આવું પ્રભાત, એવી વાત ઘરમાં કરી, ચીંતનીએ વાત રૂદેમાં ધરી. માગી કામની કેરી શીખ, મનમાં ન આણી બીજી બીક વળાવું કરવાને કારણે, સુખવંતો નીકળ્યો છે બા-રણે. સાત પાંચ બીજા સાથીયા, ભુપત જેવા ભડ ભાથીયા દોહરા—તેજાએ તોલ કરયું તીહાં એને તેડુ આજ. દહાડી કેડ લેતો રહે, લક્ષમી વર રાખે લાજ. ગુણુરીયો નામ છે એહનું મુરખ જેનો મેળ ગુણુ અવગુણુ જાણે નહી, ખોટા જેનો ખેલ. દેવી કેરે દેહરે, પર-ખી જાઓ પેર આજ આથમતે આવજો ઘણુા હેતથી ઘેર પુરણુ કીધો વાયદો. ગમતો અણુગમતો એહ જેમ તેમ કાઢી મુકીએ, એમાં નહી સંદેહ. લોભ લાલચ રાખીશ માં, પછી તુ એકે દીશ, તે તુંજને મુજ વચ્ચે, આપ ઉમીયાપત ઇશ. કપરો છે કંથડો માહરો, ચેત ચતુર સુજાણુ. મારી લેશે આબરૂ તારા લેશે પ્રાણુ. કરજોડી તે કરગરે, વારૂ પ્રકારે વાલ, એક વાર તેડો તમો લાખવાર કરોને નાલ.

ચોપાઇ—વિનતાએ કીધો વાયદો કયામાં તેને કાયદો; કેમ કરીએ થાશે કાજ, કેમ રહે-શે બે જણુની લાજ કિયે પ્રકારે રેહેશે શરમ કરવુ કરતુત ખોટું કરમ; સોળે સજ્યા છે શણુગાર અતિશે રૂપ છે અપરંપાર રૂડી રીતે રસોઇ કીધ, નોતરૂં એની માને દીધ શાકપાક કરયાં અતિશ, હરખ ઘણો તેને હરનીશ. કીધી લાપશીને ઘેવ વાટ જોઇ રહી અવસ્યમેવ; રોળા ઝાળા વેળા વરત તેહ ગરાશીઓ આવ્યો તરત. નવા પોશાક નવાં હથીયાર, ભામની આગળ રાખવા ભાર; બેસારયો બાજઠ તેહને સુખ સાગર પ્રગટયો દેહને, એટલે વાલંદ એક આવીયો, પિયરની ખબર લાવીયો કાચી હશે તે કહી વાત; કુશળ ક્ષેત્ર માત તાતને બાત પલંગ બહાર તેને આપીયો, તેહ પરોણો ત્યાં થાપીઓ; બાજોઠ ઉપર મુક્યાં વસ્ત્ર. ઢાલ તરવાર સઘળાં એ શસ્ત્ર. પટો પાઘરીને પાઘડી. ઉતારયો કગલો તે ઘડી; જમવા ઉઠાડે જેટલે, કૌતક એક થયું તેટલે, દોહરા—પંથ ગયો તો પુરાયજી, વળામણુ જ્યુ વાટ; સંગાથ મળ્યો તેને શોભીતો, વળ્યા ઘેર તે માટ. પાછા આવ્ય પુરાયજી, તે વેળાએ તરત, ઘોડો સોડાવી મુકીયો ઉતાવળો તે વરત. હણુ હણ્યો ઘોડો બારણે ખોખાર કરયો તે ખેટ, અરે દઇવ એ શુ થયુ પડયો ધાશકો પેટ. થર થર તેતો ધ્રુજીઓ, ધારણુ રહ્યું નહી ધરણુ જીવા-ને કાણુ આશરો, માથે આવ્યું મરણુ પેશાબ થયો પોતિએ, અતિશે ઉઠી આગ. રામ રામ

છપ્પો—શ્રી મુખ સરસ્વતી સાક્ષાત માત વદને દે વાણી શ્રી આરાસુરી અંબ;સેવું શુભલક્ષણી પટરાણી પાવાગઢ પ્રતાપ આપ મોટાં મહાકાળી કોટી જનમનાં પાપ પલકે નાખે પરજાળી તેત્રીસ કોડે દેવતા અઠાસી સહસ્ત્ર રૂડા રૂથી શક્તિતણી શેવા કરે શામળ કેહે શેવે થાય સુખી કોડ. દોહરા—શંકર સુત ગીરીની સુતા બ્રહ્મસુતા બ્રહ્મરૂપ દસરથ સુત જનકસુતા બ્રહ્મ દધવત બ્રહ્મ ભુપ વસુદેવ સુત ભીમક સુતા શીવ સુત શીવ સુત શામ કસ્યપ સુત કરૂણા નીધી અત્રી સુત નીજ નામ રવીસુત શ્રીસુત વ્યાસસુત બ્રહ્મન સુતા વરવેશ સમરણ કરૂં શાનપલપુરી હેત ઘણે હમેશ ઈંદ્રસુત ને ચંદ્રસુત ભુમીસુત ભડભુપ સુરસુત ભ્રગુસુત ગુણનાધી એક સીધા દેહ અનુપ શુક બહોતેરી વરણવું નવગ્રહ નામ શીશ ધશ જગદાશ ઢીનીશની ધરમ કલમ એકવાસ તેહેપનમે દીવમે તારૂણી બણીઠણી બહુ સુખ શોળ સજીને સંચરી દરપણ જોતી મુખ કોડો ખોડો ને વામણો કાણો રાણો સાર રાગી ભોગી જોગીને નમી કરૂં નમસ્કાર પાંચ પાંચ પુરૂષને ભોળવ્યા એક સાસુ બીજી વહુ લજ્યા રાખો આહરી જેને સતી કહે છે સહુ એક પુત્રી માછણ તણી બીજી કુંવારી કાજ વેદ પુરાણે વરણવી રાખો મારી લાજ રામા રૂઠી રાક્ષસતણી રાજેશ્વરી રાજ પાશાણ બીજી જે પ્રેમદા તે રાખજો મારી લાજ એ નારી સહુકાને નમી શેઠાણી સમરથ બો કોનો ગણતી નથી મઠિ ઝાઝા મરથ ઘણા અલેખે ધનપતી જોબનનાં જેને જોર તેને શું કરી શકે આઠ સુગી કે ચોર રૂપ અનુપ સ્વરૂપ શુભ ભુપ જેવો ભલા ભાર શુક સમીપે આવીયા જુગતે કર્યો જુહાર કરજોડી કટી મોટીને છોડી નાખ્યા હથીયાર ત્રાડી લાજને મુખે કહ્યું જાઉંછું કરવા જાર વિદ્યાનાદ સરવદા અવીદ્યા આદ સમસ્ત સર વિદ્યા આવે ભણી વિજાર વિદ્યા વસ્ત ભણતર ગણતર જોખતર એ કામ ઘણા કુત કામ જરૂર જાઉંછું જારીએ પનર પ્રીછક કામ ભલે જાઓરે ભામની જામની છે ધનઘોર દામની દમકે દોહો દીશ ચીતવર તે કહી ઘોર ફેગટ ઉકના ફંદમાં સાએક દે સંતાપ બોહો કલંક કહી બંધમાં પ્રીછક જોતા પાપ. ધણીના લાજ ધણી ધણી ભણી ભણી કહુ ભેદ સુણી સુણી બધા શેહેરમાં વેદ વરણ વદે વેદ જાઓ સુખે આનંદમાં જોખ કરો નીત જાત રમી જમીને ગુણ ગામી પરવરજો પ્રભાત તાલેવંત તરૂણી તમો અસંખ્ય અલેખે રૂપ લક્ષ ગમે લાજ લાખી અમે, ભરથાર તમારો ભુપ અતીશે ઉજળ કપટાં તરત બેઠે ત્યાં મેલ ગરીબ બચારા બાપડા, તેહને સઘળુ સહેલ નીચ કામ નર નારને જાર પાપનું મુળ કહાય કાંઇ આવી પડે સંકટ મોટું શુળ; છળ્યા છીપાની વહુ છતાં તેણીયે કીધું કામ આવીતા ઓજડ ઘડે, લેઇ શકયું નહી કો નામ કરજોડાવ્યા કંથને પાણ જોડાવ્યા પાંચ બળતીતી જ્વાળા અગનની ઓલવી નાખી આંચ બુડીતી બોહો દેહમાં માથે આવ્યુંતું મરત વગર તુંબડે તે તરી તે વેગાએ તરત ચડયાં હટક ઉતારીયાં ચડયા ઉતારયા વેર સુરા પુરા અધુરા કરયા નાર વધારયું નુર રાજાને કીધા રાંકડા વાંકડાં કરયા વેચાણ ફજેત કરયા કાંઈ રાંકડા આંકડા રાખણ અજાણ કરજોડી ઉભી રહી કહી શુક આગળ કેહેણ કવણ છીપણ જ્યાં હતી વદ વદનથી વેણ કવણ માથ સ્નેહ હતો કવણ પકડી ત્યાં બાંહ કવણ પ્રકારે ઉગરી તેહ શું કરયું તું તાંહ કેમ પંડીતને પામર કરયા કેમ રાજને કીધા રંક કેમ દીવાન દેહવટ કરયા કેમ વાળ્યો આડો આંક, કેમ સાચાને જુઠા કર્યા કર્યા દેખતા આંધ અકી કહેવાણી દેશમાં ઢોળી નાખ્યો કેમ પંથ નીર દાદામાં નાખ્યું

તમો એક અમારી અરજ જેમ કહ્યું તે તેમ કરવું મળી શાકરથી ગરજ શુક કહે વારૂ વારતા કેહાણિ સુણે કરણ શામળભટ સંક્ષેપમાં ચિત ચતુર સુજ ચરણ એક પાસ પુરાણુ અઢાર છે એક પાસ છે ભારથ એક પાસછ શુક બ્હોતેરી અટપટા માંહે અર્થ.ચોપાઇ—પુરવમાં પીપરીયું ગામ જયસંઘ રાજાનું નામ રામરાજ ચલાવે રીત પરીબ્રહ્મ ઉપર અદકી પ્રીત સતવાદી શીરોમણુ સત પવીત્ર રાખે પરીયાની પત રઇયત લડાવે બહુ લાડ તે રઇયતમાં કો નહી ચાડ રાજ રાજેશ્વર રાજ સ્વરૂપ ભાગ્યશાળી ભારે ગુણ ભુપ છળીઓ તે છીપો ભોળડો ગુણવંત ઘણો અલખત ઘેલડો કરમવંતો ધરમવંતો ઘણો અલખત અદકી ઘરમાં ઘણી વસ વરતે છે વરણ અઢાર ભુપત સરખા માને ભાર જોખ કરે નરનારી સંગ, ભાત ભાતના રંગે રંગ, ડાહ્યો આપે અતિ દેહનો, જગત ઓશિયાળો છે તેહનો. છકાં નારી છે જતવંત, અતિ પ્રાક્રમ રૂપ અનંત. છપ્પા—જેમાં ઝાઝુ રૂપ, નીચ ગુણ તેતો નારી; જેમાં ઝાઝુ રૂપ, મમત મન સાચે મારી. જમાં ઝાઝું રૂપ છે, પાપ જોડે તેનો પતિ, શામળભટ સાચુ ભણે, સો એક માંહે એક સતિ. જેમાં ઝાઝુ રૂપ, વિભીચારણ તે તો વાધે, ઝાઝુ ડાહ્યાપણ દાખ સ્નેહ પર પુરૂષ સાધે; જેમાં ઝાઝુ ગાન માન અન્ય સાથે મેલે, જેમાં ઝાઝુ હાસ્ય, ખાંતે બીજાશું ખેલે; ગીત ગાન તાન રસ, હાવ ભાવ હેતે ધરે શામળ નર વિભીચારણી, તે દોજ કરતાં નવ ડરે. જે નારી બહુ માન, કમાનીતી જે કો કહાવે; જેહ ઉપર સોક; તેને પુત્ર નવ આવે જેને જાજો લોભ, જે પરવશ રેહે નિતે; જાવા એકલી જાય, ચંચળ ઘણું રહે ચીતે; વનિતા એટલી વણસમે, પ્રેમદા થઇ મદીરા પિયે; પરદેશ પુરૂષ પિતાસુખી, તે નાર બેકતાં નવ બીયે. જેને નહિ આસક, જેને વશ વરતે કથ, ટેક જવાની તોરો નદી તળાવે જાય, કે કરે સીધની શેવા; ચરીત્ર ઘણુ ચિતમાં ચાય, લઇ પિહારી લેવા, નારી નેહ ન માનવો, જો હોય સીતા થકી સતી; કેડ લજે કામની તણી, શામળ કહે મુરખ તેનો પતિ. જેને લાલચ બોહોત લાભ, જુઠા જે જાડા જોડે, કરે પરાણે પ્રીત, હાથે તે આગળ ઓડે, ઘરમાં નોહે ગરથ, આભરણ અંગ ઓપાવે, સગાં સહોદર માંહે, ઝેરનો વ્રક્ષ રોપાવે. પેસતી હિંડ પરઘર, કરાવે હોરા ચિઠ્ઠીયો, શામળ કહે વનિતા વણસતી, દસ હજારેક દિઠીયો.

દોહરા—શામા તે સલક્ષણી. વિલક્ષણી વર વેશ: ચાલ વરતીક કો ચિત્રણી, કંદરપ રૂપીયા કેશ. વિસ લક્ષણ વિભાચારના, તે ભામના ભરપુર; વશ વરતે સહુ સ્વામી સહિત, નારીમાં નીધ નુર. એક પોતાની નાતનો, ભાવસાર ભગો ભગત; તિલક છાપ માળા ધરે, જાણિતો બહુ જગત કરે કથા કિરતન કરે, વગાડે તાલ પખાજ નમે સરવ નરપત સહિત કરે વધણુવતું કાજ બંધાવે લોકને કંઠીયો. લેવરાવે સહુને નામ, જાણે અંત્રક્ષથી ઉતરયો વશ વરતે બાધુ ગામ. કઠો કટોને કુટડો, અગુણી બળ જાતે આપ, દાની માની ડહાપણે, જગ શાસ્ત્રમાં છાપ . નારીને નેહ ઉપન્યો, વપુ વિચારી વાત, ભગો મળે સુખ થાયે તેને રમાડુ રાત. ધરનો રોજગાર કરે ધણિ, રમે રૂડા રંગ વાણોતર દશ વિશ છે, શોભે પ્રસ્તાવટ સંગ. અધીક જોરાવર અધિપતી, ધરમ કામમાં ધાય, બાર આદમીને જીતે એકલો, ગુણ સહુ તેના ગાય દુસ્મન ડરે સહુ દેખતાં, કરે મન ચિતા કરત છળિયો રૂઠયો જે ઉપરે, તેને માથે મરત પરખે પુરણ પ્રેમદા, રૂડો ભુંડો વિભીચાર, જર મદ જોબન ચદ, અપરંપાર અપાર. એક દિવશ એકાંતમાં, ઓછવમાં રાધ રાત, ભામનીને ભગો મળ્યો, વારૂ કહી એક વાત. છકા કહે ભગા સુણો, તું આજ મળ્યો એકાંત; તન મન ધન મનસા સકિત [illegible] મનની ભ્રાંત, [illegible] તુને, રાજમાં રેહેજે રાખ, [illegible] નુચીતમાં,

જોરાવર કરજે જોખ. ખાતે ખેલાવું ખાટપર, જરૂર મળ્યો છે જોગ; ખાન પાન ધન ધાન સુખ ભોગવજે રૂડા ભોગ, ભગો કહે ભાભી સુણો, હું કરૂં નહી એવું કામ; ભગત પીટીને ભ્રષ્ટ કહે. ગુણુ હિણો કહે સહુ ગામ, રામ તજી કહે રાંડવો, કૃષ્ણુ તજી કહે કોપ; ભગત તજી કહે ભાંડુવો, લજા થાયે લોપ, માળાના કેમ ચ્યાળા કરૂ, કર્મના કાળા દેવ, ટીલાના કેમ વિલા કરૂ, નિંદા કરે સહુ કોય. છાપાના થાપા કરૂ, ગાન કરૂ કેમ કાણ્ય; ગીતાનાં બાતાં કરૂ, હરી કિરતનમાં હાણ્ય વઇષ્ણુવ દુશ્મન કેમ દાખવું, કયમ કરૂ પખાજ; તાલને બાળ તે કેમ કરૂ મોડા નાખુ કેમ માલ, ભગતને રગત કયમ કરૂ, નીચ કામ નગન સરગ તજી નરકે પડુ, જુઠો કહે જગત કરજોડી સહુ કરગરે મુખથી કહે ગોપાળ; તે સઉ મોડે મરકડાં, બાનુ તારૂ બાળ. કંઠીને વંઠી કરૂ, રામ કરૂ કયમ શામ; હરી નામ હું કયમ તજુ, કામની ન કરૂ એ કામ. ઓછવને ઓછો કરૂ, કેમ ચરકી ઔછવ ચાહુ; એવો અમૃત રસ તજી, ખાતે વિશ કેમ ખાઉ, સરકશ સાકર તજી, કયમ પીઉ અપઇયા પાન; વરતી શેહેર મદિર તજી, રોખ રહુ કયમ રાન. ગંગા ગુણુવંતી તજી. નેહ ખાવડ કેમ નાઉ, રૂડાં ખાઉ રાળજા; ચોરી ચોતમાં ચાઉ. બોહોતેર બોળુ કેમ બાપના રૂડી બોળુ કેમ રીત; અવગુણુ લાખ કરોડ છે, પ્રેમદા તજશું પ્રોત. છેક છીપો હું છતવંતા, તે ભજે છે મોટા બ્રમ; તે સહુ બાનાંને નમે. તે કહાવે કુડા કરમ. રીજે રાજદ્વાર સહુ, લખે સઉ મારા લેખ; તે તે બાનુ વઇશ્ણુવ તણું, મુજમાં માલ નહિ રેખ. જમદુતને જોરાવરી, વઇષ્ણુવને આડે નહિ આગ; બાર વાટે જાનુ જરી, શામા તારે શંગ, આજ આ લોકે રાળજા, ગુણુ ગમાવો ન- રક, તારા સગથા તારૂણુા, નિશ્ચે ભોગવતું નરક. નરક તણાં દુઃખ દોહલાં, કુંભીપાક તણા દુખ ઘોર; વઇષ્ણુવથાં કહુ વેગળા, તે જમ કેરા ચોર વઇષ્ણુવ નામ વઇકૂંઠ પદ. ભાગ્યશાળી સહુ ભગત, હરા હરી મુખ બોલતું, પાય નમે સહુ જગત. સોરઠો—વઇષ્ણુવ કેરો ધરમ, અંતઃકરણુથી આચર, કરે જોરાવર કામ. જમદુતના જોર થકી, વઇકુંઠના વિમાન; બેસારે બળ પ્રાક્રમે, તે પંડીત લખાયા પાન પોકારી કહે પુરાણુમાં. દોહરો—ઓએ વચન એમ સાંભળ્યાં ચઢી ઘણુરી રીસ, પગથી જવાળા પર [illegible], તે જઇને ભેદ્યું શીશ. અરે મુરખા માનવી, છીપા છોકી છેડ; તું શું જાણે તરવા તણો અમુલક મંત્ર એક. વ્રજવાશી આહીરડાં, પ્રભુ સાથ બહુ પ્રોત, તેહ તરયા સંસારમાં, રૂડી એતો રીત. સોરઠો—લક્ષ્મીવર પાલાં લાડ, કીરતાર કરજોડીયા; ભોળાં તે ભરવાડ, સરગ સધારા શેહેરમાં. વિભીચાર તણી વિદ્યાએ, તરણુ તારણુ ત્રીલોકમાં, નીચ કરે નિંદાય. નીચ બુદ્ધિ નરકે પડયા. છપ્પો—પામર કોણુ તે પુરૂષ, સાંભળ શિખામણુ સારી; માહારૂદ્ર સરખા માહામુન, ધર્મધ્યાન ધર્મ ધારી. ભીલડી રૂપથી ભૂપ, ભોળવ્યા ભુરકી નાંખી; કોણુ ગતિમાં ગુહ, માતંગ આગળ જેમ ઇંદ્ર. માખી આદ કહું કેટલા, નારીએ જીતી જે લહ્યા, અજીત કવણુ નર કહાવીયા, નથી સાંભળ્યા નથી કવિએ કહ્યા.

દોહરા—મારા તેડ્યા આવો તમો, તો તો માનું પાડ; ઓઢાડું એક પામરી, મન ગમતા લડાવું લાડ. કદાચ તેડે તું નાવીઓ, તો દાવાનળ દેખ ન દેઉં; ઘરાણાં ને લુગડાં, સરવે ખુંચી લેઉં. જખ મારે છે જોખીતા, કરવું હોય તે કર; સોને શામ લાગે નહી, જીવ કે હવડાં મર. તુજ સરખા ધણીએ મળે, માન દીધે નહી મોહુ; ચાર લાખ ચાળાં કરે, તુજ સામું નહી જોઉં. ના કહીને તે નીસરે, પછી વિસારે વાત. એક દિવસ શું નીપનું, ખરી ખોટી એ ખ્યાત. ગુસાંઇ મહારાજજી, વલભ કુળ વીસરામ; તરણુ તારણુ ત્રીલોકમાં, સકલ પુર્ણ સુખ ધામ પતીતને પાવન કરણુ, હરણુ પાપ પરચાક; દરશન દુર્લભ દેવને, દાસણુ

જમના દૂત. પધાર્યાતા પૂર વિશે, દુનીઆ કરે દર્શન; મોટાને પધરામણી, પુરણ મન પ્રસન્ન. નગરશેઠના ઘર વિશે, ઓચ્છવ અધીકો થાય; ભાગ્યશાળી વૈષ્ણવ મળ્યા, ભૂવન ભૂવનથી ધાય. છેલીયો છીપો ગુણનીધી, કહી વીનતાને વાત; આજ જાશું ઓચ્છવ વિશે, આવીશું પ્રભાત. વૈષ્ણવના ધર્મ પાળીયા, કીધા ઓચ્છવ જાગ; તે વશા વઇકુંઠના, લીધા ચારે ભાગ. ગુણવંત તે પુરૂષ કહી ગયા, ગુણવંતી રહી તે ઘેર; છકી રહી એકલી, તેની શી થઇ પેર. વાત ભગાને વિસરી, છકાને મન છે મોડ; એક દહાડો એ ભગતનો, પહોંચાડું મન કોડ. છબીયાંને છકી કહે, પરસ્પરની વાત; સ્ત્રી માણસ રહે એકલી, તે દહાડે ઉત્પાત. સીતા રહી ઘેર એકલી, લેઇ ગયો રાવણ વાસ; લંકા લુટાવી કનકની, દુઃખ પામી ખટ માસ. અહલ્યા રહી ઘેર એકલી, જે હતી જાણ સુજાણ; તે ગૈતમને શ્રાપે કરી, પ્રેમદા થઇ પાષાણ. કાબ્ય શમણા કળસથી, દીઠો મેં જમદૂત; તે કહે હુંતો ઝાંપડો, કાળો કદરૂપી ભૂત. ખાઉં ખાઉં તેણે કરયું, તે મેં સાંભળ્યું કરણ; જેઠ દીયર તારો ધણી, તેર દિવસેં મરશે તરણ. આઠ દીવસે આવીયો, આભલીએથી આપ; તારા મંદીરમાં રહ્યો; પૂર્ણ મળીયાં પાપ. પતીએ તો પ્રેમદા તણું, મનાવ્યું છે મન; ઝખ મારે છે ઝાંપડો, આપણ છું હરિજન. ભૂત પ્રેત વ્યંતર ઘણા, આપણે વીઘન ન હોય; કામણ દુમણ કે મોહનાં, વઇષ્ણવ સામું ન જોય. જોગ તીરથ વરતા જાતરા, ઘેર બેઠા વૈષ્ણવરાય; ગંગા આગ નવસે નહી, નારાયણ નામે નાય. વાર બે ચારેક વારતા, એમ કહી નરને નાર; એક દિવસ શું નીપન્યું, વીનતાએ કર્યો વિચાર. આજ તેડું પેલા ભગતને, શામ દામ ને ભેદ; મોકમ થાય તો માર દેઉં, એમ કર્યો ઉમેદ. કહેતામાં જો આવશે, તો તો પામરી દેઉં; માને થઇ મોધો થશે, તો સરવે ખુંચી લેઉં. ચોપાઈ—નારી ઘરમાંથી નીસરી, લાજ મરજાદ સરવે વીસરી; વીસરી પ્રતિષ્ટા વિસર્યો ધર્મ, વીસરયું શાણપણ વીસરી શરમ. વીસરી કાર વિચારમાં કામ, વીસર્યો સીતાપતિ રામ; વીસરયો વઇષ્ણવ શું જે રંગ, વીસર્યાં કીર્તન ઓચ્છવ જંગ. આક્રમ પ્રપંચ કીધો પેર, આવી ભગત ભગાને ઘેર, કાલાવાલા કરી કર જોડીયા, માન પોતાનાં તે મોડીયા, સંક્ષેપમાં કહું છું સાર. છું ચારા હૈયાનો હાર, તુંતો આત્મા છે માહરો; માનું પાડ નિશ્ચે તાહરો. તું માહરો સુપનબાથીયો, તું માહરો સરગતણો સાથીયો; પોચાડું તારા મનના કોડ, વીમાન બેસાડું મારી જોડ. બાળદશામાં મારો ધર્મ, જાણે તેનું જોરાવર કર્મ; જો તું હવણા ઉવેખે મુને, નવ ગ્રહ વાંકા જાણું તુને. લોઢી પનોતી બારમો રાહ, જો મારે મુખે કહે તું નાથ, હું જાઉં છું કરતી બહુ ગેલ, તું તો જીવ્યાની આશા મેલ. તું પરમેશ્વર તું પરિબ્રહ્મ, તું થકી છુટીએ કુડ કર્મ. આજ દાવો નહી મળે, મારે તે કંઠી બાંધ તું ગળે; પુસ્ય નક્ષત્ર આદીતવાર, અમૃત ચોઘડીયું શોભીત સાર. કોડ વીઘન બીજા છે ઘણાં, તેવી વાભીચારી વીનતા તણાં; તમો નિખાલસ સાધુ જન. તમ ઉપર માન્યું મુજ મન; પુછીને જોઉં પારખું, ન દીઠું કુડ કપટ સારખું. મારો કંથ છે પુરો જડ, નથી જાણતો વૈષ્ણવ વટ. નગરને માથે બહુ પાપ, નગરાને બેસે થીર શ્રાપ, નગરાને જમદુત નડે, નગરો તો નર્કમાં પડે; નગરો ધર્મ નધારે દેખ. નગરો લહે મીન કે મેખ. નગરો જે નદીમાં નાહ્ય, તે પુન્ય તે વેહેતું જાય. નગરો જેટલું કરે છે પુન્ય, તે સરવે થાએ છે શુન્ય. નગરો શ્રાધ ગયામાં કરે, તોય પીત્રી તેના નવ તરે, નગરો જો જાયે જાતરા, મીથ્યા થાય તેની માતરા; કેટલી વાત કહું શી કથી, મારો ધણી સમજતો નથી, તેથી છાનો લેવો મંત્ર; તેતો મેલ્યો છે મંત્ર, મુજથી થશે તે સેવા કરૂં, પાંચ રત્ન મુખ આગળ ધરૂં. પૂજા અરચા તરત તૈયાર, ઘડીએક નવ લાગે વાર; કંઠી આપી પાવન કરો, મારૂં મંદીર પાવન કરો. દોહરા—ભગોભગત કહે ભામની, કયારે

તારો કંથ; એહ વાત કંઈ નહી, પરવારૂ નહી તારે પંથ; નગરો નમેરો ન ગણે, નિંદક નીચી જાત. દયા મયા એને નહી, તરત કરે એ ઘાત; અલખત ઉજત આબરૂ, તોલ મંગાવું તર્ત. નિંદા થાયે નગરમાં, માથે હુકે મર્ત; વીઘન ઘણાં છે વસનમાં, આચરૂ નહી હું આપ. જે કરશે તે ભોગવે, પ્રેમદા તારાં પાપ; એમાં તે શો ફાયદો. ફાયદો ફાસુ ફોક; રાજદ્વાર રુઢે ઘણું, પંચ છટાળી લોક. ચોપાઇ—ઠગણીએ કીધો બહુ ઠાઠ, ઉપાડયો ચંડીનો પાઠ: ઉપાડયો ગીતાનો ગ્રંથ, પાપ તણો ચલાવ્યો પંથ. સાચ વાત સાચી એ શુળ, ઉતાર્યા શીવજીના ફુલ; સાલગ્રામ તુલસીના તોલ, બ્રહ્મહત્યાદીક પાતક ઘણું, પ્રતિજ્ઞા પુન આવ્યા તણું; પ્રલેકાળનું પરઠયું પાપ, સતી તણા લીધા બહુ શ્રાપ; વચમાં આણ્યા ઉમીયા ઇશ, વચમાં આણ્યા શ્રી જુગદીશ. વચમાં આણ્યા શક્તી શંભ, વચમાં આણ્યા આરાસુરી અંબ. એકસો આઠ બ્રહ્મહત્યા થાય, તુજને વાજે ઉંનો વાય; જોતાં જોતાં તારાભણી, કાઢી મુકવાની હું તો ધણી. તારૂં શુક ત્યાં મારૂં લોહી, તારૂં નામ લીયે નહી કોઇ; એમ કહીને પકડયો હાથ, ઘેર આણ્યો તેને સાથ. ઉતરીયો સાંકળી સમેત, વસ્ત્ર અમુલખ હારદ હેત; સેજ પાથરી દીપક જોત. અધિં શણગાર અંગ ઉદ્યોત; નખ શિખ સુંદર સજીયા સોળ, મુખ બહોળાં તાતાં તંબોળ. મોડે અંગ બગાસાં ખાય, ભગત તણું મન ભખલ થાય. કામની દેખી મુનિવર ચળે, કામનીથી ખટ દર્શન ખળે; તપીયા તે તપથી ચુકશે, મુનિવર મરજાદ મુકશે. જોગી સીધજ ભોગી ઘણા, વશ વરતે તે તરૂણી તણા, કાં કીઠા કાં મંજર મુખ, સહુ નર પ્રગટયા કામની કુખ; પ્રેમદા વિના જે પેદા થયો, કથા વારતામાં નવ કહયો; અંગ આપ ઉઘાડું કરે, હેત હેઠળથી મનડું હરે; કામ કટારી કામના બાણુ, પરવશ પડયો ભગતનો પ્રાણ; કામ સમુદ્ર જો ભામની કરે, કોણ એવો જો તેને તરે. સીંધ શનકાદીક શુકદેવ કહ્યા, તે સરખા તો હારી રહ્યા. તેથી જે જોરાવર થાય, તેણે તો જુવતી તજાય. ભક્ત માંહે ભુમીઓ, દાવાનળ સ્ત્રી શું ફુલીયો. ન તરયો મુરખ પુરો પ્રાણ. ન તરયો રાજા ન તરયો રાંક, અઘાત છે એ આડે આંક; અગની સંગ રહે કેમ ઘરત, ઉકળે તાપે તે વેગા તરત. ઘરત ઉનું ન કરે એ વાત, નથી સુંઠ ખાધી કો માત પશુ પંખી કે દેવ દાનવી. કોણ માત્ર જીતે એ માનવી વનફળ ખાઇને જીવે રૂષી, તે સ્ત્રી દેખી થાએ સુખી લાડુ ઘરત પંચામ્રત ખાય તેવે કામ તો નવ જીતાય જીતી નવ શક્યા શીવ કે શામ અજીત અજીત એ કામ. કામ રેહ તે ચીતે ચડયો; તરત તે ફંદીમાં પડયો: શાની કંઠી શાના મંત્ર; શો ઉપદેશ જંત્ર કે તંત્ર એક એકનું મનડું ભળ્યું, શાકર માંહે જેમ પય મળ્યું છતને હેમત હરયા છેક, એકાંતે બે જણ એક; કરે કલોલ આપે એકાંત, એ બે જણની ભાંગી ભ્રાંત એકાકી નરનારી મળે, સતી હોયનો બાંધી બળે નચીંતપણે એક પહોરજ ગયો, એટલે એક તમાસો થયો. છળીયો તો ઓછવ નીરખીયો પાખંડ સુરખો તેણે પરખીયો કુટે તાળને ગાયે ગીત, તે નિંદકને શાની પ્રીત. કુડાને કુડો કહાવીયો: ઉઠી મંદીરે આવીયો જુવતીએ જુવાન બારે જાણીયો. સુણ્યો સાદ પરવશ પ્રાણીયો. ઉઠ ઉઠ ઉઘાડને બાર, ઘરમાં પેલા બે નર નાર, હાય હાયરે મોજા નેટ; પડયો ધ્રાસકો એને પેટ, ત્રાહ ત્રાહ હવે શું થશે; જરજશ જીવ સરવે જશે; થરથર તેતો ધ્રુજ્યા. ભુધસાગર સરવે ભુજીયાં, જશ જાય તેથી પે'લો મરૂ, આત્મઘાત તે સાથે કરૂ; દાંતે જીભ પકડે જેટલે કામનીએ કર પકડયો તેટલે. સમ ખાધા તે તારા બાળ, ખુટયો વણ વાંકે મુજ કાળ; તમારૂં કરયું ભોગવજો તમો. જીભ કરડીને મરશું અમો, એહ વાગત જો મરશે આહ. કામની કહે હવે રહે શું કાહ; દેખશે માંજારો મારીયો, અહીં દેશે મુજને મારીયો; સમ ખાધા તે

મીથ્યા થશે, જો એ ભગતનો જીવજ જશે. દોહરો—પોપટ કહે પ્રભાવતી, કરવા જાઓ છો જાર; સંકટ આવી સેજે પડે એનો શો વિચાર. ભગત જીવતો કેમ જશે, જીવ્યાની કુણ જાય; સતી થશે કેમ સુંદરી પતિ લાગે કેમ પાગ. શુક કહે જાણો તો કહો, વીજાર તણી જે વાત ઉકલે તેતો કહો મુને ખરી ખોટી જે ખ્યાત. એ જાર જશે કેમ જીવતો કેમ રહે સતીના સમ; કહી સત મેં દેશમાં કહો સહુ કહેશે કેમ શેઠાણી કહે સાંભળો; ઘરમાં ઘાલ્યો ભગત; મુંડશે માથુ ચોડશો જાણશે બાધુ જગત. એ વીધા મુને ન આવડે, એનો ન પ્રીછુ પાર; ઉતાવળો થઇ બોલ તું, ભાગી નાખો ભાર. આજ રાત રખે જતાં તો તે શીખવું વાત; ઘેર આવ્યો તેનો ઘરધણી, અદકા એ ઉતપાત, ભામની કહેરે ભગતડા તજ આભુષણ શણગાર; નાચતપણે નીશંકમાં. ક્ષણું ન લાવો વાર, ચુલા ઉપર તાંબડુ, તેર માણુક તોલ; પેઠો તેમાં પલકમાં, બાળાનો સુણી બોલ; કંઠા કંઠ તેમાં ભરાયો, કાટ ગળાનો રંગ; બુડયો તેમાં બાપડો, શામાનો એ સંગ; કમાડ ઉઘાડયાં કામની. સુરત આવ્યો ભરથાર, હાસ્ય વીનોદ હાસ્યે કરયો; અપરમપાર અપાર. ભરથાર ભલે તમો આવીયા, નહોતી આવતી નિંદ; બાહીનાતી હું બાળીકા, મોટું સુનું મંદીર, સમણામાં દીઠો ઝાંપડો, તરફડું છું હું તાંહ; એમ મુખે મોડે કહ્યું હું રહુ છું મંદીર માંહ, દીવો મે કર્યો નથી; બહુ લાગતી બીક રાતની આ વા મારૂ થયુ શરીર ; દીઠો જીવ ભ- ચમાં ઘાલ્યા નાહને હાથ પકડીને હેત; આજ એ છતા હૈ આપણે, સ્વામીએ શાણા સેજ; વનીતા રેહે તું વેગળી, સવારે તારો સંગ કયાંયણ તે કાંપડા, તેને દેવા છે રંગ વાળામાં તે વાયદો, લેવા આવશે લોક; કાળાં કાપડાં આપવા, લેવા રૂપીયા રોક; પ્રઉઢી પ્રગટાવો દીપક થકી. ઝાળ અમનની તરત; ચુલામાં મુકણું ઇંધણાં માંથે આવ્યું મૃત; બીહતાં દુખતા લેહી- એ, મદીર પીએર સુખ. અગન આંચ કેમ વેઠીયે; દાવાનળ દેહ દુખ. તાપ લાગ્યો તે તરફડયો; ચોવીધ નાખ્યા ચીર. અતીશે બળ કરી ઉછળ્યો; રૂદીયામાં બહુ રીસ નાગન અં- ગોથી નીકળ્યો. ગળી માંહેથી નરક; અંત્રીક્ષ આપ ઉડી પડયો કંથને લાગી કંક. ઓ બાપરે; ઓ બાપરે ખાધો મરત. ખાધો ખમા ખમા ખમા કહી, નરણી આવે તરત; ભુત થકી બીહામણો, જક્ષથકી બહુ જોર; વીશ ગણો વંતર થઇ. સાંએક કરનો સોર; રક્ષા શ્રી અંબા તણી, કલ્યાણ કાળીકા માત અતીશે કરી ઉધારણાં; ધણી દેખીને ઘાત. ભરથાર પડયો ભુમીપરે; નથી શુધ કે શાન. જમદુત દીઠો ઝાંપડો તરૂણીએ મેલ્યું તાન, આડ કરી ઉભી રહી, ખોટા દેખાડયો ખેલ ખા ભાઇ મુને ખાતથી; મારા માંટીને મેલ, કાલ સવામણ ખી- ચડો; મેલીશ તારી જાગ. હું છું તારી બેનડી. પ્રણમી લાગી પાગ; દશ દહાડા દીવો કરીશ. ઝાપડા જમાડીશ જોર; કાઢી મેલ્યો તેને બારણે. રાત અંધારી ઘોર; વશન કરવા જે કો જશે, ચીતમાં પરનારી ચાહ; આ લોકને પરલોકમાં, ભગતનાં પેરે થાય, ભગતે જાણ્યું જી- વાડીયો દીધું જીવતદાન; કોણે વાત જાણી નહી, થયુ કોને ઉપમાન મૃત્યુ ઘાતથી છુટીયો, થયો નવો અવતાર જો જુવતી જીવાડત નહીં, તો ઘડી ન લાગત વાર, શાબાશરે તું સુંદરી, તેં બોલ્યા પાળ્યા બોલ; ઘરેણાં મળશે ઘણાં, તેં સારૂં રાખ્યું તોલ. તરત પડયો તળાવમાં કીધુ શુધ શરીર; પોતાને ઘેર જઇ પહેરિયાં, પાઘરણ પ્રઉઢા ચીર; છંદ છળીઆન કહે, ધન આજુનો દીશ; વીઘન વળ્યું છે આપણું. તૂઠયાં ઉમીયા ઇશ. મોત ગયુ માથે થકી, ગયો ઘર- માંથી કાળ; સમણું જુઠુ મેં જાણીયુ, એતો આળપંપાળ. સમણામાં મેં દીઠો રાક્ષસ, કરવા આવ્યો ઘાત; તારૂ પુન્ય પેલ થયું, આરાધતો અંબા માત. માંટીની સુરજ્ઞ વળી તું જો વેગળી જાત; એ પાપી તે આહારી. કાવા કરડી ખાત. તેં મુજને જીવાડીયા કરયું જોરાવર

કામ આજ થકી તો તાહરૂ, દેહ દાતા છે નામ. પાગે લાગ્યો પ્રેમદા, ખીચરો પરહો એન; નીચ માણસને તુ નમી, કહ્યુ મારી બેન. કાઢી મેલ્યો કરગરી, વીપરીત વાધી વાત, સોએક વશા લાખ વશા, કરવા આગ્યો ઘાત. ખાંને મેલ્યો ખીચડો, ઉપર રેડું તેલ; વીધન રોળા મેલીયુ, કરી રંગની રેલ. ચોપાઇ—મોટા માબાપની બેટી તમે, તારાં વચને ઉમારીયાં અમો; ભુધહીણાને બુધ બાધીઓ, તે અવરદા મારો સાંધીયો; તારાં વખાણ કરૂ કેટલાં તેં વીધન વાળ્યાં હતાં તેટલાં; તું મારે કાજ જનુનીએ જણી, તું પરમારથ વીદ્યા બહુ ભણી, કેટલી ઉપમા કહુ હું તુને માનની તેં જીવાડયો મુને. દોહરો—જીવ્યો ત્યાં સુધી જશ કહ્યો, હેતે જોડયા હાથ; વેચાણ કરી રાજમાં, સ્નેહ ઘણો તે સાથ. ભારે આભુષણ ભાતના. પંચાવ્યાં પહેરયાં પ્રીત; જખ મારીને તે રહ્યો, શ્રી ચરીત્રની રીત. ગુણ માન્યો તેનો ઘરો, સમી ગયો તેનો શોક; જશ રહ્યો તે જર ઘણો, લક્ષણા લુંટશું લોક. પોપટ કહે પ્રભાવતી, એવાં જોરાવર થઓ એમ ચાતુરી ચાલવો, તો જરૂર જારીએ જાઓ, નહીતર ઘેર બેઠાં રહો, રૂદે જપો શ્રી રામ, કાલ શેઠજી આવશે, કરજો રૂડાં કામ. પાંસઠમી વીદ્યા એહ છે. કળા સતરમી સાર; લક્ષણ એ તેત્રીસમુ અપરમપાર અપાર ઝાકળ કેરાં ઝંઝના, તરસ ન છીપે તરત; સુતો સરપ જગાડીએ, માથે લેવું મરત, સીંહ મુછ બોરંગ મણિ. મહા અમનનો મેહ; જીવ જશે જોખમ થશે, દાવાનળમાં દેહ. ખોવી ઇજતને આબરૂ, ખોવું માનને ધરમ, કુળ બોળ સહુકો કહે, કુડું કીધું કરમ. સ્વામિની કરવી સેવના; તેને શોભે સરંગ, પરનારી પગ પુરૂષ નિશ્ચે પડવું નરક, શાબાશ શાબાશ શુક સુલક્ષણ, સારી દીધી શીખ; ચતુર હશે તે ચેતશે, લક્ષ કરોડ વીદ્ય, રખીયલના સુત રાજની ઝવેર જશરંતો જાણ, પુન્યવંતહો પ્રાકમી, અલપણ કેરા ભાણ. સાર બધા સંસારમાં, દેવું અન્નનું દાન, લેવું નામ શ્રીરામનું, ત્રીજું ગંગા સ્નાન. શ્રોતા વદતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જે જે શ્રી રણછોડ ૨૨૮

—❦—

વારતા ૫૪ મી.

ચોપાઇ—શ્રી સારદા ને શ્રી સરસ્વતી, શ્રી શંકર સુત શ્રી ગણપતી; શ્રી રાધાવર શ્રી ગોવિંદ, બંશીધર વૃંદાવન ચંદ. શ્રી ઉમીયાપતિ શ્રીપતિ ઈશ, શીદાની ને શ્રી જગદીશ; શ્રી અંબા આરાસુરી માત, શ્રીસંખલપુરી વેદ વિખ્યાત. શ્રી દશરથ સુત લક્ષમણ રામ; રવી ચંદ્ર શીવ સુત શ્રી શામ; શ્રી ગુરૂ ગોત્રીજ સાધુ શીવ. અષ્ટમા સીધ દાતા નવનીધ. છપ્પો—જગત જનુની દેવ, મનવાંછીત ફળ દાતા; નરમદા ગુણનિધ, સકળગુણ દેણ શાતા. લક્ષ્મી લક્ષ દેયત, દરસીધી પાપ હરનારી; જગદંબ અંબ જગદીશ, જે જેકાર કરનારી. અનપુર્ણા માત અભરે ભરે, પ્રીતથી પાયે લાગીએ; શામળ કહે માત કને, મનવંછીત ફળ માગીયે. સદબુદ્ધિ આપનું સમત, કરવા પરમારથ કાજ; સદાવ્રતની સરત, ધરમની બાંધું ધજા. જીવાડવા બાધા જગત; નેક ન રાખ્યું તુન્ય, કરવું પરમારથ કામ. પ્રીત પતીત એ પુન્ય, સદ બુધ આપ તું શારદા, એકોતર શત ઓધરે; કલ્યાણ કરે શ્રીકૃષ્ણજી, શામળ કહે ભંડાર અભરે ભરે. ચોપાઈ—ચોપનમે દીવસે ચારૂમુખી, સુખસાગરમાં સંપત સુખી; શણગારસોળે તે સજી નીસરી, લાજ મરજાદ સરવે વિસરી. વ્યભિચારનું વિહવલ મન, પ્રીછે તેને તો કો જવલો જન; કામાતુરનું કારણ કોઇ જન કળે, આવી પોપટ પાંજરા તળે; પોપટ પરાક્રમ નીરખીયું નારીનું મન, પરનર પરખીયું નારીનું મમ પરનર પરખીયું, ચતુર ચાતુરી વરત્યાં

ચેન. જુહાર લેજો મારી બેન, શીદ પધારશો પ્રભાવતી; રૂપ સુંદર છે જેવી રતી, જાણુક માન જોરે જામની. કંદર્પ રૂપ કાયા કામની, પ્રેમદા કો ઉપર છે પ્રેમ; ઝવેર જડીત પ્રેર્યો છે હેમ, ચાડી ચુગલ કે ચાકર ચોર. રાત અંધારી છે ઘનઘોર. શુક કહે આશીષ કહાવજો. પ્રાતઃસમે વેહેલા આવજો. છપ્પો—ભેડુ આડાનું ભાત, ખાંતથી એંઠુ ખાધું; મોડયાં અસુરના માન, વૃજ ઉગરયું બાધું. ઉદવશ કરયુ મોશાળ, મારયો મામાને મારી; વળવળતાં મેલ્યાં માબાપ, જગતમાં કીધી હાંશી. કરગરયા કામની આગળે, માગી છાશ પીધી ઘણી; પોપટ કહે પ્રભાવતી, તે રક્ષા કરજો તમતણી. દોહરો—પ્રભાવતી કહે પોપટા, જાઉં જરૂરી જાર; વિદ્યા શિખી વિજારની, અપરંમપાર અપાર. અમૃત શ્રી મીઠું અધિક, કામીને મન કામ; જરૂર તે કામે જાઉં છું, સાચે રાચે રામ. ભલે જાઓરે ભામની, જશવંતા છો જાત; ભણી ઠણી રમી જમી, પરવરજો પ્રભાત. કદાચ કંઇ સંકટ પડે, અદકી દે કો આંચ; હું કહું તેમ કરો, પરમાણુ કરે જેમ પાંચ. ક્ષત્રી ખુબચંદની નાર, જે રંગા નવરંગી નાર; વિદ્યા વાત વિજારની, પામી ગઇ તે પાર. બુડંતી બાધા દરમાં વીણુ ખાટલાને વાણ; તરીને તે નિસરી, રતી થઇ રજાણ. દુખના હતા ડુંગરા, મોટા મોટા મેર; તે પાડી નાખ્યા પલકમાં, ફેડી નાંખ્યો ફેર, પડીતી મહા સંકટે, માથે આવ્યુતું મરત. વિજાર વિદ્યા વખાણતા, તરી નીકળી તરત. બુડયા હતા તે બુડીયા, મુવા મારતતા નેહ; દુઃખ દેતા તે દુઃખ પામીયા, તેમાં નહીં સંદેહ. લાભ લેવા આવ્યા હતા, તેણે સારો અર્થ; મરદ થઇ આવ્યા હતા, વેરી કીધા માડ, રાજા થઇ રંજાડતા. તે કીધા રાડે રાંડ, સુરા સામદ થઇ આવીયા, તેને કાયર કીધ. દેશ મુકવા આવીયા, તેને દેશવટો દીધ; ભારે ભુપત સારખા, તે ભીખારી હોય. કામ કરયાં જે કામની, તે કરી શકે ન કોય. આ રીતી અતિ આચમાં, જનાની નીતિ જાગ્ય; તે સેજમાં શીતળ કરી, ઓલવી નાખી આગ. પગ ખેંચી રહી પ્રેમદા, કવણ ગામ કવણ ઠામ; ખુબચંદ ખત્રી કવણ, નવરંગ કોણ નામ. તેણીએ શુ પરાક્રમ કરયું. શું સંકટ હતું શું શુળ, કેમ વિજાર વિદ્યા કરી, મહિમા કહો તે મુળ ઉતાવળી કહો એ કથા, પક્ષી જાત પવિત્ર. ચઉદ વિદ્યામાં ચાતુરી, શોભિત સ્ત્રી ચરિત્ર લક્ષણ એ તેત્રીશમું, પંદરમી એ વિદ્યા પુર; તો તેરમી તો તે કળા, સતરમી શોભા સુર. બિને વસે ભામની, આપ બેસો એકાંત; વખાણ વિદ્યા વિજાર તણી, લાખુ તેની ભાંત.

ચોપાઇ—ચીના પટણ ચારૂ દેશ, પુનવંત ઘણો પુરણ વેશ; ધીરસંગ રાજા દઢ ધીર, વિરામ તણો વડહથ એ વીર. વરણ અઢાર વસે છે વાસ, તેજપુંજ પુરણ પ્રકાશ; અટરોટો ક્ષત્રી એક જાત, પરપત છે પોતાની નાત. દેશપતી કેરો દિવાન, મહીપત માજનમાં મોટો માન; ફીદી ફારશી વ્યાકરણ વેદ, પીંગળ પુરાણ ભારતના ભેદ. સંસ્કૃત પ્રાકૃત ગાનને રાગ, સહુ વચમાં દેવરાવે માગ; કવિત ચાતુરી સ્ત્રી ચરિત્ર, પ્રતાપવંતને પુન્ય પવિત્ર. નારીનું નવરંગી નામ, ગુણવંતી છે બાધે ગામ; અંબુજ દળ આકારે નેણ; અમ્રત સરખા વદને વેણ, ચાલ ચાલ ચાતુરી ગજ ગામની, ભાગ્યશાળી ભારે ભામની; માનની તે માતંગ હાથણી, ચિત્ર પદમણી શુભ સાથણી. પ્રેમદા પ્રતાપ તણો પોટલો, ચાર વેંત સાગ ચોટલો; ગજગામની સરખી ગુણનિધ, સરદ નીશા શશી રામા રીધ. કેળ પત્રશી જંઘા જોર, ક્ષણું માત્ર નહી ખાંપણ ખોડ; કામનીનું રૂપ તે કુણુ કળે, મોટા મુનિવરના મન ચળે. તપસ્વીનાં તપ ચુકવે, સતવાદીના સત મુકવે; વશીકરણ જેવું વદન, ભીટમાં વશી રહ્યો છે મદન. નેણતણા છુટે છે બાણ, કોયલ અમ્રત જેવી વાણ; કામ કટારી તાતા તીર, નવરંગી નારીમાં નીર. હાથ કાન મૃગલોચન માન, તંતતીબ તરૂણી કેરૂં તાન, વશ વરતે પોતાનો પતી, રૂડી કમ-

રની રેખા રતી. ભરમાવ્યો ભરથારજ ભમે, રામા સાથે રંગે રમે; જમાડયો જમે નીર પાણુ પીએ, અતિબળ પણ બ થી બીએ. એક અવગુણ નહી નારમાં, ઓ શીરોમણુની હારમાં; બત્રીસ સોળ બોતેર ને બાર, ચોવીસ ચઉદ ને જાણે ચાર. ચોરાશી ચીતમાં ચોસઠ ચહાય, દશ અગીયાર તથા ગુણ ગાય; પાંચ પંદર પચીશ જાણી, નીત્ય રહેતી બની ને ઠણી. છ છત્રીશ જાણે ઉેલડી, અલખત તણી ગુણ ઘેલડી; નવ નવાં આભુષણ અંગ, સોળે શોભીત ઓપીત અંગ. તન મન ધન ધણીને ધાન, કંઠશું કંઠ ગોવિંદના ગાન; કથા કીરતનને હાસ્ય વિનોદ, મનની માંહે ભરી તો મોદ, દીવાનખાનું બેઠક બહાર. મમત રમે નીત નરને નાર ચાર પાસા ચંદરૂઆ ચીત, રાજદ્વાર તણી એ રીત. ગલેફ ગલેચ્યા ઘણી, શી શોભા કહું બેઠક તણી; ત્રણ હાથનો તકીયો ટેક, નરમો નિરમળ વરત વિવેક. પીત્ર સહોદર સાથ, એકઠા રમે સેત્રંજ ગંજીફા સોગટાં; સુખસાગર રંગની રેલ. નીત નીત નવલા કરતા ખેલ, નરનારીને અદકો નેહ; પ્રીત જેવી બપઇયો મેહ. છપ્પો—જેવો મેહને મોર, જેમ હારોને કુંદન, જેમ ચંદ્રને ત્રિષ્ણુએ, જેમ કેશર ને ચંદન, જેમ શીવજીને સગત, જેમ બ્રમ દશાને ભગત. જેમ સતને ધરમ, જેમ જરને વશ જગત; નઉતમ પ્રીત નરનારને, એકએકને દેખી મન ઠરે. જેની પ્રીત નિરમળ છે. કેમ કામના તે કુડ કરે.

ચોપાઇ—મિત્ર ચાર તે મહેતા તણા, તે તો ગુણવંતા છે ઘણા; એક ધણીના ચાકર ચાર, ભુપ લોક માને બહુ ભાર. એક દિવસ કજીઓ આવિયો, પામરને પકડી લાવિયો; તેને માથે ચડ્યું છે આળ, ગરિબ લોકનો તે છે બાળ. એક પલંગથી પકડયા બેઠ, રાજદ્વારમાં આવ્યા તેઠ; ગરિબ કંગાલ છે આપે આપ, કરમ સંજોગે પરઠયા પાપ ગરિબ માણસ જો અદકુ ખાય, તેતો અકરાંતો કહેવાય; માણસ જો થોડું જમે, ફુટયુ કરમ હિક સહુ દમે. મેલો ઘેલો હિંડે તેહ; દરિદ્ર કેહેવાય તેની દેહ. દોહરો—ગરિબ સવારે સુઇ રહે, તેને કેહેશે ઢોર; ઉઠે જો પરોડમાં, તો તેને કેહેશે ચોર. ગરિબ જો અન્યાય કરે; દેશમાં હુંડી વાગે; મોટા માણસનું કલંક છે; તે કોણ નવ કહેવાએ. ગરિબ જો ઘણું નાહે ધુએ; તો કેહેશે એના પાપ. જાએ નહી કંઇ જાતરા; તો કેશે એના પાપ; ગરિબ કરે દાતાપણું; તો કેહેસે એના ભોગ; તાલેવંત જો વરત કરે; તો કેહેશે ખાલે જોગ. તાલેવંત તરતીબ કરે વરણાગીઓ કહે વેશ; ગરિબ હિડે થઇ ઉજળો; દુનિયાં હસે સહુ દેશ. વેપાર કરે જો ધન પતિ, ધારે સહુકો ધન; ગરિબને કહે દેવાળીઓ, દેશે નહી કો દન. ગરિબનો નહિ છુટકો, એક વાતે આપ; બાપ કહીને બોલતાં, રૂઠે થઇને સાપ. દિવાન કહે એને દંડાવશું, શુળી દેઇશું સત; ઘરબાર લુંટી લેઇશું, માડી કીધી મત. ચાર મિત્રો છે ચતુર નર, જાવાદો જશવંત ઘેર, ઘેર એવા ઘણાં, અન્યાએ અનંત. કલંક છે કંગાલ ઘેર, બિતે બિતે થાય; જોરાવર ઘેર જાર બહુ, અદકા છે અન્યાય. અલખતછે ઘેર આપણે, જુવતિ જારી જાય; પામર લોક પાડોશીયાં; તે કહિ ન શકે કાંય. તમ સરખા ઘેર તારૂણિ, નીચ જાત નીશંક; ડાહ્યા છો દિવાનજી, કામની માંહે કલંક; ગરિબ શોધે ગરિબને; તેનો સહુ જાણે વાંક; ઠાકરની ચાકર જુઓ જુવે રાઓની રાંક, જોગ પટેલની જણ જુવે, પંડિતની મુરખ સાથ; વસની જુવે વિદયારથી; હઇડું ન રહે હાથ. વહાણવટી જે વાણિયો; ચતુરાઇ ચિતમાં ચહાય; વેલવાન શું કરે વાયદો; પીયુ તે પરદેશ જાય. બ્રહ્મનત્રને સેવે વેરાગીયા; નિરમળ જાણી નેહ; શ્રાવકની સેવે સેવડો, એમાં નહિ સંદેહ. દિવાનની સાથે દામણો; તમ સરખાનું તોલ; એમ કહી હેતે હરખા, બોલ્યા અટક બોલ; ગામપતિને ગોરડીને; તે બેઠુ ખેતર માંહ. નવસાણી નારીગો, તીજો માળ દુલ તાંહ. મોરી ગાગનું ગોરણુ; લખપતી સેવે લાડ; ઘેર ઘેર તો

એમ કસબી તણો; બે પાસા તેને મુખ; દોરી સંચાડો વાડ એ જોતાં ભાગે દુઃખ રૂ તેમાંથી કાઢીઉં, ભરી છે દિવાનથી ડંડ માર રહ્યું માનો નહી; સાચા જુઠાનું જોર; પ્રેમદાનું જોજો પારખું; કોણ શાહ કોણ ચોર. સોરઠો—હવે દાખે દિવાન નિંદા સાંભળી નારની; માનનીને દીધાં માન; પ્રીતે જો તું પારખું; કામની વશ છે કંથ; ધણીયાણી ધણી થઇ ધણી; પારજનો ન જડે પથ, વાત કેમ ન વિસરે. દોહરા—મુકાવ્યા પેલા માનવી, આપ થયા એકાંત; આની વાત જે સાંભળી, ભૂપને પ્રગટી ભ્રંત. મીત્ર તમો છો માહરા, સ્ત્રીઓ કહી સરખી સર્વ; શું મારે ઘેર એવું હશે, ઘણોક આવ્યો મન ગર્વ. તમ મુખની માનની, લોભણીયો કહી રંડ; અમઘેર એવું છાજે નહીં, પ્રાજે કરી નાખું પંડ. જે જોઇએ તે આપીએ, ચરણા ચોળિ ચિર; સાકર ખિરૂ માગતાં, પામે માગતાં નિર. સદા નિરંતર સાહબી, ખાનપાન ધન ધાન્ય, શા માટે બીજે કરે; માટીના બહુ માન, કરમે હાથ દેઇ હરમા, ડાહ્યાપણાની ધુળ. ડાહ્યાપણુ તારૂં દિવાનજી, તે આડી વાતની ધુળ. જાણુ અમો મને જાણતાં, ઘણા ભણ્યાછો ઘાટ, તે ડાહ્યા પણ દોહોવટ ગયું, વિવેકમાં ઉડી વાટ. ભરથરી સરખો ભુપતી, આઠ સહસ ઘેર નાર, અનંગ સેના તેમાં અધિક; રૂપ તણો અવતાર, સવામણ કેશર સેજમાં, સવામણ બીજા ફુલ. વૈભવ વાસવથી ઘણો, મહિમા મેરૂ મુલ કદરૂપ કાળો કુલક્ષણો, મદન મુરખો મોટ. અમનસેના તે સાથે રમી, ઘરમાં શી હતી ખોટ; અમર ફળ તેણે આપીયું, ભોગવ્યો છે સાથે ભોગ. નજરે નિરખ્યું પરપતી, જાણી તે લીધો જોગ. ભોજરાજની ભામની, ભાનુમતી નિજ નામ; નિંદાથી નરકે પડું, કહું કેતાના કામ વનિતા વિક્રમસેનની, માનની મોટમ મોડ. જોગી સાથે જોરમાં, શી હતી તેને ખોટ. કગાગતણી જે કામની, વેચી ખાય ચાર, કે દરિદ્ર દળણાં દળે, તે શું જાણે જાર. ફુંટગો તુટયો સાડલો, કાંચળડી ફટકાય. તેને સુજ તે શી પડે, મુખનાણા મટકાય. છપ્પો—કામ તણો પરવેશ, આભુષણ ઓપે અંગે; કામ તણો પરવેશ, કેશ સમારે તેલ સાથે. કામ તણો પરવેશ, કામનીને જોબન કહાવે; કામતણો પરવેશ, નિચશુ તેડા જાવે, કામ પરવેશ તો ત્યાં કરે, જયારે મુખ દર્પણ જુવે; શામળ કહે શામા ત્યાં શું કરે, રોતી ઉઠે રોતી સુવે.

દોહરો—સ્ત્રી પુરૂષ તો સરવ છે, કામાતુર નરનાર; પશુ પંખી કાં માનવી, સર્વતણા વહેવાર પ્રવેશ સબળો છે કામનો, જયાં જેવો ત્યાં ઠામ. ગરીબ સંગ ગરીબડો, મોટા શીર મોટા કામ. પરસ્પર ઘણી પ્રીતમાં તાળી દેઇને હાથ. માંહો માંહે મીત્ર તે, સ્નેહ ઘણો તે સાથ. સોરઠા—હાવે બોલ્યો દીવાન, મીત્ર મુરખા માહરા માનનીનું મોટું માન, વાંક દેખાડો વીનતા તણો. પારખુ જોઉ પ્રત્યક્ષ સાચુ માનુ ;સરલથી, ઝાઝી મારે છે જખ, નંદા કરે નારીની. દોહરો—ચારે આગળ ચતુર નર, રહ્યો એ અધ્ધર આંક, મરદ મુછાળ મરદ છો, જે વનીતાનો દેખાડો વાંક. મહીનો પામો છો પાંચનો, તે આપ પચીશ કુડા જાણું ચીત ચાડીયા, તો છેદવું શીશ. બારે વાટ બહો તમો નીચ નીચમાં નેટ; બોલ્યાં છે કુળ બાપના, પાણે પડયો છે પેટ. નીચના મીત્ર નરકમાં, જ.થડાએ છે અંશ, રૂઠયા તેને રામજી, વેલ ન વાધે વંશ: પાણુ જોડી પાયે નમુ, જો બોલો સાચા બોલ; અન્ય અધરમ અતી ઉચરે, તે નહી તમારો તોલ, પારો તેને પાંચ મણ, કહો તે સાચુ માનુ કેહેણુ; તો તમ પાગે અમો પડુ, વદે જે સાચા વેણુ અહલ્યા સીતા મંદોદરી, એવી છે એ નાર; નીચ તમો નીંદા કરો, એતો નહી વેવાર, ચારે બોલા ચતુર નર વાદ ન કીજે વાત, પ્રતક્ષ દેખાડુ પારખુ, તો થાશે મહા ઉતપાત, જીવ જાશે તારો કે માહરો, કે ત્રીજા છો જાય; કે જીવ જાય જુવંતીતણો કે અર્ધક થય અન્યાય જુઠા ઠગાથી જશ થશે, જુઠાં અમો લબાડ; સાચા તમો છો ત્રણ,

ભામનીનો રાખે બાર જુઠુ કેહેશું તો જીરશુ સાચે ખોએ પ્રાણુ ઉપર હાથ છે તમ તણો, તમો જાણુ અમો અજાણુ; તમો ઠાકર ચાકર અમો, અમો પુત્ર તમો તાત, સાચુ બોલુ બને નહી, એક અમારી વાત. મન અડકુ મેતા મુરખનું એ ઠમ વીદ્યાના ઠાઠ, શાલીગ્રામ શીર શકતશું, મુદ્દો ચંડીના પાઠ. પોતે ઉપાડો પ્રિતથી, આગના ખાધી પણ, સુખે દેખાડુ પારખુ, રૂદે ધરીને રીશ, ચોગણુા સમ પેલા ચારને, દીધા વાર દસવીસ, દેખોને મુજને નવ્ય કહો, તેને પુછે ઉમીયા ઈશ, ઉઠા એમ આદર કરી સોએક ખાધા સમ. એનુ કરયુ એ ભોગવે કહીએ નહી તે કથમ, એ કેડે પચક એહનાં એને અનુ પાપ, જે કરે તે ભોગવે, એ વેદ પુરાણે છાપ, ઘેર આવ્યો તે ધરધણી, આજ સાંભળ્યો છે ઉતપાત, અથ ઇતી માંડી કહી, વીનતા આગળ વાત, શામા કહે સારૂ થયું, સાચા જુઠા જોય, દાડી એને ટોકજો કલંક દેખાડે કોય, વાત તો વીસારે પડી, થયા મસવાડા સાત, એક દીવસ કઉતક થયુ. વીપરીત થઇ ગઇ વાત; માનીતો માનખ તણો, મહા મનોહર મીત્ર. ડાહો વાહો જાએ નહી. પુન્યવંતા પવીત્ર અકરમાત આવ્યો હતો, બેઠોતો ઘગી એક વાર; કરી વાત એક હેતની, એકલા છે નરનાર; એણે ઉઠવા માંડીયું, હેતે જાલ્યો હાથ; દીવાનખાને ડાહરા, સ્નેહ કરો મુજ સાથ; આકરો છે તારો ઠાકરો હું આકરો ચોર; નાંખી ન શકુ હું કાંકરો, તે આગળ શો દોર. હું અજને એ ગજ છે, એ સીંહને હું શીયાળ; એહ વાત જો આચરૂ ભમતો હોએ કાળ. નારી નેહ કરી વદે, ઠગાવ કરૂ એ દોર, ઘરધણી ઘેર આવશે, નંશ જતે એક પોહોર આવશે તો જખ મારશે, કર સુખે તું કામ ઇશ્વર આજ્ઞા અધીક; નહી લેવા દેઉ નામ સમ ખાધા તે સહકે ખાધા ટરે વીધન નહી હોય; તુજ પહેલી તો હું મરૂ, કામ મન એવી હોય ઉની આંચ આવે નહી કરો તમે તે તરત કુદ્રષ્ટે તુજ ઉપર જુવે, તેને માથે મરત ભરમાવશુ ભરથારને, પુરણુ પીઉ સાથે પ્રીત; કાલાવાલા કરી રાખીયો, રામાની રીત. સંજા વેળા તે સમે, મુખથી બોલી મીઠ; ચારે પેલા ચતુરને, દીવાનખાને દીઠ. ઘરમાં પેઠી તે ઓરડી. નીચ કામમાં નાર; કરમ સંજોગે તે સમે, ચોત્યા પેલા ચાર. આજ દાવો મળ્યો આપણો, પ્રેમદાના મળીયા પાપ. દેખાડીયે દીવાનને, સાચુ માને છત છાપ. ચાલ્યો ઢીંગ તે ધારીયો, હરતીને ઘર હરણુ; આજ મળ્યો છે દાવ; બીજી વાત ન પુછશો, થવાય એવા તમે થાવો. જોડી વેલ તે જુલમથી, તેમાં બેઠા જણુ ત્રણ; મેં તે કહ્યું પેલા મીત્રને, કથા સંભળાવો કરણુ. સાચા હશો તો સરપાવ છે. રૂડો મસારો નેક જુઠા હસો તો જખ મારશો, ફજેતે વાશો તે ફોક. નારી નીચ એ છે નહી, નથી એહને જાર; તમે તમારૂ સંભાળજો, ભાગી જશે તમ ભાર, મંદીરમાં ચાલ્યો છે માંટીયો, બીડયા છે તે બહાર બેઠા છે બે જણા નીત્રે વાત નીરધાર, દીવાન કહે દુશમન થશો, સતી દેશે શ્રાપ; તમ ચારેને મારતા. નહી ગણુ પુન્ય કે પાપ. ચોપાઇ—એ વાત તો ધ્હાથી રહી, જુવંતી જારની શી ગત થઇ; નીતેરતેમ તણો છે ખેલ, ત્રણ શેર બળે છે તેલ, દીવાનખાને દીવા વીસ, પ્રસન છે ઉમીયાપતી ઇશ; ચારે ચોકમાં બાવે બળે માન ઘણે નીત મીત્રજ મળે. પાંચ દીપક પરસાળે બહુ, આઠ ઓરડી દેખે સહુ; રસોડે બીજા મેડીએ, દીપક દુણુ દસ દેડીએ. જેમ ઉગ્યા હોય રૂડા રવી, તેવી શોભા નીત ઘરમાં નવી; કામની કંથ છે કુસોલમાં, ઘમકી પેલ પોઢી પોલમાં, ઘુઘરા માળ બળધના ચંગ રમઝમ રૂડે રંગ; સાદ સાંભળ્યો રથનો ઠેઠ પડયો ધ્રાસકો બેને પેટ. રામરામ કહી હઠે પડયો, એક મારગ તેને નવ જડયો; નથી બીજી બારીકે બાર ગરમાં પેલા જુવાન જાર. બાહાર શાજુત ચોરી ચીત્ત ચડી. અધરમ કરતાં થઇ એક ઘડી; લાખ કરોડ પડયો છે વાંક, એ કામ કલામ સુજે આંક જાર જુવાનનો જીવજ જશે, દાણુ હમારા બોલ થશે વાક વાકે

કરે તે તરત, માનીને કહે શીર આવ્યું અત. ભુંચ તણો પડગો ભુઠકો, એકે વાતે નહી છુટકો; જીવ્યાની જડે નહી જાગ્ય, એ કેમ આંચ ઓલાએ બાગ દાવામુદી ચતુર છે ચાર, તેને તે નીશ્ચે નીરધાર; ઝાંખી જાળીએ જોયું સાચ પાપ રૂપિઆ દીઠા જણ પાંચ. જાણી પ્રીછી મેતા આવીયા, દાવા મુકી જઇ લાવીયા; તેતો સરવે દીઠી દ્રષ્ટી કામની મનમાં પામી કષ્ટ પોપટ કહેરે પ્રભાવતી, ઘરમાં ઘાલ્યો તેની શી ગતી; એમને તો ઉઠયા છે દૈઇવ, કેમ ઉગરે એ બેના જીવ, કેમ શામા એ સાચી થાય, કેમ જીવનો વૈર જાય; તેમ પાગ્ય ભાગે એ પતી, કેમ સુંદરી થાએ સતી; કેમ ચાર ચાડીયા થયા ચોર કેમ તરૂણીની રેશે તોર; જુવંતી કરતીતી ઝાઝું જોર. એવા તેનો કીધો અંકોર. રાત અંધારી છે ઘનઘોર, ખરા બહાર હરામી ખોર; પ્રભાવતી કહે પ્રીછું નહી અમો, ભારે બોલ બતાવો તમો. વીજાર વીદ્યા હું શીખી ઘણી, જોડુ નહી એકે આ તણી; ઉડા અઙ અરણુવના નીર, તેને નહી તરવાની તીર વીશ ખાટલાને ભુડયા વાણુ, નવ ઉગારે પ્રેમદાનો પ્રાણુ; મેહેતો આવ્યો માટીનું સીંગ, ઘરમાં મોટો ધામડ ધીંગ. બળ પાકી ચાડીયા આવીયા, લેખ લખી આપે લાવીયા; આજ રાત ન જાશો તમો, એ વિદ્યા ભણાવું અમો; વનીતા કહે એ અચરત વાત, કહોતો ન જાઉં દીવસ સાત. દોહરા—ભાર કહે જીવ તજુ કહી, બીજો નહી ઉપાય; પંચ ઈટાળી મારતા, જરૂરપણે જીવ જાય. શુગી દેશે સવારમાં, લુટશે ઘરને બહાર; દાવા મુદી દુસમન થયા. ભોળવાશે નહી ભરથાર. તરત ઉઠી તે તારૂણી ધીરજ દીધી ધરમ; અંબે માત આરાસુરી; સહુની રાખે શરમ. તકીગો મુખમવ કરામી તણો, બે પાગા તેને મુખ ફેરી સંચારો વાઙ એ, જોતાં ભાગે ભુખ. રૂ તેમાંથી કાઢીઉ, ભરી મુકયુ એ માટ; તરત તેમાં તે ઘાલીયો ઘડગો ઘણુંરો ઘાટ. હશે રમે ને ઉછળે, નારી કહે કહે ઘણુ નાહો; આજ તો નહી ઉઘાડીયે, જેમ આવ્યો તેમ જાઓ. સપટાવી બે પાસા દોરીઓ, સરીખાં વાગ્યાં તરત, મરકાએ તેહનું દુઃખ કહ્યું, માથે જર્યા આવ્યું મરત જેમ હતું તેમને તેમ થયું, મેલ્યા ઉઘાડાં બાર; તકીએ બેઠી તે તારૂણી, નીરભી થઇને નાર પાંચ બેઠા પરસાળમાં, શુધ કરતાં તે શુળ; દશ લાખ તેમાં ડહાપણુ હતાં, તે આડી વાટની ધુળ. હાશ વિનોદ આનંદમાં, પોપટ બેસારયો પ્રાણુ; અચરે અચરે રામ કહે, કહે વીનતા મુખથી વાણુ. દીવાનખાને દીપક બળે, અદકી દેવા આંચ; ઘર ધણી સહીત ઘરમાં ગયો, પરવત જેવા પાંચ કમાડ દીધાં છે કપટમાં, ચણોય આણી મન ગરવ પરીક્ષા કરી પાંચે જણે, શોધી થાકયા સરવ મેહેતી કહે મેહેતા સુણો, નીત આવોછો પોહોર રાત; આજ આવ્યા સમી સાંજમા, એતો અચરત વાત. સાથે પાંચ મીત્ર કયા, માલોછો કેમ મન; બેઠી બોલે બાળકા, ધન્ય આજુનો દન બુધવંત ડાહ્યા થઇ બોલીયા, લાભ લાવ્યા છું સાથ. વેચી લેવો વેવારવટ, પરવરીયાછુ પાંચ એકાંત કરવી છે વારતા, ઘડી બે ચારેક કામ; તમો બેથી રહો બારણે થીરતા થઇને ઠામ પરકાવી પાંચે જણે, દીપક હેતે હાથ; ખડકી ચોક રસોડીયા, શોધે સઘળો સાથ.

છપ્પો—પેટી પટારા પાર, ઘડીયોને જોયાં કોઠી, અટારી અગોગર ઠામ, મેલલો જોઇ મોટી અથડાયા એકજ પહોર થીશ કુકીને થાકયા; હારયા તે ચારે હોડ, પણ પાણુ ઘસ્યા તે પાકા; જગા રહી નહી જવાની, તરકર થઇ ચારે રહ્યા; હઊ તમો દીવાનજી, કરગરી બોલ તેણે કહ્યા. દોહરા—ગોડી ગોખને જાળીયાં, છજા અટારી અરથ; કુટી મુઆં તે કળ-કળ્યાં, વાજ આવ્યાં તે વરથ, તરત કાઢયા તે તકીએ હકી. વળાવી દીધો વેહ; કંથ સહિત કુટી મુઆ; ભાગી નાખો ભેદ સોડ તાણી સુતો સુખે; નરભે થઇ નિસંક ઝખ મારી સહુકો રહ્યા, વાહ્યો આડો અંક. મે તો મહા રીસાળીનો, માનની નિંદા માટ; કોપ્યો ચારે મીત્ર

પર; શત્રુપણાને સાટ કટ ર કાડયો કેડે થકો; રીસ કરીને રાંડ; જેણે જાર દીઠો હતો; તેને કહો તું દાંડ કોડ હતોને કયાં ગયો, કોણે દીઠો તો દુષ્ટ; ચાર્ય શ ચલીશ રાણજા; વારૂ કીધુ વરિસ્ટ. બીના ભુમ ગાડી ગહુ; જાણ્યું છેદશે વીશ; ઉપાડો કહુ બારણી; સારૂ કીધા દસ વીસ. ઉપાડી બાર આરીયા; પુછી વીતાએ વાત; શા માટે વડી પડયા; એવડો સો ઉતપાત; ખાસા મીત્ર છો જનમના; દેખી લેતાતા ભાગ; કહદકુ ઓછાને કારણે; વઢવાનો શો લાગ. પચીસ પાશ છે પ્રાકૃગી, ધારી તેડાગ્યા ધંધ ચોમેર ચાકરો ચારને; બાંધી લીધા બંધ. સોરઠા—ચારે લાગ્યા ચરણ; કરગરી કરગરયા; કામની સાંભળો કરણ. તશકર અમોણુ તાહરા. મોટા તમોછો માત; જીવાડો તો જીવીએ; જુડી અમારી જાત, ચંડાળ કામ ચારે કરયું. દોહરો—નારી નવરંગી નિરમળા; ચતુરા તે લાગી ચરણ; શો વાંક એવડો ગુનો; એહ આપણે શરણ કથતી માંગી કંહિ વિનતા આગળ વાત; ચંડાળ રૂપ ચારે જણા; કરતાતા મહા ઉતપાત. પંચ મહિના પુરા થયા; તમ કેડે પડીયા એહ; નીત નિઘા નવ નથી, દમતાતા તમ દેહ. મુરખો હોવે માનિગો, તો કરી નાંખે ઘર ભગ; મેં ડાહે માન્યું નહિં, ધરમશુના એ ઢગ. એ બેશી રહ્યા ઘના બારણે, તેડાા બે આગ્યા તાંહ; કહું તમારી નારીકો, મરદ ઘાલો ઘર માંહ. મે કહ્યું જો જુડા પડો, તો શો તમારો દંડ; કહ્યુંછે મસ્તક છે જો, એવા લંપટ રંડ મારયા વિના મુકું નહિ. કરે નહિ જુઠું કામ; આયુષ્ય એનું આવી રહ્યું, રૂડા ચાગેને રામ. એને મને મોહોડે કહું, લખ્યા આપ્યા અક્ષર આપ; આપણુને નથી બેમતું, પવિત્રને મારતાં પાપ. નારી નીચી નમી કહે, જો અહલ્યાનો અવતાર; જુઠુ જુલમ એ બોલી, ચંડાળ રૂપ એ ચાર કંથ ભાગ્યો અંત ક્રોધમાં, તનમાં પ્રગટયો તાપ; દેખાડો રે દુશમનો, કોણુ દીઠો તમ બાપ. સાંભળી બોલ શતરૂ ટળ્યા, રૂદેમાં તેમ રિસ; મારયા ફરીને મોજડા, મુસ્તકમાં દશ વિશ પાગે લાગી પ્રેમદા, કરગર્યા બહુ કેણુ નવરંગી નાર નરને નમી, વદને અમ્રત વેણુ. એનું કરયું એ ભોગવે, સંકટ ઝાઝુ શુળ, એનુ પાપ એને નડે, નાંખે સુરજ સામી ધુળ. સરૂને અડતી નથી, ભરાય પોતાનું મુખ; ભલા ભલી પૃથ્વિ પર, એમાં શાનું દુખ. વિછી કરડે વેદના, એના એ સ્વભાવ; તેને શું જુઠું કરયું, એ બુદ્ધતણો બનાવ. એમાં આપણું શું ગયું, તોળી જુએ તન માંહ; સોને શામ નથી લાગતી, ચિત ચતુરાઇ ચાહ. છોડી મુકો એ છોકરાં, તમો છો એના તાત; ખાતે ખાઓ ખાસટાં, વિપરીત કહી જે વાત. બ્રમને કરય અડે નહિ, પુન્યને ન અડે પાપ; જીભને ચીટક ન અડે, વેદ પુરાણે ચાપ. કાઢી મુકાગ્યા કિંકર કરી, મુખ ફકાવી ધુળ; દાંતે તરણાં લેવડાવિયાં, કરી ઓ ચરિત્રની શુળ; ઓશિયાળો કરયો ધણીને, પડગ્યો તેને પાગ્ય. સતિ થઈ તે સુંદરી, જીવ્યાની તોતિ જાગ્ય. જાને મારહો જીવનો, દેઈ દંડને ઠોર; અન્યાય અતિશે કરયા, ચાર જણાને ચોર. પોપટ કહે પ્રભાવતી, થવાય એવાં થાઓ; એવા પરાક્રમ આવડે, તો જરૂર જારીએ જાઓ. વિજાર વેદ છે પાંચમો, એ પંદરમી વિઘાય; રૂડુ રૂડાને મન છે, નિચ કરે નિંદાય. આખર એથી બુડિએ, એ કુડું કરવું કામ; પરનારી પ્રત્યક્ષ છરી, વિજે નહી શ્રીરામ. એહ કામથી દુઃખ ઘણું. સુખી ન થાગે સંગ; મુકયું તે સુખ માણિયા, રાખ્યો રૂડો રંક. એ કામ જેણે આચરયાં, ફુરૂહયા તેના તુક; આ લોકે બંધન પડયા, પરલોકે નરકના કુંડ. જીત્યો જેણે જશ લિયો, હારયો બાકી હોડ; અજાણ અમૃત જાણશે, જાણ્યા ઝેરના છોડ. સારૂ લાગે સુખ સાગર સમું, સોભા જાણે સ્વર્ગ; લખ વિંછીની વેદના, નિશ્ચે ભોગવું નરક. સારૂ તત્વ એમાં નથી, માખણુ કાદવું મેળ; પરનારી સહુ પરહરો, ખરા હુનરના ખેલ. પરનારી જેણે પરહરી, તે જીત્યો સંસાર; બાકી તો બુડયા બાપડા, નથી બુમ કે વાર.

चंपावतना सुत राजवी, ઝવેર નામ જશ રૂપ; સિંહુજપત શિરોમણી, અકલ ધણી અનુપ. પુન્ય વધે પાતિક મટે, રીઝે જેથી રામ; નિંદા કોએ નવ કરે, પામે સ્વર્ગ સુખ ધામ. ગાય લિખે ને સાંભળે, પોચે મનના કોડ; શામળ કહે બોલો સહુ, જય જય શ્રી રણછોડ.

ચોપાઈ—પ્રથમ ગણપતિને પુજિએ, શુભ વાણ સુધ બુધ સુજિએ; શ્રીશારદાજી સુખ કારણી, કોટી બ્રહ્માંડ તણી કારણી. ત્રિલોકમાં તરવાનો તંત્ર, મહાકાળી એ મોટો મંત્ર; વશીકરણ વિદ્યાનો એક, નિરોગી દેવાથી દેહ. તમ કૃપાથી પાવન થાઉં, ગોવિંદ તણા ગુણ ગાઉં; તમ કૃપા જે ઉપર હવી, તે કેહેવાણા મોટા કવિ. આદ સકત અનપુરણા અદ. સુખસાગર દેનારી રદ. છપ્પો—કીડી કુંજર રાય રંક, ભરપુર રાહતે ભરે છે; કોટી બ્રહ્માંડનું ઈંડ. ધરતીનું કરે ધરે છે, જીવા જોની પશુ પક્ષ. અન્ન ને નિર પોખે છે, તાઢ તડકો સુખ દુઃખ; દુનિયામાં એ દેખે છે; ભુત ભવિષ્ય વરતમાન જે, સાક્ષી દે પુન્ય પાપમાં; ત્રણે કાલમાં તે રહ્યા, ઇશ્વર પોતે આતુમા.

—※—

વારતા ૫૫ મી.

ચોપાઈ—પંચાવનમે દિવસે પ્રીત, રામા ચાલી રાજસ રીત; સોળ શણગાર સજ્યા સુંદરી, પ્રેમદા જાણી પુરંદરી. રમઝમ રમઝમ કરતી જાય, ઠમકે ઠમકે ધરતી પાય; મલક મલક હસતી તે મુખે, શુભ વેષ શામાં તે સુખે. ચક્ષુ ચલાવતા ચાતુરી ચળે, મુનિવર કેરાં મન ચળે, હેત પ્રીતથી કરતી હાસ્ય; પરવરી પોપટ પાંજર પાસ. ચરણા ચોળી હેતે હીર, ચંપકવર્ણાં પેહેર્યાં ચીર; કાજળ કુંમકુંમ ને સિંદુર; મુખ તંબોળ ભાવે ભરપુર. મંદીર પુરૂષના હેતે હાર; રામસેન સિંદુર કામ કટાર; બાણ નેણ તણી નરપતી. નીચી દ્રષ્ટ નારી નિરખતી. મુકા તીર તણા નાંખતી; ભલી વાત મુખથી ભાંખતી. દેવાંગનાથી પોપટે દીઠ, વા અમૃતપે મન મીઠ, ચંચળ ચાતુરી જોયા ચેન; જુઓ લેજો મારી બેન; ખાંતે પાનબીડાં ખાઓ છો. પણ જરૂરપણે કહાં જાઓ છો; રાત અંધારીછે ઘનઘોર. વટે મળે ચુગલ ચોર; કરોડપતીના છો કામની, જાતું નજ ઘટે જામની; ડહાપણ તમારૂં પડીયું કુપ; ભરથાર તમારો ભાગતો ભુપ. શરમ ધરમ અલપત અતિ ધણી; નગરશેઠ તમારો ધણી. લખ્યા લેખ કોના નવ મટે; નીશા સમે જાતું નવ ઘટે. સુંદરી કહે સાંભળ શુક વાત; જારી જરૂર જાઉં છું રાત. સાચું તુજ આગળ હું કહું; રાખી આજ કોની નવ રહું. વિજાર વિદ્યા ભાવે ભણું, કોનો ભય રખે નવ ગણું. ન્યાય વચન કહ્યું નારીએ; જરૂરપણે જાવું જારીએ. કરોડનાર કહું શું કથી; એ કામે કો જીત્યો નથી. એ કામે જે કો સોડીયું; બોહોત જગમાં સરવે બુડીયું. એ કામે મોટા માંડીયા; એ કામે ધર્મ નથી ધારીયા. એ કામમાં સંકટ શુળ; જારી કામ એ પાપનું મુળ. એ કામે આબરૂ ખજત જાય; એ કામેથી દંડે રાય. એ કામેથી જાએ ગરથ; એ કામે સરે નહી અર્થ. એ કામ પણ કરવું પડે; ચંચળ પુરૂષ ચોકીમાં ચડે. એ કામ કરે જોબનવેશ; એ કામ કરે પતી પરદેશ. એ કામ કરે જે નરનાર; એ કામ કરે ઓછા ભરથાર. એ કામ કરે જે એકલી રહે; એ કામ કરે ચતુરાઈ ચડે. કામ કરવાની પુર્ણ પેર; તે સરવે છે તમારે ઘેર. પુર્ણ પ્રાક્રમ છે તમ પાસ; એમ કહીને કીધું હાસ. કદાચ કાંઈ એ સંકટ પડે; નીચ માણસ કો તમને નડે. કદાચ કાંઈ આવો આંચમાં; ગુણ ઘણા નાંખે વાંચમાં. સોમચંદ્રા કેરી નાર; પલક એકમાં ઉતરી પાર. સૌભાગવંત શેઠાણી નામ; કરજો તેના સરખાં કામ. પોતાનો જીવાડયો પતી; સહુ લોકમાં કહેવાણી સતી. સુખસાગરમાં વેલા તરી;

કામનીએ વિદ્યા તેવી કરી. ઉવાકર્યો વીપનો વેશ, ડહાપણુ દાખવ્યું બાપે દેશ. ધર્મ કર્મને રાખી શરમ; પોતે પામી પદવી પરમ. ન કરયું પાપ કરવું બહુ પુન્ય; એકે વાતમાં નવ રહી નુન્ય. ઓલવી નાંખી અદકી આંચ; પામી પદાર્થ પુર્ણ પચ રાશની ઓલવી આગ; પતી આદે સહુ પ્રણુમ્યા પાગ; પગ ખેંચી તે રામા રહી. એતો વાત કારમી કહી; પાપ વિના કેમ જારી થાય. જાર કરનારો કેમ સ્વર્ગે જાય પરપુરૂષમાં શાનું પુન્ય, તુંતો કહે નવ રાખશ નુન્ય. મોટું અચરત એતો સુને; પ્રીતે થકી પુછુંછું તુને. એતો અચરત બોલ તારો; મન સંદેહ ભાગે મારો; કવણુ સોમચંદ જાતે શેઠ કવણુ ગામ રેહેતોતો ઠેક, કવણુ સોભાગ શેઠાણી સાર. જુવતીએ કેમ કરી વિજાર, વિદ્યા તેણે કાંધી કશી, વિનતા કેમ વૈકુંઠે વશી. આગળથી કેમ વિપત પડી, વળતી કેમ વિમાને ચડી. સંક્ષેતુ બુધવંતી બોલ, એ તો વાત અતિ અનોલ. બને વસ્ત્રે બેસો બાણે, સાંભળવાની ગરજ કારણે.

છપ્પો—ગરજે ઘેલા સાથ, જરૂર ડાહ્યો તે જાએ; ગરજે પોતાની હાથ, ઝેર ખાતેથી ખાયે. ગરજે રંક ઘેર રાય, આપ ઓશીઆળો થાએ; ગરજે અમૃત ખાનાર, કવાથ કડવો તે પીએ. સંસાર વશ સહુ ગરજને, કોડવાર શું કહું કર્થ; શામળ કહે ગોળ સાકર થકી, ગરજ સમાન ગળ્યું નથી. ચોપાઈ—કામનીએ કહ્યું તેમ કર્યું, ધ્યાન સાંભળવા મનમાં ધર્યું; પોપટ વારતા કહે છે પ્રીત, રાણી સાંભળે રૂડી રીત. ભાવનગર કેરો ભુપત, રાયસંગરાજાની રૂડી રીત; હેમ હુજર વરરયા છે મેહ, દેવાંશી રાજાનો દેહ.

દોહરા—સોમચંદશા શેઠ શુભ, ગુણવંત વસે છે તે ગામ; સોભાગ શેઠાણી સુંદરી, નીરમળ રૂડું નામ. ચંદ્રવદની ને ચીત્રણી, અંબુજ દળશા નેણ; કેમ પાટ કરી કેસરી, અમૃત જેવાં વેણ. પોપટના જેવી નાશીકા, ગજના સરખી ચાલ; હંસ ગમી ગજ ગામની, ભલુ તીલક શુભ ભાલ. ગ્રીવા સરીખડી પોતક પોતીસી, અધુર પરવાળી રેખ; ચક્ર ચાતુર ઓપતી, રૂડાં કર્મ વિશેષ પાન સરખું પેટ છે, કેળ પત્રથી પુંઠ; કદળી થભ જઘા જુગમ. મહા મનોહર મુંડ કેડ કરણુની કાખથી, નાસીકા તલનું ફુલ; દક્ષણાવંત નાભી નવલ, માનની મોંઘો મુલ. કર્મવંતી ને ધર્મવંતી, શરમવંતી શુભ ધામ; રૂપવંતી રંભા સમશુ, રતી પતી જોયું કામ. ગાનવતી ને માનવતી, હાસવતી હરિ ભક્ત; પતિભ્રમ ઉપર પ્રીત છે, ગાનવતી ગુણુ ગીત; નીર્મળ જો નરનારનું જેમ, ઇંદ્રાણી ઇંદ્ર રવી રનાદે. સરખા ચાહક ચંદ્ર. સદાવ્રત બધા શહેરમાં, પુન્ય પર્વ પરમાર્થી, કરે ખત રૂડાં કાજ. અષ્ટમ સીધ નવશધ રીધ, ધણી લક્ષ્મી ઘરસુત્ર; કલંક મોટું એ કરવામાં, પેટ નહી પુત્રી કે પુત્ર. કથા કીર્તન ખત સાંભળે, ખટ દર્શન ખેલ, શ્રાવન મેશરી વૈશ્નવજન, મહા રૂદ્રનો મેલ. જુઠા સંગે રહેનહીં, જુઠી ન કરે વાત, જુઠો જર નવ સંઘરે; જુઠી ન ગમે જાત. અધર્મ નહિ અન્યાય નહિ, શુભ વાતની શુધ લોભી લુંડ લાગી નહી, ન કરે બુધ કબુધ. ભુખ્યાનું મુખ નવ જુએ, જાચક નીરમુખમન જાય; વશ વરતે વસુધાપાવ, રાણી સહીત જે રાય, કથે કથામાં સાંભળ્યું, જે પરનારશું પ્રીત. તેના પીતર નરકે પડે, નઇવર કુંડમાં રીત. જે સાથે સંગમાં કરે નિશ્ચે પદવી તેટ. તેતો ઘેર અવનીરે, પુત્ર થઇને પેટ. પરનારી શું આલીંગને, ખાતે શોભે ખંભ. જમદુત જુલમ તેને કરે, કાંધી વેલાનો વિંભ; લખ વિંછીની વેદના, લખ દાવાદળ દુઃખ. દોહલી જાત જમદુતની, વેઠવી જુંડી ભુખ. તેથી પ્રદર ધણું પ્રેમદાને પરચંડ દુખ દાવાદળ વાસ્તા, દોહલા જમના દંડ કથામાં કાને સાંભળ્યું, વારૂવાત વખાણુ; તે વેળા તેણી ઘડી. પ્રીતે કરે પચ્ચકાણુ, જળ મુકું જગદીશપર, જાવત જીવત જોગ, બોલ્યું તેટલું પાળવું. ભોગ. વવા પણુ ભોગ. પરણી તે એક પર્તવત, રામને સીતા સાથે સ્નેહ; કીરતાર કહો બ્રહ્માંડમાં

દેવ દેવાંથી દેહ. ગોરક લખમણ શુકદેવજી, હનુમાન સરખા દીઠ; જશ જીત્યો બધા જગતનો, પરણી ફેરી પીઠ. વિનતા બીજી કરૂં નહિ, કરવું નહી એ કામ; એક પત્નીવ્રત આચર્યું, જેમ સીતા શ્રીરામ. બીજી પ્રતીજ્ઞા મેં કરી. છત્રીસ વરસની છેક; ઇશ્વર અરભક આપશે, જેવો તેવો એક. તે વાતે ધરસુત્રજ ચાલશે, પુન્યદાન પરમાણ; સાડતરીશ વરસે સુખ તજું, પીંડ ન રાખું પ્રાણ. તે વાતે સુરજ સાખીયા, સાખી ઉમીયા ઇશ, સાખી અંબા આરાસુરી, સાખી શ્રી જુગદીશ. રામકૃષ્ણ સાખી રમણ. સાખી હરસીધ માત. સાખી શ્રી મહાદેવ છે. સાખી ગોરખનાથ. સાખી સહસ્ર અઠયાસી રૂષી, સાખી ત્રીસ દશ ક્રોડ. સાખી ચોસઠ જોગણી, સાખી શ્રી રણછોડ. અડસઠ તીરથ સાખી સદા, રૂડા પુન્ય જે રંગ; નવસેં નવાણું નર્બદા, સાખી ગુણવંતી ગંગા. સ્ત્રીએ એવું સાભળ્યું, પતી બોલ્યો જે બોલ; અરે દઈવ હવે શું કરૂં. એતો ભારે તોલ. ધિક્કાર અવતાર માહરો, વાંઝણી જોગનવેશ એક પત્નીવ્રત કંથને, ડહાપણ બાંધે દેશ. એણીયે એમ વિચારીયું: તે વેળાએ તરત: મરદ બીજાપર મન કરૂં: તે વેળા માહાઈ વ્રત. બીજી પ્રતિજ્ઞા બહુ કરી; વાંનતા બોલી વાણ: પાડુ પડ તેણી ઘડી; પ્રીતે કર્યો પચ્ચકાણ. પરપુરુષ જોવો નહી; કંથ વિણ નવ ધરૂં કાય. જુડી વાત તે જલપુ નહીં; થનાર હોય તે થાય. ચોવીસ તીરથ ઘેર ચાલ્યાં ચીતે, ઠગવો એવો ઠાઠ ઉપાડો. પનરવરાં પ્રીતે ચંદીનો પાઠ. સાલીગ્રામ ઉપાડ્યાં સતવરાં. પ્રથવી આપ આકાશ. એ સરવે દેખે સુને, જો રહું પરનર પાસ. નવનાથ ચોરાશી સીધ નર. ખટ દર્શનના ખેલ, અરસપરસ કરી આજ્ઞા માનનીએ મેલ્યો મેળ.

ચોપાઇ—એક એકને અદકી પ્રીત, રાજ રાજેશ્વરી સરખી રીત. ખાય પીયેને ખુશી કરે; એક એકને દેખી મન ઠરે. પુન્ય ભાર ભંડારે ભરે; ખટ દર્શનને ધર્મે ધરે. નર નાર જોબન જુગતી જોડ; નહી એમાં ખાંપણ કે ખોડ. જીવ એકને જુજવી દેહ; પ્રીત જેવી મયુર ને મેહ. પ્રીત જેવી જગતને જગત; જેવા ભાગવાનને ભગત. પ્રીત જેવી નીરને મચ્છ; પ્રીત જેવી ધેનુને વછ. છપ્પો—અતીશે જેમાં ધર્મ. કર્મ બેસે તે શીશે. અતીશે કરે જે પુન્ય. પુન્ય થાયે કો દીશે; અતીશે જે કો શુર. કાયર થઇ તેતો ભણે. અતીશે નીર્મળ નામ. કલંક કો વેળા લળે. અતીશે સુખસાગર જહાં. કોય દીન દુખ ભોગવે. શામળ કહે શ્રીમંત અતી. દરિદ્રી કોઇ દીન જોગવે. અતીશે પ્રીત અપાર. કોય દીન થાયે વડવાડો. અતીશે દશ દાતાર, કોય દીન માનજ મુકે; અહંકારથી ઇશ્વર વેગળો. પણ રાખે તેતો દુત પળે. શામળ કહે સીધ સાચમાં. કોણ કીરતારની ગત કળે. ઘડી એકમાં તડકો તીર. ઘડી એકમાં પરજન પુરો. કાયર નામ કહેવાય? ઘડીમાં સમંત શુરો. ઘડી ઘડીકા ઘાટ એ. કોએક જણે કોએક મરે. શામળ કહે ચીતવ્યું થાયે નહી, કીરતાર ચાહે તેવું કરે. ચીતવ્યું પય નવ પીયે. ચીતવ્યું પય નવ ખવાયે. ચીતવ્યું નવ રળાય. ચીતવ્યું કામ નવ કરાયે. ચીતવ્યું નવ પરણાએ. ચીતવ્યું નવ મરાએ. ચીતવ્યું જીવાતું નથી. ચીતવ્યું ચોવાટે જશે. કવિ કહે શોચ શાને કરો. કીરતાર કરશે તેવું થશે. અણુચિંતવ્યું આવે મરણ. અણુચિંતવ્યો આવે રોગ. અણુચિંતવ્યું આવે દુખ. અણુચિંતવ્યો ભોગવે ભોગ, અણુચિંતવ્યો દેશ દુકાળ. સુકાળ અણુચિંતવ્યો થાયે. પુત્રી પુત્ર સુખ દુખ ઘાત કહાવે. અણુચિંતવ્યો આવે વરધ ખોટ. હાણ કીધ સોશના. હોનાર હશે તેવું હશે. શામળ કહે શીદ કરો છો સોચના. ચોપાઇ—શેઠ શેઠાણી ઉલટભેર. ગુણવંતા બેઠા છે ઘેર. એટલે ત્યાં એક કઉતક થયું. ચિંતવ્યું તે કેહાયે રહ્યું. તે ગામમાં એક બ્રાહ્મણ વસે. ધર્મ માર્ગ ઉપર તે ધસે. બાળપણામાં બાંધેલ ડહાપણ કહાવે બાંધે દેશ, જપ તપ સંધ્યા સાધન કરે; ધ્યાન ઇશ્વરનું મનમાં ધરે. ગુણવંતી

સેવે નીત ગંગા; કરે નીત સાધુનો સંગ. છળ છળભેદ સહુ છાંડીયા; ગાયત્રી પુરશ્ચરણુ માંડીયાં: એક બે પાંચ ને સાત. વિશ્વ બાધામાં વિખ્યાત. ચોવીસ લાખે પુરશ્ચરણુ એક; એવા એવા ચોવીસનો કીધો નેક. તપોબળ તપનો મહીમાય. સીધાતણી કાવે સીમાય. થયું સુરજના જેવું તેજ. વર્ણું અઢારને સંત હેજ. દેવરૂપ થયો દેહની. વાચક સીધ ફળ તેહની. પગર સહુ દર્શન. પરમેશ્વર પુર્ણ પ્રસન્ન. એક દિવસ શેઠાણી સાર. ભામનીએ ભોળવ્યો ભરથાર. ભણ્યો ગણ્યો બ્રાહ્મણુ છે બરમ. એના દરશનથી છુટે કરમ. આપણુ જઇયે પાગે લાગવા. પુત્ર પ્રાક્રમ મહિમા માગવા. કરોડવાર કહું શું કથી. ઇશ્વર એમાં અંતર નથી, કષ્ટ આપણાં એ કાપશે. અરભક મન માન્યો આપશે. તમને ગમે તો ચાલો તાંહ. વિચાર કરો એક મંદિર માંહ

દોહરા—શ્રીફળ ફોફળ દક્ષણા, પાન ફળ ને ફુલ. કુંમકુંમ ચંદન અરગજા. મહા· પુજનનાં મુળ. શણુગાર સજ્યા શેઠાણીએ. રૂડી રામા રંભ. પ્રસન્ન છે પરમેશ્વરી. પ્રસન્ન શક્તિ સંભ. જોગ માયા જેવી જશી. દેવાંગનાવંત દેહ. નનાંગના નિધિ નિર્મળા. નિરમળ વાતપર નેહ. જુઠી વાત જલપે નહી. અધર્મ તણો નહી અંશ. દાન માન સદાવરતે. પુન્ય દાન પ્રસંસ. મહિમા આ ભવ માનવી. પેલા ભવનું પુન્ય. લક્ષ ચોરાશી લક્ષપતી. નિમેશ માત્ર નહિ નુન્ય. પાંચ ચાર પુંઠળ પ્રેમદા. સાથે શેઠ સુજાણ. વાજીંતર દસ વીશ છે. વદે વંશનું વખાણ. વિપ્ર તણે ચરણે નમ્યા. શેઠાણી સહીત શેઠ. પંચ પ્રદક્ષિણા પગે નમી. મુગ્ગ આગળ મુકી ભેટ. આશીર્વાદ વિપ્ર વદે ઘણી. લક્ષ્મી ઘરસુત. ચિરંજીવી જીવો ઘણું. પતી પ્રેમદા ને પુત્ર. જશ વાધ્યો બાધા જગતમાં. કરજો પુન્યની કંજ. સદાવરત શોભાવજો. બાંધો ધર્મની ધ્વજ. ભારતને ભાગવત જે. કથા સંભળાવજો કર્ણું, રામ કથા રૂદે રહો, ચતુર્ભુજ કેરા ચર્ણું. પાંચ ઘડી પોતે રહ્યા. આજ્ઞા માગી તરત. સંતાન શાછે શેઠજી. વિપ્ર પુછે વૃત્તાંત. કર જોડયા તે કામની. સાંભળજો દ્વિજરાય. સંતાન તો ઇશ્વર આપશે. થાશે તમ કૃપાય. વચન ફળશે તમ તણાં. જે બોલ્યા છે આદ. આશીર્વાદ જો કહો મુને. તો બાંધુ શાણુ ગાંઠ. છપ્પો—પરમેશ્વર પ્રસન્ન જગત. જશ તેનો કહે છે. પરમેશ્વર પ્રસન્ન. તેને ઘરની ઘરસુત્ર. પરમેશ્વર પ્રસન્ન. તેને પ્રતાપિક પુત્ર. લહાવો લાખેણો લેછે. પરમેશ્વર પ્રતાપથી, કૃપવણુ હેતે હશે. અરભક પામીશું અમો. તમ સરખાની કરૂણા થશે, દોહરા—રૂપી રૂદયમાં હશે, મેં કહ્યું જીવો તુજ તન. એ તો નાર છે વાંઝણી, પડી વિમાસણ મન. જન્મપત્રી જુગતે જુઓ, પ્રીછવો તેની પેર. કાલ વેહેલ હું મોકલું, ગુણવંત પધારો ઘેર. મંદિર ગયા તે મલપતાં, બેઠા અમરત ધન. બ્રાહ્મણનું ચિત્ત ચોરીયું, હરી લીધું તન મન. ચિત્ત બ્રહ્માની પેરે થયું, હૈડું ન રહ્યું હાથ. સુધ બુધ સરવે વિસરે, સ્નેહ નારી સાથ. આહાર નિંદ્રાની સુધ ગઇ, ગયું જપ તપ ધ્યાન. પાઠ પુજા પધત ગઇ, ગયું દાન માન શાન. મન રૂદે પરનારી વશી, તેને દેખી ગયા રામ. જીત્યો નહી જીતાય નહી, અજીત કહાવે કામ. જનુની સહુ નર નમ્યીયા, ધવરાવ્યા એણે સર્વ. ઉછેર્યા સહુ એણિયે, એ આગળ શો ગર્વ. વિહવલ વિપ્ર થયો, વાગ્યાં મોહનાં બાણુ. વેહે સો સરાધીયા, પરવશ પાડીયા પ્રાણુ. રૂદિયામાં રામ વશી, મહા મન લાગે મોહ. જીવ ધસો જુવંતી પરે, જેમ ચમકપાણુપર લોહ. વાગે બાણુ જેને મોહનાં, તેનો કાથ દેખાય. નારી બાણુ જે નર પડયા, તે દુખ કેમ સેવાય. ઠાકુરનું મન મોહપર, દ્રવ્ય ઉપર ચિત્ત ચોર. દિપક પતંગ જેમ દાખીએ, ચંદ્ર ચાહે ચકોર. જળ વહેય જળચરાં, વછ વછોહી ગાય. ટોળાં વછોયાં મૃગલાં, એમ આકુળ વ્યાકુળ થાય. આતમા ઘણો અળખામણો, ભૂલ્યો દેહનું ભાન. ઇષ્ટ થઇ એ વાર્તા, હેત કરતે હાણુ, દુઃખે

પાપે પીડમાં; તરફડતામાં તેહ, પ્રાતઃસમે રવી ઉગમે. નારી નરખ્યાનો નેહ. લક્ષ વિછીની વેદના, જુલમ વેડી તેની જાત. શેઠાણિયે કહ્યું શેઠને, પંડિત તેડો પ્રભાત. સોરઠો—જોશરા વીએ જુગનેં જોગ, પ્રીતે પુસ્તક પુછાવીએ. હાળે આપણો દોષ, પંડિત પ્રીછશે પાપપુન્યને. કેહેશે આપ કલંક, પંડિત સરવે પ્રીછશે. નિરભે થઇ નિશંક, સમ દેઇ પુછો શેઠજી. દોહરા.—તેડું આવ્યું ત્યાં થકી, પ્રીતે જઇ બેઠા પામ. સતવાદી શેઠાણી શેઠજી, વિપ્ર આવીયો તે વાસ. આગત સ્વાગત આદરી કરી, પુજા અરજા પ્રીત. ખાનપાન મનમાન શુભ, રાજદ્વારની રીત. દીપક કીધા દશ વીશ, તે વેળાયે તરત. વીશ વીશ વિપ્ર બીજી વરાં, વિદ્યા વ્યાકરણ વરત. પોથી છોડી પંડિત, અગમ નિગમ છતછાપ. પેલા અવતારની પ્રિતડી, કાંઇ પુન્ય કે પાપ. જોતિષ શાસ્ત્ર પુરાણમાં. અગમ નિગમ ગણ્યાએ, સુકૃત દુષ્કૃત જે કર્યા. જુગત થકી જણાએ. શેઠે શેઠાણિ તેડિયાં, આપ વિપ્ર એકાંત. માંડી સર્વ મહિમા કહ્યો, ભાગી મનની ભ્રાંત. જુઠી વાત જનમ્યું નહી, સાખી ઉમીયા ઇશ. તમારે માથે પાપ છે, બ્રમ હત્યા ચોવીશ. ગુણવંતો હતો ગરશીયો, ગંભેરમાં ગોધુ ગામ. પુર્વે પાપે પ્રીછીયો, તન્નો તારૂં નામ. ગરિબ પડયો તે ગામમા, તજી પુનની પાલ. માનનીએ સંદેહ મોકલ્યો, માધુ ગામજ બાલ. બેણી દીઠાં ઘણાં માનની, પ્રણમી લાગી પાગ. રીસ ભરીને આવિયો. આંમે મેલી આગ અંદ હતું ઘેર વિપ્રને. જમતા બેઠાં જાણુઃ આગથી નિકળી નવ શકયા. તરફડયા તેના પ્રાણ. તેહ જણ તમને થયું ત્રાહે ત્રાહે કર્યું તરત અરે દઇવ એ શું થયું પ્રહલણ પામ્યા મરત સોરઠા—બ્રાહ્મણ હતા ભુંડીયે છુટે નહી કોઇલ કરે દેશમાં વાગે ફુડીયો ત્રિશ અવતાર રહે વાંઝણી રઉરવ વાપે રોગ રકત કોડે કાયા ગળે તે ભુંડા તારા ભોગ વીસ જન્મ નહી વેઠશા.

દોહરા.—તેના છોકરાં તેં તેડીયાં કરૂણા રૂડી કીધ સતરસેં વિધા વસુધા હતી. દાન કરીને દીધ. નવ માસ નાહી નરમદા ગુણવતિ નાહિ ગંગ તે પુન્યે આહિ અવતર્યો સહ પુત્રને સંગ. શિખામણ દેઇ મોકલ્યો તેતો એ તારી નાર તે પાપે છો વાંઝીયાં નિશ્ચે ચિત નિરધાર. ઇશ્વર કામો રાખે નહિ દેવું જમ લઇ આપ વાળી આપે બ્યાજ સહિત સાચ જુઠ પુન્ય પાપ ચોવીશ બ્રહ્મ હત્યા ઉતરે સતવાદી થાયે સુત્ર તારે પુરૂષને પ્રેમદા પિતે પામે પુત્ર, બાકી ઉપાય બીજો નથી વિપ્ર સ્ત્રીનો આપ જન્મો જન્મ રહે વાંઝણી આઠ જન્મ તે આપ. શેઠ શેઠાણિયે સાંભળ્યું સાચું સંકટ શુળ એનો ઉપાય તો શો કરે મહાપાપનું મુળ. કડવાં ફળ ઘણાં ઝેરનાં પુન્યનાં ફળ તો મીઠ સુખ દુખ ભારે ભોગવે દુનિયામાં તો દિઠ. શેઠ શેઠાણિએ માનિયું એનો કોણ ઉપાય ચોવિશ બ્રહ્મ હત્યા તણું પાપ પ્રલે થાય. પંડિતને આપ્યા પંચ શત. ગુણવંત વળાવ્યો ઘેર. શેઠ શેઠાણી મંદિર રહ્યા પરઠી શી વખતી પેર. વિપ્ર તણું મન ડળકીયું, દીઠું શેઠ શેઠાણીનું રૂપ દશ લાખ ધણી દેવાંગના, ભામની ભારે ભુખ. કાળજુ ઠેકાણે નવ રહ્યું ચિતભ્રમ થયો છે ભ્રમ. કાળજડું ફડકી ગયું ખોયું જપતપ ને ધર્મ. સોરઠા—બી નેણાનાં બાણ, વાગ્યાં જેને વપૂ વિષે પરવશ પડિયો પ્રાણ જીવો તે જીવ્યા નહિ. વિદ્યા ગઇ વિવેક, અવિદ્યા રહી હાથમાં છળ ઘણું પામ્યો છેક ગુણીજન તેં ગાંડા કર્યાં.

દોહરા—એકે વાત ન ઉકલે આકુળ વ્યાકુળ થાય મરવા ઉપર મન કર્યું ઘણાક વાગ્યા ઘાય. વછનાગ આણ્યો છે શીગડીયો પીવા માંડયો વરત એટલે એક વિદ્યાર્થી તે વેળા આવ્યો તરત. હાં હાં કહી દોડાવિયો તે વેળા તેણે દીઠ ગાળો દિધી તેણે ઘણી કુટવા માંડયું શીશ પડવું પડશે કુપમાં વેઠવું પડશે દુઃખ જીવ જાય ઘડી એકમાં તો હું પામત સુખ. પાંચ પૈસાનું આણ્યું હતું જાણુબ્રમાન ઝેર. તેમાં રૂડો લાવીશ કીધા જન્મનું વેર. વિદ્યાર્થી કહે

વિપ્ર સુણો તમો છો ચતુરસુજાણ. આતમઘાત કરવી પડે કાં તજે પરાણે પ્રાણ. આત્મહત્યા કેમ છુટીયે બ્રહ્મહત્યા શીર થાય એવું શું સંકટ પડયું જે ઝેર પરાણે ખાય. ખાવું પીવું ને ખેલવું ઘણાક વૈભવના ઘાટ. આતમની હત્યા કરો, સાચું કહો શા માટ. વિદ્યાવંત તમો વિપ છો તપ મહિમા અતોલ વણુ વાંકે મરવું પડે મુજને કહો તે બોલ સુરજ ચંદ્રની આણુ છે સિતા રામની આણુ. ઉમા મહેશ્વરની આણુ છે કાં તજો પરાણે પ્રાણ. બ્રહ્મહત્યા સેહે પાંચસેહ સ્ત્રી હત્યા સેહે સાત નવ શત ગઉ હત્યા તણી સાચી જો ન કહો વાત. તું છે મારો વિદયારથી શીશ તે સુતને ઠામ તમ આગળ કહિ નવ શકું છેક નીચું છે કામ. નંદા કરી નાસી જશો નિશ્ચે પદ નિરધાર તમથી દુખ ટળે નહી શાને ખોઉં ભાર. જે કો દુઃખ ભાગી શકે તે આગળ કહેવાય તુજથી અર્થ સરે નહી શા માટે થ.ઉં નંક વિદયારથી કહે વિપ્ર સુણો બોહોવિધ સાચું બોલ તારૂં દુખ ભાગુ અમો સત પરીયાનો કોલ. તમો મદને ભણાવિયો ગુરુ દક્ષણા આપું તરત મન ગમે તે માગજો સીદ પામો છો મરત. પ્રતિજ્ઞા કરી પાંચસેં સાત હજારેક સમ વિચાર કર્યો મન વિષે જે સાચું નવ કહિયે કયમ. અથ ઇતિ માંડી કહી વિદયારથીને વાત નારી કેરા નેહથી અદકો છે ઉતપાત ઇન્દ્ર શત ભગ પામીયો ચંદ્ર થયો ખઇરાગ તેમ તુ મુજને જાણજે મારા કર્મના ભોગ. કઉતક સો સાથે ગયા ગયો પિતાનો વંશ તેમ તું મુજને જાણજે પાપતણો પરસંસ પુન્ય હારિગો મછમંધાતા માણુ તેમ તું મુજને જાણજે અક્કલહીણુ અજાણ રાવણુ કુંભકરણુ ઇન્દ્રજીત મહા જોધ પામ્યા મરણુ તેમ તું મુજને જાણજે અધિક ખય આચરણુ દુરજોધન દુખ પામીયો અઢાર સહસ્ત્રનો આવ્યો અંત તેમ તું મુજને જાણજે મુરખ વિદયાવંત આદ અંત ને આજ લગ. લખ કરોડો હોય માનનીના માર્યા જે મરે તેને જીવાડે નહી કોય. એવા લાખ કરોડ છ કાસ અંધળા એક તેમ તું મુજને જાણજે દીન દામણી દેહ. એ રામા સાથે રમું તો તો જીવું વેદ. નહિંતર પ્રાણુ મારા જશે માહરો ભાગ્યો મનનો ભેદ સમજ્યો તે વિદયારથી મોહના વાગ્યાં બાણુ. અજર થાય એ વાતમાં, તો તો તજશું પ્રાણ. કઉરવ સરખાનું કુળ ગયું, અતળીબળ આડે આંક; વાળી સરખો વાનર વહી ગયો, વિપ્ર તણો શો વાંક. કોલ આપ્યો તે વાતનો, ધીરજ દીધી ધામ; કાલ મેળવું કામની, તો નરોતમ મારૂં નામ. જે માગશે તે આપશું, તીરથ પુન્ય કે વરત; કરી વાયદો આવશું આજ કાલમાં, તરત વચન દેઇ. વિદ્યાર્થી ગયો વણિકને વાસ, પુન્યવંત બેઠીતી પ્રેમદા; પ્રીતે બેઠો પાસ, કરજોડીને કરગરી. તેડી આપ એકાંત; લાજ મુરજાદા પરહરી, ભાગી મનની ભ્રાંત. માતાજી તારે કારણે, બારણે આવ્યો આજ; જીવ વાઢી જો એ બોલતાં, લાજે વણુસે કાજ. ચોવીસ બ્રહ્મ હત્યા થઈ, પેલા જન્મનું પાપ. આ અવતાર છો વાંઝીયા, સાચા વિપ્રનો વાસ; બીજી હત્યા બેસે તુને, તે થયું મુજને જાણુ. તારા વિરહને કારણે, પંડિત તજે છે પ્રાણ. પ્યાલો પીતોતો ઝેરનો, પામતોતો જે મરત. તે ઢોળાવી નાંખીયો, જીવાડયો છે તરત. પોથી છોડી તે પંડિતે દીઠું તારૂં રૂપ; જાણુ કરવા હું તુજને, સત બોલું તમ સાથ. જોર નથી જુલમ નથી, નથી તમારો વાંક, વાંક છે એના કર્મનો, એતો આડો આંક, મારૂં વચન જો જશે, વચન સાથ જશે દેહ; બે હત્યા તુને બેસશે, ભાગ્ય એતો સન્દેહ.

ચોપાઈ—પ્રેમદાને વિમાસણુ પડી, અણુબોલી રહી એક ઘડી; સુજ પડે નહી વાત, એ તો અદકો છે ઉત્પાત. સ્વામીને એક પત્ની વરત, જાણે જીવ તજે એ તરત; મારે તો પ્રોઢે પચક્ખાણુ, પરનર પાખે જાએ પ્રાણુ. પરનરને પરખુ જે દીઠ, તજુ પ્રાણુ રાખો એ

ઈશ, પરનરને જે દહાડે ભજુ, તે વેળા મારૂં મન તજુ, નીચ કામ એતો નવ થાય, ના કહે તો વિપ્રનો જીવ જાય, હવડાં પડે તાં પડવાં દેઉ. બ્રહ્મહત્યા માથે નવ લેઉ. કરૂણાનિધી કરશે શુભ કાજ. લક્ષ્મીવર રાખે મુજ લાજ, મહાદેવજી વારે ચડે ઈશ્વર. ધાટ જોઉં કેવો ઘડે. શામા બોલી નામી શીશ; સાચી કહેતાં નવ રીસ, સાચી વાત ઈશ્વરને ગમે, સાચી વાત તે લોકજ સમે. મુજને ગુણીયા જાણી કહ્યું, લક્ષણ ભૂંડું મારૂં લહ્યું તારે ઘેર તું સુખે મરે, શાને પાપ પરને શીર ધરે, અપલક્ષણ શું દીઠું મુજ માંહ. ચતુરાઈ શી એમાં થાય, ગુણકાથી જે પેદા થાય, તેની શી હોય મણાય. વળી કો બીજો કેશો કાસ. ઘરબાર ધન ભઈઅર આલ; બીજો કહેશે મરશું અમો, તરણી મારી થાઓ તમો. ત્રીજો કહેશે હું મારૂં પેટ, નારી થાને મારી નેટ. ચોથો કહેશે પરણો મુને, નહિં તો હત્યા આપું તુને ડંડે હાકેમ ડંડે દિવાન, ઘટે મનુષ બંધામાં માન. ફાલ કાઢવો તે ફોક, કરે પંચ ઈટ.ળી લોક. લક્ષવશા એ કહેવાય એ ભુંડ, પરલોકે જમ કેરા દંડ. ખાશો ખાસડાં તુટે શીશ, કોપે શ્રી ઉમીયાપત ઈશ. ઘરબાર સર્વ લુંટી લેઈશું, સગાં સહોદરને શુળી દેઈશું. જીભ્યા કાપી લોએ તાહરી, તુજ માઠી વાત કરે માહરી; તેં શો દીઠો મુજમાં વાંક. બોલ્યો અચુભરતું આડે આંક. દોહરા—વિપ્ર કહે વનિતા સુણો હું પ્રણામું તારે પાગ્ય; મેં તારી પાસે માગીયું તુ મારી પાસે માગ્ય એ પાપ નહિ તે ઈશ્વરે નવ આપે ગોરખનાથ; તે હું આપું તુજને આડવ ગમે તે હાથ મારૂં વચન ફરે નહી નવ હું જુઠો થઉં, કોટી બ્રહ્મ હત્યા તણું તે વાને સમ ખાઉં માગે તે આપુ નહીં સમાવું નહિ તારો શોક; તારે તો માથે નહી હત્યા ફોકે ફોક. વિનતા કહે વિપ્ર સુણો રૂઠયા છે ઉમીયા ઈશ પેલે અવતાર માથે ચડી બ્રહ્મ હત્યા ચોવીશ તેહ અમારી ઉતરે સત કહેવાયું સુત્ર વંઝા તણુ મેણુ ટળે પામીયે પુન્યવંતો પુત્ર વારૂ કહી વિચારથી ગયો પંડીતની પાસ; માંડી સરવ કથા કહી મુકો તેની આશ એ હત્યા કેમ ઉતરે પામે એ કેમ પુત્ર; કેમ આવે એ હાથમાં સાચો અક્ષર સુત્ર પંડીત હરખ્યો પ્રિતથી તુ કઈ એહનુ કાપ; ચોવીશ પુરશ્ચરણ કરયા તે પુન્ય એને પાપ ચોવીશ દીય નર નારને હઈડા વચે હામ તે સરવે ફાટી જશે કરય કરમ એ કામ. સોરઠો—પ્રલે થાશે પાપ જરૂર હત્યા એહની જશે છએ શાસ્ત્રની છાપ પુત્ર પ્રગટશે એ પ્રાકમી. દોહારા—પુન્યવંતો પુત્રજ પામશે કાંય ન બેસે કરમ આપણે પાપ બેસે નહી દેશે સહુનો ધરમ મોહોર વઢાવી હેમની લેવા રૂપઈયા એનો ને વળી આપણો સમી જશે તે શોક અરસ પરસ પ્રતિજ્ઞા કરી વિપ્ર આવ્યો તે ઘેર, પંડીતને માંડી કહી. પરઠી આવ્યો છે પેર. ઈશ્વર બેલી આપનો, નોધારા આધાર સત આધારે મેદની બ્રમાંડ તણો જે ભાર, શેઠાણીએ કહ્યું શેઠને વિપરીત થઈ છે વાત, બીજો ઉપાય એકે નહી કરવી આતમઘાત મારા વિર્યનો નાવીયો, કોડીલો કુમાર; દેહમાં જીવ ધરતો નહી. અફળ થયો અવતાર. ચોપાઈ—તમો બીજા પુરૂષને મળ્યાં, તે વેળા મારા કામથી ટળ્યાં; મારા પેટ નાવ્યો પુત્ર કોણ ભોગવશે ઘરસુત બ્રહ્મ હત્યા ટળે છે આપ, પંડ જન્મનું જાએ પાપ. જમદુતના દંડ જ ટળે,, હરીહર બ્રહ્માહેતે મળે જો તમને ગમે તે કરો, એમાં મારો શો આશરો. કોડનાર કહું શું હથી મુજને તો ઉકળતું નથી, જેમ તેમ કરી મુકાવો પાપ, પાપનાં ફળ કડવાં ઝેર, પાપને પરમેશ્વરને વેર. છપ્પો—પાપના મુળ કુડીયા મુળ, મુળ સંકટ સાપીને પાપના ધણીને નરક વેગળુ સ્વરગ પાપીને. પાપી બણો દરિદ્ર, નરક વેગળુ પાપી બણો રહીરવ રોગી પાપીની ભુખ દુખ પાપી જશ અપજશ જોગી સંસારમાં પાપી ભુંડો ભારી જવાનીમાં ખુટશે શામળ કહે જમદુતડા ચાંચ મોટીના ચુંટશે —દોહરો નારી

કહે સુણ નાહોલા તુ કરૂ કુડાં કામ પાપી છુટે પુન્ય તરે સાચે રાચેરામ. સુણ બાધુ છે તાહરૂ અસત ઉપર નહી હામ; ધરમ કરમ ધારણ કર સાચે રાચે રામ. સાચનુ સુખ ઉજળુ જુઠાનું સુખ તો શ્યામ તેનો ઇશ્વર સાખીયો સાચે રાચે રામ, પાપી તો નરકે પડે પુન્યવંતને સુખ ધામ સત આધારે મેદની સાચે રાચે રામ પુન્યવંત દેતાથી દેવતા પાપીને કરમે કામ પાપી દુખી પાનીએ સાચે રાચે રામ. પાપી પાપ કરતો મરે હરી શુ હેત નહી હામ પાપી વેરી વિષ્ણુ તણો સાચે રાચે રામ ખરી નીશા કછ શેઠની છુડાડશે નહી એહ; એ તરશેને તારશે એમાં નહી સંદેહ એટલે પંડિત આવિયો શેઠાણીને પાસ; એકાંતે તેડી પુછીયું હેત દેખાડી હાસ ચોવીશ બ્રહ્મ હત્યા જસે. તે હું જાણુછું આજ તમારી કેમ ખાત્રી થશે, કહો મન મેલી આજ રામા કહે રૂપી સુણો કાળાં ચાહાં કોડ તેટલે તો હત્યા ટળે મુકીએ મનનો મોડ કોડ ગયો હત્યા ગઇ પાપ ગયુ વધ્યું પુન્ય; પરત્યક્ષ એતો પારખુ નિમેશ રહી નહી નુન્ય. સંદેહ શો વળતો કહે જે દાધરૂ તેથી જાય તો મારીને માગ શેઠની ખરી નિશા તો થાય જાકમ તણા એ ડાઘ છે ધણી ધણીયાણી પાસ પોથી છોડી પંડીતે તેથી થયો વીસવાસ શાળીગ્રામ શીવ શકતી સહિત પ્રભુ શ્રી ભોળાનાથ દીપક કીધા દશ ધરતના હેતે જેડયા હાથ સુરજ ચંદ્ર સાખી કરયા દેર તેત્રીસ કરોડ વાધે જળ ભરી અંજળી મેલ્યો ધનનો મોડ ગાયત્રી લક્ષ ચોવીશનો મે જપ્યો જે જાપ તે પુન્ય શેઠ શેઠાણીને એમ કહ્યું તે આપ નીમેશમાં નીરમળ થયાં ટળ્યો ડાઘ ગયુ કષ્ટ તે વેળા તે ઉપરે થઇ પુષ્પની વ્રષ્ટ ચંદનની ચરચા થઇ રીઝયા પોતે રામ વીસવાસ થયો તે વણીકને થયુ રવેતે ટળ્યો શ્યામ મારૂ કહેવુ તે મેં કરયુ વીપ્ર વદો એમ વાણ તમે કહ્યું તે તમે કરો પરહરતુ પચકાણ વિચાર વિરતાએ કરયો ના કહુ તો કરે કોપ એ કામ જે આચરૂ છો થાય વચનનો લોપ લીધુ પુન્ય મે એ તણુ જપ્યો કેણે જે જાપ; એનુ માગ્યુ આપુ નહી તો કાંહાં છુટુ હુ પાપ મહારાજ તમારૂં મન ગમે હાજર છું મહારાજ હું પતીના પેરે પોખુ તને નારી થઇને નેહ ભામણ કહે સાંભળ માનની દાડે ન કરૂ વાત સુરજ સાખી નવ કરૂ આવુ આખી રાત મેં તુજને નીરખી હતી વાગ્યુ તુ મોહનુ બાણુ તે આભુષણ સારજે તરપત મુજ પ્રાણ.

ચોપાઇ—દીવસ ગટીકા હોયે તરણ કથન કામની સંભળાવે કરણ જરૂર જરૂર પધારો ધંટ આભુષણ ધરી જેવુ વાટ તારૂ મન પુરણ તરપતજ કરૂ સવાયાં અંગ આભુષણ ધરૂ ધણીને કહે ધીરજ રાખજો દેવ દરશન હીલ દાખજો વીચાર કરયો છે પ્રીછી મન પેર હવડા વિપ્ર આવશે ઘેર ઘરની સાહેલી પ્રીતે પાસ તરે મન ધનથી ડાહી દાસ તેને સરવે માંડીને કહ્યું લક્ષ વસાએ સાચુ લહ્યું. માહરોને ધણીનો પ્રાણ જીવ ઉગાર તુ ચતુર સુજાણ અમને આપો જીવતદાન માગુ તુજ પાસે એ માન; સાહેલીને સોભાવ્યા શણગાર મંદીર પરજાતી તેની હાર નારી કુંજર પેહેરયાં ચીર સુખડ સગે ભરયાં શરીર જેવાં આભુષણ અંગ શણગાર સવાયા સાહેલી સંગ અત્તર અરગજા પાકાં તેલ બરાસ કસ્તુરી રંગની રેલ કેસર કૃષ્ણાગર સુગંધ સોડ કામની નરખતાં પોચે કોડ મણી માણેક હીરાને ઝવેર રતન અમુલખ લીલા લેહેર અધિક આભુષણ અપરંપાર આપ ઇંદ્રાણી તણો અવતાર સાત સહુની પેહેરણ સાડીયો સુર તરૂવર કેરી વાડિયો વાળ વાળ મોતી જોડિયાં રણઝમ જેર ઝવેર લુબીયાં પદ મણી થઇ પદર ધણી ઇંદ્રાણીથી મોહોવિધ બણી નખ શીખ સજીયા સોળ્હ્યુત શોભ મુખ બીડાં તાતાં તમોળ સુદર સેજ્યા પુજા રચી કેશર કળીઓ મહિમા મચી તપસી તપ મુકીને પળે જોગી જોગેશ્વરના મન ચળે દેખીને ડોલે દસ દીગપાલ ચતુરાં ચંચળ કેરી ચાલ હંસ ગમની ગજ ગામની સરદ નિશા જેવી જામની કામની કમળ તો ચંદ મુખ જાણે

સરદનો ચંદ વિદ્યુત ચમકે અતી આકાશ તેજ પુંજ પુરણ પ્રકાશ પ્રકાશ કરયું એણીએ પુન્ય દીસે શી એમાં નહી નુન્ય.

દોહરો—ત્રણ ઘડીકા દિવસ રહયો આવ્યો વિપ્ર તે વાસ મોતી પુષ્પે વધાવીયો શામાં કહે શાબાશ વાટ જોતીની તમ તણી અંગ સમારી હેક જગ વીના તગાદે માછલી હાકુર તળખે વીણુ એક દુધે ઉમર ધાવરાવીયા મોતીએ પુરયા ચોક તરીયા તોરણ બાંધોવા અજવાળયા ગ્રહ ગોખ વેચાણ પરોદી દાસ છું આનંદ આજની રાત વળી કામ બીજુ કહો પુન્યકાળ પ્રભાત કાંઇ નિમ રાખીશમાં વ્રત કરો તન મન ધન વાણી તાત તુ માહરો હું તારી તંનયા તન. વીપ્ર કહે રહો વેગળા હજુ સુરજ છે સાખ, તમ સામુ જોઈ નહી, ભાખે નહી મોડે ભાખ દીપક કીધા દશ દીશ; એક પીયાલે એક સેજા સુંદર પાથરી વીનતાએ કરયો વીવેક. ઈશ્વર ધરમ કેમ રાખશે કેમ રહેશે એની લાજ, કેમ પ્રતિજ્ઞા ફળે સર્વની કેમ થાશે સહુનું કાજ. પોપટ કહે પ્રભાવતી, એજારી કારણ જાય ધરમ કરમ ને શરમ રેહે એનો કો ઉપાય કહેતા તો ખરુ સોહિલું દોહલા કરતાં દે. જો જાણો તો કહો મુને તમને સુજે તેહ ઘડાં ઘડી કેમ દગરે, વીજારી તે કેમ થાય સત કેમ રહે સંરતનું એનો શો ઉપાય કેમ સતીપણું એનું રહે કેમ બેસે નહી પાપ. પચકાણ કેમ એનું ફળે. કેમ આણુ નાવ દે શ્રાપ કેમ કામની કીગા કરે કેમ માને વીપ્રનું મન કેમ સ્વામી સતી કહે. કેમ આવે એને તન પ્રભાવતી કહે પોપટા ઘેલા બોલે બોલ. એકાંત એક સગન વીષે તરૂણીનો કેમ રહે તોલ. સુકૃત ખાધા જનમનું સ્થાપીને આવ્યો એહ તેનો કેમ પારો વળી એ ગોટો સદેહ વીરા બોલ ઉતાવળો એ વીજારી વાત વૃથા વચન કે'નું કશે, એતો મહા ઉતપાત માટી એનો કેમ માનશે, કેમ રહેશે એનો સંગ પુત્ર એને કેમ આવશે કેમ રામાનો રહે રંગ. જળમાં કાગળ બોજે નહી, અગ્ની નવ બાળે તરણ, એનો કઉતક વારતા કોર સંભળાવો કારણ. આજ રાત તમો નવ જશો. ભાંગશું એનો ભેદ તાગ સમ હું જાઉં તો, કહે વંજારી વેદ સગ સમે જયારે થયો, વદી વંનતા તે વાણ પુન્યવંતા પંડીત સુણ હે। તમે ચતુર સુજાણ તમો ધરમ રહુ પાળીઓ. નાગ્ટ કીધો ન્યાય મારી પ્રતીજ્ઞા હું કરૂં આચરૂં કેમ અન્યાય, પચકાણ કરયાં પંચ શાત, રાતે નવ બોલું બોલ દીવા દેખત સંગમ નહી. તેનો કરવો તોલ જોવું હોય છે તો જોઇ લિયો, મારૂ રૂપ ને રંગ દીવો અજુઆલા પછી, હું ન કરૂ તારો સંગ બોલી લીઓ જે બોલવું જોઇ લીયો મારી જાત દીવો કરે બોલું નહી રૂડી કે ભુંડી વાત. બે હજાર સમ બોલ્યા તણા, દીવાના સમ દશલાખ, વચન ગીરત જશે નહી; છેમાં શ્રી સુરજ સાખ, મારો ધરમ જો ચુકવે, તો રૂઠે તુંજ ઉપર રામ. ઘડાતેર સત પરીયા રહીત. નથી નરકમાં ઠામ જોવું હોય તો જોઇ લો. હરડે આણી હરખ શરગાર સજયા છે શોભીતા, નખ નખ શીખ સુધી નરખ વાત કરવી હોય જેટલી કરી લોને હાસ; પહોર ચાર ક્રીડા કરો, પોહોડી રહું તમ પાસ, વિપ્ર કરે વાણી વીમળા તું રાખને તારો ધરમ ચુકાવું પ્રતિજ્ઞા તાહરી. કયાં છુટું હું કરમ ચતુર વીપ્ર ચરણે નમ્યો સુંદરી તુંને શાબાશ દીવો મુકયો બારણે, વળતાં આવો અમ પાસ; મન ગમતું વહદે કહ્યું તરૂણીએ વીચારયું વરત બેસારીતી દાશી બારણે, તને મોકલી તરત. બોલીશમાં ચાલીશમાં ચારે પોહોર છુટ; મુરખ પંડીત પધારયાં, તે કરશે માથાકુટ, ખડકી અડકાવી ખાંતથી, દીપક હેતે હાથ; પ્રથમ કરયો તો વાયદો સાહેલીનો સાથ. તેવા સાડી તેવા હારકા અપરંપાર શણગાર, દેવા પનેમલ સુગંધના તેવો તે શણગાર, ઘુંઘટ તાણી ઘરમાં ગઇ રમઝમ કરતી રંભ દીપક જોત છે હાથમાં, સુખ સાગરનો થંભ ઠમક ઠમક ઝુમકાવતી હલકાવતી

લોચન. સુધરકા ધમપ્રભાવતી. નીરમળ નાર નીશંક સેજ સમીપે જઈ રહી. દીપક રાણ્યો કીધ નેહ પ્રિતની રીતથી દીવ્ય અલીપન દીધ એક તો અજ્જાણું નહી. બીજુ નવ બોલે બોલ વીપ્ર બીચારા શું કરે તરૂણી મનમાની તોલ એક વિદ્યાના વીજારની. બીજું બ્રાહ્મણનું કરમ ત્રીજુ મન પોતાતણું. શીવજીએ રાખી શરમ. શેઠાણી શેઠ ખસી ગયા, કહી હકીકત કાજ શ્રી અંબા આરાસુરી રાખે સહુની લાજ. આખી રાત કલ્લોલમાં વીતી અનંદભેર; નિંદ્રાવશ વીપ્ર થયો. ગુણવંતી આવી ઘેર દેવ દુદંભી ગરગડયાં પ્રાતુસકાળના પુઠ; શેઠાણી સેજાએ ગયાં કહ્યું વીપ્રને ઉઠ. મહારાજ સુરજ ઉગીયો નીત્ય ત્રપણ કરો નાહો વળી કામ બીજુ કહો લીયો લાખેણો લાહો. આળસ મોડી ઉઠીયો શેઠ શેઠાણી એકાંત મેં અણઘટતું આચર્યું મારા મનની ભ્રાંત પુન્ય પરમારથ જે કરે. આપત તુને પુન્ય તેતો સરવ પામત સુખે નેહ રહેતે પુન્ય પાપ માટે તે પુન્ય ગયું. અધરમ માટે ધરમ કામ વશ કાયા થઈ. કીધું કુડું કરમ. ગાયત્રી ચોવીશ લક્ષ ગઈ. સંતોખાણા નહી ઇશ. ખાધાં ઝાઝાં રાળજાં શો વધ્યા કુટયું શીશ. છપો—કપડાનું બીજ કપાસ. કરે ઢાંકણુ તે સહુને. ઘ્રતનું બીજ તો દુધ, સંતોષે સહુને. તેલનું બીજ તલ, મીઠાશનું મુળ તે ચક્ષુ. અવતીમાં રત્ન છે એહ, શોભે જેમ દેહમાં ચક્ષુ. જળ બીજું અન્ન છે, જે ગુણીને લખ્યું વરગનું; એક રામ બીજું પુન્ય એ, શામળ કહે એ સ્વરગનું. દોહરો—વાટ ઉઠી વિદ્યા તણી, અક્કલમાં ઉઠી આગ; ધુળ પડી સર્વ ધર્મમાં, જીવ્યાની કોણ જાગ. આપઘાત કરૂં કે મરૂં, પીઉં હળાહળ જેહેર; સતોસત ને શીલ ગયું, વિષ્ણુ સાથ થયું વેર. એમાં વાંક તારો નથી, પુરણ મ્હારાં પાપ; બુધ કબુધ થઇ માહરી, તેણે પ્રગટયો તાપ. તમને તપથી ચુકવ્યા, ભાગ્યાં તારાં વ્રત; હું તો જાઉં છું કાશીએ, કરવત મુકાવું તરત. વિચાર કર્યો શેઠાણીએ, એ પણ મારૂં કામ; મુજ માટે એ તો મરે, પાપ તણો એ ઠામ. મહારાજ શાને દુઃખ ધરો, રીખ્ય ટકા લો રોક; એક સહસ્ત્ર વિપ્ર વરો, સમાવી નાખો શોક. ધનથી સરવે ખપજે, ધનથી પામીયે સ્વરગ, ધનથી ચતુર્ભુજ મલે, વેદ લખાણા વર્ગ. ચોવીસ લક્ષ પાપે ગયું, કરો તમો અરતાલીસ, વૈમાન ચડી વૈકુંઠ જશો, સંતોષાશે ઇશ. અડતાળીસ પુરશ્ચરણ કરાવીયાં, સાધુ કારણ સર્વ; વિપ્રને લખપતી કર્યો, એટલો આપ્યો દ્રવ્ય, ધર્મ રાખ્યો ધણી તણો, સતીનું રાખું સત. પાણી રાખ્યું પરીયાતણું, પચખાણનું રાખ્યું પત. વીજા વિદ્યા તો એ ખરી, શોભાવ્યું ધરસૂત્ર; બ્રમહત્યા ભમતી કરી, પામી પુત્ર સપુત્ર. એહ વીપ્ર ચરણે નમ્યો, સ્વામીએ નામ્યું શીશ; પુન્ય વધ્યું પાતીક મટયું; પ્રસન્ન થયા ઉમીયા ઇશ. સુણ પ્રેમદા પ્રભાવતી, ગમે તો જારીએ જાઓ; નહિંતર ઘેર બેઠાં રહો, ગોવિંદના ગુણ ગાઓ· ધર્મ કમ શીલ સાચવું, ત્રણ લોક તરી તરત; બ્રમ હત્યા જુદી કરી, મેટી નાખ્યુ મસ્ત. સહજ વાત સાચી કરી ને ન રાખી ન્યુન્ય; પરીભાને પ્રભુ કરી, પ્રૌઢ વધાર્યું પુંન્ય. સુણ રખિયણના સુત રાજવી, જશવંત તું શવેર; સદાવરત સોભાવીયાં, શીવ પુજન સાંજ સવેર. શ્રોતા વકતા સમજતા કહે કવિતા કરજોડ; શામળ ભટ કહે બોલો સહુ જયજય શીરણછોડ.

—❦—

વારતા ૫૬ મી.

દોહરો—શ્રી મુખ કેવું સરસ્વતિ સકલ સુખનું ધામ; મયા કરી આપો મતી કરો મન વાંછીત કામ. મરણવંદુ ચતુરભુજ તણાં પુન્ય પરમારથ પંથ; વરણવું શુક બહોતેરી, સુણ નીધ મરવો ગ્રંથ; પ્રીત તજે પરનારશુ અધરમ ન કરે આપ પરમેશ્વર પ્રસન્ન રહે સીધ ન

હે કોશ્રાપ ધર્મ કામને અરથની મોક્ષ તણો મહીમા એ ખરા ડાહ્યા એ બોધશે સત તની સીમાયે. છપ્પો— સ્મરણ એક શ્રી રામ નીમેશમાં ગંગા નાહો, થશે મનવાંછીત કામ લીઓ લાખેણો લાવો સમરણ સીતા પતિ રામ ગુણ ખામો સર્વ ગુઠે ચતુરભુજ ચરણે ચીત ચાહો વસો વાસ વઇકુંઠે તત્વ એ ત્રણ લોકનું રૂડું નામ શ્રીરામનું શામળ કહે તનથા તજી સમાં આખર એછે કામનું ચોપાઈ—છપનમે દીવસે છક છકી રંભા રૂપવંતી રીધ રતી ભામની ભોગ સકળ ગુણ ભજી સુંદરી સોળે શણગાર સજી સમર્યા ગવરી ગણપત ઇશ સમર્યા અંબાજી જુગદીશ શુભ શુકન જોઈ સંચરી પરેમદા પ્રીત બકી પરવરી માનની મરિમા મોટમ મળે આવી પોપટ પાંજર તળે નીચાં ઢાળતી નારી નેન ચતુર પોપટે નરખ્યા ચેન જુહાર મુજ સેવકનો લીજીએ અરજ આસો એક કીજીએ કામ વશ તરૂણી છો તમો શીદ પધારશો કહું છું અમો ન્યાય વચન કહ્યા નારીયે જરૂરપણે જાઉં જારીએ સદવિદ્યા શિખસુ આજ, કરવા જાઉં છું કુડા કાજ પધારોજી પ્રભાવતી મહા મનોહર મોટમ મતી લાજ પ્રતિષ્ઠા ગુણ છે ધણિ ધરમ ધોરંધર તારો ધણી નિયમા નિચ છે એતો કામ જીવ જવા ગયાનો કામ પ્રથીમાં પ્રગટ્યુ છે પાપ એ કામે વસે છે આપા અવનીમા એટલો છે અધરમ એ કામે કુડા છે કરમ; તું છે તાલેવંત તણી, જોરાવર રેખા કરમની ધણી. છપ્પો—જણો દઇક જગ, બીજે જઇ વશીયો. માબાપ કરયાં નિરાશ, કુટુંબ સધળાને કશીઓ. ફેડી નાખુ મોશાળમાં રામા મોને ભાવગી. દોહરા—બ્રહ્મહત્યા જેણે ભોગવી પુત્ર તેનો પરસંન, તાલેવંત તરણી તણો દેવતણું દરશન. ચોપાઇ—અવગુણ જે પ્રથવીમાં વશે; એ કામે સહુ સામા ધસે; પ્રથવીમાં જેટલા છે ડંડ એ કામે વશે લખ લંક. પ્રથવીમાં જેટલા છે જે વેર, એ કામે કરે સઉ ઢેર; બીજાં કહું તમને દ્રષ્ટાંત આપણ બે બેઠા એકાંત પ્રથવીમાં જેટલા છે સ્વાદ એ કામે વસે ઉલાદ પ્રથવીમાં છે જેટલા ભોગ, ખોટ એ કામે સંજોગ, પ્રથવીમાં છે જેટલું હેત, એ કામે વસે સુખ સમેત તારા મનમાં હશે; રૂડું કરતાં ભુંડું થશે. અચાનય આવી સંકટ અડે, દોશી દુશમન કોઇક નડે; લાહેરી લાખાની નાર જોખ કરવા ગઇતી જાર; તે અધીક સંકટમાં પડી, ત્રણ પાગે તે મેરૂ ધડી. મહા સમુદ્રમાં બુડી હતી, વગર તુંપ તરી તે છતી; ગળીતી હેમાછળમાં હેમ, કામીની નીકળી કુશળ ક્ષેમ પદલેની પડી આંચમાં નીકળી સતી થઇ પાંચમાં. પછી કાઢો તો મારા સમ, કામ પડે તો કરજો તેમ; એવી વીદ્યા ચઉરથી ધણી, એ છે ચાતુર પંડિત તણી પગ ખેચી રહી પ્રેમદા, રૂદે સમજી રામા રાતમાં; કવણ લાહોરી લાખો હતો, સતવંતા કરો એ છતો. કવણ તેહની નારીનું નામ કવણ દેશ રહેતાં કોણ ગામ, કો સાથે હતો પ્રીતનો રંગ; કવણ પુરૂશનો હુતો સંગ કવણ કલંક કામનીને ચડયું, શી ચરીત્ર તે કેમ કરવું પડયું, કવણ પ્રકારે વીજારી હતી, એવો વાત સુણું માનવી; એ સંદેહ મોટા મારેરે, શીખવે તો પાગ્ય લાગુ તાહરે; પોપટ કહે કરૂ એક અરજ, સાંભળવાની જો હોય ગરજ. બીને વરતરે વાહન કરો, આસન છોના ઉપર કરો; ગરજવંત સાકરથી ગળી; એ વાત બે જણુની મળી, કહ્યું પોપટનું કામનીએ કરયું, વાત સાંભળવા મનડું ધરયું; વાત કહેવાને માંડી મુખે શામાં રહી સાંભળવા સુખે. દોહરા— લાખો લખપતી લાહોરી, સલતાનપરનો શેઠ; કોઠી દેશદેશાવરે, ઠઠા ભખર ઠેઠ. સેજા નામે સુંદરી ચતુરા ચતુર સુજાણ; માનવતી તેની માનની તે પટરાણી પરમાણ, કરોડ પતીણી કામની અસખાન અપરંપાર; ચરણા ચોળી ચુંદડી સજે સોળ શણગાર. અવખત ઘેહલી આલચની જુવતી જોબન વેશ; ગીત ગાનને તાનમાં ડાહ્યાપણ દેખે દેશ, સોળ વરસની સુંદરી આડતવાઈ લેખ વિધાતાએ હાથ ધડી રૂપ રંભા રીત રેખ. કુમકુમ સરખી કામીની,

પીયર હતું પરદેશ; જશા ગામની છત્રપતી, સુંદરી સુભટ સુવેશ; શ્રીમંત હતું તેને પીયરે, વશ વખાણુ તે વરત તે સેજાને મંદીરે, કંકોતરી આવી તરત લખપતીની દીકરી લખપ- તીની વહુ નગર બાધુ નોતરે બહુ, સમારે છે સહુ. એક વીવા બીજું શ્રીમંત. તેડવા આવી વેહેલ માડીને કર્કે મોકલો, શ્રીમંતને સઘળુ સેલ. રૂડા રથ જોડાવીયો, પાયક પાંચ પચાસ વાંણોતર કે મોકલ્યા, દસ તે કેડે દાસ. આગ્રા શેઠાણી તણી, હુકમ લીધો સરવ; વચન કોય લોપે નહી ગુણવંતીનો ગરવ ખમાખમા સહુકો કરે, ધરે છત્ર સહુ શીશ; કરે હાથે સહુ છાંટડા, પરસન ઉમીયા ઈશ. વણીક વળાવી પાછો વળ્યો જુવતીને કહે જન; ઘણો સતાબી આવજો દેશમાં થોડે દન. પાંચ દીવસનો પંથ છે તેમાં થયાં છે તરણ; અચરત વાત એક તાંહાં થઈ, તે સંભળાવું કરણ. આંબા વડે આવીઆ, તે પોતાનું ગામ; વીબો વાણોતર પોતાતણો રેહેતો તે ઠામ. પ્રીતે પરોણા રાખીયા ખાનપાન ધન ધાન; સાંભળી શેઠની સાહેબી, માનનીને બહુ માન. તેને ઘેર સીમંત છે, મહુરત આડા દીન સાત; ત્યાર સુધી તે રાખીયા વીપરીત થઈ તે વાત, ચાકર વાણોતર દાશીયો, ઉતારો એક આવાસ પાણી માગે તો દુધ દે, અહરનીશ ઉલાસ. કોઠારી હરમચંદનો, બેટો બુદ્ધ નીધાન; રહીયાળો તે રાજવી. સકળ ગુણ સાવધાન જેને ઘેર તે ઉતરી, તેનો વાણોતર તેહ; રૂપસુંદરી જો રાજવી, દર્પણ દેવાંશી દેહ, બતરીશ લક્ષણ બોહોતેર કળા, ચોસઠ ચઉદને ચાર દેહ માનવ પણ દેવતા, સકળ કળા ગુણ સાર છય રાગ છત્રીશ રાગણી વેળા વેળાના ગાન નવ તાલ નાચ જાણે નવલ, માનવી સઉમાં માન. જેવું ગાએ નારદ રૂશી હાથ ધરૂવ હોય તાનસેનથી ત્રીવીધે અવર ન દુજે કોય. મેહ વરશે મલારથી, કેદાર બળે કૃષ્ણ; દીવો થાએ દીપક કરે પ્રીછે છે તે પ્રશ્ન વીમળચંદ નામે વણીક છતરીશ વાજાં છત; તામ કાશીને તંબુરો, મહા મનોહર મત જંતરવાએ જો જેખથં, વનથી આવે હરણ; મોહ પામે સઉ માનની, કીર- તન સાંભળે કરણ જળસ્થળ રેહે જોતમાં, ચોપગ ન ચરે ચાર, એવો સુઘડ શીરોમણી અપરંપાર અપાર, ઘરનો હેત ગરીબ છે, સઘળી વાત સંતોશ, દયાવંત દયાનીધી. દેહે કાવે નીરદોશ, મંત્રરાજ સમો તે મોજમાં, હેતે મંત્ર જંત્ર હાથ; બોહોસુખ કીધે બિહાગડી, શ્રીજી દુવારે સાથ પંચમ કીધો પરભાતમાં. કામનીએ સાંભળ્યું કાન એ કોણ કોનો દીકરો. એનું શું અભીધાન. અમે તો ચાકર તમ તણા, વાણવટી વેપાર; મોટી પેઢી છે માહરી, એનો ત્યાં અધીકાર, વીમળ નામ વરણવીયો, નામ લેખે નરપત, રાગ ગાએ છે ગુણ ઘણો છયે છત્રીશે છત, એ પેલુ ઘર એહનું, એહ આપણી નાત ગરીબ પણ ગુણવંત છે, જશવંત એ જાત. શેઠાણી સમજી સરવે, હોનાર હોય તે હોય; નથી સાંભળ્યો કલપતરૂ એ કોય, તરૂણીયે તેહ બોલાવીયો, વખાણી કીરતન વરત; મોહબાણ વાગ્યાં માનની, પરવશ થઈ તે તરત વાગી કામ કટારીયોં, પલકમાં ઉતરી પાર, સમશેર વાગી સામટી, શું કહું વારંવાર. છપો, ગેહુમ ભોળને મેળ અડદને તેલ; મેળ સાળને દાળને, ગુણીજનને એળ, મેળ દીપક પતંગ મેળ કમળનેનીર; મેળ મેહને મોર; મેળ બીલીને ખીર, મેળ વીપ્રને વેદને. મેળ તરૂવરનેમુડને, શામળકહે મેળ સહજમાં, મેળ સુવાવડ સુંઠને.

ચોપાઈ—પદમણી નારને પુરૂષ પવિત્ર, ચાતુર ચાતુરનું મુળ ચરિત્ર; ગળે પતાસું ગણીએ, વીનતા ઘણી ગુણની વાણીએ. ભાવ ભેદ ભાવે ભળે, ગુણવંતી વળગી ગુણીને ગળે; ચીત વશી ચાતુરી તાહરી, સુખ બુધ સરવ હરી માહરી. વણ મુલે દાસી વેચાણ, પરવરી પડગો પ્રેમદાનો પ્રાણ; આણુપણ વશ કહું શોકથી, કાયામાં કળ પડતી નથી. ફુલી આદુલા શોભીત સાર, કામ આંધળા જે નરનાર; બાર ગાઉ ઉજડ દેખશે, એક એકને પોતે

પેખશે. એક એકની સુરત મન વશી, લાજ મરજાદ રહી નહી કશી; રાજા પ્રજાનો ભય નવ ગણે, પાપ પુન્ય શ્રવણે નવ સુણે. ન જાણે લાજ પ્રતિષ્ઠા જશે. ન જાણે આડો અન્યાય થશે; ન જાણે બાપનું જાશે નામ, ન જાણે હસશે બધું ગામ, ન જાણે જે કોપે દઈત. ન જાણે હવડાં જાશે જીવ, ન જાણે ઈજત આબરૂ જાય; ન જાણે જે અવગુણ ગણાય, ન જાણે વાંચ કોઈએ લુંડ. ન જાણે દીવાન દેશે દંડ, ન જાણે એ છે નીચ જાત. ન જાણે જે જુઠી છે વાત; ન ગણે પુન્ય કે પાપ પવિત્ર; ન જાણે રૂડા ભુંડા ચરિત્ર, ન ગણે ધર્મ કર્મ ને શરમ. એ માનનીમાં મોટા મરમ.

સોરઠા—પરનારી સંગાથે પ્રીત, વીસ હજાર અવગુણ વસે; રૂડી નહિ એ રીત, કાયામાં મહા દુઃખ કશે, વંક વિઘ્ન કરોડ. પ્રથવીમાં છે પાપના, જોતા નહી એ જોડ; પુન્યવંતા પરનારી પરહરે. એમાં ઝાઝું પુન્ય, કહે છે કઈ જણા ઘણા; નેક રહે નહી ન્યુન, સ્વર્ગ સુખ એ ભોગવે. ચોપાઈ—ડાહ્યો તે તો વેગળો ગયો, મોટો ભય મન માંહે થયો; ઘરમાં સો માણસ છે ઘણાં, રહું રખવાળ એ તરૂણી તણા. વિનતા એ ન કરશો વાત, એ વાતે થાશે ઉતપાત; એક લાખ અવગુણ જે હતા, તેણે સરવે તે કીધા છતા. કામાતુર તે માને કેમ, સો કરોડ ખાધા છે સમ; સાળીગ્રામ વચમાં આણીયા, સાચી વાતે જુગતે જાણીયા. ઉપાડયો ચંડીનો પાઠ, બીજા દેવ ઉપાડયા આઠ; મહાદેવજી દેખે મુને, હુની આંચ આવવા દેઉં તુને. તારો માગે પ્રાણજ એક, સાચી વાત કહું વિવેક; કો કહે તેને માર્યું ઠામ, જે કહે તેનો દેઉં ઠામ. ગુણવંતી તારો અવગુણ થશે, મારો જીવ એ ખુટે જશે; એમ કહી ચૈડો ખારીએ, નેક ઘણો કીધો નારીએ. સો એક સ્ત્રીહત્યાના શ્રાપ, પાંચ સહસ્ર બ્રહ્મહત્યાના પાપ; ગૌહત્યા સત આહજ હોય, બાળહત્યા પંદર સત જોય, સો દોષ દે સીતાપત રામ, તારૂં જો લેવા દેઉં નામ, પંચ નખ પશાએ કરીશું અમો. મહારા ચાકર રહોને તમો, રાંક કેડને રાજા કરૂં, એટલું હેત તુજ ઉપર ધરૂં, તેણીએ ઉદરમા ધાર્યો આભ, લાલચ લોભ દેખાડયો લાભ. દોહરા—દિકર ચઈ કરજોડીને, સ્નેહ કરયો તે સાથ; લાખ ક્રોડ ખાઈને ઝાલે વળ્યા હાથ. આ રંગુ મંદિર માહરૂં, ડગલાં છે દસ વીસ; ગરજ હોય તો આવજો, ચાંલે મુંકયું શીશ. પિયેર ગઈ છે પ્રેમદા, રહેશે આજની રાત; વારણું છે વહુવર તણું, પરવરશે પ્રભાત. કચેરી છે મારા કામની, જુઠું જુલમ છે જોડ; મારે કાંઈ નથી ચાલતું, હું ચિતની કરો ચોર. સાચી છે એ શાકણી, રાક્ષણી જેવા રાંક; જીવ લેશે એ માહરો, તુજને દેશે દંડ. કાળું વળગ્યું કોઈ દેખશે, કરે તરણનું મેર; ગુણ જાણે એનો ગામમાં, સાચા છે એના શેર. તોડે ઝડીયા તાહરા, મારૂં તોડે શીશ; કાલ પિયેરથી આવશે, રવી ઉગમતે ઈશ. કપરો હાકમ ગામનો, લોભી છે બહુ લુંડ; રટંચત બડી બીહીતી રહે, દે છે ભીડ્યાં દંડ; બારસે ઘર છે ચાડીયા, નવસે છે નજર બાજ; રાત દીવસ ફરતા ફરે, લોપે સહુની લાજ. નવસે ઘર છે નાતના, કામ વળગ્યું નવ થાય; શ્રીમંત શેઠ છે માહરો, જન્મના રોટલા જાય. સોનાની પાળી શોભતી, કોય ન મારે પેટ; પરસ્ત્રી રૂડી પણ પાપ છે, કહાપણ દઈતની વેડ એ વાત. રહેવાદો છંદા, હું પ્રણમું તારે પાગ; માનની કપટી માહરી, જાડે ન એકે જાગ. ગુણવંતી કહેરે પેલડા, સારો છે સંજોગ; એ વાતે તું ના કહે, તો તારા કર્મના ભોગ. લક્ષ્મી કરવા આવે ચાંદલો, કપાળ ધોવા જાય; તેનું નામ અભાગીઓ, કરમહીણો કહેવાય. ભાગું દરિદ્ર હું તાહરા, વધોતરી કરાવું તાજ; શ્રીમંત નામ ધરાવીએ, ભોગવ રીધને રાજ. ઘરેણું ત્રણ લાખનું, પાંચ સહસ્રનો પોશાક; પેહેરી આવું તાહરે મંદિરે, તરતીમ ભોગવે તું તાક. પારખ લાક મહિના, ફુરત ફળના ફેર; કસ્તુરી કેશર આરગજા, કર

વિનતાશું વહેવાર. ફટકી ગયું મન તેહનું, હશે પેલા ભવનું પુન્ય; કામની કપરી માહરી, એકલી નરમાં શુન્ય. મુરખ છે માનની માહરી, આ વળી અકલની હીન; હાથારંગી દુખ દીએ છે, તે દામની દીન બુમ પાડે. પોકારયાં જગાડે ગામને શેહેર, સમજાવી સમજે નહી; કરે તરણનું મેર. તું લખપતીની દીકરી, તું લખપતી ઘેર વહુ; મુજ પામર સાથે પ્રીતડી, મુરખ કહેશે સહુ. નારી કહે નિરમળ રૂપ, તે તો અંતરી કાલ, આજ રાતે કર વાયદો, વચન એ વાતે આસ. જખ મારે છે શેઠીયા, જખ મારે છે નાત; જખ મારે હાકમ હુકમ, ખુબી જો તું સાક્ષાત. સરવે દંડ માહરે શીરે, હાકમ નાત સમત; મન મુકી મુજને મળો, કપટા સાથે ધરી હેત. એક ઘડી રાત્રી જતે, પુરણ વાયદો પેર; માનની રહી તે માળીયે, ગયો વાણીયો ઘેર. શેઠાણી સંજા સમે, ડાહી ટેડી એક દાસ; તેને સમજાવી કહ્યું, પ્રીતે બેસારી પાસ. મંદિર છે મારા પુરૂષનું, હોકી દરબાર હકુરાત; ઓછવ કરીને આવશું, પોઢે પોઢ પ્રભાત. કો આવે પુછે તુને, તો દેજો તમો જવાબ; શેઠાણી ડેહેરે ગયાં, ઓછવ કરવાને આજ. ખબરદાર રહેજો તમો, જો કોઈ પુછે વરત; તેનો ઉતર દેજો તમો, તોલ કરીને તર્ત.

ચોપાઈ—અંધારી ચાદર ઓઢી અંગ, શેઠાણી ચાલી કરવા સંગ; રાત અંધારી છે ઘનઘોર, ચતુરા ચાલી જેમ ચાલે. ચોર ગઈ માનની, તેના મંદીર માંય; મોટું વિઘન એક થયું તાંય, ત્રણ લાખનું ઘરેણું પડયું. તેપર નારીને સંકટ પડયું, વચન કરયાં નથી કાંઈ વાણ હાશ કરતાં થઈ છે હાણ; દીપકજોત કરી દશ વીશ, ઈંદ્રાસક જેવી જોમ જગીશ. નર નારી બે એકઠાં મળ્યાં, સંકટ સરવે તે વેળા ટળ્યાં; રતિ કામ રોહણીને ચંદ, શોભીત જેમ ઈંદ્રાણી ઈંદ્ર. નલ દમયતી જેવું રૂપ, કામ કુંડલા માધવાનળ ભૂપ, સુખ પગમાં જીતે સહુ, શું વખાણ કરી તે કહું. એક એકની જુવે ચાતુરી, અતિ કામ રંગ આતુરી; સાખી સમશ્યા શ્રુચંનધ ગીત, પરસ્પર પુરણ છે પ્રીત. કથા કીરતન કોડે કરે, એક એકને દેખી ઠરે; કોક વિદ્યાના બેટલા ગરવ, ગરીબ વાણીયો જાણે સરવ. શેઠાણીને મન તે વસ્યો, અંતરભેદ ન રાખો કશો; તન મન ધન સોંપુ દેહને, સોંપી પોતાની દેહને. ત્રણ ઘટિકા એમ કરતાં ગઈ, અચરત વાત તે વેળા થઈ. છપ્પો—અતિશે હેત અપાર, વેદ પડે ત્યાં વેદ; અતિશે અમૃત મીટ, દાઠે જોરાવર ઝેર; અતિશે સુખ શરીર, પીડાયે રૂધિર રોગ. અતિશે ધન અલેખે, ભટકે તે ભુંડા ભોગ; અતિશે માન સનમાન શુભ, અપજશ તેનો અતિ થશે. શામળ કહે ઉગે તો તો આથમે, ફુલે તે કરમાઈ જશે. દોહરા—પીયેર ગઈતી પ્રેમદા, જમાસેમાં કરી જોખ; માતા કહે તારો ધણી, એકલો રહ્યો છે રોક. શું ખાશે શું રાંધશે, આળસ એને અપાર; આપી આવ ઉતાવળી, ભૂખ્યો હશે ભરથાર; ભરાવ્યો ટોપલો એક, સુખડી સાસુએ હેતે સાચ. ઘેબર તો બાર તળ્યાં, પકવાન તોલ શેર પાંચ, મીઠા મેવા મોકલ્યા, મોકલ્યા રૂડા પાક; સારી વસ્ત તહાં મોકલી, મધુર બોલે વાક્ય. ડબો ભરયો ખારેક ટોપરે, માંહે પતાસાં મેલ; તેજાનાં ભાત ભાતનાં, મોકલ્યાં પાકાં તેલ. શીખામણ દેઈ મોકલી, પુત્રીને પુરણ પેર; ગમે તો હવડાં આવજે, ગમે તો રહેજો ઘેર; ચટપટ કરતી ચંતના, પલક એકમાં પાસ. મંદિર આવી માટી તણે, વણીક તણે ઘેર વાસ. પાડોશી સાથે પ્રીતડી કરે વાત હરી હેઠ; ઘરમાંથી સાંભળ્યું ઘર ધણી, પડવો ધરાસકો પેટ. અરે દઈવ હવે શું થશે, કરે પંચઘટાળી લોક; રહેવાશે કેમ ઘર વિશે, દીલમાં પ્રગટયો શોક. ત્રાહ ત્રાહ કરી ઉઠીયો, હાય હાય કરી હાણ; તારા વળી માહરાને, પ્રેમદા લેશે પ્રાણ. માનની કપરી છે માહરી, કરે પાડોશણ સાથે વાત; કમાડ દેવી આવશે, થાશે મહા ઉતપાત. રામા છે એ રાક્ષસી, કમાંક દેખશે કોઈ; બચકે બચકે કરડશે, આપણ રહેશું જોઈ. દેશે ગાળ એનો ધણી

મોકમ મારે માર; પ્રહાર કરશે પાડું તણા, અતિશે એહ અપાર. તારાં જટીયાં કાડશે, મારો ભેશે જીવ; કળુષ સુખ થઇ આપણી, રૂઠયા તેણે દઇવ. બુમ પાડશે એ બારથી, મળશે બધું ગામ; કોનું કહ્યું સાંભળે, જીવ્યાનું નહી કામ. જે કહ્યું તે કરશું, તે કીધું કુડુ કામ; તેણે જીવ માહરો જશે, જશે તાહરી લાજ. આવરદા આવી રહયો, ગઈ લાજ ને શરમ; લક્ષ્મી લુંટાશે તાહરી, ફુટયાં બેનાં કરમ. રામ રામ મુખથી કહ્યું, પાળી લીધી હામ; પેલે અવતાર આપણુ રળું, બોલ્યો તે શામા સાથ. ખમા ખમા સહુ કો કહે, ચાંપે તમારા ચરણ. મોટા છો મેરૂ થકી, હળવા થાશો તરણ. હું તો ગરીબ છું વાણીઓ, ચાકર કિંકર કામ; મુજને દુખ તારૂં ઘણું, તે જાણનાર શ્રીરામ. પોપટ કહે પ્રભાવતી, થશે હવે શી પેર; કેમ માંડી એતો જીવશે, કેમ ગુણવંતી જાશે ઘેર. માનની એ કેમ માનશે, પતની કેમ પ્રણમે પાગ, વીજાર વિદ્યા કેમ રમાડશે, જડે તો કહો એ જાગ; પ્રભાવતી પ્રીછુ નહી, ઉકલે નહી મનનો ભેદ માંડી ઘેલી ગોરડી, તે કરશે મહા ઉતપાત. દાધારંગી દવ બાળશે, રામાનો દેખશે રંગ; ઇંદ્રાસન સરખુ જોઇને, થાશે ઘણું મન ભંગ. એક ઘડી એક પલકમાં, તરૂણી જશે ઘરમાંહ. બીહી રહ્યા છે બાપડા, શું ડહાપણ કરશે તાંહ; આજ રાત જાગ્યો નહી, ભાગ્યુ મનનો ભેદ. પાગ પડાવું પ્રેમદા, કરે વિજારી વેદ; સમ ખાધા તે સુંદરી, જાઉં નહી રમવા જોખ. તેને ઘેર તેવું થયું, જ્યારે આવી રોખ. ત્યારે શેઠાણી બોલીયા, સાંભળ શાહ સુજાણ; જખ મરે નાર તાહરી, વાત કરો પરમાણ. કાપર નાહ્ક તું કિંકરા, હીંમત મનમાં રાખ, ઉંની આંચ આવે નહી, શીવ શક્તિની સાખ. ચાદર ઓઢ ચિંતા તજી, ઘસે ઘસંટ તું ઘેર, સો સાદે તું બોલજે, સીદ કરે છે સોર. દીવા દશ વીશની દીવઠા, એક ભાજનકાં કીધ; પુસ્તક ઉપર તે ધરી, કારમી લગાડી લીધ. જાક જમાળ ઓઢી લહે, કરે આરતી કીધ; નિદ્રા વસે છે નર ઘણો, શોભા ઘણી એ સીધ. જુવંતી દીઠી હે જુગદંબા સારખી, રાજેશ્વર સરખું રૂપ; કોને કરે છે આરતી, ભાગ્યશાળી કોણ ભૂપ. ચાર વેંતનો ચોટલો, કણ લાખનું હેમ; રાધિકા કહે રોહણી, પ્રેમદા ઉપન્યો પ્રેમ. ઘરમાં આવી જ્યારે ગોરડી, દીઠું દેવી દરશન; કઉતક એ તો કારમું, પુન્ય થઇ પ્રસન્ન; નથી દીઠું નથી સાંભળ્યું, નથી બ્રહ્માની સ્રષ્ટ. પાગ લાગી તે પ્રેમદા, થઇ અભ્રતે મષ્ટ; નૈર તો દીઠો ઘરધણી, નીંદ્રા વસતે હોય. ઓવાળેઅંમા આરતી, કળી ન શકે કોય. જબહળ જોત દીપક તણી, સપડી લીધી શીસ. ચાંક કરી છે આરતી. ધણી ઉપરે રીસ, ઘરેણું લાખ કરોડનું, આભુષણ પેરી અંગ; દીઠી કો દેવાંગના, સુરનાયક જેવી સંગ. દેવી કે દેવાંગના, કે ઇંદ્રાણી એન; કે ગુણવંતી ગાંધ્રવી, નીરમળ દીધા નેન. આ ગામની નહી માનની, રાજદ્વાર દીશે રૂપ; ઇંદ્રાણીકાં અપછરા, ભામની ભારે ભૂપ પ્રદક્ષણા પંદર કરી, આવીતી જુગતી જાગ; થરથર ધ્રુજતી, પ્રીતે પ્રણમી પાગ. માતાજી તમો કોણ છો, ઇંદ્રાણી અવતાર; કંગાળ ઉપર કરૂણા કરી, ભાગો ભ્રાંત મન ભાર.

ચોપાઇ—ખડખડ તે હેતે હશી, પુસ્તક હાથ દીધો ઘશી; પુરણ તુને થઇ પ્રસન્ન, ત્યારે મેં દીધું દરશન. ગરીબ વાણીઓ એ કંગાલ, એ ઉપર મુજને આવ્યું વહાલ; એક પહોર ઉભો રહે ચરણ, મહાલક્ષ્મી મંત્ર સંભળાવો કરણ. ઉંઘે છે સ્વામી તાહરો, ખાસો સેવક છે માહરો; માહરા જીવથી વાહલો મુને, સમ ખાઇને સાચું કહું તુને. એની પુજા મેં માની લીધ, કરોડપતી સરખો મેં કીધ; પેલા ભવનું પ્રગટયું પુન્ય, નિમેશ માત્ર રહી નહી સુન્ય ત્રણ રૂપિયાનો એ રળનાર, આપ્યાં મેં એને સહઅજ ભાર; બીજા આપીશ હજાર વિશ, હાથે છાયા કરીશું ઈશ. વિઘન એનાં સરવે વારતી, ઉપે તારે કરૂં આરતી; એના દુશ્મનના ટેકે ઠામ, વશ વરતાવું બાધું ગામ. મહાલક્ષ્મી નામ છે માહરૂં, તરૂણી સંકટ ભાગું તાહરૂં;

ધણી લક્ષ્મી આપું ઘરસુત્ર, પાંચ પ્રગટશે તારે પુત્ર. તારા સ્વામીનો તપ મહિમાય, માહરી કૃપાની છે સહાય; સોએક જગન નવ જાઉં, તારા તપની વેચી વેચાઉં. લે આ દિપક ઘરમાં મેલ, થશે રંગની રૂડી રેલ; લખપતી કહેવાશો તમો, એવી ધીરપા કીધી અમો. કંથ ઉપર નવ કરશો કોપ, હવે તો થાઉં અલોપ; આગવું હોય તો કંઇ માગ, દિપક લેને પાગે લાગ. દિપક સઘડી આપી હાથ, મેલ ઓરડે બોલો તે સાથ; ગઈ ઓરડે ઘરની નાર, શુધ કરી આવી તે બાર. રાત અંધારી છે ઘનઘોર, જાણે કોણ શા કે ચોર; વિજાર વિઘાના ભેદજ ભણ્યા, એણીએ આપ અભિચારા ગણ્યા. ઝટ પટાવી તે તો ગઇ, પોતાને થાનકે જઇ રહી; કોને ન આવી ઉંની આંચ, નીશા ગઇ ઘટીકા પાંચ. દીપક મેલી આવી બારણે, કંથને કેહેવાને કારણે: હઢોળી જગાડગો ધણી, પાગ લાગી પ્રીતે ઘણી. ધન ધન તારો અવતાર, જપ તપ તારૂં અપરંપાર; ધન ધન તારૂં ધીરજ ધ્યાન, મહાકાળીકાનું દીઠું માન. તારે પુન્ય કર્યું દરશન, મુજને પરમેશ્વરી પ્રસન્ન. દેહુરા—કંથ કહે સુણ કામની, ફોગટ શા કરે ફંદ; એ લોક હશારત શી કરે, લેઇ બેડી છે ધંધ. પીયર ગઈ તું પ્રેમદા, તે કેમ આવી રાત; મારા સમ સાચું કહો, મન મુકીને વાત સાસુ તમારીએ સુખડી, મોકલી છે મુજ સાથ; આવી છું તે આપવા, હું તે સુંપી હાથ ઘરમાં આવી જેટલે, કઉતક દીઠું કંય; માતા મહાલક્ષ્મી મંદિરે, દીઠા આવે ઠામ. અણુપગ ઇઇ કરોડના, ઓપેલા દિપક જોત; ઓવારણા દીડી આરતી, આપ કરે ઉદદોત. પગે લાગી હું પ્રીતથી, દીધું મુજને વરદાન; ધન અનરગળ આપશે, આવશે પંચ સંતાન. હું જાતે છું પાપણી, સતવાદી છે સુન્ય; દરશન દીધું દેવીયે, તે તો તારૂ પુન્ય; સમ ખાધા તે સ્વામીએ, કેહેશોમાં કોને વાત. ચિંતતા વશ થઇ સહજમાં, ખરી માનીએ ખ્યાત. વખારે ગયો તે વાણીયો, શરણે મળ્યાં સાર; એક સહસ ગેરા તણો, આપો શેઠીનો હાર. કોણ માત કોણ બાપજી. કોણ ભવાની ભૂત; કોએ કાંઇ જાણ્યું નહી, કોણ ધરમ કોણ ધુત. સેઠ સઘળુ શ્રીમંતને, ઘણા રાખે મન ગર્વ; કોણ તેને પુછી શકે, ખમા ખમા કહે સર્વ. તે તેને પથે પળી, પુરણ પ્રીતથી પેર; વેપાર કેલાવો વાણીએ, ગુણવંત આવ્યો ઘેર. કાણે કલંક તે જાણ્યું નહી, કોણે ન ભાગ્યો ભેદ; પ્રમાણતીને પ્રીછવ્યા, વાત વિજારી વેદ. એવાં પ્રપંચ જો આવડે, તો તો જારીયે જાઓ; નહીંતર ઘેર બેઠાં રહો, ગોવિંદના ગુણ ગાઓ. એછે સાર સંસારમાં, માહુ કહીએ એ અધર્મમાં, અધર્મ ઘણું એમાં નહી સંદેહ. જુઠાને જુઠા જગતમાં, પ.પ ઘણું પ્રપંચ; અધર્મ આ સંસારમાં, પરલોકે બહુ દંડ. દુર રહે એથી ડાહ્યા, ઘેલા જન એમાં ગરક; આ લોક નંદા કરે, પરલોકે પડશે નરક. ઉંધ વેઠી ઉજાગરો, લેરો લાખ કરોડ; ઓશીયાળા બધા મુલકમાં હારે, હોશે હોડ. પંડીત હોય તે પરહરે, મુરખને એ મેલ; વેળુ પીલે પાપીઓ, ટીપ ન નીકળે તેલ. પગલે પગલે પાપ છે, ડગલે ડગલે દુઃખ; ઢગલે ઢગલે દુખ ધુળ એ, સમજુમાં નહી સુખ. રખીબલના સુત રાજવી, જશવંતા ઝવેર; ધર્મ ધજા કેરા ધણી, અન્નદાન અ. વેર રૂડુ નામ રણછોડજીનું, રૂડુ પોઢુ પુન્ય; રૂડુ તીરથ પ્રાગનું, નીમેશ માત્ર નહી ગુન્ય. ભુંડી પ્રીત પરનારની, ભુંડુ પરનિંદા નેટ; ભુંડુ ચાડી ને ચોરવું, પાપે પોખવું પેટ. જે જે ભાવે સાંભળે, તેને તેવો ભાવ; ગુણ લક્ષણને ચાતુરી, એ શુધ તણો પ્રચાર. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલો સહુ, જે જે શ્રી રણછોડ.

વારતા ૫૭ મી.

ચોપાઇ—શ્રી શારદાને નામુ શીશ, આરાધુ ઉમીયાપત ઇશ; હંસ વાહની જાણુ સુજાણ, વેણા પુસ્તક પરઠર્યા પાણ. સરસ્વતી મુખનો અક્ષર એક, ચાર વિદ્યા ચોસઠનો નેક; સરસ્વતી અંગ તણો એક રોમ, વીસ કરોડ બ્રહ્માંડે વ્યોમ. બ્રહ્મા ભણે જો વરસે કોડ, સરસ્વતીની જુગત નહી જોડ; સરસ્વતી કેરા અક્ષર આંક, ત્રણે ગુણ જાણે નહી ટાંક. અખંડ ઇશ્વર અકળ એ અતિ, ઓળખાવનારી તે સરસ્વતી. છપ્પો—અન્નપુરણા તો એહ, બ્રહ્માંડ ભરપુર ભરે છે; સીતદ્વીપ નવ ખંડ, ભગતને થીર રહે છે. જાગ્રત સ્વપ્ન નીંદાયે, વસુધા વારી વરષા; જન્મ મરણ ને પરણ આહાર, નીહાર તનુ તરષા. વૃક્ષમાં બીજ બીજમાં વૃંક્ષ છે, અધર્મ ધારણ પશી, સરસ્વતી મોટા વિશ્વમાં; શામળ કહે દલમાં વશી. મોટો તો અન્ન દેવ, હોયે તો સેવા સુજે; મોટો તો અન્નદેવ, પ્રીતે પ્રરમેશ્વર પુજે. મોટો તો અન્નદેવ, ઘણે પ્રકારે ભમે છે; મોટો તો અનદેવ છે, એથી મોટો કો નથી. બીજા દેવ એ કેડ છે. શામળ ભટ કહે છે કથી. ચોપાઇ—શ્રી ગણાધિપત પુજને નમ્ર, શુભ પ્રકારે બોલીએ સમુ; ગુણાધિપત રૂડો છે દેવ, સહુ કો કરજો એની સેવ. પ્રથમ પેલો એ પુજાય, સુંદર શોભા અદકી થાય; કરણ કેરા કોટે હાર, સિંદુર શોભે અપરંપાર. તેલ ચડાવે છે અહુરનીંશ, શરીરે સુખ થાયે તે દીશ; મોદકનો જેને છે અહાર, ગણપત રૂડો છે દેવ શુકબોતેરી કેરી કથા, જોગવાત બોલાવો જથા; સત્તાવનમે દિવસે સુંદરી, પદમણી જેવી પુરંદરી; સોળ શણગાર સંપુરણ સજી, ભામની કો ભુપવત ભજી. હાવભાવ કટાક્ષ કરી, ધીરજ ધ્યાન રૂદેમાં ધરી. કટાક્ષ કરતી મન કલોલ, મુખ ભરીયાં તાતાં તંબોળ. કેશર આડ કરી છે જેમ, ટીલાં ટપકાં કીધાં તેમ; પરનર પર તે નાગી નીસરી, લાજ મરજાદ સરવે વિસરી. પરપુરૂષ શું પ્રીતે મળી, આવી પોપટ પાંજર તળે. ચાતુર પોપટ ચેતો ચેન, નારીનાકે નીરમળ નેન; શાસ અંબોડો લટ છોડતી, અવળે અંગ આળસ મોડતી; છટકાં કરે છે જેહ, પરનર સાથે અદકો નેહ. એ રાખી ર્‍હેશે નહી આજ. લેશ માત્ર ગણે નહી લાજ, સંપુરણ કામનીને કામ, રામા ચિત્ત ઠગે તે ઠામ. જુહાર જુહાર કરી નામુ શીશ, ધર્મવંતી ધારો ધરડધીસ; કરયાવંતીને કરમજવતી, રૂડી કર્મની રેખા રતી. જોબનવંતીનું જે જોર, ત્રીયા રાખે છે બહુ તોર. કોડ પતી છે કામની, જોર ઘોર નીશા જામની, એ વેળા શા કામે જાઓ, મારા સમ જો સાચા ગુણ ગાઓ. પાસે પીયર નથી તમ પેર, ગુણવંત ઘરધણી નથી ઘેર; નેહ બોલ કહ્યા નારીયે, જરૂરપણે જાવું જારીએ. આજ રાખી કોની નવ રહું, કોડ સમ ખાઇને કહું; ઉતાવળાં જઈશું અમો, રખે વારતા અમને તમો. વચન દીધુ સઈયરને સાથ, પાંચ સાત પરીયાંનો કોલ હાથ; સંસારમાં એ તો છે સાર, એ સુખ સાગર અપરંપાર. એ સુખમાં જુગતે ઝીલીયે, પાપ પુરાતનના પીલીયે; કરોડવાર કહું શું કથી, એ સમાન કો સ્વાદજ નથી. સ્વાદ થોડો વીઘન છે ઘણાં, દેખી દુશ્મન રાજા તણાં; હાકમ દંડ હરામીખોર, ચડાળ ચાડીયા ચેતે ચોર. લાખ કરોડ વિઘનજ વસે, મોટા અધર્મ એમાં મસમસે; જો કાળે સંકટ પડે, નીચ માણસ કો આવી નડે. માંડણ માળાની નારીયે, જશ લીધો જોરે જારીયે; હાકમને જોડાવ્યા હાથ, શોઠી નગરશેઠને સાથ. બાંધું નગર નમાવ્યું પાગ્ય, ઓલવી નાખી વળતી આગ્ય; પંચપટાળી કરવા જેહ, નમી પાગ રહી છે તેહ. શુળી દેતાતા સઉ લોક, સેજમાં સમાવ્યો શોક; જીત નગારી દેઇ નીશાન, પંચે વાત કરી પરમાણ. કરવું પડે તો કરજો એમ, પ્રેમદા તમઉપર બહુ પ્રેમ; મારૂં કહ્યું સત માનો તમો, તારૂં લુણ ખાઉછું અમો. લુણ ખાઇને જીવું આય, સાચી વાત

કહું તમ સાથ. દોહરા—પગ ખેંચી રહી પ્રેમદા, એ તો અચરત વાત; હાકમ હાથ જોડાવીયા, એ જુવંતી કો જાત. એ માંડણ માળી કવણ, કવણ તેહનું ગામ; કવણ પ્રકાર જારી કરી, કવણ નારીનું નામ. કવણ પ્રકાર સંકટ પડ્યું, કવણ દાવો દીધ; કવણ પ્રકારે જશ જીતીયો, કવણ કામ એ કીધ. કવણ પ્રકાર જારી કરી, કવણ પ્રકારે કરે કાજ; કવણપ્રકારે ઉગરી; કેમ રહી લાખેણી લાજ. શુકે કહ્યું તે તેમ કરયું, હેતે જોડ્યા હાથ; શુક કહે છે શુભ વારતા, શેઠાણીજીને સાથ.

ચોપાઈ—વિદ્રભા દેશ રૂડો કહેવાય, ભારે ભુપતિ ભીમકરાય; વસે કુંદન નગરી રાય, તે રાજાનું ભીમક નામ. અતિશે રૂડો રૂપ અનંત, તે ભણેરા છે ગુણવંત; માંડણમાળી ગુણવંત ગામમાં, માણેકદે નારી નામમાં; પુરણ કીધા ભાવે ભણી, ગુણ લક્ષણ ચતુરાઈ ઘણી: રૂપવંતી રઢીઆળી અતિ, તે કેહેવાય શિરોમણ સતી. લખે લેખ લાયકા, વારાંગના જેવી નાયકા; દેવાંગના જેવી છે ડાહી, ગુણીજને પુરણ માણ્યામાં ગાઈ. ચતુરાઇના જેહ ચરિત્ર. પ્રેમદા પુન્યુ પરમ પવિત્ર. રાગ તણા જાણે છે ભેદ. ખરા અક્ષરના જાણે ખેદ. રૂડી વાણી બોલે વિવેક નરમળ કેહેવાયે તે તો નેક; બધા ગામમાં તેનો ભાર, સકળ કળા ગુણ વીસ ને બાર. પાંચ પંદર પચાશ પ્રીછતાં, સોળ છત્રિસ દખતા. સાત સુતારમાં સમજણ ઘણી, અધીપત આઠ અઢાર તણી. પોપટ એક ઉપર બહુ પ્રીત, રાત દિવસ રમાડે રીત. ભાવે તેને ભણાવે ગીત. ભણાવેરાગ રાજસ ગુણ રીત. ભણાવે છપા અપરંપાર; સમપ્રાસોરઠા પેલીપુર, નાવઠ શાવટ કેરાં તુંરૂ પ્રાહો ગાથા ભણાવે અતી, ભણાવે રૂપક છતાક છતી; ભણાવે સપાક્ષર અતિ ટુલક, ભણાવે કુમેળા માંશે મુક. દોહા ચોપાઈ ભણાવે ઘણી, અતી અતિશે વિદ્યા તણી; આંખ ફરકે વાતો કરે, પાપ પૂન્ય રૂદેમાં ધરે ગામમાં એક દેવી દરબાર નોબાગ કેરી આધાર; નગર લોક કરે જાતરા, મનશા શીખા ખરચે માતરા સંજા સમે નિત મેળો મળે, પરતો દેવીનો કોણજ કળે; તે રાજાને પુત્રી એક, વિશાખા નામ વડો વિવેક, અતિ સુંદર સીમા અધિપતી, રૂપ નિરખતા લાજે રતી; બીજી પ્રધાનતણી એક બાળ, રતી રૂપ જોબન રસાળ ગુણવંતિ જાણે બાધુ બામ લિલાવતીજી તેનું નામ; ત્રીજી નગરશેઠની દીકરી, લક્ષણ લાયક ગુણની ભરી રતનાવળીજી તેનું નામ, કરે પુન્ય પ્રાક્રમનાં કામ; ચોથી માળણ ચતુરી નાર, તેને શીશ તો છે ભરથાર તરૂણી વખાણ કરયાં જે ત્રણ કન્યા કુવારી વારૂ વરણ; જગત યાતને દેરે જાય, એક એકના સુખ દુઃખ ગાય. સહિરો સાહેલી કેવી રીત, અરસ પરસ છે પુરણ પ્રિત; ચારેનું તો એકજ ચીત, પુરણ ચારેને આવશ ચિત. દોહરા—રેહ નગર વેપારીયા, વાણ વિદેશી; વેપાર કારણ આવિયો તેજ પુંજ પ્રકાશ. ઝવેરચંદ જશ રૂપ તે, ઘણી લક્ષ્મી ધરસુત. પ્રતાપિક પુરૂષ પરેમચંદ, લાયક પુત્ર સપુત્ર. લાડ ઘેલો અલબેલડો, પિતા સાથે છે પ્રિત, રમે ઝમે રહે રોપમાં રાજસ ગુણની રીત. તંણુ તાણો તેહનો, દેવા પાછળ દેવ, તે દરસન દંડી કરે; સમક પ્રહારે સેવ. માલણીની મીટે પડ્યો વાગ્યું વિરહનું બાણ; પરવશ થઇ ગઈ પ્રેમદા. પરવશ પડીયો પ્રાણ. ફુળ ફુળ લેઇ ગઇ. કુળટિયો તે ફુળ, છાબ મુકી છોકરી આગળો મહિમા દેખાડજે મુલ. સોરઠો—અંદર પહેડી ચીત, હાર ગુંથે નીત હેતથી, પુરણ કીધી પ્રીત, તન મન ધન દેતું હરયું અધિક સણુથી આપ. રમતું ને રમાડતું; તેહ ન જાણે બાપ, મળે એકાંત માનથી મન સીધ મન મેલ; માલણ કહે મુજ સાથ, તું ચાએ રંગની રેલ, જે તું કહે તે હું કહું.દોહરો—પ્રેમચંદ કહે પ્રેમદા, રમે કરે એ વાત; પીતા જાણે આકરો. તો આમે

ઉતપાત. દીવાન જાણી હેશપત, તે માથે આવે મરત; માલ રક્ષક શેઠનો, તે સુંદરીએ નરત. ઘરબાર જાએ સરવતો, જાણો ઘણેરો ગરથ; બાક છાજતને આબરૂ, એવું તેનો વ્યવહાર ઘણો છે લોકમાં મટી જાય મુરજાદ; જો આ પડીએ સવારમાં, તો કેમ રહે રૂડે વાદ, કપુત કહેવાનું કુળ વીશે કુળ અંગારો કહેવાઉં એ વાત રહેવાદે એટલે, એ વાતે સમ ખાઉં, પ્રીત તાહરી પરહરૂ, નાવીશ તુ મારે પાસ મળીશમાં મુને માનવી એ વાતની મુજ આશ, માલણ કહેરે મુરખાં, પ્રણમુ તારે પાય, ઉનમ કોઇ રાખીશ માં મન ગમે તે થાય. કરીને બોલ્યો હેતથી, તું તો રાજા રંક; મુને તમે શું આપશો. એ અઢાર જુઓ અંક પંદર કરોડ મોર વિના કને એ પરમેશ્વરનું પુન્ય; તે ભોગવનારો હું એકલો, મારે ક્યાંની દુન્ય તારે હાથે જન છલ, ઘુંમડાં ફાટયાં વસ્ત્ર. ભાગ્યું તુટયું ઘર ઝુપડું, ડાહાપણ તારૂ હજ, માડી મત એ તાહરી, અકલ નહિ મુતા રેખ, મુજને શું આપી શકે. કેમ કે દે એકમાં એહેક અંકાર ન કરને અધીરતી, અકરમી અકલ અજાણ, માગી તો જો મુજ કને, પુરણ કરે પરમાણ, એક બેટી તો રાજાની. બીજી તો પરધાન, તનથી ત્રીજી શેઠની, સદ્ગુણ ચતુર નિધાન, ત્રણે પરણાવે તુ મુને તો પરણું રૂડી પેર, આજ થકી આવીશ માં, જા તુ તારે ઘેર એમ કહી તેતો ગયો. રખે જાણો મારો બાપ; આજ થકી મળે મુને, તો બહ હત્યાદિક પાપ. માલણ કહેરે મુરખા, લે તુ મારો કોલ. એ ત્રણ પરણાવું પ્રેમદા, બોલી તે પાળુ બોલ. ચોપાઈ—એમ હેતથી પકડ હોડ, ગયો તે ત્રણ ઘેર મોડામોડ; પોપટ આગળ વાતજ કહી અટપટી વાત અપ કેરી થઇ મોટા કામની પાડી હોડ, એ વાત કેમ પોચે ડ, શુક કહે મુજ સરખુ હોય કામ; કુતો શું તાહરે નામ. કામ હોય તો જણાવો આજ લેશ માત્ર નવ રાખશો લાજ; કહો કામ તેનો કીજીએ, શીકરે આતા દિજીએ. એ વાતે અજર કઇ છું આપ; તો મુજને ઘણો સંતાપ. દોહરો—શુકવંતી કહેરે પ્રધાન, કથન સાંભળો કરણ; કરશો કરવા દેવીનું, આવી સહિયરો ત્રણ માતા પાસે માગશે કહી, વચન પ્રતાપિક પુર બત્રીશ લક્ષણ આગળો, વર આપો સામત સુર, પોપટ કહેરે પટંતરે કથન સાંભળજો કરણ હું કહું તેને પરણજો, એકવાર કન્યા ત્રણ, કપટ કરીને કરો તમો, માડે તેનું આંક; બીજાને જો પરણશો, તો તો થાશો રાંક. વાણુરટી વેપારીયો, પ્રેમચંદ પ્રતાપ પિતા પોતાનાને કહો, કરો કામ એ આપ શુક કહે એવો લેખ છે; અવરતો એવું સુખ. પરાણે કઇને પરણશો હાશે હાસે સુખ. બીજે દિવસે તે બાળિકા. ત્રણ ગઇ દેરે તરત માગ્યું જઇ માતા કને, રહી વરે વરત, તમને ગમે તે આપજો, અંબાજી અમને આજ, હાડા કહીએ કેટલું કેતા આવે છે લાજ. પોપટ બોલ્યો પટંતરે, કથન સાંભળો કરણ. પ્રેમચંદ વેપારીયો તેને પરણો ત્રણ; ચેતાવો માબાપને ચેતાવો સહુ વાત; હવે મુજને નવ પુછશે. વર પામ્યાની વાત. માથે ચડાવ્યું ચતુરંતિએ, તે તો ત્રણે ગઇ ઘેર, માત તાત મે શાળમાં પ્રીછવી સઘળી પેર. અચરત પામ્યા સરવકો, એતો આળપંપાળ. કેણે જંભેરમાં ભમેડીયા, બહુ બુધહિણું બાળ, રાય પ્રધાન બેઉ મળ્યા, ત્રીજો નગરનો શેઠ, એકાંતે આસન કરયું. કપ વિદ્યા જાણી કેડ. એતો કઉતક કારમું. લાગી નહી મન ભરાંત, માલણ કહિયર છે એહની, તેને તેડી એકાંત. ડાડી છે તું હ્રદ ઘણી, પ્રિત કરીને પેર, બુરું છે શું બાળીકા; કહિને જાઓ ઘેર. સાચી વાત કેહજો, રાય કરશે રૂડ હુકમ કરસીજ કજુરનો. ભુવંતિ ન બોલે જુઠ. પ્રધાન ગણે છે પવિત્ર નર. માલણના હિંડા મુખ ભરકી પાછી બોળવી. [illegible]

[illegible]

કહે, કોડે સાંભળ્યુ કરણ. એક પ્હોર ઉભો રહ્યો તેમ્યાં કુમાને કુર; આભાળુએ મહિમ કર્યો, તે આરી વાટની ધુળ; ક્યાં હાથી પોપટ તે સમે. રાજ્ય મે મે બીજુ બોલ એકરા પાળ્યું ગયું, તરત ઉતારયું ગોલ; એને હક શો દેઈશું, વાણુવટીની રોક; કાપ કાઢ એવું કરયું, એતો આડે આંક, પિતા એનો નથી ઓળખ્યો, જાપે એના પુત્ર, આવ્યો એને પક્ષ કર્મા, સારટ નાગટ સત્ર, પ્રધાને તેને ઓળખ્યો, સાચુ બોલ સુજાણ; સાચે રાચે રામજી, જુઠે જાએ પ્રાણ. જરી પીના તણો, ખોશો બાધુ ધન; સાચુ બોલે છુટકો. તોહે કરી જો તંન. વરસ કોડે તે વાણિયો, શાહુકાર સરદાર; કરોડ પતીનો દિકરો. ભૂપત જોયો બાર પ્રધાન તે તેડી ગયો, આકળ થકી એકંત; માંથુ ખોળે મુકીયું, ભાગી મનની ભ્રાંત. હાડી માળણ આવતી, આપતી હેને હાર; ગરીબ જાત એ ઘેલડી બેઠી હાડી હાનાર. મુને કહ્યું માગો તમો, પ્રગટયું તારૂ પુન્ય; ઉતમ કાંઈ રાખીશ મ'; નેક ન રાખીશ નુન્ય. એ રંક મુને શું આપશે, મે કથન કહુ કહ્યું કરણુ રાય પ્રધાનને શેઠની કન્યા પરણાવો તરત. હાડી કાઢી હક દોડથી, તેતો આડે આંક; માર ઝીંગાડ મુઠ તુ વડો પડયો મુજ વંક, તોલ કરશુ ત્રણે જણે. રાય પ્રધાન ને શેઠ; પ્રપંચ રચિયો પ્રિતથી, ઠરાવ કરિયો ઠેઠ. કહે રંડા તે મે કહ્યું પુરૂષને પ્રણમ પાગ; કોણુ જોર તારે હતુ. કહ્યું માત્ર માગને માગ. માલણ અહલ્યા સુરખા, ઓળો નહી પ્રાકરમ પુર હજાર હાથની સીકરથ, મુને હાજરા હજુર. મુજ સાથે વાતો કરે. રચોના માંહે સરદાર, પેલે હાડે મુજને કહ્યું, આંબા એ ઉપર ત્રણે સહિયરો તાહરી, વરણે ૫ની જો એક; વાણુવટીનો દીકરો, વામ વપે રિતે તેનુ ગાન મુજને થયુ આમે પાડી ટેક; પ્રત્યક્ષ સાંભળ્યું પુત્રીએ, પોગ્યા મનના કોડ, જુલમ કરોછો તે જાણશો, જો હશે માતામાં માલ, પ્રગટ હશે પરમેશ્વરી, ખરો દેખાડશો ખ્યાલ રાજા કહે રડવા ઘણો, સમાવો મારો શોક; આરથી હાટો એહને, કરે પંચ ઇટાળી લોક. શેહેર વચે સળંગ કરી, કાટવા માંડી દેહ; અવગુણુને ગાળો તણા, માથે વરસે મેહ લોક મળ્યા લક્ષ કોટીશ, મારવા માંડ્યો માર, ફટ ફટ સહુકો કરે અબળાને તે ઠાર. પોપટ કહે પ્રભાવતી, જારી કરવા જાય; સંકટમાં આવી પડી, એનો ને શો ઉપાય. સતી કેમ માગે સુંદરી, કેમ રાજા પ્રભુમે પાગ; વિશ્વ વખાણુ તે કથમ કરૂ, જડે તો કહો જામ શેહેર બાધુ સ્તુતિ કેમ કરે કીરતી સંભળાવે કેમ કરણ; કેમ વચન એનુ ફળે, કેમ પરણે કન્યા ત્રણ. વેપારીયો કેમ ઉગરે, કેમ માને પ્રધાનને રાય; જીત નગારા દેઇને, માલણ ઘેર કેમ જાય પ્રભાવતી કહે પ્રીછુ નહી, ન જડે એકે સુજ; એકે વાત ન ઉકલે તેથી સંકટ મુજ. આજ રાતે જાઓ નહી, તો ભાગુ એનો ભેદ; સંદેહ ટાળુ સરવનો, શીખવું વિજારી વેદ. પાગનમી પ્રભાવતી. વિખણુ કહો એ તાત; તુ કહે તો જાઉં નહી, દિવસ શોભીતા સાત ચોપાઇ—ઝાખુ અંગ કાટે જેટલે, તરૂણી તે બોલી ટેટલે; મુજને દુખ દીધે શું થશે, દેશ તારો દેહવટ જશે. પરલે થશે બાધુ ગામ; તારે નહી રહેવાનો ઠામ, દુખ દોહલુ માથે ઘણું; સુખ નહી જો તેહજતણું. દેખાડુ કઉતક સારખુ, પેર જો એ મારૂ પારખુ; કરૂણાનીધનો થાશે કોપ, લજા તારી થાશે લોપ; પુરપતીએ પુછ્યો પ્રધાન, માલણ શું કરે છે માન, જુઓ એમાં શું છે જોર, અજવાળુ કે અંધારૂ ઘોર; પ્રધાન કહે પ્રભુ તે કરો કામ, સાચે રાચે છે શ્રીરામ, સુવરાને તેલ તળ્યો, સાચે તો મહારાજ મળ્યો; ચંદ્રહાસની કરૂણા લીધ, વીખ ફેડીને વિખયા કીધ; નરથી મેહેવાને આપ્યો હાર, તે દીઠો સરવે સંસાર, પંચાળીને પુરયા ચીર. ધક કરીને રાખ્યુ ધીર. સાખ્યા પ્રહલાદથી ઉતારી લીધ, વિખના મોદીક અમૃત કીધ; તુતો છે છે દિનબંધુ દયાળ કૃપા કરોજી કૃષ્ણ કૃપાળ; તેમ આપણુ દેખાડો અંતે. સતી લોક કહે સરવે તુને સકળ લોક દેખે જેમ દર,

કાયર પારખુ વરસે હષ. દોહરા—નારી કહે હેવા નરપતી, ચાલતું દેહરા મંહ; માગ કાયક માતા કને, તોલ કરીને તાંહ મંદીર આવ્યો મહીપતી, લાવેથી પુજા લીધ; નગરશેઠ પ્રધાનથી, પરીક્ષણ દેર કીધ. ત્યારે ચેલી તે બાલણી, મંદીર આવી મન; પત્ર લખ્યો એક પ્રેમદા તોલ મણેથી તન શુકને સોપ્યો સંકેતમાં દેવળ દેરૂ આકાશ; શીખર માંહે સખી રહયો, ગુપત પટતર પાસ. કરોડ લોકને કામની, રાયજી શેઠ પરધાન; પુજા કીધી પ્રીતથી માતાને દે સહુ માન, દશ હજાર દીવા કરયા, ખરા દિવસ મધ્યાન નરપતી નાહો નીમ કરી, પારે પુર પ્રધાન, જગદંબા જાગતી જોત તુ. નોધારા આધાર; નરથી મહેલાને છડીયો. હેતે આપ્યો હાર; આપ ફળ કે કુશ તુ, આપો આભૂષણ છત્ર; એક શબ્દ એથી કરે, કે આપો લખીને પત્ર. ખોળા પાથરી કરગરૂ, સ્તુતી કીધી તે સાથ ઇષ્ટદેવ તુ માહરે તુ માહરે આધાર, પ્રિતેએ દેખાડુ પારખુ તોતો કન્યા દેઉ, નહીતર હવડાં આણી ઘડી જીવ એહનો લેઉ માવચુ કેહેરે માવડી. કરી મન સાથે કરોધ, માને મન મુરખ તણું. પતીત દેખાડ પ્રબોધ, ચીઠી નાંખી ચતુરે. પડી તે ખોળા માંહ. સહુ દેખતા સાચે હવે, તોલ કરયું છે તાંહ પરધાને પાઠે વાંચિયો સાવ સોનેરી પત્ર; હસ્ત રીજ્યું સરસ્વતુ તે વેળાએ તંત્ર

ચોપાઈ—લખવડા સરસ્વતીયે લખી, અક્ષર બરમાજીયે ભખી: અંબાએ અક્ષર ઓપાવીયા, રામ સીતાયે રોપાવીયા. કૃષ્ણને લખ્યો તો રૂખમણીયે પત્ર, તેવો સહુકોએ દીઠો નેત્ર. નરપતીની પામરીયે પડયો, કંઝુલમાન સહુકોને જડયો સહુ દેખતાં તે વાંચીયો, શેઠ પરધાને સાચીયો; લખીતંગ શ્રી અંબા માત, ઇશ્વરી તુ બ્રહ્મા માંહે વિખ્યાત, જગત જનેતા એતો આપ, છે જે પોઢાનો પરતાપ ઇશ્વરી તુ મોટી માય; જગત જનેતા પરસન થાય રાજા તુ સાંભળજે કરણ, પરણાવજે તુ કન્યા તરણ; પરમ હુકમ છે માહરો, હજુ ભાર રાખુ તાહરો. એ વાતમાં જો અરજ થશે, રાજ દેશ સહુ દેહોવટ જશે; બાળાયુને દુખ દીધુ તમો, તેથી દુખ પામુ છુ અમો. એક ગુનો કીધો છે માફ હવે દુભે તો પ્રગટ્યું પાપ; સાક્ષાતકાર એ બાળણ સતી, કંગીમત વાંક એનો નહી રતી ફરી ફરીને કહુંછું તુને, એણે ગુણ કીધા તે મુને; એમા નહી ખાપણ ને ખોડ. સાક્ષાતકાર એ મારી જોડ. મુજમાં એમાં અંતર નથી, એતો વાત સાચી સરવથી દેહરા—પુરપતી ઉઠયો પ્રીતથી. ધશમશી ધાયો ધરેણુ; પ્રદક્ષણા પંદર કરી, બાળણને લાગ્યો ચરણ અરજુન સમરણ ઝાલ્ણુ કરી; પ્રીતે પ્રાણમ્યા પાય; તુતો મારો આતમા, તુતો મારી કાય. તુતો મારી માવડી. ક્ષમા કરો મુજ વાંક; કરજોડીને કરગરૂં, હુ છુ તારો રાંક તુતો મારો જીવડો, તુ આતમાનો આધાર, તું તો મારો પ્રાણ છે. તુ નીરમળ રૂડી નાર મલ્યા એકઠા ત્રણે જણા. રાય શેઠ પ્રધાન; તે વેળા તેણી ઘડી દીધાં કન્યાદાન; વિખાણ વાણવટી તણાં, પ્રેમચંદનુ પુન્ય; પ્રસન થઇ પરમેશ્વરી નેક રહી નહી ન્યુન જેણે જગદંબા પાધરી તેને દે દરશન; મન વાંચ્છીત ફળ દેવણી મહા માયા પરસન દુંદભી ગાજે ગડગડે; ઢોલ ઢમકો થાય; બીજા લોક બહું બાપડા, જ્યાં પુરપતી લાગે પાગ. બાળણનો મહિમા વધ્યો, સતી ધરાણું નામ; માનીતી અંબા માતની, ગુણ ફેલાવ્યો ગામ. ત્રણે કન્યા હરખીયાં, નીરખી ન્યાવટ નેહ, પવીત્ર પુરૂષને પરખીયાં કરી રહયાં સહુ ઠેઠ બાલણ મોઘી મુખની, અતીશે પામી માન; બોલ ન ઉથાપે એહનો, જેહ સાંભળવા કાન. મહીપને વંચાવી બાળણી કુમકુમ ચોખા કુશ: આભુષણ વસ્ત્ર બહું, મોતી મોંઘે મુલ. શાબાશ શાબાશ સલક્ષણી, તેં રાખી મારી લાજ, અમો જો કંઇ કરત, તો થાત નુકસાન કાજ. ગામ જમાડયા ગુણનીધી, ત્રણ કન્યાના ત્રણ; દીધાં ઘણાં વધામણાં, કીરતી સંભળાવી કરણ પરો સોંપ્યો પ્રધાનનો, કરયા વાણીવટી વજીર, ફુલી

વાગ્યા દેવનાં, નામ વધાર્યું નીર. ઉત્કટ થયો મનમાં પછે, પ્રેમદા થઈ પવિત્ર; મહિમા કીધો માનથી રમાડ્યું એ ચરીત્ર પોપટ કહે પ્રેમથી, શુધ્ધ ગેરિકા ગાન; શાબાશ શુક સલક્ષણા આલસ્યું મહીમા માન,

ચોપાઇ—શુક કહે એમાં તો નહી સુખ, આમણે તો નહી આવે દુખ; એતો રઉરવ મોટો રોગ ભાવ ધરે તેના તો ભોગ, હીણામાં હીણું એ કામ સારૂ નહી એ ખોટા કામ એનો તરતુ રૌરવ નરક, જ્યાં સુધી ઉગે ચંદુ અરક. નીચમાં નીચ પરનારી નેહ, દારૂણ દુખ દાવાદળ દેહ, આઠામાં આઠું એ કામ કહે લંપટ સહુ બાધુ ગામ. જે કો હોએ જારી જન, નીરમળ ન હોય તેનું મન; તે કહેવાયે હરામી ખોર, ચીત જેતું જાને ચોર, બાર ગાઉ તે ઉજડ દેખે, વસ્ત નહી તેનું મન રેખ; દિવાન તણો વેડલ દંડ, પ્રીતી તેના નવ લેપંટ. એ શીવાળી શેડી પડે સરવની, હાણ થાય ઘરમાં દ્રવ્યની; ઇજ્જત આબરૂ સરવે જાય. ઓરીકસ પુરવ ભય થાય. નવ માને કો તેનો ભર. વોકો માંહે રહે નવ કાર; પરનારી સાથે જેને પ્રીત, રૂડી નહી એ તેની રીત. દોહરા—પરનાર સંગાથે પ્રીતડી; દુખ દાવાનળ દેહ, તેને ચંદ્રમા બારમો, તેમાં નહી સંદેહ લોઢાને પાયે લોહની, લોઢી પનોતી પુર; બેઠો રાહુ બારમો જ્યાં લગે ચંદા મરચક હોય જેના પાચરા. તે તજે પરનારી સંગ સુખ ભોગવે તે અતી ઘણું ઘેર બેઠા તેને ગંગ પવિત્ર હશે તે પરહરે, પુન્યવંતને નહી પ્રિત; આગ હીણાને ભાવશે, નહી એ રૂડી રીત પરમેશ્વરપર પ્રીતડી, કરશે જે કરજોડ; સુખ નિશ્ચે તે ભોગવે, રીઝે શ્રી રણછોડ એ કામની ઓશ, એણે જૂપ જત્યો આપ; એ રસમાં રીઝી રહ્યાં, તેનાં પુરણ પાપ એ કથા શુક બોહોતેરી. સતાવન સમરથ; તેમાથી ખોળી કાઢશે, જો જડે વેદના અરથ જેને જેતું સુજશે, પાપ પુન્યની પીડ જેની આખમાં કગળો. તેણે પણ દીઠ સાંભળ વાત સીંહજપત; સાંભળીને તે વાણ; માનજી સુત રાજની સપુત કવેર સુજાગ શ્રોતાવકતા સમજતા, કહે કવિ કરજોડ; શામળભટ કહે બોલો સહુ, જે જે શ્રી રણછોડ.

—⊰❁⊱—

વારતા ૫૮ મી.

ચોપાઇ—પ્રથમ ગણપતના પુજુ પાય, રીધ સીધ ગુણપતનો રાય; લક્ષ લાભ પુત્ર પરીવાર, મોદિક અન્ન કેરા હાર. નીત ચડે એને સિંધુર, રકતચંદન પુરા ભરપુર; રકત પુષ્પનો કોટે હાર શેવંત્રા ચડે છે અપરંપાર. કુમકુમ કેસર બેક બરાસ, વિવિધ શોભા તેને વાસ; બ્રહ્માની બેટી સરસ્વતી, મહા મનોહર આપે મતિ, હંસ વાહની જાણ સુજાણ વેણા પુસ્તક પરઠયાં પ્રાણ; તારી કૃપા જે ઉપર હવી તે કહેવાણા મોટા કવિ. છપ્પા—મહા પુજન કે મત્ર, જંત્ર કે જાપ ન જાણું; તારી પુજાની તંત્ર, મન માને નવ માણું; પુન્ય પહત કે પાડ, ઠાંઠ ઠરાવું કાશી; કયે ન જાણું કીત. કરૂ શા કાલાવાલા; આવ સત કે અગ્નિ હોત્ર એક, ગ્રોણ નહીં પરાયણી; શામળ કહે સાધન સરવ એ, નામ તારૂ નારાયણી નાણું પીવું નવ ગત, શેવા નવ જાણું શબ્દને; પરઠી નવ જાણું પત્ર, વેદ વિદ્યા નહી મુખ્યને; અભ્યાસ અલ્પાસ, દામ પણું નહી દાતા; લાખન ઝીણ લેશ, નહી ગરૂવા ગુણ ગાતા, પટ શાસ્ત્ર પટ દરશને, પટ ક્રમ પટ ભાષા ભણી; શામળ કહે સાધન સરવ એ નામ તારૂ નારાયણી ચોપાઇ—શુક બહોતેરની કથા, જેમ વાત બોલાવો જથા; અઠાવનમે હવશે એક નારીને પરનરશું નેહ તેને નવ સુઝે એક પેર, તે કરે અહેરો કેર; તેને ન ગમે

કરવું કામ કરી ન બેસે, ત્યારે કામ-દેવના કબ્જામાં તે નર રહે, કોના બોલ મનમાં ન બેસે; એકે વાત તેને નવ ગમે, આખા દેહ માંહી તે ભમે પ્રેમાતુરી ચતુરા ચાલીઓ, મન સાથે મનમાં મહાલીઓ; મહા સુખમાં તે તો બની, રંગ સંગ નાંખની એકલી કામની ચરિત્ર તે કોણ કળે, આવ્યો પોપટ પાળખ તળે; બોલ્યો પોપટ તેના વેન, ગુણકાર બોલ્યો મારી બેન શી કામે પધારશો રાજ, આ વેળા કો સાથે કાજ, રાત અંધારી છે ઘનઘોર, એ વાત કોને અંતર કેટલું છે તમમાં જોર, વાટમાં મળશે કો ચોર; તારે ખુબી સરવે લીધે તું તો મન માંહે બીધે, નાવટ વચન કહ્યું નારીએ, જરૂર પણું જાઉં નનીપે; લાખ કરોડ પ્રતિજ્ઞા કિધ. તે માટે કરવું છે સિધ, જરૂર જરૂર જાવતી જાઓ, ગણુંખા દેહ લાખેણો લોહો; નારી તમમાં છે બહુ નુર, ભર જોબન માંહે ભરપુર રસ અદકી પણુ રહેરવ રેગ રવાદ ઘણી પણ ભારે ભોગ; જો જો દારુણ દુખડુ પડે, સંકટ મોદું આવી નડે. કહુ કડીયાની કામની, જેમ કદા ગઈતી જામની; અચાનક આવી અચર્માં; ચાડીએ ચુગલ લીધી સાંચ- ર્માં, અકલવંત આપી ખાટીએ, તે છુટી ઘણી પ્રાટીએ, છલ કરીને છુટી છેક, અકલવંત કે વાણી એક. કુડુ કામ તે કરવા ગઇ. સતી શીરોમણ સાચી થઇ નીજ પોતે નીચ કામે ગયા જાર વિઘા જાણતાં થયાં કરવું પડે તો કરજો તેમ અજર કરો તો મારા સમ

દોહરા—પગ ખેંચી રહી પ્રેમદા, કરણુ કહુઓ કામ, કવણ તેની કામની, કપુરા તેનુ નામ તેને સંકટ શું પડયું, દોહ્યે દીધું દુઃખ કવચ્યુ વિજાર દિશા કરી શે પ્રકારે સુખ. તેહ બતાવો મુજને, એહ સાંભળું આજ, સીધરે બોલ ઉતાવળો, તો થાએ રૂડું કાજ. દાડી કરી છો તેમ કરો, જો સાંભળવાની ગરજ; બીને વસ્તારે ઉપરે, એહ અમારી અરજ. નાહો ટાઢે પાણીએ, બેસી રહો તે દીશ, વાત કહુ તે સાંભળો, દલ ધરી અંતર નીશ. પ્રભાવતીએ પ્રીતથી, કહ્યું તે કીધુ કામ; શુક કહે શેઠાણી સુણો વારતા નિરમળ નામ; સાંભળવા બેઠી સુંદરી; રાજસ રૂડી રીત; શુક કહે છે વારતા પુરણ આણીને પ્રીત

ચોપાઇ—મેવાડમાં મહુડીયુ ગામ વાધસંગ ભુરપતનું નામ; ધરમવંત કહેવાએ સાર સરવને સુખ દે અપરંપાર રાજ ચલાવે રાજ તેણ, લગારે નહી મોટાપણું. વરણ અઢાર વસે છે વાસ, તેજ પુંજ પુરણ પ્રકાશ ધરમ વાત ચલાવે ધીર, પ્રજા પામે સુખ શરીર; કુડિયો કડીયો ગરીબ ગુણવંત, સતવાદી શીરોમણ સત પુજા કડીયાની કન્યા એક, કપુરા, નામ છે વિવિધ વિવેક; ભરજોબન માં થઇ ભામની, કામાતુર કંદપ કામની મહા મદોન્મત કામણી. હસ્તની સુભટ સાથણી દેવાંગના જેવો છે દેહ, મા બાપને બહુ નહીં નેહ મા બાપનું કહ્યું તે નવ કરે ઘેર ઘેર તે રમતી ફરે; મા બાપને અદકો રોશ; કોને દઇએ તેનો દોષ, મા બાપને લેપે જાર ગણે મા બાપ તો રીસે અણુખણે; સાસરામાં અળગી નવ જાય; કોને ન ગણે લેખાં માંય. જોબનનો જોરો છે જોર, ગોયામાં અદકેરા તોર; આછાં નીચાં પેરે અંગ, કરે કુસંગ સંગત સંગ. કપુરાનીતો હીણી જાત: રૂડી તો ગમે નહી વાત; કરવું ન ઘટે તે નારી કરે, ખોટી વાત તે ચીતમાં ધરે. દેહ સઘળા તે માંહે વસે, મહા સુખ માંહે તે તો મસ મસે; પુંજા તાત તણો પ્રતાપ, લોપે નહી કો બાપ, પછીત ઘર એકજ તણું હેકું દેહ પુરીમાં બણું; કાઢી મુકી ઘરમાંથી બહાર નીસરી તે કપુરા નાર દોહરા—અળગી રાખી છે તેહને, પ્રત્રી પોતાની માટ; બીજી શેરી બીજી ફળી, બીજા વાસમાં વાટ રે રી ધરતો ગુજરાં, પછી ઘરની ઉચાટ, ત્યાં ગુણ તો ઓખલો, વચનનો એક વિવેક. ભાખાયે દીસે દેવતા, ત્યાગીમાં ઝંખાયે ભાની મની કામની, ... વીજો ભાવે, ... વાટકો, ... દાબી લાવ; ... કાજ ... કુબી, ...

સહીએ માત, આયે પીયે ખુબી કરે, જુવંતી જાણ સુજાણ; મહાવરમ માંહે ભણી, માનની મન મેહેરાણ. સીતા જેવી સાધવી, અહલ્યાનો અવતાર, જાને તો સકોમળા, નક્ષત્ર સરખી નાર. તારા જેવી ત્રણ લોકમાં, સ્વરૂપની જેવી જાત, ઉંચી નજર સહુ ઉપરે, રૂપી તેની ખ્યાત માથા ઉપર છે તેહનો. હલથી છે દાતાર; વહાલુ સહુને પ્રાણથી. સકળગુણ શોભા સાર પ્રેમદા પ્રીતે પગ ધરે, કાં નરને કાં નાર; વશીકરણની પેરેવશ કરે, ભામનીનો માને ભાર; દીવસ હતા નવરાત્રીના; ખેલ જગદંબા ખ્યાત ગાનો ગરબો ગોરડી. પાળે મહ માયા માત માંડવી કાઢીતી માજને, દીપક દસ હજાર; જોવા કારણ જગત જસ. કાં નરને કાં નાર ગામ ગામ બધુ જોવા મળ્યું, નાનું મોટું સહુ કોય; અલખાત ત્યાં મળી આતી નગર સહુકો જોય. કપુરા ગીત ગાયે ઘણાં. બહુ પ્રકારનાં છંદ: રીઝે શ્રી રાજેશ્વરી ઉગો આનંદ કંદ. સુકંઠે ગાન શોભે ઘણું રીઝે સહુનું મન; હરખ ઉપજે સરવને, ઉછાહ ઘણો નીત દન દસ લાખ જોવા મળ્યા માંડવી મોયે મુલ, પેરે પેરની પુતળી, ભાત ભાતના ફુલ રાય રંક તને રાજવી. પંડીતને પ્રધાન; જોવા જગદંબાની જાતરા, માતાના બહુ માન, શેરી શેરીની સુંદરી, ગાય ઘણેરાં ગીત, તેમાં એ કપુરા તારૂણી. પુર બધા ને પ્રીત ઉંચા નીચા જાતિ ઘણા, લટકા લાખ કરોડ; રમે સહુકો રાજીયો, હાર જીતની હોડ; ફરે સહુકો ફુદડી ઘુમતી ખુદે હેજ; દીપક જોત દસે દીશા. તરૂણી જેતાં તેજ, હંમેશા શે અતિ ઘણા, ઉજળા આપ ઉદ્યોત, ગીત રૂડાં ગવાય છે, જાણો દીપક જોત નીકો કોઈ કરે નહીં; નવ રાત નવ રંગ; ત્રીપુરા સુંદરી તે સમે શક્તી ચોસઠે સંગ, નવરાતરી નવ ઓગળ્યાં, કીધાં બીજાં વરત; તે જુતી આજી હારીયો. તોલ ગમાવું તરત.

ચોપાઇ—ગરબે ગાય લક્ષણ લાયકા, તેમા કપુરા તે નાયકા; ત્રંબકલા કેરો નંન લક્ષપતી કલાવંતો મંજન; દામ ઘરમાં તેને ઘણો. જરનો જોર છે તેહજ તણો; શોભ વરસનો સુંદરરૂપ મોટું નામ નીજ ભારે ભુપ. લટકાળો તે લહુ વેશ. સવામજ શીરચોટી કેશ; દીશંતો સકોમળ દેહ; નારાયણ ઉપર અંકો નેહ, દીસે છે અતી વાંકડો, ફુટડોને ઘણું ફાંકડો દીસે રાજવંશીકો જન. કપુરાનું રીઝ્યું છે મન આડ સદાનું ભુષણ અંગ કામદેવ શો શોભિત સંગ, માધવા નળ દમયંતી દેહ ગુરવા પણે જાણએ મેહ. પુરશ મોટમ પદ તે સોળ, કરે બેઠો નીત કલોલ; લટકો મટકો નારી તણો, સ્નેહ વ્યાકુળ થયો તે ઘણો, કપુરા દીઠી સ્વરૂપ; બેબાકળ ગયો ભારે ભુપ; ચઉદ લોકનો નીરજન નાથ, ભોળા કુબડી દાસી સાથ, વાલી ભાળીશુ મોદીએ, રાજપટ તે જીત ખોઇએ; ચંદ્રમાં બાળાણી મન ભાવીયો, ખપ્પરોગ રઉરવ લાવીયો ઇંદ્ર અહલ્યા સાથે વામીયો, હજાર ભગ પંડે પામીયો; ભસ્માંગધ ભુદર ઘેર ગયો. બળી ભસ્મ તતક્ષણ થયો કઇ સેંદ્રી સાથ; એક ચીતામાં બાળ્યા તે હાથ, દુરજોધન દ્રુપદીશું ધીર; પાવા કોએ રહ્યું નહી નીર શો બંધુ હેતુ જન હાથ, અઢાર ક્ષોણી અવટાણ સાથ; સાઠ લાખ રાજાનો ધણી હોંશ તેણે થઇ સીતા તણી, નરવશ થયો તે આપ નશક લુંટાવી દીધી બાળી લંક; ઇંદ્રજીત પુત્ર ને કુંભકરણ વીર, પોતે રાવણ ધીરંધર ધીર. આકતુરવત ઉડી ગયા. એવા કાંઇ કરોડાં કહ્યાં મનુષ્યા દેહ પાપી પ્રાણીયો, ગરીબ એનો મોટું વાણીયો આંયે ભોળવ્યો અતી આડે આંક; એહ ગરીબ તણો નહી વાંક; મોહ પામીયો મન વ્યાકુળ થયો, લટકો ચટકો તેનો લહ્યો, પ્રેમદા પરવશ પુરણ પેમ, ઘણા દુખની આવી પેમ; ન પીવે નીર ન ભાવે અન, માનની સાથે વળગ્યું જઇ મન. ઉંઘ ન આવે રાતને દીસ જપમાળા તેની અહરનીશ; આહાર નીદરા છોડી છે તજી, ભાવ ઘણો ભામની ભજી, ધ્યાન ગાન એની ધખના, રાત દીવસ જુવંતી

જંખના કપુરા કંઇ જાણતી નથી, કોને વાત કહે એ કથી. ખઇ રોગની પેરે થયો, વણુ વેપારે વીવેકી કહયો; આકુળ વાકુળ તે તો થાય મન માંહે ઘણું અકળાય.

દોહરા—એક દીવસ તે વાણીયો, કરટે પોતાની કાય, તે વેળા કપુરા કામની, નદીએ નાવા જાય, દિઠા શેઠે તે દામણો; દુરબળ દીઠી દેહ; રામા તે પરખે રોગને; નરને પરના રપર નેહ ત્યારે કપુરા બોલીયા, સાંભળ નર તુ નેટ; શો રોગ છે દેહમાં, બોલ સાચુ મન મેટ. કહો શેઠ શે દુબળા, ભાવતા ઘરમાં ભોગ, પંડ જોનાં મે પારખુ, રેખ નથી દેહ રોગ સાચુ બોલ સલક્ષણા, અકલ ઘણેથા આપ; જૂઠુ બોલે જો જાણતાં, બ્રહ્મહત્યાદિક પાપ. વાણી સાંભળી વાણીયે થયો નહી મુખ ઉચાર, ધરશક ધરસક રોઇ ગયો, આંખે આંસુ ધાર. બોલાયુ નહી વાણીએ શરમાણો તે વરત, ઓશરાઇ ગયો તે પલકમાં, નીચુ જોઇ તરત ગદ ગદ કંઠ એનો થયો, પ્રીછે નહીં કો પેર; કપાળ કર કુટી વળ્યો, જાવા પોતાને ઘેર કરે પકડી રાખ્યો કામની, મનનો પડદો ખોલ, દુખ ભાગુ હું તાહરૂ જેમ ગમે તે બોલ મન મનાવું તાહરૂ, કશી ન રાખો ભ્રંત સાચુ બોલો શાસ્ત્રશા પાપણુ છુ એકાંત નહી રાખીશ ઓરતો ન્યુન કાંઇ ન રાખીશ તારૂ દુખ હોવટ જશે પરગટીયુ પહોડયુ પ્રુન્ય વીચાર કરી કહ્યું વાણીયે શી પુછે તુ તરત ઇશ્વર આણ સાચુ કહુ માથે આવ્યુ મરત તે દુખ તુજને કહ્યું કરે મુજ ઉપર કોપ સુળી દેવરાવે સેજમા લજ્જા કરે તુ લોપ

ચોપાઇ—રામાએ રનેહ કરયો તે સાચ. હેત શું વાયા કડે હાથ રૂડુરૂડુ સુખ કે દુખ ઇશ્વર તારી આગે સુખ વણીકે કરજોડીને કહ્યું તર દરશનથી દુખડુ ગયું તારો લટકોમટકો સુખે દીઠુ તે દીન દાવો દુખે જીવ જરૂરી મારો જશી તારૂ તે રૂડુ શું થશે સાચા સગપણને આણીશું હું મારે મંદીર જાણીશુ દોસ્ત દુનીયા ધનને માલ ભરજુવાની ખુબી આળ માતનાતને ઘર ઘરસુત્ર એક હું લાડકવાયો પુત્ર પદમની જેવી ઘરણી ઘેર દેવ રૂપ દેવાશી દેહ. ઈંદ્રાસન સરખુ મારે રાજ, તે સરવે થાશે મુજ તાજ ઘરબાર જાએ માહરૂ શું સારૂ થશે તાહર આપઘાત તો કરવી પડે તેહ કલંક તારે શીર ચડે ગરભે. જોવા હું આગો આપ તેનો મારા પુરણ પાપ વાત સાચી વિનતાને વશી હેત ઘણેથી હોસે હશી હમડા સરસા ભળ્યો તેહ નારીએ મન આણ્યો નેહ મરકલડો કરી તે બોલી સુખ તજો શોક એમો ઘેર સુખ કહેનો તારી દાશી થાઉ કહેનો તારી વેચી વેચાઉ કહેતો તારા ચાપુ ચરણ કહુ તે દુખ સુરણ કરણ કહેતો કરીએ ઘરમા કામ હુંતો છુ મારે નામ તારૂ દુખ મારે મન વસ્યુ ટળશે દુખને સુખીયા થશું જરૂર આવજો આજની રાત પરવરજો મંદીર પ્રભાત જુગતે ભોજન જમાડશું રૂદીયા ઉપર રમાડશુ શુંદર સજ્યા પોઢે તમો રૂડા શેવા કરશુ અમો લડાવશુ મન ગમતા લાડ જખ મારે ચુગલો ને ચાડ, જખ મારે રાજાનો રાંક, જોખ કરાવું આડે આંક; જખ મારે તલાટી તરત તેને માથે વહેલુ મરત, જખ મારે દેસાઇ ઘેર તે કરે છે આદુ જોર. જખ મારે નવસરો નામ તેનો તે દેડુ છ ઠામ, જખ મારે ગરાસીયો આપ, પ્રેઢાં કરેછે તે તો પાપ, પ્રધાન જખ મારેછે સાર જખ મારે દીવાન અપાર, જખ મારે મોટા અંબીરતી જખ મરે પટેલ સહુ જખ મારે છે કોઇક બહુ જખમારે બીજા કોઇ જખ મારે ઘણા કોઇ નામ નરલે આપણુ; રૂડો કરશું આપણુ સંજોગ ગાઇ તેમ કરીશ ભોગ આજ રાત વેળા આવજો પાન ફુલ ફોફલ લાવજો હોશીલા લાવજો હાર, રૂડા પેરૂ શુભ શણગાર લાવજોજી રૂદા મુખવાસ લાવજો લીલાવીલાસ દોહરો શેઠ સુંદરીને કહે તારી ભાગી ભીક; રાય પ્રધાન રૈયત તણી, લોકોની બહુ બીક માત તાતની મુજને ભોરાવર છે જેહ. કપુત કહેવાઉ કુળ વિશ્વ તણી દુખ એ તેહ. સોરઠો—દીહાપલા લીહાચાર; દીવાન તણુ દંડ દેહલા અપાર ભાર

અપાર એક વાત ન ઊકલે ધન મેળુ કેમ ઘુગ પીતા મારો છે લખપતી, એકવિકરતું સુખ લક્ષ વિઘન છે એહમાં નાત પટેલીયા હુંક શામા બોલ્યા શેઠીયા દેવરાને બહુ દંડ. તરૂણી મેર કરે નીલું પડે કાંઇ ઝેર વગર વાંકે પડે, વિઘન બધામાં વેર. પરનારીની પ્રીતડી. કુંડલીઓ— કપુરા કહે કાયર તમો બીક મનમાંથી મેટ તારો જીવ ઉગારવા ઠીક પોચાડું ઠેઠ બમહત્યાદીક પાપ છે આવવા દેઉ તુને આંચ એવા સમ ખાધા ઘણા પ્રતિજ્ઞા કરવા પાંચ આજ રાતે તુ આવજે સમાવી નાખજે શોક, લાડ લડવું લક્ષ્યા જખ મારે છે લોક; સામ દામ ભેદ કરી સમજાવજો માતને તાત બીક ન રાખશો કાંતણી તુ જાણું તારી વાત; વાયદો કરી વિનતા ગઇ કપરા ખાધા સમ શેઠે વિચાર કર્યો ઘણો લખ્યુ ટળે તે કરમ.

છપો—કામી પુરૂષ તે અંધ, બાર ગાઉ ઉજડ દેખે' કામી પુરૂષ તે મુઢ, અધરમ કરે અલેખે. કામી પુરૂષ તે મંડ; ડંડ ભાગો નવ બીપે, કામી પુરૂષ ગરીબ, બાર માથે તે લીયે; અવગુણ છે તે અતી ઘણા, કામી પુરૂષમાં જઇ વસે; શામળ ભટ સાચુ કહે અધરમ તે ઉપર ધસે.

ચોપાઇ—શેઠ પુત્રે વિચાર પેર, કેમ જવાશે એને ઘેર, મા બાપ આગળ કહ્યું કહ્યું, લંપટ બુદ્ધીને તેવું લહ્યું. આજ રાસ ઓછવ થાય છે; જગત લોક જોવા જાય છે, હું પણ જોવા જાઉ આજ, લેશ માત્ર નવ રાખશો લાજ, જોવાને હુકમજ આ.લ, પ્રભાતે આવશુ કાલ; વણ સહઅનું પાસે હેમ, પ્રેમદાને મળવાનો પ્રેમ, આચાર વિચાર કરે વે ઘણો, નારીને નેહ મળવા તણો. આભુષણ પહેરયાં છ અંગ, નવ નવા રૂડેરા રંગ. રાત ઘડી બે ચારેક ગઇ પેઠો ઘરમાં શી ગત થઇ, માનનીએ દીધાં બહુ માન. હાજર કીધાં ફોફળ પાન. જુગતિ મળિયા જોગ, ખાન પાન ભાવતા ભોગ સુંદર કુચ મહા સુખ સાગર સુંદર સુખ મન માંહે કોની નહી ભ્રાંત બે ઘરમાં રહ્યાં એકાંત આનંદઘન ઉલટમાં વર્યો, એટલે એક તમાસો થયો, કોઇ ન જાણે તેનો મરમ ઇશ્વર રાખશે એનો ધરમ. દોહરા—દુસ્મન એક હતા મુએ ભાગ્યચંદ સુજાણ્યુ, તે લાયક છે લખપતી. વેપારી વિખાણુ પાડોશી કડીયા તણો રૂપો તેનુ નામ તે જોવારે સૌભાગ્યને, રેહેનો તેણે ઠામ; સંભળાવ્યુ તેણે શેઠને; આજ આપણુને દાઓ શત્રુ આવ્યો છે હાથમાં થવાએ તેવા થાઓ. દાવા મુલચંદનો દીકરો, પેઠો છે પુરણ પેર, કડીયેણ કપુરા કુમારી. સમી સાંજનો ઘેર લાખ કરોડ વીસે વસા, સાચી વાત સમરથ, દીવસ થયા તાકતા આજ સરોછે અરથ. વાત કહી વાણોતરે; ખરી નીશાની થઇ ખ્યાલ સૌભાગ્યચંદ જે શેઠીયો કહ્યું જઇને કોટવાળ. ચંપક શેઠનો દીકરો, ભોટુયો તેનુ નામ; પેઠે કડીયણના ઘર વિશે. થયુ તમારૂં કામ. ગમે તે કરો એહને, મારો મોકામ માર, પકડી લીયો એને પલકમાં; દેખે સઘળો સંસાર બાંધી લાવો તમે બારણે, ચોમુખે કરી કુટ; આભુસણ ઉતારી લે લીયો લખમી લુંટ મારો કુટો એહને દેખે બાધુ ગામ. લજ્જા લોપો એહની, કરો એટલું કામ કોટવાળ કહે શેઠ સુણ, સહસા ન કરૂ કામ; જબર શેઠ નરપત જશો; વાણુવટી ગુણ ગામ. ચોકી મુક ચારે ગમાં, આવ્યો તે જાયે ક્યાંય સુબાને સંભળાવશું; વલે કરશુ વાણા માંય. રસ્તો બાંધે રૂંધીયો; રૂંધી બાંધી વાટ; ચોકી મુકી ચોકમાં; ઘણા રૂંધીયા ઘાટ; કુડ વાત જાણે નહી, કોપે તણું નહી નામ, કુડ કપટ કો કારમુ. કોએ ન જાણે મન; કડીયે મન વિચારયું. મારી બેટીમાં છે રૂપ; કાવતરૂ કાંઇક હશે મનમાં એવો મેલ, મંદીર માંહિ આવીયો; કહી વીનતાને વાત, સેરી છે કપુરાં તણી, કાંઇક છે ઉતપાત, બેટી બોલાવી બળ કરી; પછીત બેની એક; ઘરમાં છે એક ગોખાલે, વારૂ એક વિવેક, માતાએ તેડી દીકરી; જાળીએથી કહી વાત, તારા ઘરમાં

કોણુ છે, થયો મહા ઉતપાત; આળીસ માણુસ છે ચોકીએ મનનો પડહો ખોલ; પેશી પાળ એક બધીએ. જો તું સાચુ બોલ લાજ તજી તેણીએ કહ્યું માતા પ્રત્યે પેર; ભાગ્યશાળી શેઠ એ ભોડુવો, આવ્યો છે મારે ઘેર, ફટ ફટ રાંડરે તું બાપે કટાક્ષે તરત; નાક ચોટસો વાડશે, એને આવ્યુ અંત. સચળી વસ્તુ લુંટે આપણી સમક્ષ, સરવ સમેત કુળ બોળુ તે માહરે. ફોગટ કરયાં ફજેત ઘરબાર એનાં ને આપણાં એને નથી આવે મેહેર. ફજેત કરે ઘડી એકમાં થાશે આકરા કેર, હવે ઉપાય એક નથી, કર સો પ્રકારની પેર, સતી કેમ થા સુંદરી, ગુણવંત જાયે ઘેર. કોટવાળ તેમ જુઠો પડે કેમ હાકમ જુઠો થાય, જુઠો કેમ સાચા થશે દુસમન કેમ દંડાય પ્રભાવતી કહે પોપટ; એ અદકુ સંકટ આપ; એમાં વિજારીશું કરે, પાચે મળીયા પાપ. હાકમ સરખો રૂઠીયો, નગર શેઠીયો ચાડ; એમાં વિજારી શી કરે, ખોગણો બહુ ખાડ. આજ રાત જાઓ નહી તો તો ભાગુ ભેદ; ઉડાડી નાખે સરવને, કરી વિજારી વેદ; પ્રભાવતી કહે ઉતાવળો, તું કહે વીજારી વાત; તુ કહે તો જાઉ નહી. જાઉ દીવસ સામટા સાત.

ચોપાઈ—ઘર થર શેઠ તેતો ધ્રુજીઓ, વિષમ વાત ખારે ગુજીયો; હાય હાય હવે શું થશે, માત તાતની ઇજ્જત જશે, મોહોકમ મેળાં દેશે માર, જાય લોકમાં મારો કાર; હશારત કરે ગામના લોક; સેજમાં પ્રગટયો છે શોક, ફજેતી આપણી લુંટાય, કરમે હાડકાં તો કુટાય. આબરૂ ઘરડાની તો જાય, પંચપટાળી લોકમાં થાય. રીખાવીને હમણાં મારશે કાન નાક કે શીર વાડશે કાપે ન પગને તેનો હાથસજન સહોદર દેખશે સાથ. કયાંહાં જાઉં ફરે શુ કરૂ, દાતે જીભ કરહીને મરૂ; કુવે જઇ પડુ કુ આપ, દુશમન વડે તેતો સંતાપ આપઘાત કરે જેટલે જેટણુ તરફથીયે વાજ્યો તેટલે; હેલા હવેતો હીમત રાખ. એવા તે શ્રી સુરજ સાખ માતાને તેડી જાળાયે અંડાળ વીખ આપણ્યુ વાળીયે; હું કહું તેજ કારજ કરો; હેતે હાથ મુજ પાસજ ધરો દૈડનુ ઘરેણું જે સાથમાં સોપ્યું માત તાત હાથમાં; દામ વશ પરમેશ્વર થાય. દામ થકી સરવે દુખ જાય, દામ વશ વરતે છે લોક, દામે કરે સરવે જોખ, દામ વશ રાજા કે રંક, દામે ન ગણે ગુનો ને વાંક, દાન પુન્યને તે પરવ, દાણુ ઉતારે કષ્ટનો ગરવ, દામ તીહાંમતો મોટમ પણું, દામે માન પામે અતિ ઘણું. દામે વશ સહોદર સાથ દામ ત્યાં તો ઉપર હાથ; દામે જીત્યા સરવે કોય, દામને વશ તે સરવે હોય દામે સરવને દેછે માન. દામ ત્યાંહાં તો ધરમને ધ્યાન, સરવથી મોટો છે દામ, દામે કરે ઘણેરા કામ. દોહરા— માતાજી તમો પરવરો, મારા સાસરા ગાંહ; એક ઘડી એક પલકમાં, કંથને લાવો આંહ. શામ દામ ભેદે કરી. અમરત જેવાં વેણ સમજાવી કહેજે ઘમો, હું કહાવું તે કેગ્રૂ કપૂરાએ રથા સાંભળો. સો એક હતા શ્રાપ, એથી પાપ બીજું નહી. પતી દુભ્યાનું આપ, મહા પાપછે અતી. એમાં પાપ નહી કોટ; સ્વામી દુભે હત્યા ઘણી, બીજી હત્યા સોય સમ. ખાધા ઘણાં એણીયે, પેસવા ન દેઉ પોળ; મંદીર આવો માહરે; બીજી શેરી બીજી ઓળ, માતા ગઇ તેને તેડવા, પીતાએ રચ્યો પ્રપંચ; દીવો લેવાનું જાણીયું, સારો કીધો સંચ. દશ વીશ ઇંટો કાઢીયો, મોટો કીધો માગ; શેઠને કાડી મુકીયો, જોઇ લાખેણો લાગ. એટલે આવ્યો એકલો, જેમ પુરૂષ જામાત્ર; સસરો સાસુ પાગે પડયાં, પુજવા જોગ છે પાત્ર. સમ ખાધા મારી દીકરી, ન તેડું મંદીર માંહ; એનું વચન તે પાળશુ, જાઓ જાણીસું તાંહ; ઘરધણી તેડયો ઘર વિશે, નર કહે થયો નીહાલ. પાગે લાગી પ્રેમદા, વર ઉપર આવ્યું વહાલ. હેત રાખતો અતી ઘણું, નારીનું રીઝયું મન; કરારે રહી તે કામની, કરે આનંદ રાત ને દન. ચોસઠાં કાડ્યાં તેમ ચણ્યાં, કારીગરને શી વાર; તેમની તેમ માંડી ઉતરેક, ભાગ્યો નહી તે બાર.

આજ કથા મેં સાંભળી, પતી દુભે બહુ પાપ; સેવા કરૂં સ્વામી તણી, દાસીવત આપોઆપ, ચરણુ ચાંપુ હું વાહરા, ઉનાળે ઢોળું વાય; જે કામ કહે તે હું કરૂં, મનના મનોરથ થાય. લાડ લડાવું લક્ષ કોટીધા, અલખત આડે આંક; એટલા દીવસ દુખ પામીયો, તે ક્ષમા કરો મુજ વાંક. મનભાવતાં ભોજન જમો, રૂડાં પહેરો વસ્ત્ર; આભુષણુ પહેરો અતીઘણાં, સુંદર હારૂણુ દસ્ત્ર. સમ ખાધાતા સામટા, તે માટે તેડી દેઉં; બોલાવ્યા પછીનથી, હવે લાવો તે લેઉં. રમાડીયો જમાડીયો, આપ્યાં બીડાં પાન; કંઠ હાર તે ઘાલીયો, કરે ગાન ને તાન; હાસ્યવિનોદ કરે ઘણા, કરાવે રાગ ને રંગ. નૃત્ય કરાવે નીત નીત, શોભા રૂડી સંગ; મહાલો મહા મંદીરે, જઇશમાં તાતને ઘેર, લાડે લડાવું લક્ષવસા, પુરણુ પ્રીતે પેર; નીંચનપણે નિંદ્રા કરી, પુરણુ થયો પ્રભાત; હાકમ ચડીને આવીયો, વિપરીત થઇ એ વાત; કપુરાએ કમાડ ઉઘાડાવ્યાં, આંખો ચોળતી એણુ. અશ્વાર પાળાકા ઉપરે, વદને બોલી વેણુ. મરશો બોલચોઉં બોકતો, જાણુશો તમે જરૂર; કોણુ પુરૂષ મુઇ રહયો, નાટી ખોશો નુર. કપુરા કોપી કળકળી, આકળિ થઇ તે આપ; મંદિરમાં પેસને મુરખા, સુનો છે તારો બાપ. આળસ મોડી ઉઠયો, કપુરા કેરો કંથ; નીચું જોઇ સહુકો રહયા, પુરના અધિપત પંથ. ચાડીયાંને ચિંતા થઇ, નાસવા માંડયું નેટ; બાંધી લીધો બળ કરી, પડયો ધ્રાસકો પેટ. આગ ચડાવ્યું શેઠને, જે વડે બધુ શેહેર; એને એવું નવ ઘટે, કર્યો કારમો કેર. જશ વાધ્યો જગતમાં, કપુરા કોડે કોધ; દુશમન દેખી ડાહરા, તેને લુંટી લીધ. સાચી થઇ તે સુંદરી, જીતાડો તે નર; માત તાત ધનવંત કરયાં, દુશમનને દીધો માર.

ચોપાઇ—સહુકો તે હારીને ગયા, જશ કપુરા કેરા થયા; ઇજત આબરૂ બાંધી ઘણી. લાજ પ્રતિષ્ટા થઇ તે તણી. સહુકામાં રહયો છે ભાર. નામતું તીર વધારયું સાર, સહુકોને ઓશીયાળા કરયાં; દોશી દુશમન રાખ્યા પરાં, નારીનું વધારયું નુર. કલંક કાઢી નાખ્યુ દુર; સાચી કહેવાણી એ સતી, રૂડી ગત ને રૂડી મતિ. તરૂણીનું રાખ્યું તોલ, માબાપનો વધાર્યો બોલ; કુળ અજવાળ્યુ એણે ઘણું, નામ રાખ્યુ તે પરિયાતણું. સાચી વાત સહુકા કહે, એ બોલે તે સાચું લહે; સહુનો મુકાવ્યો અહંકાર, ભામનીએ વધાર્યો ભાર. દોહરા—એવા પ્રાક્રમ આવડે, તો જરૂર જારીએ જાઓ; નહીંતર ઘેર બેસી રહો, ગુણુ ગોવિંદના ગાઓ. જાણુ પુરૂષ નર નારીયો, તમે જાર જરૂર; ખોશો ઇજત ને આબરૂ, ખોશો નારટ નુર. ખોશો પુન્ય પ્રાક્રમને, ખોશો નાત જાતમાં નાખ; ડાહ્યા હોય તે દલ ધરે, કરે ન એવા કામ. સ્વાદ એમાં છે સ્વર્ગનો, નરક તણી છે ખાણુ; તજી શકે નહી એહ, હોંસ ઘણી પણુ હાણુ. નરયો ન દીઠો કોઇ જન, બુડયાં દીઠા બોહોળા લાખ; અંતમે અન્યાય એહમાં, શાસ્ત્ર પુરે સાખ. સિંહજ ગામ શીરોમણી, કાઉજી કેરે વંશ; વામણુ વસે અંશપત, મનજી પુત્ર પ્રસંશ. શ્રોકા વક્તા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલો સહુ, જયજય શ્રીરણુછોડ.

વારતા ૫૯ મી.

ચોપાઇ—શ્રીશારદાને નામું શીશ, આરાધુ ઉમીયાપતી ઇશ; શ્રીસરસ્વતી મોટી માત; વાણીમાં તે દેવી સાક્ષાત. શ્રી શારદા મુખ જેને વશી, ઉત્તમ નવી રાખે કશી; શંકર નંદન વંદુ ચરણુ, આદ નીરંજન અશરણુ શરણુ. શ્રી અનપુરણુાજી માવડી, પુજુ ચરણુ કમળ પાંવડી; દેવી તું મોટી દાતાર, નોધારા કેરી આધાર. શરણાગત કેરી સાહાકા, લક્ષણુ રૂડી નાયકા; સહુકોમાં શીરોમણી, કવીઓ સર્વના મનમાંહે ભાવીઓ. નાનાભટ ગુરૂ ચરણુ પ્રતાપ,

કરે ગ્રંથ ગરૂમોઓ આપ; કવિતા સહુ તે કહું કરજોડ, સઘળુંમાત્ર દેશોમાં ખોડ. જેની શારદા દેશે વાણ, જેની સુખ પ્રગટ કરી જાણ; વાણુ તેણે વશ તાણુ જેહવી, એહ રીતે કહેનારો કવિ.

છપો—કરે મન ચિંતવ્યા કામ, દાર ભરે ભંડાર; સચરાચર શુભ જેહ, દેજે અપરંપાર. દેહ નીરોગી હોય, કોય ગણે નહી; દેખી પરલોકે મન, ચીત અત પદ પામે મોખી. અષ્ટ પદ સકળ રૂપ. જો ચાહે શુભ કાજકું; શામળ કહે મન દ્રઢ કરી, ભજ બહુનાથમહારાજકું.

ચોપાઇ—ઓગણસાઠમે દિવસે અતી, માનની તે ચાલી મલપતી; હાસ્ય વિનોદ ગાતી ગીત, પરપુરૂષ પર પુરણ પ્રીત. ધણી સાથે ઘેર નહી ને, પરપુરૂષને સોંપે દેહ; મનમાંહે કરે કલોલ, સુંદરી વરસ છે દોળ. પરપુરૂષ શું ધરે પ્રેમ, ધણી પાસ ગયાનો નેમ; નારી નીસંક પણે નીસરી, લાજ મરજાદ સઘળી વિસરી. હાવ ભાવ કટાક્ષ કામ, હેતે જાર કરવા પર કામ; ચક્ષુ ચાળવ ચતુર ચળે, આવી પોપટ પાંજર તળે. પોપટે તેનું વરત્યું મન, આહા કામાતુર જુવંતી જન; ઓનો બમણો હોએ આહાર, જે કો હોએ નીરમળ નાર. ચોગણી લાજ તણે ઠામ, નારીનું ન લેવાએ નામ; આઠ ગણી કામ તેને સોય, નીરમળ નમળે નારી કોય. હજારે મળે કો એક, સતી નામ કહેવાએ નેક; કામ આંધળા સહુ કહેવાય, કાં રંક કરાં મોટા રાય. મોડે આળસ બગાસાં ખાય, કંચુકીના બંધ તુટી જાય; અધુર દંત સાથે કરડાય, કર ચેત ને કુપ મરડાય. પાય અંગુઠે ભોમી ખણે, ભરે ભેદ ભારથમાં ભણે; મારી રાખી એ નહી રહે, કુડા કથન મોડેથી કહે; પ્રથમ એને ગમતું ભાખીએ, વાત કરવા ઉભી રાખીએ. જુહાર જુહાર માન માહરો, હું તો ચાકર છું તાહરો; શીદ પધારશો પ્રભાવતી, તારી રૂડી કર્મની રતી. મોટા મનુષ તમે કહેવાઓ, કઇ જાણુ તમે તમારે પાઓ; ભાગ્યશાળી ભારે ભરપુર, નક્ષત્ર સરખું તારૂં નુર. ધન ધન તારી જાતને, ધન ધન પીતા માતને; ધન ધન સગાં સહોદર સહુ, વખાણુ આમ છે તારાં બહુ. ધન તુજને જનુની જણી, ભાવ ભેદ ભારે ગણુ ભણી; શુકની વાત વીનતાને વશી, હેત ઘણેથી નારી હશી. નેહ વચન કહ્યું નારીએ, જરૂરપણે જાઉં જારીએ; ભને પધારોજી ભામની, જુલમ જોર જોખમ જામની. જોખ કરવા જાળવીને જજો, ખબરદાર થીર થાવ થજો; પાસે લાખેના છે હેમ, પરપુરૂષ ઉપર છે પ્રેમ. શણગાર તો સજ્યા છે સોળ, આભુષણ પહેરયાં અતી અતોલ; સુંદર વસ્ત્ર સજીયાં અંગ, પરપુરૂષ સાથે કરવા રંગ. નીચ કામે જાઉં તે નડે, સો વશાએ સંકટ પડે; સુખ સલાટ કેરી સુંદરી; પ્રતાપવંત છે પુરંદરી. તે જારી કરવા અકલે અડી, મહા સંકટમાં તેતો પડી. જીવ જોખમ થાતુ તરત, માથે આવી ડુકયુ મરત: સહજ મારગ સમાગ્યો શોક, જમ મારી રચ્યા છે લોક. કરવું પડે તો કરજે એમ કામ, નહીંતર સહુના ખોસો નામ; પગ ખેંચીને રહ્યા રહી, કોણ સલાટણ એને કહી. ગામ નામને કારજ કહે, લક્ષણ તેના સરવે લહો; શુક કહે કહેસું અરજ, જો હોય સાંભળવાની ગરજ. ટાડે પાણીએ તેતો નાહી, શીલ ઘણું પોતાને નાહી; બીનું વસ્ત્ર પહેરયું છે અંગ, બેઠી છો ઉપર તેને સંગ. દાઢી કરતીતી તેમ હીર, બીને વસ્તરે બેઠી સીવ; ઠરી સાંભળવાને કાજ, આણી અહકી મનમાં આજ. કહે છે શુક વારતા ભામની, દે હુંકારો ભોળી ભામની. દોહરા—સોરઠ દેશ સોહામણો, નાનગર નીજ નામ; રૂપરંગુ ગરસું, મારડીયુ એક ગામ. રૂપસંગ રાઠોડ રવાં, રાજ કરે રૂડી રીત: રાજ રામ સરીખડુ, પ્રજા પાળે પ્રીત. સુખ ભોગવે રાવણકો, દુખ ન લોકાને લેશ; આધિ શોક વ્યાપે નહી, દુરજન નહી કો દેશ. સુખો સલાટ સલક્ષણો, સોનીતો તે શ્રીવંત; સતી તેને ઘેર સુંદરી, અતિશે રૂપ અનંત. ગાન તાન ને માનમાં, દીન દાયકને દીઠ; સરૂપે સુંદર કમળમાં, પદમણી જેવી પીઠ. આપ પ્રતાપે અધીકાર અતિ, કરે મન ચિંતવ્યા કાજ,

વશ વરતે વસુધા પતી, લોપે નહી કો લાજ; માન્ય માને સરવકો, વશ વરતે કઇ લોક. નમતાપે નમે સહુ, ન કહે ફોક તે ગામે એક; ગરાશીયો ધીર અતળીબળ, અકારમાં આનંદી અમીર; ઘણુ સુખી ઘોડે ચડે, હાથે લેતે હથિયાર. બખતર પહેરે બાહુ બાળ, તાતી તેની તરૂવાર. બીહે ઘણા તે બાપડા, રાખે એનો કાર; વાંકઓને એ ફાંકડો, નિરમળ થઇ નાસે નર. ઘેર ગોધારસી ગરાશણી, તે પણ ત્રિવિધ તાન; ખમા ખમા સહુકો કરે, મહીપત સરખા માન. સારાજી સલાટણી જન, જળ ભરવાને જાય; મદોન્મત શી હાથણી, ગુણ સહુ તેના ગાય. નિરધાર માથે છે બેડલુ, ત્રાંબા કેરૂ તેહ; લટ છુટી રહે કેશની, નરને ઉપજાવે નેહ. વિનતાને મળ્યો વાટમાં, ધીરોજી મહા ધીંગ; મહા મરદ માના મહત, તે માટીનું છે શીંપ. સુંદર ત્યાં સારાતણો, લટકો લાખેણો દીઠ; મોહ પામ્યો તે માનની. મુખ બોલતી મીઠ મુખનો કરચો મરકલો ચટકો લાગ્યો ચંત; લટકો તેનો લાખેણો, પરવરતિ દીઠા પંથ. વિનતા માંહે વાતો કરે. માથે બેડુ નીરધાર; કમખો પેહેરી કેસરી, કશણ કસ્યા છે ચાર સાળુ કસબી કોરનો લેથો લાહનો લેખ; સીંદુર સાથે સારીયો નયણે કાજળ રેખ. શેથો પુરયો શોભીતો, ઘાલ્યાં પાકાં તેલ; બીજી સુગંધી મસમસે, રૂડી રંગની રેલ. સત્રાગજનો શીર ચોટલો, કાળા ભરમરા કેશ; જાને તે સકોમળા, જુવંતી બાળે વેશ, કોટ માંહે ઘાલીયા, મુક્તાફળના હાર; આભુશણ નવ કોટીના, સારા પેહેરયા શણગાર. શક નજર નર નારીની, સહજ થઇ ગઇ શાણ; વાગ્યું બાણ રૂદીયા વીશે, પરવશ પડીયો પ્રાણ, તાતા ઘાયો તીરનાં સોએક સાસરા શાથ; બરછીના ઘાગો બેગમાં, હઇડુ ન રહ્યું હાથ. કાલો ઘેલો થઇ ગયો ભારે ચયો ચીતભ્રમ; ધરમ કરમ સહુ વીસરયો, શોચી ન ચળે શરમ. એક વાત ન ઉકલે આકુળ વ્યાકુળ થાય; કામનીને કેમ કહી શકે એને મંદીર કેમ જવાય. લોકાચાર અતી દોહલા, દોહલા હાકમ દંડ, જુવંતી તો નથી જાણતી, પરવશ પડીયો પંડ. એમ કરતાં માસ ગયો. ખરો વાધ્યો ખઇરોગ; એકાંતે અરજ કરે નહી, ભેદા સઘળા ભોગ ઝુરીને પંજર થયો. અકલહીણ થયો આપ; પરનારીની પ્રીતપર. પાંચે મળીયાં પાપ દીવસ એક જાગમાં મુક્યો મુખ નીશ્વાસ; તે વેળા એક લુંડીયો, પ્રીતે પોતાને પાસ. ચતુર ચેત્યો ચીતવીશે, કર્યાં કરજોડી કેણ; એવડું દુખ શું નીપન્યું, વદો તે સાચુ વેણ. ચીતમાં ટળી છે ચેતના, ટળી છે સુધને સાન, ખઇ રોગની પેઠે થયું, ગયું મમતને માન દેહમાં રોગ સાચુ કહો, મેલો લાજને શરમ; દુખભંજણ તો દેવ છે જોરાવર છે કરમ. અમો તારા લુણનો, પાળુ છું તે પ્રીત દુખ તમારે હાજીએ, એ રંકની રીત. ઠાકર કહે સુણ ચાકરા કહુ તુજ આગળ વાત; તે જાણે ઘરની બૈરડી, તો થાયે મહા ઉતપાત એક દુખ છે દેહમાં, બીજું ઘરનું થાય તુજ આગળ શું થશે મારૂ દુખ નવ જાય પ્રતીજ્ઞા કરી પાંચસે, મન મેલાં કહો દુખ રામ હરે તો રૂડું થશે, ઇશ્વર ભાંગશે ભુખ, એ રાખે કેમ આવે નહી. કરે કામ એ રંક મન મેલી મુજને કહો, નચીતપણે નશંક. ચોપાઇ—સાંભળરે તું મારા મીત્ર, તારી બુધ્ધ છે પરમ પવીત્ર; સારી સલાટણ દીઠી દ્રષ્ટ. કાયામાં અગટયું છે કષ્ટ, સંક્ષેપમાં વાત વખાણ. પરવશ પડી ગયા છે પ્રાણ, એહ રોગથી જાશે જીવ, રૂઠયો છે દેવતા કે દઇવ તેતો બાપડી નથી જાણતી. અંકાર મનમાં નથી આણતી, કોડવાર કહું શું કથીર, બીજો રોગ તો એકે નથી. લુંડો લાગ્યો તેનું નામ; રૂડુ તો કરશે શ્રી રામ, એમ કહીને એ ઉઠીયો. જેમ મદગલ ગયદ છુટીયો સારા સરાવર જાણી છતી, બાયક લુગડાં ધોતી હતી. લાડકો જઇને બેઠો પાસ, અધિક હેતથી દીધી આશ, પામર થઇને પાયે પડયો, માનનીને મન અચરત અડગો, હાંહાં કરીને ઝાલ્યો હાથ. અધિક સ્નેહ કરયો તે સાથ આંખે પડીયાં આંસુ ધાર, ભામિનીને મન પ-

દીધો બાર. દોહરા—આંસુ લોહ્યાં આપથી સોમેક બાથ સમ છઈડા સરખો ચાપીઓ કહે દુખીઓ તું કયમ ધીંગો ધીંગડ મલશે રાજ પુત્ર રણજીત, નરખી તુજને નેહથી, પુરણ પ્રગટી પ્રીત સ્નેહ ઉપન્યો અતી ઘણો, મનની પોતી હામ, તું તો માહરો દેહર પણ થાય તુજથી કામ. ચતુર છો તો ચેતજો, બત્રીશ લક્ષણ ભુપ, બોહોતેરી કળા છે તુજ વીશે, સહસ પ્રકારની બુધ, ચઉદ વિદ્યા ચિત વસે, જાણે રાગને રંગ, આબાદ પ્રાક્રમ અતિ ઘણા, સુજાણ સાથે સંગ. લક્ષ કરોડ વિશે વસા. જીવ એહનો જાય. ઇશ્વર આંણુ સાચુ કહું તમને હત્યા થાય સોરઠા—ભાગી મનની ભ્રાંત, સાચુ માન્યું સુંદરી. મળજે આપ એકાંત ધીરાને કહે ધીરથી; દોહરા—લાડકો આવ્યો લાડડો, હસતો મુખથી હેત, માંડી વાત મહીમા કહયો, સામ દામ ભેદ સમેત; સરોવરમાં છે સુંદરી, વઅ પખાળે વિવેક; સહજમાં જાઓ સરોવરે એકા એકી એક ધરમ વાત સુણી ચિરાએ, હેતે ભાલો હાથ, નાવાને મશે નીરમાં, સરોવર આને સાથ, નજર મળી નર નારની હર્ષા નેણુને વેણ, રોગ શા માટે પ્રગટયો. કોહો તે સાચુ કોણ. સંક્ષીપમાં સત લખ વરાં, હાથ જોડીને હેત હું વેચાણુ છું તાહરો; તન મન ધન સમેત, તુજ મળે તો જીવીએ નહીતર જાશે પ્રાણ, તેમાં અસત જે ઉચરે, તેને ઇશ્વરની આણ. તમારે ઘેર કેમ આવીયો, તમને કેમ તેડાય, વિકટ વાત છે. અરનવી પથરમાં કેમ ખેડાય. હાકમનું થાણું ગામમાં અમો હાકમના ચોર; કદાચ વાત જાણી પડે, તો થાય અંધારૂં ઘોર. અશ્વ એક હજારનો, વીશ હજાર જંગીશ. તે સરવે દેહવટ કરે, ધડ સહીત એ શીશ. ધરમ સમુખે ધારીયા, રાખ હીમત મન હામ; ધુગ ધુમાનું તે સરવને, તો સારા મારૂ નામ તું કહે તો મેળો કરૂં, તું કહે તો જરૂરી જાઉં, તારા જીવને કારણે, વણ મુને વેચાઉ. ચોપાઇ—ધીરાને મન આવી ધીર, થયો વિરોધ તણો એ વીર સરીઆમાં આવ્યું છે જોર રાખવા માંડીયો ઘણેરા તોર અતીશે બળ તેને વાધીયું, નારીનું વચન મન લાધીયું; કાલ પુરણ માસી છે સાર પોહોર પધારશે નંદાનાર. સમી સાંજે એ આવશે, લાખેણા લાડુ લાવશે, આખો દહાડો સુનો જાય, બીજે કાંઈ અને નહી દાય. છપો—છેક આંધળો જાર, છેક આંધળો કીકર; છેક આંધળો સ્વારથ છેક આંધળો અસુર નર. છેક આંધળી ગરજ; છેક આંધળો અંધ ચપાણો; છેક આંધળો અંધ. છેક આંધળો કપાણો એહેકા. તે પણ આંધળો, બાર ગાઉ ઉજડ દેખે સદા શામળ કહે જાર નર નારીયો, વીચાર કરે નવા મન કદા. દોહરો—કરી વાયદો તે ગયો કાલ રાખ મધાન, વચન પળે તો પાળજો, દીધું જીવતદાન. વેરી એક ધીરાતણો, સારી વાળીયો શેણ, વડ ઉપર તેતો હતો, પાડે ધાવાં વરેણ. તેણે સરવે સાંભળ્યું, તુટીયાં ઉમીયા હશ; ધારાનું ધન લુટાવશું, સોવસા છેદું શીશ. સારાનું શીર મુડવશું, કાલ ભાવટ કાઢશું ભારતણી, અધીક કરે ઉપમાન. સવારથી તે સોઢીયો, તાકી બેઠો તે તરત, આજ પાપ એની મળ્યાં ધીરીયા માથે મરત પોહોર દિવસ એની પ્રેમદા, પીયર ગઈ પ્રમાણ; લાડકો લક્ષણ આગળો, તે પણ ચતુર સુજાણ, સાન કરી તે સુંદરી તેડી લાવ્યો તરત; મંદીરમાં પેઠા માનની, તે દુશમને દીઠી તરત; બહાર જાસુસ મેલીયો લાડકો લક્ષણવંત, ચઢુ ઉતરૂ ચેતજે, દેખી દુશમન દંડ. વેરી પેલો વીશીઓ, ગયો રાંવલે રીત; હાકમને એકાંતમાં પુરણ કીધી પ્રીત. સ્નેહ કરયો અતી ઘણો, હાકમ હાથ હજુર; મન માની વાતો કરે, વેહ વધારે નુર લક્ષ્મી લુંટ લેખા વની, જો રાખો હાકીમ જોર; ખરાપ પેરે ખરાખરી, ચેતી આપુ તેને ચોર. ભાતંક કાઢુ ભવતણી કુડાં માગે નહી ગરાસ. ધુળ મેળુ એ ધરીયો, પ્રેમદા છે તે વાસ. હાકમ કહે સાંભળ હોવા જુઠી હોશે વાત; આણુસ મરશી મરો, અતી મહા ઉતપાત; વાતો માન્યાની નથી, ઠીઠી

જાત રજપુત, ગામ આખું ઈહત્રલ કરે. ધીરો ભંગડ ભુત, લખ્યું કરીયું આપ્યું લડીયો, જો હું જુડો થાઉં; ઘરબાર લુટી લ્યો તમો, ગરદન મારયો જાઉં; જુડો હશે તો જાણવું અધિક જોરથી આપ, ધરમવંત ધીરો થશે. તો તારાં પુરણ પાપ. સત માણસ સો ડાડીયા, લેશોમાં કોઇ નામ ઝાંપે જઇ બેશી રહે, રાંડનું નહી એ કામ, આવ્યો હશે તે કયાં જશે, જણાશો આપો આપ. ધીરો કે પછી વીશીગો. એમાં એકનાં પાપ. જેનો કાળ ખુટયો તે મરે, અવર ન મરે કોય, તાલે જેની પંસરી, તેના સબળ હોય.

ચોપાઇ—એતો વાત ઇહાંથી રહી, પેલા બેની શી ગત થઇ. નરનારી મલ્યાં એકાંત ભાંગી તેના મનની ભ્રાંત, સુખ સાગરમાં સાથીયા અંબુજની પેરે ખીલીયા; સુખ દુખની બે વાતો કરે, રેખ શોક રૈ નવ ધરે. દોહરા—આનંદ કેલાયેઃ અતી ઘણાં, રમે જમે રીઘ રૂપ; બે જણા તે તેવડા, ભાગ્યનાધી ભડભૂપ. એટલે લુડો લાડકો, ધસમસતો આવ્યો ધીર; બાતો બાતો બેબાકળો, સુધ નથી શરીર. પાગ લાગી તે પ્રભુગ્યો, રેહયો ઉજી રાણીયો; ખબર આગળ કરી, તમે થવાય તેવા થાઓ. લાજ આપણી લોપશે, કોપશે ઠાકોર ઠેક; એવી વાત મેં સાંભળી, પડયો ધ્રાસકો. પેટ મારગ રોકયો છે મુળથી, શુજીએ દેશે સાથ; વેરી છે પાસે વીરાયો, દશો સાબુત હાથ. થર થર થર તે ધ્રુજીયા, એકે ન સુજે પેર; કયાંથી નારી નિસરે, કેમ જરાયે દેન. ઝાંપો રોકયો ઝાંજે જણે, લેતા નથી કોનું નામ; શોડશે ને શું થશે, વ્યાકુળ આખું ગામ. ધીરો કહેરે ઘેર સુણ, રામ રામ નર ટેટ; કહો તો મારીને મરૂં, કહો તો પાળી પેટ જીવ કાઢું હું આકરો, જીવ્યાનો નહી લાગ; આતમઘાત કરી મરૂં, જડે નહી એક જનન. હતિ જીવ જઉ આકરી, મરૂં જઇ હું કુંવા જીવ્યાનો નથી આશરો, કે જઇ જણ્યું એ ધ્રુપ. સોઢી નંસરૂ મુર થઇ, કરી દુંદારો હામ; બધી હેશે બળ કરી, તો હસશે આખું ગામ. અથ એક હજારના, એક સહત્ર તણા હર્ષ ધર; અલબત એક હજારની, ધુટાય આગ ભાગ. આબરૂ જાશે આકરી, જાશે લાજેણી લજ; ભાર જાય સહુ લોકમાં, સરે ન એકે કાજ. મુને કંઇ નથી સુજતું, પડી બે ચારેક જોઇ વાટ; ઘર આવીને ઘેરશે, અહકા એ ઉચાટ. પોપટ કહે પ્રભાવતી, જારી કરવા ગઇ જેમ હવે હકીકત શી થશે, રેહેવાશે કેમ રોખ. પોપટને કહે પ્રભાવતી, ભાગ ભાઇ ઉડે એ ભેદ; એમાં કાંઇ નથી સુજતું, નિજારપણું તો વેદ; ઘરમાં ગુણવંતી ગોરડી, તાતા જેનો તોર. ચેતાવતા સાથે ચાડીયો, ચારે પક્ષે ચોર; માનની રેહેજો મંદીર એક, એક આજુની રાત; તો સારી પેઠે શિખવું, નિજાર વિખાણી વાત. સારાને સતિ કરૂં, ધીરાને કરૂં ધીંગ; ચીરાવું પેલો ચાડીયો, હાકમ બંધાવું હીંગ. ચોપાઇ—એહ વાત સાંભળી કરણ, કહે તો ન જાવું દિવસ ત્રણ; ધીરા રયાં મુકે છે ઘર્મ, જોજો તું અમારા પ્રપંચ, રચ્યો પોતે પોડલો; પાખર પલાણ સાથે, બાંધી રૂડી મોણ; થઇ નીસરયો જાકમજોળ, મરડીને મેલ તે શીશ. આભુશણ પહેરયાં અતીશય, પરેરયા છે સુંદર સાર; દિસે રૂપ ત્યાં અપરંપાર, મોટા ગાલ ને કાને કડી. બખતર પહેરી ચતુરા ચડી, જાલમાં હોય તે થીર લીયો; કર બાંધો જુગતે જાલીયો, સુરવાલ પહેરયા તે સુજાણ. કર ગ્રુધ ધનુપને બાણ, પોતાના વળ સોળ શણગાર; લુંડીને આપ્યાં હર્ષ ચાર, ઢાલ તરવાર લુગડાં હાયમાં. સુર પુર સારત સાથમાં, આગળ ગુલામ ને પાછળ રાય; અશ્વ કુદાવતો આગળ જાય, ભાલો ચમકાવે મોકમ મુંછ. કોની માએ નથી બાંધી મુંછ. સગો સંબંધી રાજા તણો, પદેશો પણ ગુણવંતો ઘણો. જમદુત શો દીસે તેહ, ગાજે જેમ અશાડો મેહ; કોને ન ગણે લેખા માંય. ધમધમ તે ધુધર થાય, ધમધમ ધ્રુજે ધરા; શમશેર બહાદુર તે ખરા, કોની ન ગણે મનમાં બીક. કંઇ જનને

કરી નાખી રીષ. ચાલ્યો અસ્વાર દીતોમાં દેઈ, જશ જીત આબરૂને લેઈ. ગામ પાછળ પછવાડે ગયો, નચીંતપણેથી નીરભે થયો; ચીંતા હતી તે સરવે ગઈ, સુખ શાતા વો થઈ. માનવી જાત ન દીઠું હેઠ, હેતે અશ્વથી ઉતરયો હેઠ. પોતાના વસ્ત્ર લીધા શણગાર, ઓપાવ્યાં અંગ ન લાગી વાર; લટકતી ચાલી લખવાર, ભામની કેરો છે બહુ ભાર. ગુઉટામાં તે દેવી દરબાર, પૂજા કરવા તે રવીવાર; ધર્મવંત ચાલી ધડ ધીર, અધાર પાલાને હાકમ દીઠ. એટલે ધીરેજી લુગી ભરે, ખોંખારા કરે છે ધરે; સલામ કરી સામંત સહુ સાથ, હેરે જઈને વળગ્યો હાથ. કીયા દેશના વાસા વાસ, કીયે કામે પધારયા રાય; અમલ તમાકુ કીજે કોડ. મારા ભાગની મેરાણુ મોટ. જેમ તેમ કરીને હેંડયા ઘેર, કરી ગોઠ તે પુરણ પેર; સારી તાં આણી સુખડી, ભાગે તે થકી ભુખડી. મીઠાઈ મેવા આણી ઘણા, મેલ્યા આગ્રહ તેમાં નહી મણા; ખાવા પીવા અતીસાર, બીજી વસ્તુ મેલી અપાર. લવિંગ સોપારી બીડી પાન, અંત સકરથી જાળ્યું માન. મારા સમ સાચું કહે આજ, શું મારા ફળીયામાં કાજ; કહ્યું એક મેં તો કરજોડ, મુકાને મન કેરો મોડ. દોહરા:—વેરી હશે તાહરો, તેણે કહી એક વાત; વગર વિચારયું જો કરત, તો તો થાત ઉતપાત. એના પંચક એને નડયાં, એનું એને પાપ; બાંધી ચોમુખે કરયો, અન્યાઈ કરી આપ. ઘર બાર ને માલ ધન, લક્ષ્મી લુંટી લીધ; ગામ પછવાડે ફેરવ્યો, ખરવાહન તે કીધ. પટીયાં પડયા તેહને, ચુનો ચોપડગો શીશ; ગામ બજારમાં ફેરવ્યો, દિઠો સરવે તે દીશ. ગાર પડે મુખથી કહે, ખોટી ચાડીનો ખ્યાલ; વિનતાને વિરદું જોરતું, તેનો એહ હવાલ. શુળિ દેવા માંડિયો, માથે આવ્યું મરત; સારાએ મુકયો જીવતો, તે વેળાએ તરત. સોને શ્રમ લાગતી નથી, મોટું ધર્મનું મુળ; સુરજને અડતી નથી, પડે તેને મુખ ધુળ; જશ વાધ્યો આખા જગતમાં, સારાને સાબાશ. સારાને નરતુ કેમ કરે, પુન્ય પ્રાક્રમ પાસ; કોણે કલંક ન જાણીયું, કોણે ન જાણ્યો ભેદ. જારી કરવા તે સોહેલી, વિખમ વિગરી વેદ. સલામરે તું સુંદરી, પ્રભાવતી પવિત્ર; પવિત્ર પરણુત પંચમા વેદથી, ચારૂ ઓ ચરિત્ર. પુરાણ એહ ઓગણીસમું, નવમી નકીએ જાણવી; તેની કરે નિદાય, તેત્રીસમુલક્ષણ એહ છે, લોતરીમાં કળા તોલ; કલંક તરત ઉતારીયું, અધિક શુદ્ધ અમોલ. તરત કેમ ઉકલે, કેમ ચતરૂ વાસ થાય; ચડયાં કલંક કેમ ઉતરે, માને રઘપત રાય. એવા પ્રાક્રમ આવડે, તો જરૂર જારીયે જાઓ; નહીંતર ઘેર બેઠા રહો, ગોવિંદના ગુણ ગાઓ. ઓગણસાઠમી એ કથા, કહે કવિતા કરજોડ; શામળ કહે શ્રોતા સહુ, જય જય શ્રી રણછોડ.

—❖—

વારતા ૬૦ મી.

ચોપાઇ—ગણપત કેરા પુજું પાય, રીધ સીધ સકળ ગુણ રાય; ચંતામણી કેરા ધરસુત, લક્ષ લાભ પ્રતાપિક પુત્ર. રીધ શુધ નારી પુજીત પાત્ર, ક્ષેમ કલ્યાણ જેના જમાત્ર; રીધ સીધ તનયા માત, જગત પિતા જેનો શીવ તાત. સીંદુર અંગે સેરંગા સાર, ગજવદનને મોદીક આહાર; મુશીક વાહ શુંડ સુજાણ, અહિનું ઉપવિત પુજ્ય પ્રમાણ. સરવે પેલો એ પુજાય, મન મનોરથ તેના થાય. ચોપાઈ—કામની કારણ કો નવ ટળે, આવી પોપટ પાંજર તળે; પોપટે ત્યાં વરત્યું છે મન, કામાતુર છે જુવંતી જન, ધર્મ શાસ્ત્ર નહી ગણે. હેત છડે તો હરણ્યાં હણે, ન ગણે પુન્ય કે ન ગણે પાપ. વેદ પુરાણ માંહે છત છાપ. શામ દામ કહું છું ભેદ, એના મનમાં છે ઉમેદ; એનું ગમતું બોલું આજ, એની મારી રેશે લાજ. શીદ પધારશો આજમ રાત, પદમણી જેવી જુવતી જાત; એધાણે ઓળખ્યા છે એણ, કમળપત્રથી નીર્મળ નેણ; પુરંદર સરખો પ્રાક્રમી પતી, તારા કર્મની રૂડી રતી. કંદર્પ રૂપ

સુરખી કામની, ઘોર અંધારી છે જામની. આસત લાખોનું લેખ, રૂડી કર્મ રતની રેખ; સીંદુર સારો સેથે શીશ, રજની ગઈ છે અરધી નીશ. રાત અંધારી છે ઘનઘોર, વાટે મળે ચુગત કે ચોર; લુંટી લેશે સરવે તાહરૂ, શું જાર કરશો. એવડું શું અઘરૂ કાજ, કહો વાત મુકી મન લાજ; જુવંતી કહે જાઉં જારીએ, નીચ બોલ કહ્યા નારીએ. સુખે પધારોજી સમરથ, ભણો તમારી પાસ ગરથ; કદાચ કો એ ચાડી ખાય, ત્યારે શો કરશો ઉપાય. કદાચ બોળી લાંચી લુંડ, દીવાન પાસે દેવરાવે દંડ; જાઓ સુખે કરો એ વાત, એમાંથી ચપો ઉત પાત. કદાચ નીચ નમેરા નડે, પેહેલું સંકટ આવી અડે; જેવન જાટ તણી નારીએ, છુતી જશ લીધો જારીએ. માથેથી કાઢી નાખ્યુ મરત, સંકટ ટાળી નાંખ્યુ તરત; મહા સમુદ્રમાં બુડયા વાણુ, વીનતાએ કાઢી કરયું વખાણુ; ડંકો વાગ્યો આખે દેશ, પવિત્ર કહેવાણી પુર પ્રવેશ; સકલ લોકમાં કહાવી સતી, વશ કીધો પીતાનો પતી.

દોહરો—ચરણ ખેંચી ચતુરા રહી, જેવંત જાટ તે કોણ; નથી દીઠો નથી સાંભળ્યો, એ તો અચરત ઓણ. ચોપાઈ—નવ કોટી મારૂ દસ દસી, પછી મોઘા પુર પ્રવેશ; મધ વચે થલવાડુ ગામ, નહારસંગ નરપતનું નામ. તરવારે તે તો આકરો. મહા જોરાવર તે તો ઠાકરો; વખાણતાં તો વિક્રમ વીર, ધર્મવંત ધોરંધર ધીર. જેવંત જાટ જોરાવર જાત, મહીપતનાં સરખું છે મન; બળીયા શું ભપે બાકરી, ચતુર ગયથી કરે ચાકરી. પાચ સહ અનો પટો ખાય, વશ વરતે નરપતને રાય; લવલેશ દુખ તણી નહી આંચ, પ્રેમદા ઘેર પદ ભણી પાંચ. પાંચે જણી ભોગવે વીખ, દેહમાં નહી કોને દુખ; રમે જમે ને કરે કલ્લોલ, સુંદર પેરે શોભિત સોળ. ઘણી લક્ષ્મી લાય ઘરસુત્ર, પેટ નહી એકેને પુત્ર; જુવંતીપ્રતે કહે જોહરી, પુત્ર પ્રસવે તે માનીતી માહરી. એક હીંડે કરાવમાં ઠાઠ, બીજી કરે શક્તિના પાઠ; કામણ મોહન ત્રીજી કરે, ચોથી ઇશ્વરને અનુસરે. પાંચમી સમરે શ્રી પરિબ્રહ્મ, ધરણીધર સહુનો રાખે ભ્રમ; ભગવાનને નવ માનીએ, આપ્યા વિના કેમ પામીએ. સદાવરત શોભાવ્યા શામ, તે ચલાવે વેપાર ને વાણુ; જેણે કરયાં પરમાર્થ કાજ, તે ઘેર ધર્મની ધજ જેણે નવાણ ભરાવ્યા નીર. સુંદર રૂપ નિરોગ શરિર, જેણે બ્રહ્મ ભોજન ભાવે ભરયાં; તેણે જમન મહા યજ્ઞ કરયા, ગઉ સેજ્યા કનકના દાન. ખાનપાન કહેરે ધન ધ્યાન, પાપી જને કરયા છે પાપ; લીધા છે સતીના શ્રાપ. દોહરા—અધિક ઉપાય કરે ઘણા, આકુળ વ્યાકુળ થાય; ચતુરભુજ સાથે ચાલે નહી, ગોવિંદના ગુણ ગાય. આપ આપણા કામમાં, જેહને જેવી સુજ; કો કોની જાણે નહી, ઘણા ડહાપણની સુજ. મહા જોરાવર મીટીઓ, જારાળી જે તો ટાઢ; કાવતરૂ દેખે સાંભળે, દેહવટ વાળે દાટ. જગા તારી એક નાનડી, ના સહાય ધર્મ કર્મ પર મારથી; સહુકો માને શરમ, બોલ ન ઉથાપે એહનો. કહ્યું માને સહુ કોય, વચન ગીસ્ત જાએ નહી; એવી જુવતી જોય, બોળે ભાળ રાખે ઘણી. સોકયોમાં સમરથ, પેટ પુત્ર પ્રસવે નહી, ડાહ્યા પણ સઘળુ વ્યર્થ; પરદેશી એક વઇદ છે, તે ઘણો જાણ સુજાણ. જાણે આકાશથી ઉતરયો, ધનવંત વઇદ વખાણ; વઇદ કને છે કોથળી, નહી કો તેને સાથ. તેની જાતે એકલો, લટકુ પોતાનું હાથ; ફરતો ફરતો આવીયો, ગુણ દેખાડ્યો ગામ. એડીતીને બારણે, નગા તેહનું નામ; બુદ્ધિવંતીએ બહાર બેસારિયો, નગાએ દેખાડી નાડ. તપાસી તોલ તેણે કરયું, એક છે મોટી આડ; શીદને દુખ મનાવીયો, શીદ કહીએ આકુ મુખ. મારૂ કહ્યું કર્યા વિના; ભાગે ભાવા નહી તારી ભુખ; એ રોગતણું ઓસડ કહું, તો માને માથે મરત. તારા કંથને તું કહું, શુળી દેવરાએ તરત; એમ કહીને ઉઠવા માંડીયું, હેતે પકડયો હાથ. આરાસમ સાચુ કહો, સ્નેહ કરયો તે સાથ; જે તુ કહે તે હું કરૂં, મનાવું તારૂં મન. તનમન સોપ્યુ તુજને

જો પ્રગટે મુજને તન. અરસપરસ અતિ ઘણી, કરી પ્રતિજ્ઞા કોડ; રૂડી રૂડી કહે વાતડી, છેક તું પડદો છોડ. વાત કહેતાં રખે ઓછારો, કહેવી ઘટે કહો આપ; જુઠી વાત જો બોલશો, તો તમારે માથે પાપ. ઘણિનું વિરજ છે વાંઝીયું, નહી મિન નહી મેખ; એથી પુત્ર પામો નહી, લખ્યો વિધાતા લેખ. વનસ્પતી આપું વૃક્ષની, સજીવન નામે સુત્ર; વાવ્યું વિરજ તે ઉગશે, પરવરશે તુજ પુત્ર. નગાં કહે કેમ માનીએ, પારખુ તે દેખાડ; સજીવન બુટી આપો મુને, પુરણ સુખ પમાડ. બુટી ઘણો બોહો ગુણે, પલાળી પાણી માંહ; ચણ્યો વાવ્યો ચંતની. શીંચ્યુ પાણી માંહ, તે વેળા તેની ઘડી; સગુણો ઉગ્યો છોડ, કઉતક દીઠું કામની. પોતા મનના કોડ, બીજે વાવ્યો એક ગોટલો, ત્રીજે કચુકો તાન. ઉગ્યો આંબો ને આમલી, હેતે પરકર્યાં પાન. પાગ નમી તે પ્રેમદા, એ બુટી મને આપ. ખવરાવું મારા જારને, કાટે અમારૂ કાપ. સુખે ઉપજે શરીરે, હરખ ઘણેરો હોય. અમરત ઘન વરસે ઘણો, દુખ દોહલાં ખોય; વઇદ કહે વિનતા સુણો, ઉકળમાં ઘાલુ આભ. એમાં મને શો ફાયદો, લેવો તે શો લાભ; કામની કહે કહો તે હું કરૂં, કોહો તો સોંપું પ્રાણ. મુદ ખરીદી દાસ છું, વણ મુલ વેચાણ, જે કહો તે કીજીએ. હું તમારે નામ. સો વશા વીસે વશા, કરો તમે તે કામ. ચોપાઇ—વઇદ કહે કહું એક વાત. સુખ કે દુખ લાગે સાક્ષાત; રૂડું ભુંડું કહીયે અમો, કષ્ટ પામો મન માંહે તમો. તારે શું ઓસડનું કામ, આપું પુત્ર હું આણે ઠામ; સંમત કરો મન માહરી, તારે હોંશ પહોંચે તાહરી. કરવું છે તારૂં તો કામ, ખરો વઇદ હું આણે ઠામ કામની કહે કામન થાય. આપણો જીવ અખુટે જાય. વણ મોતે મરવું પડે, ઘાટ આપણ બેનો ઘડે. જાટ જોરાવર છે જમદુત, સમસેર બહાદુર ભંગડ ભુત; અતીસે જોરાવર આકરો રાજવી કેરો છે ચાકરો. આપણ બેની કરશે ઘાત, જો જાણશે એતો વાત. જીભ્યાની જડે નહી જાગ. એવી જોરાવર એની હાક, તરવાર ત્રાહ તો એની પડે. ઘાટ દોશી દશમનનો ઘડે, કંઈક રોશ જો મનમાં ધરે. તરત ખાવાનુ અળગુ કરે, કોડ પોચાડે તારા કથી, તે કાને સાંભળો દીઠો નથી.

દોહરા— હકીમ કહેરે જોટડી. કરૂં તુને એક અરજ; હું કહું તેમ તમે કરો, જો હોય ઘણેરી ગરજ. વછનાગ આપુ તુને સીગડીઓ, ચોખા બારે અદ; પ્રાણ જાશે એહનો પલકમાં, થાશે સીગડુ સદ એને મુરછી આવશે, તે વેળાએ તરત. અકળામણ એને આવશે જાણે પામ્યો અંત; તારે ગમે તે તું કરે, નાચ બુદ કુદ. આખી રાત આનંદ કર, બાળ બળવંતુ સુદ; નગાં કહેરે નીચ જન; તુ જેર જોરાવર દેઉં, માટીને મારી પછી, તુજથી લાભ શો લેઉં. પુત્રની ગરજે પુછીએ, માન મુકી જો મુળ; બાકી પેશખ પામુ નહી, નાંખુ પેટે ધુળ. કુવામાં નાખવા આવીઓ, માટી તારે મત; છળ કરીને છેતરે, નથી ગઇ મારી મત. ઉઠી જા અહીંથી પરો, મેં વરાયુ તારૂ મન; ઇશ્વરથી અદકો એ ધણી, તન મન છે એહ ધન. ચોપાઈ—વઇદ વળતો તારે બોલીઓ, મન તણો પડદો ખોલીઓ. તરૂણી તાહરૂં વધશે તોલ; બેયક બોલે બોલ. અમો બુધ સાગરના બીજ, રામા ઉપર છે રીજ; તાહરી આશા પુરે ધણી. જીવાડુ હું તારો ધણી, પુન્યવંતજ તુજ આવે પુત્ર. શોભાનું બાધું ઘરસુત્ર, રહેશે તાં દોણીને દુખ; અકળવત વિચારો બુધ, કપટ કઇ તુજ સાથે છેદુ શીશ. જુઠી વાતે સંકટ શુળ. હાથ ઘાલવો ગોખરૂને મુખ; તે વઇદે પ્રતિજ્ઞા કરી, સાચી વાત એ સાચે ખરી. વચમાં આણ્યા સુરજ ચંદ. વચમાં આણ્યા અધિપત ઈંદ, વચમાં આણ્યા ઉમીઆ ઈશ; વચમાં આણ્યા શ્રી જુગદિશ, વચમાં આણ્યા બંહુચર માત, વચમાં આણ્યા અંબા સાક્ષાત. વચમાં આણ્યા શાલિગ્રામ. દગાઈ કરે જે કામ. પછાડ્યા ગઉહત્યા મળી, વચમાં બાર

બીજનો ધણી, હું બુટી આપું તે લીઓ; પાન તણુ બીડીમાં દીયો. પાચે પહોરે મુર્છા વળે; કારણ તેનું કો નવ કળે; મુજ થકી તો એટલું થાય. વિચાર તુ ગત માંય. માનનીને ગણી તજ કરી. સાંભળી વચન આંતરડી ઠરી. નગાં તો લોભમાં કરી, વઇદને વચન કહ્યું તે વળી; માનની કહે મારો મિત્ર, ચારિત્ર રમાડુ ઓ ચરિત્ર; સંધ્યા વેળા આવજો; સજીવન બુટી લાવજો, દેહમાં નહી કોને કાયદો; વિનતાએ કરયો વાયદો. સોરઠો—આવ્યો વઇદ એકાંત, સમીસાંજ સંજા સમે; ભાંગી મનની ભ્રાંત; તન મન ધન તે સોપીયું; એટલે થઇ એક પેર. કહાડી મુકે જેટલે, ગુણવંત આવ્યો ઘેર; જાટ જોરાળો જેતીયો, પડયો ધ્રાસકો પેટ. ભાગે ઢાલો છળકતો; ઠાકોર આવ્યો હેડ, મરદ મૂકો મરકતો.

દોહરા—પોપટ કહે પ્રભાવતી, શી કરવી એ સુજ; કેમ આવ્યો દેહ, તેવારે જાણો કાઉ ગુજ. કેમ લાજ એની રહે, કેમ સતિ એ થાય; કેમ પાગ્ય પતી પડે, કેમ જેર જીરવે. ના જાય કહે નથી સુજતું, કેમ છેતરીએ છેલ; નથી બ્રાહ્મણ વાણિયો, જે મુકીદે મનમેલ. આજની રાત જાએ નહી, તો શિખવું વારૂ વાત; જીતીને જશ લીઓ, ભલી ભજવી વાત. ફરી કહો એ વારતા, કથન સાંભળુ કરણ; મન મેલી સરવે સુણયું, ધીરજ રાખી ધીર. દશ દહાડે જતું નહી, ઉતાવળે કહે એહ; ભીમ ભારથકે ભોળગ્યો, અહંકો એ સંદેહ. બહાદુર બેઠા બારણે, અચાનક આવ્યો આપ; અફરમી પેલા ઓરડે, પાચે મગીયા પાય. જેતો જાટ ત્યાંહાં બોલીઓ, સાંભગ સફુગની નાર; અમલ આરોગુ અતિ ઘણું, આરૂગી આપો વાર. પાઓરે પ્રેમદા અમલ, ચડયો છે અંત; સેજ પાથરો ઉતાવળી, પરસાળમાંહે પલંગ. વરનાગ હતો તે સંગીયો, પ. ચોખાભાર તે ઘૃત; પાયો પાણીમાં પ્રીતથી, થયો શીંગડુ તરત. પડયો પ્રથવીપર લથડતો, વળગી થઇ તે લહેર; શ્વાસ નહી નહિ ચેતના, જેતાને ચડીયું બીલ. કાઢી મુકો કંકરો, દિધ શાખ સુજાણ; મળજે મુજને પ્રાતુશમાં, મોકુ છે મશાણ. ખમા ખમા ખમા કહું ખોળે લીધું શીશ; બુમ પાડી બહુ કરી, મળ્યા લોક દશ વીશ. માતપિતાને સાસરા, મામી મામો મુસાળ; સગાં સહોદર સાથિયા, જેને જેવો વહાલ. નહિ શ્વાસ નહિ ચેતના, નહિ કાયામાં જીવ; રામશરણ રએત થયા, રૂડો દઇવત દેવ. કોઇ કહે આવી મુરછા, કે દુશ્મને દીધું ઝેર; મુઠ મારીએ મોતની, થયો કારમો કેર. ચોપાઇ—અરે દઇવ આને શું થયું, સહુકો લોક એવું કહ્યું; કલ્પના અદકેરી કરે, મહા સંતાપ મનમાંહે ધરે. કોને ન રહી શુર ને ભાન, કોને નવ્ય ખાધા રાંધા ધાન; આકુળ વ્યાકુળ મનમાં થાય, હવે શો કરવો ઉપાય. તેને સુજે નહી એકે પેર, કરવા માંડયો ઝાઝો કેર. દોહરા—જવ તલ ગંગાજલ, બ્રહ્માણ ગઉ મુત્ર; તુળસી મંગાવી તે સમે, પાસે પુન્યવંતો પુત્ર. ગોપીચંદન ગઉ ઘૃત, પોઢા પુન્ય પવિત્ર; દાન દક્ષણા તે સમે, કવી વિવિધ વિચિત્ર. ત્રાહે ત્રાહે સહુકો કરે, ઘણું દુખમાં ગઇ; જેતા જેવો કો નહી, મોટી મૂછાળો મરદ. ગામ હતું બાસુ એહવડે, જીવતા જાચીક જન; પીહર હતો પંડીત તણો, ગણુશો ગુણવંતો ધન. માગણ મોજા દેયણો, કવીયાં પુરણ કોડ. દાતાસુર નથી દેશમાં, જગત કેરી જોડ; દાતાસુર તે અતી ભલો, મહા જોરાવર જોધ; બળ વંતો અતી ઘણો, દે કોને પ્રતીબોધ. પાચે મળીયા પદમણી, હેને ધરે સહુ હાથ; જળ મુકે નંગાં જીવતી, હું આવું સ્વામી સાથ. શાબાશ સહુકો કરે, હતું એક હજારનું હેમ; તરત વેચી આપીયું, પીયુજી સાથે બહુ પ્રેમ. સવા સવાશો સોકનો, સાસુને મન ત્રાણ; શત શત ગોર ગોરાણીયાં, બાકી અઢારે વર્ણ. ભાટ ચારણ ને બ્રાહ્મણ, આપ્યાં દાન અનેક; ખલક જોવા મળ્યા અતી, ઘણી વિવિધ પેરે કરે વિવેક. ઢોલ ભુંગળ ભેરો બજી, કરયા કંકુના રોળ; રાંધી ખીર ખાંતે કરી, કરે આપ કલોલ; હાકમ આવ્યો હેતથી, વખાણ સાંભળી વાત.

લોક મળ્યા લાખુ ગામે, પુન્ય કાળ પ્રભાત. આપ પધારણી આવતી, જયજયકાર જ્યાં થાય. શકટ ભરાવ્યા કાઠના, સતી થવાને જાય. ઢોલ નીશાણે ગડગડે, લેરાવે જાજાં ફુલ. લોક વધાવે ચોખલો, માનની મોંઘે મૂલ; આનંદ ઓછવ અતિ ઘણો, હરખ ઘણેરા હોય. સતી સતી સહુકો કરે, મેદની સરવે જોય; ચુડી કરમ ચારે કરયાં, તે ગયા પોતાને ઘેર. મશાણમાં ગઈ માનની, થી થઈ તેની પેર. ચીતા ચેતાવી ચંતની, ખડકયાં પુળા સત તણું. જે જે આખે સહુ કહે, કીરત સાંભળી કણું. અગુંર એક બેઠો હતો, મન સાથે મગન; જનોઈ કે જટા નહી, નાગો છે નગન. વીભૂતી જાજી આંગે ધરી, તુંબા પાત્ર શી રીધ; ગોરખ મછંધર સારખો, એવો દીઠો સીધ. નેત્રકમંડળ રંગે રાતડાં, રાતા નખ રાતા હાથ; અઢાએ હાથે ઘડયો, જાણે સીધજ નાથ. તેજ પૂંજ તરતીમ તર, જાણે અંતરીક્ષથી ઉતરયો; જાણે પ્રેમ જુગદીશ. કાયા ઉત્તમ કારમી, અવનવો જાણે ઇશ. પાય લાગી તે પ્રેમદા, મીંચાછે તેણે નેણ; અખંડ સઉભાગ્ય આપે કહ્યું, બેઠા સીધ મશાણ. પુત્રવંતી હજો પદમણી, કરો ઘણી સાથે રાજ; હેત હાથ મસ્તક હતું, જાઓ કરો શુભ કાજ. કરજોડીને કળકળી, બોલી બહુ કર બોલ; સ્વામી એ શું બોલીયા, ગયું તમારૂં બોલ; સીધપણું સરવે ગયું, ગયું જપ તપને ધ્યાન હસારત લોકમાં થયું, થયું માન ઉપમાન; મોટી મરદ માહરો, મુવો ચીતા પ્રગટીછે આગ; સીધ જાણી આવ્યા તમો, પ્રણમ્યા તમારે પાગ. ચોપાઇ—તેમાં તો ઉંધી છે વાટ, શા જુઠા કરો બો ઠાઠ; છાના માના બેસી રહો, હવે વચન મોડે ન કહો. હવે બોલે થશો ફજેત, વાત ફુડી ચીતમાં ચેત; સીધપણે વેતું ગયું, વચન ઓરત તમારૂં ગયું.

દોહરા—વચન તમારૂં તો ગયું, હું તો કોઠા ખાઉં; સીધપણું મેં તો જાણીયું, જરૂર હવે તો જાઉં. એમ કહી પાછી વળી, વીનતા તારે તરત; હે હે હે હે હે કહ્યું, તાળીપાડી તરત જુઠો સીધ સહુકો કહે, જુઠાં બોલે વચન; સહુકો તેની હાંસી કરે, અહરનિશ રાત ને દન. લેઇ દંડો તે ઉઠીઓ, કરતો કાયામાં ક્રોધ; બાંહે પકડી બાળિકા, પુરણ દીધો પ્રતિબોધ. વચન જો માહરૂં જશે, તો પ્રથવી પ્રલે થાય; અઠાવીસ સત વરસ લગે, અગ્ની બાળી સાય કહ્યું તે કહેર કામની, તુ સતી શીરોમણ સાર; અરધ આયુષ આપ તાહરૂં, જીવન આવે ભારથાર. બાર વરસ મેં તપ કરયો, ગંગા કેરે ઘાટ; તે મેં તુજને સોપીયું, સુખ ભોગવો તે મટ. તરવેણીમાં તેર વરસ, પુન્ય વેણી માધવ સાથ; તે તુજને સમરપીયું, સતી શીરોમણ સાર દસ વરસ તપ કિયા કરી, રીઝવીયા રણછોડ; તે મેં તુજને આપીયું, કામની પોચે કોડ. અગીયાર વરસ કાશી રહયો, હરદવાર લાં આઠ; તે પુન્યે ઉઠજો ધણી, પુન્યકેરા ઘાટ. પ્રથવિ પ્રદક્ષણા ફરો, અડસઠ તીરથ અતીસાર; ધણી એક મેં પુજા કરી, તે પુન્યે ઉઠરે નર. મંત્ર ભણ્યો માળા જપી, સહુ દેખતાં સાથ; અરધ આયુષ તે આપીયું, હેતે ધારણને હાથ. ચુરો ચોખાભારનો, ધરયો લેઇ ધરત; હાથ પગ હલાવીયાં, ખાધું બગાસું તરત. ઝેર વેળા વટી ગઇ, અમલ ઉતરયું આપ; લોકે જાણ્યું લક્ષવશા, પ્રેમદાનો પ્રતાપ. આળસ મોડી ઉઠીયો, પ્રીછી સઘળી પેર; બેસી તે સંચરયા, ઘણા હેતથી ઘેર. સીધ કહે સતી મન સુણો, મન ગમે તે માગ; ઉનમ કાંઇ રાખીશમાં, જેની હોએ જાગ. મહારાજ માગુ છું એટલું, ચતુર વિયોગ ચોક; એક એક પુત્ર આપીએ, સાચી જે મારી શોક. સીધ વધાવ્યો મોતીએ, સતા વધાવી સાર; અચરત એ તો અતિ ઘણું, અપરંપાર અપાર. મુવા ન આવે જીવતાં, અંતરક્ષથી ઉતરે ઇશ; સીધ થકી અધિક પદ, ભગુસમાન જુગદીશ. જાઓ દુનીયાં રહ દેશમાં, બાવે કીધો કોપ; અગ્ની પેઠી સહુ શહેરમાં, સીધ થયા અલોપ. ચતુર નર થઇ ચેતના, મુકી કીધા પાર; એથી અધિક બીજું કશું, જીવતદાન દાતાર. આનીથી

કરી માનની, પ્રીતે સોકયો પાસ; તમો તે રાણી માહરી, સહુ તમારી દાસ. કોણે કલંક ન જાણીયુ, પણ ભોગવ્યું ઘરસુત્ર; પરમેશ્વરે પછે આપીયો, પાચ જણીને પુત્ર. સતી કેહેવાણી સુંદરી, પુર બાધુ પ્રણમુ પાય; જેહ જીવ જાતો હતો, નોહોતી રહેતી જાગ્ય. કોણે મરમ જાણ્યો નહી, કોણે ન જાણ્યું કલંક; સતી કેહેવાણી નાર તે, ન જણાયો લગારે વાંક. એવી વિદ્યા આવડે, તો જરૂર જારીએ જાઓ; નહીંતર ઘેર બેઠાં રહો, ગુણ ગોવિંદના ગાવો. માતર પ્રગણે મહા મણી, સિંહજ શીરોમણ ગામ; રખીદાસ રાજસ વડા, નવેખંડમાં નામ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલો સહુ, જયજય શ્રીરણછોડ

—*—

વારતા ૬૧ મી.

દોહરો—પ્રથમ ગણપત્ત પુજીએ, પવિત્ર એના પાય; ચરણ રજ પ્રતાપથી, ગ્રંથ ચાલતો થાય. દોહરા—એકસઠમે દીવસે એકલી, નારી નવરંગ; જારી કામે જોરથી, કરવા પરનર સંગ. પોપટના પાંજર તળે, આવી આપ એકાંત; શુક તે સરવે સમજીઓ, ભાગી મનની ભ્રાંત. નમસ્કાર કરયો નમી, મુખે કરયો રામ રામ; પધારો કહી પ્રેમદા, કોણ ઠામ કોણ ગામ. જરૂર જારીયે જાઉ છું, તન વળગ્યું છે તાંહ; જોજો ઘર સંભાળજો, રહેજો મંદીરમાંય. ભલે પધારો ભામની, જામની કરજો જોખ; કામ કરીને કામની, રાત આવજો રોખ. કદાચ કાંહે સંકટ પડે, દોખી દુશમન દે દુખ; વીજાર વિના નહી છુટકો, ભામણ ન ભાગે ભુખ. છપો—પ્રથવિમાં જેટલા અવગુણ આપે, પ્રથવિમાં જેટલું દુખ; વસે પરનારી સંગ, છાપે પ્રથવિમાં જેટલા દોષ. શોક સંતાપ ઘણેરા, લુંડ દંડ પાખંડ; અવગુણ કહે અધિક અનેરા, નીચ કાજ એ નરકથી; લાખ કરોડ કૃતકીતમાં, શામળ કહે શોક સંતાપ સહુ વસે પરનારીની પ્રીતમાં. ચોપાઈ—કદાચ કોઈ સંકટ અડે, નીચ માણસ નમેરા નડે; હું કહુ તે કરજો કામ, લઈ ન શકે તમારૂં નામ. દેહ અગરવાલની નારીએ, જીતી જશ લીધો જારીએ; સાસુ એ સસરો સાસેરીયા, તરણ સહુને દાંતે લેવરાવ્યાં. જેણે એવા ધાટજ ઘડયા, તેને જીવ્યાના સાંસા પડયા; નારીના નંદાને જોગીયા, તે સહુકો પાગે લાગીયા. માનવીના જે મન મોટીયાં, તે કિંકર થઇ કર જોડીયા; અગરાજી અગરવાવી નામ, કરજો તેના સરખું કામ. દોહરા—પગ ખેંચી રહી પ્રેમદા, ઈહ અગરવાળો કુણ; કામની તે અગરાજી કહી, એતો સાંભળી ઓળ. કોણ ઠામ કોણ ગામમાં, કોણ વિજારી વાત; કોને કર જોડાવિયા, હેતે કેમ જોડાવ્યા હાથ. દહાડી કરો છો તેમ કરો, એહ અમારી અરજ; બીને વરતરે છો ઉપરે, જો સાંભળવાની ગરજ. સાંભળવા રહી સુંદરી, શુક કહે વાત વિચાર; ચેતે બીજા ચતુર નર, કહાડે આખણ હિમા; માટમ તે મસમસે, ઇંદ્ર અગરાલોને અગ વહુ. વશ વરતે સજનમાં સહુ, કુટુંબ સહોદર સાસરીયા સાથ, ઇશ્વરનો તે ઉપર હાથ. વણિક જાત પણ ચાકરી કરે, દોખી દુસ્મનથી નવ ડરે; ભુપત સરખા માને ભાર, સ્નેહ એનો અદકો હોય. ગાંજી ન શકે તેને કોય, જુજવી દેહને એકજ પ્રાણ, કો કોની નવ લોપે; આણ કુટુંબ સહોદર નાત છે ઘણી. તેમાંના એક ધણીયાણી ધણી, એક દહાડે અગરે કેહી વાત, ગામ જાવું છે દહાડા સાત. રખે તમો કો સાથે લડો, રખે કલંક કો મનમાં ધરો; સસરો સાસુ દીયર જેઠ, અનંત બોલ ઉતારજો પેટ ખોડે વાત ન લાવશો તમો. એહ અકલ બતાવું અમો, મેં તો એકલા નહી રેહેવાય. મેં એકલા કેમ અન્ન ખવાય એકલા પાણી કેમ પીજીએ; અમો તો એકલાં બીજીએ, સજાયે કેમ સોળે શણગાર. તમ પાખી શા ઘર આચાર, તમ પાખી નીદ્રા કેમ થાય; એકલા ઘરમાં

કેમ રેહેવાય. દોહરા—સ્વામી કહે સુંદરી, કહું તે કરજે કામ; દુખે પાપે નીરગમો, દશ બારેક દન ઠામ. કો સાથે નવ બોલશો, કો સાથે ન કરશો વાત; ઘરમાંથી નવ નીસરો, સુખ દુખ સેજે જાત. શીખામણ દીધી અતી ઘણી, કરી વાત વિચાર; ઓઠવણ પેર પેરની અધિક અપરંપાર. શુકન લીધી તે સંચરયો, મળ્યા માત તાતને ભાત; વાંક ગુનો હોય વહુ તણો, સાંખી રેહેજો વાત. અટકણ બોલ છે એહના, ટીટી છે એહની ટેવ; આગ્યા કો મુજને કહો, એને નવ દેશો એવ. ગુણવંત પુરૂષ ગામે ગયો, ઘરણી રહી છે ઘેર; સાસુ સસરો સર્વ છે, તેની શી થઇ પેર; અગરાં એક દિવસ સમે, બેઠીતી ઘરવાસ. એટલે એક સુતાર ત્યાં આવ્યો, પ્રેમદાને પાસ. કરી પુતળી કારમી, એના ધણીનું રૂપ; તેવી મુછ તેવો મુખે, ભારે કરનો ભુપ. તેવા હાથ તેવા ચરણ, તેવો અધિક આકાર; તેવો તરણ તેવા કર્યું, ચીતની નાક સુભ સાર. સાત વિશ્વકર્મા એ કારમો, વિપરીત સરખી વાત. એક દારીયે ઉભો રહે, બીજે બેસી જાય; હાથ હલાવે ત્રીજીયે, ચોથીયે પંથ પલાય. પાંચમી સજ્યા સુવે, છઠી કરે સલામ; સાતમીયે કરજોડી રહે, જેમ ઘરનો ગુલામ. કટકા તેના જુજવા સંકેલાય, પ્રથક પ્રથક કરે જુજુવા, ચાતુરી એવી ચાય. દેખતામાં દન હરે, મનની ચંતા મેટ; સુતારદે નામ છે સામળો, લાગ્યો અમરાનો ભેટ. તરતીબ તમાસો દેખાડીયો, રામા રીઝી રંગ. માન દીધાં ઘણાં માનતી, શોભાવ્યો તે સંગ. સોરઠો—મન ગમે તે માગ, સુતારને કહે સુંદરી; લાગ મળે જે લાગ, જે મુજથી આપી શકુ કામની આપો કોલ. સુતાર હશીને બોલીઓ, તો તો બોલુ બોલ; વચન છે પિતા તણું

દોહરા—તમથી અપાય તમને ગમે છે તે તમારી પાસ; કોલ આપ્યા કેડે કહું એમ કહી દીધી આશ કોલ આપ્યો તે કામની, સ્નેહ કરયો તે સાથ સમ ખાધા સોએક વરાં, હાથ ઉપરે હાથ આકારી મનમાં હરખીયા, ચીત બેનું છે એક; વાત કરે વીનોદની, રૂડા નેક વિવેક. સુતારે કહ્યું સંક્ષેપમાં અકી બોલ્યો અંચ; તારી પુઠ ભમે પ્રાણીયો, થયા છે મહિના પાંચ. અવરી ઉની એ હતી, છુટા હતા શીર કેશ, આળસપાં અંગ મોડતી, નીચાં બહુ બાર, એક કામ તો રીઝાં, બીજે બેઠું થાય; કરારો તારો કંથડો, ખાતાનું ભાગ્યું જાય, પરાક્રમથી તારૂં પુતળું, એક સહઅનું કાજ; મારૂં મન તે માનીયું પુરણ થયો એ કાજ, ભેટ લાગ્યો છું પરેમદા, તમે આપ્યો છે કોલ જીવ તને મળવા ઘણું, બોલું સાચો બોલ. વચન પાળે તો તું ખરી, નહીતર ખોટી જાણું; બોલી તે પાળું નહી, તો તે ખરી પાહાણ. વનીતાએ મન વીચારીયું, એ કામે અનરથ થાય; મુજમાં વળગુ શું કહ્યું વચન ફીરતા મુજ જાય. વચન જતે સરવે ગયું. જાય પોતાનો તોલ: જાય ઇજતને આબરૂ, જાય બાપનો બોલ. મન વિચરયું માનતી, આશા બંધો એક; વચન પાળુ માહરે, સમરપુ એને દેહ અગરાં કહે વેહેલા આવજો, લયૂ લડાનું લાડ; જખ મારે છે સસરો ચોપડ્ડ સાસરીયાં પાડ હસતો રમતો આવિયો મનમાં થયો મગન; પાંચે મહીને પુરૂ થયું, એ લાખેણું લગન. પોશાગ પેહેરી પરવરયો, થયો રાજરંગનો રોજ, કસબી જામો પામરી. માથે કસબી મોળ. પરેમદાને મંદીર પરવરયો, વારૂ થઇ મન તૃષ્ટ, સસરે ઝાંખુ જાણ્યું, દીઠો પુરૂષ કો દુષ્ટ. અરે દઇવ એ શું થશે, એ દીકરા કેરી વહુ, સોર બકાર હવડાં કરૂં. સાંભળે સજન સહુ. હાકમ ડંડે દંડ લે, લુંટી લે ઘરબાર, જાય ઇજત ને આબરૂ, એતો નહી વેહેવાર નાખુ નીશાની ચોરશું. ઘણી દીધી છે ગાળ શણગાર રૂપ રંગ તાહરૂ, સુધ તાહરી બાળ પુશાગ બીસ દિવસે, પીધી પામરી પાંગ, જેણે દીઠું જાણીએ, પડો રૂડામાં ડાગ. હાથે હાથે એ કુણ છે, કુળ બોળ્યું કલંક, હવડાં દો બોલુ નહી, નારી થઇ નસીક, નાખી ની-

ભાની ક્રોડ એ દીધી ગાળ દસવીસ. કાલ કંથ જ આવશે, છેદશે તારૂ શીશ. સેજે સુતો છે કવણ નર ભારે દીસે છે ભુપ, બાળ ડાહાપણ તે ચાતુરી. બાળ રામાનું રૂપ ત્રીજે દીવસ તરતીબ તર લાલ પુશાકો પેહેર મની ઠણીને તે ગયો ગુણવતીને ઘેર દિયરે દિવે દાખીયું, લબડથીંગ કો રડ સોર બકોર હવડાં કરૂં, દીવાન લોક દે દંડ, કાલે બંધવ આવશે મહીમા કહીશુ માન; કપ.વશું નાક ને ચોટલો, ધડમાંથી બે કાન. ચોથે દિવસ ચંચળ થઇ ચાલી ચતુર સુજાણ, લીલી પામરી લીલો પટો, પુશાક લીલ પ્રમાણ સાસુએ નરખ્યો સેહેજમાં, ઝાળીયા માહે મેલ, ફટ ફટરે ભુડી પાપણી, ખોટો કરયો તેં ખેલ. અમો જાણતા જાણુ છે, ફોગટ કરતી ફુલ, ફુલ અંગારો અવતરી, ધીરજ તો ધારી ધુળ. હારમાં નાખા કોયલા, દ.ખ્યા એ તાહરે કમ. કાલ માટી તાહરો આવશે, ભાગીશું તારો ભ્રમ. પાંચમે દિવસ પરવરો, ધોળા ધારયા વસ્ત્ર કટાર એક કરમાં ગ્રહો, આભુષણ એ અસ્ત્ર, નિચ નમેરી નણંદીએ, ઝંખુ જાણીએ વૃત. બેડો બાંધુ સેજપર તેનાએ દીઠા તરત પાગી નાખી એક પરેમદા. દીધી ગાળ પચાસ ચાર દહાડા મલ્યતુ નથી જીવ્યાની આશ, ડાહયો બંધવ મુજ આવશે, સમ ખાઇ કહીશું સરવ; ફડાવશુ ડંડાવશુ. ઉતારૂ તારા ગરવ, છઠે દિવશે ઉલટો, છિટો વસ્ત્રની છાપ; ટીલાં ટપકાં કરી નિસરયો, એકાંત જોઈ તે આપ, જેઠાણી એક દરેક ધમી, ધરમ હિણ તે ધીર; ઉભો રહયો તે ઓરડે, દઇવ સરખો દીઠ, ફટરે ભુંડી પાપણી બાળ તાહરો અવતાર, એ કોણ માટી છે તાહરો, ભુવન નથી ભરતાર. બે.જ્યું નામ તેં તાતનું સસરાનું ખોયું નૈર; તારૂં ટોલ તેં ખોઇયું, બાળ તાહરૂ શરીર, કાળેલુ નાંખ્યું કંદમુ. ડાહપણ તાહરૂ દટ, સહુ જાણતું સલક્ષણા, તે સરવે ઉઠી વાટ, બાળ શણુગાર ને શાણપણ, બાળ વપુને વેશ; કાલે કહીશુ તાગ કંથને ત્યાં શો ઉતર દેશ ધાસાથ, તે સોંપશો કોને હાથ; સ.જ્જનાં આવી દરખ, પિતા તે વખીયાનુ વરખ શુકની વાત મનમાંહે વશી, હેત ઘણો તાણી દેઇ હશી; નિરમ બે.લ કહ્યા નારીએ, જરૂરપણે જાશું જારીએ રૂડી કરાવશુ જોખ, સારી શિક્ષા પામ્યા ગોખ; ફિર વિર તે ધીરજ ધરો, ચોકી ઘર કેરી કરો ભલે ભલે જાઓ જામની, કલોલ લોલ કરો કામની; રંગ રાગમાં રીઝે રમો. એવી શીખામણ દેઉ છું અમો. એ વાતે વિઘન છે ઘણાં. તાપ તેત્રીસ પરકારજ તણાં ચોર ચુગલ હાકયમ ચાડીયા, અદેખા લંપટ અતિ આટીયા, વસ્ત્ર આભુષણ લાભનું હેમ, સરવે જાળવજો કુશળ ખેમ; કદાચ કોઇ મળે વાટમાં. ચોર ચખાર ફરે ઘાટમાં. કદાચ કો દુખી દુશમન નડે, વિજાર વિદ્યા કરવી પડે; નાના નેસ્તીની નારીયે જીતી જશ લીધો જારીયે. અગાધ દુખ પડયુ તે ઘોર, સહુકારે સહુને કીધા ચોર; ચડયાં કલંક ઉતારી દીધ, કામ કારજુ કોડે કીધ. દોહરો—પગ ખેંચી રહી પરેમદા, નાનો નેસ્તી કોણ, નથી દીઠો નથી સાંભળ્યો, એનો સાંભળો ઓણ, કવણ તેની કામની, કવણ સાથે કરી પ્રીત, કવણ કાજ સંકટ પડ્યું, જીતો જશ કોણ રીત. દહાડી કરો છો તેમ કરો, એક અમારી અરજ; બેડી જ્યઇ કો ઉપરે, ઘણી સાંભળવા ગરજ. નાહિ તે ટાઢે પાણીએ, પેરયાં સિના વસ્ત્ર; પોપટે કહ્યું તેમ કરયુ, ધ્રુજે સઘળાં અસ્ત્ર. ચોપાઇ—નહાશુ ગુણવંતુ ગામ, અજીતસંગ નરપતનું નામ; રૂડુ ચલાવે તે તો રાજ, કરે પરમારથ કોટીક કાજ. શન વાત કરે નિરધાર, હિણુ ભુપ નહિ લગાર, ધરમવંત કહાવે એ ધીર, નામ તણુ એ વધારણુ નીર. નાનુ ગામ ભાગોળે નદી, કરો મેવ.સ બોલ્યા એ બદી; વસે વાસ વનુવે વાણિયો, જશ રૂડા જગત જાણિયો, વણજ કરે પોતે ગામમાં, ખબરદારી રાખે કામમાં, ઘણી લક્ષ્મી મસ્તાવટ ઘરસુત્ર, નાનો નાયક અતપિક પુત્ર કારભાર વેપાર તેહ, ગામ સહુને તે ઉપર નેહ; વેઆ તેના ઘરની વહુ

ગામ લોક વશ વરતે સહુ તે નવ જાયે કોની વાહી, આકળવંત છે અધિકાઈ; કામણીનો સહુ કાર, ભુપત સરખા માને ભાર. નદીપાર મહા મોટું મશાળ, ભુત ભુતાવળ કેરૂં સ્થાન; ભુવા ભુરડાં તે ઠામે ખળે. કારણ તેનું કે નવ કળે જોગી એક તે ઠામે વશે, મંત્ર જંત્ર તે ઠામે ધસે; તે કરે દોરા ચીઠીયો. કોઈ સધળાને તે નિઠીયો. નાની એક ગુફા દેરડી, જાળા ખાખર બહુ બોરડી, વડ પીંપળ ખેજડ શીમડી, ખાખર ખેલ લાયક લીંબડી, આંબા જાંબુ છે અતિ સાર, બીજાં ઝાડ છે અપરંપાર; સુખડ કેરા છે અતિ સેડ, જાઈ જુઈ કેતકીના છોડ ગુફા ગેવર જામ જેટલી, એક માણસ સુવે તેટલી, મોટા મશાણી તેનું નામ, માગી ખાયે આખું ગામ; કામણ ટુમણ મોહન મંત્ર, જાણે સરવ જોરાવર જંત્ર, મારણ મોહન ઉચ્ચાટન આપ, પોઢે તેનો પ્રતાપ; વશીકરણ વિદ્યાપર નેહ, હાથી સરખો છે દેહ, નિતે ગામમાં આવે જાય, માગીને મધુગરી ખાય; ગામ સહુને ગુણ સહુ ગમે, નોતરૂં દે તેને ઘેર જમે, વેળા બેઠી દાતણ ભાગવા, એટલે જોગી આવયો માગવા; લાલ અંચલો લુગી લાલ, વિભુત અંગે કલેર લાલ, ટેજ પુંજ આંખા અદભુત, સરૂપ સહામણુ ભંગડ ભુત; કાલા વાલા બોલે બોલ, તોહોપક્ષ તરતીબે તોલ. દોહરા—જોગીને જુવંતી કહે, પ્રણમુ તારે પાગ્ય; સમંત મારે નથી આવતુ. અદકી છે એ આગ્ય, કરામત હોય તો તમે કરો પામુ હું પુત્ર સપુત્ર માલ ખજાનો ઈધ સીધ, નથી ભોગવારી સત્ર. જે તું કહે તે હું કરૂં, માગે તે આપું આજ કદાચ વાત કોય જાણશે, તો લોપાશે લાજ, સાસુ સસરો ને ધણધણી જે કપરો મોટો મહેવશ કપરો ગામ ગરાંસીયો. કપરો પાડોશી પાસ. અટપટી વાત મહેવાસની; ન્યા અન્યા નહી દીશ; જાણે તો છેદે તરત, તારૂં કે મારૂં શીશ હશી બોલ્યો જોગટો લશી લશી લાધક લેખડ. વશી વશી વાત માનડા વીશે. કશી કથી દુખ નહી રેખ. ધશી ધશી વિદ્યા સાધશું. જશી જશી રેહે લખ લોક; કશી લંક ઉતારશું: સશી વદની તજ શોક. મશી મંત મારશું ખશી ખશી રેહેશે લાજ. શશી વશી વસુધા કરૂં, લોપે નહી કો લાજ. આઠમે દિવસે આવવું; કહે તે માંભળ કરણ; સંધ્યાની વેળા સમે દિવસ ઘટી રહે ત્રણ, સાધુ વિદ્યા બંધુ દોરડે રંધુ કુંને ખીર; કરૂં દુરીજન સહુ, સાજુ કરૂં શરીર; તારો દાવ જયારે પડે તારે તું કહેજે વાત; પહોર પહેલી ચેતવજે; ધણી મેટડું ઘાત. બીક ન રાખીશ શીખ દેઉ લેશ ન લોપે લાગ; માનવીનો કુણ આશરો વશ વરતે છે વાઘ, રાજા પ્રજા રઈયત સઉ મહિપત મેવાશી માન; બાંધી લેઉ દશે દશા. પકડાવું સઉને કાન, દસ હજાર ડમરૂ વાગીયા સુંદરીએ માન્યું સત; અકલ ઓછી છતી; માનની પાનિયે મત વિચારી નહી વાતો આગલે જોગીનો જાણ્યો જોગ, આળ પંપાળ તે તો થયું: કામની કેરા ભોગ.

છપો—ઓરત અકલહિણુ, પાનીએ બુધ પુરી; પ્રેમદા માંહે પાપ, સઉ શું વઢવેસૂરી. નારી નીચ સ્વભાવ, બુધહિણુ જશ જોડે; નીચ સંગાથે પ્રીત, ઉંચ સાથે સ્નેહ તોડે. ભુંડી બુધ કુડી કુમત, કુંડી વાગે દેશમાં; ઉંડી અકલ બુડી બહુ, વાટ ઉડાડે વેશમાં. ચોપાઈ—એનો વાત ત્યાંથી રહી, વળી નારીની થી ગત થઈ; ઉધવનો થયો એક બનાવ, નારીના વરને આવ્યો તાવ, થર થર ધ્રુજે તેની દેહ; નર નારીને અદકો નેહ, વખાણ કરે આદ્દવા વરણ. તેને સંધવા થઈ છે તરણ, વેદના કોડ વિંછીની કહું: પોઢી માથાકેરી પીડ, અતીશે દુખ પામે છે દેહ. ઘણું કષ્ટ ભોગવે તેહ, વઈદ બે ચારેક ગામે હતા; તેડી આવ્યા ઘેર જોતા છતાં: વઈદે તેની જોઈ નાડ, કહું એનો રોગજ કાડ. કરી પરિક્ષા તેને દેર, ઓસડ વેહડી કીધી પેર; કરીઆતુને જાજમો ખાય, કવાથ ઘણો પંચકનો પાય ઓસધીયો કરે નીરધાર, રોગ તો જય તેને ઠાર, એરંડીયું ને ખાટી છાશ, પીપરની બાકી રાખો પાસ;

વરસ બાવીસનો, પુરણ પુન્ય પ્રતાપ; દયા દાન ધ્યાન ધરમમાં, મારૂ ચતુર ચરીત્ર. કથા કીરતન કંઈ સાંભળે, ધારે સઘળા ધરમ; શીવ પુજા સાચવે, પુજે ... પાથ પીં ખુશી કરે, ખરો વેપારી એષ; સ્નેહ બાધા શહેરમાં, નહી મામાથુ મેલ, દંડ વીના તો દંડ શો, રોગ વીના શી નાડ; ટાઢ વિના તો તાપ શો. સુને ખેત શી વાડ. ગુણ હીણીને ગુણ કશા, ક્લેશ વીના શી રાડ; સામાનું ત્યાં ચાલે નહી. ઉજડ ગામે ધાડ. મનમાં; ધરવો તે મામાએ, ગુણ વખાણે ગામ; તહાં છાનો તેડુ અમો, કઈ મન ચીતર્યાં કામ. એકે દાવ પડે નહી, પ્રપંચ કરે બહુ પેર એક ઘડી સુની નહી; તણો ઘેરનો ઘેર સાસુ સસરો નણંદને, દીયર જેઠ લખ લોક; મુરખાદ કેમ સુખી થઉં, કોરા મારૂં ફોક, તણો તલાટી એકદન વેગને કહી વાત, મારે ગામ જાવું પડે. દીવસ પાંચ કે સાત. ખબરદાર રહેજો ખડકીએ ઉંબરામાં ઘડી એક, પુરૂષ ન દેશો પેસવા; ન્યાવટનો એક નેક, ચતુરાં તમે ચંચળ ઘણાં કંઈક ન રહે હાથ; સુને સુનુ રખે કરો, ન કરશો નેહ કો સાથ. માટીને મન મશકરી રૂહે નથી કાંઈ રીશ; નારને આગની ઉઠીઓ, કુટવા માંડયું શીશ ફટ ફટરે પાપીઆ, બોલે બુંડા બોલ; તારા અવગુણ દુજ હને; દુઃખમાં શો છે તોલ. દેખે કે કંઈ સાંભળે; કલંક કે પટ કે કુડ; એક ઘડી શીખીશામાં, મારી નાખજે મુંઢ દેખો ને સાંખો તમો ... ... લક્ષ કોડ તું તેદો ... બહુ ... ... એ તો વાત ઉહાં રહી ગુણવંત ચાલ્યો ગામ; વેજા મન વિચારયું કર મન ચીતર્યાં કામ. પતી પોતા ભરવા ગયો; કહું આનનીને કાજ; નામુ છે નવ વરસનું: લક્ષ્મીવર રાખે લાજ; વેજાં વોળાવી વળી; પરઠી મન સાથે પેર; સારા શુકન જોઈ સંચર્યાં; ગુણવંત ભાણેજ ઘેર. ભમતો બેઠો ભમતમાં; દીઠો મામીનો દેહ. ઉઠીને આદર કર્યો દુઃખ વુઠ્યા મેહ. સોનાના સુરજ ઉગીયા કોડ દીવાળી દીસ પરમેશ્વર પ્રસન્ન થયા આદ ઉમીયાઇશ. હેત પ્રીતની રીતશુ બહુ પધાર્યાં કેમ રાચુ ન કરો સુંદરી તો તો મારા સમ કામ કહો તે કાંઈ જોતા કહો વિવેક વાલો વેરી ચારે મને અંતરૂ મીત્ર બહુ એક. ચોપાઈ—મામી ભાણેજ બેઠાં એકાંત. ભાગી ન શકે મનની ભ્રાંત લાજ તણે સુંદરે પડી અણબોલી રહી એક ઘડી લાજે છે તો વણશે કાજ પાછી કેમ વળુ હું આજ, ઘણી જરૂરી મારે ગરજ એકાંત મળી છું કંઈએ રેજ. તે મામીએ જોડયા હાથ સ્નેહ કરી બોલી તે સાથ દેઉ તેવા સમ ખાઓ તમો. તારે અરજ કરશું અમો. આણ્યા તુલશી શાલીગ્રામ શકતી સહીત શીવજી ને શ્યામ. ઘણા સમના દીધા ઘાટ ઉપાડયો ચંડીનો પાઠ. રામ કૃષ્ણ વચમાં રાખીયા. સુરજ ચંદ્ર કીધા સાખીયા ઘણા ઘણા ઘતના દીપક કીધ. પરીયા કરોડનું કોલજ દીધ. અનેક સમ ખાધા છે ઘણા એકે વાત ન ગણી મણા વચને બાંધી લીધો તેજ. બેઠા ભકત ભાત્રીજ ભાણેજ. એકાંત વાત કરવા તે બકમાં અખંડ ધાર આંસુના પડયાં પેલી વાત થઇ જેટલી માંડી કહી સરવે તેટલી પેર આગે આ મારે તમો એટલી અરજ કરૂં છું અમો વારજ વેચાતુ લીજીએ. આગો તે અમો દાસીએ. સાચાનો બેલી ઇશ્વર આપ સાચી વાતને નવ બેસે પાપ. સાચા ઇશ્વર અવતાર સાચે નર કાપે કીરતાર. ગામ ગયો મામો તાહરો તારે દાવ પડયો માહરો. માટે જરૂર આવજો આજ કરજો મુજ સરીખુ કાજ. સાંભળતામાં ઉઠી ઝાળ. થયો કતોત સરીખો કાળ વચને બાંધી લીધો મુને તરૂણી એ ઘટે નહી તુને વચન જાય તો જાવા દેઉ એવડો ભાર માથે નવ લેઉ શામ દામ કર્યાં બહુ ભેદ. વેજાએ કહયા તહાં વેદ. અધીકો લોભ કર્યો કાચનો આપું ધરેણું શો પાંચનો; કરજો જગન વીપ્રપર વરણજો. પદમણી જોઈ નાર પરણજો. તેથી તારૂ

થશે કામ. વંશ વધુશે રહેશે નામ જર જાણે દીઠો જાહરે. ટાઢાઉ હેમ થયો તાહરે. આજ રાતે આવીશું અમો કહુ એક કયોજી તમો. કાંઇક પ્રતિજ્ઞા કર કામની જુંડી તેવની સહુ માનની. સાસુ સસરો તારો ધણી તેની બીક લાગે છે ઘણી સોળી લાલચી લટે રંડ. દેહીવાન તણા દંડ તેમાં કોઇ પડતું નહે જવાબ તુંજને દેવો પડે, હું તો પ્રાણ તણું વે ઢોર તેની હતયા તારે શીશ. નારી કહે સાંભળજ નાથ. કઠે વાળા ગેહુ હાથ જેઆસ સમ દીધા છે તુને તેથી સો ગણા છે બેને. લક્ષ ઘણા હું સાથે લેઉ પાંચ આવવા તુજને ન દેઉ. પવીત્ર નર પ્રીછીઓ પેર, ગુણવંતી આવી નીજ ઘેર કાઢી નાંખ્યો મનનો કાયદો. વીસ વસા કીધા વાયદો શાક પાક પુરણ પકવાન. સુખ શોભીત સાનમાન. વીવેક વીનતા ને વરતના ઘણા દીપક કીધા ધરતના એક ઘડી રાતે આવીયો ભાગ્યુજ ભામનીને ભાવીયો. જુગતેથી જમાડયો જન સોપીકું સરવે તન મન ધન. તાતા સુખ તાતા તંબોળ કરે એકઠા બે કલ્લોલ સુખ સાગર ઝીલે જેટલે કૌતક થયું તેટલે. હાસ્ય વીનોદ કરે છે વાત એટલે એક ઉતપાત અમરતમાં આવી ઝેર પડયું રૂડું કરતાં નરતુ નડયું દોહરા—તહો તલાટી જ્યાં ગયો, તેની માનની પામી મરત; ખબર સાંભળી વાટમાં, પાછો આવ્યો તરત. સાતમાણુસ સાથે હતાં, ચાકર રેહુંના ટેલ; પોહોર ગને આવ્યા પુર વિશે, ચલાવ્યાને વેહેલ સહુ સહુને મંદીર ગયા તલો આવીયો ત્યાંહે; દીપક બળે છે દસદિશે, રાજ રંગ છે માંહે. ધણાક વાગ્યા ઘુઘરા. નારી સાંભળ્યા નેટ ફરમાણા તે કામની, પડયો ધ્રાસકો પેટ કયાં જાઉં હવે કયાં રહું, કોને કહું એ વાત; સુળા દેવરાવે શેઠીયો, અદકો થયો ઉતપાત. તલે દીઠુ તરતીબશું, આજુબાજુથી આજ; બહાદુર બેઠો છે બારણે, લોપી મારી લાજ. બળદ કેડામાં બાંધીયા, તલે તે વેળા તરત; ભામની પેસા ભગતનું, માથે આવ્યું મરત પુજય કહે સુણ પાપણી, શું છે તુજમાં જોર; મારી નાંખે મુજને, ચતુર નર કીધો ચોર. કાટે નેઠી આણીયો, કરી વિશ્વાસે ઘાત; તે તું ભોગવજે તાહરૂં, તેં અધિક કરયો ઉતપાત. એમ કહી તે ઉઠીયો, કર ઝાલ્યો કટાર; પેટ મારવા માંડીયો, અદકુ રૂપ અપાર પોપટ કહે પ્રભાવતી, પ્રીછો એહની પેર; જાર હવે કેમ જીવશે, કેમ ગુણવંત રહેશે ઘેર. સતી થશે કેમ સુંદરી, પતિ પ્રભુને કેમ પાગ; દવ લાગ્યો છે ગોકમાં, તે ઓલવશે કેમ આગ. અતિ દુખતે અરણુંવ પડયા, માથે આવ્યું મરત; તે વેળા તેના ઘડી, તરી નિરખી તરત વરસાદ વરસ્યો છે જેરનો, તે અમરત કેમ થાય; માટી આવ્યો મારવા, જખ મારી કેમ જાય. ચડયાં કલંક કેમ ઉતરે, મુવા જીવશે કેમ; જાણો ને જો કહો નહી, તો શુક કહે મારા સમ. વિજારવિદ્યા તમે ભણ્યા ભણી વ્યાકરણ વેદ; ઉગરે કેમ એ આંચથી, ભાગો તેનો ભેદ. પાગે લાગી પ્રભાવતી, ઘણી વાતની ગુજ; મનસા વાચા કરમમાં, સ્વપ્ના માંહે નહી સુજ. એ સંદેહ ભાગ ઉતાવળો, કહું કર જોડી કેણ; જીવ્યા ભગત ને ભામની, વદો વદનથી વેણ. શુક કહે સાંભળ સુંદરી, કથન સંભળાવું કરણ; પાંચ પ્રાહુણા દેખને, ચતુર લાગી ચરણ; પક્ષી કહેરે પદમણી, રહો આજુની રાત; સારી પેરે શિખવું, વિવેક વિચારી વાત. ધીર વીર તું માહરો, ઉગરી કેમ આય; તું કહે તો જવું નહી, પુરણ દહાડા પાંચ.

ચોપાઈ—શુક કહે છે વનિતાને વાત, વેળાએ દીઠો ઉતપાત; ઘરમાં આવે ભાગે ઘણી, હવા બેસે બાજુએ તણી. નિંદા કરશે આખું ગામ, હિંમત રાખે સરશે કામ; કરમાણી કટારી બેઠી લીધ, હસ હજારેક શિક્ષા દીધ. જખ મારે આમો તાહરો, [illegible] તમસો તું માહરો; જખ મારી એ નાસી જશે, કુશળ કલ્યાણ આપણને થશે. કમાડ ઉઘાડી આવી બહાર, [illegible] પાસે ઉભી રહી નાર; રોમા રોમ કરંતે રીસ, દુખ આપ્યા છે દશવીસ. [illegible]

આ દીશ; રેહું પડશે હવણાં શીશ. તારા સુપરા અવગુણ સુણી, છાની આવી તુજ ભણી. ધારાળા ને ધાવડધીંગ, એ કૈહે મોટીનું સાંગ; તશે કહે અચરત ઉણ, મુજને મારનારોછે કુણ. વિચાર મન અન્યાઇ આપ, તારો ખનેરી તારો બાપ; ગજે ગરાશિઆ એહનું નામ, જેથી ધ્રુજે બધું ગામ. પ્રીછી પાપી મુજ પાપનું, જેણે છેદ્યુ મુસ્તક બાપનું; આવ્યો છે કરગા રીશ; છેદી નાંખશે તારૂં શીશ. ઘર ખાળતો તો મારતો મુને, તે કેમ જીવતો મુકે તને; કાલાવાલા કરી લાગી પાય, એ બેસારયો આપી જાય. ધણી ગયોછે મારો ગામ, હું અખળા તમારે નામ; પાયા પતાસાં ટાઢો કરયો, ખોળા બાંધ્યો ખાળે ભરયો. તારી ટેવ જાણું છું હું, એની રાંડ સાથે ખાય છે તું; હવડાં નાસોને તમો, એ કહેશે તે કરશું અમો. આપ્યુ ઘરેણું ધણી લાંચ નહિ આવવા દેઉં તુજને આંચ; પોતાના લક્ષણ ગુંઝીયો, થરથર તેતો ધ્રુજીયો. પ્રાણ પોતાપાથી ગયું, પેશાબ પાગરણ માંહે થયું; ઉભો હતો તે હેઠે પડયો, તાવ ચોથીયો તેને ચઢયો. ઉઠાડીને ધીરજ દીધ, આસના વાસના અતી કીધ; એ મરશે તો માઠું થાય, જરૂર જીવ એ એનો જાય. નર વચન કહ્યું નારીએ ઘરમાં આવ્યો શઠ બારીએ; પછીત આપણી એછે વાત, પોઢો ઓરડે ઢળી ખાટ. જ્યારે વચન ભામનીએ ભણ્યા, એણે તો અંગીકાર ગણ્યા; પંચર કરયો એ વીપરીત વાત, ગોદડા ગોદડાં તેણે સાત. માનની આવી મંદીર માંહ નણુ ઓરડે દીધું તાંહ વિનાર કિધા માંડી વાત, તું રાખ્યો માહરો બાત. અમે અપરાધી તારા રાંક, ધણીનો મુજને મુકશો વાંક; તારે પોતે મેહલું શીશ, મારે કે મુકો આ દીશ, ચતુરા કહે છે લાગુંછું ચરણ, કંથ સરવે સાંભળે કરણ; કોડચાર કહું શું કથી, મોટી મારો ઘરમાં નથી. શીદ તાણુ ભાગો છો તમો, જીરુ તો નવ બોલું અમો; કાલાવાલા કામની કરે, ભામની આંસુ આંખે ભરે. આભુષણ સારા લીજીએ, જીવતદાન અમને દીજીએ; રળીયા બોલી બોલે બોલ, તસતાણું કીતારયું તોલ હવે રૂદયમાં રાખો રીમ, તો તમ વચમાં ઊગીયા રીશ વેદ તણી વધારે વાત, આપણ બે વચમાં આંખા માત વનીતાએ કુંળું કહયું વરત, તરવાર દેહમાં મુકી તરત; ઉપાયો એતો મન આઓ. જોમ કરતાં મંદિર જાઓ, થરાળાનું વચનજ ચગે; વાહો હાથ બે મારે ગળે, વિજાર વિદ્યાની કીધી વગત; ભામનીયે કાઢી મુકયો ભકુટી. તણુ ઉઘાડયું તેણે તરત, મોટીનું ઉગારયું પ્રત. કામની ચરિત્ર કળે કો કથી, તેમાં કોઇએ સાચું નથી; છળભેદ કરયું છાનીયું, મોટીએ સરવે માનીયું. ધર્મહીણા તું સાંભળ ધણી, તારે ટેવ છે ભૂંડી ઘણી; તારો હું રાખું છું ભાર, આ ઘરસુત્ર ને બાર, દાડી કેટલો અવગુણ સહુ. છેલો ગુણ તુજને કહું, હું વાચા સત વાચા કહું; હવડાં કુપ પડીને મરૂં, મારૂં આભુષણ સરવે દીધ રાંડ રાંડથી ભૂંડી કીધ, તારે આવરદાએ જીવ્યા તમો, કેટલી ચોરી કરીએ અમો; લાજ મરજાદ સરવે વિસરી, નીશા સમે નારી નીસરી. કુપે રૂડી અકલ અનુપ, કામની કહે છે પડુ કુપ.

દોહરા—પાગ પડગો પોતે પતી, તરૂણીની આગળ તાંહ; કર જોડીને કરગરયો, તેડી મંદીર માંહ. રીઝવી તે મે રાજવી, મોટી કહે મેં માન; કામની તમે જે કરગરયાં, તે મેં સાંભળ્યુ કાન. ઘરેણું આપ્યુ ઘણું સમાવ્યો તેનો શોક; ઘર બાળત મારત મુને, હસત ગામના લોક. લેપત લાજ એ આપણી, ઊગ્યું જેને ઝેર; તું રહે તો સાચુ કહું, મુજ ઉપર જે વેર હુ એ જે મંદીર ગયો, પરભાતે પ્રભાત; ઘર માંહે હતી એકલી, એની જુવતી જાત; કર પડયો તો તાહરો, આંખા આપ્યા દિશ. એટલે એ તો આવિયો, રૂદે હરયો તે રીશ; હું તે વેળા ઝાંખો થયો, ટાળી એની જાત. આંખો કરી એને ખરો, ભુડાપણાનો ભાત. એ કામની કેરો કાંકરો, ચતુર આગળ છે ચોર; તાતી તરવાર છે આપણે, પેર અંધારૂં ઘોર.

તેં મોત ઉગારીશું મારૂં, વારૂ કીધી વાત; મરેલું તમે ઘડાવજો, થશે રૂપવંતા આણે સાત. આજ ગુન્હો બક્ષશો મુને, ક્ષમા કરો મુજ વાંક; પ્રતિજ્ઞા કરૂં પાંચસે રાખ તારો રંક. ફરી એવી નહી સંચરૂ, અવર કામે આપ; અીહત્યા તે જીવ છે, પ્રલે કાળનું પાપ. ચોપાઇ—અરસપરસ કરી બહુ પ્રીત, નર નારીની રૂડી રીત; ખાધુ પીધુ ખુશી કરી, સંતોષી શેઠને સુંદરી. વીસારે મુકી તે વાત, પુન્ય કાળ થયો પ્રભાત; ઘણાંક આભૂષણ ઘડયાં, રતન અમૂલખ હીરે જડયાં. તરૂણી કેરૂં વાધ્યું તેજ, ભાત કરી તેડયો આસેજ; વશ કરી પોતાનો પતિ, સજ્જન માંહે કહેવાણી સતી.

દોહરા—અવળાનું સવળુ કરયું, જુઠાનું સાચ્ય; કરયું મુવાનું જીવતું, વેદ વિચારી વાચ. તરણાનો મેરૂ કરયો, કરયું મેરૂનું તરણું; સુરતક છેદન માટીઓ, તેહ દાચાડો ચરણ. શામળ કહે એસો સહુ, જય જય શ્રી રણછોડ. ૨૨૨

વારતા ૬૭ મી.

દોહરા—શ્રી શીવસુત ગણપતિ, ગુણનિધી ગુણ ભંડાર; મુશીક વાહન મહાપતો, મોદીક અમૃત અહાર. શોભે સેંતત્રા સિંદુરે, સુત મુખ બે ઓ સાંગ; લાખલાખ પુત્ર પરિવાર શુભ, એક દંત ઉજાગ આગ. કદાચ કોઇ સંકટ પડે, તો કરજો કહું તે કામ; શીવા સુતારની સુંદરી, નાનિ તેનું નામ. છુડીતી બાથા દ્રોહમાં, માથે હુકકતું ગરત; તે વણ પામે મેડી ચડી, તરી નિકળી તરત. પાણી વિના પાતક ઓળગ્યો, જંપાવા નાખી જળ; જમદુત રહ્યા જય મારતા, કાઢી નાંખ્યો કાળ. મોકમ આવ્યાતા મારતા, તેહ રાખ્યા અણી હેત; ગુનેગાર ગાદી કરવા, ફોગટ થતા ફજેત. પગ ખેંચી રહી પ્રેમદા, અગ્યન સંભળી ઓણ; નાનાનામ નારી કવણ, શીવો સુતાર તે કુણ. શું તેને સંકટ પડયું, શો ખાર શો ખેદ; શામટે મરતી હતી ભાગો તેનો ભેદ. કેણ આવ્યું મારવા, કેમ ઓળવાણી આગ. ઓગણીએ કેણ ઉગરીયું, કોણ પડાવ્યો પાગ; શુક કહે સાંભળ સુંદરી, એક અમારી અરજ. હાડી કરો છો તેમ કરો, જો સાંભળવાની હોય ગરજ. ત્રિને વસ્ત્રે છો પરે, આપ બેઠી એકાંત; શુક કહે વારૂ વારતા, ભાગવા મનની ભ્રાંત. ચોપાઇ—ચડોતર માંહે ચુણેલુ ગામ, નીધાસંગ નરપતનું નામ; વરણ અઢાર વસે છે વાસ, તેજ પુંજ પુરણ પ્રકાશ. સપના માંહે કોને નહી શોક, લાડ કરે છે સરવે લોક; શીવો સુતાર ત્યાં વાસો વસે, મહિમા તેનો મોટો મસમશે. તાલેવંત તરતીબે તોલ, આખુ ગામ માને તે બોલ. કારીગરમાં કોડામણો, સુતાર જાત પણ સોહામણો. પુતળી ઘાટ ઘડે પ્રપંચ, દોરી સંચારી જાણે સંચ; હળ બીજાં ગાડાં ને વેહેલ; એ વિદ્યા તો સહુને સેહેલ, વરણાગણી ઘેર નાનાં વહુ. સ્નેહ કરે સહોદર સહુ, રૂપવંતી ગુણવંતી ઘણી, વશ વરતે પોતાનો ધણી. દેવાંશી સરખી છે દેહ, સુખ સાગરમાં જીલે તેહ; કાળી કાળી સહુકો કહે, કર જોડી સહુ રાજી રહે. ચોપાઇ—ટેક અહંકાર તરૂણીતણો, તેથી તેના સ્વામિને ઘણો; દિયર જેઠ ને સાસુ સરવ, ઘણોક તે ધું રાખે ગરવ. વસે એકઠાં સહુકો વાસ, જુવાર જુવાર ઘર પાડોશી પાસ; બીજી કુળીમાં પીયર પ્રીત, તેને ઘેર પણ રૂડીરીત. ભારથ જીતે એવા ભાઇ, ભાગ્યશાળી ચારે ભોજાઇ; પીયર પનોતી પુરણ પુન્ય, નિમેષમાત્ર મળે નહી ન્યુન્ય. લક્ષણ રૂડે લાડકવાઇ, દલ સાચે ડહાપણમાં ડાહી. ચોપાઇ—પીયર સાસરા માંહે જોર, તે ત્રિયા રાખે બહુ તોર; સાસરીયા દેખીને બળે, એક વાંક તેનો નવ મળે. મેહ વિના ધુણે શું મોર, નાગાને શું લુટે ચોર; રોગ વિના શું જોશે નાડ, ભુખે માગે શું

કરે ધાડ. જર વિના જોખ શી જોગવે, રાંડી વધાભર શા ભોગવે; નપુંસક નારી શું કરે, ઉર ભોમ શું ચોપા ચરે. નગ્નને ઘેર ધોબી શું ધુવે, તસ્કરની માડી શું રૂએ; વહુનો કાંઇ જડે નહી વાંક, એકે અવગુણ જડે નહી આંક. તે ગામે સાચો ન્યાય તોલાએ, જુઠા ચાડી જો નવ ખાએ; કો કોની નવ લોપે લાજ, કરે નહિ કો કુડાં કાજ. અપટ અન્યાય કો ચોરી કીએ, સો વશાએ શુળી દીએ. ન માને શીપારસ નવ માને લાંચ, શુળીથી નહી અટકી આંચ. બાધુ ગામ મનમાંહે બીએ, અનગળ પાણી કો નવ પીએ; તે ગામે નંદો નાયકો, ભાલો પાત્ર લક્ષણ લાયકો. સોળ વરસનો સુંદર રૂપ, માને ભાર ભલેરા ભુપ; ઓછવ કરે પોતે રીત, પરિગ્રહ ઉપર બહુ પ્રીત. રૂદે રોશ નહી કાંએ રૂઠ, સપના માંહે ન બોલે જુઠ; તેનો ગુણ સહુકોને ગમે, નરપત સરખા નીતે નમે. ઘરડાં તેના મા ને બાપ, એક પુત્ર અધીપત આપ; નવ વરસની નાની વહુ, સોએક સગાં સહોદર સહુ સપુત પુત્ર પોતે કહેવાએ, રળે ઓછલો સરવે ખાએ; પરનારી સામુ નવ જોય, નિતે નિંદા ન કરે કોય. દોહરા—એક દિવસ ઓછવ કરે, રાસ મંડળનું રૂપ; જગત બાધુ જુવે તીહાં, અકલવંત અનુપ. નાના સુતારણ સુંદરી, જોવા આવી તાંહે; ગાન તાન ને રાગ રંગ, વસી ગયુ મન માંહે. ગુણવંતીને ગુણ જડે, મોહનું વાગ્યું બાણ; કામ વશ થઇ કામની, પરવશ પડીયો પ્રાણ. સાગ ગણ સુખડા તણો, તે તો નાંખી દીધ; ચંચળ ગુણ ભુંડી ચારણી, લક્ષણાએ લીધ. ભાન ભમર ભૂલી ગઇ, સુની ઉના દશાનો ભાવ; અહંગમ પરો તે લીઓ, નીજે દુખ દાવ. એક રાત ઓછવ કર્યો, પુન્ય પ્રભાતે પેર; જે જેનાર સહુ બોલતા, ગયા સહુ સહુને ઘેર. પરવશ પડી તે પ્રેમદા, સુજે નહિ ઘરનું કામ; રામા રઘવાઇ ફરે, ઠરે નહિ એકે ઠામ. કોને વાત કહી નવ શકે, આકુળ વ્યાકુળ થાય; નિમેશ આંખ નિંદ્રા નહિ, અન્ન પાણી નવ ખાય. મરવા સરખી થઇ માનની, કંઇ જાણે શો રોગ; કે કાંઇ ચેટક થયું, કે કર્મનો ભોગ. છપો—પરવશ જેનો પ્રાણ, નિંદ્રા નઆવે નેણે; પરવશ જેનો પ્રાણ, વીપરીત બોલાએ વેણે; પરવશ જેનો પ્રાણ સતની વાત ન સુજે, પરવશ જેનો પ્રાણ પ્રભુ પ્રીતે નવ પુજે. પરવશ પ્રાણ જેનો પડયો, ચીતભરમની પેરે ચીંતા કરે શામળ સુખ સ્વપ્ને નહી, આયુશ પુરવા વીણ નવ મરે. ચોપાઇ—કામી વીચાર મનમાંહે કરે, હિમત મેલે તો નવ સરે. કરૂ ઉપાય પુરણ પેર એક દીવસ તેડાવું ઘેર. ગામ ગંદરે દેરૂ એક, વઇજનાથ શિવ વેદ વિવેક હનુમંત હઠીલો ગુણવંત મેલ, તેને સમરપે સહુકો તેલ મન ઇચ્છા મન માંહે મળે, સાધટ જનને સફળ ફરે; નાના દરશન તે જાએ નીતે ચાહે વાત મનમાની ચીતે જેને જેવી હોય જંખના તે પામે એવી ધંખના. કામનીને મન કુડ જ કથી, નાયક તો ઓળખતો નથી, એક દીવસ કોને મળ્યો તરૂણીનો તો સંદેહ ટળ્યો, હેતે પકડયો તેનો હાથ; સ્નેહ કરી બોલી તે સાથ, અમરત જેવાં બોલી વેણ નીરમળ દો દેખાડયા નેણ; આજ કામ મારે માહરૂ; શીવને જળ સોંપે માહરૂ, કુડ કપટ બાલ નવ લહે; ભાવો લાવો મુખેથી કહે; નીરજનને સમરપુ નીર, ધરમ વાત ધારી મન ધીર. દેશ બાર જાએ જેટલે, કામનીએ કર ઝાલ્યો તે હલે. આજે એક કરૂં છું અરજ, પણી જરૂર મારે છે ગરજ પુજવા છે ઉમીયા પત ઇશ વીશ વીશાએ હાડ વંશ, કરજોડી કહું છું અમો, શીવને નીર સમરપો તમો સીધા બે ને પરંશા સાત, હો મહારાજ વનીતા કહે વાત. શીવ કામ છે નાવો કયમ, અરજ કરો તો મારા સમ કુડ કપટ જાણ્યો કાયદો, નીતે રૂપ્યાન તણો વાયદો. ભલો જન ભરમ ભિક્ષા જાણે ભાલો બીક કોની નવ ગણે. છપો—લોભે રંડ કહેવાયે, લોભે વણ મોતે મરે, લોભે પુન્ય પલાય, લોભે ધરમ ન ધારે, લોભે દંડ દીવાન, લોભે હજાવે લોડે, લોભ મટાવે માન

લાભથી પાખાણુ ખોડે. લોભે લાજ રહે પરી, લોભ ત્યાં સંકટ શુળ છે; શામળ કહે સંસારમાં લોભ પાપનું મુળ છે. ચોપાઇ—ચતુરાને તે ચીતે ચડયો, ભાગે લોભ સમુદરે પડયો એમાં તે મારૂં શું જશે, સીવ પુજન સવારે થશે, કો દન ચોખા કો દન ઘરત, ભાવે ગોળ ધઉં તે તરત, કો દન ખરચો કો દન એક, વીનત્તા આપે કરી વીવેક. પડુ પાવ પામરી કે કણો, ગોરડી લોભ દેખાડે ઘણો; આપો તે આપો સરવનો, સંસાર સરવ ધારક ધરવનો સાસુ સસરો મન ધરે, કામની શીવની પુજા કરે. એથી એનો રોગજ જશે, શીવ શેવાથી સારૂ થશે. શીવ શેવતાં થયા દન સાત. વળતી વીનતાએ માંડી વાત. હાવ ભાવ કટાક્ષ જ કીધ, તન મન ધન ચીત ચોરી લીધ. મુરકી નાખી ઘેલા કરયો, ભોળો જન તે કામે ભરયો, જીતે કુણ માયાના જન, માનનીએ તેનું લીધુ મન. છપ્પો—અધીપત અહમો ઇંદ્ર, ગયો ગઉતમને ઘેરે; ચાતુર નર જે ચંદ ભોગવી પામશુ ભેરે. પારાસુર પુન્યવંત, તેણે મછગંધા માણી, શીવ સરખો સમરથ, ભોળવાણો ભીલી રાણી; એવા તો કંઇ કોટીધા, માનનીએ છલા કથી, જાળમાં નાંખ્યા જુવતીએ, નીકળે એવા કો નર નથી.

ચોપાઇ—કામનીએ તેને વશ કરયો, હોડ કાડથી હંસજ હરયો; માનનીએ દીધાં બહુ માન આપ તું મુજને જીવતદાન, એક દીવસ ચાલો મુજ ઘેર, પ્રીત દેખાડુ રૂડી પેર રીઝ થકી રમાડુ રાત, તું જાજે મંદીર પરભાત. મોરો આપું પંદર ને પાંચ, આવતા ન હઉં ઉની આંચ જોતાં દાવ જડે જાહરે, તેડવા આવું તાહરે. વેર કરે તે સાચ વડુ. તારે માટે હું શુળી ચડુ: અરસપરસ સમ ખાધા ઘણાં પ્રતીગ્નામાં નવ રાખી મણા કો કોને દગો દીજીએ, લક્ષ હત્યા માથે લીજીએ. બોલ્યું અબોલુ કરશે આપ તેને બ્રહ્મહત્યાદીક પાપ. ઘણો વિચાર કરી આવ્યા ઘેર, પછે પરઠી શી એની પેર. દોહરા—એક દીવસ સુતારને, જાવું પડયું ગુણુ ગામ; રથ ઘડવો રાજવી. ઠરાવ કરયો તે ઠામ. બે સાથે તેડયા બંધવા, ત્રીજો પોતાને તાત, શીવે સરવ માંડી કહી વનીતા આગળ વાત. રથ ઘડવો રાજા તણો, દીવસ થશે દસ બાર, સાચવજો પર સુંદરી ભલો છે ઘરનો ભાર. નીમેશ માત્ર રખે નીકળો, ઘર મેલીને ઘેર ચાડીયા કલંક ચઢાવશે, કે ચેતી લેશે ચોર. ગળગળી થઇ તે ગોરડી, આંખે આંસુ પાર કથ વીના જે કામની ધીક તેનો અવતાર, કાલાવાલા કોટીધા. કહ્યા કંથને કેણુ અમરતથી મીઠાં અધીક, વર્યાં વિનતાએ વેણુ ચાલ્યા ચારે ચતુર નર; ત્રણુ પુત્ર એક તંત્ર મંદીર માંહે શું નીપન્યુ, વિસ્તારી કહું વાત. છપ્પો—નારી નીચ સ્વભાવ આગલી દાસ ન ભાળે; નારી નીચ સ્વભાવ, વણુ વાંકે દવ બાળે નારી નીચ સ્વભાવ, વણુ બોલાવી બોલે, નારી નીચ સ્વભાવ પ્રીત પટંતર ખોલે. નીચ સ્વભાવ નારી તણો સેહેજે મારગ દે શ્રાપના લાલચ લોભ લક્ષણુ બોળે બોહોતેર બાપના. દોહરા—શીવો ગામે સંચર્યો સસરા જેઠ સમેત નાનીના વાયક ઉપર, હઇડે હારત હેત. તરત ગઇ તહાં તેડવા, ભાગી સઘળી ભેલ દાવ બન્યો આપણો, મળીશું રાતે મેલ, સંચરજો સંજા સમે, કંચ ન જાણે કાય. મંદીર આવજો માહરે, હરી કરે તે હોય, સારી પેરે સેવા કરૂં. લાખ લડાવું લાડ, પ્રીત ધરી પધારજો પુરણુ માનું પાડ. ભરથ ચરથ ને લુગડાં, અધીક સત્ચી છે આય; કથી કહ્યું છે માહરે, હેતે આપુ હાથ. નાયક કહે કરૂં નહી. મરણુ એવું કામ. કપુત કહેવાઉં કુળ વિષે. નહી બોળુ બાપનું નામ. સચારમાં દે શુળીએ, લાભ એમાં શો લેડ. ખાધુ પીધુ તાહરૂં. કહે તો પાછુ દેઉં. ચોપાઇ—તું દે તેવા ખાઉં સમ. કુડાં કપટી નાવે કામ. વિશ્વાસે કરે ઘાત વખવાદ તણી વધારે વાત. લુણુ હરામ કરે જન જેહ. દમે રાત સાસુની દેહ મુત પોતાની લાજ લોપ. કરે ઘેન ખાહાખુપર કોપ. અગાઉ જક્ષ આપીમાં પીવે. માસ ભળતાં ભન નવ

આવે, આગે ગોચર આગે ગામ. લુટે જતી સતીને દામ, મળતાં આગે વેવીશાળ, મારે મેં કો રમતાં બાળ પુરેરે નવાણું નેકાવે નીર, લીએ દાન તરવેણી તીર. એવાં પાપ તે આવે શરૂ. આંચ આવવા તુજને દેઉ. વિનીતાએ બોલ કહયો તે વસો, હેત હરખ ઘણુંથી હસ્યો ઘડી એક રાત જાને આનરશું સરીંગ પાન કોફળ લાવશું. કરી વાયદો વર્નતા થકી, સંબ સમાની વેળા થઇ આવી વખ દેખીને લહયો ગુણવંતીને મંદીર ગયો; ગુણવંતો તે બાળો વેશ સવા ગજ શીર છુટા છે કેશ. વીંધ્યું નાકને સુંદર રૂપ, ભાગ્યશાળી ભારે ગુણ ભુપ. રૂપે રંગ રેખ, જમે રમે બે કર જોખ. છપ્પો—ગરીબ પામે જો ગરથ ખરચ એકે નવ સુઝે ગરીબ થાય જો સીધ, પ્રીતથી કોય ન પુજે. ગરીબ જમાઉ ગામ, નામ લેતાં નરે, ગરીબ પુજે કો દેવ વિશ્વાસ થકી નવ રધે, ગરીબ માણસમાં ગુણ ઘણા, જશ સહિત નવ ભોગવે રતન જડે જો રાંકને, ભાત થકી નવ ભોગવે.

ચોપાઈ—જોખ માંહે છુલે જેટલે, કઉતક થયું એક તેટલે. દિયર જેઠ સસરો ને કંથ પરવરયા પોતે ગથ દરયો નહી ઘેર તેને કઠ, કાંઇ મળે નહીં ઘરમાં કાટ. કાંઇ નથી વનમાં કાયદો, વીસ દિવસનો કરયો વાયદો. તતક્ષણ ચારે પાછા વળ્યા, વેગે ગામ પોતાને ગયા. દોહરા—ચાર ઘડી રાત ચાર જણ. ઠોકી સાંકળ તરત, પડયો ધાશકો પેટમાં માનની કહે આવ્યું મરત. બીહીકમાં તુ બાળકા જારણ દીધી ધાર ચરણો ચોળી સુદડી, ચતુરાં પેર તું ચીર. હસતી રમતી હેતથી, તરત ઉઘાડયાં બાર ભલે ભલે તમ આવીયા. મારા પ્રાણ આધાર, ઘુંઘટ તાણી ઘરમાં રહી, લક્ષધા કીધી લાજ. કોની વહુ કોની દિકરી. શું આપણ સાથે કાજ. ચોપાઇ—ગુણવંતા તમે તો ગામજ ગયા, ઉચાટ અદકા અમને થયા; ખાવું પીવું કે રાંધવું, અમે નહી કો સેવા સાધવુ. ન ગમે ઘરમાં ન ગમે બહાર. ન ગમે વાલુ કે નર નાર; રોવાઇ જવાય ને નવ બોલાય. એ દુખ કો આગળ બોલાય, હું મારી માના પાસે ગઇ. ખબર તમારી સરવે કહી: એમને આવતાં દાડા થશે. તાર પેહેલો જીવજ જશે. લક્ષ પ્રકારે વિચારી લીધ, એકલાં ઘરમાં લાગે બીક; મુજને આપ જાણી એકલી; ભાભીને સુવા મોકલી. ખાવા પીવા સરવે ગયાં, દસોઇ કેરી પણ નવ જમયાં, વળુ કરીએ સહુ, સબ દે છે સસરાને વહુ ધોયા પાગને ધોયા હાથ. જમવા બેઠા રહુકા સાથ. પાતળી કોકિ છે પોળીઓ, ઘણાં રસ આબા ઘોળીઓ, સંતોખણા ચારે જણા, ભોજનમાં નવ રાખી મણા ત્રણે મંદિર પોતાને ગયા, ઘર ધણી પોતે ઘરમાં રહ્યા નણંદ ભોજાઇ એકઠાં જમે, ગુણ- વંતા પુરૂષને ગમે; બાર વચે સુતો બળવંત, નિંદ્રા આવી અધીક અનંત. પાસે પાસે બે ઢાળયા ખાટ. વચમાં જાવાની છે વાટ, નણદ ભોજઇ સુતાં જુજવાં. શાશાં કઉતક તે વેળા હવાં. દોહરા—પોપટ કહે પ્રભાવતી. ચતુરાં થઇ મન ચોર; ધિગ સરેખો ઘરમાં ધણિ, રાત અંધારી ઘેર. પ્રભાત થશે એક પહોરમાં, પ્રીછવશે કેમ પેર; કેમ માટી એનો માનશે, જુવતી જાશે ઘેર શુળી દે સતારમાં કોડ વર્ષાએ કોલ, આવ્યો તે કેમ ઉગરે, ભા- મની કહે તે ભાલ. વત સુને કાંઇ નત ઉટવે, બિખચ વિજારી વેદ, પાગ લાગુ હું પ્રણમું આપો ભારે ભેદ. આજ રાત જાઓ નહી, તો કહુ વિસ્તારી વાત. આટિ છે એ અટપટિ લાલી શીખવું ભાત. રોલ દિધો તે કામની સત પ્રકાર સાંચ. કેહે હું જાણું નહી, પુરણ દ દહાડા પાંચ. ચોપાઇ—ભોજાઇ સુતીતી જ્યાં, તરૂણી પોતે પેઠી તહાં અરસપરસ સુતાં જે ટલે કઉતક એક થયું તેટલે. પાણી પીવા પેઉ ઉઠીઓ, રૂડો રામ તેનો રૂઠીઓ; અંધારૂ તેણે અંધડાયો પાર પલંગ ઉપર જઇ પડયો, રામાને ચડી જ [illegible] રસ, આવ્યા હોંસા તહાં દશ વીસ જીભે સ્વર કરીને રોઇ, પરપુરૂષ આવ્યો નહીં કોઇ. આવ્યો તે નાશી ગયો, પલંગ પોતાને બેસી રહયો;

માનનીએ વિચાર્યું મન, વાણુ વાશે ફગતા ઘન બાંને મારે આ મો મુળીએ, નાયકને દેશે શુળીએ; વહાણું હવડાં વહી જશે, અરે ઈશ્વર શું થશે. મજત આગર જશે લાજ, કામની કહે શુરુ એકજ કાજ; નારીને નાયક બાળશે, જુઠું ચરિત્ર કોઈક ચાલશે. હસશે બધા ગામના લોક, મુખી દેશે તે મોટો શોક; રોશે એના માને બાપ, એ તો વેદ પુરાણે છાપ. વનિતા કહે કાંઈ કર વિવેક, ખી ચરિત્ર રમાડું એક. દોહરા—નિશા નવ તોલ તણી, વનિતાએ ઉપાડી વરત. રામ રામ મુખથી કહ્યું, ટાંકામાં નાંખી તરત. ધબકારો અતિ થયો, રોતી ઉડી રંગ: એ શું કહીને ઉછળી, ગઈ પતિ તણો પલંગ. સ્વામિ એને શું થયું. કોઈ પેઠો ઘરમાં ચોર; બીસે ભોજાઈ પકારી, રાત અંધારી ઘોર. શીશ કુટ્યું તેના સ્વામીએ, વિપરીત થઈ એ વાત; તારી ભોજાઈ ટાંકે પડી, અધીક થયો ઉતપાત. હું પાણી પીવા ઉઠીગો, સહેજ મારગ તે સાથ; અથડાઈ પડયો એ ઉપરે, એને ધકેડે વાગ્યો હાથ કોપી મુજ પર કામની, દીધી ગાળ દસ વીસ; કુડ કપટ જાણું ઘણું. કહે મારોઝેરી રીશ. કાળ ખુટયો હશે કામની, કોપે ચડીયો કાળ; પાપ આપણેથી પડી, ટંકામાં તતકાળ. ભાવ વિધાણુને વાસલો, પ્રાજે કર મુજ પેટ; જવાબ શુ દેશુ જગતને, રાજદ્વાર તે હેઠ. એના મા બાપને શું કહું, શું કહું મારીયા સાથ; પંડ પ્રાણ ભાગે તણુ. હયું કેમ રાખું હાથ. કામની કહેરે કંગડા, વડો પડયો તુજ વાંક; લખ્યુ હતું તેવું થયુ, અવળો અક્ષર આંક; નાશી જારે નાહોલા, ગોરાણીને ઘેર; જે થાશે તે જાણશો, પ્રભાત સમાની પેર. મેણું મારશે ને સહુ, હસ કેડીયા ધુંક; તે એકલી સરવે ખમુ, દિવાન દેશે જે દંડ. ટાંકામાં પાણી નથી, કહ્યા મુખીએ હાથ; મરશે નહિ એ માનની, રૂડુ કરશે રામ. કોને કલંક કહીશમાં, ઘરમાં નાખીશ ધાડ; ગોરાણી પુછે આપણી, તો કહે જે થઈ છે રાંડ. ધણીને ધીરજ તે થઈ કાઢી મુકો કંથ; ગોરાણીને ઘેર ગયો, પરવરીયો તે પંથ. નાયકને નારી નમી દીધી તાળી હાથ. ખાંસ ખેલ ખંતે કરી, સ્નેહ ઘણો તે સાથ પ્રભાત સમે તે પ્રેમદા, ... ઉગો આનંદ હવડાં સૂરજ ઉગશે, ચાંદનીએ આથમે ચંદ. બોલ્યુ ચાલ્યુ તે પાળજો, ... તેમ; જરૂર વળાવી જારને હેતે આપ્યું હેમ. ચાર ઘડી દાડો ચડયો, ગઈ ગોરાણીને ઘેર; પાગ નમી તે પ્રેમદા, પ્રીછવી સઘળી પેર. ગોરાણીના ઘર વિશે, અધીપત તેડયો એકાંત; વિવેકથકી વાતો કરી, ભાગી ભવની ભ્રાંત; તારા પરીયાના પુનથી, લક્ષ કોટીધા લીક, લાખ દામ બેદે કરી, મેક ન રાખી બીક; તમને મેં કાઢી મુકીયા, દીપક કરયા બે ચાર જળ ભરી મેં ઝંખીયું, ક્ષણું ન લાગી વાર. પડતાં શું તે એ પડી, કાળ ચડયાથી કોપ; એની ને વળી આપણી, લજ્યા કીધી લોપ ભુડી નહિ એ બાપડી, ઉભી હતી એકાંત; કો દેઠે તો નિરગુ, શોક પમાડ્યા શાંત. દીઠી મેં દેવાંગના, હેતે જેડયા હાથ; કોડ પ્રકારે કરગરી, સ્નેહ ઘણેરો સાથ. નણદોઈ નીર્મળ તાહરો, જેવું ગંગા તોય; ઘણો જશ વાધ્યો ગામમાં, કુડો ન કહે કોય. પાણી પીવા કારણે, અથડાયો તેને આપ. મહા સ્નેહ છે એહનો, પુરવ જન્મનાં પાપ; રામા વળગી રામડે, તે વેગા કાઢી તરત. આવરદાએ ઉગરી, માથે ન આવ્યુ મરત; ચુડો એક નન્દી નથી, નેક રહી નહી શુન્ય. આંચ નથી આવી અંગમાં, પરીયા તારાનું પુન્ય. એ પુન ઓશીયાળી થઈ, વહુ કહે મારા વાંક; નણંદ તમે કહો તે કરૂં, એ સાચો અક્ષર આંક. હાર આપ્યો મેં હેમનો, પ્રીછવી કથણી પેર; એ વાત કાટો ઈંદ્રા, વોળાવી તેને ઘેર કોણે કાંય જાણ્યું નથી, રીતે થતો જે રંગ; ઉગ્યું પુન તે આપણું, શિર મેવાના સંગ. ગોરાણી આગળ કહ્યું, જજમાન તમારા જોર; વહુ વાંકે મારે મુને, ચીન એનુ ચોર રાતે રંભાવી આટીયા, સુણ સમાયો એક મનાથી ભાઈનું મંદીરે, તથ આગળ કહ્યું તેહ. આગળ પાછળ મંદીરે, તે આવ્યા તતકાળ.

જન્મ્યો ત્યાં સુધી કર જોડીયા, અદ્દપ [illegible] વેડી આળ. સુળો દેત મુને સરવથા, અપજશ આતો આપ; જોખ કરૂં હું જીવતો. પ્રેન્દા વ્રજ પ્રતાપ. પોપટ કહે પ્રભાવતી, ગ્રસ જશ રૂપ ગાઓ; એવા પરાક્રમ આવડે, જરૂર જાણિએ જાઓ. ગુજર દેશ ગરૂવો ઘણો, વેગનપુરમાં વાસ. પિતા પુરશોત્તમ તણો, કહે કવિ શામળદાસ. અંબા આરાસુર તણા, તે પુરે મનના કોડ; શામળભટ કહે બોલો સહુ, જે જે શ્રી રણછોડ.

વારતા ૬૮ મી.

દોહરા—એક રદન ગજ વદન વર, સજન બુદ્ધિ જશ આપ; સદન કદન કરનાર એ, આનંદ કંદ કુળ દાય. વરદાયક લાયક લાડો, વાયક સરણુ; ગાયક નરપ ગુણનીધિ, ઘણો વરદાયક વરણ. અડસઠમે દિવસે અધિક, મ.જુશણુ ઓપંત; ચરણા ચોળી ચુંદડી, શાના શુભ શોભંત. રંગ રાગ તંબોળમાં, કામની કરે કલોલ; સુંદરી વરસ સોળમાં, શોભો શાળને સોળ. કદાચ કંઇ સંકટ પડે, ઠરાવ કરો જે ઠામ; જે કરણુ જાતની જુવંતીએ, કરશું તેમ કરજો કામ. જેર ચડયુતુ અટપટુ. ખટપટ લાગી ખોડ; પલક એકમાં પ્રાજે કર્યું, હારી જીતી હોડ. વશ કરતો તે વશ થયો, મારતો તે પામો પાર. નંદા કરનારે સ્તુતિ કરી; ભામનીનો વાધ્યો ભાર. ચડયા કલક ઉતારીયાં; આવા ઉતારયા પુર. કલંક ચડયાં તે કાડીયાં; નાર વધારયું નુર. ચોપાઇ—ઉત્તર પંથ અહાણું ગામ, તેજપાળ નરપતનુ નામ; રામ તણું ચલાવે રાજ, અસત અન્યા તનથી તાજ. લડ કરે રઇયત સહુ લોક, સપનામાં કોને નહી શોક જે કરણુ જા.. વસે એક તહાં, કરે ચાકરી ગંમજ માંક. દોહરો—મોહોકમ મુછ.ળો માંકડો, મહા મોદક મહા માલ રૂપ કુશનો ટુકડો સતરૂ ફેરો સાલ, નગર પચીથી મલપતો, ધારા બાને ધિંગ જશવંતો જોરાળો જાગતો. મટિ કેર સીંગ કુંકારો કોનો સહે નહી, સાખે નહી બહાદુર બોલ, કપટ કુડ જાણે નહી તરત ઉતારે તોલ. બાણુ ગામ બીહે એ થકી, વેર ન સાખે વાંક, રઢીયાળો રીસાળજો, અદેખાઇ અ.ડો અંક. બીજો ખડગાળો કરી રીઝે આપે રાજ, સાચા સાથે સ્નેહ કરે; જુઠાથી તન તાજ ડીમજી તેની કામની, જસવંતી જશ જોડ રૂપ સ્વરૂપ આગળી, ન આપણુ કે ખોડ નર નારીને નીતે નીતે, પુરણ વાધે પ્રીત. ખાવા પીવા ખરચવા, રાજવાયાની રીત. ઝાઝુ સુખ તહાં દુખ ઘણું ઝાઝુ હેત ત્યાં હાણ. ઝાઝે લાભે ખોટ છે. જશ તહાં અપજશ જાણુ. કરડયો હડકાયે કુતરે. બીજા જન દરબાર. નાહ ના.હ સઉકો કરે, એ દુખ અપરંપાર. પાચ જણુ તો પ્રાજે પડયા, વિપરીત થઇ ત્યાં વાત ખરો બીજા ને ખરખરા સુખે ન સુએ સાત. ચોપાઇ—તેના મનમાં પેઠો ભય, ક્યાં જાય ને કોને કહે; તાતી બાંધી લાખી તદન. જાગ વાતવા કરવા વરત ના આવું નરમદા કરવા જાતરા, મહાદેવે નામે ખરચુ માતરા, ડાહયા માણસને પુછ્યા, સાત મહિના સુધી માથે મુલ. લખ્યા લેખ કોના નવ મટે, એટલા વાનાં કરવા નવ ઘટે, નંર કરવો ની ફેરો સંગ રાગ તાન નવ કરવો રંગ: કથા કરાવ નવ કરવો કદી નવ જાવું ગામ નદી ઉતરી; જળ જણાત ન ઝીલવું. ખરહરમાં નવ ખીલવું સ્વાન તણો નવ સુણવો સાદ, ન કરો વેરીશું વાદ; ખાંડ ગોળ સાકર નવ ખાય, દહીં દુધથી દુરે જાય. લેવો રેચને પીવો ક્વાથ. મરણ જીવણ તો હરિને હાથ; પાંચ સાત મહીના એમ પળે, સ્વાન જેર તો ત્યારે બળે. એણે કરવા માંડયુ કામ, રક્ષ કરનારા થા રામ; એતો વાત અહીંથી રહી; એના ઘરમાં શી મત થઇ. દોહરો—ડીમજી મની ગેરડી, જેનું ઝાઝું જોર, સુખ કીધી ઘરે નહી તનમાં

રાખે નાર. મારકણો મોહમ માંહીંયે ચતુરાને મન ચોર; હલાવી નાખે કુમરા તે નીસરી જસો તેની જોડે રહે, રીસાળો રજપુત, તે પણ ગામ ગરાસીયો ધરડા પણુ ઘર સુત જસો ભાળો જે કરણ, મન માન્યા બે મીત્ર, જોરાળા જશ જીતણા, પુરણ પરમ પવિત્ર એક એક દેખી ઠરે આપ મળે એકાંત; સુખ દુખ વીગત ઘર તણી, ભાગે તેની ભરાંત ગામની ઘરની ગંભની છાપા છપની છેક; એક એક શામગ કહે નર નારીને નેક, કીસાજી કામ કુડાં કરે, તે જશે જાણે જરૂર; નેહ ધણો નર નારને શું કરે નંદા સુર. પુતળી વંશ સુતારને નચવે તેમ નાચંત; કાનુ કહ્યું માને નહી, રામા દેખી રાચંત. જસે કહ્યું જે કરણને મેં દેખી નવ ખમાય, જુવંતી જારી કરે, કુડ કામ ખમાય, મુરખ વાર તે માનની, રામા ન કરે રીસ; બોળસે બોતેર બાપના, તારા પરિયાં છત્રીશ, તું કહીશ જે કહ્યું નહીં, સાચુ જા જુતાતા સદ, લાખ કરોડ વીશે વશા, હેતુવાળ છે હાથ. જે કરણ કે છે મુરખ જશ, એ-વડો શો તારે ભાર. લખ લખ જુઠું શું લવે; ભાગે ઘરનો ભાર. મારા ઘરની વાત એ, સુણી ચડી છે રીસ ગુણ હીણા બીજને કહે, તો તો છેકુ શિશ. ગુજ પરતે નથી ચાલતુ: વીખ જેવી લાગે વાત; મીત્ર માનીતો માહરે જો ખરી દેખાડે ખ્યાત. નર બીજો ને નાર એ, એકાંત દેખાડો આદ; જુડી જુવતી જાણશું તજે નહી મનમાં રાખ્યો કામ; પેર પેર પુછો જુવે, લેશ ન પામે લાગ. ચોપાઇ—ઘરમાં એવી વાતો કરી, વળની વાત વીસારે પડી; જરૂર માસ થયો જેટલે, કૌતક એક થયું તેટલે. એક દિવસ વ ળતું શું થયું, ઉલાપણુ સહુનું વેણુ ગયું: નારી ભરવા ગઇ તે નીર; તળાવ ગામ તણી તે તીર. વણઝારીઓ વેપારી વેશ, પંડીત પારખુ પુરણ પેસ ચાર ચઉદ પુરાં પચીશ બોતેર સોળ જુજે બત્રીશ ચોરાસી આસન જાણે ચીત, જો ચરીત્રની રૂડી રીત; ભામની કેરા જાણે ભેદ; ખરા ખોટાના ભાસ ભેદ. ગુણ સઘળા તે તો ગણો, સહવિદ્યા અવિદ્યા જાણો; પિવાને બેઠા તે નીર, સુકયો કોદળો તેની તીર કામની કહે તમો છો કોણ, એટલે ઉદ્ધારે દીસો ઓણ; કયાં રહો ને કયાં જાઓ છો, શા વેપાર ધધો ધાઓ છો. કોણ જાતને શું તમ નામ; કેટલા દિવસ રહેશો આ ગામ; પાણી પીવા આવ્યા છુ અમો, તરૂણી નવરા દીસો તમો. મારગ હુ જાઉં છું માહરે તકરાર શિ કરવી તાહરે; રૂડેરા દિસો છો રૂપ, કયાં ઉલાપણુ નાંખો છો કુપ. તમમાં દિસે છે પાયા ત્રણ જાઓ વેગળા અસારી ચરણ; ખબર પુછવા આવ્યા ખેલ, મારે તમારે કયાંનો મેળ. વિંગા હશે કો સાથે ધણી, ગાળો દેશે ઘરમા ઘણી; જળ ભરીને જુવંતી જાય, વગર કામે શું ખોટી થાય. દોહરા—નામરદ છે રે નીચ નર, કે મુરખનો મહીપત; બુધવંત તણી બોલાવીયો, છેક ન દીઠી છત. આ બોલ કરડાકી તણો, ઇદ્રવરણા ફળ જેહ; દેરીનો સિંહ નવ જાણીયો, માનો ઝાકળ મેહ. રૂપરંગ ચાતુરી, ઘણો કરયો છે ઘાટ; બોલે છે બોલ અટપટા, વેદ વંઠી છે વાઠ. સાચી વાત કમેત સુણી, ધામત સાચો પાર; મંદિર તેડત્ત માહરે, આપત દ્રવ્ય અપાર. પંથી કહે સુણ પ્રેમદા, તને ઓળખુ છું તરત; તારી સાથે વાતો કરે, સરે શો મારો અરથ. છેક રઝળાવું છોકરાં, માકુ કરાવું મુળ; શીદ શીશ ઘર જુજવાં, મુખ ધરાવું ધુળ. રાતુ શું કાકુ રીજથા, બીજ વધી સહુ ખોઉ; વીધન ઘણાં એ વાતમાં. જુવતી સામું નહિ જોઉ. હેત ઘણી હશી હશી, કશી કશી મારયાં બાણ; ધશી ધશી પેઠી પેટમાં, વશી વશી પરવશ પ્રાણ. ઘાયો ઘાયો તેણે ઘણો, સોંસરા વેધ્યા શરીર; કામ બાણ કટ કીયો, ભાંગ્યાં તરકસનાં તીર. બોલ રૂપ ઘણી ભરકિયો, હાવભાવ હથિયાર; કટાક્ષતણે કોપે કરે, મારયો મોહકમ માર. સાન ભાન તે નવ રહી ન રહ્યું ધારણ ધીર; ચતુરા લાગી ચાલવા, નર ભરીને નીર. ચોપાઇ—પંથી પ્રિતે

પ્રણમ્યો પાય, બોલવાથી કેમ અટકી આય; તમ મંદીર જાશો જેટલે, જરૂર ઉંઘ જાશે તેટલે. તે તો તમને બેસે પાપ, એ તો જરૂર કહે છે આપ; રામા કહે તમે ક્યાં રહો, કામ કથા તમારી કહો. ગાઉ એક ગંગેરૂ ગામ, નરીયાશા તે મારૂં નામ; મોતી ચુનીયો વેચુ લાલ, તારે ગામે છે આવું છું હાલ, રોજગાર ઝવેરી કેરો કરૂં. કાચ કથીર વેચતો ફરૂં, તમારાં મુજને વાગ્યાં બાણ, પલક એકમાં જાશે પ્રાણ. તમે ઉગારો તો ઉગરૂ, આતમઘાત કરીને મરૂં; પ્રેમદા કહે પંથીને પેર, સમી સાંજ આવો મુજ ઘેર. પીંપળા પાસ મંદીર માહરૂં, ત્યાં આવે કામ થશે તહારૂં; સમી સાંજની વેળા થશે, તારો કંથ જશા ઘેર જશે. કરશે વાત જુગતી જોડ, હાર જીતની રમશો હોડ; ખાસે અમલ કેફજ પીએ, બહાદુર કોથી નવ બીએ. કરશે ગોઠ કરવા બહુ હોર, આવશે ઘેર જાતે એક પોર; એટલામાં તું આવી જજે, પછે થવાય તેવો તું થજે. દોહરા—પંથી કહે સુણ પ્રેમદા, કથન સાંભળો કાન; મોટી તારો મારે મુને, તેનો કોણ જમાન. કોણ વેર તેનું લીએ, કોણ દે એને દંડ; હું તો ગરબ છું વાણિયો, એ લાખેણો લુંડ. લેવી મણી મણીધર તણી, લેવો વાઘનો વાળ; પીવું ઝેર હળાહળ, નખ્યે ખુટશે કાળ. રૂદન કરે કાં રાંડવા, જોજે મારૂં જોર; નબળાને સબળો કરૂં, કરૂં ચતુરને ચોર. વેચાતો લેઉ વજીરનો, રોળુ રાયનું રાજ; અવળાનું સવળુ કરૂં, લોપે નમી કો લાજ. પટેલ હું કરૂં પાધરો, તલાટી તેણુ તોલ; કર કામ મન ચિંતવ્યાં, બોલું તે પાળુ બોલ. જે કરણને આખુ કરૂં, જશાને લેઉ જીત; વેર કરે તેને વઢુ, વણુ જોડે કરૂ પ્રીત. એ વાતે ફીકર જ રાખજો. રૂડો લક્ષ્મી રામ, કાક પ્રતિજ્ઞા હું કરૂં; જો લેવા દેઉં નામ ધણી જે કહે તે કરૂં. ખરા સમ દે ખાઉં, સમી સાંજે તું આવજે, હવડાં તો હું જાઉં; જળ ભરી આવી જોખમા, કરી વિપરીત વાત; નિશ્ચકપણે દીન નીગમ, રંજ થઈ થઈ રાત. જે કરણ જશાને ઘેર ગયો, સહજ વાતની સરત; બોતો બોતો બારણે, પંથી આવ્યો તરત. ઘણે હેત ઘરમાં ગયો, ખાનપાન ધનધાન; આગત સ્વાગત અદકી કરી, માનની દીધાં માન. પાટલ પથરાણ પાથરૂ, અરસપરસ ઉદયોત. મેલ્યા ઉઘાડા બારણાં, ઝગમગી દીવડો જ્યોત. ચોકી વચ્ચે ચતુરા ચતુર, વિવિધ વાત ઘરેણું; દુધ તણી દોણી ભરી, સાકર માંહે સરેણુ. જે કરણ નથી જાણતો, જે કરે છે કામના કામ; સહેજ સ્વભાવ કરી જાણીયું, મુકાવા એનું માન. ઉઠ ઉઠ અધપતી, કઉતક દેખાડુ કોડ; મંદીર આવ્યા મલપતા, જે કરણ જસાની જોડ. હથીયાર જોરાવર હાથમાં, જોરાળા જમદુત; નરખ્યો નારીએ બારીયે, નીચ જન ભંગડ ભૂત. પંથી કારણ મારે રૂએ, થર થર ધ્રુજે નેટ; અરે ઈશ્વર હવે શું થશે, પડયો ધ્રાસકો પેટ. પોપટ કહે પ્રભાવતી, વિચાર વીજારી તાત; ધિંગો એવો છે ઘરધણી, એ તો અધિક ઉતપાત. શેઠાણી કહે શુક સુણો, શું કરે આંબાને દશા. પ્રાજે કરે પળ એકમાં, છેદશે એનું શીશ. ચતુરાઈ એમાં ચાલે નહીં, નથી વિજારી વાત; લખ કોડ વિશે વસા, શુભ ઈણો કરશે ઘાત. શુક કહે સાંભળ સુંદરી, રહો આજની રાત; જીતો જશ એ જુવતીએ, જાલી ભજાવી ભાત. જસો ગયો જખ મારતો, જે કરણ રહો કર જોડ; પંથી રાખ્યો ઘેર પ્રીતથી, માનની મોડામોડ. શુક એ વારતા શીખવે, દરાત્ર કરીને ઠાઠ; તું કહે તો જાવું નહી, દીવસ સામટા આઠ. ચોપાઈ—જસો જેકરણ દીઠો જેટલે, તરૂણી તરત ઉઠી તેટલે; સામી ગઈ ડગલા દસ વીસ, સ્વામિને જઈ નામ્યુ શીશ. ભલે ભલે આવ્યાજી તમો, તમને તેડવા આવતાતા અમો; વાત કરતાં વિચારજ થાય, ત્રણે આવ્યા મંદિર માંહ. પરેમદા કહે લાગો એને પાય, જીવતદાનની આપી જાગ. દીવાળી કોડ આજુનો દિવસ, આપણે ઘેર ઉગીયા રંગ; દેવા દેવનું દરશન, પરમેશ્વર પુરણ પ્રસન્ન. દોહરા—કંથ કહે સુણ કામની, એક

નરની કોણુ નાત; પ્રણુમું પાય કેમ પ્રીતથી, ખરી કહોને ખાંત. એ બળખાણુ એ સાથે કીધું, કેમ એ મારો મિત્ર; કેમ પુજું કેમ પાગે પડું, કેમ એ પુન્ય પવિત્ર. આ દુખ તણી થી દુખીયો, આ સાકર કોને કાજ; અકળાઉછું અતી ઘણું, ભામની સંદેહ આજ.

ચોપાઇ—હેત આણીને નારી કહી, કંથ ભ્રાંત ન રાખો કશી; ગામ એક છે એહનું ગામ, નાર્ગીગો વણિક છે એનું નામ. કાચ કથીર વેચવા આવતા, લાલ ચુની મોતી લાવતો; એના પેટ તણો કારણો, ફેટો આપણાં ભાગ્યો. હું રોતીતી મહારે દુખે, મોટા ફેડા નાખી મુખે; મળ્યા પાંચ પારોથી પેર, છાની રાખી ગયાં સહુ ઘેર. મુખ નેત્ર લોહ્યું જેટલે, પથીએ વાત પુછી તેટલે, સાંભળ બેન તું મારી વાત, વિપરીત સરખી ભાસે છે વાત. સુખસાગર છે સમરથ ધણી, જે કરણુ સરખો શિંગો ઘણી; ઘણા સોડ ઘણા લાડ, ઘણા છે માન, વસ્ત્ર આભૂષણ ઢગલે ધાન, તમે રો શીયે દુખથી રૂએ;, ખરૂ પાણી પોતાનું લુએ.

દોહરા—વેપારી સાંભળ વાણીયા, એકે નહી ઉચાટ: કંથને કરડગો છે કુતરો, રૂદન કરે તે માટ. બીજા કરડા છે ચાર જણ, એ અદકી છે આંચ; સુખ ઉન્યું સાતે જણો, પોત્યા સરવ જણ પાંચ. તે વેળા તેણે કહ્યું, બળ પ્રાક્રમથી સુખ; હડકવા દુખ હાલે નહી, જો રુએ વાઘનું દુખ. પદ્ંસાભાર પય પામીએ, તો રવાને નાવે શોક; ઓસડ બીજા અલ્પ છે, હાહા મારે તે ફોક. કામની કહે કર જોડીયા, હું તો લાગી પાય; સુજાને દુખ મળે નહિ, તો તે સુખ કેમ થાય. બોળ કરશું એણે કહ્યું, હું ઉરે ડુંગરે જેઉં; પય પેદા કરી લાવશું, વાસ વસા દુખ ખોઉં. તું પરમેશ્વર માહરો, તું મળીયો વીર: એમ કહી પાગે પડી, નયણે ભરીયાં નીર. જે તમે કહો તે હું કરૂ, બોળે મેલ્યું શીશ; તે વાતને કહાપા થયા, વીસવસા એ વીસ. કાળે એવા કામમાં, વાણુ ભારી એક. તાકુકી તળાવડાં, વીપરીત થયો વિવેક; ચોકાર ભુમ પુરમાં પડી, ખાયા ધારાળા ધીર. દીઠી વાઘણુ વેગળે, કો નાંખે તરકસ તીર. કોથી અરથ સરે નહી, કો સન્મુખ નવ જાય; ઢુંકે ઉભા હાટીએ, કરી શકે કોણ ઘાવ. પુત્ર પટેલનો પાટવી, ગુણવંતો જે ગંગ; તરવાર કાઢી છુટીઓ, રૂડો દીપે રંગ. વરજ વાઘણુ પરજાઘને, ભાંખ્યો જેયો લાગ; પ્રાક્રમથી પ્રાજે કરી, બાગ પડ્યા બે ભાગ; જેજેકાર જસ જસ થયો, વાઘરી રળ્યા દશ વંસ; પડીયામાં પય કાઢીયું, ચાર ચડશે દીશ; ઓશીયાળા એના સહુ, વણિક તણા વંસેક; શામ દામ ભેદે કરી, ન્હાલ કરયાં નર નેક આપના કારણુ આવીયો, આપણુ ઉપર ચિત ચાવ: વાર લાગે વણુથી જશે, પય પેઉને પાર. ગામ આપણા ઘર તણી, ઘણું ઉમેરૂ ઘેર; ઉકાળુ આદર કરી, સાકર નાખી શેર. વાર લાગે વાતો કરે, પય ટાઢું થઇ જાય; પ્રીતે પય પ્રથમ પીઓ, ગુણ ગોવિંદના ગાય. આવ્યા તુઠ્યા વિશ્વંભર નાથ; લાખ કરોડે મળે નહી, હેતે આવ્યું હાથ; તે વેળા વાતજ સાંભળી, વાઘણુ મારી પ્રર પાસ. સંદેહ મનનો સરવ ટળ્યો, દ્રઢ થયો વિશ્વાસ. પય પીધું પોતે પ્રીતથી, હડકુ થઇ ગયું હેમ; મેત તણું દુખ મેટીયું, થયું કુશળખેમ. જેકરણુને બીજા જશો, રૂદે ન રાખી રીસ; પ્રણામ કરી પાગે નમ્યા, દંડવત કરયા દસ વીસ. કાલાવાલા કરયા કોટીશ, રીજ થઇ તે રાત; પાંચ વસ્ત્ર ને પામરી, પેરાવ્યાં પ્રભાત. ચંદ્ર ભાસા મોતી તણા, મોડમ આ દેઇ માન સોનાનો મેરૂ જાણજે, જે દીધું જીવતદાન. દાડી નીતે આવજો, જોખ કરતા આઓ; ચો- ગણી કરશું ચાકરી, ઘર બેઠા રોટલા ખાઓ. વાડા સુધી વળાવિયો, નેહ જાણી નિજ નાર સામા ચરીત્ર દખાડીયું. શું કહું વારંવાર. વાણુ મારી તે તો ખરૂ, કોણ કહાપણ કોણ દુખ ભલો બોળવ્યો ભરથારને, બળ પ્રાક્રમ એ સુખ. આવરદાએ ઉગરયો, મહ રૂડો મરો. જગ પામી જુગતી ઘણું, એક વિજારી જામ. પોપટ કહે એ પ્રભાવતી, સુખ ધરી એ ખાંત;

એવાં પ્રાક્રમ જો કરો, તો તો જારીએ જાઓ. શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલો સહુ જે જે શ્રી રણછોડ.

વારતા ૬૯ મી.

દોહરો—પરેમદા પરખી પિંખીએ, અટપટી છે એ આજ; ચંચળ ચટપડી ચીતની, લટપટ કરે રહેલાજ કદાચ કોઈ સંકટ પડે, કરજો કહું તે કામ, પુંજા પટલાની પરેમદા. નંદા તેનું નામ આવતી અરકી આંચમાં માથે આવ્યું મોત; તે ઉડાવ્યું આકાશમાં, ગોફણ ગોળા સોત. દવ લાગ્યો તો દો દશા છુપાવું તુ જાળ; એક પલકમાં ઓલવી, કીધું આળ પંપાળ. માથે સવામણ લાખની, મોકમ આવ્યું તુ મરત જખ મારી સરવે રહ્યા. ટાળી નાખ્યું તરત. ચતુરા ચરણ ખેંચી રહી, એ તો વિપરીત વાત. એને આંચ તે થી હતી, કેમ ધોળી નાખી ખાત. દાડી કરો જે તેમ કરો, જો ચતુરાઈ ચાહો; હું તમને નથી વારતો રખે જારીએ જાઓ, બીના વરૂ કરો ભામની, છો ઉપર છીવ કાશ; શુક કહે શુભ વારતા પ્રગટ શીખ પ્રકાશ. ચોપાઈ—શુક અમૃત પ્રીતે પાય છે, વાલે વનીતાને વાય છે; વશીકરણ વંશાનાં વશે, વીતે વાત ધરમ પર ધમે વાગડમાં વીજાપર ગામ, કેશો રાઠોડ નરપતનું નામ; વાસ વસે આદરશ વરણ, કથા કીરતન સાંભળે કરણ અવર અન્ય નવ ભોળાય, ધરમ વાતનો ન્યાયે તોળાએ; પુંજો પટવો ત્યાં વાસો વસે, ધરમ મારગ ઉપર તે ધસે. કુમગા સંગત નવ મળે, નિંદા કોની નવ સાંભળે રોજગાર પામે રાજી રહે સુખ દુખ ઈશ્વરને કરે દગમગી નારીશું હેત, સોંપે તન મન ધન સમેત; જુવાની તો અવગુણ ના જુએ, બેસાડયા બેસે સુવાડયો સુવે, કલેશ થાય તે કારણ કીએ, પરેમદા પાણી પાય તે પીએ આઠ ભાડરૂ ઘરમાં આપ, જીવે જસવંતા માબાપ શેરી એક ને ઘર છે ઘણાં સરવ કુટુંબ સહોદર તણાં વહેવારી છે પુંજા ને વહુ. નિંદા કરે છે તેને સહુ: જુવાં એકલા રહે છે આપ; કરે ફેસ તેનાં મા બાપ: ઘણા ખાટ તે વહુના ઘડે, વંક દીઠ જોતાં નવ જડે, વહુ કોનો નવ સાંખે બોલ, ઉતારી નાંખે સહુનો તોલ, વરણાગણી ને વંક વેશ, મેલે છુટા શીરના કેશ, બાધુ ગામ હેતે છે હાથ, સ્નેહ નહી સાસરીયા સાથ. દાતા ગુણને ડાહી ઘણી, વશ વરતે પોતાનો ધણી; સાસરીયાં જે નિંદા કરે તેની બીક મનમાં નવ ધરે, દુશમન તે સુખે નવ સુએ, રાત દીવસ તે છુંડગો જુએ; જડે વાંક તે છંડારીએ, વહુના માબાપને દંડાવીએ, આખુળતા કઢાવીએ, લાખેણી વહુ બીજી લાવીએ; ખાત કરે સહુ તે તણી, તે નવ જાણે ધર્માધર્મી ધણી પરેમદાને પરમેશ્વર કુંળો. વીનતા કેરો દાડો તળો; પરેમદાને ગરભ રહ્યો છે પેટ, સાસુની મન ઉઠી વેઠ દોહરો—સાસુ સસરો નણંદ સહુ. પેર પેર જુએ મુડ; ક્યાં આવે ક્યાં જાય છે, ક્યાં બેશે ક્યાં ઉઠ. ચોપાઈ—છાની છાની કરતાતા વાત, ઘડી બે ચારેક ગઘતી રાત, દીયર જાતોતો દેહરે એકાંત ઉભો હેરૂ કરે, જગાવ્યો નહી તે તો જાતને, કાંઈક સુણી તે વાતને; તેણે જઈને માને કહ્યું લે જેક વાટે જાતાં કહ્યુ ભાભી કરે છે ભુંડું કામ, બોળશે સાત પરિયાનું નામ, રામ જાણે શો કામ છે, કાલ રાતનો કરયો વાયદો; કોડ વાર કહું શું કથી, નરને મેં ઓળખ્યો નથી. દોહરો—પુરૂષ કહે સુણ પરેમદા સાસરીયાં સાથે વેર; સતગાડી ઘર જોઈક કુડાં કરશે કેર. પાપ પુંજ પાળી સહુ. તારા સસરાનું પેટ; લાજ લોપે આપણી નાંખ બંહુમા નેર. તારે દીવાળી દહાડલો સજે સોળ શણગાર; પંચરવાની પુનવંતા ધરે, ભાગી નાખશે ભાર. સપુત હું શાહુકારનો, તું મોટા કુ-

ળની કામ, જે તું કરે તે હુ કહું, હુ તો તારે નામ બળ પ્રાક્રમ મુજમાં નથી નહી જ- વાય કે જોર, કોહલો કંઈ દીવાનનો, એક જાર બીજો ચોર. કાયર નથી કહું કામની, શા માટે આણ્યો શોક; સરજ્યું કામ ન છુટીએ, જખ મારે છે લોક. ચોપાઈ—વીનતા બોલ મન માંહે વસ્યો, હેત ઘણેથી ઉત્તરો કરયો; પ્રતાપચંદ તણો એ પુત્ર, તારાવન તેનું ઘરસુત્ર મારૂ મુસ્તક બોળે તાહરે. હેમત મન ન રહે માહરે; દેશે આંચ તો જીવજ જશે, તેની તુ- જને હત્યા થશે. ધણી તાહરો તુજને છાંડશે, રામા ગરીબની રાંડશે; ગરથ ઘર હાકમ ધુટશે જાણજો જે આયુશ ખુટશે. છેક કાયર તું થાયે કયમ, સાચા સોબત મારા સમ આત્મઘાત વીશ્વાસી વ.ત, વીધવા નાર ગરભપાત. અંધ કાજે ગોત્રીને હણે, મારણ મોહન વીદ્યા ભણે જીવ જન્મ બાધે આંચમાં, આવતા નથી દેઉ આંચમાં. ભેખ વગોવતો જે નર ફરે, અણ ઘટતાં જે કારજ કરે; પવીત્ર માણસની બોલે પુંઠ, જુવતીને આળ ચડાવે જુઠ, ગઉ બ્રા- હ્મણની નિંદા કરે, ચતુરભુજ કથા ચીતે નવ ધરે, શિવપુજન ઉપર નહી પ્રેમ, બોલ્યાનો તેને નેમ. હાથી લાંચ !! પાપ જ લેઉ, જો આંચમાં આવવા દેઉ, હેતે કંઠે વ.ળા હાથ. કરયો વાયદો તેને સાથ, રુપ લક્ષણ પણ તેનું ગયું; પરનારીને પર મન થયું; ચ.રે ચવડે ચીતમાં ચહુ, નરકમાં પડવું વહે કહ્યું; લાજ મરજાદ નથુ તે લહું, પરનારી ઉપર જેનું મન થયુ, ચીતભ્રમ તે નરને થ.યુ, કરી વ.યદો આવ્યા પ્રભાત રામે શા પરઠી પેર. દોહરા— સાસુ સસરો ચેતીશી, કહો પોઢ.રે વ.ત; વહુએ ઠરયો વાય.ો તે ન.સ્યે આવશે રાત આજ નાહ ઉતારશું ચનર હોય તે ચ.ય, એવો દાવો કોહો પામીએ, આવશે તે ક્યાં જાય, ઘણો વિચાર ઘરમાં કરયો, મળ્યા જણ દશ વીશ; છેડાયે નાશીકા ચોટલો, રામા ઉપર બહુ રીશ ચેરી રહ્યા ચતુરાઈથી, આજ ઉપીએ નહી હોય; પર પુરૂશ પકડીએ, હોનાર હોય તે હોય કામની કુડ તે જાણે નહી દ.યર સાંભળુ દુત; એ તો મંદ્રમાં ગઈ સાસરીયાં જુંડાં દુત, શાક પાક કર્યું સુંદ.ર ભોજન રાંધુ બાર પટવો કહે જાઉ ટીને, રૂડો આજ રોજગાર નાર કંદુર નાંહોલા, પાન સોપારી ખાઓ; બાડ આણી દ.સ ગણી જરૂર આપતા જાઓ. વાઘે છાડો બારણે. થયું આપણું કામ; પાચ દીવસ ગયા ઘરમા પડા, તેનુ તે શું નામ. તમો જપાયુ તો આપજો, હું તો હરડાં જાઉ; ચાર રાતે હું પરવરૂં, હવડાં હું ખોટી નવં થાઉ. પોતે પટવો ગયો પેઢીએ, ગઈ ઘડીક બે રાત; તેડયો તો તે આવીયે, વીપરીત થઈ તે વાત નારીએ બારીએ નીરખીયું, નથી બારણે કોય; ઘરમાં ઘાલ્યો ધાગને. હેત ધ ણેરૂ હોય છપ્પે.—જારીની આંખો અંધ, જારની કાન જ બેરા; જાર કરે નહીં વિચાર, પ ડશે વાધા કે વેરા જાર હઈયું નહી હાથ, સારૂ ભોજન નવ ભાવે; જારને નહી સનમાન, જાર કુડો જન કહાવે. એશાધાબો આખા જગતનો રાજા હોય તે રાંક છે, ચાર થકી તે ચોગણો. શામળ કહે વડેરો વાંક છે. ચોપાઇ—જાર પુરૂશ ઘરમાં જાણીયો, અધીક બાર મનમાં આણીયો; વહુના જુદા જાણ્યા વરત, તે વેળા સાંકળી દાખી તરત. કલંક ચડાવવાને કારણે, બેઠા દશ વિશેક બારણે; સાત પાંચ બેઠા શેરીએ; ફજેત કરવા આવ્યો વેરીએ. આઠ જણની બધ.ણી ટોળ; પાંચ પ્રગટ જઈ બેઠા પોળ; તરત બે ગયા તેડવા, ખરો બાર વ નો ખેડવા, પ્રપંચ કરી તે પુરણ પેર, તરૂણી તારા તેડે છે. પેર લાક્ય દેઈ તેને વારીયા. એક ઘડીયાં ર આવીયાં કંથ કહે કીયે કારણે, બેઠા સજન બેઠા બારણે; તારી સાસુ આવ્યાં છે આજ કોણ જાણે શું કરવાં કાજ. મળવા આવ્યાં સહોદર સહુ, છ પાડો બાર ને બરકે બહુ; ઉઘાડ ઉઘાડ નારી નેટ, પડયો ધરાશકો બેને પેટ. અરે ઈશ્વ એ તે શું થયું, ધજત આબરૂ સરવે ગયું; પુરૂશ દીઠા તો લેશે પ્રાણ હીંમ કરતાં થઈ છે

કાણુ તેણે તો સાંડયુ અંગ મરકયા, ફરીથી છીમ હતિ કંકરા; કામની ઓડે મનથી કરોમ પ્રુરૂષને દીધો છે પ્રતિબેધ જવાબ આથા દેશને દેક, વાંક ગુનો હું માથે લેઉ.

દોહરા—પોપટ કહે પ્રભાવતી, અંશીક મળગી આમ. એક પલકમાં ઓલવે, જડે કહો તો જાય, બહાર બેઠા દુશમન બહુ. તેને ઉલટા થાય આજ આવી છે આંગમાં એ નાશી કયાં જાય. કો કહે દંડ દેવરાવશુ, કો કહે ટાપશુ કેશ; કો કહે ફીરાઉ ખરશાઉન કરી સાસરીયાં શતરૂ સહુ. પ્રભાવતી કહે એ પખીઆ, એ તો અવિક ઉતપાત; એમાં કાંઇ ચાલે નહી, વિખાણુ વિજારી વાત. જમદુત પાછા કેમ વળે, કેમ મુવા જીવતા થાય, એમાં વિજા-રી શું કરે કલંક ન ઉતરે કાંય. માથા ઉપર પાણી ફરયું; હાથ ઘણા વિસ; તેહ તરે કેમ બાપડા; જે ઉપર કોપ્યા ઇશ; નીકટ મોત આવી અડયુ ઘણાના ઘાય; વિજારી એ તો શું કરે; જમદુત વળી જાય; સુક કહે હું તો શીખવું; જો રહો આજની રાત; ચડયાં કલંક ઉતારીએ; ભલી ભજવીએ ભાત. બુડતી સાત સમુદ્રમાં તરી નીકળી તરત; મારતાતા તેને મારીયા મેટી નાંખ્યું મરત. પ્રભાવતી કહે પંખી સુણો એવા અચરત હોય કાળ ભમ્યો માથા ઉપરે મુઆ ન જીવ્યા કોય, દવ લાગ્યો બાધા દેશમાં. અદકી કેમ ઓલવે આંચ, સંદેહ ભાગ્યો માહરો; તો દિવસ ન જાઉં પાંચ. સાંકળ ઠોકી સ્વામિએ, નારી ઉઘાડ નેટ; કામની કાને સંભળ્યું, પડયો ધરાસકો પેટ. અરે દઇવ હવે શું થશે, વિપરીત થઇ એ વાત: પેટ પાળી મારીએ, કરવા માંડી છે ઘાત. રામા કહે રખે દેહ તજો, કરું કારમુ કામ; સંભારો ઉમીયા ઇશને, રૂડો કરશે શ્રીરામ. વાટ વાંસની વઅની, વિંટયો વણિકને તરત; બાર ઉઘાડયાં બળ કરી, મેટી નાંખ્યુ તે મરત. સાસરીયાં સહુ પાછાં રહ્યા, આગળ આવ્યો કંથ; ચાર દીપક છે ચોકમાં, ચતુરાએ વિચારયુ ચંત. દસ વીસ દુશમન દાખિયા, નાર મુકયો નિશ્વાસ; કર કંથનો ગ્રહી રહી, પરેમદા પતિને પામ. આળસુ અાવી અભાગીયા, રામાએ કરી રીસ. રોઇ રોઇ ગઇ રાતડી, કરશું કુટયું શીશ વાર લાવો વેગ તણી, દીવસ થય છે દસ બાર: હવડાં લેવા આવ્યો હતો, ભાંગી નાખ્યો ભાર; ગાળો તેને દીધી ઘણી, સંભળાવ્યા લક્ષલોક પ્રભાતે વહેલા આવશે, ફજેત થાશો ફોક. માંહિ કહું ન ઉપડે, કથન સાંભળો કરણ: મજુર લાવ તું માનની, ટકા આપું હું ત્રણ. નારિ કહેરે નાહોલા, એહ ચતુર નહી સાલ; માથે મેલ તું માહરે, પઇસા મુજને આલ એમ કહી ચીંતની નમી, વીનતાએ લીધું વરત; કનાત મણુ બે ચારની, તે માથે લિધી તરત. આવે દોડી આપવા, વાંક વોરાને ઘેર; સાસરીઆ શતરૂ સહુ, પેઠા મંદિર પેર સાસુએ દીધી સાંકળી, કહી સુત આગળ વાત. પરનર ધાહયો છે મંદીરે, કીધો છે ઉતપાત; આવ્યો છે તે કયાં જશે, ઘરમાંનો ઘરમાંહ. ખુણા ખોચરા ખોળવા, તેણે માંડમાંડ છે તાહ. ચોપાઇ—હેરે દિપક લીધો હાથમાં, સોડયા સાસરીયાં સાથમાં, બાજોઠ ખુરસી પાટો તળે, પરમાણુસ કોયે નવ મળે. ઢાંકયા ઘડા જોઇ કોઠીઓ, પાણીઆરા પરસાળો મોટીયો; મોટી જાગ જોઇ મેડીયો, મોકા કામચીયા દેડીયો. ધણી બીચારો બેસી રહયો, હા કે ના ઉતર નવ કહયો; નણુદી કહે કરીએ એક કામ, જોઇએ જઇ રસોડા ઠામ. એમ કહીને વહી તે તરત, તેને વિંછીએ ખાધી તરત; ચતુર દેરાણી બેઠે અડી, ભાગો પાણુ પરથારે પડી અરે દઇવ એને શું થયું, આવ્યું'તુ તે માણસ કયાં ગયું; નીરાંસ થયાં સાસરીયા સહુ, એટલે બારણે આવ્યાં વહુ. કંથે ત્યાં ઉઘાડયાં કમાડ, જુવતી જુવે તો ઘરમાં ધાડ; શા માટે સહુ આવ્યાં મળી, શા માટે દીધી સાંકળી ગડી માળા ઉઘાડયાં કયમ, સાચુ ન કહો તો મારા સમ; શું ખોળો છો ને શું ગયું, શું જપાણુ આપણુને થયું. નાની નણુદી શા માટે રૂવે, દેરાણી તેણુ શામાટે લુવે; હેતે સ્વામિએ ઝાલ્યો

હાથ, શુભ વચન બોલ્યાં તે સાથ. સાસરીયાં તારા દુશમન સહુ, કહે છે વ્યભિચારણી વહુ; કહે છે ઘરમાં પાળ્યો છે કોઈ, જુગત કરીને સઘળા જોઈ. બહાર સાંકળી દીધી તુને, કપટ કરીને તેડાવ્યો મુને; વાટ આપના ગઈ તું થાક, સહુનો મંદીર પેઠા માંહ. ખોળી ખંખોળી આદ્યુ આપ, ઘરમાં શું છે એના બાપ; કોડવાર કહું શું કથી, નીમેષ મારો વાંક જ નથી. તારો ઘાટ ઘડવા આવીયા, જુઠો ફંદ રચી લાવીયા. દોહરા—પડી ઉભી રહી પરેમદા, આકાશ ત્યાં અચેત; શતરૂ માગ સાસરી, કાં ફોગટ કરે ફજેત. કયે જીભ દાંતે કરી, તોડે શીરના કેશ; હાથે શું હઈયું હણે, ચિનતા બાળે વેશ. કલેશ કંઈ સહયો નહી, નારી મરશે મેટ; આતમઘાત તે આદરી, પાળી મારવા પેટ. સજન સહુ ઝાંખા થયાં, જુદા પડયા તે જાગ; કરજોડી સહુ કરગરે, પ્રણમી લાગે પાગ. અપરાધ અમારો આની ઘણો, ચતુરાની કીધી ચાડ; પવિત્ર પિયરના છો તમો, શામા શોક સંતાડ. ગુનેગાર સહુ તાહરા, સહુ કો તારા રાંક; તું જીવાડે તો જીવીએ, વડો અમારો વાંક. તું મરને સહુ મરે, મરે પાટવીપુત્ર; સુખો સહુને દે શુળીએ, લુંટે ગરથ ઘરસુત્ર. કુળ રૂપ તું કામની, સતી શિરોમણી સાર; અમો નીચ જુગે નંદા કરી, અંતર આણ્યા પરંપાર. વાણી સુધી વગરવ્યા, પ્રીતે થયો પ્રમાન; વેદ હતું તે વહી ગયું, જશ પામી તે જાન. રીઝ થકી ઘેર રાખીયા, જમાડ જુગતે જોડ; સતી થઈ તે સુંદરી, આતુર સહુ તે કીધા ચોર. કોણે કલંક ચડયું નહીં, કોણે નત દીધું નામ; જીવતા સુધી જશ રહ્યો, ગુણ ફેલાવો ગામ. આવ્યો તો તે ઉગારયો, ઉગારયો પોતે પ્રાણ; હઠ કરતાતા તે હારીયા, તારા ગુડના વાણ. એમ ત્રિજારી આવડે, તો જરૂર જારીયે જાઓ; નહી તો પુન્ય પ્રીતે કરો, ધરમ મારગે ધાઓ. શિક્ષા શામળભટ તણી, કહ્યા કથન કર જોડ; જે જે બોલો જગદંબાની, જય જય શ્રી રણછોડ.

વારતા ૭૦ મી.

દોહરા—શ્રી સુખ સેવું શારદા, હંસવાહની હેજ; કોડ બ્રહ્માંડ ત્રણલોકમાં, તપે તારૂં તેજ. બાવન અક્ષર બોહો ગુણે, ખટ ભાષા બારે ભેદ; રાજન કરૂં શુક બોલતી, ચતુરા ચારૂત્ર ચરિત્ર. સીતેર દીવસે સુંદરી, પુરંદરી જેવી પ્રીત; અપકત કર મુકડી રૂડી રાજરીત. પોપટના પાંજર તળે, મળે હળે મહીમાય; કામની કથા કળે કરવા, શોભીત છે સીમાય. કામ કટાક્ષ કટારીયો, અટારીએ અતી અણીયાળ; પ્રાજે કરી પટારીઓ, કામાતુરની પાળ. બોહો પ્રીતે શુક બોલીઓ, કાહો તો કહું એક વાત; કરોડપતીની કામની, છો જુવંતીની જાત. કદાચ કાંઈ સંકટ પડે, આડી આવે આંચ; તે ઉપર કહું વારતા, પ્રમાણ કરે જણ પાંચ. મીઠા માળીની માનની, ત્રિઘાતા જેવો વેશ; તારા નામ છે તેહનું ડાહી કહેવાએ દેશ. અતિ સંકટ તેને પડયું, રાજા ભોજનો કોપ; શુળી દેવા સરવને, લજ કરતોતો લોપ. ભોજને આજીજન કરયો, રાયને કીધો રાંક; સાચી ઘણ પેરે મહાજનાં, હતો વીસકરોડ ઘણ વાંક. આઠ જણને ઉગારીયા, ભાખેલા શોભી લુંઠ; રાજા ભોજને રીઝવ્યો; દીવાનને દીધો દંડ. ચરણ ખેંચી ચતુરા; રહી એક અલૌકિક વાત. ભામનીએ ભોજ ભમાવીયો; જીતી જુવતી જાત. દાતાર કરણથી દશ વધ્યો, સુરાથી તે શૂર. પણ પાપ ઘણો પંડીત થકી, નારી જીત્યું નાર ચારે જુગના ચતુર નર; ખરી વાતનો ખોજ. શીમા સનવાડી તણી; ભરતખંડમાં ભોજ. છળ કરી કેમ છેતરયો, જુવંતી એ કેમ જીતાય. વિસ્તારી કહો વારતા; પ્રીતે પ્રણમું પાય. હાહડી કરો છો તેમ કરો; એક અમારી અરજ; બીજે વસ્તરે શા પરે; ગુણ સંભળાવશ

મરજ, સીતોદક જળ નાહીને, બેઠી સાંભળવા કામ. મન પરોવાણું છે તેહમાં; સંભળાવો વિશ્રામ. શુક કહે સાંભળ સુંદરી; મહિમા મોટો મેર. શુભ વારતા શિતેરની ઘણી ચાતુરી ઘેર. ચોપાઈ—માળવદેશ ધારપત ધીશ, પ્રસન્ન જેને ઉમીયા ઇશ; નવેખંડ જેની નામના; ચ- ચક્રવી પુરે કામના અધિપતમાં શોભે ઇન્દ્ર; તારા મંડળમાં શોભે ચંદ્ર. માગણ સહુને દેયણ ભોજ. ભુપતનો ભુપત રાજા ભોજ. માઘ પંડિતને મોટા માન. પાંચ સહસ્ર જેના પ્રધાન; રાજા સર્વ માંહે રવી; કાલીદાસ સરખા ઘેર કવી. આઠ સહસ્ત્ર અગમ નીગમ ભણે જાચક નિરમુખ કો નવ વળે; અઢારસે પંડીત અતી ઓપતા, સતરશેં જોતીષ શોહતા નવસે નાટક ચેટક ઘણું. તરતીબ તોલ કહું છું તે તણું, અષ્ટ શત અપછરા અધિક આમણું; મન વાંછિત પામે માગણું પીંગળ છંદ પુરાણિક પાઠ, કરાવ અનેક અડકેરા ઠાઠ; વાસે મતો લક્ષમી નીત વસે; મોટમ પદ મહીમા અસમસે રસના માંહે રહે સરસ્વતી, રૂડી કરમની રેખા રતી; ભાટ ચારણ ભત્વારશ ભણે, ગુણીજન રસ રૂડરા ગણે નર માત્ર નરપત સહુ નમે; ગુરૂ કૃપા રહે ગુણ ગમે; ભ્રમ દશામાં બેઠી રહ્યો લક્ષણ બત્રીશી લાયક લહ્યો. નીત ચરચા કરે નરપતી; ત્યાં અન્યા ચાહક એ રહી; કોઇ વખાણ રહુ શું કથી; ભોજ સમો કો થયો નથી. દોહરા—ભોજ રાય તે એક દીન; નીત ચરચા જોવા જાય; વિનતા ચાર વાતો કરે; દેખી રીજે રાય ચંદાર પછેડા ઓઢીયા, રીઝ અંધારી રાત; કો તેને નવ ઓળખે, જુવતીની કોણ જાત પુત્રી એક પ્રધાનની એક નગર શેઠની નાર; વિનતા એક વજીરની, એક ચતુર ક્ષત્રાણી ચાર. પુજન કરે ગુણવંતીઓ. અધિપત રહ્યો એકાંત; કાય કાય ન સાંભળે; ન ભાગે મનની ભ્રાંત. સહચરી ચાર સલક્ષણી; જીવ સરવના એક મીત્ર છે જુજવા, નારી કેશ નેક ચાર સુરૂપ છે ચતુર નર; માનનીઓના મીત્ર; મળ્યાનો જોગ મળતો નથી; પુરણ રાજ પવીત્ર ભય લાગે છે ભોજનો નરપત રાઙ્ક ને નરત; સત લીજીને શુ ળીએ તે વેળાએ તરત પાસે પુરૂષ કોએ નથી; ચતુરા ઉભી છે ચાર બોલી એક બાળિકા વપુએ કરયો વીચાર. જુકુ રાજ છે ભોજનું, નિત ચરચા જુએ નેટ; લોપે લજ્યા આપણી વાત કરવી તે વેઠ જે દહાડે લખ્યું હશે મળશે આપણા મિત્ર, ચતુરાઇ રાજા આગળે; ચાલે નહી સ્ત્રી ચરિત્ર ચારે વાટ ચારે ગયાં સહચરી કેરા સાથ; અધિપતી રહ્યો ત્યાં એ કલો; હેતે ધરીયા હાથ; જાત ભાત નવ ઓળખી; ન જાણ્યું કોનું નામ ઘરબાર એક કોનું ગણે કોણ એહનો ઠામ સને સને બોલ સાંભળ્યો; પ્રીછ્યો સઘળિ પેર આલોચના કરતો અધિપતી ગુણવંત આવ્યો ઘેર. ચોપાઈ—માનની મીઠા તારા નામ ગુણવંતી ઘણી રાજદ્વારમાં જુવંતી જાય રિજે રાણીને રિજે રાય. આ ચરિત્ર ગુણવંતી ઘણા, ભામનીએ તે પેઠે શણ્યા; તારા ના ઓળખે ધારા ગામ નર નારિ સહુ જાણે નામ. તબોળિ કેરા એક તન; માણસ મળ્યું સાથે છે મન; નિરમળ મોતી તેનું નામ; કેહે તારા કાંઇ કો છો કામ. હા બાઇ કામ છે વડુ કેતાં વેત તો સુ ણીએ ચડુ ના કહુ તો જાએ જીવ. કોપ્યા છે બે વાતે દઇવ. ચાલી ધારા આંસુ તણી; દયા આવી માલણને ઘણી; આંસુ લોયાં ચાંપ્યો રૂદે. વાણી અમૃત જેવી વદે. સુમે વાત કહોને મુખ; ઇશ્વર તારી ભાગશે ભુખ; તુજ મુજ વચે ઇશ્વર હોએ. તારૂ નામ લીએ નહી કોયે તંબોળી કેરો હું તન, રાણી સાથ માન્યું છે મન; મોટી પ્રીત બંધાઇઓ મેહ; જીવ એક પણ જુજવી દેહ; નારી સાથ મળવાનું મન તજ્યું છે જળ નિંદ્રા ને અન. કો આગળ કહીને કામશે, કરૂં નીત્ય જુઠા વાયદા. તંબોળ નીત્ય આપવા જાઉં છું. અનરગલ ભાવ એનો જાણું છું; એકાંત મળ્યા વણ જીવજ જશે. ભાગ્ય હશે બે જણની મરી, તે માટે હું તારે;

કરણ; એમ કહીને લાગ્યો અરજુ. દેહરા—માળણ કહેરે મીત સુણ; એ તો કેટલુંક કામ; અબીક બતાવું તુ એહથી; હું છું તારે નામ બાઇ બાર ક ભોજનો રાણી તેડાવું રીત. કઈ બે જણને એકઠા; પુરણ મારે પ્રીત વળી ગમે તે કહ્યા તમો. ધારી વાત જે ધોર; પ્રેમ પોચાડુ પલકમાં; તુ માંડી જાયો વીર. તંબોળી કહે તારા સુણો; કથા સાંભળો કરણ; મનમાં માન્યા મીત છે; તરતીબ ધણેરાં તરણ. સદા સોનીનો દીકરો. કાનજીજ નામ; લાડકવાયો લખપતી, જાણે બધું ગામ. પુત્રી જે પ્રધાનની, જતનકુંવરી જેહ; તે સોની સાથે સ્નેહ ઘણો, જેવો મોરને મેહ વાત કરવાનો વાયદો; મેળાપ કરવાથી થાય; થોડે દહાડે તેહનો, જંખતામાં જીવ જાય. મિત્ર જે એક માહરો રજપુત રાઠોડો રૂપ પુત્ર રૂપાનો પાટવી, મિત્રક મારે ભુપ નગરશેઠની નારશું, પ્રેમદા સાથે પ્રીત. જેવી ચંદ ચકોરને નીર મીનની રિત. ચોથો મીત ચતુરિઓ વણિક દશાનો વંશ. બળવંત શાનો બેરડો. અવતારી છે અંશ. વનીતા વજા વજીરની. સ્નેહ ઘણો તે સાથ જરૂર જીવ તેનો જશે. હમકુ ન રહે હાથ તારા કહે તેડી લાવશુ સઘળો શોક નિવાર; કામ કરૂં જશ ચારનો. શીતજીને સંભાર તરત તમો તહાં ગયો મળ્યા એકઠા મીત ચરણ લાગ્યા ચતુર તણે. પુરણ પરમ પવીત્ર કરજોડી ચારે કહ્યું ભોજ તણો બહુ ભાર; ટાંક વાંક ખમે નહી, મારે મોકમ માર છળભેદ છક છાનું નહી ચોર ચુગલ કે જુઠ સહજમાં દે શુળીએ રાજાની જે પુર પુંઠ ભોજ રાજની ભામની, રૂપાવતી રૂપ નીધાન, નેહ છાનુ કેમ રહે, જેમ ઉગીયો ભાણ એ સેસ આપણ તઅલ્રશીવ, આપણ તારણ એ મેર; આપણ કાડી એ કુંજર સહી, આપણ સસલોએ સેર. આપણ ખાવીયા અરૂણ એ, આપણ કથીર એ કનક; આપણ બીદુ એ લીધુ છે તુચ્છ તનક એ તનક માળણ કહે તાર મન, એહ કામ છે અલપ, દસ દીસામાં જે કર એ મારે મન સલપ, ચારે નારી છે ચાર નર, મેળવું મારે મેહેલ; દશ તમારે કંગરા, મારે મન તો સેહેલ. મંદીર આવો નીત માહરે, પ્રીછવજો જ્યાં પ્રીત હું જઈશ ચાર ચતુર ઘરે. રીઝવીશ રામાની રીત. પ્રતીજ્ઞા કરી પાંચસેં, સામ દામ ને ભેદ; દસ લાખેક દલાસા કર્યા, વળાવ્યા ચારે વદ, માલણને મહીમા ઘણો, કળી ન શકે કોય, ચાલી ચતુરાં ચમકતી. હરી કરે સો હોય. પ્રથમ પ્રધાનને ઘેર ગઈ. નગરશેઠની નારશું નેહ; કથા સરવ માંડી કહી શીતળ કીધો દેહ. જે વેળા આવુ તેડવા, તે વેળા આવજો તરત; જે નિંદા કરશે આપણી, તેને પમાડું થરથમ દલાસો દેઈને તે ગઈ, નગરશેઠની નાર; સંતોશી તે સો વસા વિવેક કહો વિચાર. મંદીર તેડુ માહરે, સહીયરો સરવ સમેત. વાત કરે જે તાહરી તેને કર ફજેત. શેઠાણી સંતોખીયાં ગઈ વજીરને વાસ તાળી દીધી તરતીબશુ, પ્રીતે બેઠી પાસ. વિસ્તારી કહે વારતા, માની રૂદીયા માંહિં: ભોજની આવશે ભામની તમે આવજો તાંહ. સંતોખી શામા વળી, વળી ખોયું અમરત જ બીજ; રમતી ગઇ રાજદ્વારમાં રાણી સાથે રીજ; કરજોડી કથા કહી, પુરણ મન પવીત્ર મુજ સાથે મન મેલીયું, તારી સહીયરો તારા મીત્ર કુડુ કરશે તે ભુંડી કરવુ ભારે કામ; કપટ તેણ ચપટ છે. સાચે રાચે રામ રાણી કહે રામા સુણો, કરૂ કુડુ કાજ; અજીત આ જીતે નહી, રાજા ભોજનું રાજ છળ ભેદ છાનુ નહી રહે આપણુ, પલક એકમાં જાણશે પુરણ હડકાયું પાપ. માલણ કહેરે માનની સાંભળ મારી શીખ, સ્ત્રી.

ચોપાઇ—વાત રાણીના મનમા વશી, હરખ હેતથી નારી હશી, એક એકની સુની નવ પડુ, તારે ગોરે આવી ચડુ, મારે ઘેર મે નવ તેડાય, ખેડાપર નાવે તે કેમ ખેડાય, પરમ દહાડે સુણ છે ઘણો, વરસગાંઠ છે રાજા તણી. ભોજન કરશે બાધુ ગામ, કરશે પુન

પરમારથ કામ; રૂડી સભા રચે એ રાત, પુર મંદીર આવે પ્રભાત. ગુણીજન લોક મળશે ત્યાં ઘણાં, ઓચ્છવ થાશે શીવજી તણા; આવશે શેઠ વજીર પ્રધાન; મહીપત દેશે સહુને માન. ગુણીજન રૂડાં ગાશે ગીત, પરીબ્રહ્મ ઉપર ધરશો પ્રીત; તે વેળા દાવ આપણો પડે, નીચ માણુસ કોઇ નહી નડે. સુનો પડશે મારો મેહેલ, સઘળુ કામ તે દહાડે સેહેલ શેઠ પ્રધાન વજીરની નાત, રાજ સભામાં રહેશે રાત. તે જુવંતીઓ આવશે કથી, તમને પુછનારી કો નથી; પરમ દહાડે કર્યો રાતે વાયદો, કાઢી નાંખો સરવે કાયદો. સમ સઘળા કરીને વળી, માલણ પણ સહીયરોને મળી; રાણીને કહી તે વાત જ રહી, ખરી નીશા સરવેને થઇ. પ્રીછવ્યા મીત્ર ચતુર જે ચાર. વીવેક વાત કહી વીસ્તાર; માલણને મંદીર આવજો, લાખેણા મેવા લાવજો. દોહરા—પરમ દહાડો થયો પ્રીતશુ, ઓચ્છવ અદકો હોય સંતોખ્યા સજન સહુ, કળી ન શકે કોય ઘોર નિશાન ગડગડે, શપનામાં નહી શોક; ગુણીજન મળ્યા ઘણા, લક્ષ હજારાં લોક. શેઠ પટેલ ને પાટવી, વજીર ને પ્રધાન; સરપાવ પામે સરવકો, માગણને બહુ માન હરખભેર ઉલટ ઘણો, રાય બેઠા રાજ સભાય. એતો વાત ઇહાં રહી, બીજું કઉતક થાય; મંદીર મોટુ ઉલટ ઘણું, ઠરાવ ઘણેરો ઠાઠ. રાણી આદ સહીયરો સહુ મળ્યાં એકઠાં આઠ. નિરભે થઈ નિશંકશું, ચાર ચાર ને ચાર; સુખ સાગર ઝીલે સહુ, અપરંપાર અપાર. દઇવગત તો અવનવી. વાહાલામાં થાય વેર; લેણાનુ દેણું કરે, ભળે અમૃતમાં ઝેર. મન જાણે જઉ માળીએ, ચીતવ્યું કામ ન થાય; મનમાં મનસુબા કરે, તે બારે વાટે જાય. કેસર કસ્તુરી અરગજા, ખાન પાન કરો ખ્યાલ; દિપક જોત દશે દીશા, જાજુ જાકજમાલ. માલણના મંદીર કને, સોના સોનારણ એક; દયાહાણી દુરીજન ઘણી, વેરી તણો વિવેક. મહાદુશમન માલણતણી, ચોરી ચાડી ચીત ચાઓ: તે વેળા તેની ઘડી, પડયો દુશમનને દાઓ. રોસ થકી ગઇ રાવળે, અધીપત તેડયો એકાંત; અથ છતી માંડી કહી, ભુપત આગળ ભરાંત. ન્યાય કરશો અધીપતી, લાડ કરે છે રંડ; બીક ન ગણે કો તાહરી, ન ગણે દેશપતનો દંડ. ઉઠ ઉઠ આળસ તજી, ઘણો અચરત છે ઘોર શાહુકાર થઇ ફરે શેહેરમાં, ચાર પક્ષ છે ચોર. રાજા કહે માનુ નહી. કરૂ ન સહસા કામ સાચાને સરપાવ દેઉ, જુઠાનો રેકુ દામ. કર પકડયો તે રાયનો, પ્રતક્ષ દેખાડુ તુજ: શુળી દે છે તેહને, શીરપાવ દેજે મુજ. તારા માલણ જ તાહરી, પ્રીછવી તેની પેર; અદકો અન્યા તે કરે ગુણહેણી ગેર. બે ચાર મળી છે બાળકા, પાપ તણું છે પુર: બે ચારેક ધીંગ ઘરમાં ગયા, શાહુકાર સરખા છે શુર. ખાન પાન મેવા અધીક. ભાત ભાતના ભોગ; પાન ફુલ ને અગરજા, જુગત મળી છે જોગ. વિભીચારી વિનતા સહુ, જાર પુરૂષ એ જાણ; એમાં હું જુઠી પડુ, તો પુરપત લેજો પ્રાણ. તે નર નારી નથી ઓળખ્યાં, નથી મેં દીઠાં મુખ; ઉતાવળી આવી ઇહાં, સાંભળવા તમને શુખ. લુટશો લક્ષ્મી ઘણી, ઘણો તે પાસે ગરથ. ડંકો બાધા દેશમાં, તો સરે તમારો-અરથ. રાજાએ વાત રુદે ધરી, નારી ઉપર ખરો નેહ; નીશ ચરચા નીરખ્યું હતુ. તે ભાગો મન સંદેહ. ચતુરા ચાર દીઠી હતી હતી અંધારી રાત, રાજાએ ઓળખી નથી, કાન સુણીતી વાત નિશ્ચે ચાર એ નારીઓ માળણના મંદીર માંય; ઉઠયા અતી ઉમેદમાં, તોલ કરવાને તાંહ. કોને વાત કહી નહી હથીઆર બાંધ્યા છે હાથ; પ્રધાન વજીર પુર પાટવી, શેઠ તેડયો છે સાથ, ચારે મોટા ચતુર નર, પ્રેમદા સોનારણ પાંચ; માલણ બેઠી માળીએ, મંદીર આવ્યા મહારાજ, પોપટ કહે પ્રભાવતી, પ્રીછો એની પેર; ઘરમાં ચારે ધરણીએ, ગુણવંતા આવ્યા ઘેર. એની વલે તે શી થશે, શો દેશે જવાપ; રાણી ઘરમાં રાયની, અધીપત આવ્યો આપ. પ્રભાવતી કહે

ચોસઠ એમાં વિજારી શી હોય: શામ દામ કરે ઘણા, કહ્યું ન માને કોય. સુણી દેશે સંસ્વને, મળે ન બીજો મેળ; પરેમદા સહીત પીલાવશે, તરત કાઢશે તેલ. ગરથ લુંટી લેશે ઘણો ભાણશે બાધુ ગામ; કુંડી વાગશે દેશમાં, કેડે માલણનો કામ. રાણી બીચારી શું કરે જે ઉપર કોપ્યા રાજ; જરુર લાજ તેની જશે, લોપે સહુની લાજ. શુક કહે સાંભળ સુંદરી, રહો આજની રાત; તો સારી પેરે શીખવું, વેદ વિજારી વાત. બોલ સંધરે તું બંધવા, ઠીક બનાવ્યો ઠાઠ; તું કહે તો જાઉં નહી, આજથી દાડા આઠ. માલણ બેઠીતી માળીએ, નરપત દીઠા નેટ; દીઠા શેઠ પ્રધાનને, પડયો ધરાશકો પેટ. હિમતથી ઉતરી, કહી ઘરમાં જઇ મીત્ર; વાત મંદીર આવે છે મહીપતી. અધીકો એહ ઉતપાત, કોને શુધ પડે નહીં. માનનીઓતે ધ્રુજી ધરતીપર પડયા જેમ લખ્યાં હોય ચીત્ર. પ્રીછે કોણ પુછે કવણ બોલી ન શકે બોલ, શ્વાસ નહીં નહી ચેતના તેનું તે શુ તોલ.

ચોપાઇ—તારાએ બોલ્યું તન તાંહ, મહિપત આવશે મંદીર માંહ; આઠ જણાં મરકત થઈ પડયાં, કલંક તો મારે શીર ચડયાં. ઓરડો અટકાવી નિસરી, લાજ મુરજાદ સરવે વિસરી; પુરણ ડાબશુમાં પ્રસાદ, અતિશે આણી મન ઉલ્લાસ. હેત પ્રિત હરખે હરખતી, વદન વેણ અમરત ધવ વરસતી; રાય આવ્યો કુડ જેવા કારણે, તારા તરત આવી બારણે. ભલે ભલે કહ્યું દસવાર, ભુપત આગળ ભાગ્યો ભાર; પુજી અરચી કામન કેસર, મોકલ્યો પુરપત પરમેશ્વરે. રાજદ્વારે હું આવતી, પ્રસાદ લાખેણો લાવતી.

દોહરો—રાજા કહે તું શું કહે, શો પ્રસાદ એ ઓણ; નર નાર મળ્યાં છે એકઠાં, તારે મંદીર કોણ. મસ મસાંઢ શો મંદારે, કસ કસાટ શો રેણુ; ધમમસાટે શા ધાઓછો, વદાએ વેલા વેણ. ચોપાઇ—હેતે વળગી રાજાને હાથ, સામા તેડયાં ચારે સાથ; પરસાળમાં માંડીતી પાટ, ખરે હેતે બેસાડયા ખાટ. અધિપતી એક તેડયા એકાંત, બાજ આગળ ભાગી મન બ્રાંત, મંદિર તારે હું આવતી, પરમેશ્વરની પુજા લાવતી. બેસતી રાણી પાસે નિત્યે, ચિંતા ધરતા દીઠા ચિતે; ઘણી લક્ષ્મી દીઠું ઘરસુત્ર, પેટ નહીં તમારે પુત્ર. નીશાસા રાણી મુકતા, સુકા કાષ્ટ પેરે સુકાતાં; દાવાદલ શું દીઠું દુઃખ, મેં કહ્યું શીવજી કરશે સુખ. ઘડી વાતની દીધી ધીર, મુખ પખાળી પીધું નીર; મારૂં સત તુજને દેટશું, બીજ ધર્મની બાધા લેટશું. સાચો બાદ બીજનો ધણી, આશા પુરે ત્રીલોકજ તણી; ગાંધ્રવ દેવ દાનવ દાનવી, માંડે પાટ મોટા માતવી; બાર બીજ સૃષ્ટિનું બીજ, રૂડા પુરૂષ ત્રણે મન રીઝ. માંડે પાટ અધીપતી ઈંદ્ર, માંડે પાટ રાજા હરિશ્ચંદ્ર; તે બાધા મેં રાખી તરત, તજ્યું મેં ખાવું વ્રત. કાચો લોટ ખાંતે ખાઉછું, શ્રીમંત રાણીનું ચાહુંછું; તે વાતને થયા ત્રણ માસ, ઇશ્વરે પુરી મારી આશ. કાલ તમારે મંદીર ગઇ, રાણીએ છાની વાતજ કરી; સત પ્રકારની દીધી સાંધ, મહીનો એક ને દહાડા આઠ. પુન્યે ગરભ રહ્યો છે પેટ, જો ઇશ્વર પોહોચાડે ઠેઠ; હતો હરખ સમુદ્રમાં પડી, મારે મંદિર આવી અઠી; રૂડીયામાં બહુ ઉપની રીઝ. એ દિવસ આજુવાળી બીજ. મેં કહ્યું બાધા મુકીએ, આવ્યો અવસર કેમ ચુકીએ; બાર બીજ ધણીનો ધર્મ, છોડાવશે સત જન્મના કર્મ. વરણા વરણ એમાં નવ મળે, ઉંચ નીચ ભાવે સહુ ભળે; તે ધર્મના સાથી તેડીયા, ખરા દામ ખાંતે તે ખેડીયા. ઓ પેલા ઘરમાં પાટ, બાંધી બાલ ઠરાવી ઠાઠ; સર્વ નર નારી એકઠા મળ્યાં, અડસઠ તીરથ આપણને વળ્યા. કોળી પાવલ વેચ્યા ઘણા, પ્રસાદ નઇવેદ બોહો બીજજ તણા; કરી જોત માંડી છે થાળ, આરતી કરી વિજાડી થાળ. દશ બાર ભક્ત બેઠા છે બહુ, ઇશ્વરના જન સતવાદી સહુ; ઉઠી રાજાજી કો દર્શન, પુરણ મન થઈ પ્રસન્ન. તમને આવ્યા જાણ્યા છે તરત, મનમાં સીધ પામ્યા

છે સરત; સતવાદી જન શરમાય છે, કમળની પેરે કરમાય. જે ક્ષણુ ક્ષણુમદ ખોટી થાય છે. સોણી પાસે જાઉછું, વચલા ખડની દેવા દેઉ, લાખ કરોડનો જશ લઉં. તમે બેઠા રહો આંહી બારણે, પ્રસાદ આપવાને કારણે. દોહરા—રાજા રીઝીયો સ્હીયા વિશે, આવ્યો પ્રધાનજ પાસ; માલણુને મુખથી કહ્યું, શાબાશ તને શાબાશ. તેને વાત કહી નહી, કોને પડી નહી સુજ; કોણુ જાણે જે સી કરે, એ જણુ મળીને ગુજ. ખાઓ પીઓ ખુશીકરો, પુજો પરિભ્રમ પેર; પ્રસાદ આપો અમને, અમે જાઉ છું ઘેર. દરશન તો કરશું નહી, આ લે કે નહી આપ; ગરીબ બિચારા રાંકડા, પ્રતક્ષ બેસે પાપ. બ્રાહ્મણુ કે ક્ષત્રી હશે, કો હશે વણિકની જાત; એકઠા બેસી સહુ જમે, બ્રમ દશાની ભાત. જો એ જશ પામું નહી, વેદ ધરમની વાત; કોપે બાર બીજનો ધણી, તો થાઓ ઉતપાત. રાજા રાજસભા ગયો, આણી મન ઉલ્લાસ; થોડો થોડો આપીયો, પાંચેને પ્રસાદ. માલણુને મુખથી કહ્યું, નારી નીચ સોનાર; સવારે દેશે શુળીએ, અધિક વાંક અપાર. મહિપત ચાલ્યો મંદીરે, કલોલ મનમાં કીધ; ત્યાર પહેલી એક પલકમાં, રાણી વાળી દીધ. બારીએ થઇ પેટે ધરે, માથેથી માડું મકત; મહિપત આવ્યો માળીએ, તે વેળાએ નરત. પ્રસાદ આપીને પ્રણમ્યો, ધન આજુનો દીન; મુજ આગળ નથી માનતો, જે પ્રસન્ન થયા છે ઇશ. વધામણી માલણે, અદકી મુજ આજ; વંઝાનું મેણું ટળ્યું, કીરતારે કરયું છે કાજ. રાણી હશીને બોલીયા, પ્રતાપ તમારો પુન્ય; નવનીધ આપે નારાયણી, શી છે તારી નુન્ય. રાજા રાજસભા ગયો, રુડો ઓછવ રાત; આવ્યાતા સહુ આંચમાં, તે વેરી નાંખી વાત. માલણુ રાતે મદીર ગઇ, મળ્યા સહીયર સહુ સાથ; હેતે તાળી દેઇ હશી, રંગભેર વીતી રાત. કોણે વાત જાણી નહી, મળ્યો નહી કોનો મેળ; સોનારણે સ્હવારમાં, ખરો થયો શો ખેલ. સોની તેડયો સભા વિશે, દેવા માંડયો દંડ; ખોટી ચાડી કેમ ખાય છે, લોભી લાંચી લુંડ. પેરપેર જોયું પારખું, દીઠી જણુ દશ બાર; શાન ભક્ત સરખા થયા, ઇશ્વરનો અવતાર. કદાચ દુઃખ તેને દેય તો, કરત તારે કહે કાય; દેશ બાધો દેહવટ થતો, થાત ધર્મનો લોપ. સોનારણુ સજન સહીત, દાંત શુળી દેઇ; ફેરવું બાધા નગરમાં, લક્ષમી લુંટી લેઉ. ફટફટ સહુકો કરે, નંદે શુણુ બાધું ગામ; માલણુ રાજદ્વારમાં જઇ, પોહોચી તે ઠામ. મુકાવી તેને માલણે, હેતે જોડાવ્યા હાથ; એમાં વંક એહનો નથી, રાજાજી સાચ. શુક કહે દેઉછું શીખ, રુડો જશ જાણીયો; ભાવતે માગી શીખ, બોળશે બોહોતેર બાપના; સસરાના સીનેર, તરણુ તુછ થશે તરત. છે મોટમ પદ સેહેર, શાબાશ શુક લક્ષણુા; અંતસકરણુ રીઝ્યું એણુ, મુરખ જાતે માનની, કામ જીવાડે કોણુ; શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કર જોડ. શામળ કહે બોલો સહુ, જય જય શ્રી રણુછોડ.

—※—

વારતા ૭૨ મી.

ચોપાઇ—શ્રી સરસ્વતીજી શારદા, સુખ સાગર કેરી સર્વદા; નિર્મળ નારાયણી નર્મદા, સર્વ કામ સિદ્ધિ કહુ, શુક બોહોતેરી કથા પ્રણમુ; પરિબ્રહ્મ પરમ પવિત્ર. વરણુ બિચાઇ શ્રી ચરિત્ર; બોહોતેરમે દિવસે એહ, દેવરુપ દેવાંશી દેહ. હઇડામાં હરખતી, પ્રિતે પરપુરુષને પરખતી; કામ કટાક્ષ કરતી કામની, જોબ કારણુ ચાલી જામની. ઠામની ચરિત્ર કળા કોણુ કળે, આવિ ચોપટ પાંજર તળે; દોહરા—સુખે સધાવો સુંદરી, લો લાખેણો લ્હાવ; કામ કેલ કરો કેશકથું, નેહ સમુદ્રમાં નાવ. અવસર ફરિ આવે નહી, જવાંની કેરો જોર;

પાન ધાન રંગ રોળમાં, તરતીબ મીયા તુજ તોર. કદાચ કોઇ સંકટ પડે, કહું તે કરજે કામ; વહુવા વાઘરીની વહુ, નઉકા તેનું નામ. મુકી ખહુ સમુદ્રમાં, વિપ્રીત થયું વસ્ત; ઉડાડયું આકાશમાં, તરી નીકળી તરત. મેરુનો કંકર કરયો, બાકરનો કીધો ખાજ; ઠાકરનો ચાકર કરયો, લોપાણી નહી લાજ. પાવક પુરણ પરજળ્યો, ઝપાલીતી બહુ જાળ; પ્રેમદાએ એક પલકમાં, કીધુ આળ પંપાળ; ચરણ ખેંચી ચતુરા રહી, બોલી શુકની સાથ. સુંદર વિદ્યા એ શિખવો, હેતે જોડયા હાથ. કવણ વહુઓ વાઘરી, કવણ તે નઉકા નાર; ચોટું સંકટ તે કેમ પડયું, વિજા કવણ વિચાર, નિત કરો છો તેમ કરો; ઘણી સાંભળવા ગરજ. બીને વસ્તરે છો પરે, એહ અમારી અરજ; શુકે કહ્યું તેમ કરયું, બેઠી સાંભળવા સાર. ઇકોતેરમી વારતા, અપરમપાર અપાર.

ચોપાઇ—ઉત્તમ દેશ ઉત્તર અતી, મેરુરાજ એનો મહિપતી; ઠાકોરસંઘ તેનો ઠાકરો, તુદીએ ગામ વસે આકરો. વરણ અઢાર વસે છે વાસ, તેજપુંજ પરમ પ્રકાશ; નાવટ સાવટ રાજસ રીત, પ્રજા ઉપર પુરણ પ્રીત. વહુઓ વાઘરી ગુણવંત ગામ, નગર બધામાં નાયક નામ; લાડકવાયો લાખેણો લુંડ, પ્રતાપવંત પોઢો પ્રચંડ. તેર મણીકો મનમાં તોર, ગાજે મેઘ જેમ બોલે મોર; ચોટલો ચાર વેંતનો ચાંચ, દેવીનાં ગુણ ગાણાં કાય. કામણ ટુમણ ભારે ભુઓ; હેત ગામ સઘળામાં હુઓ; ફાંસી ડાકલાં વિધવિધ વાય, પુંજ માંડવા જીગ છે જાય. પાંચ શેર મદીરા નીત પીએ, બાહો જોરાવર આવી બીએ; પાઘર દેરે ધરે ધ્યાન, મહીપતના મનગમતાં માન. અધીપત ઠાકરીઆ ચાકર આઠ; ઠરાવે ઠીક કરે તે ઠાઠ. વાઘ સાથે વળગે બાથ; શીકાર રમે શેરને સાથ. નઉકા નારી સાથે નેહ; જીવ એકને જુજવી દેહ. એકઠી બેસે એકઠા જમે; એક એકનો ગુણુજ ગમે. રાવળીયો એક જોળીની રીત. પદમા નામ તે સાથે પ્રીત; તરત તાંતણું વગાડે તાંત. નઉકાને સાંભળવાની ખાંત; જળહળતો નીત જંત્ર વાય; રાણી રાગ છત્રીશે ગાય; રાણા સાંભળી મુકે દરપ. સાંભળતાં વશ થાયે સરપ. પંથીનો નવ ચાલે ચરણ; હેતે સાંભળવા રહે હરણ. રાજવી રંગીયાળુ શુભ રૂપ; ભાર માનેભલેરા ભૂપ. રાવળ નીત શેરીમાં જાય; વશ વરતિક સહુ વિનતા થાય. આને ગવરાને નઉકા નીતો, ચતુરાં બસવું ચાહે ચીતે; તન મન ધન સોંપું તે સરવ. ગુણવંતીએ મુકયો ગરવ. કર જોડીને વાતજ કહી; વશીકરણું તારે વશ થઇ. કોડવાર કહું શું કથી; નળા વિના રહેવાતું નથી. ભામનીએ ભાગી મન ભ્રાંત; એક દીવસ આવો એકાંત. લાખેણા લડાવું લાડ; પોઢો તારો માનું પાડ. ખાવા પીવા આપું તુને; મોટી હુંશ એટલી છે મુને, શુભ રાવળ કહે રામા સુણો; ભુંડી વાત શાને ભણો. અવળા લોક બાંધે આંડીઓ; મોકમ તારો છે માંટીઓ. ઠગનો ઠગ ગામે ઠાકરો. અમાંડયો અમલ એનો આકરો. ફાંકાં મારવા એતો ફોક, હસે ગામ બધાના લોક; એવું કામ અમે નવ કરૂં. વગર મોતે શા માટે મરૂં, ફરૂં ગામ બધે ફેરીએ, નહીં આવું તારી શેરીએ; છઇઆં છોકરાં માને બાપ; તે દુઃખ પામે આપો આપ.

છપો—નારી વેંધાવે નાક, નથ એક તેમાં ઘાલે; કાળુ કાજળ આંખ મુખ આંજીને માલે, મુખ ઉપર નહી મુછ, દેહ શોભે નહી દાઢી, પોથીનાં બાંધે પાઘ ઘણા ગુણ લીધે ગાઢી. નારી નાહે તે નગન થઇ, વરણાગણી વધુએ વશી; નીચ સ્વભાવ નારી તણા લાજ લાજ મુરજાદ તેને કશી. ચોપાઇ—વાત રાવળના મનમાં વશી. હાથ ઝાલીને હસી તન મન ધન સોંપ્યુ તેહને, પ્રીત થકી ચોતે દેહને કાયર થઇ તું બીહે છે કયમ સાંભળ મુરખ તું મારા સમ વગડે જે પકાવે ઘાટ, ઘણા ઉપાયે શીવતા ઘાટ, હવે આજે કુંવર

પરજેહ, નીચ માણુસ સાથે કરે નેહ; અભક્ષ મદીરા પાન જે પીએ ખળ પાપ, જે માથે લીએ. બ્રાહ્મણુ સ્ત્રી ગઉહત્યા બાળ, પશુ પક્ષીનો આણે કાળ; નંદ નાતરે દંડજ દીયે ભાંચ નાત તણી જે લીએ. તાન ભાગે ને નાતને વાય નાત જે ચુગલી ખાય; નાત જમાડતાં વધરો કરે નાતનું ધન હાકેમ ઘેર ભરે. નાત સાથે કરે મોકમ પાણી કરે પહેલી બ્રાહ્મણુ તણી; બ્રહ્મ નિંદ્રામાં નીનો રહે, ખટ શાસ્ત્રને ખોટાં કહે, એવાં પાતક માથે લેઉં આંચ આવવા તુજને દેઉં; વિપ્ર સાથે રાખે વેર, કરે કુટુંબી ઉપર કેર. વેચે ભુમી ને વેચે ગાય, વેચે પુસ્તક ચીતમાં ચાય; ભાગે ગોચર બાંધે ગામ, ટાળે સાધુ જનનો ઠામ કરે દુધ પાણી એકઠાં લુંટે જોગી જતીનાં મઠાં; ભાગે મળતા વેવીશાળ, માત પીતાને દે જે ગાળ, કરે ધેનુ વિષયપર કોપ, કરે સાધુની લજા લોપ; ખોટાં છે કહે દરશન પાપી દેખી થયો પ્રસન કલરુ થઇને કુકુ કળે, રુડા જન દેખીને બળે, પીલે શેરડી પીલે તેલ, ખરા સાથ કરે ખોટા ખેલ મહુડા ચોમાસે રાખે. લેખા વીના ખત ખોટાં લખે; એવાં પાતીક માથે લેઉં, આંચ આવવા તુને ન દેઉં.

દોહરા—રાવળ રુદેમાં રીજીયો, હઇડું ન રહ્યું હાથ; વચમાં ઇશ્વર આણીયા, સ્નેહ કરયો તે સાથ. વચન જશે જો તાહરૂં, તો મારો જાશે જીવ; તારે ગઇ તો તેડજો રુડું કરશે શીવ વિનતાએ કીધો વાયદો, જે ન્હોગો પડશે દાઓ; નીતે આવજો માગવા નિતે ગાણુા ગાઓ. એ વાત તો ઇહા રહી, કઉતક એક બીજુ હોય, અકરમાત વિનાશ થયો કળી શકે નહી કોય.

ચોપાઇ—ગામ પટેલ એક નામ, કરે ચીતવ્યાં ભારે કામ; કુટુંબ કબીલો પ્રરથ જ ઘણો, પટેલ પરાક્રમી પુર જ તણો. જુવંતી ઘરમાં જોબન વેશ, પુનવતી પ્રાક્રમ પુર પેસ, સાસુ સસરો સરવ સમેત બાધા સજનને હઇડે હેત. દયાવંત દાતારી દશો કુડા બોલ બોલે નહી કશા; કામની કામ રુડા નીત કરે હેતે શંકટ સાજુના હરે ભામની કેરા શા કહુ ભોગ, રઉરવ આંખે વાધ્યો રોગ; ખરૂં દુખ પામે ખેદના, વીંછી થકી વાધે વેદના. પરેમદા પીડા પામે ઘણી, ધિંગો માથે ધોરંધર ઘણી; ગુણીજન પુછાં ગામે ગામ દાડી ખરચે ઝાઝા દામ. પોથી છોડાવી જોયા જોષ, આદ્ય નિંદ્રાના દાખ્યા બહુ દોષ, ગ્રહ પનોતી પુત્રી પુત્ર, નીમેશ માત્ર ન રાખી તુન્ય, ઉમા માહેશ્વર શીવ પુજન, નિત્ય કરે બ્રાહ્મણુ ભોજન; એકે અ.રથ કોથી નવ સરે હવન હોસી ચંડીના કરે. અક્ષત કે અદીયા તણા, ગુણીયા ગારડી તેડયા ઘણા.

દોહરા—તેડયો વજુવો વાધરી. દેઇને ઝાઝાં માન, પટલાણી સાજી કરો તો દીધું જીવતદાન પ્રથ્વી કર પસાયતે આપું આંબા સાત, પાંચ વસ્ત્ર આપુ પહેરવા ખરી વધારૂ ક્ષાત મુછે હાથ તેણે ધરો દેખે બાધુ ગામ આજની રાત સાજી કરૂં વજુવો મારૂં નામ. અંધારી ચઉદસને દીવસ પુજ મંડાવી પ્રીત. મંડળ મુંડ મેલડી રાજવીયાની રીત પનદરશેર અડદનું પુતળું. દીપક કર્યા દશ વીશ, ભુવા ઘણા ભલી ભાતના, ચોવટ નાંખે ચીસ કરા કડકડા ત્યાં ડાકડા, ચોળે પાકા તેલ. કરી ગુગલની ધુણીઓ, રંગ તણી બહુ રેલ, દસ જણુ વાહે ડાકલાં, ત્રણ જણ વાહે તાલ; ચેટક નાંખે ચીસો ઘણી: ફરી ફરી નાંખે ફાળ જીભ વાદે જુગતે કરી; ખડગ ઉઘાડયાં હાથ; રેલ વાળે રુધિરા તણી; બોલે નહી કો સાથ; કાયરનાં હઇડાં કેમ રહે; ઠરે નહી કો ઠામ; કઉતક કીધુ કે કારસું; જોવા મળીયું ગામ; તે સમે નઉકા નારીએ; વેદ વીજારી વાત. રાવળ રાગ કરનારને, તે વેળા તેડયો તાત. ઘર નાનું ધંધોલીયું. સુંદર પાથરી સેજ, દાવ પડયો તે દાડલે હઇડા સાથે હેજ

ભરથારનો ભય ભુલી ગયા; દીસુદી આણ્યો અંત. ઘડી બે ચ રેક પાછલી, પ્રીતે હવો પ્રભાત. કામ અંધ દેખે નહીં. વિભીચાર કરે વિચાર. આવરદાગે ઉગરે. મોકમ આવે આર સતની વાત સમજે નહી; સતવળા એ શરમ સો ગાઉ સમજે નહીં, ધારે નહી મન ધરમ. રામા ને રાવળ બેહુ; સુખ સાગરમાં સાર; ઝીલે એકાંતે જોખમાં; સાથે ન ગણે ભાર. તે સમે શું નીપન્યું; ગામ ગામ પટેલને ઘેર. ચતુર ચેટક કાઢીસું, પ્રગટ થયું પુન્ય પેર. નાર નેત્ર થયાં નીરમળાં: હેતે ઠરીયું હેમ; દરદા રોગ દોવટ ગયા; ખરૂં તે કુશળી એમ. ભુવો વધાવે ભાવથી, કણબીએ કરુણા કીધ: પાંચ વીઘાં પસાયતુ દીવ્ય પામરી દીધ. મળ્યાતા લક્ષધા સજન સહોદર સાથ; હેત પ્રીતને હોંશથી; ઉપર કીધો હાથ. વાધ્યો વહુએ વાઘરી, જશ વાધ્યો બાધા જગતમા: પ્રતાપ વધારો પુર; તે વેળા તેની ઘડી ગુણીનુ વધીયું નુર. ઘર સુધી પટેલ વળાવવા; લાયક સાથે લોક; નર નારી સહુ વમળી કરે; સમીયો જેવો શોક દસ વીસ દીવા દીવીઓ, ડાકલાં વાગે દસ બાર. ટપ ટપ કેસ તેલે ચુવે; કંઠે કુસુમના હાર; હસે રમે સહુ હેતથી ઉડે અબીલગુલાલ; નાચે ભુવા તે તરવમાં, વાગે કાશી તાલ; ઉદો ઉદો કહે અધીક જન; માણે છે મંદીર માંહે. રામા નઉકા રાવલો; તરફડીયાં બહુ તાંહે; અરે દઈવ હવે શું થશે નર નારીશું નેટ જસ જીવ જર જોખમાં; પડયો ધ્રાશકો પેટ. તરત તરવારો ગ્રહી, કરવા માંડી ઘાત; છેલે કયારે પાણી ગયું વંચાની શી વાત. ઓહો જોર બીહામણા, જોરાણા જમદુત; જોતાં મુઠે કેમ જીવતાં ભુવો ભંગત ભુત શુક કહે શેઠાણી સાંભળો, વારૂં વીગત વાત, કલોલ કરતીતી કામની, વરતો માંહે ઉતપાત. જોખ કરતાં જાણ્યું નહી; અટકી આવી આંચ: બારણે આવ્યાં બહુ જણાં, પટેલ સહીત પાંચ. જીવે કમ એ બે જણાં, કેમ પતી પ્રણમે પાગ; સતી કહેવાય કેમ સુંદરી, જડે તો કહો જાગ. ગુણ વાધે કેમ ગામમાં; પટેલ જોડે પ્રાણ, કર જોડે કેમ કંથડો વીનતા વદે કેમ વાણ. રામા બોલી રીસમાં બોલે જુદા બોલ; ચઢયાં કલંક કેમ ઉતરે ધંટા ન વાગે તોલ. આયુશ તેનું આવી રહ્યું શું હરે દૈત્ય; લક્ષ કોડ વીસે વસા સ્વામી દેશે શીશ પોપટ કહે પ્રભાવતી રહો આજની રાત સારી પેરે શાખવું; વેદ વીતરી વાત. હાથ હશીને જોડીયા મુકયો ગરવ મન ઘાટ; તું કહે તો જાવું નહી; આજથી દાડા આઠ ચોપાઈ—જાર જીવ તજે જેટલે; તરણી તરત ઉઠી તેટલે; રમે પ્રાણ તજોજી તમો બાર ઉઘાડી જાઓ અમો. સુર પુર નોધારો થજે; જરુર દાયો પડે તો જજો; ઉઘાડી બાર નારી નીસરી; મેલાજ મુરજાદ સરવે વીસરી. માનની મનમાં થાએ મગન; નીશંકપણેથી છેક નગન; કામની છુટા મેલ્યા કેશ. વરણાગણી છે જોબન વેશ; ચરણા ચોળી કે ચીર; છેક ઉઘાડુ શદ શરીર; ચીસો નાંખે ઘસતા હાથ. ભુવાને ભરાવી બાથ. મરડતી હોઠ કરડતી દંત; કરડવા માંડયો પોતાનો કંથ; વળતી ચોટલે મારી માર, ભુવાનો ભાંગી નાંખ્યો ભાર. કઉતક જોવાને કારણે બહુ લોક મળીયાં બારણે; કામની નગ્ન આવી કેમ ચકી કોઈ દીન મુખ દીઠુ નથી. રામા ઉપરં ન કરી રીસ; ઢાંકયું અંગ ને ઢાંકયું શીશ; જણ દસ બાર આવ્યાં વચમાંહ તરત ભુઓ સુકાયો તાંહ. આસ્વાગત અદેકરી કરી આસન માંડયું તે ઉપર ઠરી; ભામનીએ ભેદ ભારે ભણ્યા; જારે તો અગીયારા ગણ્યા. હેતે પટેલને જોડયા હાથ. સ્નેહ કરી બોલ્યો તે સાથ; કો બાઈ કારણ કોણ; એટલે દીવસે આવ્યા ઓણ. ડાકણ સાકણ દેવી દેવ; ભુત પરેત કે શકતી શેવ; વંતર વેશી કે છો વીર સંધ શક્ત કે છો કો પીર; ભુવા સાથ ચડવા ચાહો છો; કયાંથી આવ્યા ને કયાં જાઓ છો મુજ બોહ માટે ઝાંકસે ભુવા તુજને બાળી નાંખશે. માટે કહે તું તારૂં નામ: અહીં

આવી છે કોણ જ કામ; જુવતી તે તો નીચુ જુએ; કુટે શીશને ધાડે રએ. વીનતાએ ર-માડયો વેશ; તોડી નાંખ્યા શીરના કેશ નામ કહેતાં લાજુ છું અમો; ફરી ફરી ન પુછો તમો; પટલે પ્રેમદા તેડી એકાંત ભાગવા પોતે મનની ભ્રાંત; અહ ગઉહત્યા ધણી કહે વાત તારા મન તણી. એ પાતીક તરુણી તુજને નામ તારૂં નવ કે મુજને; તું કહે તે કરૂં હું દીશ. તુજને સમ તે મારે શીશ. દોહરા—નારી કહેરે નાહોલા; સો એક દીધા સમ એકાંત આપણ બે જણાં કુક્કુ બોલીએ કયમ. સોળ વરસે સુત જણ્યો. ગુણ્ય ફેરયો બહુ ગામ; પરણી તારી હું પ્રેમદા; જીજી મારૂં નામ. સુવાવડમાં સાતે દીવસે; માનની પામી મરત અવગત વેતર વંસે થઇ; તારા ધરમાં તરત. બેહીને બીજી લાવીયા; સોહાવ્યા શુભ શણગાર લટકાવે લુગડાં માહરાં ખરો મુજને તે ખાર. પહેલી તમારી ધરધણી; પરેત જાત છે પાસ રીસ ન કરસો રાયજી; સમ્દીધે કહ્યું સાચ તેનું નામ ન પુછશો; ધરમાંનું ધરમાં હોયે; અમે રહીએ સહુ એકઠાં; કુટુંબ વીના નહી કોયે. સંહાર કરવા એ શોકયને દઇએ છીએ દારુણ દુખ તન જોઇએ છે તમ તણું; ભાગે મારી ભુખ. વગોવાયું છે એ ભુએ કુડા કરીને કોપ; પેસવું ધરમાં નવ પામીયે, લજા કીધી લોપ નોકા એની નાર છે, અદકી લેવા આંચ; ભક્ષ કરવા ભુવા ધરે; પરવરીયાંછું પાંચ. રડે ધરમાં દેવીનું, મેલડી કેર માન; નૌકા સેવક તેહની, દે દેવીના દાન. નૌકા મારી નવ શકયા, જરૂર ઇહાંથી જાઉં પ્રથમ વહુવો વાધરી, ખાંતે તેને ખાઉં, એના ધરમાં આઠ જણ, તેને દુખ દેઉં તરત; લક્ષ કોડ વીશે વસા, માસ એકમાં મરત. સંહારૂ વળતી શોકયને ભાગુ તારૂ ધરસુત્ર; પામે દસ મા-સનો, પેટ મારાનો પુત્ર બોધો કહેરે ગોરડી, ઉતરાવું શીશામાંહ, ડાટુ જઈ મશાણમાં, તન તપાવું તાંહ. કામની કહે કંથ સુણો, ભુંડા તજ મું ભેદ; જરૂરપણે હું જાઉ છું, વાચા દીધી વેદ, નરપતી જાઓ નરમદા, જગ્ન કરો ત્યાં જુકત, પુતળવીધાન પ્રીતે કરો; માણીશુ અમો મુકત નારણબળ નેહે કરો, પીત્રી સંતોખી પ્રીત; નાહો નરમદા નેહથી, રૂડી શાસ્ત્રની રીત. અમો ફરી નહિ આવીયે, વેરની ન કરીએ વાત; સપુત પુત સોહા-મણા; શોભે શોકયને સાત, જ્ઞાની નર નારીએ, કરી ઘણેરી ગુજ. જગત બાધુ જુગતે જુવે, સમજે નહિ કો સુજ. અરસપરસ કોલજ કર્યા, સમસગરા સત સાત; ત્રીજું કો જાણે નહિ, વિનતા કેરી વાત. સાચી થઇ તે સુંદરી, કરી લાખેણી લાજ; મંદીરમાં ગઈ તે માનની, કરયું કારમું કાજ. સહુસહુને મંદીર ગયા, જાન નરબદા નાચો; કામની કહુ તેમ કરુ, લીધો લાખેણો લાઓ. વઇતર વઇકુઠે વસ્યા, પિત્રી પામ્યા પુન્ય. ઘેર આવ્યા ગામ જમાડીયું નેક રાખી નુન્ય. ભાઇબંધ ભુવો કરયો, જોઇ દેષની જાગ; આઠમ ચઉદશ દીવો કરે, પ્રીત્યે પ્રણમ્યો પાગ. ગુણ વાધ્યો બધા ગામમાં, નઉકાનું થયું નામ; ભાવક જન કાઢી ભુવે, તે કામની કેરાં કામ. સંક્ષેપે સમજાવીયો, વહુવાને પટેલ આપ, આજથી આયુષ ભોગવે, પ્રેમદાને પરતાપ. જશ વાધ્યો બધા જગતમાં, નિરમળ નઉકા નીર; કર જોડાવ્યા કંથને, શું કહું વારંવાર. શુક કહે શેઠાણી સાંભળો ગુણ ગોવીંદના ગાવ; એવાં આક્રમ આવડે; તો જરૂર જાઈએ જાવ. સાભળ રખીયલના સુત રાજવી; મનજી સુત મેરાણ; વાસણ વંશે અંશપત; ઝવેર જાણ સુજાણ. બ્રાહ્મણ ભાટ ચારણ ચતુર કહે કવિતા કરજોડ; સામળ કહે બોલો સહુ જે જે શ્રી રણછોડ.

—※○※—

વારતા ૭૨ મી.

દોહરા—શ્રીમુખ સેવુ સરસ્વતી; મયા કરો મેરાંણુ. ત્રિગુણ પરઠયા તેહથી વિદ્યા રૂપ વિખાણુ સુધ બુધ જે નારીયો; મહાકાળી જેની માત; ગુણવત્ત ગુણનો આકળો; શ્રીપુરારી જેનો તાત; દુંદાળો દુખ ભંજણો શુંઢાળો સમરથ; પુજ્યો નહિ જેણે પ્રીતશું; વપુ ગેરશું તે વ્રત; રાખે કરણ સીવ શક્તીનો; જાપજ પુજા થાય; શુક બોહોતેરી વરણવી; કહે કવી રહુ કથાય. બોતેરમા દિવસે બાળકા; વચન પાળવા વેદ; નીશંક પ્રકારે નીકળી; ક્ષણ માત્ર નહિ ખેદ. વીજારૈ વિદ્યા વખાણજો; કહું તે કરવું કામ; વણીક વિસાનાગર તણા; છાબાં નામ છત છાપ. પરણાવી પેથા ઘરે; બકો તેનો બાપ સારુ કરવા ગઇ સુંદરી; નરતુ થયું નિશંક. પડીતી ઉંડા ગૃહમાં વીશ હજાર વંક; એકે નોતો આશરો; જીવ્યા તણો જરૂર; ચારે કાંઠે ચારે દશા; પુરણ આવ્યું પુર. મારી નાંખ્યું મોતને બુદ્ધિ તણો બનાવ. તરત તે તરી નીસરી; કરી વીજારી નાવ; દુશમન સહુ દોહોવા ગયા; લઇ ન શકયું કો નામ; કદાચ કાંઇ સંકટ પડે તો કરજો તેવું કામ. ચરણ ખેચી ચતુરા રહી; ધારણા રાખી ધીર; કામની કે કથા કહે તું કુળવતા કીર; કવણ છાબાં પેથો કવણ; બકો તે તાત. કવણ સંકટ પડી તે સુંદરી; કવણ વીજારી વાત. દાહાડી કરતિતી તેમ કરૂં; છો ઉપર તે છેક. વખાણે ચોપટ વારતા; નારી ચરીત્રના નેક ચોપાઇ—ઇશાન કુણ ઇડરીયો દેશ; પુષ્કર ગામે પુર પ્રવેશ; બીઠો મહેડો રાજસરી રીત; પરજા પાળે પુરણ પ્રીત; વણીક વાસા ગામે વસે ધરમ મારગ ઊપર તે ધસે; તે નાતે કન્યાની ખોટ; પામે કન્યા જો ખરચે મોટ; પયાઓ પ્રેમદા પરની છાબા તે રુપવતી ઘણી; કુટુંબ કબીલો અસ્તાવટ ઘણી; માથે મન ભાવતો ધણી. નાર નારીમાં જાજો નેહ; દેવાંશી સરખા બેની દેહ. ઘણી લક્ષમી ભારે ઘરસુત્ર; પેટ નથી પુત્રી કે પુત્ર; દેવ દેવસ્થળ બાધા બહુ; સગાં સહોદર જુવે સહુ. પુછ પુછારણે ખરચે બહુ દામ; પણથી અરથ સરે નહી કામ. વનો વઇદ એક ગામે વસે; મોટા મહીમા તેનો ઘસમસે; જાણે સરવ જડીબુટિયો; કરે કુવાથ તણી કુટીયો; વરણાગીયો જોબન વેશ; કાળો કહે સહુ બાધે દેશ. એક દિવસ મળ્યો વાટમાં; નાવા જાતા ગંગા ઘાટમાં. અધીકારો તણી છે આડ; તે નારીએ દેખાડી નાડ. ભારે કરમના કાંઇ છે ભોગ; રઉરઉ કાઇક વાધ્યો રોગ. કે આખર આવી અડયું; કે પ્રાચીત પેલા ભવનું નડયું; કે વનીતા એ છે વાઝણી. કે ઘરમહીણો છે ધણી પરણું પરણું કરે છે નીતે; તેની ચીંતા મુજને ચીતે. ઉપાય તમો કહો તે કીજીએ; જે માગો તે દીજીએ. ગુણવંત કહે છે બધું ગામ; કરો સ્વારથ મારુ કામ; દોહરા—વનો કહે વિનતા સુણો; સાચો કહું એક સુત્ર; ઉપાય કરુ ઓખદ તણું; પામીશ રુડા પુત્ર. મારે જોર ઓખદ તણું વનસ્પતીમાં વાસ; અડાક ભારને ઓળખુ; પુરણ પુન્ય પ્રકાશ. દોહરા—ઓખદીએ પારો મરે; ઓખદી ટાળે રોગ; હડતાળ મારે તે ઓખદી; ઓખદી જાણે જોગ; રસ એટલે તે ઓખદી; અમરત ઓખદ જાણું; અમલ ચડે તે ઓખદી; ખટરસ હરે ખાણુ; તે ઓખદ આપુ તુને નારી. તુજને નેટ; પરમેશ્વર પ્રતાપથી; પુરણ ગરભ રહે પેટ; તું શું આપે મુજને શું બોશીકલ થાય; તારે મુખથી તુ કહે; નિરમળ ગંગા નાહ; સુરજ દેશ સાખી ગુણવંતી ગંગા; રાધે કૃષ્ણ સાખી શીવનું લીંગ સોએક સમ ખાધા સુંદરી; બોલી અમરત બોલ. તે વેળા વની કહી; કામની આપો કોલ; ચતુરા કહે ચુકુ નહી; કોલ કરુ નહી ફેક; ત્રણ દીવસે સોંપશું; સાત ક્ષીયા રોક; પ્રતિજ્ઞા કરી પાંચ સહે; કોલવાર આ કીધ; ગરભ ધારણી ઓખદી; લ્યો

કરીને દીધ. હું કહું તેમ કરજો તમો; રતુ શમેતી રીત; ખાજ ખાટુ ખાશો નહી; જાળ-વજો કહું વાત; પાંચ દીવસ પ્રસન્ન કરી; દુધ સાકરને કુર; સ્વામીની. સેવા કરી; પ્રગટ થશે સુર. અરસપરસ વાતો કરી, પ્રીછવા પુરણ પેર; ગંગાજી નાહી ગયાં; ગુણવંતી આવી ઘેર. સાત દીવસે રતુ સમો; ઉત્કટ અહેશ થાય; વઈદે કહ્યું તું તેમ કર્યું; ખાંતે ઓખદ ખાય. કરતા તો કીરતાર છે; હરીનું જે પર હેત; જુઠા માણસને શીરે; જશ કે અપ-જશ કે લત. લીલાટ લખ્યું તેમને; હઈડા માંહે હરખ; તેજ વધ્યું ત્રીયા તણું, જેમ ઠાસ્થ દતના વરખ. સાસુ સસરો રીસે બળે વહુનો કાઢે વાંક; પરપુરુશું પ્રતડી, એ તો આડે આંક. ધીરે નહી એકે ઘડી; પલક પલક જુવે પુંઠ; માંદી તેનો મંજુરીયો, છેક મળે નહી છુટ. છાબાને માસ છઠો થયો. કુળાચાર કરે કયમ; પેલુ વચન કે તેમ પળે; સો એક ખાધા સમ. અકળામણ અદકી કરુ; ઘણો ઘડે મન ઘાટ; કો આગળ કહી નવ શકે; જુવે વઈદની વાટ. નાતે જશ નારી તણી, અઘરણી છે અદ; કુળાચાર શો નવ કરે; સરવ પ્રસન્ન છે સદ. સાસુ સસરો સરવકો, કે કરીએ શુભ રીત; વચન જાયે વનિતા તણું; પ્રેમદાને નહી પ્રિત. ગોરાણી એક ઘર તણી; છાબાં પાસ આવી છેક; ડાહીએ વરતી પુછીયું નારી કેરા નેક. શામા નવ શરમાણી શા માટે રાખે રીસ; પ્રસન્ન થાય પરમેશ્વરી, પ્રસન્ન ઉમીયા ઇશ. આજનો આનંદ અતી ઘણો; કોપ કરે છે કયમ; સાચુ બોલ સલક્ષણી; સો એક દીધા સમ. કરજોડયા તે કામની, આપે ગયાં એકાંત. પેલી વાત સરવે કહી, ભામ-નીએ ભાગી ભરાત કહી પ્રતીજ્ઞા પોતા તણી, કહી વઈદની વાત; ઓસડ આપ્યું તે કહ્યું, શ્રીમંત રહ્યું સાક્ષાત. તેહ વઇદને તેડવા, સોંપાવું તન મન ધન; સંતોખુ તે વઈદને; માને મારુ મન. તે વાતે સુરજ સાખીયો; સાખી સીતા રામ; તે માટે તન તજવું પડે કરવું છે તે કામ સાસરીયાના ડર દોહલા; દોહલા દુનીયા લોક; તે માટે ઉરખ થતો નથી; સાભરે તે તે શોક. માત તાત ને ભ્રાત તું, તું આરાધન ઇશ; દુખ ભંજન દાતા તમો તારે ખોળે શીશ. રુપિયા શત રોકડા; હેતે આપવા હાથ; વપુ સોંપવું વઇદને; સ્નેહ કરવો તે સાથ ગંગા ગોરાણી ગુણનીધી; પ્રીછી સરવે પેર; કામ કરૂં દીન પાંચમાં; મેળવું મારે ઘેર. છાની છાની વાતો કરી; હેતે મંડવા હેઠ; નેવપરથી અવલોકીયુ; જેઠાણીને સારી ઘડ સમજ્યા નહી, કાયક સાંભળ્યું કાન; ભાર પડયો તન તેહને; વેર ભારે છે વાન; વિશ-વશા કર્યો વાયદો. પુનમ દીવસે પ્રીત; પીયર જાતાં પધારશો રુડી છે એ રીત; તેડી લાવુંછું તેહને; કરવા તારુ કામ; પ્રતિજ્ઞા તારી પાળજે; ઠરાય કરી તે ઠામ; ગોરાણિ તે ઘેર ગઇ; મળી વઇદને વટત; છાબાં સાથે વાતો કરે; તે સાંભળવા તરત પોર વેળા પુનમ દિવસે પ્રેમદા આવશે એક; વચન તમારુ પાળજો. સમખાધા હોય સદ ને વઇદ વિચાર્યું પુન્ય તણી એ પાસ; નારીનું વચન પળે નહી, સખી એ શાબાશ પારખું જોયુ એ પ્રીતનું સહજ સમાવું શોક; જાઉ જરુર જોઉ ખરૂં. સાચું છે કે ફોક. ચોપાઈ—દેવ પુનમ તો આવ્યો દીન; માનવીએ વિચારયું મન; ગોરાણીના ઘરમાં જવું; આપ વચન ઓશિકળ થયું. ગીસ્ત વચન માણસનું ગયું. વળતી તેમાં શું દઈવત રહ્યું; પોતાનું વચન નવ પળ્યું. બહુ જીવત તેનું બળ્યું. ગયું વચન જેનું ગરકમાં; નર નારી નિશ્ચે પડે નરકમાં. એમ વિચારી તત ખર થાય. જુવંતી પોતાને પીયર જાય; નારી કહ્યા પાકી નીસરી; સ્નેહ વાત સરવે વિસરી. પુરણ જેઠને સંદેહ પડયો, અધિક ચરમા જોવા અડયો. ગોરાણીના ઘરમાં ગયા; નીશા જેઠને પુરી થઇ; બહાદુર પુરુષ કોયક બારણે; કાંયક કપટ તણે કારણે; વિચાર કરીને પાછો વળ્યો; માતા પિતાને જઇ મળ્યો; ભાઇને તેડયો નેટ. જુલમ વાત તે બોલ્યો જેઠ;

વહુ વરની સાંભળવા વાત; અદકા મેં દીઠા ઉતપાત; ગંગા ગોરાણીના ઘરમાંહ; તહાં તો પુરુષ એક દીઠો તાંહ. કાંઇક સંકટ તણે કારણે, એણે સંકટ કીધું બારણે; માગ પુન્ય માંહે નહી લેઉ; ડાવાને દેખાડી દેઉ. સાસુ સસરાને ધીંગો ધણી; તેણે શીમાશણુ કીધી ઘણી; કેટલીવાર કહું શું કથી; નીચ બુદ્ધિ એ વહુવર નથી; છાયા ભૂંડી નથી એ છેક; વટલાડ રાંકનો વડો વિવેક; કામની કરે નહી કુડાં કરમ; ધારેછે એ સઘળા ધરમ. સોવસાએ વહુ છે સતી. મહા રિસાળ ફેરી ગતી; પાપી જેઠ કહે જુઠો મઘુ; ચાર પ્રકારે સુણી ચઢુ.

દોહરા—સાસુ સસરો સ્વામી સહીત; જુઠો જુઠ્ઠમી જેઠ; ગોરાણીને ઘેર ગયાં; ઠગ વિદ્યામાં ઠેઠ. વનો વઇદ વરણાગીયો; જાણીતા જુગ માંહ; ગંગા ગોરાણીને છાયાં; ત્રણે જણ છે તાંહ. બારણું ઠોક્યું બારીએ; નારી ઉઘાડો નેટ; ચતુરાએ દીઠા ચાર જણ; પડયો ફાસકો પેટ. પોપટ કહે પ્રભાવતી; આવ્યા સાસરીયા આપ; કામની ઉત્તર કેશે કરો; જડશે સો જવાબ. માંટી ગમતી કેમ માનશે; સસરો કયમ કહે સત્ય; જેઠ તે જુઠો કેમ થશે; ચેરેમદા કહેરે પાચ્છ ગોરાણીને ગુણ કેમ થશે; વઇદનાં કેમ થાય વખાણ; કેમ સાસરીયાં સહુ નમે; કેમ શાભા થાય સુજાણ. શેઠાણી કહે શુક સુણો, સ્વપ્ને હેત ન હોય; પ્રતિજ્ઞા કરે પાંચસે; કપટ ન માને કોય. વઇદના જીવને જશ જશે, છાયાં તે મારશે શેક; ઘર ગોરાણીનું જશે; ઉપાય બીજો નહી એક. શુક કહે સાંભળ સુંદરી, રહો આજની રાત; તો સારે પ્રકારે શીખવું; વીજાર વિદ્યાની વાત. ચઉદ વિદ્યાએ ચતુર નર કથા કરણ; તું કહે તો જાઉં નહી, દીવસ સામટા ત્રણ.

ચોપાઈ—સસરે સાંકળ ઠોકી જેટલે; ત્રણ જણા ધ્રુજ્યા તેટલે; અરે દઇવ હવે શું થશે; જીવ અખુટે સહુનાં જશે. કંથ પોતાનો કરશે કેર; આવ્યા જે લેવાને વેર; કોઈ કહે પાળી મારીએ; વઢતાનો હાડે હારીએ. વઇદ કહે ખાધું વછનાગ; લેશ નથી જીવ્યાની જાગ. ગંગા કહે રખે કો મરો; કહે તે એક ઉપાયજ કરો. સ્ત્રી ચરિત્ર રમાકુ અમો; સમ ખાવું તેમ સમજો તમો. તે વેળા ને તેની ઘડી; પ્રથવી ઉપર નારી પડી. અવની ઉપર એંઠું નાંખીયું; અરે અરે મુખથી ભાખીયું. વઇદ ઓસડ ઘસે; બાધુ કરતી ગોરાણી ધસે. શીઘરે ઉઘાડયાં બાર; તેડયાં ઘરમાંહે જણ ચાર; દીધી સાંકળી તે ઘર માંહ. તરૂણી મરવા નાંખુ તાંહ. સાસરીયાં કહે શો ઉતપાત; વિસ્તારી કરે વહુની વાત; સાજી તાજી આવી છે એહ. ઘડી એકમાં તજે નહી દેહ; પરપુરુષ તે તેડયો કયમ; સાચુ ના કહો તો મારા સમ; તે ગોરાણીએ કુટયું શીશ; ગાળો દીધી છે દસ વીસ. ચંડાળ રૂપ તમો છો ચાર; ભાગ્યો તમારા ઘરનો ભાર; નાત જાત માંહેથી જશો; ઘરબાર લુંટાશે દુખીયા થશો; કોપ્યા છે તમ ઉપર ઈશ; હત્યા બેઠી તમ શીશ; ભારે કાંઇ મરશે વહુ; ભૂંડા ભૂંડા કહેરે સહુ. ડહે રાય; બાળહત્યા એક બીજી થાય; સસરો કહે મરો શા માટ; જાતીતી પીયરની વાટ. ધરમ મત ગઇ તાહરી; મોટી વાત સાંભળ માહરી; સાસુ વહુ સવારમાં; કોપ ઘણેરો કીધ. વઢી પડયાં બે વેરમાં; દાવ મેણાં દીધ; માઠી કહી એની માતને; કલંક ચઢાવ્યાં કોડ; પેટ ગરભ નહી પુત્રનો; ખોટી દીધી ખોડ. કામની રોઈ કળકળી; લેશ જડયો નહી લાગ. મઇ સાઠ બાર આસન કરયા; વહુપે તો વછનાગ. રખવાઇ તે નીસરી; જાવા પિતાને ઘેર; આવી માંરે બારણે; લાખેણી લેરઠી. ખમા ખમા મેં તો કહ્યું; તેડીકુમંદીર માંહ. વાહીને પુછી વારતા; તોલ કરયું મેં તાંહ. કરતુંત સરવે માંડી કહ્યાં; પોંચે ચુણીયાં પાપ; સસરા ને તેડો તમો; તેડો મારો બાપ. મન વિચાર્યું માહરે; આજ ઘડી જો થાય; કહ્યું કરોડ ... ; જીવ જીવંતીનો જાય. દીવાન ... તો ... ; ... વાત. ... લોક

ફર ફર કહે; તડે પોતાની નાત. વનો વઇદ વિષ્ણુ સમો; ઇશ્વરનો અવતાર; તમારા પુન્ય પ્રતાપથી; દીઠો ચંદાતાર. ધનંતરથી ચોગણો; ગીત પરમેશ્વર પુન્ય; દુખ ભજન વિક્રમ સમો; નિમેષ માત્ર નહી ન્યુન. પાગે એને પ્રણમી; વિગત કહી મેં વરત; વિખ વળ્યાથી વિહ્વા કરી; પાયુ ઓસડ તરત. સાસુ સસરે સાંભળી; વહુવર કેરી વરત, ગોરાણીનો ગુણ અતી; તું તો મારી માત. વિખાણ કરયાં ઘણા વઇદનાં; જીવત આપી જાગ; પ્રદક્ષણા પંદર કરી, પ્રિતે પ્રણમ્યા પાગ. દેવરૂપ ડાહ્યા ઘણું; દીધું જીવતદાન; વહુને વમન કરાવીયું; કાઢયું છરીનું ધાન. અમારા ઇશ્વર તમો; કર જોડી કહું કરગરી; ચરણે નામું શીશ, અધીર ઓપમા કહું શું કશી; મોટમ શા દેઉં માન; તન મન ધન સોંપું કશાં. જો દીધું જીવતદાન; સરબદે પાયો સાકર તણો; ધાણુક પાયુ ઘ્રત. નયણાં ઉઘાડયાં નારીએ; તે વેળા ઉઠી તે તરત. વાજ કરી તે લખ વસા; પીયર જવા પ્રમાણ; સકુળની સાચી સતી. વહુનાં કરવા વખાણ; અન્યા અનરથ અતી ઘણો; અધરમી આડે આંક; ગુનો બક્ષો તમો ગુણવંતી; વડો અમારો વાંક. સત રૂપીઆની સાંકળી; ઉપર રાહ્‌જ એક; મેલી મુખ આગળ વઇદને, છ.બાં ઉગારી છેક; વનો વઇદ વાણી વદે; હેતે ગ્રહ્યું તહી હાથ. પુન્ય કરૂં પરતારથી; સ્નેહ કરસો તે સાથ. કોણ કપટ ન જાણીયુ: પ્રીછ્યુ નહી કો પેર. પ્રીત થકી પાંચે જણા; ગુણવંત આવ્યા ઘેર. શ્રીગોડ માળવી વિપ્ર શુભ; વિદ્યા વાણી વિલાસ પિતા પરસોત્તમ તણા; કહે કવિ શામળદાસ; શ્રોતા વક્તા સમજતા- કહે કવિતા કરજોડ બુધ નીધાન બોતેર કથા; પુરણ થઈ જે જે શ્રી રણછોડ.

—❋—

તોતેરમે દિવસ શેઠ આવ્યાની વધામણી.

ચોપાઇ—તોતેરમે દિવસે તારુણી, કામ પુન્ય તણી કારણી: કૃષ્ણ કથા કિર્તનકારણે, બુધસાગર બેઠી બારણે. ગોવિંદ કેરા ગુણ ગાય છે, કથા કિર્તન રૂડા થાય છે; સદાવરત આપે તે નીતે; ચતુરભુજનુ ધ્યાન ધરે એક ચીતે, ગોર ગોરાણીને દે છે માન. દયા કરી આપે છે દાન; મહીમા પામે છે માગણાં; અધિક જાચીક આવે આંગણે; ખરે દલે પુજે ખટ દર્શન; પરમેશ્વર પુરણ પ્રસન્ન. જપમાળા જપે જેટલે; તરત વધાઈ આવી તેટલે. નઉતમ વધાઇ આપો નેટ: શેઠાણીજી આવ્યા શેઠ; ચોટે બળદના વાગ્યા ચંગ. રામપ્રતાપે રૂડો રંગ. ધમધમ કરતી વેલો ધણી; ધર્મ ધોરંધર આવ્યો ધણી; સાથે વાણોતર સેવક સહુ, બોહોજન મળવા આવ્યા બહુ. મહાજન સહુકો દેછે માન. લાવે શ્રીફળ ફોફળ પાન, કુટુંબ સહોદર સજન સાથ; મળ્યા ભેટયા બોહોજન બાથ. નાત તણા મળ્યા નરને નાર; બાંધી તરીયા તોરણ દ્વાર; ઇશ્વર પ્રતાપે અધીપત આવિયા, લખપતી લક્ષમી લાવિયા. માન દેઇ સહુકોને મળે, આવ્યા પોપટ પાંજર તળે; કુશળ છે કુળવંતા કીર, સાજા તાજા છો શરીર. તાજી છે શેઠાણી તાહરી; મેના સાજી છે માહરી; ધણીયાણી થર થર ધ્રુજીયાં; પરાક્રમ પોતાનાં બુજીયાં; શુક જવાબ શો દેશે આજ: પ્રકાશ કરસે મારાં પાપ; મેં તો મેના મારી નાંખિયાં; શુક અવગુણ સઘળા સાંખિયા. શેઠને સાચુ કહેસે એહ; તો દુખે તજવી પડશે દેહ.

દોહરા—પાણ જોડી પોપટ કહે, શેઠને નામું શીશ; સાજા તાજા ઘેર આવિયા; ધન આજનો દીશ. કુશળ કલ્યાણ કહે કોટીધા; જશ વધારણ જાત; શેઠાણી કરે સાચવી. એહ અમારી માત. પુન્ય પાળે છે એ નિત, કરે ધર્મના કાજ; પ્રીતે પુજે પરિવારને; સોંપે સદાવ્રત સાજ. મેનાની ખબર પુછી સુને, દીલ્ય ઉત્તર હું દેઉં, પ્રસન્ન થશો તમે

પિતા; આપેલું જશ લેઉં. વારુ સંઘ વણઝારથી; જાતો હતો જશવંત; સતવાદી સહુ શહેરનાં; અધિક લોક અનંત. મેનાએ સુજને કહ્યું, જાતરા કહો તો જાઉં. શુભ ગુણ બાંધું સેતુ, તે ઓશિકળ થાઉં. સત પરીયા તારા શેઠના, શેઠાણીના સાત, ઈકોતેર તારુ આપણા, વારુ કહી એ વાત. શિક્ષા આપી શેઠાણીએ, જરુર જાતરા જાઓ, જન્મ સફળ કોડે કરો, નેહે ગંગા નાઓ, મહાભાગ્ય મેનાતણું; ધારો રુડો ધર્મ. ઇશ્વરને ગમતે આવશે, આજ કાલ કે પરમ. સુખ પામ્યા ઘણું શેઠજી, શેઠાણીને સંતોષ. પોપટે સહુ પ્રીછવ્યા, કહાપણથી કાઢયો દોષ. શેઠ શેઠાણી સજન, વિખાણુ વડેરા વાત, હાસવિનોદ ને હેતથી, પ્રીતે હવો પ્રભાત. ડાહયો શેઠ દેહરે ગયા; દલથી પુજ્યા દેવ; વિપ્ર બહુ વેદીયા; કીધી શીવ શક્તીની શેવ. કામની મનમાં કળકળે, આવી આપ એકાંત; પાણુ જોડયા પોપટ કને; ભાગી મનની ભરાંત; શાબાશ શુક સલક્ષણા, અદકી બુધ તુજ આપ; શેઠ આગળ સારો કહયો; જુગત થકી જવાપ. માન વધારયું માહરૂં; લાખેણી રાખી લાજ; ગુણ ઓશીકળ તું થયો; કરયું અમારૂં કાજ. તુને ઘટે તે તું કહે; જીવાડો મારો જીવ શેઠે સાચુ માનીયું દલ કેમ માને દઇવ. અંતરજામી અંતર વસો; પ્રીછે પુન્ય ને પાપ; છબીલો છેતરાય નહી વેદ પુરાણે છાપ. સુરજ ચંદ્ર છે સાખિયા; સાખી અવની આકાશ, સાખી પ્રાણ પોતા તણું; પુન્ય પાપ પ્રકાશ. અન તોલ પાણી પવન, નેત્ર પલકારો જોય, છબીલાથી છાનું નથી; હરને હાથે હોય. જેહ કરે તે ભોગવે; રંક કે ભુપ રેખ; કોડ કલ્પ છુટે નહી લખે વિધાતા લેખ. સાચાનું ફળ સ્વર્ગ છે; નરતાનું ફળ નરક; પુન્યનું ફળ તે પામવું વેદ લખાણા વરક. એ મેના ગારી અમો; કીધો કારમો કેર હાથે શુ હત્યા કરી મનમાં નાણી મેહેર. ચારે પાસે ચુટ છે: લોહ શાંકળે લાગ; ધમણી કદી ધીકાવશે, ચ્પાડે દીશથી આગ અમર જીવ મરશે નહી, સુખનો કામ નહી સલ્પ; વિશમ દુખ કેમ વેઠશું. કાટ કલ્પના કલ્પ. આતમઘાત કરી મરૂં; તો આતમ હત્યા થાય, ભોગ ભમળા કયાં ભોગનું; એકે નહી ઉપાય. પોપટ તું મારો પ્રાણીયો; જશવંતો તું જીવ; પીતા મારો તું પુન્યનો તુ દઇવત તુ દેવ. બોહોગુણુ કથા કહી બાંતરી, લાખેણી રાખી લાજ; શેઠને તમે સમજાવીયા કરયું મારૂં કાજ. ગુણવંતી ગદગદ થઇ; કોપ કરે મન કેર; એકે વાત ન ઉકલે; જોતાં પીઉ જેર. દાંતે કરડુ જીભડી; બ્રહ્માંડ ચડાવું પ્રાણ; વીરા વાટ દેખાડે તું વદો વદનથી વાણ. પરીક્ષા કીધી પોપટે; પ્રાણ તજે એ પ્રીત; હત્યા બેસે મુજને રુડી નહી એ રીત હેત કરી બોલ્યો હસી, પોપટે જોડયા પાણ; બુધ સગુધે બોલીયો અમૃત જેવી વાણ. ચિંતા પરહર ચંતની તનથી પરહદ તાપ; મેના જીવે છે તાહરી; તારા પુન્ય પ્રતાપ. તજવો જીવ નહી પડે; દેહ ન વેઠવું દુખ નીચ નરક તું નહી પડે ભાગશે ઇશ્વર ભુખ. વિનતા કહે મારો વીર તું; દરાવે કેમ દીગ ડાગ: બાધી હું તો બળી રહી ઉપર દે છે દાગ. નથી દીઠ નથી સાંભળ્યા મુવા જીવતા થાય; કોડ જતન કોડે કરે, આવે વર્ષકુંઠ રાય. સોયક શક્તી મળે, વિસ્નુ મળે જો વીસ; મુવા ન થાએ જીવતા શીદ કુટાવે શીશ.

ચોપાઇ—હેત પ્રીતથી જોડયા હાથ. શુક બોલ્યા શામાને સાથ; બ્રહ્મહત્યાદિક પાપ લીએ કુડી વાત જુઠા નવ કીએ, ગુણવંતી જાતા જારીએ બેઠા જોતો હું બારીએ; મેનાએ વાયક કીધાં નરમ ધારી રાખવા તારા ધરમ. દીધાં મેણાં દીધી ગાળ લાગ્ય હૃદયમાં લાગી ઝાળ; થયા ચઢી તુને રીસ, પગની જ્વાળા લાગી શીશ. નંચ [illegible] કીધી નારીએ, [illegible] શુક તારી પાનીએ પુરણ કામ દીધો પ્રતીબોધ, કામની તુજને ચડે ક્રોધ. [illegible] મેના. [illegible] આવ્ય, ચોળી નાંખી એની ચાંચ; દુખ પામ્યુ ને [illegible] ચાંચ મેં [illegible]-

રહી કટ. જાબન મદ દેખાડતા જાર; ઘણી રાત અંધારી ઘોર નાખ્યા દોધી ચીતના ચાળ-મા એ પડ઼ ખરા ખાળમાં. હું તો આવરદા દેહને મારી કોણ શકે તેહને. છપો—નમેરો કરંડ નાગ, વીખ તેન વળે છે; શીતળ થાય શરીર આંચ બાહો અગ્ન બળે છે. વળગે વરને વાઘ ટાઢ તેની નવ બેરે; ગરી નદ્દી તરત પાતાળમાં પાણીએ પેસે; ગણુના ઘાઓ વાગે ઘણા કોડવાર કહું શું કથા; આવરદા જેનો અધીક મારનાર કો નર નથી. કપોત કપોતી એક એડા વડ કેરી ડાળે; આહેડી એક પાસ જુલમથી નાંખ્યા જાળે. શીર ઉપર સીચાણો દાથી દીઠા દરપે: તળે તાકતો તીરે સાહ્યો પગ તેનો સરપે બાણ છુટયા ભુધી તણો સીચાણો પડીયો તરત; પ્રભુ જેનો છે પાધરો તે તો કેમ પામે મરત. ચોપાઈ—મેનાને નાખ્યા દોધી તમો ઈશ્વરને સંભાર્યા અમો: જો મેનાનો જીવજ જશે, તો શેઠાણીને અપ-જશ થશે. હેત ચકી મેં સમરયા હરી રહુતી અંબાની વહુ કરી; બીજી બાધા રાખી છે ઘણી જીવે મેના શેઠાણી તણી. પાંચ જન્મનું પ્રગટયું પુન્ય નીમેશ માત્ર ન રાખી નુન્ય. પુરણ દુઃખ પામી દીન પાંચ ચતુરભુજે સાજી કીધી રાંચ. જે ખાળે એકુ જાય છે, ખાતે અન વાણી ખાય છે ઉઘાડી આંખ કાઢે આંખ પન્નર દીવસ પરહો પાંખ અન્ન મેવા આપો તમો એને અરધ ખવરાવું અમો. થીર થાવર એ સાજી થઈ આ પેલી ખાળમાં રહી જાતીતી તીરથ કારણે સમ દેઈ રાખ્યા છે બારણે; શેઠાણીજી તજશે પ્રાણ હેત પ્રીત આપણને હાણ; નામ દવાઈ કહી રાખીયા શીવ શક્ત તે સાખીયા. દોહરા—પોપટને પગે નમી ધારણ નવ રહી ધીર: સાચુ કે એ શમણુ વદ તું મુખથી વીર. વીનતા શુક વાતો કરે ભાગી મનની ભ્રાંત સરવે મેના સાંભળી આપે રહી એકાંત. પોપ તું ઉપર પાં-જરૂ હેત શેઠાણી હેઠ મેના માલે તે તલે દરાવ કાદમાં હેઠ. શુક ચાંપ્યો હૃદીયા વીશે પુર-ણ થઈ પ્રસન્ન; મીના મુજને કા મળે દેખાડો દરશન શુક હરશને બોલીયો. દોધા સાદ દશ વીશ; મેના આવી મલપતી. ચરણે નામ્યું શીશ. રામાએ રૂદીએ ધરી હઈડુ રાખ્યું હેમ; સારા છે શરીરને પુછ્યુ કુશલી ખેમ. તેનો મુખ ને રૂડુ કહ્યું મુજને ચડીયો કોપ: પ્ર-હાર કરેલા મેં પાપણી લજા કીધી લોપ નરકમાં કામ મારો નથી: દેહે વેઠીશ દુખ: કોડ વીંછીની વેદના સ્વપ્ને નહિ સુખ. કામ વશ કાયા થઇ મોટું કીધું પાપ. તેનો કર તું છુ-ટકો કંઈક દે તું શ્રાપ: મેના કહે મારી માવડી તું અન તણી દાતાર; એનું દુખ આણી-શમાં કરનારો કીરતાર. મીથ્યા દુખ શાને ધરો શાને લીધો શીર ભાર વંદન વળ્યું ત્યાં આપાનું અપરમપાર અપાર પોપટ પેલા જન્મનો પીતા આપણો પ્રીત આપણે એની પુ-ત્રીઓ રૂડી કીધી રીત. નારી તું નક્કે પડત જો નીત જારીએ જાત; દંડ પડત દીવાનનો લક્ષ્મી તે લુંટાત પોપટથી કો પંડીત નથી. ડાહ્યો બીજો દેવ; અવતાર એહ ઈશ્વર તણો સદ્દગુરૂ જાણી સેવ. તારાં વિઘ્ન તો વાળાવીયાં રાખ્યો ધરમ તુજ ધીશ; ઈષ્ટદેવ એ આ-પણો એહ આપણો ઇશ. મારો જીવ ઉગારીઓ પોખી મારી કાય: કાઢી તુજને બુડતી તાણી તુજ હત્યાય સંતોખાણી તે સુંદરી હેમ સરીખુ હોય; એ વાત રાખો એટલે કેસો માં સુખ કેય; જીવ ત્રણનો એક છે વપુ જુજવાં વરત; તરતીબ વાતો તેણે કરી શેઠ ઘેર આ-વ્યા તરત મેના દીઠી મન ઠરયું પ્રીતે જોડયા પાણ; મળી ભેટીને પુછીયું વદને અમરત વાણ. કોહો કાશીની વારતા કોહો સુખ કોહો દુખ; વિશ્વનાથ વંદન કરયું ભવની ભાગી ભુખ. જન્મ સફળ તારો કરયો પુરણ છુટી તું પાપ; લક્ષ ચોરાશી ટાળીયાં દહોતેર શત આપ. મેના કહેરે માહારાજ સુણ તારા ગુણનો સંગ; સમરણ શેઠજી તાહરૂ નીત્ય કાશી નીત્ય ગંગ. ચોપાઈ—વીચારી શેઠાણીએ વાત જશરૂપી પંખી બે જાત; સારી પેઠે સમ-

જાણ્યો શેઠ મારા જનમમાં ઉંડી વેઠ છળ ભેદ રાખ્યું છાનીયું. સ્વામીએ સાચુ માનીયું; કંથ આગળે કુડુ કહ્યું રેખ ધરમ મારૂ નવ રહ્યું પ્રકાશ કરૂછું મારૂ પાપ નીરચે નીરમળ થાઉ આપ; કાયા મીનની પામી કષ્ટ ધરણીધર દીઠુ તે દ્રષ્ટ; કોડ બ્રહ્માંડ તણો જે રાય. મારો છેતર્યો તે કેમ જાય. સ્ત્રીને સ્વામીતે શીવ સ્વરૂપ ભલો માણુસ ભોળોછે ભૂપ હેત પ્રીતથી જોડયા હાથ શેઠાણી બોલી સ્વામી સાથ વીગત વદની કહુંછું વાત માસ થયા શેઠ ચાલ્યા સાત ચારમહીના કીધો આનંદ વસંતરાતનો ઉગ્યો ચંદ; કામવાસના વાપી ઘણી સાંભળો ધરમ ધોરંધર ધણી. દેહે નીચ હતી તે દાસ પાપ રૂપણી આવી પાસ: કંદ્રપની કહી કોટીક કથા ઉપજાવી મુજને બહુ વ્યથા ડાપણ મારૂં વેતું ગયું. પરપુરૂપર મનડુ થયું; ગયો જપ તપ બીતનો નેમ પર પુરૂપપર વાધ્યો પ્રેમ. વીશ્વંભરની પુજા વીસરી નીચ કામ કરવા નીસરી સમજયા શુક મેનાને સરવ અવગુણ દીઠા મારો ગરવ; અદકી મેનાએ દાખી આંચ દાવે ગાળો દીધી દસ પાંચ પુન્યનો પુગણ દીધ પ્રબોધ કામાતુર કામ પ્રગટયો કરોધ; સ્વારથ માટે થઇ હું સુત ન ગણ્યુ હત્યા પાપ કે પુન્ય ચંચળ બુધ એ દીધી ચોંટ તોડી પાંખ ને મરડી કોટ ભાગી ચાંચને ભાગી કાય નાંખી દીધી ખાળજ માંય; કાંયક ચીંત ચીતમાં થઇ તે રાતે હુંતો નવ ગઇ. બીજે દીવસ થયો જેટલે તેમની તેમ ચાલી તેટલે જારી જાવાને કારણે બુધ કબુધ આવી બારણે: માટી બુધ મન માંય મળે આવી પોપટ પાંજર તળે પોપટે હઇડે વીચારયુ હશે જારી જશે તો અન્યા થશે, સાચી શીક્ષાના ગુણ ગાઉ તો મેનાની પેરે થાઉ કામની ઉપર કરોધજ મરૂ મેના મરી તેમ હું મરૂ બુધવંતે વીચારી બુધ સારૂ મનાવ્યું મુજને સુધ ગમે તેમ વાતજ ગાઇ શેર બે ચારેક સાકર પાઇ; મીઠુ મીઠુ બોલ્યો મુખે કામની કામની કરીને સુખે ગુણવંતી મારા ગુણ ગાઓ. જરૂર જારીએ જુવંતી જાઓ; કોડવાર કહું શું કથી એથી સ્વાદ તો બીજે નથી. મુજને રૂડાં મનાવ્યાં માટ, સાકર દુધ ને ખોબસે ખાંડ; તરૂણી વિજારી શીખવું તુને, શીશી લાણુ આપસો મુને વસ્ત્ર બીનાં કરાવ્યાં વરત છો ઉપર બેસારી તરત કામ વાસના તનથી ટળી મારે વાત સાંભળવા ભળી સોની સાળવી ને સુતાર વરતીક વઇદને પંડિતનો પાર કોકિલ કાછી ને કુંભાર ભાજ આદ્ય વરણ અઢાર ઉચ્ચ નીચ જશવતા જગત શુગ પુરા ભાવિક ભક્ત ભણ્યા ગણ્યા દાતાને સુર નારે ઉતારયાં સહુનાં નુર સ્ત્રી ચરિત્ર વખાણ્યું ઘણું કંથ આગળ કહ્યું તે તણું બુધથી વાત કહી બોતેર: કીધું તરણનું મોકું મેર તોતેરમે દિવસે આવ્યા તમો અકલહીણુ ઓછી છું અમો: પુરણ નારી હું પાપણી, શંખણી સક સાચી સાપણી નીચ નમેરી હું છું નાર શા અવગુણ કહુ વારવાર; પોપટે કહી પ્રીછવીયા તમો તે સરવે સાંભળીયા અમો દોહરા—કહ્યું મીના મન કાશીગો. રીઝાવીયા તમને તરત; મેં જાણ્યું મન માહરં મેના પામી મરત જીવતી હું નહોતી જાણુતી રુડી થઇ છે રીત મનની વાત મારા તણા પોપટ આગળ પ્રિત આત્મહત્યા હું કરૂં. જુગતે પીસુ ... ; હતું બહુ છુલડી પ્રાણ તજુ એ પેર કીરે કીધી આસના બહુ ધારણ દીધી ધીર મરતી રાખી મુજને નીરમળ અમરત નીર મીના તારી મુઇ નથી માર્યો છે રૂડો માર નાખી દીધી ખળખાળમાં ઉગારી વિશ્વાધાર પાંખ ચાંચ સાજા થયાં માજી થઇ કાયા કોટ આવરદાએ ઉગરી સુકવી ચતુરભુજ ચાટ મેંતા તે માન્યુ નહી મુઆં ન જીવ કોય મારો જીવ ઉગારવા હેને ધણેરૂં હોય બોલાવી બહુ હેતથી વીખાણુ કરીને વાત મેંના આવી મુજને મળી શુભ ઘડી થઇ સાત હુંતો નારી પાપણી પ્રગટયું તારૂં પુન્ય સત ઉગ્યું શુભ સંકનું તેક રહી નહી પુન્ય શેઠાણીનુ સત જોઇને સેઠે કહ્યું શાબાશ કરતાં શું કુડુ કરયું પાપ કરયું

અકાશ સાચુ બોલી તે સાબુતે મનનો સોંપ્યો મેલ તન તજવા તતપર થઇ સુધ થઇ શું સેલ રખે પાપ કર્યું નહિ વેર રહયો નહિ વાંક ભુંડાપણુ ભાગી નાંખીયુ, અકલથી આવો આંક જીવ તજવા માંડયો તમો પ્રીછયા પાપની પેર તે પુન્યે મેના ઉગરી ઇશ્વરે સાંભળી અરજ મેંનાનો મહીમા વધ્યો શાબાશ કહ્યું શતવાર પાણી રાખુ પરીયાં તણું લુણ તણું લક્ષવાર મોત ભાગી બીની નહીં; રુડા સેઠાણી સાથ જરુર જીવ ન જાળવ્યો, બળીયાથી ભીડી બાથ કલંક કો આગળ નવ કર્યું, છાનું રાખ્યું છેક અવગુણ ન ગણ્યો ગુણ ગ્રહયો, નાવટ કીધો નેક શુકના વખાણ શું કરૂં લહુ ન લક્ષણ લેશ બણિ ન શકે ભારથ સમજણ પડે નહી શેશ ધન ચતુરાઈ ચાળવી, ધન પોપટ પવીગ ધન ગ્રંથ એ ગુણનીધી ધન સ્ત્રી ચરીત્ર. બોહોતેર દીવસે સુધ કરી; શણી રામા રીઝી; બ્રહ્મા જયાં ભેદ નહી બોલાં એવાં બીજ. શુક કહે શેઠજી સાંભળો આપણી મન ઉલાદ આદ અંત છે એકથી, શીવ શક્તિનો સંવાદ. બ્રહ્મા ઇંદ્ર શીર સારખા શેષનાગ સમરથ જશવંતા જાદવ ઘણા લક્ષમણ રામ ને ભરથ હાથ જોડી હશી હશી શી કહે શીવ એ વાત કહેવા જોગ નહી કામની ભજશે નહી એ ભાત. પ્રથવી ઉપર તે પરેમદા ખોટુ કેમ ખમાય ધરતીમાં સહુ નીપન્યા ધરતી માંહે સમાય. સત તે સ્ત્રીનું અંગ છે મત તે સ્ત્રી મતીમાય ગત તે તે ગુણ ગાત્ર છે ભગ ને સુખ સિમાય. બાપન માત્રીકા તે બુધ છે અષ્ટ સીધ તે અદ નવ નીધ તે નારીઓ શક્ત જોરાવર તે સદ બ્રહ્મા બ્રહ્મા સહુકો ભમે નેતિ નેતિ કહે તે; એકલો પુરુષ તો તો નથી છય શાસ્ત્રમાં છેક આકાર વીના કોણ ઓળખે જડ કે જુવંતી જાત; કલ્પના કરી કવી રહે દીવસ મોટી કે રાત બીજ પાકી તો વૃક્ષ નહી જળ થળ વસુધા વાર બુધહીણા બાધે બાકરી મમત કરે તે મુરખ તેહ અજાણ્યા તાણશે; પોઢો કહેશે પુરખ શક્ત વીના સરષ્ટ નહી માતા તો સહુનુ મુળ: જાણપણ જોતાં જડે શાખા પત્ર ફળ ફુલ. શીવજી નમો સમરથ કલા લક્ષ હજારા લોક ભામનીએ સહુ ભમાવીયા ફાંફાં મારે ફોક. કાયા તે તો કામની, પુરુષ જીવ તે જાણ, આધાર થકી આપે જડે શોધે સાધુ સુજાણ પંચ મહાભુત પ્રથવી આદી કરુ ગુણ ત્રણે કામ વિષ્ણુ સહુમાં વાસી રહો, રુડો રંગ તો રામ પ્રકૃતીથી પુરુષ છે પુરુશથી પ્રકૃતી હોએ બુધહીણા જે બાપડા કળી ન શકે કોય પારવતી પ્રભુને કહે ઇશ્વર આપ એકાત નાર વીના કોણ નીપના સતવાદી કો સંત. શ્રેષ્ટ રચી છે શીવ સ્વયે રામા રેચી રીઝ માયાથી સરવે નિપન્યું માયા સરવનું બીજ કાયા તો માયા સમજવી માયા મારે ભેદ કાયા પસાયા જન્મ, પુરણ પોકારે વેદ મમત કરતા મમતી મવા નારી માનતા સરવ નેતી નેતી કરતા ગયા ગાણો કરતા જે ગરવ શક્ત જક્ત તો શિવ સ્વયં શક્ત વિના સરવ શુન્ય શક્ત જતાં તો સહુ ગયુ પરવશ પોતે પુન્ય પ્રથમ સીતા ગૌરી નામજી રાધા પુંઠળ રણછોડ અરસપરસ એ એક છે જાણવું સ્વામી જોડ સ્ત્રીમા સર્વ સાંભળો હસી મન આણી હેત સાચુ સાચુ કોડે કહું તન મન મન સંમત શક્ત રૂપ તે જનની તેના રાકને ગોળ અરસપરસ એ એક છે જેમ તલ તલને ખોળ દુધરૂપ તે દેહ છે ગુણ રૂપ તે ઘન મમત મુકી જુઓ મન પીપે તુજો જળમાં તરત પુષ્પરુપ છે પ્રેમદા, સુગંધ નામ છે સાર જોયા પાખા જડે નહી નેહ કરે નિરધાર ઝાડરૂપ છે જુવતીના તેમાથી ફળ થાય સેરયો તાણી સરવે ગયા વિપધા સહુને ઘણા માયા જીતુ મુરખ કહે મન મારૂં કહે માંડ નાર પાખી નર નીગના કહે તે બાધે બ્રહ્મ સારથી હેતે ફરી સીમજી આગળ સંગત સ્તુત નંદા સંગથી તાણી નિમાણુ કરીતે વાત

જગત જાુની જગત કહે જગત માંહે સઉ જગત કીડી કુંજરને રાખે રંક ભસ્મ ભવિ જે ભગત આનંદ અંતને આજ લગે શ્રી ચરિત્ર સમરથ જે કહે જીતુ જુવંતીને વિવાહ કરવો વ્યર્થ શુક કહે સેઠજી સાંભળો ગુણસાગર એ ગ્રંથ નઉતમ આજ કરો નથી પરવે ભાખ્યો પંથ બોહોતેર વાત તે વદો શુકે સંભળાવ્યા સરવ સારી પેરે સાંભળી ઘણો મુકી સરવ પુરુષ રાગ પરવળમાં જડે જડીત હીરા હેમ પ્રિતે કરી પધરાવીયાં મેના પોપટ પ્રેમ જગત જાગ જુગતે કરયા હેત ધરી મન હામ વિસા શ્રી વિપ્ર વંશ ગુણનીધ પોખ્યુ ગામ કર જોડી કવિતા કહે ચતુરભુજ પુજુ ચરણ કાવતા વશ કીરતારને વાયુને વશ તરણ ગુરૂકૃપા ગુણ શારદા પ્રતાપિક પુર પંથ શક્તિ ચરિત્ર સંગતે કહું ગરવો રૂડો ગ્રંથ શુભ ભાષણ જે શોધસે પરહરસે તે પાપ તજસે સંગ પરનારનો ઇશ્વર ભજસે આપ પ્રથવિનો ગુણ પુરણ એ સોધે સતવાદી સાથ પાપીને પંજર પડે હરિજનને હાંગે હાથ સ્ત્રિ ચરિત ગ્રંથ સત ભક્તનો ધારે ધર્મવંતા ધીર સતવાદીને સોનું જડે કર્મહીણાને કથીર ધરણ અર્થ કર્મનો મોક્ષ છે, વખાણ વિદ્યામાં વરગ નીચ બુધ નરકે જશે સાચાને તો સરગ પંડીત કરશે પારખુ સતવાદીને સાર; જુઠા જન લોકે જશે મુરખ ખાશે માર. ગંગા ગયા ને ગોમતી કાશી ને કેદાર અડસઠ તીરથી અધિક, સાંભળતામાં ફળ સાર. રાધે કૃષ્ણ શિવ શક્તી સહીત પરમેશ્વર પ્રસન્ન પુન્ય છંદ્રાયણ વ્રતનું રૈવાનું દરશન નિરમળ ગ્રંથ એ નીપન્યો ઇશ્વર તણી એ ઇચ્છાય શુભ બુધ દાધી શારદા નેહે ગંગા નહાવ પુન્યવંત માતર પરગણે સીંહ જ ગુણવંતુ ગામ શીવ વિશ્વ વરો નવેખંડમાં નામ લેઉવા કણબી લાયક સહુ કાકજી કુલનો રીપ ભાર ભલો ભરતખંડમાં થામ જસવતો જંબુ દ્વીપ વાસણ વંસે અંસપત મનજી સુત મેરામણ રખીયલ રૂડો રાજવી સકળ વાત સુજાણ ચાર ચઉદ બોતેર બુધ છ્ય સોળ છત્રીસ જગત તણો જસ જીતીયો બુજે બાર બત્રીસ કૃષ્ણ કથા કીરતન કરે શીવ પુજન સાંજ સવેર પાળે લાડ પ્રજા તણા જશ જીતણ ઝવેર. ગુણવંત દેશ ગુજર ધરા અમદાવાદ અનુપ સાબર ત્રટ શિરોમણી ભરતખંડમાં ભુપ સવંત અઢાર એકવીસ અદ્ર શુકલપક્ષ શ્રાવણ માસ; પુષ્પ નક્ષત્ર પરતપદા પુરણ ગ્રંથ પ્રકાશ. કવીનું કાંઇ ડાહ્યપણ નહીં ડાહ્યાપણ દેનારી દેવ; બ્રહ્માદીક ભાવે ભણે સુર સનકાદીક સેવ. એવું સાંભળી આપશે અન વસ્ત્ર દક્ષણા દાન ભંડાર શ્રી લક્ષ્મી ભરે મહાદેવ તણા બહુ માન ઠાકર સહુ કવીતા તણો દેગન પુરમાં વાસ પીતા પુરસોતમ તણો, કહે કવિતા શામળદાસ શ્રોતા વકતા સાંભળો કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલો સહુ, જય જય શ્રી રણછોડ.

સમાપ્ત.

શ્રીજૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપી
રીચીરોડ પુલનીચે-અમદાવાદ. ૧૧૬

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૨૦૦૦.